Ajay (Gujarati Edition)

Anand Neelakantan

║ #1 નેશનલ બેસ્ટસેલર ║

અજય

... અને પાસા ફેંકાય છે

દુર્યોધનનું મહાભારત

આનંદ નીલકંઠન

બેસ્ટસેલિંગ પુસ્તક અસુરના લેખક

રજૂઆત : વર્ષા પાઠક







આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.
eBook

અજય

આનંદ નીલકંઠન
રજૂઆત : વર્ષા પાઠક

અર્પણ

મારી અપર્ણા
અને
અમારાં
અનન્યા તથા અભિનવને

પુસ્તક વિશે

તમે દુર્યોધનને ઓળખો છો?

કુરુસભામાં સમાધાન માટે આવેલા શ્રીકૃષ્ણને સ્પષ્ટ શબ્દોમાં નકારનાર ગાંધારીપુત્ર દુર્યોધનને આપણે આજ સુધી સંસારના તમામ દુર્ગુણ અને અધર્મના પ્રતીક તરીકે જ યાદ રાખ્યો છે, ખરું ને?

યુધિષ્ઠિર સાથે જુગારમાં છળકપટ શકુનિએ કર્યું; ભરી સભામાં દ્રૌપદીનાં ચીર દુ:શાસને ખેંચ્યા. મહાભારતની કથામાં અનેક લોકોએ અનેક ખોટાં કામ કર્યાં છે, પણ સદીઓથી મહાભારતની કથા કહેતા, સાંભળતા આવેલા તમામ લોકોએ, બધાય પાપનો બોજ દુર્યોધનના શિરે જ નાખ્યો છે ને?

પરંતુ આ પુસ્તકનાં પૃષ્ઠો પર તમને એ હજારો વર્ષના બોજથી ઝૂકી ગયેલા ખલનાયક દુર્યોધનનો નહીં, પણ એનામાં ઉન્નત મસ્તકે રહેલા સુયોધનનો પરિચય થશે. કુરુક્ષેત્રમાં જેનો ઘોર પરાજય થયો, એ દુર્યોધનને લેખકે અહીં `અજય' કહ્યો છે, જેનો કોઈ પરાજય ન કરી શકે. શું કામ?

આ જાણવા માટે તમારે સુયોધનની દૃષ્ટિએ જોવાયેલું, લખાયેલું આ મહાભારત વાંચવું પડશે - દુર્યોધનનું મહાભારત.

વર્ષોથી મહાભારત પાંડવોની જયગાથા તરીકે વંચાયું છે. હવે સાંભળો દુર્યોધનની અજય-કથા! શક્ય છે કે, આજ પછી જય-પરાજય, ધર્મ-અધર્મના તમારાં પરંપરાગત પરિમાણો પણ બદલાઈ જાય!

મારા વિશે

આનંદ નીલકંઠન

કેરળમાં કૉચીન પાસેના એક નાના રળિયામણા ગામ ત્રિપુનીતુરામાં મારો જન્મ થયો.

એર્નાકુલમની પૂર્વમાં, વેમ્બનાડ તળાવની બીજી તરફ વસેલું આ ગામ એક સમયે કૉચીનના રાજપરિવારનું પાટનગર હતું. આ ગામની ખ્યાતિ પ્રસરાવવામાં વધુ ફાળો જોકે એની અંદર આવેલા એકસોથી વધુ મંદિર, ત્યાં જન્મેલાં શાસ્ત્રીય કલાકારો અને સંગીત વિદ્યાલયે આપ્યો હતો.

સંધ્યાટાણે દૂર મંદિરમાં વાગતાં ચેન્ડાના અવાજ, સંગીત વિદ્યાલયની દીવાલોને વીંધીને આવતાં વાંસળીના આછા સૂર હવે તો વિલાઈ ગયા છે, પણ એનું સ્મરણ હજીયે મારા મનના એક ખૂણે સચવાઈ રહ્યું છે.

ગલ્ફ દેશોમાંથી ઠલવાતા પૈસા અને સતત વિસ્તરી રહેલા કૉચીન શહેરના પરિણામે મારું ગામ હવે જોકે પહેલા જેવું નથી રહ્યું. જૂના દિવસોમાં હતું એ સૌંદર્ય નષ્ટ થઈ ચૂક્યું છે. મારું ગામ એની અનોખી ઓળખ ગુમાવીને હવે દેશના બીજા અનેક નિસ્તેજ, સામાન્ય ઉપનગરોની યાદીમાં સામેલ થઈ ગયું છે.

મારા બાળપણની વાત કરું તો, આસપાસ આટલાં મંદિરો હોય, ત્યારે પુરાણો, પૌરાણિક કથાઓમાં રસ જાગવો સ્વાભાવિક હતો. વિચિત્રતા જોકે એ હતી કે, આ કથાઓમાં આવતા સદ્ગુણી નાયકો કરતાં મને એમાં ખલનાયક તરીકે ચીતરાયેલાં પાત્રો વધુ આકર્ષતાં હતાં.

સમય વીતતો ગયો. એન્જિનિયરિંગ ડિગ્રી લઈને હું ઇન્ડિયન ઑઇલ કૉર્પોરેશનમાં જોડાયો અને બેંગલોર રહેવા ગયો. ત્યાં અપર્ણા સાથે લગ્ન કરીને પુત્રી અનન્યા અને પુત્ર અભિનવનો પિતા બન્યો. પરંતુ ચિત્તમાં સંઘરાયેલા ભૂતકાળના અવાજો શાંત થવાનું નામ નહોતા લેતા. પરાજિત, શાપિત, તિરસ્કૃત લોકોની વાત કહેવા માટે મન ધક્કો માર્યા કરતું હતું. સદીઓથી પારંપરિક શૈલીમાં કહેવાતી આવેલી પૌરાણિક કથાઓમાં જે લોકોનો અવાજ ક્યારેય સંભળાયો નથી, એમને અવહેલના અને ધિક્કારના અંધકારમાંથી બહાર પ્રકાશમાં લાવવાની ઇચ્છાએ મારા મનનો કબજો લઈ લીધેલો. આ કામ કર્યા વિના મને શાંતિ નહોતી મળવાની.

* * *

આનંદ નીલકંઠને લખેલી પહેલી નવલકથા, `અસૂર, મહાગાથા રાવણ અને એક સંસ્કૃતિના ધ્વંસની'ને નેશનલ *#1* બૅસ્ટસેલરના રૂપમાં અપ્રતિમ સફળતા મળી, એ પછી `અજય' એમનું બીજું પુસ્તક છે. `અજય'નો બીજો ભાગ, `કળિયુગકથા' ટૂંક સમયમાં પ્રકાશિત થશે. આનંદનો સંપર્ક તમે *mail@asura.co.in* પર કરી શકો છો.

લેખકની નોંધ

દુર્યોધન વિશે લખવાનું શું કારણ હોઈ શકે?

વર્ષો પહેલાં મેં જે અજબગજબનું દૃશ્ય જોયેલું, એ ઘણાં વાંચકોએ જોવાનું તો બાજુએ રહ્યું, કદાચ એના વિશે સાંભળ્યું પણ નહીં હોય.

મોટી ધામધૂમ હતી. આકરો તાપ અને માથે તપતો સૂરજ પણ લોકોના ઉત્સાહને વારી નહોતો શક્યો. એ દિવસે મંદિરમાં દર્શન કરવા અને શોભાયાત્રા નિહાળવા માટે એક લાખથી વધુ લોકો ભેગાં થયાં હતાં. એમાં બધી જાતિનાં સ્ત્રી-પુરુષો, બાળકો સામેલ હતાં અને એમનો આવેગ ઉલ્લાસ જોવા જેવો હતો. સહુથી મોટું આશ્ચર્ય જોકે એ વાતનું હતું કે, એ દિવસ સુધી કોઈના મોઢે મેં જેના વિશે બે શબ્દ પણ સારા નહોતા સાંભળ્યા એના માનમાં આ તહેવાર ઉજવાઈ રહ્યો હતો. ભારતીય પુરાણોમાં સહુથી વધુ વગોવાયેલો, તિરસ્કૃત થયેલો ખલનાયક દુર્યોધન, કેરળના પોરુવળી ગામના માલનાડા મંદિરમાં દેવની જેમ પૂજાતો જોયો. ત્યાં મળેલા ભક્તોનું કહેવું માનીએ તો છેક મહાભારતના કાળથી આ શોભાયાત્રાની પરંપરા ચાલી આવી છે.

મંદિર સાથે સંકળાયેલી કથા બહુ રસપ્રદ છે. ગુપ્તવેશમાં ક્યાંક છુપાયેલા પાંડવોની શોધમાં ફરતોફરતો દુર્યોધન આ ગામમાં પહોંચ્યો હતો. તરસ્યા થયેલા રાજકુમારે એક વૃદ્ધ સ્ત્રી પાસે પાણી માંગ્યું. વૃદ્ધાએ એને પાણીને બદલે પોતાની પાસે હતી એ તાડી આપી, અને દુર્યોધન પ્રેમથી ઘટઘટાવી ગયો. રહીરહીને પેલી સ્ત્રીને ખ્યાલ આવ્યો કે સામે ક્ષત્રિય યોદ્ધો ઊભો હતો, અને કુરાતી જેવી અસ્પૃશ્ય ગણાતી સ્ત્રીના હાથે અપાયેલી તાડી પીને એ ભ્રષ્ટ થઈ ગયેલો. એ સમયની પ્રચલિત પ્રથા અનુસાર અસ્પૃશ્યના હાથનું પાણી સુધ્ધાં પીનાર સવર્ણ પોતાની જાતિ ગુમાવી બેસે. આ પાપનું નિમિત્ત બનનાર અસ્પૃશ્યને ભારે સજા મળે. વળી, સામે કોઈ સામાન્ય ક્ષત્રિય નહીં રાજવી કુળનો યુવાન હતો. સાચું બોલ્યા પછી મૃત્યુદંડ જ મળશે એમાં એ સ્ત્રીને કોઈ શંકા નહોતી. પરંતુ એના પર ભરોસો કરનાર ક્ષત્રિયને છેતરવાનું એ અસ્પૃશ્યાને જચ્યું નહીં. જીવને જોખમમાં નાખીને એ સાચું બોલી ગઈ. પરંતુ પછી એના આશ્ચર્ય વચ્ચે તલવારથી એનું માથું ઉડાવી દેવાને બદલે દુર્યોધને કહ્યું, `માતા, ક્ષુધા અને તૃષ્ણાને કોઈ જાતિ નથી હોતી. ધન્ય છે તને, જેણે તરસ્યાની તરસ છિપાવવા માટે પોતાના પ્રાણ સંકટમાં નાખી દીધા.'

જન્મ્યા ત્યારથી ઉચ્ચ વર્ણના મોઢે માત્ર અપમાન સાંભળતાં આવેલાં ગ્રામવાસીઓ આ અનોખા ક્ષત્રિય કુમારને જોવા માટે દોડી આવ્યાં. હસ્તિનાપુરના યુવરાજે ત્યાં જાહેર કર્યું કે અહીં એક મંદિર બનશે. આસપાસનાં ગામો એણે આ મંદિરને ભેટ ચઢાવી દીધા. સાથે સાથે એણે કહ્યું કે મંદિરમાં કોઈ પ્રતિમાની સ્થાપના નહીં થાય. મંદિરના પૂજારી તરીકે અસ્પૃશ્ય ગણાતી કુરાવા જાતિના લોકો જ રહેશે.

એ ઘટનાને સદીઓ વીતી ગઈ, પણ દુર્યોધનને તાડી પીવડાવનારી એ સ્ત્રીના વંશજોનો પૂજારી બનવાનો અધિકાર હજી અખંડ રહ્યો છે. મંદિરમાં કોઈ મૂર્તિ નથી, પણ દેવ તરીકે દુર્યોધનનું નામ લેવાય છે. એની સાથે એની પત્ની ભાનુમતી, માતા ગાંધારી અને મિત્ર કર્ણને પણ અહીં દેવદેવી તરીકે માન્યતા મળી છે. લોકો માને છે કે અહીં વસતો દુર્યોધનનો આત્મા દરિદ્ર, નબળા લોકોની રક્ષા કરે છે. નિરાશ્રિત,

રોગિષ્ઠ, શોષિત અને સમાજથી હડધૂત થયેલા લોકોનો આ દેવ છે.

વાત સાંભળી, ત્યારે પહેલાં તો મારે ગળે નહોતી ઊતરી. હજારો વર્ષ પહેલાં, ભારતના ઉત્તર સીમાડે વસેલા હસ્તિનાપુરનો યુવરાજ છેક દક્ષિણમાં શું કામ, કેવી રીતે આવ્યો હોય? બંને સ્થળ વચ્ચે લગભગ ત્રણ હજાર કિલોમીટર્સનું અંતર છે, પરંતુ આ પ્રશ્નનો જવાબ મારા ગાલ પર તમાચા જેવો હતો. ગામના એક જણે મને સામે પૂછ્યું, `આદિ શંકરાચાર્યએ એમનાં માત્ર બત્રીસ વર્ષના જીવનકાળ દરમ્યાન અનેક વાર કેરળના એક નાના ગામમાંથી દેશના બીજે છેડે આવેલા બદ્રીનાથ અને કેદારનાથ સુધીની યાત્રા નહોતી કરી?'

આ સાંભળીને મને સદીઓથી અનેક લેખકો, કવિઓની પ્રેરણાનો સ્રોત બનેલું મહાકાવ્ય, મહાભારત ફરીથી વાંચવાની ઇચ્છા જાગી ગઈ. દુર્યોધનને હવે મેં પેલા ગામના લોકોની નજરે જોવાનું શરૂ કર્યું. કથાવાર્તાઓ અને લોકપ્રિય ટીવી સિરિયલ્સમાં અત્યંત લુચ્ચા અને ઘમંડી કુરુ કુમાર તરીકે ચીતરાતા રહેલા દુર્યોધનનું સાવ જુદું સ્વરૂપ મારી નજર સામે આકાર લેવા લાગ્યું. પોરુવળી ગામના લોકોની દૃષ્ટિએ જોયેલો દુર્યોધન જિદ્દી પણ પ્રામાણિક હતો. એ શૂરવીર હતો અને પોતાને જે સાચું લાગે એના માટે લડવા તૈયાર રહેતો હતો. પાંડવો કોઈ દેવોના વંશજ હતા, એ વાત દુર્યોધને ક્યારેય નહોતી માની. આધુનિક વર્તમાન દૃષ્ટિએ જોઈએ તો ભોળી પ્રજાને મૂર્ખ બનાવવા માટે રાજકારણીઓ જે અગડમબગડમ વાતો ઘડી કાઢે છે, ખોટા પ્રચાર કરે છે, એની સાથે પાંડવોના જન્મની કથાને સરખાવી શકાય કે નહીં?

દુર્યોધનનું વ્યક્તિત્વ સોળે કળાએ ત્યારે ઉજાગર થાય છે, જ્યારે જાતિને કારણે અપમાનિત થઈ રહેલા કર્ણને એ અંગ દેશનો રાજા બનાવે છે. સૂતને રાજા બનાવીને કૌરવ કુમાર જૂની રૂઢિઓને પડકાર ફેંકે છે. અને આવું કરવામાં એનો કોઈ અંગત સ્વાર્થ નથી દેખાતો. એકલવ્ય સાથેનું એનું વર્તન, સુભદ્રા માટે અર્જુન સાથે લડવાનો નકાર, પાંડવોને લલકારવાની એની હિંમત, મિત્રોમાં એણે મૂકેલો અખૂટ વિશ્વાસ... આ બધું જુઓ તો એ કોઈ ધિક્કારપાત્ર ખલનાયક નહીં પણ મહાનાયક લાગે. દ્રૌપદી સાથે એણે જે કર્યું, એ બદલ દુર્યોધને ક્યારેય પોતાનો બચાવ નથી કર્યો, કે લાંબાલચક ખુલાસા નથી આપ્યા. એનામાં નાના મોટા દુર્ગુણો હતા એની ના નહીં, પરંતુ એ જ ખામીઓ એના માનવ હોવાનો પણ પુરાવો આપે છે. જીવતી જાગતી કઈ વ્યક્તિ સર્વગુણસંપન્ન હોઈ શકે? સામે પક્ષે પાંડવો જોકે આવો દેખાવ કરવા મથે છે. પોતે જે પણ કરે, એને યોગ્ય ઠરાવવા માટે એ લોકો ધર્મ, દૈવત્વ, ચમત્કારનો અંચળો ઓઢી રાખે છે.

કૃષ્ણ અને પાંડવોના ગુણગાન ગાતા અગણિત ગ્રંથો છે. કર્ણ અને દ્રૌપદી વિશે પણ પુષ્કળ લખાયું છે. ભીમ, અર્જુન અને કુંતી પર અનેક ભાષામાં ઉત્કૃષ્ઠ કક્ષાનું સાહિત્ય સર્જન થયું છે. પણ દુર્યોધનની દૃષ્ટિએ કેટલા જણે જોયું કે લખ્યું છે? સંસ્કૃત નાટ્યકાર ભાસે લખેલા `ઉરુભંગ'માં દુર્યોધનની અંતિમ ક્ષણોનું વર્ણન છે. તે ઉપરાંત મધ્યકાલિન કન્નડ કવિ રન્નાએ લખેલા `ગદાયુદ્ધ'માં કુરુ યુવરાજ કેન્દ્રમાં છે. બસ, આ બેને બાદ કરતા કોઈ લેખક કે કવિએ હસ્તિનાપુરના યુવરાજ પ્રત્યે સહાનુભૂતિથી નથી જોયું.

યુદ્ધમાં જે પરાભવ પામ્યા, એમની દૃષ્ટિએ મહાભારતને જોવાનો પ્રયાસ `અજય'માં થયો છે. `દુર્યોધન'નો એક અર્થ, `જેને પરાજિત કરવો કઠિન છે' એવો થાય છે. બીજા શબ્દોમાં એને `અજય' એટલે અપરાજિત કહી શકાય. કુરુ

રાજકુમારનું મૂળ નામ સુયોધન હતું, પણ એને નીચો દેખાડવા માટે પાંડવોએ `સુ'ની જગ્યાએ `દુ' કરી દીધું. અને દુર્યોધનના નામનો બીજો અર્થ પ્રચલિત કરી દીધો — `જેને શક્તિ કે શસ્ત્રનો ઉપયોગ કરતા નથી આવડતું.'

દુર્યોધનની કથામાં કર્ણ, અશ્વત્થામા, એકલવ્ય, ભીષ્મ, દ્રોણ, શકુનિ અને બીજા ઘણાંની કથનીઓ વણાઈ છે. આપણે જેને `પેલાં' કે `બીજાંઓ' કહીએ છીએ એ પરાજિત, અપમાનિત, શોષિત પીડિત લોકો આ કથા સુણાવે છે. કોઈ ઈશ્વરીય સહાય કે ચમત્કારની આશા રાખ્યા વિના, માત્ર ન્યાય પોતાના પક્ષે છે એવું માનીને જે લડ્યાં, એમની આ વાત છે.

આકરા ઉનાળાની એક બપોરે, પોરુવળીમાં લીલાછમ ડાંગરના ખેતરોમાંથી સુયોધનનું નામ લઈને શોભાયાત્રા પસાર થઈ રહી હતી, ત્યારે એક ગામવાસીએ જે સવાલ પૂછેલો, એનો મોડેમોડેથી અપાયેલો જવાબ છે અજય.

એ માણસે મને પૂછેલું, `અમારા દેવતા દુર્યોધન જો ખરેખર દુષ્ટ હતા તો ભીષ્મ, દ્રોણ, કૃપ જેવા મહાન લોકો અને કૃષ્ણની આખી સેના શું કામ યુદ્ધના મેદાનમાં એના પક્ષે ઊભાં રહ્યાં?'

કથાનાં મુખ્ય પાત્રો

ભીષ્મ : હસ્તિનાપુર રાજવીના પ્રતિનિધિ તરીકે રાજ્યનું શાસન સંભાળનારા ભીષ્મ, કૌરવ-પાંડવોના પિતામહ (પિતાના કાકા) છે. એમનું મૂળ નામ ગંગાદત દેવવ્રત હતું. સત્યવતી નામની માછીમાર સ્ત્રીએ કુરુવંશના રાજવી શાંતનુ સાથે લગ્ન કરવા માટે એવી શરત રાખેલી કે એમનો જ પુત્ર હસ્તિનાપુરની ગાદી પર બેસશે. શાંતનુને પહેલી પત્ની ગંગાથી થયેલા પુત્ર ગંગાદત દેવવ્રતે આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઇ લીધી, જેથી એમની ભાવિ પેઢી પણ રાજગાદી પર દાવો ન કરી શકે. આવી કઠોર પ્રતિજ્ઞા લેનાર કુરુ રાજકુમાર, એ પછી ભીષ્મ કહેવાયા. શાંતનુ સાથે લગ્ન કરતા પહેલા સત્યવતીએ પરાશર મુનિ દ્વારા જે એક પુત્ર થયેલો, એનું નામ કૃષ્ણ દ્વૈપાયન વેદવ્યાસ.

વિદુર : વેદવ્યાસ અને રાજમહેલમાં કામ કરતી સેવિકાના સમાગમથી જન્મેલા વિદુર આમ તો ધૃતરાષ્ટ્ર-પાંડુના ભાઈ અને ભીષ્મના સહુથી નાના ભત્રીજા ગણાય છે. નીચલા વર્ણના ગણાતા વિદુરની છાપ અતિ વિદ્વાન અને સજ્જન તરીકે છે. હસ્તિનાપુરના મહાઅમાત્ય (વડાપ્રધાન જેવો હોદ્દો) વિદુર કદાચ એકમાત્ર એવી વ્યક્તિ છે, જે ભીષ્મના આત્માનો અવાજ સાંભળી શકે છે, એનો પડઘો પાડે છે.

પાર્ષવી : વિદુરની પત્ની.

ધૃતરાષ્ટ્ર : વેદવ્યાસના સહુથી મોટા પુત્ર અને કૌરવોના પિતા. હસ્તિનાપુરથી ગાદી પર એમનો અધિકાર હોવા છતાં જન્મજાત અંધાપાને કારણે એમણે નાનાભાઈ પાંડુને શાસન સોંપવું પડ્યું. રોગિષ્ઠ પાંડુના મૃત્યુ બાદ ધૃતરાષ્ટ્રને નામ પૂરતા રાજા બનાવાયા, પણ રાજ્ય ચલાવવાની જવાબદારી એના પિતામહ ભીષ્મ પર રહી.

પાંડુ : ધૃતરાષ્ટ્રના આ નાનાભાઈ પાંડુરોગ ઉપરાંત નપુંસકતાના શાપથી પીડાતા હતા. બહુ થોડો સમય હસ્તિનાપુર પર રાજ કર્યા બાદ પોતાની બે પત્ની, કુંતી અને માદ્રી સાથે એ જંગલમાં જતા રહ્યા. બંને રાણીએ ત્યાં જુદાજુદા દેવો અને ઋષિઓની મદદથી પાંચ પુત્રને જન્મ આપ્યો. સામાન્ય માન્યતા પ્રમાણે પાંડવો દેવપુત્રો છે. પરંતુ આ વાતમાં તથ્ય નહીં હોવાનો સંકેત મહાભારતમાં ઠેકઠેકાણે મળી રહે છે. પાંડવો ખરા અર્થમાં પાંડુના પુત્ર નહોતા, તેમ છતાં એ સમયની પ્રથા મુજબ કુંતીના ત્રણ અને માદ્રીના બે, એ પાંચેય પુત્ર પાંડવ કહેવાયા. શારીરિક સંબંધથી દૂર રહેવાની સખત ચેતવણી મળી હોવા છતાં પાંડુએ એકવાર માદ્રી સાથે સમાગમનો પ્રયાસ કર્યો અને મૃત્યુ પામ્યા. માદ્રી એના પતિ સાથે સતી થઈ અને એના બે પુત્રને ઉછેરવાની જવાબદારી પણ કુંતી પર આવી પડી.

કુંતી : પાંડુની પ્રથમ પત્ની અને પાંડવોની માતા. જોકે પાંડુને પરણતા પહેલા એ એક પુત્રની માતા બની ગયેલી. જેના વિશે છેક સુધી કોઈને ખબર નથી પડતી. હંમેશાં ધર્મ અને સત્યના માર્ગે ચાલવાનો દાવો કરતી કુંતી અત્યંત મહત્ત્વાકાંક્ષી છે અને સમય આવ્યે નિર્દય થઈ શકે છે. કોઈપણ ભોગે એ પોતાના સહુથી મોટા પુત્ર યુધિષ્ઠિરને હસ્તિનાપુરનો રાજા બનાવવા માંગે છે.

પાંડવ (પાંડુના પાંચ પુત્ર) :

યુધિષ્ઠિર (ધર્મપુત્ર) : કુંતીને ધર્મ(અથવા મૃત્યુનો દેવ યમ)થી થયેલો પહેલો પુત્ર. ખુદને પાંડુપુત્ર અને દૈવીવંશજ ગણાવીને એણે હસ્તિનાપુરની ગાદી પર દાવો કર્યો છે. વળી યુવરાજ દુર્યોધનથી એક દિવસ પહેલા એનો જન્મ થયો છે. સમગ્ર મહાભારત, કોનો જન્મ ક્યારે, કોનાથી થયો એ વિવાદમાંથી ખડું થયું છે.

ભીમ : કુંતીનો આ બીજો પુત્ર, યુવરાજ દુર્યોધનનો સહુથી મોટો શત્રુ છે. પ્રચંડ શારીરિક

બળ ધરાવતો ભીમ એના ભાઈઓ માટે આ શક્તિનો ઉપયોગ કરવા માટે હંમેશાં તૈયાર રહે છે.

અર્જુન : કુંતીના ત્રણ દૈવીપુત્રમાં એ સહુથી નાનો છે. મહાન બાણાવળિ અને પ્રતાપી યોદ્ધા અર્જુનના જોર પર જ યુધિષ્ઠિરે હસ્તિનાપુરના રાજા બનવાની મહેચ્છા ટકાવી રાખી છે.

નકુલ અને સહદેવ : માદ્રીના આ જોડિયા સંતાન પણ કથિત દૈવી સંતતિ છે, પરંતુ મહાભારતના કથાનકમાં એમનું સ્થાન કહ્યાગરા નાનાભાઈઓથી વિશેષ નથી.

દ્રૌપદી : પાંચેય પાંડવની પત્ની દ્રૌપદીને ધૃષ્ટદ્યુમ્ન નામનો એક સગો ભાઈ છે અને બીજો ભાઈ વ્યંઢળ શિખંડી એના પિતાનો દત્તક પુત્ર છે. તેજસ્વી અગ્નિશિખા જેવી દ્રૌપદી નાનું સરખુંયે અપમાન સહન નથી કરતી. એકવાર નિર્ણય લીધા બાદ પાછીપાની કરવાનું એના સ્વભાવમાં નથી. કદાચ એટલે જ પાંડવોના પક્ષમાં ખરેખર `વીર' ગણી શકાય, એવી વ્યક્તિ તરીકે કોઈ પુરુષ નહીં પણ દ્રૌપદીનું નામ લઈ શકાય.

ગાંધારી : ગાંધાર રાજ્ય સાથે લડીને એની આ રાજકુમારીને ભીષ્મ બળપૂર્વક હસ્તિનાપુર લઈ આવ્યા, અને પોતાના અંધ ભત્રીજા સાથે પરણવાની ફરજ પાડી. ગાંધારીએ પોતાની આંખે પાટા બાંધી દઈને સ્વેચ્છાએ આજીવન અંધાપો સ્વીકારી લીધો. એ યુવરાજ દુર્યોધન સહિત એકસો કૌરવની માતા છે. શકુનિ એનો નાનો ભાઈ છે.

શકુનિ : ગાંધારનો રાજકુમાર, ગાંધારીનો નાનો ભાઈ અને કૌરવોનો મામા. એનું એક જ સ્વપ્ન છે – ગાંધાર પર આક્રમણ કરીને એના પિતા અને ભાઈઓને મારી નાખનાર આખાય રાજ્યને છિન્નભિન્ન કરીને ગાંધારીને ઉપાડી જનાર ભીષ્મ સામે બદલો લેવો. જુગાર અને કાવાદાવામાં નિષ્ણાત શકુનિ. હંમેશાં પોતાની સાથે રમતનાં પાસાં રાખે છે, જે એના મૃત પિતાના સાથળના હાડકામાંથી બન્યા છે.

કૌરવો : વિંધ્ય પર્વતમાળાની ઉત્તરે આવેલા તમામ રાજ્યો, જેના તાબા હેઠળ છે એ કુરુવંશના આ સંતાનો છે. હસ્તિનાપુરના સિંહાસન પર બેસવાનો અધિકાર ખરેખર યુવરાજ સુયોધનનો છે. એ અધિકાર જાળવી રાખવા માટે કૌરવો છેલ્લા શ્વાસ સુધી લડી લેશે.

સુયોધન : સુયોધનના વિરોધીઓએ એનું નામ દુર્યોધન કરી નાખ્યું, જે પછી કાયમ માટે લોકોને મોઢે ચઢી ગયું. દુર્યોધન એટલે એવી વ્યક્તિ જેનામાં શસ્ત્ર કે સત્તાનો ઉપયોગ કરવાની અક્કલ કે આવડત ન હોય, ધૃતરાષ્ટ્ર અને ગાંધારીનું પ્રથમ સંતાન અને કૌરવોમાં સહુથી મોટો ભાઈ સુયોધન, હસ્તિનાપુરની ગાદીનો ન્યાયિક વારસદાર અને હક્કદાર છે. આ પુસ્તકમાં પોતાના જન્મજાત અધિકાર માટે લડતા સુયોધનની વાત છે. ભારતીય પુરાણો, કથાઓમાં સહુથી વગોવાયેલા ખલનાયક તરીકે રામાયણના રાવણનું નામ લઈ શકાય. એ પછી સુયોધન(દુર્યોધન)નો વારો આવે. પરંતુ આ કથાનકમાં એના અસ્તિત્વનું જુદું પાસું જોવા મળે છે – વફાદાર અને ઉદાર, તો કોઈવાર તોછડો, ઉતાવળિયો અને ઘમંડી છે. સદીઓથી જડ નાખી ગયેલી સામાજિક કુપ્રથાઓ, રૂઢિઓ સામે એ લડે છે. પરંપરાને નામે થતી દલીલો એને માન્ય નથી.

સુશાસન : સુયોધનથી નાનો ભાઈ, જે પાછળથી દુશાસન તરીકે કુખ્યાત થઈ ગયો.

સુશલા : કૌરવોની એકમાત્ર બહેનને પણ લોકોએ દુશલાના નામે જ યાદ રાખી છે. સિંધરાજ જયદ્રથની એ પ્રેમાળ પત્ની છે.

જયદ્રથ : સિંધનો રાજા, સુયોધનનો સાળો અને વફાદાર મિત્ર.

અશ્વત્થામા : સુયોધનનો પ્રિય મિત્ર અને ગુરુદ્રોણનો પુત્ર. આ બ્રાહ્મણપુત્ર આંખો મીંચીને જૂની પરંપરાઓનું પાલન કરવા તૈયાર નથી. એને સુયોધનના પક્ષમાં ન્યાય અને સત્ય દેખાય છે. સુયોધનને ખાતર એ પોતાના પ્રતાપી પિતા દ્રોણાચાર્ય સામે અવાજ ઉઠાવતા પણ

અચકાતો નથી. અર્જુનને એ પોતાનો સહુથી મોટો શત્રુ માને છે.

ગુરુદ્રોણ : અશ્વત્થામાના પિતા અને કૌરવ-પાંડવોના ગુરુ. પોતાના પ્રિય શિષ્ય અર્જુનને વિશ્વનો સહુથી મહાન યોદ્ધો બનાવવા માટે એ કૃતનિશ્ચયી છે. અર્જુન પ્રત્યેનો એમનો પ્રેમ અને પક્ષપાત જગજાણીતો છે. અર્જુનથી સહેજ વધુ વહાલી ગણાય એવી એકમાત્ર વ્યક્તિ એમનો પુત્ર અશ્વત્થામા છે. અત્યંત રૂઢિચુસ્ત છે અને પોતાની જ્ઞાતિ(બ્રાહ્મણ)ને બીજાથી ઊંચી ગણે છે. દ્રોણ દૃઢપણે માને છે કે નીચલા વર્ણમાં જન્મેલાને જ્ઞાનપ્રાપ્તિનો અધિકાર નથી. જીવનના પૂર્વાર્ધમાં ભોગવેલી દરિદ્રતાનો ડંખ, એમના મનમાંથી મરતા સુધી નથી જતો.

એકલવ્ય : વનવગડામાં વસતા આ આદિવાસી યુવાનને યોદ્ધો બનવાની ઝંખના છે. પોતાની જાતિના લોકોને બહુ નહીં તો થોડી પણ ગરિમા અને સમ્માન સાથે જીવવાની તક મળે, એ માટે આ યુવાન પોતાના પ્રાણ આપી દેવા તૈયાર છે.

કર્ણ : હલકા ગણાતા સૂતવર્ણમાં જન્મેલા રથચાલકનો પુત્ર. કુશળ યોદ્ધો બનવા માટે ઉત્તરથી દક્ષિણ સુધીની કઠિન યાત્રા ખેડે છે. એની ઉદારતા દાનવૃત્તિ બેજોડ છે. યુદ્ધભૂમિ પર સુયોધન વતી અર્જુનને પડકાર ફેંકી શકે એવો આ એકમાત્ર બાણાવળિ છે. અત્યંત તેજસ્વી, પ્રતાપી હોવા છતાં, હલકી જાતિમાં થયેલા જન્મને કારણે ડગલે ને પગલે એનું અપમાન થાય છે. દ્રૌપદી પણ ભરી સભામાં એને ધુતારી કાઢે છે, પરંતુ સુયોધન મક્કમતાભેર છેક સુધી કર્ણની પડખે ઊભો રહે છે.

પરશુરામ : દ્રોણ, કૃપ અને કર્ણના ગુરુ, એક સમયે ભીષ્મના મિત્ર હતા પણ હવે શત્રુ થઈ બેઠા છે. આધ્યાત્મિક ગુરુ અને માર્ગદર્શક તરીકે દક્ષિણનાં રાજ્યોમાં એમનું સર્વોપરી સ્થાન છે. પ્રવર્તમાન સમયમાં આ ધર્મઝનૂની બ્રાહ્મણને યુદ્ધમાં હરાવી શકે એવો બીજો કોઈ યોદ્ધો નથી. પોતાની જ્ઞાતિ વિશે ખોટું બોલીને ગુરુ પરશુરામને છેતરી જનાર કર્ણને એ ભયાનક શાપ આપે છે. હસ્તિનાપુરનો પરાજય કરીને, સમગ્ર ભારત પર પોતાની આણ સ્થાપિત કરવાની એમની મહેચ્છા છે. વર્ષો પહેલા ભીષ્મ સાથે કરેલી સુલેહ અને શાંતિકરાર હવે એમને ખટકે છે. કોઈપણ બહાને મહાયુદ્ધ શરૂ કરી દેવાની તક એ શોધે છે.

કૃપ (કૃપાચાર્ય) : શસ્ત્ર અને શાસ્ત્રોમાં પારંગત આ બ્રાહ્મણ, એના અતરંગી, મનમોજી સ્વભાવને કારણે બીજાથી જુદો પડે છે. એ દ્રોણના સાળા અને અશ્વત્થામાના મામા થાય છે. એમને સુયોધનની વાતમાં તર્ક લાગે છે. નાતજાતને ઊંચનીચના સીમાડા એને નડતા નથી. અભિમાનીમાં ખપી જાય એટલી હદે એ સ્પષ્ટવક્તા છે, પરંતુ અંદરખાને ઉદાર અને ઋજુ છે. એ માને છે કે કોઈ ભેદભાવ રાખ્યા વિના સમાનભાવે જ્ઞાનની વહેંચણી થવી જોઈએ.

બલરામ : યાદવોના આદર્શવાદી નેતા. આ સ્વપ્નદ્રષ્ટા, ઊંચનીચના ભેદ પાડ્યા વિના પોતાના લોકોને વિકાસ અને સમૃદ્ધિના માર્ગે લઈ જવા મથે છે. એ માને છે કે ખેતી અને વ્યાપાર દ્વારા સમાજની પ્રગતિ થઈ શકે. ભારતના પશ્ચિમ કિનારે એ પોતાની સ્વપ્નનગરી ઊભી કરે છે. એમને લડાઈ-ઝઘડા નથી ગમતા. કૃષ્ણ ને સુભદ્રાના એ મોટાભાઈ છે. સુયોધનના ગુરુ અને પથદર્શક છે. કર્ણ જેવા લોકોને એ નાતજાતની દીવાલો તોડીને આગળ વધવાની પ્રેરણા આપે છે.

કૃષ્ણ : આ યાદવકુમારને ઘણાં લોકો વિષ્ણુનો અવતાર માને છે. એ પોતે એવું માને છે કે સૃષ્ટિને પાપના ભારમાંથી મુક્ત કરાવવા માટે એમનો જન્મ થયો છે. અર્જુનના એ સાળા, શુભચિંતક અને માર્ગદર્શક છે. કૃષ્ણ દૃઢપણે માને છે કે દુનિયામાં ચાલ્યા કરતા નાનામોટા દરેક ઝઘડા, વાદવિવાદ પર પૂર્ણવિરામ મૂકવા. ધર્મની પુનઃસ્થાપના કરવા માટે એક પ્રચંડ, ભીષણ મહાયુદ્ધ થવું અનિવાર્ય છે. એમના સહુથી મોટા, શક્તિશાળી વિરોધીઓમાં જરાસંધ, સુયોધન, કર્ણ, એકલવ્ય અને ચાર્વાકનો સમાવેશ થાય છે.

સુભદ્રા : સુયોધનનો પહેલો પ્રેમ. જે છેવટે એના સહુથી મોટા શત્રુ, અર્જુનની પત્ની બની ગઈ.

તક્ષક : બળવાખોર નાગજાતિનો નેતા. એને એવી ક્રાંતિ કરવી છે, જેના પરિણામસ્વરૂપે શૂદ્ર અને અછૂતોનું રાજ સ્થપાય અને ઉચ્ચવર્ણના લોકો એમાં ગુલામ બનીને રહે. લડવા માટે થનગનતા રહેતા તક્ષકમાં ક્રૂર સરમુખત્યાર બનવાના તમામ લક્ષણ છે.

વાસુકિ : સત્તા ગુમાવી બેઠેલો આ નાગરાજ હવે વૃદ્ધ અને નિર્બળ થઈ ગયો છે, પણ ફરીથી રાજા બનવાની લાલસા એનામાં છે. એને લાગે છે કે તક્ષકના રસ્તે જઈ રહેલી નાગપ્રજા ખુવાર થઈ જશે.

જરાસંધ : મગધનો રાજા. એના શાસનમાં વ્યક્તિની જાતપાત નહીં, પ્રતિભાનો મહિમા છે.

સેનાપતિ હિરણ્યધનુષ : એકલવ્યનો પિતા અને જરાસંધની સેનાનો નાયક. નિશાદ જેવી હલકી ગણાતી જાતિમાં જન્મ્યા પછીયે પોતાની વીરતા, આવડત અને રાજા જરાસંધની મિત્રતાના જોરે એણે મગધના સૈન્યમાં ઉચ્ચસ્થાન મેળવ્યું.

મયાસુર : અસૂર જેવા નીચલા વર્ણમાં જન્મેલો મહાન સ્થાપત્યવિદ.

ઇન્દ્ર : એક સમયના પ્રતાપી દેવકુળનો અંતિમ રાજા હવે દરિદ્ર અવસ્થામાં જંગલોની અંદર જીવે છે, અને એની સહાયથી કુંતી અર્જુનને જન્મ આપે છે. ઇન્દ્ર પોતાના પુત્ર માટે એવું ગુપ્ત શસ્ત્ર બનાવવા માંગે છે, જે એને અજેય બનાવી દે.

ધૌમ્ય : હસ્તિનાપુરમાં કુંતી અને યુધિષ્ઠિરનો મુખ્ય સલાહકાર બની ગયેલો આ બ્રાહ્મણ વાસ્તવિકતામાં દૂર બેઠેલા પરશુરામના ગુપ્તચર તરીકે કામ કરે છે. આ રૂઢિચુસ્ત પંડિત એવા સમાજની રચના કરવા માંગે છે, જેમાં એના જેવા પૂજારીઓનો બોલ આખરી ગણાય.

પુરોચન : શકુનિ સાથે મળીને કાળાધોળા કરતો, ભ્રષ્ટ પણ કાર્યક્ષમ શાસકીય કર્મચારી.


દુર્જય : હસ્તિનાપુરની અંધારીઆલમમાં રાજ કરતા આ અપરાધીને શકુનિએ પોતાના સ્વાર્થ માટે સાધી લીધો છે.

કૃષ્ણ (શ્યામવર્ણ) દ્વૈપાયન (ટાપુ પર જન્મેલા) વેદવ્યાસ (વેદોનો અભ્યાસ અને વ્યવસ્થિત સંકલન કરનાર) : વિશ્વના સહુથી લાંબા મહાકાવ્ય, મહાભારત અને અઢાર પુરાણોના રચયિતા વેદવ્યાસે તમામ વેદોનું વ્યવસ્થિત સંપાદન વર્ગીકરણ કર્યું છે. વિશ્વના તમામ લેખકો પર વ્યાસના આશીર્વાદ હોવાનું મનાય છે. પરાશર મુનિ અને માછીમાર સ્ત્રી સત્યવતીના સમાગમથી જન્મેલા વ્યાસ ભીષ્મના સાવકા ભાઈ થાય. પાંડુ, ધૃતરાષ્ટ્ર અને વિદુરના જન્મ માટે એમની સહાય લેવાયેલી. ટૂંકમાં, મહાભારતનાં તમામ મુખ્ય પાત્રો વેદવ્યાસના વંશજ છે.

અંતે આ પુસ્તકના બે સહુથી બિનમહત્ત્વના પાત્ર :

જરા અને એનો અંધ શ્વાન ધર્મ : ધૂળિયા માર્ગો પર રહેતો, બેડોળ ભિક્ષુક જરા અભણ, અજ્ઞાની, નિર્બળ અને સાવ કંગાળ છે. એનો એકમાત્ર સાથીદાર ધર્મ નામનો આંધળો કૂતરો છે. આ બંને જીવને લોકો ધૂત્કારે છે, અસ્પૃશ્ય ગણે છે, પણ એ પોતાની દુનિયામાં મસ્ત છે. જરાએ ભગવાન કૃષ્ણના નામનો સહારો શોધી લીધો છે. ગમે તેવા સંજોગોમાં પણ કૃષ્ણભક્તિનાં ગીતો ગાઈને એ જીવનમાં સુખ-સંતોષ અને સાર્થકતાનો અનુભવ કરે છે.

મહાભારતની મુખ્ય કથામાં આવતી વંશાવલિ



આરંભ

ગાંધાર

સેનાપતિએ મહેલમાં પ્રવેશ કર્યો ત્યારે બહાર ધોધમાર વરસાદ પડી રહ્યો હતો. જોકે મહેલની અંદર સ્મશાનવત શાંતિ હતી. લાકડાનાં પગથિયાં પાસે પહોંચીને એમના પગ થંભી ગયા. અચાનક એમણે પોતાના કાળજા પર કાળમીંઢ શિલાનો ભાર અનુભવ્યો. પગ નીચેના શ્વેત આરસપહાણ પર પાણીનાં ખાબોચિયાં ભરાયાં હતાં. પાણીનો રંગ લાલ લાગતો હતો. શરીર પર ઠેરઠેર થયેલા ઘામાંથી પણ હજી લોહી નીતરતું હતું, પરંતુ આટલા ઘા ઝીલ્યા પછીયે એમનું શરીર ટટ્ટાર હતું.

દૂરના હિમાચ્છાદિત પહાડોમાંથી આવેલો ઠંડોગાર પવન એમના શરીરમાં શૂળની જેમ ભોંકાયો. ઘડીભર લાગ્યું કે રગેરગમાં ફરતું રક્ત બરફ બનીને થીજી જશે. સેનાપતિનું ઘર પૂર્વમાં, ગંગા નદીએ બનાવેલા સપાટ મેદાનોમાં હતું. હિમાચ્છાદિત પહાડો અને એમાંથી પસાર થતા દુર્ગમ માર્ગ એમના માટે અજાણ્યા હતા. જોકે આ અજાણી ભૂમિ પર એમની તલવારે છેલ્લા એક કલાકમાં હાહાકાર મચાવ્યો હતો. ગણ્યાગણાય નહીં એટલા યોદ્ધાઓના રક્તથી એમની તલવાર ખરડાઈ હતી. છેલ્લા શ્વાસ સુધી ગાંધારની રક્ષા કરવા માટે ઝૂઝેલા સૈનિકોમાંથી હવે ભાગ્યે જ કોઈ જીવિત રહેલું.

ઉપરના માળેથી કોઈએ ભરેલાં ડૂસકાંનો અવાજ સેનાપતિને કાને પહોંચ્યો. સીડીના પહેલા પગથિયે પગ મૂકીને એ પાછા અટકી ગયા. એમની નજર નીચે પડેલા લાકડાના નાનકડા ગાડા પર ગઈ. અત્યારે એનું એક પૈડું તૂટી ગયેલું. પણ થોડા સમય પહેલા કદાચ કોઈ નાનું બાળક આ રમકડાથી રમ્યું હશે... એના પર પડેલો લોહીનો ડાઘ જોઈને સેનાપતિના મોઢામાંથી નાનો નિશ્વાસ સરી પડ્યો. હાથમાં તૂટેલું ગાડું લઈને એ સીડીનાં પગથિયાં ચઢી ગયાં.

ઉપરના વરંડામાં ઠેરઠેર સૈનિકોના મૃતદેહ પડ્યા હતા. કોઈને પગની ઠેસ ન વાગે એનું ધ્યાન રાખતા સેનાપતિ આગળ વધ્યા. બહાર હવે બરફ પડવા લાગેલો. વાતાવરણ વધુ ઠંડું થયું. સેનાપતિએ દાંત ભીંસીને શરીરની ધ્રુજારી પર કાબૂ રાખવાનો પ્રયાસ કર્યો. હાથમાં લીધેલું કામ પૂરું કરતાંની સાથે, અહીંથી ભાગી છૂટવા માટે એમના તન-મન તલસતા હતા. ગંગાકિનારે આવેલા એમના દેશમાં બારે મહિના સૂરજ તપતો હતો. હાડકાં ગાળી નાખે એવી ઠંડી ત્યાં નહોતી પડતી. ઘેર જતાં પહેલાં બહુ મોટું કામ પતાવવાનું હતું. એમને હાથમાં પકડેલા ગાડા સામે જોયું. આ વળી ક્યાંથી મારા હાથમાં આવી ગયું. એવા આશ્ચર્યનો ભાવ એમના ચહેરા પર આવીને પસાર થઈ ગયો, પરંતુ એ ફેંકવાની ઇચ્છા ન થઈ. તલવારની અણીથી એમણે અધખુલ્લા ઓરડાનો દરવાજો ખોલી નાખ્યો. અંદરના ઝાંખા અજવાળામાં એમની આંખોને ટેવાતા થોડી વાર લાગી, પણ એટલીવારમાં કોઈ એમના પર ધસી ન આવ્યું. છેવટે એમની નજર એક ખૂણામાં ટૂંટિયું વાળીને બેઠેલી સ્ત્રી પર પડી. બધીયે આશા ગુમાવીને અંતિમ પરાજય સ્વીકારીને એ હવે પોતાના ભાગ્યમાં જે લખ્યું હોય એની વાટ જોતી બેઠી હતી.

ઓરડાના એક ખૂણે તેલનો દીવો ટમટમતો હતો. સેનાપતિએ દીવાની વાટ સંકોરી. વાતાવરણમાં થોડો ઉજાસ વધ્યો. જોકે પેલી યુવતીના અદ્ભુત સૌંદર્યની

સામે આવા હજારો દીપકનો પ્રકાશ ઝાંખો પડી જાય. "પ્રકૃતિના આવા સુંદર સર્જનને દુઃખી કરવાનું પાપ મારા ભાગ્યમાં લખાયું છે." આ વિચાર આવતાંની સાથે સેનાપતિના મનમાં રોષનો તણખો ઝર્યો. કયા કાળચોઘડિયે મેં મારા વાસનાભૂખ્યા પિતાને ખાતર બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈ લીધી!

આ પ્રતિજ્ઞાને કારણે સેનાપતિના જીવનમાં અત્યાર સુધી આવેલી દરેક સ્ત્રી દુઃખી જ થયેલી. હવે એમાં એક વધુ નિર્દોષ નારીનો ઉમેરો થવાનો હતો. અને વિધિની વક્રતા તો જુઓ આજીવન બ્રહ્મચર્યનો સંકલ્પ લઈને બેઠેલી વ્યક્તિએ બીજાઓ માટે સ્ત્રીઓ શોધવાની હતી. એમના માટે લોહીની નદીઓ વહેવડાવવાની હતી.

સેનાપતિએ જોરથી માથું હલાવીને મનમાં ચાલી રહેલા વિચારોને ખંખેરી નાખવાનો પ્રયાસ કર્યો, અને સામે બેઠેલી યુવતી સામે કમરેથી ઝૂકીને અતિ સૌમ્ય અવાજે કહ્યું, "પુત્રી, હું ગંગાદત દેવવ્રત છું. હસ્તિનાપુર રાજ્યનો પ્રતિનિધિ. તમે કદાચ ભીષ્મનું નામ સાંભળ્યું હશે. હસ્તિનાપુરના રાજકુમાર અને મારા ભત્રીજા ધૃતરાષ્ટ્ર માટે હું તમારો હાથ માંગવા આવ્યો છું."

ખંડમાં થોડો સમય મૌન પથરાઈ ગયું. ભીષ્મએ નજર નીચી જ રાખી. પેલી યુવતીની મોટી પાણીદાર આંખોમાંથી વરસતા અંગારા જાણે એમને દઝાડતા હતા. ભવિષ્યમાં આ તેજસ્વી આંખો પર કાયમી આવરણ આવી જવાનું હતું, પરંતુ ત્યારે પણ ભીષ્મને આ આગઝરતી આંખો જ યાદ આવવાની હતી. યુવતીએ ભરેલું હીબકું એમના કાળજાને વીંધી ગયું.

જોકે બીજી જ ક્ષણે યુવતીએ પોતાની જાતને સંભાળી લીધી. વસ્ત્રોને સરખાં કરતી એ ઊભી થઈ. અને પછી રાજસી ગરિમા સાથે માથું ઊંચું કરીને બોલી, "મહાપ્રતાપી ભીષ્મ, આશા છે કે ગાંધારે તમારા આતિથ્યમાં કોઈ ઊણપ નથી દાખવી. તમારા આવકાર માટે મારા પિતા અહીં હાજર નથી. એ બદલ હું તમારી ક્ષમા માંગું છું. એમના વતી હું ગાંધારી, ગાંધારની રાજકુમારી તમારું સ્વાગત કરું છું."

ગાંધારીના નમ્ર પણ ઠંડાગાર અવાજમાં રહેલી તીક્ષ્ણતાએ ભીષ્મની વાચા હરી લીધી. એમને મનમાં થઈ ગયું કે, આ તેજસ્વી નારી સામે એ પોતાનું હૈયું ઠાલવી દે. હસ્તિનાપુર માટે પોતે શું શું કરવું પડેલું એ કબૂલી લે. ઉંમરમાં એમનાથી બહુ નાની છોકરી સામે એમણે પોતે વામણા હોવાની લાગણી અનુભવી. પ્રતિકૂળ સંજોગોમાં પણ એણે પોતાનું ઓજસ ઝાંખું પડવા નહોતું દીધું. સામે ભીષ્મ વિજેતા હોવા છતાં હીણપત અનુભવી રહ્યા હતા. ભીષ્મએ પોતાની અંદર રહેલા ક્રોધને જગાડવાનો પ્રયત્ન કર્યો. જેથી બીજા સામાન્ય સૈનિકની જેમ એ બળપૂર્વક આ નાનીનમણી કન્યાને ઉપાડીને હસ્તિનાપુર લઈ જાય. પરંતુ એ આવું કરી ન શક્યા. એ ભીષ્મ હતા. હારેલાને આદર આપવો, સ્ત્રીદાક્ષિણ્ય જાળવવું, આ સંસ્કાર એમના લોહીમાં હતા.

"ભીષ્મ, તમારે વ્યથિત થવાની જરૂર નથી. હું જાણું છું કે ગાંધાર તમારા પગ નીચે કચડાઈ ગયું છે અને હું તમારી કેદી છું. મહાસમર્થ ભારતીય સામ્રાજ્યની હદ પાસે આવેલા ગાંધારમાં એટલી શક્તિ ક્યાંથી હોય, જે હસ્તિનાપુરની ઇચ્છાને નકારી શકે? ચાલો, હું તમારા અંધ ભત્રીજાની પત્ની બનવા તૈયાર છું." ગાંધારી બોલી.

ભીષ્મ ચૂપચાપ બારીની બહાર દેખાતા હિમાચ્છાદિત પર્વતો તરફ તાકી રહ્યા. આ ઘડીએ ગાંધારીએ એમની છાતીમાં કટાર મારી દીધી હોત તોયે એ પ્રતિકાર કરવાની સ્થિતિમાં નહોતા. કદાચ હસતે મોઢે એમણે આ સુંદરીના હાથે આવેલું મોત વહાલું કરી લીધું હોત. પણ ના, એમણે તો એમના નકામા, નપુંસક ભત્રીજા કે પછી હસ્તિનાપુરની ગાદી પર જે મૂર્ખ બેસે એના માટે આવી સ્ત્રીઓનું હરણ કરીને લઈ જવાની હતી. સાચું પૂછો તો ભીષ્મને હવે થાક લાગવા માંડેલો. યુદ્ધો, વિશ્વાસઘાત, રાજકીય કાવાદાવા... જીવનમાં આ સિવાય બીજું કંઈ કરવા જેવું જ નહોતું? અને આ બધું કોના માટે? પિતા, રાષ્ટ્ર, ભાઈઓ, ભત્રીજા... બસ, પોતાની જાત માટે કંઈ નહીં. લોકો કહેતાં હતાં કે ભારતવર્ષમાં ભીષ્મ જેવો વીરયોદ્ધો બીજો કોઈ નહોતો. પરંતુ ભીષ્મને હવે એમની વીરતાનો ભાર વર્તાવા લાગ્યો હતો.

પીઠ ફેરવીને એમણે ચાલવાનું શરૂ કર્યું. કોઈ વિરોધ કર્યા વિના ગાંધારી એમને અનુસરી, ત્યારે ભીષ્મે નાનકડી નિરાશા અનુભવી. વરંડામાં પહોંચીને એમણે પાછળ જોયું તો ગાંધારીની દૃષ્ટિ, ભીષ્મએ હજી સુધી હાથમાં પકડી રાખેલા રમકડા તરફ હતી. ભીષ્મે સહેજ સંકોચ અનુભવ્યો, અને એ જ ક્ષણે એમના કાને કોઈ ઝીણા રુદનનો અવાજ પડ્યો. એમના પગ અટકી ગયા. ગાંધારીના ચહેરા પર ભયની રેખાઓ ખેંચાઈ. રુદનની દિશામાં પાછા ફરેલા ભીષ્મને એણે રોકવાનો પ્રયાસ કર્યો, પણ મનમાં દબાઈ ગયેલો બધોયે રોષ ઊછળીને બહાર પડ્યો હોય, એમ ગાંધારીને ધક્કો મારીને ભીષ્મ ખંડની અંદર ધસી ગયા. કોણ એમની નજરમાંથી છટકી ગયેલું?

રડવાનો અવાજ પલંગની નીચેથી આવતો હતો. ભીષ્મએ વાંકા વળીને જોયું તો નીચે એક નાનો બાળક છુપાયેલો દેખાયો. ભીષ્મએ એક હાથે એને બહાર ખેંચી કાઢ્યો. છોકરાની ઉંમર પાંચેક વર્ષથી વધુ નહોતી લાગતી. ડાબા પગમાં થયેલી ઈજાથી એનાં કપડાં લોહીલુહાણ હતાં, પણ એમની આંખોમાં હવે આંસુની જગ્યાએ રોષ અને ઘૃણા હતી. ભીષ્મ એને ઉપાડીને બહાર વરંડાના અજવાળામાં લઈ આવ્યા.

નીચે ઉતારતાની સાથે છોકરો જમીન પર ફસડાઈ પડ્યો. "આ કોણ છે?" ભીષ્મે પૂછ્યું.

"શકુનિ, ગાંધારનો રાજકુમાર." બાળકનો પરિચય આપવા જતા ગાંધારીનો અવાજ તરડાઈ ગયો. "હું જાણું છું કે યુદ્ધનો નિયમ શું કહે છે? પણ મારી નજર સામે એને નહીં મારતા... મારો નાનો ભાઈ છે... દયા કરો..."

ભીષ્મએ નીચે પડેલા બાળક સામે જોયું. ભલે નાનો હોય પણ આખરે તો શત્રુનો અંશ હતો. ગુરુએ કહેલા શબ્દો એમને યાદ હતા. કોઈપણ દેશને જીતી લીધા બાદ, ત્યાંના તમામ નાનામોટા પુરુષનો વધ કરવો અને સ્ત્રીઓને ઉપાડી લાવવી, જેથી ભવિષ્યમાં વેર લેવા માટે કોઈ બાકી ન રહે! "ડોકું ઉડાવી દે શકુનિનું!" ભીષ્મના કાનમાં પિતાનો અવાજ અથડાયો. પણ કોણ જાણે કેમ, તલવાર પરની એમની પકડ ઢીલી પડી ગઈ. આંખોમાં ભીનાશ પ્રસરી ગઈ.

પોતાની નબળાઈ પર એમને રોષ ઊપજ્યો, પરંતુ બાળશકુનિને મારવા જેટલી હિંમત એ ભેગી કરી શક્યા નહીં. અવાજને બને એટલો કડક કરીને એમણે કહ્યું, "ગાંધારી, હું શકુનિને નહીં મારું. તમારી સાથે એ હસ્તિનાપુર આવશે અને ત્યાં

એનો ઉછેર કુરુ રાજકુમારો સાથે થશે."

ગાંધારીએ રાહતનો શ્વાસ લીધો. એના નાના ભાઈને જીવતદાન મળ્યું હતું. એણે શકુનિને ઉપાડવાનો પ્રયાસ કર્યો, પણ હાથપગમાં એટલું વજન ઉપાડવાની શક્તિ નહોતી. ભીષ્મએ હાથ લંબાવીને શકુનિને તેડી લીધો, પણ છોકરો એમના મોઢા પર થૂંક્યો. દુનિયામાં બીજા કોઈની હિંમત નહોતી કે ભીષ્મ સાથે આવું વર્તન કરી શકે, અને કરે તો મૃત્યુદંડ નિશ્ચિત હતો. પરંતુ ભીષ્મએ કોઈ પ્રતિભાવ આપ્યા વિના પોતાનો ચહેરો લૂછી નાખ્યો અને શકુનિને હાથમાં લઈને ચાલતા રહ્યા.

* * *

કાફલાએ ગંગાના ધૂળિયા સપાટ પ્રદેશમાં આવેલા હસ્તિનાપુરની દિશામાં પ્રયાણ કર્યું. ભારતવર્ષનું પાટનગર અને ભવ્યતામાં જેની તોલે ભાગ્યે જ બીજું કોઈ નગર આવી શકે એ હસ્તિનાપુર.

શકુનિ ભીષ્મના અશ્વ પર એમની સાથે બેઠો હતો. ગાંધારી એમની પાછળ હતી. ધૃતરાષ્ટ્ર માટે યોગ્ય પત્ની મળી ગયેલી. હવે પાંડુરોગથી પીડાતા બીજા ભત્રીજા માટે કન્યા ક્યાંથી લાવવી, એમના વિચારમાં ભીષ્મ એટલા ગરકાવ હતા કે બાળશકુનિની આંખોમાં ભભૂકતો રોષ અને તિરસ્કાર એમના ધ્યાન બહાર રહી ગયા.

કુરુવંશના રક્ષક, હસ્તિનાપુરની ગાદીના પ્રતિનિધિએ એમની લાંબી અને પ્રતિભાશાળી જીવનમાં કરેલી આ સહુથી મોટી ભૂલ હતી.

રક્તનો રાજકુમાર

"સુયોધન, બીકણ ઉંદરડા, તું જ્યાં છુપાયો હોય ત્યાંથી શોધીને હું તારાં હાડકાંપાંસળાં એક કરી નાખીશ. હું તારા બાપ જેવો આંધળો નથી કે, તું મારી નજરમાંથી છટકી જાય..." હસ્તિનાપુર મહેલની દીવાલોએ ભીમના અવાજના પડઘા પાડ્યા.

લાકડાના મસમોટા પલંગ નીચે છુપાયેલા નાના છોકરાનું શરીર ભયથી ધ્રૂજતું હતું. ખાલીખમ વિશાળ ઓરડાની હવામાં એના પિતાની આછી ગંધ ભળેલી હતી. એ ઝટ પાછા ફરે એવી મૂંગી પ્રાર્થના સુયોધને કરી લીધી.

આ પહેલીવાર નહોતું થયું. છેલ્લા છ મહિનામાં જાણે આ રોજિંદી રમત થઈ ગયેલી. એનો પિતરાઈ ભાઈ ગર્જનાઓ કરતો ધસી આવે, સુયોધન ક્યાંક છુપાવાની જગ્યા શોધે. પકડાઈ જાય તો માર ખાય, અને નસીબ સારા હોય તો ભીમ એને શોધતાં શોધતાં જ આ ક્રૂર રમતમાંથી રસ ગુમાવી દે અને જતો રહે. જોકે એના ગયા પછીયે લાંબો સમય સુયોધન ફફડતો રહેતો.

એનાથી ઉંમરમાં એકાદ વરસ નાનો ભીમ કદમાં મોટો, ઊંચો કદાવર હતો. નબળાને પીડવામાં એને આનંદ મળતો. ભીમમાં અક્કલ ભલે ઓછી હોય, પણ શારીરિક બળ વડે એ સુયોધન જેવા બીજા છોકરાઓને થથરાવતો હતો.

છોકરા જ શું કામ, નાની છોકરીઓ પણ ભીમની ક્રૂરતાનો ભોગ બન્યા કરતી. સુયોધનની નાની, બહુ વહાલી બહેન સુશલાને રડાવવામાં ભીમને બહુ મજા આવતી. એ જાણતો હતો કે સુશલાનું રુદન સાંભળીને એ બાપડીના ભાઈઓ દોડી આવશે, અને પછી એમને પણ ઝૂડી નાખવાની તક મળશે. વડીલો આસપાસ ન હોય તો આ મારામારી ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતી. ભીમના ચાર ભાઈઓ પણ એમાં જોડાતા.

સુયોધનથી નાનો સુશાસન અલબત્ત દોડવામાં, ઝાડ પર ચઢી જવામાં ભીમને હંફાવી દેતો. ઝાડની સહુથી ઊંચી ડાળી પર બેસીને હસતા સુશાસન પર ચિઢાયેલો ભીમ પથરા ફેંકતો. પણ મોટેભાગે એ નિશાન ચૂકી જતો. એકવાર સુશાસન ભણી ફેંકેલો પત્થર, મહેલની બારી સાથે જઈને અથડાયો. કાચ તૂટી ગયો. એ દિવસે પિતામહ ભીષ્મએ ભીમને ખાસ્સો ખખડાવેલો.

જોકે, સુયોધનને એના પાંચ પિતરાઈમાં સહુથી વધુ ક્રોધ અને ઘૃણા ભીમ નહીં, સહુથી મોટા પાંડુપુત્ર યુધિષ્ઠિર પ્રત્યે થતી હતી. શકુનિમામાએ વારંવાર ચેતવણી આપેલી કે ઉપર-ઉપરથી બહુ સજ્જ ન, ધાર્મિક લાગતા યુધિષ્ઠિરથી જ સુયોધને સહુથી વધુ ભય રાખવાનો હતો.

યુધિષ્ઠિર અને સુયોધનની ઉંમર લગભગ સરખી હતી. દસ વર્ષનો યુધિષ્ઠિર બીજાઓની, ખાસ કરીને વડીલોની હાજરીમાં એના પિતરાઈઓ સાથે ખૂબ પ્રેમથી વર્તતો. બહારના લોકોમાં એની છાપ દુનિયાના સહુથી નિર્દોષ, કહ્યાગરા, ધર્મભીરુ બાળક તરીકેની હતી. પણ સુયોધનને મારતી વખતે, પાંડવોમાં સહુથી વધુ ઝનૂન યુધિષ્ઠિરમાં આવી જતું. ભીમની જંગાલિયત તો દેખીતી અને સમજાય એવી હતી. પરંતુ સુયોધનને અને બીજા બાળકોને હંમેશાં આશ્ચર્ય થતું કે, યુધિષ્ઠિરને એના પિતરાઈ ભાઈઓ પ્રત્યે આટલો ક્રોધ, તિરસ્કાર શું કામ હતા!

સુયોધનને તો એ પણ નહોતું સમજાતું કે, એની માતા ગાંધારીએ છતી આંખે શું કામ અંધત્વ સ્વીકારેલું. પિતા ધૃતરાષ્ટ્ર તો જન્મથી અંધ હતા, પરંતુ માતાએ શું કામ પોતાની આંખે પાટા બાંધી રાખેલા? એને આ સુંદર વિશ્વ જોવાની ઇચ્છા ક્યારેય નહીં થતી હોય?

શકુનિએ એકવાર આનું કારણ સમજાવતાં કહેલું કે ગાંધારીએ એની આંખે બાંધેલા પાટા,

ખરેખર તો ભીષ્મ સામેના એના વિરોધનું પ્રતીક હતા. ભીષ્મએ એને એક અંધ પુરુષ સાથે પરણવાની ફરજ પાડેલી. આ સાંભળીને તો સુયોધન વધુ ગૂંચવાઈ ગયેલો. શું મા પિતાજીને પ્રેમ નહોતી કરતી? છેવટે રહેવાયું નહીં, ત્યારે સુયોધને માતા પાસે જઈને આ સવાલ પૂછી નાખ્યો. જવાબ આપવાને બદલે ગાંધારીએ હસીને પુત્રના માથા પર હાથ ફેરવ્યો. એ વખતે એની આંખે બાંધેલા શ્વેત, રેશમી કપડામાં આવી ગયેલી ભીનાશ સુયોધને જોઈ લીધેલી. મા રડતી હતી?

શકુનિમામા હંમેશાં નાના ભાણેજને સમજાય નહીં એવી રાજકીય ખટપટ, રાજમહેલમાં ચાલતા કાવાદાવા, રાજગાદી માટે થઈ રહેલી ખેંચતાણની વાતો કર્યા કરતા. ક્યારેક તો આ બધું સાંભળીને અકળાઈ જતાં સુયોધનને થતું કે આના કરતાં તો એ કોઈ સામાન્ય પરિવારમાં જન્મ્યો હોત તો વધુ સારું થાત.

શકુનિએ એને કહેલું કે, સુયોધનના પિતરાઈ કાકા વિદુર રાજમહેલની એક દાસીના પેટે જન્મેલા. જોકે, વિદુર, રાજા ધૃતરાષ્ટ્ર અને એના ભાઈ પાંડુના પિતા એક જ હતા.

“એમાં શું થઈ ગયું?” મૂંઝાઈ ગયેલા સુયોધને પૂછ્યું. તો શકુનિએ જવાબમાં એટલું જ કહ્યું કે, “મોટા થયા પછી તને બધું સમજાઈ જશે.”

“હું ક્યારે મોટો થઈશ?” સુયોધને અનેકવાર જાતને આ પ્રશ્ન પૂછેલો. આજે પલંગ નીચે છુપાતી વેળાએ પણ એના મનમાં આ જ વાત રમી ગઈ. ક્યારે હું મોટો થઈશ, મને હેરાન કરનારા આ લોકોનો પ્રતિકાર કરવાની શક્તિ ક્યારે મારામાં આવશે?

* * *

“મને ખબર છે કે, તું તારા આંધળા બાપના પલંગ નીચે ભરાઈ બેઠો છે. પણ હમણાં આવીને તને ત્યાંથી બહાર ખેંચી કાઢું છું અને પછી જોઈ લે મજા...” ભીમનો અવાજ ધૃતરાષ્ટ્રના શયનખંડને, અને ત્યાં છુપાયેલા સુયોધનના ચિત્તને ખળભળાવી ગયો. પણ પછી એણે કોઈ મોટી વ્યક્તિનો અવાજ સાંભળ્યો. “ભીમ, તું અહીં શું કરે છે?”

“એ કહો કે, તમે અહીં શું કરો છો? હંમેશાં મારી પાછળપાછળ ફર્યા કરો છો. જઈને માને કહી દઈશ.” ભીમે મોટેથી કહ્યું, પણ એ સહેજ ઢીલો પડી ગયો હોય એવું લાગ્યું.

“મેં તને યુવરાજની પાછળ દોડતો જોયો, અને સમજી ગયો કે તારા મનમાં શું હશે, એટલે અહીં આવ્યો.”

“અમે તો રમીએ છીએ.”

“મને આ કોઈ નિર્દોષ રમત નથી લાગતી.”

“વિદુરકાકા, એ વાત જવા દો. મને એ કહો કે, તમે અહીં કેવી રીતે આવી ગયા? જાણો છો ને કે, તમારા જેવા લોકોને અહીં પ્રવેશવા પર પ્રતિબંધ છે?” ભીમનો અવાજ વધુ ઊંચો થયો. એ બરાબર જાણતો હતો કે આ તીર સામેવાળાને કેટલું વાગશે.

સુયોધને પલંગ નીચેથી ડોકું સહેજ બહાર કાઢવાની હિંમત કરી. ઉંબરા પર ઊભેલા વિદુરના ખભા ઝૂકી જતાં એણે જોયા. પણ બીજી જ પળે ટટ્ટાર થઈને વિદુરે ભીમની દિશામાં ડગલું ભર્યું. “ચાલો, પિતામહ ભીષ્મ પાસે જઈને બધી ચોખવટ કરી લઈએ.” એ બોલ્યા.

“ભૂલ થઈ ગઈ, કાકા ક્ષમા કરો, હું જાઉં છું.” ભીમે સમય વર્તીને માફી માંગી લીધી, પણ ખંડમાંથી બહાર નીકળતી વખતે એણે સુયોધન પર જે દૃષ્ટિ કરી, એમાં ભારોભાર ઘૃણા હતી. અને, હા વિદુરનો સ્પર્શ ભૂલેચૂકે ય ન થઈ જાય એનું એણે બરાબર ધ્યાન રાખ્યું.

સુયોધને રાહતનો શ્વાસ લીધો અને દોડીને વિદુરને વળગી પડ્યો. ઘડીક તો વિદુર આ ભાવપ્રદર્શનથી ડઘાઈ ગયો, પણ પછી એણે હળવેથી સુયોધનને દૂર કર્યો. બાળકના ચહેરા પરનું સ્મિત વિલાઈ ગયું.

"યુવરાજ સુયોધન, જાણો છોને કે તમારે મને સ્પર્શ નથી કરવાનો! એમાંયે સ્નાન કર્યા પછી. સંધ્યાકાળની પ્રાર્થના માટે તૈયાર થયા હો ત્યારે તો નહીં જ." વિદુરે રાજમહેલનો નિયમ યાદ દેવડાવ્યો.

"પણ તમે મારા કાકા છો." સુયોધને જોરથી કહ્યું.

"તો પણ નહીં." વિદુરે ધીમા પણ સ્પષ્ટ અવાજે કહ્યું. જોકે એની આંખોમાં ઝલકી ગયેલી પીડા સુયોધને જોઈ લીધી. "કેમ નહીં?" એણે પૂછ્યું.

જવાબ આપવાને બદલે વિદુરે પીઠ ફેરવીને ચાલતી પકડી. પણ સુયોધને દોડીને પાછો એનો હાથ પકડી લીધો. "બોલો, મારે તમને કેમ નથી અડવાનું?"

"સુયોધન, આ સમજવા માટે તું હજી બહુ નાનો છે. મોટા થયા પછી બધું આપોઆપ સમજાઈ જશે. હવે મને જવા દે." આટલું કહીને વિદુર લાંબા ડગલા ભરતા ત્યાંથી નીકળી ગયા.

સંધ્યાકાળના આછા થઈ રહેલા અજવાળામાં સુયોધન એના વિદુરકાકાને દૂર જતાં તાકી રહ્યો. એના મનને પજવ્યા કરતા આવા અનેક પ્રશ્નોના ઉત્તર કેમ કોઈ નહોતું આપતું? બધાં કહેતાં હતાં કે, મોટો થઈ જા પછી વાત! "હું ક્યારે મોટો થઈશ?" સુયોધન બબડ્યો, પણ પછી એને વિદુરની આંખોમાં જોયેલી પીડા યાદ આવી ગઈ. મોટા થયા પછી આમ દુઃખી થવાનું હોય તો કદાચ નાના જ રહેવું સારું હતું.

* * *

શકુનિ પાસે જઈને ભીમની ફરિયાદ કરવા માટે સુયોધનને હવે ચટપટી જાગી. ભીમ જ નહીં બીજા બધા પિતરાઈ ભાઈઓ પણ સુયોધનને નહોતા ગમતા. પાંડુકાકાના અવસાનને છ મહિના થઈ ગયેલા, પણ લોકો હજીયે કાકાના પાંચ પુત્રો પાસે જઈને શોક વ્યક્ત કરતા હતા, સહાનુભૂતિ દર્શાવતા હતા. એટલે જ તો એ પાંચેય જણ માથે ચઢી ગયેલા. અને એમની માતાનો ઠસ્સો તો હવે પહેલાથીયે વધી ગયેલો. પાંડુકાકાની બીજી પત્ની માદ્રી પતિ સાથે ચિતા પર ચઢીને સતી થઈ ગયેલી. એના બે જોડિયા દીકરા અને પોતાના ત્રણ સંતાન સાથે કુંતીકાકી હસ્તિનાપુર મહેલમાં રહેવા આવ્યાં હતાં.

શકુનિમામા એમના ખંડમાં નહોતા. કદાચ સભાખંડમાં બેઠા હશે એવું વિચારીને સુયોધન એ તરફ વળ્યો. જોકે એણે મનોમન પ્રાર્થના કરી લીધી કે, ત્યાં કોઈ ગરમાગરમ ચર્ચા કે દલીલો ચાલતી ન હોય. હમણાં હમણાંથી આવું વધુ થવા લાગેલું. થોડા સમય પહેલાં ભીષ્મ પિતામહે વિદુરને મહા અમાત્ય તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય જાહેર કર્યો. ત્યારે સુયોધન ત્યાં એના શકુનિમામા સાથે બેઠો હતો.

વિદુર એમના જ્ઞાન અને સાત્ત્વિક જીવન માટે જાણીતા હતા. પણ ભીષ્મ એમને મહા અમાત્યપદ સોંપવા માંગતા હતા, એ સાંભળીને ઘોંઘાટ મચી ગયેલો. ધૌમ્ય નામના યુવાન બ્રાહ્મણે ઊભા થઈને મોટે સાદે કહ્યું, "પરંતુ વિદુર શૂદ્ર છે, રાજમહેલની દાસીનો પુત્ર!" બીજાઓએ એમાં સાદ પુરાવ્યો પણ ભીષ્મએ હાથ ઊંચો કરીને સહુને શાંત પાડી દીધા.

"શ્રી ધૌમ્ય, આપ ભૂલી ગયા કે, મહારાજા ધૃતરાષ્ટ્ર અને સ્વર્ગીય રાજા પાંડુની જેમ વિદુર પણ મારા પિતા શાંતનુના પૌત્ર છે?"

"પણ..."

"શું મારે આપને એ પણ યાદ દેવડાવવું પડશે કે, રાજાના દાદીમા સત્યવતી માછીમારની પુત્રી હતાં, જેમની સાથે મારા ક્ષત્રિય પિતા રાજા શાંતનુએ વિવાહ કર્યા? એ પણ યાદ કરાવું કે, મા સત્યવતીનો પુત્ર વિચિત્રવીર્ય નિઃસંતાન મૃત્યુ પામ્યો, ત્યારે શું થયેલું? રાજવંશ જાળવી રાખવા માટે, એ માછીપુત્રીએ તમારા જેવા અનેક લોકોના વિરોધની ઉપરવટ જઈને પોતાના

બીજા પુત્ર વ્યાસને બોલાવ્યા અને `નિયોગ'ની પ્રાચીન પરંપરા મુજબ વ્યાસે, વિચિત્રવીર્યની વિધવા પત્નીને ગર્ભવતી બનાવી."

"પણ નિયોગ તો..."

"ધૌમ્ય, મને નીતિનિયમો કે પરંપરાનું જ્ઞાન આપવાની જરૂર નથી. બસ, એટલું જણાવવાની કૃપા કરો કે, કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ કોણ છે?"

ધૌમ્યનો ચહેરો ઝાંખો પડી ગયો, પણ ભીષ્મએ બોલવાનું ચાલુ રાખ્યું, "સત્ય બોલવામાં શેની શરમ? વ્યાસ મારી સાવકી માતા સત્યવતીના અનૌરસ પુત્ર છે. મારા પિતા શાંતનુ સાથે વિવાહ કરતાં પહેલા સત્યવતીએ પરાશરમુનિ દ્વારા થયેલા પુત્રને જન્મ આપ્યો હતો. એક માછણના પુત્ર એ વ્યાસ આપણા મહારાજ ધૃતરાષ્ટ્ર, સ્વર્ગીય પાંડુ અને વિદુરના પિતા છે. હવે કહો કે વિદુરનું કુળ કયું ગણાય?"

"ભીષ્મએ ધૌમ્યને પાડી દીધો." શકુનિએ સુયોધનના કાનમાં ગણગણાટ કર્યો. સુયોધનને કંઈ સમજાયું નહીં, પણ શકુનિએ પછી ભાણેજને હજી તું નાનો છે એવું કહેવાને બદલે આખીયે વાત સમજાવી. ધૌમ્યએ જો એવું કહ્યું હોત કે વિદુર એની માતાના કુળ મુજબ શૂદ્ર ગણાય, તો એનો અર્થ એવો થાત કે આખોયે કુરુવંશ પણ શૂદ્ર હતો, કારણકે એમની દાદીમા માછણ હતી. વિદુરને હલકો બતાવવા જતા આખાયે રાજવી કુળનું અપમાન થવાનો ભય હતો. ધૌમ્ય સમજી ગયો કે એ પોતે જ પોતાની દલીલોની જાળમાં ફસાઈ ગયેલો. મોઢું ફુલાવીને એ પોતાના સ્થાન પર બેસી ગયો. વિદુરે મરતાં સુધી હસ્તિનાપુરના મહા અમાત્ય તરીકે કર્તવ્યપાલન કરવાના સોગન લીધા.

શકુનિએ પછી હસતે મોઢે વિદુરને અભિનંદન આપ્યા, પણ એ બંનેનો પરસ્પર પ્રત્યેનો તીવ્ર અવિશ્વાસ અને અણગમો સુયોધને જોઈ લીધો.

આ પછીની ઘટના પણ સુયોધનને બરાબર યાદ રહી ગયેલી. એ દિવસે ભીષ્મની અનુમતિ લઈને કુંતીકાકી સભામાં હાજર થયેલાં. ત્યારે પણ એના વિરોધમાં ધૌમ્યએ જૂની સ્મૃતિઓને ટાંકતા કહ્યું કે, વિધવા સ્ત્રીને સત્તા આપવાનું બાજુએ રહ્યું, એમને તો જાહેરમાં ચહેરો બતાવવાનીયે મંજૂરી નહોતી.

એ દિવસે ભીષ્મએ સામી દલીલ કરવાની જવાબદારી વિદુર પર નાખી. અને વિદ્વાન મહા અમાત્યે પ્રાચીન વેદના દાખલા આપ્યા, જ્યારે વિધવા સહિત અનેક સ્ત્રીઓએ રાજનીતિમાં પોતાનું કૌશલ દાખવ્યું હતું. તાત્ત્વિક ચર્ચામાં પરાજિત થયેલા બ્રાહ્મણોએ પછી ગાળાગાળીનો આશરો લીધો. એમણે ઘાંટા પાડ્યા કે, શૂદ્ર વિદુરને વેદાભ્યાસ કરવાનો અધિકાર નહોતો. એ ઘડીએ વિદુરે અનુભવેલી ગ્લાનિ સુયોધનના કાળજાને સ્પર્શી ગયેલી.

વિદુરના સદ્ભાગ્યે એ દિવસે વેદોના પ્રખર અભ્યાસી, મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ ફરતાફરતા હસ્તિનાપુરના દરબારમાં આવી પહોંચ્યા. ભીષ્મ અને મહારાજા ધૃતરાષ્ટ્રએ પણ ઊભા થઈ જઈને વ્યાસના ચરણસ્પર્શ કર્યા. વ્યાસે આસન ગ્રહણ કર્યું, એ પછી ભીષ્મએ એમને પૂછ્યું કે, ધૌમ્યએ ઊભા કરેલા પ્રશ્નનો શું ઉત્તર આપવો. વ્યાસ પહેલાં તો હસી પડ્યા અને પછી એમણે કહ્યું કે, વિદુરની વાત સાચી હતી.

ઉકળી પડેલા ધૌમ્યએ આક્ષેપ કર્યો કે, વિદુર સાથેના અંગત સંબંધને કારણે મહર્ષિ વ્યાસે આ જવાબ આપ્યો હતો. સુયોધન પાછો સળવળ્યો, પણ શકુનિની દૃષ્ટિ વ્યાસ પર સ્થિર થઈ ગયેલી.

ધૌમ્યના કડવા વેણથી ક્રોધે ભરાવાને બદલે વ્યાસે પાછું સ્મિત વેર્યું અને શાંત અવાજે કહ્યું, "વિપ્રદેવ, શું સ્પષ્ટ બોલવાનું સાહસ તમારામાં નથી? ચોખ્ખેચોખ્ખું કહી દો ને કે હું વ્યાસ એક શૂદ્ર છું. એક અવિવાહિત સ્ત્રીની કૂખે મારો જન્મ થયેલો. મારા પિતા મહાજ્ઞાની બ્રાહ્મણ

પરાશર હતા, જેમણે જાતપાતની કડાકૂટમાં પડ્યા વિના મને વેદપુરાણોનું જ્ઞાન આપ્યું."

ધૌમ્યની જીભ ઝલાઈ ગઈ. વ્યાસનો અવાજ થોડો ગંભીર થયો. "દેશભરમાં ફરીને હું જે મહાન ઋષિમુનિઓ, વિદ્વાનોને મળ્યો, એમણે પણ પરાશરની જેમ કુળ-જાતિના વાડામાંથી નીકળીને મારા જ્ઞાનમાં વધારો કર્યો. કોઈને મારી જાતિ પ્રત્યે શંકા કે અપમાન દાખવ્યા નહોતા. હિમાલયથી માંડીને, જ્યાં ત્રણ સાગર મળે છે એ પવિત્ર ભૂમિ સુધીનો પ્રવાસ મેં કર્યો છે. કોઈ વિદ્વાને મને પૂછ્યું નહોતું કે ઘરઆંગણે હું કઈ ભાષા બોલતો હતો. એ બધા સમાજના જુદા જુદા વર્ગ, વંશમાંથી આવેલા, એમના વિચારો પણ એકમેકથી જુદા હતા. પરંતુ મનુષ્યજાતિ સાથે એ માત્ર એક ભાષા બોલતા હતા, પ્રેમની ભાષા. આ ઋષિઓ શહેરથી દૂર જંગલોમાં વસતા હતા, ભૌતિક સુખસગવડોનો મોહ એમને નહોતો. એમાંથી કોઈએ માત્ર જન્મના આધારે પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવાનો પ્રયાસ નહોતો કર્યો. એમણે સ્મૃતિઓ નહોતી લખી અને એમાં માનતા પણ નહોતા. પણ આજે હું અહીં તમને બધાને જોઉં છું, જે પોતાની બુદ્ધિ અને જ્ઞાનનો સદ્ઉપયોગ કરવાને બદલે જાતપાત અને ભાષાના આધારે લોકોમાં ભાગલા પડાવી રહ્યા છે! જે ખરેખર મહાન હોય, એ તો વિશ્વભરમાં એકતા જોવાનું ઇચ્છે. આ જ ફરક છે, એમનામાં અને તમારામાં. પ્રભુને મારી પ્રાર્થના છે કે સત્યને પારખવાની બુદ્ધિ તમને આપે. હા, પરશુરામ જેવી વધુ વ્યક્તિઓ પેદા થઈ, તો પછી ભારતની પવિત્ર ભૂમિના ભાગ્યમાં યુદ્ધો અને રક્તપાત જ રહેશે."

વ્યાસે બોલવાનું પૂરું કર્યું, એ પછી લાંબો સમય સભામાં મૌન પથરાઈ રહ્યું. સુયોધનના ખભા પર શકુનિના હાથની પકડ વધુ સખત બની ગયેલી. સુયોધને દૂર હટવાનો પ્રયાસ કર્યો, પણ પછી મામાના ચહેરા પર આવી ગયેલા ભાવ જોઈને એ થીજી ગયો. શકુનિ ખુલ્લેઆમ તિરસ્કાર સાથે વ્યાસ ભણી જોઈ રહ્યો હતો.

"કુંતીને સભામાં બેસવાની અનુમતિ છે." છેવટે ભીષ્મએ જાહેર કર્યું. મૂઠીભર લોકોએ તાળી પાડીને આ નિર્ણયનું સ્વાગત કર્યું, બાકીના દાંત ભીંસીને બેસી રહ્યા.

શકુનિ ઊભા થયા. "માનનીયશ્રી, તો પછી મારી બહેન ગાંધારીનું શું?"

શકુનિ સામે થોડીવાર તાકી રહ્યા બાદ ભીષ્મ બોલ્યા, "શું કામ નહીં? પ્રગતિની દિશામાં આપણું આ પગલું છે. કુંતી અને ગાંધારી જેવી સ્ત્રીઓ એમની પ્રતિભાથી આ સભાની શોભામાં વધારો જ કરશે."

શકુનિએ સુયોધન સામે આંખ મીંચકારી. વ્યાસ માથું ધુણાવતા સભામાંથી વિદાય થયા. બીજાઓ શું વિચારતા હતા એ સુયોધન નહોતો જાણતો, પણ એને મન જે થયું એ ખાસ રાજી થવા જેવું નહોતું. ગાંધારીએ રાજસભામાં જવાનું શરૂ કર્યું. એ પછી જાણે એની પાસે પોતાનાં બાળકો માટે સમય જ નહોતો રહ્યો. કુંતીની દરેક ચાલને કઈ રીતે માત આપવી, એના વિચારોમાં એ વ્યસ્ત રહેતી હતી. રાજસભા જ નહીં, આખો રાજમહેલ જાણે રાજકીય દાવપેચનો અખાડો બની ગયેલો.

બંને સ્ત્રી પોતાના સંતાનના ભવિષ્ય માટે લડતી હતી. દસ વર્ષની ઉંમરે પણ સુયોધનને વાતાવરણમાં ભળી ગયેલી તાણ અને કટુતા કળાતી હતી. પરંતુ કોણ જાણે કેમ, રાજપરિવારના બીજા પુરુષો, કુંતી અને ગાંધારી વચ્ચે થઈ રહેલા શીતયુદ્ધથી અજાણ હતા.

"જે વિપ્રમંડળીએ સભામાં કુંતીની હાજરી સામે વિરોધ નોંધાવ્યો હતો, એમના તરફ ઇશારો કરીને શકુનિએ એક દિવસ સુયોધનને કહ્યું, "જોઈ લે, પેલા લોકો કુંતીના પક્ષમાં જ બોલે છે."

આ સાંભળીને ગૂંચવાઈ ગયેલા સુયોધન સામે સ્મિત વેરતા શકુનિએ કહ્યું, "તારા કાકીશ્રીએ એ જુનવાણી, ધર્માંધોને પોતાના ભણી ખેંચી લીધા છે. વાસ્તવિકતામાં એ પોતે

ધૌમ્યથીયે વધુ રૂઢિચુસ્ત છે. સુયોધન, તું ગફલતમાં રહ્યો તો એક દિવસ એ બધાં મળીને તને, તારા ભાઈઓને, તારાં માબાપને પણ રસ્તે રઝળતાં કરી દેશે.”

જોકે પછી સુયોધનના માથા પર હાથ ફેરવીને શકુનિએ ધરપત આપી, “પણ હું બેઠો છું ત્યાં સુધી તારે ચિંતા કરવાની જરૂર નથી.”

સુયોધનને પણ શકુનિમામાની હાજરીમાં પોતે સુરક્ષિત હોવાની લાગણી થતી હતી. આજે ભીમના હાથમાંથી છૂટ્યા પછી એ મામાને શોધતો શોધતો સભાખંડમાં પહોંચી ગયો, પણ એ ત્યાં નહોતા. રત્નજડિત સિંહાસન પર બિરાજમાન ધૃતરાષ્ટ્રની બાજુમાં એનાથી થોડી જ ઓછી ભવ્ય લાગે એવી બેઠક પર પિતામહ ભીષ્મ હતા. એમની બાજુમાં ઊભેલા વિદુર સાથે એ કોઈ ભોજપત્રો વાંચી રહ્યા હતા. બીજા સભાસદો પોતપોતાના જૂથ બનાવીને ચર્ચામાં પડી ગયેલા. ગાંધારી અને કુંતી પોતાનામાં વ્યસ્ત હતાં. મામા ક્યાંય નહોતા દેખાતા. સુયોધન ત્યાંથી પાછો ફરી ગયો.

ગુરુનું આગમન

ગુરુ કૃપાચાર્યનો પ્રશિક્ષણ વર્ગ શરૂ થાય, એ પહેલા જે થોડો સમય બાકી રહેલો એમાં પાંડવો, કૌરવો પોતપોતાને ગમતી પ્રવૃત્તિઓમાં મસ્ત હતા.

ઉધાનમાં એક તરફ, કોઈ મોટી ઉંમરના માણસની જેમ ગંભીરભાવે પલાંઠી વાળીને, આંખો મીંચીને યુધિષ્ઠિર ધ્યાન ધરી રહ્યો હતો. ભીમ એક કૂતરાની પાછળ પડી ગયેલો. નકુલ અને સહદેવ સૂતરની દોરીથી બનાવેલા દડા સાથે રમી રહ્યા હતા. એમનાથી થોડે દૂર આંબાવાડીમાં સુશાસન અને સુશલા, ઝાડ પરથી કાચી પાકી કેરીઓ પાડીને ભેગી કરવામાં વ્યસ્ત હતા. વૃક્ષની ઊંચી ડાળી પર બેઠેલા સુયોધનની નજર, એનાથી થોડે દૂર બાણ ફેંકવાનો મહાવરો કરી રહેલા અર્જુન પર હતી.

અર્જુનના હાથ અને આંખો સ્થિર હતાં અને નિશાન અચૂક. એક વૃક્ષ પરના માળામાં પોતાના નાના બચ્ચાને દાણા ખવડાવી રહેલા પક્ષી ભણી એણે નિશાન તાક્યું. સુયોધન થથરી ગયો. એને બૂમ પાડીને પંખીને ઉડાડી દેવાની ઇચ્છા થઈ ગઈ, પણ એ પહેલાં અર્જુનના ધનુષ્યની કમાનમાંથી તીર છૂટી ગયું. આ વખતે એના કમભાગ્યે અને પંખીના સદ્ભાગ્યે તીર લક્ષ્ય સુધી પહોંચી ન શક્યું. ગુસ્સામાં અર્જુને પગ પછાડ્યા. સુયોધનને તાળીઓ પાડવાનું મન થયું, પણ પછી એનું ધ્યાન દૂરદૂર દેખાઈ રહેલા ઓળા તરફ ગયું. ભરબપોરના બળબળતા તાપમાં, ત્રણ જણ હસ્તિનાપુરના રાજમહેલની દિશામાં પગપાળા આવી રહ્યાં હતાં.

એ નજીક આવ્યા ત્યારે એમના દેખાવ પરથી સુયોધને ધારણા બાંધી કે, હતો તો બ્રાહ્મણ પરિવાર, પણ અત્યંત ચીંથરેહાલ દશામાં. સ્ત્રી અને આઠેક વર્ષનો લાગતો છોકરો તો હમણાં જમીન પર ઢગલો થઈ જશે એવું લાગતું હતું. ફરફરતી લાંબી કાળી દાઢી ધરાવતો બ્રાહ્મણ અર્જુન તરફ ગયો. ધ્યાનમાં બેઠેલો યુધિષ્ઠિર દોડીને બ્રાહ્મણના પગે પડી ગયો. એની આ ટેવ, સુયોધનને હંમેશાં ઘૃણા ઉપજાવી જતી. પણ પછી તરત એનું ધ્યાન કૂવા પાસે મચી ગયેલા ઘોંઘાટ તરફ ખેંચાયું. લાગતું હતું કે નકુલ-સહદેવનો દડો કૂવામાં પડી ગયેલો. યુધિષ્ઠિરની સાથે બ્રાહ્મણ કૂવા તરફ ગયો અને પછી સુયોધને જે જોયું, એ એની કલ્પના બહાર હતું.

કૂવાની અંદર એક નજર નાખીને, બ્રાહ્મણે પોતાને ખભે લટકતું ધનુષ્ય ઉતાર્યું. પીઠે બાંધેલા ભાથામાંથી એક બાણ કાઢીને, એણે બાણના બુઠ્ઠા ભાગ સાથે પોતાના અંગવસ્ત્રનો એક છેડો બાંધ્યો. પછી પોતાના પોટલા સાથે બાંધેલી દોરી કાઢીને અંગવસ્ત્રને બીજે છેડે બાંધી. અને છેવટે કૂવાની પાળ પર ઊભા રહીને એણે નિશાન તાક્યું. બીજી જ ક્ષણે પાંડવોએ પાડેલી કિકિયારીઓ સાંભળીને સુયોધન સમજી ગયો કે બ્રાહ્મણનું તીર નિશાન પર લાગ્યું હતું.

સુયોધને એના ભાઈ સુશાસન તરફ જોયું. એના ચહેરા પર પણ આશ્ચર્ય હતું. ઊંડા અંધારા કૂવાની અંદર પાણીમાં તરી રહેલા દડા પર નિશાન સાધવું, એ નાનીસૂની વાત નહોતી. બ્રાહ્મણે દોરી ઉપર ખેંચી તીરમાં ભરાયેલો દડો સહુથી નાના પાંડવ સહદેવના હાથમાં આપ્યો. હવે અર્જુન એના પગે પડી ગયો. બ્રાહ્મણે ભારોભાર પ્રેમ સાથે એને ઊભો કર્યો.

આ બધું ચાલી રહ્યું હતું ત્યારે બ્રાહ્મણના નાના પુત્રનું ધ્યાન, થોડે દૂર ઘાસમાં પડેલી કેરી ભણી હતું. થોડા વખત પહેલાં સુશાસને ભીમની દિશામાં કેરીનો ઘા કરેલો, પણ રસદાર વજનદાર કેરી દૂર સુધી પહોંચી નહોતી. હોઠ પર જીભ ફેરવતો છોકરો એ દિશામાં આગળ વધ્યો, પણ એના હાથ ફળને અડે એ પહેલાં તો બાજુની ઝાડીમાંથી અચાનક કોઈ કૂદી પડ્યું. ઝપટ મારીને કેરી લઈને એ પાછો દોડ્યો તો ખરો, પણ વધુ દૂર ન જઈ શક્યો. ભીમ એનો રસ્તો રોકીને ઊભો હતો.

સુયોધનને દૂરથી એટલું દેખાયું કે કેરી લઈ જનારો ચીંથરેહાલ છોકરો દૂબળોપાતળો, શ્યામવર્ણો હતો. ઉંમરમાં લગભગ એમના જેવડો જ લાગતો હતો. કદાવર, તાકાતવાન ભીમનો સામનો કરવા જેટલું બળ એનામાં ક્યાંથી હોય? ભીમે ઉગામેલો મુક્કો એના ચહેરાને લોહીલુહાણ કરી જવાનો હતો. પણ પછી બધાંના આશ્ચર્ય વચ્ચે કંગાળ નબળા લાગતા એ છોકરાએ ભીમનો ઘા ચુકાવી દીધો, એટલું જ નહીં સ્ફૂર્તિભેર ભીમના પગ ખેંચીને એને ચતોપાટ પાડી દીધો. આ જોઈને સુશાસન અને સુશલા તો નાચી ઊઠ્યાં. વૃક્ષ પરથી ઊતરીને સુયોધન પણ હસવામાં એમની સાથે જોડાયો.

સામેની તરફ હવે પાંડવોએ પેલા છોકરાને ઘેરી લીધેલો. બ્રાહ્મણના દીકરાએ મોટો ભેંકડો તાણ્યો. છોકરાના આક્રંદને અવગણીને બ્રાહ્મણ પાંડવો તરફ ગયો. "તું કઈ જાતિનો છે?" એણે હવે થરથર ધ્રૂજી રહેલા છોકરાને પૂછ્યું.

પવનની દિશા બદલાયેલી, એટલે થોડે દૂર ઊભેલા સુયોધનને કાને વાતચીતના અવાજ પહોંચી રહ્યા હતા. પરંતુ બ્રાહ્મણે પૂછેલા પ્રશ્નના જવાબમાં ધીમેથી પેલા છોકરાએ શું કહ્યું, એ એને સંભળાયું નહીં.

જોકે પછી બ્રાહ્મણે પાડેલી ત્રાડ બધાંને સંભળાઈ, "નિશાદ? હસ્તિનાપુરના કિલ્લાની બહાર રાજમાર્ગ પર એક અસ્પૃશ્ય નિશાદ પહોંચી ગયો? કેવા પ્રકારનું રાજ અહીં ચાલે છે?" અને પછી યુધિષ્ઠિર સામે જોઈને એણે પૂછ્યું, "કુરુરાજ્યમાં આવા અપરાધીઓ માટે કેવી સજા હોય છે?"

પાંડવો મૂંઝાઈ ગયા. એમના માટે આ નવો અનુભવ હતો. શોરબકોર સાંભળીને ત્યાં આવી પહોંચેલા રાજમહેલના સુરક્ષાકર્મીઓ પણ એકબીજાની સામે જોઈ રહ્યા. આમ તો જંગલ, ઝાડીઝાંખરામાં રહેતા નિશાદ, અને એમના જેવી હલકી ગણાતી જાતિના લોકોને રાજમહેલ કે કિલ્લાની નજીક આવવાની કે રાજમાર્ગ પર ચાલવાની છૂટ નહોતી પણ ક્યારેક મહેલની બહાર ફેંકાતા એંઠવાડમાંથી ખાવાનું શોધવા માટે એ કંગાળો આવી પહોંચે કે વૃક્ષ પરથી બેચાર ફળ તોડી લે, તો સૈનિકો આંખ આડા કાન કરી લેતા. છાંયડામાં બેસીને નિરાંતે જુગાર રમી રહેલા ચોકીદારોએ સામાન્ય સંજોગોમાં પેલા નિશાદ બાળ સામે પણ ધ્યાન ન આપ્યું હોત. પરંતુ અજાણ્યા બ્રાહ્મણે દેકારો બોલાવી દીધો એટલે ઊઠીને આવવું પડ્યું.

"રાજકુમાર યુધિષ્ઠિર, આવતીકાલે તમે હસ્તિનાપુરના રાજસિંહાસન પર બિરાજશો. ભવિષ્યના રાજવી પાસેથી મારે આજે સાંભળવું છે કે, એ કયા પ્રકારનો ન્યાય તોળશે. જોઉં તો ખરો કે, મારા સાળા કૃપે તમને કેવું શિક્ષણ આપ્યું છે!"

યુધિષ્ઠિર હચમચી ગયો. કૃપાચાર્યનો સાળો? તો આ પેલા પ્રખ્યાત, મહાન ગુરુ દ્રોણાચાર્ય છે, જેની આતુરતાભેર રાહ જોવાઈ રહી છે!

સુયોધનને લાગેલો આંચકો બીજા પ્રકારનો હતો. યુધિષ્ઠિર... ભવિષ્યનો રાજવી? બહારથી આવેલા બ્રાહ્મણને ભાન નહોતું કે, હસ્તિનાપુરની રાજગાદી પર બેઠેલા ધૃતરાષ્ટ્રનો હું જ્યેષ્ઠ પુત્ર છું? મારા પિતા અંધ છે એટલે એમના વતી નાનાભાઈ પાંડુએ હસ્તિનાપુરનું શાસન સંભાળ્યું હતું. પણ એનો અર્થ એવો થોડો કે, સમય આવ્યે પાંડુનો પુત્ર રાજગાદી પર બેસી જાય? પરંપરા મુજબ રાજમુકુટ તો મોટાભાઈના મોટા પુત્રને માથે જ મુકાય. શકુનિમામા સાચું કહેતા હતા. આ પાંડવો કાવતરા કરવામાં માહેર હતા. અને આ બ્રાહ્મણો એમને ટેકો આપવા નીકળી પડેલા. સુયોધન આવું વિચારતો ટોળાની નજીક પહોંચ્યો.

આંખમાંથી આંસુ લૂછી રહેલા બ્રાહ્મણપુત્રએ એની સામે જોયું. ગોરી ત્વચા, નમણો નાકનકશો, વાંકડિયા વાળ, મોટી આંખોમાં ઝલકતી નિર્દોષતા! આપોઆપ સુયોધનથી એની સામે સ્મિત અપાઈ ગયું. છોકરો એની માતાના પાલવ પાછળ સંતાવા ગયો, પણ એના પિતાએ

સાદ પાડ્યો, "અશ્વત્થામા, અહીં આવ. હવે તું બોલ કે આ દુષ્ટને શું સજા આપવી જોઈએ?"

જોકે અશ્વત્થામા કંઈ બોલે એ પહેલાં તો પેલો નિશાદ છોકરો સામે ઊભેલાંઓને ધક્કો મારીને નાઠો. આ વખતે કોઇ પાંડવ એને રોકી ન શક્યા. દ્રોણના ક્રોધનો પાર નહોતો. પણ એ વધુ કંઈ બોલે એ પહેલા વાતાવરણને ચીરતો કૃપાચાર્યનો અવાજ આવ્યો, "પધારો, પધારો બંધુ!"

રાજકુમારોએ સરખા ઊભા રહી જઈને ગુરુને વંદન કર્યા. હાથ હલાવીને કૃપાચાર્યએ એમને ત્યાંથી જવાનો આદેશ આપ્યો. "ભણવાના સમયે અહીં તડકામાં ફરો છો? ગઈકાલે મેં આપેલા પાઠ પાકા કર્યા કે નહીં?"

"હા, ગુરુજી" માત્ર અર્જુને કહ્યું. બાકીના બધાં મૂંગે મોઢે વિદાય થઈ ગયા.

"અરે અશ્વત્થામા, તું તો બહુ મોટો થઈ ગયો." કહીને કૃપાચાર્યએ છોકરા સામે હાથ લંબાવ્યો. પણ એને રોકીને દ્રોણ બોલ્યા, "એને અડતો નહીં. હમણાં એ એક નિશાદના સ્પર્શથી દૂષિત થયેલો છે."

"અરે દ્રોણ, શું એવી મૂર્ખ જેવી વાતો કરો છો!" કહીને કૃપાચાર્યે અશ્વત્થામાને તેડી લીધો. એની માતા કૃપીના ચહેરા પર ચમક આવી ગઈ. ભાણેજને ખભે બેસાડીને કૃપાચાર્યએ મહેલ ભણી પગ ઉપાડ્યા. ચોકીદારો પર ગુસ્સાભરી નજર નાખીને, દ્રોણાચાર્ય પણ સાળાની પાછળ ચાલતા થયા. "હવે ખબર પડી કે અહીંની ભૂમિ પર છેલ્લાં બે વર્ષથી વરસાદ કેમ નહોતો પડ્યો. દેવો પણ અહીંના અધર્મી શાસનથી નારાજ છે." મનોમન એમણે બબડી લીધું.

કિલ્લાની અંદર પ્રવેશતાં પહેલાં કૃપાચાર્યના ખભે બેઠેલા અશ્વત્થામાએ પાછળ ફરીને જોયું. સુયોધન એનાં ભાઈબહેન સાથે જમીન પર પડેલી કેરીઓ એકઠી કરી રહ્યો હતો. એણે અશ્વત્થામા સામે જોયું. બંનેએ એકબીજાને સ્મિત આપ્યું. કોઈ નહોતું જાણતું કે વિધાતાએ એમના માટે કેવું ભાવિ નક્કી કરી નાખેલું.

* * *

કેરી ફેંકીને થોડીવાર પહેલા નાસી છૂટેલો નિશાદ બાળ હળવે પગલે પાછો ફર્યો. આ વખતે સુશાસને એને પકડી લીધો. નજીક આવેલા સુયોધન સામે જોઈને છોકરાએ માર ખાવાની તૈયારી કરી લીધી. પણ રાજકુમારે હાથ ઉગામવાને બદલે એની સામે એક મોટી પાકી કેરી ધરી.

ભૂખ્યા છોકરાએ આત્મસમ્માન નેવે મૂકીને કેરી ઝૂંટવી લીધી, અને ત્યાં ને ત્યાં ઊભોઊભો પશુની જેમ ખાઈ ગયો. સુયોધનની પહોળી થઈ ગયેલી આંખો જોઈને એને બોલવાનું મન થયું કે, તમને નવાઈ લાગે છે ને! પણ તમે શું જાણો કે ભૂખ કોને કહેવાય? પરંતુ આવું કંઈ બોલવાને બદલે એ ચૂપચાપ ખાતો રહ્યો. સુયોધને હવે સુશલાની ઓઢણીમાં ભરેલી કેરીઓ કાઢીને છોકરાની સામે ઠાલવી દીધી. સુશલાનો વિરોધ એણે કાને ન ધર્યો.

ગરીબ બાળક હજી ભૂખ્યો હતો, પણ એણે જાત પર કાબૂ રાખ્યો. એ જાણતો કે ઝાડીની પાછળ સંતાયેલી એની કાકી આ બધું જોઈ રહી હશે. એ લોકો ચોર નહોતા. પણ બે દિવસથી ભૂખ્યા રહેલા પેટની સામે કયા આદર્શ ટકી શકે? રાજમહેલના ઉધાનમાં જઈને થોડાં ફળ ચોરી લાવવાની વાત છોકરાએ કરી, ત્યારે એની કાકીએ વિરોધ કર્યો હતો, પણ બહુ નબળો. અને હવે એ પણ ફફડતી હશે, કે મહેલના ચોકીદારો એના ભાણેજને ખાંડવવન પાસે આવેલા અંધારિયા કેદખાનામાં લઈ જશે.

"લઈ લે, તારા માટે જ છે." સુયોધને જમીન પર પડેલી કેરી તરફ ઇશારો કરતાં કહ્યું, છોકરાએ હાથમાં બને એટલી ઉપાડી. સુયોધને એના પર થોડી વધુ મૂકતાં કહ્યું "કોઈ આવે એ પહેલાં ભાગ અહીંથી."

છોકરો એનો કિંમતી ખજાનો ઉપાડીને જંગલ તરફ દોડ્યો. "તારું નામ તો કહેતો જા." રાજકુમારનો અવાજ એની પીઠે અફળાયો.

છોકરાએ ઘડીક અટકીને પાછળ જોયું. `એકલવ્ય' આટલું બોલીને એ ઝાડીની પાછળ અદૃશ્ય થઈ ગયો.

* * *

નવા ગુરુએ રાજકુમારોને ભણાવવાનું શરૂ કરી દીધેલું. અર્જુન વેદપુરાણોના પોતાના જ્ઞાન વડે ગુરુજી પર છાપ પાડવાના પ્રયાસ કરી રહ્યો હતો. મોટાભાગના બીજા રાજકુમારો, ભરબપોરની ગરમીથી ત્રાસીને પાઠ પૂરો થવાની રાહ જોતા હતા. સુયોધનના ચિત્તમાંથી હજી પેલા ભૂખ્યા, ગરીબ નિશાદની છબી નહોતી ખસતી. "મારે એમના જેવા લોકો વિશે પણ વધુ જાણવું જોઈએ." એને વિચાર આવી ગયો. દ્રોણાચાર્યની બાજુમાં બેઠેલા અશ્વત્થામા સાથે એની નજર મળી. સ્મિતની આપલે થઈ. ભણવાનો કંટાળો તો ગુરુ-પુત્રને પણ આવી રહ્યો હતો.

રાજમહેલથી દૂર જંગલમાં એક કૃશકાય નિશાદ સ્ત્રી પોતાના પાંચ સંતાનોની સાથે સૂતી હતી. બે દિવસના નકોરડા ઉપવાસ પછી આજે એમના પેટમાં કંઈ પડ્યું હતું. થોડે દૂર, એમનાથીયે વધુ દુર્બળ, વધુ ભૂખ્યો એક છોકરો પોતાની ક્ષુધા શમાવવાના ફાંફાં મારી રહ્યો હતો. નિશાદોએ ચૂસીચૂસીને ફેંકેલા કેરીના છાલગોટલા હવે એ છોકરો ચાવી રહ્યો હતો.

અરણ્યનું સંતાન

એકલવ્યને હજીયે સમજાતું નહોતું કે, કૌરવ રાજકુમારે એની સાથે આટલી ભલમનસાઈ શું કામ દાખવી. ઉદ્યાનમાંથી ફળની ચોરી કરવા ગયો ત્યારે ચોકીદારોના હાથે પકડાઈને માર ખાવાની, અરે કારાવાસમાં જવાની પણ એણે તૈયારી રાખેલી. પરંતુ એની જગ્યાએ રેશમી, મોંઘાં વસ્ત્રોમાં સજ્જ રાજકુમારે સામે ચાલીને એને ઢગલાબંધ ફળ આપી દીધાં. ઉચ્ચવર્ણની કોઈપણ વ્યક્તિ આવું સદ્કાર્ય કોઈ કારણ વિના કરે એ માનવું મુશ્કેલ હતું. ફળ ઝેરી તો નહીં હોય?

જોકે એને જોતાંની સાથે થનગની ઊઠેલાં નાનાં પાંચ બાળકો, અને કાકીને આવો વિચાર કરવાની ફુરસદ નહોતી. એ તો કેરીઓ પર તૂટી પડ્યા, અને ઝૂંટાઝૂંટમાં છેવટે એકલવ્ય પણ જોડાયો. કાકીએ વચમાં પડીને સમાધાન કરાવવાના નામે પાકી મોટી કેરીઓ પોતાનાં બાળકોને આપી. એકલવ્યના ભાગે થોડી કાચી, નાની કેરી આવી. આમ તો પક્ષપાતથી એ ટેવાઈ ગયેલો, પણ તોયે મનને ચટકો લાગી ગયો. આંખમાં ધસી આવેલા આંસુ એણે પ્રયત્નપૂર્વક ખાળી રાખ્યા. એ હવે મોટો થઈ ગયેલો. દસ વરસનો છોકરો પુરુષ જ ગણાય. પુરુષો કંઈ નાનીનાની વાતે રડવા ન બેસે.

એકલવ્યને એના બાળપણના દિવસો ખાસ યાદ નહોતા. સમજણો થયો ત્યારથી એને પોતાની કાકી અને પાંચ પિતરાઈ ભાઈઓ સાથે એકથી બીજી જગ્યાએ ભટકતા રહેવાનું જ સ્મરણ હતું. જોકે એમના જેવા લોકો માટે આ નવી વાત નહોતી. એકલવ્ય એની માતા વિશે કંઈ નહોતો જાણતો. કાકીના કહેવા પ્રમાણે એકલવ્યને જન્મ આપતાંની સાથે એની મા ગુજરી ગયેલી. ભાંગી પડેલા એના પિતા નવજાત શિશુને પોતાના ભાઈને હવાલે કરીને ક્યાંક જતા રહ્યા.

ભાઈની પત્નીને આ જરાય નહોતું ગમ્યું. પોતાના પરિવારને બે ટંક ખાવાના ફાંફાં હોય, ત્યાં વધારાના બાળકની જવાબદારી ઉપાડવી કોને ગમે. કચવાતે મને એણે આ બોજ સ્વીકારવો પડ્યો. પછી તો એકલવ્યના કાકા પણ મૃત્યુ પામ્યા. ભૂખ્યાં બાળકો અને પત્નીનું દુઃખ સહન ન થયું, ત્યારે એ માણસે ગામમાં જઈને કોઈના ખેતરમાંથી બે-ચાર ઈંડાં ચોરવાની ધૃષ્ટતા કરી લીધેલી. પણ એ રીઢો ચોર નહોતો એટલે પકડાઈ ગયો. ખેતરના માલિકે બાપડા નિશાદને મારીમારીને મોતને ઘાટ ઉતારી દીધો.

મૃત નિશાદની પત્ની, કોઈ કોઈવાર પતિને યાદ કરીને કહેતી કે એ જીવિત હોત તો આખોયે પરિવાર રાજવી ઠાઠથી રહેતો હોત. એકલવ્ય જાણતો હતો કે આ માત્ર કલ્પનાઓ હતી. મહાન ગણાતી લોકસંસ્કૃતિઓના ઓછાયામાં, એમના જેવા લોકોનું અસ્તિત્વ, તુચ્છ જંતુથી વિશેષ નહોતું. આ એવા જંતુ હતા, જે પોતાનાથી ઊંચા ગણાતા લોકો સામે ઝૂકી જતા પણ અંદરોઅંદર લડ્યા કરતા હતા. એક ગરીબ બીજા ગરીબ પ્રત્યે વધુ ક્રૂર થઈ શકે એ એકલવ્યએ જોયું હતું.

કાકીના મહેણાંટોણાં કે પિતરાઈ ભાઈઓની નાનીમોટી લુચ્ચાઈઓ એકલવ્ય સહન કરી લેતો, પરંતુ છેલ્લા ઘણાં દિવસોથી એમની પાછળ ટીંગાઈ ગયેલા છોકરાથી એ ત્રાસી ગયેલો. એ તો એમનાથીયે વધુ ગોબરો, નબળો, કદરૂપો હતો. સડી ગયેલા દાંત અને હાથપગ પર પડી ગયેલા ચાંદાને કારણે એ હંમેશાં ગંધાયા કરતો. એકલવ્યની કાકી અને બાળકો અનેકવાર પેલો કૂતરો હોય એમ એને પત્થર મારીને ભગાડી મૂકવાનો પ્રયાસ કરતા. પણ પેલો છોકરો હંમેશાં જઈને પાછો ફરતો. ક્યારેક વળી સ્ત્રીને દયા આવી જાય તો, વધ્યુંઘટ્યું એઠું ખાવાનું એ પેલા

છોકરાને આપતી, અને પેલો જાણે પકવાન મળ્યા હોય એમ તૂટી પડતો. પરંતુ આવું ભાગ્યે જ બનતું. મોટેભાગે તો સહુનો દિવસ ભૂખ્યા, અર્ધભૂખ્યા પેટે જ ઊગીને આથમી જતો.

ખાવાનું મળે કે ન મળે, છોકરો એમનો પીછો નહોતો છોડતો. એકલવ્યના કાકાની જેમ એનો બાપ પણ ચોરી કરવા જતાં કમોતે મર્યો હતો. પિતાના મૃતદેહ પાસે આક્રંદ કરી રહેલા બાળકને એ દિવસે એકલવ્યની કાકીએ જોયો હતો. એને વળી દયા આવી ગઈ, એટલે પોતાના ભાગનું ખાવાનું એણે છોકરાને આપી દીધું. બસ, પછી તો એ અનાથથી પીછો છોડાવવાનું અશક્ય હતું. એનું નામ હતું; જરા.

આ ઘડીએ સૂકા છાલ-ગોટલાને ચૂસી રહેલા જરાને જોઈને એકલવ્યએ પાછી ઘૃણા અનુભવી. આમ જુઓ તો જરા અને એની વચ્ચે ક્યાં મોટો ફેર હતો? કહેવા માટે પોતે નિશાદ હતો, પણ પરિવારમાં એવો કોઈ પુરુષ નહોતો જે એને શિકાર કરતાં શીખવાડી શકે. પરિણામે એ પણ લોકોનું એઠુંજૂઠું ખાઈને પેટ ભરતો હતો. જોકે આવું આપતા લોકોની આંખોમાં દેખાતી દયા, એના કાળજે કાપા પાડી જતી. રહીરહીને હવે એને પેલા રાજકુમાર પર પણ ગુસ્સો આવી રહ્યો હતો. જાણે મોટો ઉપકાર કરતો હોય એવા ભાવ સાથે એણે એકલવ્યને થોડી કેરીઓ આપેલી.

અચાનક એકલવ્યના કાને દૂરદૂરથી આવી રહેલા ઘોડાનાં ડાબલાંનો અવાજ પડ્યો. ઊભા થઈને, ઝાડીઝાંખરા હટાવીને એણે અવાજની દિશામાં જોયું અને ડરી ગયો. બધીયે જનજાતિઓમાં સહુથી ક્રૂર, ડરામણા ગણાતા નાગ, મારતે ઘોડે હસ્તિનાપુરના રાજમહેલ ભણી ધસી રહ્યા હતા. સહેજ નજીક આવ્યા ત્યારે એમના આગેવાનને એકલવ્ય ઓળખી ગયો. આ તો તક્ષક હતો. ભારતના મોટા, સમૃદ્ધ નગરો પર એ વારંવાર આક્રમણ કર્યા કરતો. એના નેતૃત્વ હેઠળ નાગસેનાનીઓએ કેટલીયે જગ્યાએ લૂંટફાટ, આતંક મચાવી દીધેલા. આજે એ હસ્તિનાપુર પર ત્રાટકવાના હતા. અલબત્ત કુરુવંશની રાજધાનીને કબજે કરવાનું સહેલું નહોતું. નાગ ગમે તેટલાં ઘાતકી હોય, પણ વિશાળ સશક્ત કુરુસેના સામે ટકવાનું એમનું ગજુ નહોતું. અને માંડ ચોવીસ-પચીસ નાગના ટોળાને તો સેના પણ ન કહેવાય. એકલવ્ય આ જાણતો હતો, તેમ છતાં એના જેવા અસ્પૃશ્યને હડધૂત કરનારા, ભૂખ્યા મારનારા હસ્તિનાપુરના શ્રેષ્ઠીઓને તક્ષકની સેના ધૂળ ચાટતા કરી મૂકે એ કલ્પના એને ગમી ગઈ. એકલવ્યના ભય પર કુતૂહલ સવાર થઈ બેઠું. નાગ ઘોડેસવારોની પાછળ એણે દોટ મૂકી. એની પાછળ જરા દોડ્યો.

નાગના ટોળાને દૂરથી આવતા જોઈને હસ્તિનાપુરના સુરક્ષાકર્મીઓએ નગરજનોને સચેત કરવા ઘંટ વગાડવાનું શરૂ કરી દીધું. કિલ્લાની નજીક નાગ પહોંચ્યા, ત્યારે એમનું સ્વાગત કરવા કુરુસૈનિકો તૈયાર હતા. જોતજોતામાં લડાઈ જામી પડી. આજે તો તક્ષકનો ખાતમો થઈ જવાનો, આવું વિચારીને અટકી ગયેલા એકલવ્યને જરાનો સ્પર્શ ચમકાવી ગયો. જોકે ગુસ્સામાં એ કંઈ બોલે એ પહેલાં જરાએ કિલ્લાના પ્રવેશદ્વારની ડાબી તરફ આંગળી ચીંધી. તક્ષક એના ચાર માણસો સાથે એ તરફ સરકી રહ્યો હતો. અને પછી એકલવ્યએ કિલ્લાની દીવાલ પરથી એક દોરડાની નિસરણી નીચે ફેંકાતી જોઈ. તક્ષક અને ચારેય નાગ જોતજોતામાં એના પર ચઢી ગયા. અંધારામાં શત્રુને મદદ કરનારા હસ્તિનાપુરવાસીનો ચહેરો એકલવ્યને કળાયો નહીં. પણ એને એટલું સમજાયું કે તક્ષકને નગરમાં પ્રવેશવાનો માર્ગ મળી ગયેલો. એના હૃદયમાં હર્ષ છલકી આવ્યો. કંઈ વિચાર્યા વિના એ પણ દોડીને નિસરણી પર ચઢી ગયો. જરા એની પાછળ જ હતો.

કિલ્લાની દીવાલ પર જઈને ઊભેલા એકલવ્યએ નાગને રાજમહેલ તરફ દોડતા જોયા. નગરમાં વધુ ને વધુ મશાલો પ્રજ્વલિત થવા લાગી હતી. એના અજવાળામાં એકલવ્યએ એક તરુણ વયના છોકરાને ખુલ્લી તલવારે, તક્ષકનો માર્ગ રોકતો જોયો. "અરે, તું શું કરે છે, ઘરમાં

આવી જા" આવી બૂમ પાડતો એક પુરુષ ત્યાં પહોંચી ગયો, પણ એક નાગે એને ધક્કો મારીને પાડી દીધો. પેલા તરુણને પાડવાનું એટલું આસાન નહોતું. શરીરે પડેલા ઘાની પરવા કર્યા વિના એ તક્ષક સામે લડી રહ્યો હતો. આ ધમાચકડીનો લાભ લઈને તક્ષકને મદદ કરનારો નગરજન ભાગી છૂટેલો.

અને પછી ક્યાંકથી આવી પહોંચેલી ઊંચી સ્નાયુબદ્ધ કાયા ધરાવતી એક વ્યક્તિએ તક્ષકને લલકાર્યો. તરુણ બાજુએ ખસી ગયો. એકલવ્યએ દૂરથી પણ એ તલવારધારીને ઓળખી લીધો. એ દ્રોણાચાર્ય હતા. કુરુસૈનિકના બાણે ચારમાંથી એક નાગનો ભોગ લઈ લીધેલો. બીજા ત્રણ નાગ તક્ષકની મદદે આવ્યા. એમને મારવા જતા સૈનિકોને દ્રોણે ત્રાડ પાડીને અટકાવી દીધા. "બાજુએ રહો, આ લોકો માટે તો હું એકલો પૂરતો છું."

વીજળીવેગે તલવાર ફેરવી રહેલા દ્રોણાચાર્યને એકલવ્ય અહોભાવપૂર્વક તાકી રહ્યો. હજી આજે સવારે જે બ્રાહ્મણે એને અપમાનિત કરેલો. ચોર કહીને કેદખાનામાં મોકલવાની માંગણી કરેલી, એના પ્રત્યે ક્રોધને બદલે એકલવ્યને આદરભાવ જાગી ગયો. એણે ક્યારેય આવા કુશળ યોદ્ધાને નહોતો જોયો. પછી એની નજર મહેલના ઝરૂખામાં આવીને ઊભેલા ભીષ્મ અને વિદુર પર પડી.

સૈનિકોની બૂમરાણ વધી હતી. પરિસ્થિતિ પારખી ગયેલા ત્રણ નાગે દ્રોણાચાર્યને ઘેરી લીધા અને પોતાના પ્રાણના ભોગે તક્ષકને નાસી છૂટવાની તક આપી. ગર્જના કરતાં દ્રોણ નાગનેતાની પાછળ દોડ્યા, પણ અચાનક કોઈને છોડેલું બાણ એમના ડાબા પગમાં આવીને પેસી ગયું. એ સહેજ ધીમા પડ્યા, એટલીવારમાં તક્ષક કિલ્લાની દીવાલે લટકતી નિસરણી પર સડસડાટ ચઢી ગયો.

કિલ્લાની રાંગ પર દોડી રહેલા તક્ષકે દીવાલની બીજી તરફ ઊભેલા એના અશ્વને બોલાવવા સિસોટી મારી. એને સહીસલામત નાસી છૂટતો જોઈને એકલવ્યએ રાહત અનુભવી. પણ પછી તરત એની આંખો દ્રોણ પર જઈને ઠરી ગઈ. પગમાંથી બાણ ખેંચી કાઢીને એ બાકી રહેલા બે નાગ સામે લડવામાં વ્યસ્ત થઈ ગયેલા. પેલા ત્રણ નાગ ખૂંખાર યોદ્ધા હતા, પણ દ્રોણ સામે ટકવાનું એમનું ગજુ નહોતું. એકલવ્યની જેમ જ એમને મુગ્ધભાવે તાકી રહેલા સૈનિકોને સંબોધીને દ્રોણે ત્રાડ પાડી, "મૂર્ખાઓ, જાવ દોડો પેલાને પકડો."

ભાનમાં આવેલા સૈનિકો કિલ્લાના દ્વાર ભણી દોડ્યા, પણ તક્ષક તો એના ઘોડા પર બેસીને ક્યાંય દૂર નીકળી ગયેલો. એને બચાવનારા ત્રણેય નાગને દ્રોણે થોડી જ વારમાં ભોંય ભેગા કરી દીધા. એમને જોઈ રહેલા એકલવ્યના ચિત્ત પર એક જ વિચારે કબજો લઈ લીધેલો, મારે પણ દ્રોણની જેમ લડતાં શીખવું છે!

ચહેરા પર ઊડેલું લોહી લૂછતાં દ્રોણે તલવાર નીચી કરી. અચાનક એમની નજર મહેલના પ્રવેશદ્વાર પાસે આવીને ઊભેલા ભીષ્મ અને વિદુર ભણી ગઈ. આસપાસ પડેલા મૃતદેહો પર નજર નાખીને દ્રોણ સહેજ લંગડાતા પગે ભીષ્મ તરફ ગયા. "સ્વામી, આપણા સૈનિકોને તાલીમની જરૂર છે. એ અણઘડ લોકોએ પેલા નાગને મારવા પકડવાને બદલે મને બાણ મારી દીધું." એમણે ફરિયાદના સૂરે કહ્યું.

ભીષ્મએ દ્રોણ સામે ધારદાર દૃષ્ટિએ જોયું. એ છેવટે બોલ્યા ત્યારે એમના અવાજમાં વધુ તીખી ધાર હતી. "ગુરુદેવ, તમે માત્ર રાજકુમારોને તાલીમ આપવામાં ધ્યાન રાખો, એ વધુ ઇચ્છનીય છે. મહેલની રક્ષા કરવાની જવાબદારી સૈનિકો પર છોડી દો. તમારી યુદ્ધકલાની હું પ્રશંસા કરું છું, પણ વીરતા પુરવાર કરવાની આટલી આતુરતા સારી નહીં. વિદુર, ગુરુજીને એમના કક્ષમાં લઈ જાવ. એમને વિશ્રામની જરૂર છે."

દ્રોણનો ચહેરો રાતોચોળ થઈ ગયો. વિદુરની આંખો ઝૂકી ગઈ. ભીષ્મએ કરેલા અપમાનથી

દ્રોણનું રોમેરોમ સળગી ગયેલું અને અધૂરામાં એ વખતે એક શૂદ્રની હાજરીએ ઘા પર મીઠું ઘસવાનું કામ કર્યું. ભીષ્મને સણસણતો જવાબ આપવા માટે દ્રોણનું મોઢું ખૂલ્યું, પણ પછી છેલ્લી ઘડીએ એમની જીભ વળી ગઈ. ભીષ્મની સામે થવું એટલે હસ્તિનાપુરના રાજકુમારોનું ગુરુપદ ગુમાવવું. દ્રોણ એ માટે તૈયાર નહોતા. એ શૂરવીર હતા, પણ ગરીબી સામે લાચાર હતા.

યોગ્ય કામની શોધમાં એ લાંબા સમયથી ઠેરઠેર ભટકતા રહેલા. દ્રોણ પોતે તો અપમાન સહન કરવાને બદલે મૃત્યુ વહાલું કરી લેત પણ એમને માથે પત્ની અને પુત્રના પેટ ભરવાની જવાબદારી હતી. એમાંથી કઈ રીતે છટકી શકાય? અશ્વત્થામાનો નિર્દોષ ચહેરો એમની આંખો સામે તરવરી ઊઠ્યો. પિતાની લાગણી સામે યોદ્ધાનો ગર્વ અને આત્મસમ્માન હારી ગયા. એમણે રહીસહી ગરિમા જાળવીને વિદુરને કહ્યું, "મને મૂકવા આવવાની જરૂર નથી." અને લોહી નીકળતાં પગે એ પોતાના કક્ષ તરફ જતા રહ્યા.

વિદુરને દ્રોણની મનોસ્થિતિ સમજાતી હતી. એને લાગ્યું કે ભીષ્મ ઘણીવાર કારણ વિના લોકોને અપમાનિત કરતા હતા. પરંતુ આવા સમયે મૌન જાળવવામાં શાણપણ હતું.

"તક્ષક પકડાય તો મને જાણ કરજો. જોકે એવી શક્યતા હવે નહીંવત છે." કહીને ભીષ્મ મહેલમાં પાછા ફરી ગયા. વિદુરની નજર થોડે દૂર પડેલા માણસને ઢંઢોળી રહેલા તરુણ ભણી ગઈ. નજીક જઈને એણે પૂછ્યું, "બહુ વાગ્યું છે?"

"ખબર નથી." તરુણે જવાબ આપ્યો.

"તું જ એ બહાદુર છે ને, જેણે તક્ષકનો રસ્તો રોકેલો? શું નામ છે તારું, બેટા?" વિદુરે પૂછ્યું.

"સ્વામી, મારું નામ વસુષેણ. પણ લોકો મને કર્ણ કહે છે. અને આ મારા પિતા છે, અધિરથ. એ રથચાલક છે. મને થોડી સહાય કરો તો એમને ઘેર લઈ જાઉં. મારી માતા ચિંતા કરતી હશે."

વિદુરે કંઈ બોલ્યા વિના, અર્ધમૂર્છિત અધિરથને ખભેથી ઊંચો કર્યો. કર્ણએ પગ પકડ્યા પણ વજનદાર શરીરને ઉપાડવા જેટલી શક્તિ એના હાથમાં નહોતી.

"ચાલ, આપણે જઈને મદદ કરીએ." જરાએ કહ્યું અને એકલવ્ય એને રોકી શકે એ પહેલાં તો દોડી ગયો.

"હવે અમારો વારો પડી જવાનો." એકલવ્યએ મનોમન જરાની મૂર્ખતાને ગાળો આપી, અને એને રોકવા માટે પાછળ દોડ્યો. બે લઘરવઘર છોકરાને આવતાં જોઈને સૈનિકોએ એમનાં શસ્ત્ર ઉગામ્યાં. "સ્વામી, અમે તો તમારી સહાય કરવા આવ્યા છીએ." વિદુર પાસે પહોંચી ગયેલા જરાએ કહ્યું. સૈનિકોએ એટલીવારમાં એકલવ્યને પકડી લીધેલો.

ફૂંક મારો તો ઊડી જાય એવી સાંઠીકડા જેવી કાયા ધરાવતા છોકરા સામે જોઈને કુરુ રાજ્યના મહા અમાત્યને હસવું આવી ગયું. સૈનિકોના હાથમાંથી છૂટવા માટે તરફડિયાં મારી રહેલા એકલવ્ય સામે જોઈને એમણે કહ્યું, "છોડી દો, આ મારા ભત્રીજા છે. ગામડેથી આવ્યા છે."

સાંભળીને આશ્ચર્યમાં પડી ગયેલા સૈનિકોએ એકલવ્યને છોડવો પડ્યો. એકલવ્યનું આશ્ચર્ય વધુ મોટું હતું, પણ એ ચૂપ રહ્યો. મૂંગામૂંગા ત્રણેય જણ મળીને અધિરથને ઉપાડીને એના ઘર તરફ લઈ ગયા. રાજમહેલથી દૂર, કિલ્લાની સહુથી નીચાણવાળી જગ્યાએ આવેલી અશ્વશાળાની બાજુમાં અધિરથનું નાનું ઝૂંપડા જેવું ઘર હતું. બારણાં પાસે ઊભેલી સ્ત્રીની ઓળખાણ આપતાં કર્ણ બોલ્યો, "મારી માતા રાધા."

સાવ સાદા ઘરના એક ખૂણે મૂકેલા ખાટલા પર એમણે અધિરથને સૂવડાવ્યો.

"ગભરાવાની જરૂર નથી. પાણીમાં તુલસીના થોડાં પાન ઉકાળીને લઈ આવો." વિદુરે કહ્યું. એકલવ્યને હજીયે નહોતું સમજાતું કે, આટલા મોટા માણસે એને કેમ બચાવી લીધો. એની આંખો ચારેતરફ ફરી વળી. ઘર નાનું પણ સ્વચ્છ હતું. જોકે હતું તો આખરે ઝૂંપડું. અહીં રહેનારા લોકો શ્રીમંત નહોતા, પણ તોયે એકલવ્યએ ક્ષણિક ઈર્ષ્યા અનુભવી. આ લોકોને માથે છત તો હતી. આ ઘડીએ એનો પોતાનો પરિવાર તો ખુલ્લા આકાશ નીચે ટાઢમાં ઠૂંઠવાતો હશે. ઈર્ષ્યામાં કડવાશ ભળી.

થોડીવારમાં અધિરથ ભાનમાં આવી ગયો. વિદુર જવા માટે ઊભા થયા. પણ રાધાએ હાથ જોડીને એમને કહ્યું, "સ્વામી, પહેલીવાર અમારે આંગણે પધાર્યા છો. જલપાન કરીને જાવ." અધિરથે પણ વિનંતીમાં પોતાનો સૂર પુરાવ્યો. વિદુરને ગરીબ પરિવારની લાગણી દુભાવવાને બદલે થોડીવાર રોકાઈ જવાનું યોગ્ય લાગ્યું.

રાધા ઉતાવળે રસોઈ કરવામાં પડી ગઈ. વિદુરે કર્ણ તરફ જોઈને અધિરથને કહ્યું, "તારો પુત્ર અતિ શૌર્યવાન છે. એને શસ્ત્રો ચલાવવાની સરખી તાલીમ મળે તો હસ્તિનાપુરને એક પ્રતાપી યોદ્ધો મળી જાય."

"સ્વામી, અમે ગરીબ સૂત છીએ. મારા પુત્રને કોણ યુદ્ધકલા શીખવે? હું તો અત્યારે એને રથ ચલાવવાનું મારું કામ શીખવાડી રહ્યો છું. એ રાષ્ટ્રનો શ્રેષ્ઠ રથચાલક બનશે. બાકી, તલવાર અને ધનુષબાણ ચલાવવાનું અમારું ગજું નહીં." અધિરથે કહ્યું.

આ સાંભળીને કર્ણ નીચું જોઈ ગયો, પણ એના ચહેરા પર આવી ગયેલા લજ્જાભાવ એકલવ્યએ જોઈ લીધો. કર્ણ યોદ્ધો બની શકે તો હું કેમ નહીં? એને વિચાર આવી ગયો. જરાની આંખો ચૂલા પર મુકાયેલા તપેલા ભણી હતી.

થોડીવાર ચૂપ થઈ ગયેલા વિદુરે છેવટે માથું હલાવ્યું. "અધિરથ, હું કોઈ વચન નથી આપતો, પણ મારાથી બનતો પ્રયત્ન કરી જોઈશ. દ્રોણાચાર્ય આમ તો બહુ સારા માણસ છે, અને એમના જેવા ગુરુ ભાગ્યે જ બીજે જડશે. પણ થોડી જુનવાણી, રૂઢિચુસ્ત છે. એટલે..." ખચકાઈને પછી વિદુરે કહ્યું, "પણ હું પિતામહ ભીષ્મને વાત કરીશ, એ કદાચ મદદ કરી શકે."

વિદુરના અવાજમાં અનિશ્ચિતતા હતી, પણ અધિરથ તો ગળગળો થઈ ગયો. હસ્તિનાપુરના મહા અમાત્ય એના પુત્રની ભલામણ કરવાના હતા.

ખૂણામાં ઊભેલો એકલવ્ય ઈર્ષ્યાથી સળગી ગયો. લોકોને કેટલી સહેલાઈથી બધું મળી જતું હોય છે! એને પણ વિદુરને વિનંતી કરવાની ઇચ્છા થઈ ગઈ, પણ પછી દબાવી દીધી. કર્ણ ભલે સૂત હોય, પણ નિશાદ એકલવ્યથી ઊંચા વર્ણનો હતો. વિદુરને કદાચ કર્ણની દયા આવે, પણ એકલવ્યને તો એ ઊભોયે ન રહેવા દે. કદાચ હમણાં જ એ અમને અહીંથી જતાં રહેવાનો આદેશ આપશે. એની પહેલાં હું જ અહીંથી નીકળી જાઉં. મારે કોઈ ગુરુની જરૂર નથી. આખુંયે વિશ્વ મારું ગુરુ છે, આવું વિચારતાં એકલવ્યએ મઢૂલીના બારણાં તરફ પગ ઉપાડ્યો, પણ જરાએ એનો હાથ પકડીને ચૂલા ભણી ઇશારો કર્યો. જરાના ભુખાળવા ચહેરા પર એકલવ્યને એક મુક્કો મારી દેવાની ઇચ્છા થઈ ગઈ. પણ આ બધું જોઈ ગયેલી રાધાએ સસ્મિત વદને હાથ હલાવ્યો. જમીન પર ત્રણ આસન ગોઠવીને સામે કેળનાં પાન મૂક્યાં. વિદુરે નમ્રતાભેર કહ્યું કે આટલી વહેલી સવારે દૈનિક ક્રિયાઓ પતાવ્યા વિના, કંઈ ખાવાપીવાનું એને નહીં ફાવે. એકલવ્ય સહેજ શરમાઈને બેઠો. જાત પર કાબૂ રાખીને એણે તો ધીમેધીમે બહુ ઓછું ખાધું. પણ જરા નિર્લજ્જ ભાવે ભોજન પર તૂટી પડ્યો. તપેલાં બધાં ખાલી થઈ ગયાં ત્યાં સુધી એ ખાતો રહ્યો. વિદુર એમને જોઈ રહ્યો.

* * *

"કોણ છો તમે અને કેવી રીતે કિલ્લાની અંદર આવ્યા?" અધિરથના ઘરમાંથી બહાર

નીકળતાંની સાથે વિદુરે પૂછ્યું. એના ચહેરા પર હવે સ્મિત અને સૌમ્યતાની જગ્યાએ કઠોરતા હતી.

એકલવ્ય ધ્રૂજી ગયો. તો મહા અમાત્ય હવે એમનું અસલી રૂપ બતાવી રહ્યા હતા! જોકે સુયોધન અને પછી થોડીવાર માટે વિદુરે દાખવેલી સારપથી એને જે મૂંઝવણ ઊભી થયેલી એ દૂર થઈ ગઈ. "અમે નિશાદ છીએ, જંગલમાં રહીએ છીએ, તક્ષકને એના માણસો સાથે અહીં આવતો જોયો એટલે..." બોલતાં બોલતાં એકલવ્યને પોતાની ભૂલનું ભાન થયું.

"તને કેવી રીતે ખબર પડી કે એ તક્ષક હતો?" વિદુરે કડક અવાજે પૂછ્યું.

એકલવ્ય મૂંગો રહ્યો, પણ જરા સહજભાવે બોલી ગયો. "લ્યો, જંગલમાં તો સહુ એને ઓળખે છે. કોઈવાર એ અમને ખાવાનું પણ આપી જાય છે, તક્ષકે અમને કહેલું કે એક દિવસ એ તમને બધાને મારી નાખશે. પછી હસ્તિનાપુરના મહેલોમાં નિશાદ, કિરાત અને નાગ જેવા લોકોને રહેવા મળશે."

એકલવ્ય થથરી ગયો, પણ જરાનો બકવાસ સાંભળીને ક્રોધે ભરાવાને બદલે વિદુર ઊંડા વિચારમાં ગરક થઇ ગયા. થોડીવાર પછી એ બોલ્યા, "તક્ષક પર નજર રાખજો. એની ગતિવિધિઓના અહેવાલ નિયમિતપણે આપતા રહેશો તો બદલામાં ઇનામ મળશે."

"ખાવાનું મળશે?" જરાએ પૂછ્યું.

"ખાવાની સાથે બીજું પણ ઘણું મળશે. હમણાં આટલું રાખો." કહીને વિદુરે તાંબાના બે સિક્કા ફેંક્યા.

"આ શું છે?" જીવનમાં ક્યારેય ચલણી સિક્કા નહીં જોનારા જરાએ પૂછ્યું.

"તારા ભાઈને પૂછી લે. આ સિક્કાના બદલામાં લોકો તમને ખાવાનું આપશે. વધુ જોઈએ તો તક્ષક વિશે વધુ જાણકારી લઈ આવો."

વિદુરની વાત સાંભળીને ગેલમાં આવી ગયેલા જરાએ બોલવાનું શરૂ કરી દીધું. "આજે અમે તમારા જેવા સારાં કપડાં પહેરેલાં એક માણસને કિલ્લાની રાંગ પર જોયેલો. એણે જ તક્ષકને અંદર લાવવા માટે ઉપરથી નિસરણી નાખેલી..." બોલતાં બોલતાં જરાએ એકલવ્ય સામે જોયું અને અટકી ગયો.

"કોણ હતું?" વિદુરે આગઝરતી વાણીએ પૂછ્યું.

એકલવ્યએ વાતચીતનો દોર પોતાના હાથમાં લઈ લેતાં કહ્યું "સ્વામી, અમને એ માણસનું નામ નથી ખબર, પણ બીજીવાર જોઈશું તો જરૂર ઓળખી કાઢશું."

"અચ્છા, હવે તમે જઈ શકો છો." વિદુરે છેવટે કહ્યું, એમનો વિચાર બદલાય એ પહેલા ભાગવામાં વધુ શાણપણ હતું, એવું વિચારીને એકલવ્યએ જરાનો હાથ પકડ્યો અને ત્યાંથી વહેતું મૂક્યું.

કિલ્લાના પ્રવેશદ્વાર પર ચોકિયાતોએ એમને અટકાવ્યા. "અલ્યા, તમે ખરેખર મહા અમાત્યના ભત્રીજા છો?" એમનામાંથી એક જણે પૂછ્યું.

એકલવ્ય જવાબ આપવા મોઢું ખોલે એ પહેલા જરાએ ભસી માર્યું, "ના રે."

ચોકીદારે પહેલાં તો આમતેમ જોઈને વિદુરની ગેરહાજરીની ચોકસાઈ કરી લીધી, અને પછી જરાએ મજબૂતપણે વાળી રાખેલી મુઠ્ઠી ખોલાવીને એમાંથી તાંબાનો સિક્કો ખૂંચવી લીધો. વિરોધનો સૂર કાઢનારા જરાને એમણે ધીબેડી નાખ્યો.

એકલવ્યએ માર ખાવાની રાહ જોવાને બદલે પોતાના હાથમાં રાખેલો સિક્કો નીચે ફેંક્યો. એ લેવા માટે નીચે ઝૂકેલા ચોકિયાતનો હાથ એકલવ્યના પગને સ્પર્શી ગયો. એકલવ્યના હોઠ પર આછા સંતોષનું સ્મિત ફરકી ગયું. પણ આ જોઈ ગયેલા બીજા ચોકિયાતે ચિઢાઈને એકલવ્યને સણસણતો તમાચો મારી દીધો.

બીજી તરફ વિદુરની ચિંતાનો પાર નહોતો. એ ધારે તો નગરમાં વસતા દરેક પુરુષને કતારમાં ઊભો રાખીને જરાને કહી શકે કે, ઓળખી કાઢ આમાંથી કોણ હતો તક્ષકનો મદદગાર? પરંતુ એમ કરવામાં જોખમ એ હતું કે, ગુનેગારને આ વાતની આગોતરી ગંધ આવી જાય અને એ છટકી જાય. એનાથીયે મોટી સમસ્યા એ હતી કે પકડાઈ ગયેલો અપરાધી નગર કે શાસનવ્યવસ્થામાં ઉચ્ચસ્થાને હોય તો એ પોતાના કરતૂત નહોતો કબૂલવાનો. એની સામે બે નિશાદ છોકરાના શબ્દોનું મૂલ્ય કેટલું રહેવાનું? હવે તો થોડી રાહ જોવામાં જ શાણપણ હતું. જોકે એ પહેલા દ્રોહી વ્યક્તિ હસ્તિનાપુરને વધુ નુકસાન ન કરી નાખે, એનું પણ ધ્યાન રાખવું જરૂરી હતું.

અધિરથને ઘેરથી નીકળેલા વિદુરના મનમાં આ વિચારો ચાલી રહ્યા હતા, એમાં અચાનક એક દૃશ્યએ ખલેલ પાડી. મહેલના પહેલા માળે ઝરૂખામાં ઊભેલો એક ઊંચો માણસ જાણે પ્રાર્થના કરતો હોય એમ માથું નમાવીને ઊભો હતો. લોકો વહેલી સવારે પૂર્વમાં ઊગતા સૂર્યને નમસ્કાર કરે, એમાં કંઈ નવી વાત નહોતી. પરંતુ આ માણસ તો પૂર્વ દિશામાં પીઠ કરીને ઊભો હતો, કોણ હતો એ? વિદુરના પગ થંભી ગયા.

ખાસ્સા લાંબા સમય બાદ એ માણસે પીઠ ફેરવી. સૂર્યના પ્રકાશમાં એનો ચહેરો સ્પષ્ટ થયો અને વિદુરના પગથી માથા સુધી આછી ધ્રુજારી પસાર થઈ ગઈ. પશ્ચિમને પૂજનારો હતો, ગાંધારનો રાજકુમાર શકુનિ. એની દૃષ્ટિ નીચે ઊભેલા વિદુર સાથે મળી. દૂરથી પણ શકુનિની કાળી આંખોમાંથી ઉભરાતો અગ્નિ વિદુરને દઝાડી ગયો. એ ઘડીએ વિદુરને લાગ્યું કે હસ્તિનાપુર વિરુદ્ધ કાવતરું ઘડનાર વ્યક્તિ એને મળી ગઈ. પરંતુ પુરવાર કઈ રીતે કરવું? અત્યારે તો રાહ જોયા વિના છૂટકો નહોતો.

* * *

ઝરૂખામાં ઊભેલા શકુનિએ ફરી એકવાર પોતાની જાતને આપેલું જૂનું વચન યાદ દેવડાવ્યું. જ્યારે એ માંડ પાંચ વર્ષનો હતો અને ભીષ્મએ એના પ્રિય દેશ પર આક્રમણ કરીને બધું છિન્નભિન્ન કરી નાખેલું; જ્યારે એની બહેન કોઈ મામૂલી રમકડું હોય એમ એનું અપહરણ કરીને ભીષ્મ ભારતમાં, હસ્તિનાપુર લઈ આવ્યા અને એક મૂર્ખ, અંધ સાથે બિચારીને પરણાવી દીધી; કહેવા માટે એ અંધ હતો તો હસ્તિનાપુરનો રાજા પણ વાસ્તવિકતામાં એનું મૂલ્ય એક કઠપૂતળીથી વિશેષ નહોતું. બહેન સાથે ગાંધારથી હસ્તિનાપુર પરાણે લવાયેલા બાળશકુનિએ ત્યારે પ્રતિજ્ઞા લીધેલી કે, ભારતનો સર્વનાશ કર્યા વિના એ સુખેથી શ્વાસ નહીં લે. પશ્ચિમમાં આવેલી એની જન્મભૂમિ ગાંધાર ભણી જોઈને રોજ એ પોતાની પ્રતિજ્ઞા તાજી કરતો હતો.

આગલે દિવસે એણે ઘડેલી યોજના નિષ્ફળ નીવડેલી, પણ ફરીવાર પ્રયત્ન કરવાનો હતો. ભારતમાં ભલે બીજી લાખ નબળાઈઓ અને બહારનાને મૂંઝવી નાખે એવી વર્ણપ્રથાઓ હોય, પણ એની પોતાની શક્તિ હતી. કોઈ વિદેશી માટે આ દેશને પરાજિત કરવાનું, એની સંસ્કૃતિનો નાશ કરવાનું બહુ કઠિન હતું. આ કાર્ય તો ખુદ ભારતના જ લોકો કરી શકે. ઘરના ઘાતકી થાય તો જ ભારત તૂટે. શકુનિએ પાથરેલી ચોપાટમાં તક્ષક તો એક નાના પ્યાદા જેવો હતો. બીજાં ઘણાં પ્યાદાં ગોઠવવાનું કામ ચાલી રહ્યું હતું. સહુથી મોટું મહત્ત્વનું પ્યાદું તો રાજમહેલની અંદર જ હતું.

સસ્મિત વદને શકુનિએ મહેલમાં સુયોધનના કક્ષ ભણી પગ ઉપાડ્યા. શિષ્યને આગળનો પાઠ ભણાવવાનો સમય થઈ ગયેલો.

રથચાલકનો પુત્ર

કર્ણએ બાણાવળી બનવાની પોતાની મહેચ્છા એકવાર એનાં માતાપિતાની સામે પ્રગટ કરી હતી. સાંભળીને અધિરથે તો મૌન સાધી લીધું, પણ એની માતા લાગ મળે ત્યારે પતિ સામે આ વિષય ઉખેળીને બેસી જતી. કર્ણ પોતે ભગવાન શિવને પ્રાર્થના કરવા સિવાય બીજું કંઇ કરી શકવાની સ્થિતિમાં નહોતો.

એક દિવસ અચાનક આ પ્રાર્થના ફળી હોય એમ અધિરથ એના પુત્રને મંદિરે લઈ ગયો. નીચલી ગણાતી જાતિના હોવાને કારણે એમને મંદિરની અંદર પ્રવેશવાનો અધિકાર નહોતો, પણ બહાર પ્રાંગણમાં ઊભા રહીને પ્રાર્થના કરવાની છૂટ હતી. ત્યાં એક વટવૃક્ષ નીચે બાંધેલા ચોતરા પર કૃપાચાર્યએ એના મિત્રો સાથે જુગારની રમત જમાવી હતી.

ઉચ્ચવર્ણની વ્યક્તિ સામે જતાં પહેલાં નિયમાનુસાર અધિરથે ખભે નાખેલું અંગવસ્ત્ર કમરે બાંધ્યું. અને પછી કૃપાચાર્યથી થોડે દૂર જઈને, માથું નમાવીને ઊભો રહ્યો. કર્ણ એની પાછળ ગયો.

“શું છે?” કૃપાચાર્યએ પાસા ફેંકવા ઊંચો થયેલો હાથ અટકાવીને પૂછ્યું.

“સ્વામી, એક વિનંતી છે.” અધિરથ નમ્રભાવે બોલ્યો.

“જો ભાઈ, તને આપવા માટે અત્યારે તો મારી પાસે એક ફૂટી કોડીયે નથી. હોત તો હું અહીં નહીં, ક્યાંક બીજે બેઠોબેઠો મદિરા ગટકાવતો હોત.” આટલું બોલીને કૃપાચાર્ય ખડખડાટ હસી પડ્યા.

કર્ણની નજરે કૃપાચાર્ય એક એવા અનોખા પ્રકારના બ્રાહ્મણ હતા, જેમને સમાજના નીતિનિયમોની પરવા નહોતી. શસ્ત્ર અને શાસ્ત્રોના એમના જ્ઞાનમાં કોઈ શંકાને સ્થાન નહોતું, પણ હમણાં હમણાંથી નગરમાં એવો ગણગણાટ હતો કે દ્રોણાચાર્યના આગમન પછી રાજકુમારોના ગુરુ તરીકે કૃપાચાર્યનું સ્થાન ડગમગી જવાનું હતું. આ સાંભળ્યા પછીયે જોકે ગુરુની જીવનશૈલીમાં કોઈ ફેર નહોતો પડ્યો. વહેલી સવારે એમના વર્ણના બીજા લોકો પૂજાપાઠમાં વ્યસ્ત હોય ત્યારે કૃપ કોઈ મદિરાના પીઠામાં એમના જેવા લોકો સાથે બેઠા હોય. રૂઢિચુસ્ત બ્રાહ્મણોને કૃપાચાર્ય સામે અણગમો હતો, પરંતુ એની સાથે ભય પણ હતો. વેદપુરાણોના અભ્યાસમાં કૃપ એમનાથી ચઢિયાતા હતા. એમની સામે દલીલમાં ઊતરવું એટલે પરાજય અને પછી તકરારને આમંત્રણ આપવું. `લઢ નહીં તો લઢનાર દે’ની તોફાની વૃત્તિ ધરાવતાં કૃપ જ્ઞાતિ, વર્ણના નિયમોની ખુલ્લેઆમ મજાક ઉડાવતા. એટલું જ નહીં, વેદ, ઉપનિષદને ટાંકીને એના આધારે પોતાની દરેક વાત સાચી ઠરાવવામાંયે કુશળ હતા.

આ અતરંગી બ્રાહ્મણ ગુરુ કદાચ કર્ણને મદદ કરશે, એવી આશા લઈને અધિરથ એમની પાસે ગયો હતો. “સ્વામી, મને કંઈ નથી જોઈતું. આ મારો પુત્ર કર્ણ છે. એને તમારા શિષ્ય તરીકે સ્વીકારવાની કૃપા કરો. કર્ણને યોદ્ધા બનવું છે.” અધિરથે હાથ જોડીને આજીજીભર્યા સ્વરે કહ્યું.

કૃપાચાર્યનાં ભવાં ઊંચકાયાં અને પછી અચાનક ઊભા થઈને એ કર્ણ તરફ દોડ્યા. મંદિરના પૂજારી અને આસપાસ પસાર થઈ રહેલા લોકો આ નાટક જોવા ઊભા રહી ગયા. હેબતાઈ ગયેલો કર્ણ બે ડગલાં પાછળ હટી ગયો. ભૂલથીયે બ્રાહ્મણને સ્પર્શી જવાની સજા એ જાણતો હતો. પણ કૃપાચાર્યએ તો આવીને કર્ણને એના લાંબા કેશથી ઝાલ્યો, અને બીજા હાથે ગાલ પર તમાચો મારી દીધો. કર્ણના મોઢામાંથી ઊંહકારો નીકળે એ પહેલાં તો કૃપએ એના પેટમાં એટલા જોરથી મુષ્ટિપ્રહાર કર્યો કે, કર્ણ બેવડ વળી ગયો. આ પછીયે એણે આંખમાં

આંસુ ન આવવા દીધા.

પરંતુ અધિરથ એનું આક્રંદ ખાળી ન શક્યો. “સ્વામી...સ્વામી... એને મારો નહીં.”

“મૂર્ખ, તું આને માર કહે છે? હું તો એને સહેજ અડ્યો હતો.” કહીને કૃપે કર્ણને છોડ્યો અને પાછું વટવૃક્ષ ભણી પ્રયાસ કર્યું. ત્યાં જઈને બેઠા બાદ એ બોલ્યા, “જોકે એટલું કહેવું પડે કે તારા છોકરામાં હિંમત છે. પીડા ખમવાની શક્તિ છે. સરખી વિદ્યા મળે તો એ જરૂર મોટો યોદ્ધો બની શકે.”

અધિરથની ભીની આંખોમાં ચમક પ્રગટી ઊઠી. “સ્વામી, તમે એને શિષ્ય બનાવશો?”

“જરૂર.” કૃપે હસીને જવાબ આપ્યો.

“પણ અમે સૂત છીએ એટલે કે શૂદ્ર વર્ણના!” અધિરથે ખચકાઈને સ્પષ્ટતા કરી.

“તું સૂત, નાગ, નિશાદ, મ્લેચ્છ જે હોય તે, મને એનાથી શું ફેર પડે છે? તારામાં મહાન યોદ્ધા બનવાના લક્ષણ છે.” કૃપાચાર્યએ કર્ણને સંબોધીને કહ્યું. કર્ણનો ચહેરો હસુંહસું થઈ ગયો. પણ પછીની ઘડીએ કૃપાચાર્યએ ઉચ્ચારેલા શબ્દોએ એના હાસ્યને સૂકવી નાખ્યું. “જા, જલદીથી એક હજાર સુવર્ણમુદ્રા લઈ આવ, એટલે તારો વર્ગ શરૂ કરીએ.”

લોકો હસીને વિખેરાઈ ગયા. પૂજારી કોઈ શ્રીમંત ભક્તને લઈને મંદિરમાં જતો રહ્યો. કૃપાચાર્ય એમની રમતમાં ગૂંથાઈ ગયા. એમની ક્રૂર મજાકનો ભોગ બનેલા કર્ણ અને અધિરથ નીચી મૂંડીએ પોતાને ઘેર પાછા ફર્યા.

અધિરથે પોતાના પુત્રને આશ્વાસન આપવાનો પ્રયાસ કર્યો. “કર્ણ, તું નિરાશ નહીં થતો. ગુરુએ તને શીખવવાની ના નથી પાડી. એમની દક્ષિણાનો પ્રબંધ ક્યાંકથી થઈ જશે. હું મારો આ રથ વેચી નાખીશ અને ઘર વેચીને પણ થોડી મૂડી...”

“પિતાજી, મારે યોદ્ધા નથી બનવું.” કર્ણએ પિતાને આગળ બોલતા અટકાવ્યા. “હું સૂતપુત્ર છું. બસ, તમે મને રથ ચલાવતા શીખવાડો.” આટલું કહીને કર્ણ ઘરની પાછળ આવેલા વાડામાં જતો રહ્યો. ત્યાંના કૂવાના પાણીમાં એણે પોતાનું પ્રતિબિમ્બ જોયું. અંદર ઝંપલાવી દઈને, એને પોતાના દરેક દુઃખનો અંત આણી દેવાની ઇચ્છા થઈ આવી. પણ પછી ઘરની અંદર માતાના ડૂસકાં અને એને સાંત્વન આપવા મથી રહેલા પિતાનો નબળો અવાજ કાને પડ્યો. કર્ણએ મન મક્કમ કરી લીધું. “ભલે આખી જિંદગી એક સામાન્ય રથચાલક તરીકે નીકળી જાય, પણ મારાં માતાપિતાને દુઃખ થાય એવું હું કંઈ નહીં કરું.” એણે મરવાનું માંડી વાળ્યું.

* * *

ઘરમાં પછી ક્યારેય એ ઘટનાનો ઉલ્લેખ થયો નહીં. કર્ણએ પણ ધનુષ્યધારી થવાની ઇચ્છા મનના અંધારા ખૂણે દાટી દીધી. પરંતુ ઘેર વિદુર આવ્યા અને રાખ નીચે દબાઈ રહેલા આશાના અંગારા પાછા તગતગી ઊઠ્યા.

બીજે જ દિવસે વહેલી સવારે કર્ણ એના પિતા સાથે, થનગનતા પગે રાજમહેલની દિશામાં નીકળી પડ્યો. ધાર્યા પ્રમાણે મહેલના મુખ્ય પ્રવેશદ્વાર પર ચોકિયાતોએ એમને અટકાવ્યા. અધિરથે વિદુરનો હવાલો આપીને બહુ માથાકૂટ કરી, ત્યારે છેવટે એક સુરક્ષાકર્મીને અંદર મોકલાયો. બહાર આવીને એણે કહ્યું કે આ લોકોને ખરેખર મહા અમાત્યે બોલાવ્યા હતા. પણ એ અત્યારે ભીષ્મ સાથે એક મહત્ત્વની બેઠકમાં વ્યસ્ત હતા, એટલે આગંતુકોએ રાહ જોવી પડશે.

મહેલની બહાર બેસીને અધિરથ અને કર્ણએ રાહ જોવાનું શરૂ કર્યું. સમય વીતતો ગયો. બપોરે માથા પર આવી ગયેલા સૂરજે એમનું અંગેઅંગ બાળી નાખ્યું, પણ એ બેસી રહ્યા. સમય વીતતો ગયો. સૂરજે પશ્ચિમ ભણી યાત્રા આરંભી ત્યારે પિતાપુત્રને લાગ્યું કે મહા અમાત્ય

એમને ભૂલી ગયા લાગે છે. પરંતુ અધિરથે ઊભા થવાની તૈયારી કરી, ત્યાં જ અંદરથી કહેણ આવ્યું. અધિરથ અને કર્ણ મહેલના પરિસરમાં પ્રવેશ્યા, ત્યારે વિદુર ઉદ્યાનમાં ઊભા હતા. દૂરથી શસ્ત્રોનો ખણખણાટ અને દ્રોણનો અવાજ એમના કાને પડ્યો.

વિદુરે સ્મિત વેરીને, એમને લાંબી વાટ જોવડાવવા માટે ક્ષમા માંગી. કર્ણને સમજાયું નહીં કે આ માણસ ઢોંગી હતો કે મહાત્મા. જોકે અત્યારે તો એના પર જ કર્ણની બધી આશાઓ ટકી રહેલી.

વિદુર એમને મહેલના બીજા મેદાનમાં આવેલી તાલીમશાળા ભણી દોરી ગયા. ત્યાં પહોંચીને કર્ણની નજર પહેલવહેલી સુયોધન અને સુશાસન પર પડી. એક ખૂણામાં ગોઠણભેર બેઠેલા બંને ભાઈના ચહેરા લજ્જાથી ઝૂકી ગયા હતા. ગુરુએ કદાચ એમને સજા આપેલી.

દ્રોણ પોતે અર્જુનને બાણ છોડતી વખતે કઈ રીતે ઊભા રહેવું, એ શીખવવામાં વ્યસ્ત હતા. દ્રોણ જેવો લાગતો નાનો બ્રાહ્મણ બાળ રાજકુમારોએ ફેંકેલા બાણ ભેગાં કરી રહ્યો હતો. બીજી તરફ એક ઊંચો, તગડો યુવાન ગદા ફેરવવામાં મસ્ત હતો. બાકીનાં લોકોનું ધ્યાન અર્જુન ભણી હતું. કર્ણ પણ ઘડીભર બધું ભૂલીને અર્જુનને જોઈ રહ્યો. દ્રોણાચાર્યએ તાલીમ આપવાનું શરૂ કર્યાને હજી માંડ થોડા સપ્તાહ વીત્યા હતા, પણ અર્જુન કોઈ અનુભવી યોદ્ધાની જેમ શરસંધાન કરતાં શીખી ગયેલો. `એક દિવસ હું પણ અર્જુનની જેમ નિશાન સાધતો થઈ જઈશ.' રથચાલકના પુત્રને વિચાર આવી ગયો.

"ગુરુદેવ" વિદુરે નમ્ર અવાજે દ્રોણાચાર્યનું ધ્યાન પોતાના તરફ ખેંચ્યું.

"બોલો મહા અમાત્ય" દ્રોણે આગંતુકો તરફ ફરીને કહ્યું.

"આ કર્ણ છે, મારા મિત્ર અધિરથનો પુત્ર. એ તમારી પાસે ધનુર્વિદ્યા શીખવા માંગે છે."

"હું માત્ર રાજકુમારોને શીખવું છું." દ્રોણે કહ્યું.

"હા, પણ ગઈકાલે આ બાળકે બહુ વીરતા દાખવેલી. આદરણીય ભીષ્મએ પણ કહ્યું કે તમને વાંધો ન હોય તો કર્ણને રાજકુમારો સાથે તાલીમ મળે એ એમને ગમશે. હસ્તિનાપુરને અત્યારે કુશળ યોદ્ધાઓની બહુ જરૂર છે, અને કર્ણ..."

વિદુરના વાકપ્રવાહને અટકાવીને દ્રોણે કહ્યું, "મારે બોલવું નહોતું, પણ તમે મારા મોઢામાં આંગળાં નખાવીને પૂછવાની ફરજ પાડી દીધી. છોકરાને પૂછો કે એ કઈ જાતિનો છે?"

"પણ એ વાતને અહીં શું સંબંધ છે?"

"મહાશય, તમને તમારી જાતિના લોકો પ્રત્યે સહાનુભૂતિ હોય એ હું સમજી શકું છું, પણ હું બ્રાહ્મણ છું. એક સૂતબાળકને ક્યારેય મારા શિષ્ય તરીકે સ્થાન નહીં મળે."

વિદુરનો ચહેરો લજ્જાથી રાતો થઈ ગયો. દરબારમાં હોવાને નાતે એમનું સ્થાન ગુરુ દ્રોણથી ઊંચું હતું, પણ જ્ઞાતિની વાત આવે ત્યારે પોતાનાથી ઊંચા ગણાતા લોકો સામે અવાજ ઊંચો કરવા જેટલો આત્મવિશ્વાસ એમનામાં નહોતો.

કર્ણને આગળની દલીલો નહોતી સાંભળવી. એ સમજી ગયો કે દ્રોણાચાર્ય ટસના મસ નહીં થાય. એની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

દ્રોણનો અવાજ વધુ ઊંચો થયો. "મહા અમાત્ય તરીકે તમે ધારો તો મને હમણાં ને હમણાં ગુરુપદેથી કાઢી મૂકવાની સત્તા ધરાવો છો. એવું થાય તો હું વિરોધનો એક શબ્દ સુધ્ધાં ઉચ્ચાર્યા વિના મારી પત્ની અને પુત્રની સાથે હસ્તિનાપુર છોડી જઈશ. દેશમાં ક્યાંક તો એવું રાજ્ય હશે, જ્યાં બ્રાહ્મણનો અને એના ધર્મનો આદર થતો હશે. નહીં હોય તો અમે ભૂખ્યા મરશું. તમારે અને ભીષ્મએ પણ જે કરવું હોય એ કરી લ્યો, પણ હું એક શૂદ્રને મારો શિષ્ય નહીં બનાવું."

પોતાની જગ્યાએ સળવળી રહેલા સુયોધનને જોઈને દ્રોણનો રોષ વધ્યો. "સરખો બેસી

રહે. ખબર નથી આ રાષ્ટ્રનું ભવિષ્ય કેવું હશે! શૂદ્ર મહા અમાત્ય અંધ રાજા અને અભિમાની યુવરાજ... આવા સ્થળે એક શૂદ્રને યોદ્ધા થવાના અભરખા જાગી ઊઠે એમાં કોઈ નવાઈ નથી. કાલે ઊઠીને કોઈ નિશાદ પણ મારો શિષ્ય બનવા માટે દોડી આવશે."

કર્ણને પોતાની જાત કરતાં વિદુર પર વધુ દયા ઊપજી. કહેવા માટે એ ભલે હસ્તિનાપુરના મહા અમાત્ય હોય, પણ ઉચ્ચ વર્ણના દ્રોણ સામે એમનું કંઈ ઊપજવાનું નહોતું. વિદુરે ત્યાંથી ભારે પગે વિદાય લીધી. કર્ણ એમની પાછળ ગયો. માત્ર અધિરથ થોડી ક્ષણ માટે ત્યાં અટકી ગયો. છેવટે એણે પણ ભાંગેલા હૃદયે પગ ઉપાડ્યા.

* * *

એ લોકોને જતાં જોઈને દ્રોણે મનોમન નિસાસો નાખી દીધો. એ જાણતા હતા કે કર્ણમાં એક મહાન યોદ્ધો બનવાની શક્તિ અને આવડત હતી. તક્ષકે નગર પર આક્રમણ કર્યું, ત્યારે વીરતાભેર એનો પ્રતિકાર કરતા કર્ણને દ્રોણે જોયો હતો. આવા પુત્ર માટે કયા પિતા ઉજ્જ્વળ ભવિષ્યની ઝંખના ન સેવે? અધિરથ પ્રત્યે એમને સહાનુભૂતિ હતી, પરંતુ દ્રોણ પોતે લાચાર હતા. નીચ વર્ણમાં જન્મ આપીને કુદરતે કર્ણ સાથે અન્યાય કરેલો. એમાં દ્રોણ શું કરી શકે? એમના પોતાના ગુરુ પરશુરામે જ્ઞાતિ અને વર્ણની શુદ્ધતા, પવિત્રતા વિશે જે પાઠ ભણાવેલા, એ દ્રોણ ભૂલ્યા નહોતા. અને ગુરુએ જે નિયમો પાળવાનો આદેશ આપેલો એનું ઉલ્લંઘન કરવાની હિંમત પણ દ્રોણમાં નહોતી. એ થોડા કૃપાચાર્ય હતા?

સમાજ અને ધર્મના દરેક નીતિનિયમોની મજાક ઉડાવતા કૃપાચાર્ય મહાન વિદ્વાન હતા, અને યુદ્ધકલામાં કદાચ દ્રોણથી પણ ચઢિયાતા હતા, પણ મનમોજી હતા. દ્રોણને એમના પ્રત્યે ઘૃણા હતી અને સાથે છૂપો ભય પણ હતો. પોતાનું ધાર્યું કરી શકતા સાળા માટે ઈર્ષા થવી સ્વાભાવિક હતી. દ્રોણે પોતાના પુત્ર અશ્વત્થામા સામે જોયું. એને ખાતર પણ હસ્તિનાપુરમાં ચાકરી કરવી ફરજિયાત હતી.

અશ્વત્થામાની આંખો દૂર જઈ રહેલા કર્ણ પર હતી. દ્રોણે વહાલની સાથે આછી ચીઢ અનુભવી. સુયોધનની સંગતમાં રહીને અશ્વત્થામા પણ બગડી ગયેલો. સુયોધનને જોઈને દ્રોણને કૃપાચાર્ય યાદ આવી જતા. નાનો હોવા છતાં સુયોધનમાં આત્મબળ બહુ હતું. એની જિજ્ઞાસાઓને પણ કોઈ પાર નહોતો. એ એવા પ્રશ્નો પૂછ્યા કરતો, જેના ઉત્તર આપવાનું ક્યારેક દ્રોણને પણ ભારે પડી જતું. એટલે જ સુયોધન એમનો અળખામણો થઈ ગયેલો. એને ચીઢવવા કે અપમાનિત કરવા માટે દ્રોણ હંમેશાં એની તુલના પાંડવો સાથે કર્યા કરતા.

દ્રોણ એવું પણ માનતા હતા કે હસ્તિનાપુરના ભલા માટે સુયોધન પર લગામ રાખવી જરૂરી હતી. આટલી શક્તિ, આટલું અભિમાન અને આટલી બળવાખોર વૃત્તિનું મિશ્રણ જેનામાં હોય, એ વ્યક્તિ કાબૂમાં ન રહે તો વિનાશ સર્જી નાખે. સદીઓથી ચાલી આવેલા નીતિનિયમો અને પરંપરાનો ભંગ કરે, સમાજમાં ઊથલપાથલ કરી નાખે એવા બળવાખોરોને ઊગતા જ ડામી દેવાની જવાબદારી ગુરુની હતી. અરે દેવો અને દેવોના પ્રિય ગણાતા લોકો પણ આવું જ માનતા હતા. દેશનો ઇતિહાસ આ વાતનો સાક્ષી હતો. રાવણ, બાલી, મહાબલિ, આ બધાંએ સામાજિક પ્રથાઓ તોડવાની ધૃષ્ટતા કરી અને આખરે ધૂળમાં મળી ગયા. માત્ર સમાજ સનાતન, અનંત, અફર હતો. એની સામે જ્યારે જ્યારે કોઈએ અવાજ ઉઠાવ્યો, ત્યારે ત્યારે ભગવાને અવતાર લઈને એમનો નાશ કર્યો. આ જ ધર્મ હતો. એનું રક્ષણ કરવા માટે જ ભગવાન માનવ અવતાર ધારણ કરતા હતા.

સુયોધનના તોફાન હદ પાર કરી જાય ત્યારે દ્રોણ એને સહુથી મોટી શિક્ષા કરતા. એને અને એના નવ્વાણુ ભાઈઓને અંધના પુત્ર અંધ કહીને અપમાનિત કરતા. આ સાંભળીને પાંડવો મોટેમોટેથી હસતા. એ બધાં પણ કદાચ સુયોધનથી ડરતા હતા, પણ અશ્વત્થામાનો

સુયોધન પ્રત્યેનો પ્રેમ અને અહોભાવ છાના નહોતા રહેતા. આ ઘડીએ પણ કર્ણના ગયા પછી એ સુયોધન સાથે વાતો કરી રહ્યો હતો.

દ્રોણની આંખો રાતી થઈ. પોતાની દરિદ્રતા, નિસહાયતા, ભય, માનસિક ગ્રંથિઓ, વિદુર સાથે થયેલું ઘર્ષણ. આ બધાંનો ગુસ્સો એમણે નાનકડા અશ્વત્થામા પર ઉતાર્યો. મારીમારીને એને રડાવી મૂક્યો અને છેવટે અર્જુનની બાજુમાં જઈને બેસવાનો આદેશ આપ્યો. ભીમને મજા આવી ગઈ. લાગ જોઈને એણે અશ્વત્થામાને બે ચીમટા ખણી લીધા. બાળક વધુ રડ્યો. અને પિતાએ એને વધુ માર્યો.

થોડે દૂર ઝાડીઝાંખરાની પાછળથી ચાર આંખો આ નાટક ભજવાતું જોઈ રહી. પુત્રને ઝૂડી રહેલા ગુરુને જોઈ રહેલા જરાએ પૂછ્યું, “હજીયે તને લાગે છે કે દ્રોણાચાર્ય તને વિદ્યા આપશે? કર્ણ જેવા હોંશિયાર સૂતપુત્રને ભણાવવાની એમણે ચોખ્ખી ના પાડી દીધી. આપણે તો સૂતવર્ણથી યે ઊતરતા નિશાદ છીએ.”

સાંભળીને એકલવ્યએ તીખા અવાજે કહ્યું, “મૂર્ખ, તારું મોઢું બંધ રાખ. હું દ્રોણ પાસેથી જ ધનુર્વિદ્યા શીખવાનો છું. એમને માત્ર અર્જુનને ભણાવવામાં રસ છે. સુયોધનની જેમ હું પણ દૂર બેઠોબેઠો જોયા કરીશ અને મારી મેળે શીખતો રહીશ. દ્રોણ કઈ રીતે મને રોકી શકવાના? જોજે ને, એક દિવસ હું એમના સહુથી પ્રિય શિષ્ય, અર્જુનને પણ હંફાવી દઈશ.”

આ સાંભળીને મજાકભર્યું હસી પડેલા જરાને એકલવ્યએ જોરથી લાત મારીને દૂર ફંગોળી દીધો.

* * *

“આજે પાછું ઘેર આવતા મોડું કર્યું.” પાર્ષવીએ પતિની સામે સાદા ભોજનની થાળી મૂકતાં કહ્યું.

વિદુરે માત્ર સ્મિત વેરીને જમવાનું શરૂ કર્યું. પણ એમના ચહેરા પરથી પાર્ષવીએ કળી લીધું કે, પતિનું મન આજે અશાંત હતું. “બાળકો સૂઈ ગયા?” વિદુરે ભોજન પતાવીને હાથ ધોતા પૂછ્યું.

“તમે જાણો છો કે અત્યારે શું સમય થયો છે?” પાર્ષવીએ પોતાની અકળામણ ઠાલવી. એ તો બાપડાં ક્યારનાં સૂઈ ગયાં. જ્યારે જુઓ ત્યારે તમે તો બસ રાજ્યના કામમાં રચ્યાપચ્યા રહો છો. તમને કોઈવાર યાદ પણ આવે છે કે, ઘરમાં કોઈ રાહ જોતું હશે? શું કામ આટલો બોજ વેંઢારો છો?”

“પાર્ષવી, તું નથી જાણતી કે હસ્તિનાપુરમાં અત્યારે કેવી પરિસ્થિતિ છે. બાપડા ભીષ્મના ખભે ઘરડે ઘડપણ આખાયે દેશની જવાબદારી આવી પડી છે. મારી ફરજ છે કે…”

“પરિવાર પ્રત્યે તમારી કોઈ ફરજ જ નથી?” પાર્ષવીને ગુસ્સો આવી ગયો. “તમારા જેવા વિદ્વાનને મારે યાદ કરાવવાનું કે પત્ની અને સંતાનો પ્રત્યે ગૃહસ્થની શું જવાબદારી હોય? કહેવા માટે તમે મહા અમાત્ય છો, પણ જુઓ તો ખરા, આપણે કેવી દશામાં જીવીએ છીએ! પોતાનું કહેવાય એવું સરખું, સારું એક ઘર પણ આપણી પાસે નથી. કામ કરવા માટે નોકરચાકર રાખવાનું તમને ગમતું નથી. દરબારમાં જતી વખતે રથનો ઉપયોગ કરવામાં પણ તમને વાંધો પડે છે. ગરીબીમાં જીવવાનું તમને ગમે છે, પણ અડોસપડોસનાં લોકો અમારા પર હસે છે. તમે રાજાના ભાઈ છો, પણ રાજ્યનો નાનામાં નાનો નોકર આપણા કરતા વધુ સુખસગવડમાં રહે છે. ભીષ્મ પણ આ જોતા નથી?”

“પાર્ષવી, એકની એક વાત ફરીફરીને ચર્ચવાનો શું અર્થ છે?” કહીને વિદુર ત્યાંથી નીકળી ગયા. પાર્ષવી કામકાજમાંથી પરવારીને રસોડામાંથી નીકળી, ત્યારે વિદુર પોતાના જોડિયા પુત્રોની પથારી પાસે બેસીને, એમને શાંતિથી સૂતેલા જોઈ રહ્યા હતા.

"આમનું તો કંઈ વિચારો. ભણવામાં હોંશિયાર છે, પણ મોટા થયા બાદ એમને ક્યાંય સારી નોકરી મળશે કે નહીં? શાસન-પ્રશાસનમાં સારા ગણાય એવા હોદ્દા તો માત્ર બ્રાહ્મણો માટે અનામત છે." પાર્ષવીએ ચિંતા વ્યક્ત કરી.

"ભગવાનમાં ભરોસો રાખ. સહુ સારાં વાનાં થઈ રહેશે." વિદુરે કહ્યું. પણ પછી એમના મોઢામાંથી નાનો નિસાસો સરી પડ્યો, "ક્યારેક મને પણ વિચાર આવે છે કે, હું જે મહેનત કરું છું એનો કોઈ અર્થ છે?"

"શું થયું?" પાર્ષવીએ પૂછ્યું.

"આમ જુઓ તો કંઈ નહીં પણ આજે એક ગરીબ છોકરાની સહાય કરવા જતા મારે ગુરુ તરફથી અપમાન સહેવું પડ્યું. લાગે છે કે આ દેશમાં છેવટે બધીયે વાત કુળ અને જ્ઞાતિ પર આવીને અટકે છે." વિદુર ઊભા થયા. "જવા દે એ વાત. તું સાચું કહે છે આપણા ગયા પછી આ છોકરાઓ પાસે કંઈક તો હોવું જોઈએ. આજે નહીં તો કાલે, આપણે જરૂર એક ઘર બનાવશું."

પાર્ષવીએ મૌન સાધ્યું. આ પહેલા પણ અનેકવાર વિદુરે આ કહ્યું હતું. કોણ જાણે ક્યારે એના વચન સાચા પડશે?

કર્ણ એની મઢૂલીના એક ખૂણે બેઠો હતો. રાત ખાસ્સી વીતી ગયેલી, પણ એને ઊંઘ નહોતી આવતી. જાગૃત અવસ્થામાં પણ એ ગઈકાલ સુધી જે સપનાં જોતો હતો, એ હવે ભાંગી ગયેલા. અર્જુનને એ ક્યારેય પરાજિત નહીં કરી શકે. આવું જીવન જીવવા કરતા તો મોતને વહાલું કરી લેવું સારું.

અતરંગી બ્રાહ્મણ

“અરે ઓ કરમફૂટ્યા, તું છે કોણ?” કૃપાચાર્યએ અર્ધમૂર્છિત લાગતા છોકરાના ભીના ગાલ પર તમાચા મારીને એને ભાનમાં લાવવાનો પ્રયાસ કર્યો.

“ક્ષમા કરી દો” છેવટે સામેથી નબળો અવાજ સંભળાયો.

અડધી રાતે એમને નદીના ધસમસતા ઠંડાગાર પાણીમાં કૂદવાની ફરજ પાડનારને ક્ષમા અપાય? હજી જેના દૂધિયા દાંત પણ પૂરેપૂરા પડ્યા નહીં હોય, એવી ઉંમરના લાગતા છોકરા સામે કૃપાચાર્ય રોષભેર તાકી રહ્યા.

આજનો દિવસ જ ખરાબ હતો. પહેલાં તો જુગારમાં હારી ગયા. ખાલી હાથે ઘેર જઈને બહેન કૃપીનો કકળાટ અને બનેવી દ્રોણનું ભાષણ સાંભળવાને બદલે એમણે નદીકિનારે, વડલા નીચે રાત વિતાવી દેવાનું નક્કી કર્યું. પણ ઘરની અંદર માણસો, તો બહાર મચ્છરો લોહી પીતાં હતાં. એ ઓછું હોય એમ, અચાનક ક્યાંકથી કોઈએ આવીને નદીમાં ઝંપલાવી દીધું. રાત્રિના આ સમયે નદીમાં કોઈ તરવા નહીં, પણ મરવા જ પડે એ સમજી શકાય એવું હતું. ગમે તેટલી ચીઢ ચઢે તોય કોઈને મરવા તો ન જ દેવાય. કૃપે ધોતિયાનો કછોટો મારીને નદીમાં કૂદકો માર્યો.

પાણીનું જોર કૃપ જેવા કુશળ તરવૈયાને પણ હંફાવી દે એવું હતું. મહામહેનતે એ છોકરાના વાળ પકડીને બહાર ખેંચી લાવ્યા. પેટ દાબીને એના શરીરમાં ભરાઈ ગયેલા પાણીને બહાર કાઢવાની મહેનત કરી, અને હવે જાણવા મથી રહ્યા હતા કે આ કોણ હતો!

“ક્ષમા” છોકરો પાછો બોલ્યો. કૃપનો રોષ થોડો ઓછો થયો. “બાળક, આ ઉંમરે તને એવી તે કેવી વિપદા આવી પડી કે, આમ પ્રાણ આપી દેવા તૈયાર થઈ ગયો?” એમણે થોડા સૌમ્ય અવાજે પૂછ્યું.

“સ્વામી, હું કમભાગી શૂદ્ર છું, રથ હાંકનારા સૂતનો વંશજ. કોઈ મને શિષ્ય તરીકે સ્વીકારવા તૈયાર નથી.” છોકરાએ તૂટક તૂટક અવાજે કહ્યું.

“આહા, હવે યાદ આવ્યું. તું તારા બાપ સાથે મારી પાસે આવેલો ને?” કૃપાચાર્યએ અંધારામાં છોકરાના ચહેરાને ઓળખવાનો પ્રયાસ કર્યો.

“આચાર્ય કૃપ?” છોકરો બેઠો થઈ ગયો. “સ્વામી, તમે શું કામ મને બચાવ્યો? એક સૂત માટે તમે તમારો જીવ જોખમમાં નાખી દીધો?”

“એ બધું છોડ, તારું નામ કહે.”

“ગુરુ, મારું નામ તો વસુષેણ છે, પણ બધા મને કર્ણ કહીને બોલાવે છે.”

“કર્ણ, બુદ્ધિહીન કર્ણ, મારી વાત સાંભળી લે. નીચ વર્ણમાં જન્મ થયો છે, કેટલું દુઃખ છે. એ બધું આમ ગામ આખામાં કહેતા ફરવાનું બંધ કર. આ પૃથ્વી પર કોઈ ઉચ્ચ કે નીચ નથી, પણ તું તારી જ જાતને હલકો પાડે તો બીજાઓ શું કામ તારે માથે ચઢી ન બેસે?”

“પણ હું રથચાલકનો પુત્ર છું.”

“તું અજ્ઞાની છે. પહેલવહેલા તો મોઢું બંધ રાખવાનું શીખી લે. તારા સદ્ભાગ્ય સમજી લે કે આવી કિંમતી સલાહ હું તને વિનામૂલ્યે આપું છું. હવે બોલ, આમ મધરાતે તને નદીમાં પડવાની ઇચ્છા શું કામ જાગી ગઈ?”

કર્ણ મૂંગો રહ્યો. કૃપે માથું હલાવ્યું. “હું જાણું છું કે અત્યારે તારા મનમાં શું ચાલી રહ્યું છે! જે થયું એમાં તને મારો વાંક લાગે છે. તું માની બેઠો છે કે કૃપાચાર્ય પાષાણહૃદય છે અને આખું વિશ્વ દયાહીન થઈ ગયું છે. ગરીબ ઘરમાં જન્મવા બદલ તું તારી જાતને પણ ગાળો આપી રહ્યો

છે. તું તારાં મા-બાપને જોઈને શરમ અનુભવે છે, ખરું ને?"

કર્ણ નીચું જોઈ ગયો. કૃપાચાર્યએ આગળ ચલાવ્યું. "આવા વિચાર કરવામાં કંઈ ખોટું નથી. ઊલટું તને એમાંથી વધુ પરિશ્રમ કરવાની, આગળ વધવાની પ્રેરણા મળશે. પણ સપનાં સાચાં પાડવાં હોય તો તારે તારા ક્રોધ અને હતાશાને યોગ્ય માર્ગે વાળતાં શીખવું પડશે. જીવન એક જુગટું છે. પાસાં કેવાં પડશે, એના પર તારો કોઈ કાબૂ નથી. પરંતુ પ્યાદા કેવી રીતે ચલાવવા એ તારા હાથમાં છે. તને સૂત હોવાનું દુઃખ છે, પણ જરા વિચારી જો. સૂતને બદલે તું નિશાદ કે નાગના ઘરમાં પેદા થયો હોત તો? વિધાતાએ પાસાં ફેંકી દીધાં છે અને એમાં તો તારું કશું નહીં ચાલે પણ હવે શું કરવું એ તારા હાથમાં છે. તારે શું બનવું છે, બ્રાહ્મણ, ક્ષત્રિય, નિશાદ કે બીજું કંઈ?"

કર્ણના ચહેરા પર પથરાઈ ગયેલી મૂંઝવણ જોઈને કૃપ હસી પડ્યા. "હું બોલું ત્યારે મારી સામે જો. હું વ્યર્થ બકવાસ નથી કરતો. સમાજે તારા જેવા મૂર્ખાઓના મગજમાં ઠસાવી દીધું છે કે, માણસ ક્યાં જન્મ્યો છે, એના પરથી જ એના જીવનની દિશા નક્કી થઈ જાય છે. બ્રાહ્મણો, પૂજારીઓ ગાઈવગાડીને કહે છે કે, બ્રાહ્મણ તરીકે જન્મેલી વ્યક્તિ જ બ્રાહ્મણ કહેવાય. નીચ કુળમાં જન્મેલાએ મરતાં સુધી બીજાઓની સેવા કરતા રહેવાનું. બુદ્ધિહીનો આ સાંભળે છે અને માની લે છે."

"પણ વેદોમાં કહ્યું છે કે…"

"વેદોમાં આવી કોઈ મૂર્ખતાનું વર્ણન નથી. આપણામાંથી મોટાભાગના લોકોએ તો વેદ વાંચ્યા પણ નથી. તું કહે, બ્રાહ્મણ એટલે કોણ?"

"તમે… આચાર્ય કૃપ…"

"ચૂપ થઈ જા. અને હવે સાંભળ, વેદોનો આધાર લઈને કહીએ તો જે બ્રહ્મને પામવાની ઝંખના રાખે, બ્રહ્મ પામી જાય એ બ્રાહ્મણ. જેણે પોતાની જાતમાં, પોતાના વિચારોમાં, પોતાના જ્ઞાન દ્વારા ઈશ્વરને જોયા છે એ બ્રાહ્મણ છે. હવે મને કે દ્રોણને જોઈને કોઈને લાગે કે અમને ઈશ્વર મળી ગયા છે? અરે, મને તો ઘણીવાર મારા પોતાના ઘરનો રસ્તો પણ નથી મળતો. જેને યુદ્ધમાં, પોતાના કર્તવ્ય પાલનમાં ઈશ્વર દેખાય એ ક્ષત્રિય છે. વ્યાપાર કરીને સંપત્તિનું સર્જન કરવામાં જેને ભગવાન દેખાય એ વૈશ્ય. જેના હૃદયમાં છલોછલ પ્રેમ છે, જેણે બીજાની સેવામાં જીવન સમર્પિત કરીને ઈશ્વરની ઝાંકી કરી છે એ શૂદ્ર છે. જન્મ કે માબાપનાં કુળ સાથે આને કંઈ લેવાદેવા નથી. બ્રાહ્મણ પિતાનો પુત્ર શૂદ્ર હોઈ શકે કે શૂદ્રનો પુત્ર બ્રાહ્મણ. જન્મ નહીં કર્મ પર આ નક્કી થાય છે. પંડિતો ભલે ગમે તે કહે, પણ વેદોમાં ક્યાંય એવું નથી લખ્યું કે, ઈશ્વરને પામવાની આ જે જુદી જુદી રીતો છે, એમાં એક ઊંચી ને બીજી નીચી છે. અરે, પ્રાચીન ગ્રંથો તો ઈશ્વરને પામવા જ જોઈએ, એવુંયે નથી કહેતા. વેદો તો સર્જન અને બ્રહ્માંડના રહસ્ય વિશે વિચાર કર્યા કરે છે, શું સાચું ને શું ખોટું, એના જવાબ એની પાસે નથી. એ માત્ર પ્રશ્નો પૂછે છે. વિશ્વના સર્જન વિશે માણસને જે આશ્ચર્ય, જિજ્ઞાસા, પ્રશ્નો છે એનું પ્રતિબિમ્બ વેદોમાં છે."

"ગુરુજી, તમે સાચું કહેતા હશો. પણ આપણે જે સમાજમાં જીવીએ છીએ એનું શું?"

"સમાજ વિશે પણ વેદો બહુ સ્પષ્ટ છે. સામાજિક સંતુલન જાળવવા માટે ચારેય વર્ણની જરૂર છે. જ્ઞાન, વિચાર, માર્ગદર્શન, કાર્ય, સત્તા, નેતૃત્વ, સંપત્તિ, કલા, પ્રેમ… આ બધું અંગના વિવિધ ભાગ જેવું છે. એમાંથી કોઈનું મહત્ત્વ વધુ કે ઓછું નથી. એટલે જ ચાર વર્ણને બ્રહ્માના ચાર અંગ કહેવાય છે. તેં બ્રાહ્મણોને અભિમાનપૂર્વક બોલતાં સાંભળ્યા હશે કે એમનો જન્મ બ્રહ્માના મસ્તકમાંથી થયો છે. ક્ષત્રિયો બ્રહ્માના બાહુમાંથી અને વૈશ્યો બ્રહ્માના સાથળમાંથી જન્મ્યા હોવાનો દાવો કરે છે. અને શૂદ્રો…" કૃપે વાક્ય અધૂરું મૂક્યું.

"મારા જેવા શૂદ્રો બ્રહ્માના પગની પાનીમાંથી જન્મ્યા છે." કર્ણ બોલ્યો.

"કર્ણ, તને એ વાતનું દુઃખ લાગે છે, ખરું ને?" કૃપ ખડખડાટ હસી પડ્યા અને પછી એક ભ્રમર ઊંચી કરીને બોલ્યા, "શાસ્ત્રોમાં આવું લખવા પાછળનો હેતુ એ સિદ્ધ કરવાનો હતો કે દરેક અંગ, દરેક વર્ણનું સરખું મહત્ત્વ છે. પણ જોઈ લે, અત્યારે શું થઈ રહ્યું છે! માથું કહે છે, હું બધાંથી ઊંચું અને મને કોઈની જરૂર નથી. પણ કેવી મૂર્ખતાપૂર્ણ આ વાત છે. હૃદય વિના મસ્તક ટકી શકે? હાથ ન હોય તો શરીર કામ નહીં કરે, અને સાથળ વિના પગ બાકીના શરીર સાથે કઈ રીતે જોડાયેલા રહેશે? પણ મસ્તક કહે છે કે એને પગની જરૂર નથી. કોઈ પ્રકારના પરિશ્રમ કે વ્યાયામ નહીં કરવાને પરિણામે માથું સડી ગયું છે. એણે હૃદયને આદેશ આપી દીધો છે કે પગને મળતા લોહીનો રસ્તો બંધ કરી દો. એટલે સમાજ હતો ત્યાં ને ત્યાં ઊભો રહી ગયો છે. બે હાથ માત્ર પોતપોતાની જગ્યાએ ઝૂલે છે, કોઈવાર એકબીજાને મારે છે. ક્યારેક માત્ર તાળીઓ પાડીને ઘોંઘાટ મચાવે છે. પણ એમાંથી કંઈ અર્થ નથી નીકળતો. મસ્તક થોડી સ્મૃતિઓની રચના કરે છે, અર્થહીન તાત્ત્વિક ચર્ચાઓ અને કર્મકાંડ કરે છે. માનવજાતને ખરેખર ઉપયોગી નીવડે એવું કોઈ સર્જન કરવાનું તો એણે છોડી જ દીધું છે. સાથળને મસ્તક પાસેથી જ્ઞાન, બાહુ પાસેથી રક્ષણ કે પગ પાસેથી હલનચલન નથી મળતા. પરિણામે એ સ્થૂળ, બેડોળ થઈ ગયા છે. પગની પાની સુધી એ લોહી પહોંચવા જ નથી દેતા. કર્ણ, આપણા વર્તમાન સમાજનું આ ચિત્ર છે. મસ્તક એટલે કે બ્રાહ્મણ કહે છે, એને પગના પંજા કે પાની, અર્થાત્ શૂદ્રની જરૂર નથી. પણ પગ વિના એ કેવી રીતે ચાલશે, ક્યાં જશે? એક જગ્યાએ ઊભાઊભા એ નકામાં થઈ જશે."

"પણ ગુરુજી, આપણા દેશમાં મહાન વિદ્વાનો વિચારવંતો થઈ ગયા છે, તમે કહો છો એ સાચું હોય તો..."

કર્ણનું વાક્ય અડધેથી કાપી નાખતાં કૃપ બોલ્યા, "તું ભૂતકાળની વાત કરે છે, પણ વર્તમાનનું શું? પશ્ચિમના બર્બર લોકો બહુ ઝડપથી આગળ વધી રહ્યા છે. અહીં આપણી પાસે હતું એ આપણે ગુમાવી દીધું છે. શાસ્ત્રોને નામે આપણે બહુમતી પ્રજાને અભણ રાખશું, તો ભવિષ્યમાં પેલા જંગલી લોકો આપણા પર શાસન કરશે. જેને આપણે તિરસ્કારથી મ્લેચ્છ કહીએ છીએ, એ એક દિવસ ગાંધાર કે દક્ષિણને સીમાડેથી આપણા પર ધસી આવશે. જોકે એમને માત્ર આપણી સંસ્કૃતિનું ખાલી ખોખું જોવા મળશે. કેન્દ્ર એટલે કે આત્મા તો ક્યારનો સડી ગયો છે. આક્રમણ કરનારા માત્ર એક નાનો ધક્કો મારશે અને આપણી ખોખલી થઈ ગયેલી સંસ્કૃતિ ધરાશાયી થઈ જશે. બહારથી આવેલા એ લોકો પછી આપણા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર બધાં પર રાજ કરશે, સહુને કચડી નાખશે. ત્યારે પણ જોકે પંડિતો એવું જ કહેશે કે, આવો સમય આવવાની આગાહી શાસ્ત્રોમાં થઈ જ હતી. કોઈ એને કલિયુગ જેવું નામ આપશે." કૃપ આટલું બોલીને અટકી ગયા અને આકાશમાં ઘેરાવા લાગેલાં વાદળ સામે જોઈ રહ્યા.

"પણ સ્વામી, કુલધર્મનું પાલન કર્યા વિના મોક્ષ કેવી રીતે મળે?" કર્ણએ પૂછ્યું. આજ પહેલાં પુખ્ત વયની કોઈ વ્યક્તિએ એની સાથે આવા ગંભીર પ્રકારની ચર્ચા નહોતી કરી.

"આ પણ બીજી ગૂંચવણ ઊભી કરાઈ છે. મોક્ષ એટલે શું? જીવનમાં આનંદ પ્રાપ્ત કરવો એનાથી કંઈ વધુ કે ઓછું નહીં. બાકી બધી ધારણાઓ, તુક્કા છે. તારે મારા મિત્ર ચાર્વાકને મળવું જોઈએ. મારા કરતાં એ તને વધુ સારી રીતે સમજાવી શકશે. તને લાગતું હોય કે, કુશળ યોદ્ધો બનવામાં જ તને સુખસંતોષ મળશે, તો તારે એ માટે જ પ્રયાસ કરવો જોઈએ. એમાં પછી તારા ચિત્તમાં નાનકડીયે શંકાને સ્થાન નથી. લક્ષ્યપ્રાપ્તિનો અને એમાંથી પ્રાપ્ત થતા મોક્ષનો તારો માર્ગ કોઈ ગુરુ કે શાસ્ત્ર રોકી નહીં શકે." આવું કહીને કૃપે કર્ણ તરફ સ્મિત આપ્યું. આ બાળકમાં એટલી શક્તિ છે? એમને વિચાર આવી ગયો.

“પરંતુ મારા વર્ણને કારણે કોઈ મને શિષ્ય તરીકે નહીં સ્વીકારે.” કર્ણ માટે અંતિમ સત્ય આ જ હતું, જે એણે ફરીથી કહી નાખ્યું.

“ઓહ વસુષેણ કર્ણ! મેં તને તારા વર્ણના આધારે નહોતો હડધૂત કર્યો. મેં જે કિંમત માંગી એ ચૂકવવા તું તૈયાર નહોતો. મને ધનની લાલચ નથી. નીચે જમીન અને ઉપર આકાશ મારા માટે પૂરતા છે. પણ યાદ રાખ, જીવનમાં દરેક વસ્તુનું મૂલ્ય ચૂકવવું પડે છે. તારી પાસે જેટલા પૈસા હોય, એ લઈને આવતીકાલે મારી પાસે આવજે. હું તને ભારતનો યોદ્ધો બનવાની વિદ્યા શીખવાડીશ.”

“પણ મારા પિતા પાસે એટલી મૂડી નથી.”

“શક્ય હોય એટલું લઈ આવ. આ એક પાઠ ક્યારેય ભૂલતો નહીં કે, જીવનમાં બીજી બધી વસ્તુઓની જેમ જ જ્ઞાન પણ એટલું જ મળશે. જેટલું મૂલ્ય તું ચૂકવી શકશે. બોલ કર્ણ, તું શું આપીશ?” કૃપે કહ્યું. એ કર્ણની પરીક્ષા લઈ રહ્યા હતા.

“હું તમારો સેવક બનીને રહીશ.” કર્ણએ કહ્યું.

“સેવક... હાહાહા... તારા જેવડો છોકરડો મારું શું કામ કરવાનો? લાગે છે તને વિદ્યા જોઈએ છે, પણ મૂલ્ય નથી આપવું. તું કદાચ મને ક્રૂર કહેશે, પણ હું સાચેસાચું કહી દેવામાં માનું છું. ગોળગોળ વાત કરવાની મને ટેવ નથી. મારો સ્વાર્થ હું છુપાવતો નથી. તને એવા ઘણાં લોકો મળશે જે તને વિના સ્વાર્થે, ઘણું બધું આપવાની વાત કરશે. પણ એમનાથી સહુથી વધુ ભય રાખજે. તને સહુથી વહાલી ચીજ એ ઝૂંટવી જશે. એમની માંગણીઓ એવા સમયે આવશે જ્યારે તું લાચાર હશે. ત્યારે તું મને યાદ કરશે. કમભાગ્યે તારા જેવા લોકોને મારા જેવા ગુરુ નથી ગમતા. તમારું જીવન જ તમને પાઠ ભણાવશે. તું તારા પિતાનું ધન ખર્ચવા માટે તૈયાર નથી અને મને કામ લાગી શકે એવી બીજી કોઈ વસ્તુ તારી પાસે નથી. એટલે હવે એક જ રસ્તો બાકી રહે છે. જે બેપાંચ સિક્કા તારી પાસે હોય એ કાલે લઈ આવજે. બદલામાં હું તને બ્રાહ્મણની જેમ વર્તતાં શીખવાડીશ.”

“પણ મારે પંડિત-પૂજારી નથી બનવું.”

“ફરીથી મૂર્ખ જેવી વાત કરી ને! તું જાણે છે, ભારતમાં અત્યારે સહુથી મોટો, મહાન યોદ્ધો કોણ છે? ભીષ્મ, દ્રોણ કે હું નહીં. દક્ષિણમાં દૂરદૂર બ્રાહ્મણોની એક વસ્તી છે. એવું કહેવાય છે કે, હજારો વર્ષ પહેલાં મહાબલિ નામનો પ્રતાપી અસૂર રાજા, સાગરો પર રાજ કરતો હતો. એને પરાજિત કરીને વામન વિષ્ણુએ બ્રાહ્મણોનું શાસન સ્થાપ્યું. ઘણાં સમય પછી બીજો એક શક્તિશાળી અસૂર સમ્રાટ રાવણ આવ્યો. જેણે આ શાસન ઉખાડીને ફેંકી દીધું. કમભાગ્યે પછી પોતાના જ ભાઈ વિભીષણે કરેલા વિશ્વાસઘાતને પરિણામે યુદ્ધભૂમિમાં રાવણનું મૃત્યુ થયું. વિભીષણે વિખેરાઈ ગયેલા બ્રાહ્મણોને ફરીથી એકત્રિત કર્યા. ગોકર્ણથી કન્યાકુમારી સુધીની ભૂમિ પર એમનું શાસન સ્થપાયું. એ પછી હજારો વર્ષથી અસૂરભૂમિ પર બ્રાહ્મણો લોખંડી હાથે રાજ કરતા આવ્યા છે. છૂટાછવાયા અસૂર રાજાઓ માત્ર નામના શાસક છે. વાસ્તવિકતામાં એમનું અસ્તિત્વ કઠપૂતળીઓથી વિશેષ નથી. એક સમયે જેની કલ્પના પણ અશક્ય હતી, એવી અમાનવીય જ્ઞાતિપ્રથા, વર્ણવ્યવસ્થામાં હવે આપણે જીવીએ છીએ. તને અહીં સૂત તરીકેનું જીવન કઠિન લાગે છે, પણ પરશુરામ ક્ષેત્રમાં અસ્પૃશ્યોની સ્થિતિ તેં જોઈ નથી. એ ભૂમિ બહુ સુંદર છે, પણ વિશ્વની બીજી અનેક સુંદર વસ્તુઓની જેમ એ ભૂમિમાં પણ હળાહળ ઝેર છે.”

“પરશુરામ! પણ એ તો હસ્તિનાપુરના શત્રુ છે... એમની પાસે હું કઈ રીતે...?”

“કર્ણ, વિદ્યા જોઈતી હોય તો શ્રેષ્ઠ ગુરુ પાસે જવું જોઈએ. દક્ષિણ રાજ્યોનો જે સંઘ છે, એના નેતા ભાર્ગવ પરશુરામથી ચઢિયાતો કોઈ યોદ્ધો આજે ભારતભરમાં નથી. પરશુરામ તરીકે

ઓળખાતા બ્રાહ્મણો, ઇતિહાસના ઉદયકાળથી મહાન યોદ્ધા તરીકે પંકાયા છે. પ્રાણની પરવા કર્યા વિના એ રણભૂમિમાં કૂદી પડે છે. પોતાના ધર્મ અને કાયદાનું રાજ સ્થાપવા માટે એ વારંવાર ઉત્તરનાં રાજ્યો પર આક્રમણ કરતા રહ્યા છે. શ્રીરામે એકવાર એને પરાજિત ન કર્યા હોત તો પરશુરામે ગંગા, યમુનાના પટ પરથી ક્ષત્રિયોનો સંપૂર્ણ નાશ કરી નાખ્યો હોત. છેલ્લે એમણે કાશીની રાજકુમારી અંબાને મુદ્દે ભીષ્મ સામે યુદ્ધ કર્યું હતું. ત્યાં જોકે છેવટે સમાધાન થયું અને અત્યાર સુધી શાંતિ રહી છે. જોકે એ વખતે પરશુરામે લગભગ આખું ઉત્તરાજનપાદ સર કરી લીધેલું. હજી આજે પણ ભારતના બીજા રાજાઓ પરશુરામના નામથી ફફડે તો છે જ. પરશુરામ અને એમના અનુયાયીઓને મન આપણી વર્ણવ્યવસ્થા હજી જોઈએ એટલી મજબૂત નથી, અને આપણા ધર્મમાં હજીયે અશુદ્ધિઓ છે. એવા એ પરશુરામ મારા અને દ્રોણના ગુરુ હતા. એ માત્ર બ્રાહ્મણોને અને દક્ષિણ રાજ્યોના રાજકુમારોને શિષ્ય તરીકે સ્વીકારે છે."

આ સાંભળીને કર્ણના ચહેરા પર આવી ગયેલી હતાશા જોઈને કૃપ ખડખડાટ હસી પડ્યા. એમણે કહ્યું, "હું તને બ્રાહ્મણની જેમ વર્તતાં શીખવાડીશ અને દક્ષિણાની બાબતમાં તું નચિંત રહેજે. પરશુરામ કોઈની પાસેથી કંઈ લેતા નથી. તારું ઘર, તારા પિતાનો ઘોડો, ગાડું બચી જશે. પણ તને એક ચેતવણી આપી દઉં – ભવિષ્યમાં તારે આ વિદ્યાની બહુ ભારે કિંમત ચૂકવવી પડશે, અને એ વળતર સોનાચાંદીના સિક્કામાં નહીં હોય. પણ જવા દે, મને એની સાથે શું લેવાદેવા!"

"પણ ગુરુ, એ છેતરામણી નહીં કહેવાય?"

"કર્ણ, છેતરામણી તો અત્યારે ભાર્ગવ કરી રહ્યા છે. શાસ્ત્રોનું અર્થઘટન એ અત્યંત સંકુચિત દૃષ્ટિએ કરે છે. કમભાગ્યે નજીકના ભવિષ્યમાં એક યા બીજે દિવસે, પરશુરામ કે એમનો કોઈ શિષ્ય આખા દેશ પર એમનું શાસન ચલાવશે. ભૂતકાળમાં થઈ ગયેલા મહાન ઉદાર રાજાઓ અને રાજકુમારોએ સ્થાપિત કરેલા માનવીય મૂલ્યોને પરશુરામના શિષ્યો પગ તળે કચડી નાખશે! ભવિષ્ય બહુ અંધકારમય ભાસે છે."

"સ્વામી, મને તો તક્ષકનો ભય વધુ મોટો લાગે છે."

કર્ણની બુદ્ધિ પર માન થયું હોય એમ સ્મિત આપતા કૃપ બોલ્યા, "તક્ષક અને ભાર્ગવ એક સિક્કાની બે બાજુ છે. તારામારા જેવા સામાન્ય માણસો આ બે ગાંડા લોકોના ટોળાની વચ્ચે ચગદાઈ મરશું. આ વિશ્વમાં ભાર્ગવ અને તક્ષક જેવા લોકો ક્યારેય મરતા નથી. જુદાજુદા સમયે, જુદાજુદા રૂપમાં એ જન્મતા રહે છે. એમાંથી કોઈ ત્રાટકશે ત્યારે હસ્તિનાપુરને યોદ્ધાઓની જરૂર પડશે. એ વખતે કોઈ વર્ણ કે કુળ નહીં પૂછે. કર્ણ, તું જે કરશે એ આપણા બધા માટે હશે. જા હવે અને કાલ પરોઢિયે આવી જજે. આપણે ગાયત્રીમંત્રથી સૂતને બ્રાહ્મણ બનાવવાની પ્રક્રિયાનો આરંભ કરશું."

આમ કહીને કૃપ ત્યાંથી જતા રહ્યા, પણ કર્ણ પછી લાંબો સમય ત્યાં ઊભો રહ્યો. એના મનમાં જાતજાતની લાગણીઓનું ઘમાસાણ મચી ગયેલું. પહેલાં એ બ્રાહ્મણ બનશે, પછી ક્ષત્રિય. કંઈ પણ બનવાનું શક્ય હતું. કૃપાચાર્યના શબ્દોએ એ સૂતપુત્ર માટે શક્યતાનાં કેટલાંયે દ્વાર ખોલી નાખેલાં.

વ્યંઢળનો પડકાર

"આજે આણે શું તોફાન કર્યું છે?" સુયોધન પરથી દૃષ્ટિ ખસેડ્યા વિના ભીષ્મએ વિદુરને પૂછ્યું.

વિદુર જવાબ આપે એ પહેલાં કક્ષમાં કુંતી ધસી આવી. એની સાથે ધૌમ્ય અને થોડા પૂજારીઓ હતા. વિદુર એટલું જાણતા હતા કે ધૌમ્યના નેતૃત્વ હેઠળ આ પૂજારીઓ કુંતીને મળવા ગયેલા. પણ પછી કુંતી એમની સાથે ભીષ્મ પાસે પહોંચી જશે એવું એમણે નહોતું ધાર્યું.

ધૌમ્યએ આવતાંની સાથે કૃપની વિરુદ્ધમાં ફરિયાદોનું પોટલું ખોલ્યું. થોડીવાર તો ભીષ્મે સાંભળ્યું, પણ પછી એમની ધીરજનો અંત આવી ગયો. એમણે નમ્ર પણ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે, દેશમાં દરેક વ્યક્તિને વિચારસ્વાતંત્ર હતું. વ્યાસ જેવા મહાજ્ઞાનીઓ પણ કૃપ અને ચાર્વાકની પ્રશંસા કરતા હોય, તો બીજા શું બોલી શકે! બ્રાહ્મણોને છૂટ હતી કે એ કૃપ સામે જઈને એને ચર્ચા અને દલીલો દ્વારા હરાવી દે.

આ સાંભળીને કુંતી ઉકળી પડી, "પિતામહ, તમે જેનાં નામ લીધાં, એ લોકો ધર્મનો લોપ કરી રહ્યા છે."

ભીષ્મએ શાંત અવાજે કહ્યું, "પુત્રી, આપણો ધર્મ સનાતન છે. કોઈ એનો નાશ નહીં કરી શકે. હા, સમય અનુસાર બદલાતા સમાજ અને લોકોને લક્ષમાં રાખીને ધર્મના રૂપ અને અર્થઘટનમાં ફેરફાર થતા રહે છે. કોઈ તો એવું પણ કહે છે કે આપણા પંડિતો, પૂજારીઓ ધર્મને ગૂંગળાવીને જરૂર શાસ્ત્રીય વચનોને તોડી મરડીને એનો નાશ કરી રહ્યા છે. પણ હું વ્યાસ, કૃપ કે ચાર્વાક જેવો જ્ઞાની પંડિત નથી. હું તો એક સામાન્ય સૈનિક છું. પણ મારી મર્યાદિત વિવેકબુદ્ધિના આધારે હું ચાર્વાક નહીં પણ કૃપાચાર્ય સાથે સહમત થાઉં છું, જોકે હું મારી માન્યતાઓ કોઈના માથે થોપતો નથી અને બીજાને પણ આ અધિકાર નથી."

"પણ પિતામહ..." કુંતીને આગળ બોલતી અટકાવીને ભીષ્મ બોલ્યા, "કુંતી, વ્યર્થ ચર્ચાઓ કરીને મારો અને તમારો સમય બગાડવાનો અર્થ નથી. તમારે માથે પાંચ સંતાન ઉછેરવાની મોટી જવાબદારી છે. તેમ છતાં તમને રાજકારણમાં રસ હોય તો તમારા જેઠ ધૃતરાષ્ટ્રને શું કામ મદદ નથી કરતા? દેખતા માણસ માટે પણ આ દેશ ચલાવવાનું આસાન નથી."

કુંતી અને બ્રાહ્મણો ધૂંઆપૂંઆ થતાં ત્યાંથી નીકળી ગયાં. ભીષ્મએ પછી કક્ષના એક ખૂણે નીચું માથું રાખીને ઊભેલા સુયોધન ભણી જોયું. "પુત્ર, સત્યનો હંમેશાં વિજય થાય છે. એની સાથે આંખ મેળવવાનું શીખો." અને પછી વિદુર સામે જોઈને પૂછ્યું, "આને અહીં કેમ લાવવો પડ્યો?"

વિદુરે જવાબ આપ્યો, "આ પિતરાઈ ભાઈઓ સતત ઝઘડ્યા કરે છે. વિકર્ણએ ભીમને જાડિયો કીધો, તો ભીમે એનો હાથ મરડી નાખ્યો. ત્યાં આવી પહોંચેલા સુયોધન અને સુશાસનને પણ ભીમે બરાબર મઠોર્યા. પરંતુ પછી આ લોકોએ છુપાઈ જઈને ભીમને ગાફેલ રાખ્યો અને લાગ જોઈને એના પર તૂટી પડ્યા. હું ત્યાં સમયસર ન પહોંચ્યો હોત તો આજે આ ભાઈઓ ભીમને સ્વર્ગે પહોંચાડી દેત."

"પિતામહ, અમે તો રમતા હતા." સુયોધને બચાવનો પ્રયાસ કર્યો, પણ ભીષ્મનો અવાજ કઠોર થઈ ગયો, "ભાઈને મારી નાખવાનો પ્રયાસ, રમત કહેવાય?"

"પણ પિતામહ, એ લોકો હંમેશાં અમને ભાઈબહેનોને મહેણાંટોણાં માર્યા કરે છે, સેવકો

સાથે ક્રૂરતાભેર વર્તે છે, સ્વાર્થી છે, અમારા પિતાને આંધળો કહે છે…"

સુયોધનની ફરિયાદો પર ધ્યાન આપ્યા વિના ભીષ્મ બોલ્યા, "જે હોય તે, પણ એનો અર્થ એવો નહીં કે તમે અંધારામાં છુપાઈને એના પર આક્રમણ કરો. સાચા ક્ષત્રિય સામી છાતીએ લડે. શરીરની સાથે મનને પણ મજબૂત બનાવવું જરૂરી છે."

સુયોધન પાછું નીચું જોઈ ગયો. એને અત્યારે બધાં પર ગુસ્સો આવી રહ્યો હતો.

"સાંભળ, સુયોધન" ભીષ્મનો અવાજ કોમળ થઈ ગયો. "એક દિવસ તું આ દેશ પર રાજ કરીશ. મિત્ર અને શત્રુની ઓળખ કરતાં તારે શીખવું પડશે. દ્રોણાચાર્ય પણ તારી ફરિયાદ કરે છે કે, તું વર્ગમાં ધ્યાન આપવાનો બદલે દિવાસ્વપ્નોમાં ખોવાયેલો રહે છે. ગમે તે સમયે નગરની ગલીઓમાં રખડવું, જેવા તેવા લોકો સાથે વાતો કરવી, અસ્પૃશ્યો અને હલકી વર્ણના લોકોના ઘરમાં પહોંચી જવું, આ બધું એક ક્ષત્રિય રાજકુમારને શોભતું નથી. બ્રાહ્મણો અને વિદ્વાનોને આદર આપો. કૃપાચાર્ય અને ચાર્વાકની આસપાસ ફરનાનું બંધ કરો. એમના વિચારો તને કામ નહીં લાગે. રાજાએ બધાંને સાંભળવા પણ અંતિમવાદીઓથી અંજાઈ ન જવું. દ્રોણ અને ચાર્વાકની શિખામણો આદરભેર સાંભળી લેવી, પણ પછી સમાજ અને રાષ્ટ્રનું ભલું શેનામાં છે એ વિચારીને નિર્ણય કરવો. જે બોલાય છે એ બધું સાચું નથી હોતું. સત્ય પણ બદલાય છે. આ સમજી લેવામાં ડહાપણ છે. તો જ તું સારો રાજા બની શકીશ."

"પરંતુ, આસપાસ કેટલાં દુઃખ છે એ તો જુઓ. તમે બધું સમજી વિચારીને આટલાં વર્ષ રાજ ચલાવ્યું છે, તો પછી હજીયે શું કામ આપણા રાજ્યમાં આટલા બધા લોકો પશુની દશામાં જીવે છે?"

સુયોધને પૂછેલા પ્રશ્નથી વિદુર હેબતાઈ ગયા. એમણે પોતે પણ ક્યારેય ભીષ્મને આવું પૂછવાની ધૃષ્ટતા નહોતી કરી.

ભીષ્મ લાંબો સમય સુયોધન સામે તાકી રહ્યા. છેવટે એમના વૃદ્ધ ચહેરા પર સ્મિતની રેખા ખેંચાઈ. "પુત્ર, આવું બોલીને કોઈવાર તું તારી જ જાતને નુકસાન કરી બેસીશ. તને શું લાગે છે, મેં આ સમાજ બનાવ્યો છે? ના, મને તો એ વારસામાં મળ્યો છે. હું મારું કર્મ કરું છું. બને તેટલું ન્યાયી શાસન કરવાની એક ક્ષત્રિય તરીકેની મારી ફરજ છે, એ હું નિભાવું છું. રાતોરાત વિશ્વને બદલી નાખવાના મોટાં સપનાં હું નથી જોતો. આપણે ત્યાં જે વર્ણવ્યવસ્થા, જ્ઞાતિભેદ અને બીજા ભેદભાવ છે, એ મારા જન્મ પહેલાંની સદીઓથી ચાલ્યા આવ્યા છે. સમાજની રગેરગમાં ભળી ગયેલા અવગુણો એક દિવસ કે એક વરસમાં નથી નીકળી જવાના. પુત્ર, હું સમાજસુધારક નથી. હું એટલો જ પ્રયાસ કરું છું કે, જન્મથી દરિદ્ર શોષિત રહેલા લોકો વધુ દુઃખી ન થાય, સત્તાધીશોના મગજમાં વધુ રાઈ ન ભરાઈ જાય. તારા પિતા રાજા છે, પણ રાજકારભાર ચલાવવાનો બોજ મેં વર્ષોથી મારા ખભે ઉપાડ્યો છે. આ સહેલું નથી. તારા પિતા અને કુંતીએ માત્ર સત્તાથી મળતા લાભ જોયા છે."

સુયોધન સાંભળી રહ્યો. ભીષ્મ આજે જાણે ભવિષ્યના રાજાને આ બધું કહી રહ્યા હતા. "નસોમાં યુવાન લોહી ધગધગતું હોય ત્યારે માણસ દુનિયા બદલી નાખવાના અશક્ય સપનાં જુએ છે. પણ એ જ સપનાં પછી બહુ દુઃખી કરે છે. સુયોધન, અત્યારે વિધાર્થી તરીકે તારો ધર્મ છે વિધાગ્રહણ. સપનાં જો, પણ પગ ધરતી પર રાખજે. કૃપ, દ્રોણ કે ચાર્વાકના વિચારોને તારા પર ભારે નહીં પડવા દેતો. શકુનિથી અંતર જાળવજે. તને આંધળાનો પુત્ર કહેનારને ક્ષમા આપી દેજે. એમની પાસે તને નીચો પાડવા માટે બીજું કંઈ નથી, એટલે આવું બોલે છે."

સુયોધનના ગયા પછી ભીષ્મ બારીની બહાર તાકી રહ્યા. દૂર પશ્ચિમમાં જ્યાં રણ હતું ત્યાં તોફાનનાં વાદળ બંધાઈ રહ્યાં હતાં. કંઈક અશુભ થવાના સંકેત હતા. ભીષ્મના ચહેરા પર વળી રહેલી કરચલીઓને વિદુર જોઈ રહ્યા. હસ્તિનાપુર પર શાસન કરવાનું વધુ ને વધુ કઠિન થઈ

રહ્યું હતું. પરિવારમાં અંદરોઅંદર થઈ રહેલા ઝઘડા એ બંનેને દુઃખી કરતા હતા.

અચાનક ભીષ્મએ વિદુર સામે જોઈને રમૂજના ભાવે પૂછ્યું, "વિદુર, મારા દીકરા, તું કેમ આટલો હતાશ દેખાય છે?"

"પિતામહ, શકુનિ આપણા રાજકુમારોને બગાડી રહ્યો છે. એને આપણે ગાંધાર પાછો નહીં મોકલી દઈએ તો આખા દેશનું સત્યાનાશ કાઢી નાખશે."

"અરે, શકુનિને એટલું મહત્ત્વ આપવાની જરૂર નથી. દૂર ડુંગરાની વચ્ચે રહેલું એનું ટચૂકડું ગાંધાર આપણું શું બગાડી શકવાનું? ના, મને તો આપણી આસપાસના લોકોથી વધુ ભય લાગે છે. બહુ મોટી કિંમત ચૂકવીને આપણે પરશુરામ સાથે સંધિ કરી હતી, પણ હવે એ કરવા બદલ પસ્તાવો થાય છે. અલબત્ત ત્યારે આપણી પાસે બીજો કોઈ રસ્તો નહોતો. સંધિ ન કરી હોત તો મારે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા તોડીને કાશીરાજની પુત્રી સાથે વિવાહ કરવા પડ્યા હોત. શું નામ હતું એનું?"

વિદુરને મૌન સાધવામાં વધુ ડહાપણ લાગ્યું. ભીષ્મ ઘણીવાર પોતાની જાત સાથે વાતો કરતા હોય, એમ ભૂતકાળને યાદ કરી લેતા. વર્ષો પહેલાં કાશી પર આક્રમણ કરીને, એને પરાજિત કરીને ભીષ્મ ત્યાંથી પોતાના સાવકા ભાઈ માટે ત્રણ સુંદર રાજકુમારીનું હરણ કરી લાવેલા. અંબા, અંબિકા અને અંબાલિકાને એમણે વિચિત્રવીર્ય સાથે પરણાવવાનું નક્કી કરી નાખેલું. પણ એમાં સહુથી મોટી અંબા, શાલ્વના રાજકુમાર સાથે પ્રેમમાં હતી. આ ખબર પડતાંની સાથે ભીષ્મે એને શાલ્વ મોકલી દીધી. પરંતુ ત્યાંનો રાજકુમાર ભીષ્મના હાથે થયેલો એનો પરાજય અને અપમાન ભૂલ્યો નહોતો. એણે ભીષ્મ પાસેથી પાછી આવેલી અંબાનો સ્વીકાર કરવાની ના પાડી દીધી. અંબાએ હસ્તિનાપુર પાછા ફરીને, પોતાની સાથે વિવાહ કરવા માટે ભીષ્મને પ્રાર્થના કરી. પરંતુ ભીષ્મએ પોતાના મૃત પિતાની સામે આજીવન બ્રહ્મચારી રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી. પરિણામ એમણે કાશીની રાજકુમારીને નકારી દીધી.

હતાશ થઈ ગયેલી અંબા પિતાના રાજમાં પાછી ફરી, પરંતુ ત્યાં પણ હવે એના માટે જગ્યા નહોતી. ચારેબાજુથી હડધૂત થયેલી અંબા વિશે પરશુરામના ગુપ્તચરોએ જાણકારી મેળવી અને હસ્તિનાપુર પર ચઢાઈ કરવાની યોજના ઘડાઈ ગઈ.

"મારે એની સાથે સમાધાન નહોતું કરવું જોઈતું." વિદુરે ભીષ્મના મોઢેથી અનેકવાર આ વાક્ય સાંભળ્યું હતું. આજે એનું પુનરાવર્તન થઈ રહ્યું હતું.

"આપણી પવિત્ર, પ્રાચીન ભૂમિ પર જ્ઞાતિભેદનું દૂષણ પ્રસરતું જાય છે. મને શરમ આવે છે કે, એ વખતે છેલ્લા શ્વાસ સુધી મેં ભાર્ગવ પરશુરામ સાથે લડી ન લીધું. એણે એના માણસો સાથે મળીને આપણા દેશની કેવી દુર્દશા કરી નાખી! સમાનતાના સિદ્ધાંતો પર રાજ કરનારા મહાબલિ અને રાવણ જેવા શક્તિશાળી અસૂર રાજાઓ ક્યાં ગયા? એમના વંશજો હવે બ્રાહ્મણોની મૂઠીમાં છે. પ્રતાપી રાજા રામને પણ કદાચ ખ્યાલ નહોતો કે, અંતિમ અસૂરરાજ રાવણને મારીને એમણે દક્ષિણના લોકોની કેવડી મોટી કુસેવા કરેલી. રામે પોતે ત્યાં શાસન કર્યું હોત તો કદાચ દૂષણોને ઊગતા જ ડામી દેવાત. પણ એમણે તો દક્ષિણનો હવાલો વિભીષણ અને પરશુરામના કબીલાને સોંપી દીધો. જોઈ લ્યો, સદીઓથી ગુલામ રહેવાને ટેવાઈ ગયેલા લોકો આજે કઈ હદે ઊતરી પડ્યા છે!"

વિદુરને કહેવાની ઇચ્છા તો બહુ થઈ ગઈ કે અહીં હસ્તિનાપુરમાંયે કંઈ પરિસ્થિતિ બહુ સારી નહોતી. દ્રોણે કરેલું અપમાન હજી એને ચચરી રહ્યું હતું. પણ એમણે મૌન સાધ્યું.

વગર બોલ્યે ભીષ્મ જોકે વિદુરના મનની વાત જાણી ગયા. સસ્મિત વદને એ બોલ્યા, "જાણું છું, તું શું વિચારે છે. પણ વિદુર, તેં હજી દુનિયા નથી જોઈ. અહીં તું મારો ભત્રીજો હોવા છતાં શૂદ્ર ગણાય છે, કારણકે તારી માતા મહેલમાં દાસી હતી. જ્ઞાની હોવા છતાં તારે

લોકોના મ્હેણાં સાંભળવા પડે છે. કુંતી અને એના બ્રાહ્મણ સલાહકારોને તું નથી ગમતો એટલે તને હસ્તિનાપુરમાં જીવવું આકરું લાગે છે. પણ પરશુરામના નિયમો પ્રમાણે જ્યાં રાજ ચાલે છે, એ પ્રદેશોમાં જઈને એકવાર જોઈ લે કે શૂદ્રોની શું સ્થિતિ છે. પછી તને હસ્તિનાપુર બહુ સારું લાગશે. મદુરાઈ કે મુઝારિસમાં આપણી રાજધાની હોત તો ગામની બહાર તું અભણ, અસ્પૃશ્ય, દરિદ્ર દશામાં કોઈ ઢોરની જેમ જીવતો હોત. મહેલમાં ભૂલેચૂકેય તારો પ્રવેશ થાત તો મારે ગૌમૂત્ર અને છાણથી ખૂણેખૂણાનું શુદ્ધિકરણ કરવું પડ્યું હોત. પરશુરામને એટલે તો આપણા પર ગુસ્સો આવે છે કે, હસ્તિનાપુરમાં એના કાયદાનું પાલન નથી થતું.”

સાંભળીને વિદુરના અંગેઅંગમાં રોષ અને પીડાની લહેર ફરી વળી. ફરી એકવાર ભીષ્મએ એનું કુળ યાદ કરાવી દીધેલું. વિદુરના જ્ઞાન, મહેનત, રાજ્યભક્તિની કોઈ કિંમત જ નહોતી? ભીષ્મએ માત્ર પોતાની ઉદારતા સાબિત કરવા ખાતર વિદુરને મહા અમાત્ય બનાવ્યો હતો? આખરે એનું સ્થાન દયા પર જીવતા શ્વાનથી વધુ નહોતું. એ ઘડીએ વિદુરે એની નોકરી, એના સ્વામી પર ભયાનક તિરસ્કાર અનુભવ્યો.

ભીષ્મ પોતાના વિચારોમાં મગ્ન હતા. “પરશુરામે આપણી સામે લડવા માટે અંબાને તો માત્ર એક નિમિત્ત બનાવેલી, પણ આ મુદ્દે એણે આપણા મિત્રોને આપણા શત્રુ બનાવી દીધા. વિંધ્યનાં જંગલોમાં અમે જે યુદ્ધ કરેલું, એ યાદ કરીને આજે પણ કમકમાટી આવી જાય છે. સદીઓથી ત્યાં શાંતિભેર જીવતા નાગ, નિશાદ, કિરાત, વાનર આ બધીયે જાતિના લોકોનું પરશુરામે નિકંદન કાઢી નાખ્યું, કારણકે એ બાપડાં નીચા વર્ણમાં જન્મેલાં. પરશુરામ સાથે સમાધાન કર્યા વિના મારો છૂટકો જ નહોતો.”

“તમે અંબા સાથે લગ્ન કરીને આ વિનાશ ટાળી શક્યા હોત.” મનમાં આવી ગયેલો આ વિચાર વિદુરે હોઠ સુધી આવવા ન દીધો, પણ ફરી એકવાર ભીષ્મ સમજી ગયા. એમણે માથું ધુણાવ્યું. “લગ્ન કરવાનું શક્ય જ નહોતું. હું ગંગાદત્ત હતો. બ્રહ્મચર્યની પ્રતિજ્ઞાએ મને ભીષ્મ નામ આપ્યું. એ હું કઈ રીતે છોડી દઉં? મારે સમાધાન કરવું જ પડ્યું. પરશુરામની વિચારધારામાં માનતા બ્રાહ્મણોને હસ્તિનાપુરમાં પ્રવેશ આપવો પડ્યો. એક સમયે આપણે ત્યાંથી જે વર્ણપ્રથા નાબૂદ થઈ ગયેલી, એ પાછી આવી. તું જાણે છે મારા પિતાએ જ્યારે માછીમારની પુત્રી સાથે લગ્ન કર્યા, ત્યારે થોડો ગણગણાટ થયેલો, પણ જાહેરમાં કોઈ મોટો વિરોધ કે કાગારોળ નહોતા થયા. જોકે કોઈ બોલ્યું હોત તોયે માતા સત્યવતીને અસર નહોતી થવાની. મારી એ સાવકી માતામાં હતું એટલું આત્મબળ અને ઇચ્છાશક્તિ મેં બીજી કોઈ સ્ત્રીમાં આજ સુધી જોયું નથી. એ ખરેખર મહાન સ્ત્રી હતી. પરશુરામને સ્વીકારવું નહીં ગમે, પણ વાસ્તવિકતા એ છે કે કુરુવંશનો આરંભ એક માછી સ્ત્રીના ગર્ભમાં થયો હતો. રાજાએ માછણ સાથે લગ્ન કર્યા હતા. આજે આવું થઈ શકે? સમય બદલાયો છે, વધુ ખરાબ થયો છે. ક્યાંક એમાં મારો પણ ફાળો છે, એ વિચાર મારી ઊંઘ ઉડાડી દે છે.”

પવનની લહેરખી કક્ષમાં થોડી ધૂળની સાથે, બગીચામાં રમતાં બાળકોનો કલબલાટ પણ લઈ આવી.

“ક્યારેક એવુંયે થાય છે કે, થોડા વધુ નિશાદ અને નાગનો ભોગ આપીને પણ યુદ્ધ ચાલુ રાખ્યું હોત તો સારું થાત. પણ હું માની બેઠો કે પરશુરામના ગયા પછી આમાંથી થોડા જીવ તો બચી જશે. પરશુરામને પોતાનો શબ્દ પાળ્યો પણ ખરો. યુદ્ધવિરામ પછી એ તો દક્ષિણ-પશ્ચિમમાં આવેલા એમના પ્રદેશમાં જતા રહ્યા, પણ પાછળ ક્યારેય ન ભૂંસાય એવી કડવાશ મૂકતા ગયા. એમાંથી તક્ષક જેવા અશુભ તત્ત્વનો જન્મ થયો.”

તક્ષકનું નામ સાંભળતાની સાથે વિદુર પોતાના વિચારોમાંથી જાગ્યા. “એ રાતે તક્ષકે આપણા પર આક્રમણ કર્યું, ત્યારે કોણે એને મદદ કરી હશે, એ હું જાણું છું.”

વિદુરની વાત જાણે સાંભળી જ ન હોય એમ ભીષ્મ બારીની બહાર જોઈ રહ્યા. વિદુરે થોડા મોટા અવાજે કહ્યું, "મને લાગે છે રાજકુમાર શકુનિએ એ રાતે તક્ષકને સહાય કરેલી."

"શકુનિ?" ભીષ્મના ચહેરા પર આશ્ચર્ય છવાઈ ગયું. "કોઈ પુરાવો છે?"

વિદુરની જીભ સહેજ થોથવાઈ ગઈ. પુરાવા તો ક્યાંથી કાઢવા? "મેં એને પશ્ચિમ દિશામાં ચહેરો રાખીને પ્રાર્થના કરતો જોયેલો." આ સાંભળીને ભીષ્મનું આશ્ચર્ય વધ્યું. "પશ્ચિમમાં જોઈને પૂજા-પ્રાર્થના કરનારા બધાં રાષ્ટ્રદ્રોહી ગણાઈ જાય? વિદુર, આપણે ત્યાં લોકોને પોતાની ઇચ્છા પ્રમાણે ઈશ્વરને યાદ કરવાની સ્વતંત્રતા છે. ચાર્વાક જેવા લોકો તો પ્રાર્થના કરવામાં જ નથી માનતા. તું આ કેવી વાત લઈને બેસી ગયો!"

"પણ મેં એને એક ઘાયલ નાગ સૈનિકને મદદ કરતા પણ જોયેલો. મારું મન કહે છે કે શકુનિ આપણા પક્ષમાં નથી." વિદુરે છેવટે આટલું કહેવાની હિંમત કરી નાખી.

ભીષ્મએ નજીક આવીને વિદુરના ખભે હાથ મૂક્યો. પછી નાના બાળકને સમજાવતા હોય એમ બોલ્યા, "પુત્ર, તું વધુ પડતું કામ કરે છે. તને થોડા વિશ્રામની જરૂર છે. તું જાણે છે, તક્ષક કોણ છે?"

"આતંકવાદી છે." વિદુરે તરત કહ્યું.

"તક્ષક અને એના માણસો તોફાન મચાવે છે, પણ એ આતંકવાદી નથી. નાગપ્રજાએ રાજ્ય સામે બળવો કર્યો, એની પાછળ આપણે જવાબદાર છીએ. રાજા અને રાજ્યની ફરજ છે કે નબળા, નિસહાયનું રક્ષણ કરે. બળવાનના અત્યાચાર રોકે. જો આમ ન થાય તો અંતે એ કચડાયેલો વર્ગ વિદ્રોહ કરશે. એમાંથી તક્ષક જેવા લોકો પેદા થતા રહેશે."

"પણ પિતામહ..."

"તને આ વાત ગળે નથી ઊતરતી, પણ વિચાર કર કે પરશુરામને શું જોઈએ છે? ઉત્તર છે, સર્વોપરી બ્રાહ્મણસત્તા અને આપણા પવિત્ર ગ્રંથો-શાસ્ત્રોના એણે કરેલા અર્થઘટનને સ્વીકૃતિ. હજારો વર્ષથી પરશુરામવંશ, બીજી જ્ઞાતિઓ, ખાસ કરીને ક્ષત્રિયો સામે લડતા આવ્યા છે. એમને શક્તિશાળી બ્રાહ્મણરાજ્ય જોઈએ છે. જ્ઞાતિભેદનો જન્મ આપણે ત્યાં ભલે ઉત્તર ભારતમાં થયેલો, પણ મારા પિતા શાંતનુ, માતા સત્યવતી અને વ્યાસ જેવા મહર્ષિઓને કારણે આ દૂષણ વધુ પ્રસરી નથી શક્યું. કમભાગ્યે એક સમયે વર્ણભેદના પ્રખર વિરોધી ગણાતા દક્ષિણમાં આજે એણે પગદંડો જમાવી દીધો છે. પરશુરામે દક્ષિણના મહાન રાજ્યોને આ વર્ણભેદના આધારે પાંગળા કરી દીધા છે. આજે આપણી સામે એ વામણાં થઈ ગયા છે."

"પણ તક્ષકને એની સાથે શું લાગેવળગે?"

"એ પરશુરામનું નાગરૂપ છે. તક્ષક ઇચ્છે છે કે અત્યાર સુધી શોષિત રહેલા, હવે પોતે શોષણખોર બની જાય. સમાનતાની વાતો કરીને એ લોકોની આંખમાં ધૂળ નાખે છે. કાલે ઊઠીને તક્ષક જીત્યો તો એ પણ પરશુરામ જેવો નિર્દયી સરમુખત્યાર બની બેસશે. પછી એ બ્રાહ્મણો, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર પર પણ ત્રાસ વરસાવશે. નાગને લાગે છે કે શૂદ્રોની દશા એમનાથી સારી છે. તક્ષક તો કદાચ પરશુરામથીયે વધુ ખરાબ પુરવાર થશે. પરશુરામ ભલે બ્રાહ્મણોને સર્વોચ્ચ માનતા હોય, પણ કૃપાચાર્ય, ચાર્વાક અને એમના જેવા બીજા ઘણા બ્રાહ્મણો પરશુરામના સંકુચિત વિચારોનો વિરોધ કરે છે. પરંતુ તક્ષકનો વિરોધ કરી શકે એવો કોઈ નાગ કે નિશાદ તને શોધ્યો નહીં જડે. ભૂખ્યા ગરીબોને દીવાસ્વપ્ન બતાવીને વશમાં કરી લેવાનું બહુ સહેલું છે. જે બાપડાના ખેતરો અને જમીનો ઝૂંટવીને આપણે જંગલમાં ધકેલી દીધા, એમને હવે તક્ષકમાં પોતાનો તારણહાર દેખાય છે. બ્રાહ્મણ અને ક્ષત્રિય સિવાય કોઈને પણ ભણાવવાની ના પાડી દેતા આપણા ગુરુઓએ જાણે અજાણે એવા અભણ, અબુધ લોકોની ફોજ તૈયાર કરી દીધી છે, જે તક્ષકના એક બોલ પર પોતાનો જીવ આપી દેશે."

વિદુર ચૂપ થઈ ગયો. શૂદ્ર હોવા છતાં એને ભણવાની, જીવનમાં આગળ વધવાની તક મળી હતી. પરંતુ સમય હવે સાવ બદલાઈ ગયો હતો. પાઠશાળાઓથી માંડીને રાજકચેરીઓના દરવાજા હવે શૂદ્રો માટે લગભગ બંધ થઈ ગયા હતા. બુદ્ધિ અને કૌશલ્ય પર હવે જ્ઞાતિભેદ સવાર થઈ ગયેલો.

"વિદુર, પેલા વીર બાળકનું શું થયું?" ભીષ્મનો પ્રશ્ન સાંભળીને વિદુરનો રોષ અને કડવાશ પાછા ફર્યા. "ગુરુ દ્રોણાચાર્યે એને શિષ્ય તરીકે સ્વીકારવાની ના પાડી દીધી."

"પણ સાંભળ્યું છે કે હવે કૃપે એને ભણાવવાનું શરૂ કર્યું છે."

"હા, પણ કૃપ એને શસ્ત્રવિદ્યા નથી શીખવી રહ્યા."

"એ જ મને વિચિત્ર લાગે છે. એ બ્રાહ્મણના મનમાં આખરે શું છે? કર્ણને એ કર્મકાંડ શીખવીને પંડિત બનાવી દેશે તો હસ્તિનાપુર એક કુશળ યોદ્ધો ગુમાવી દેશે. કર્ણને તો કોઈ લાભ થવાનો જ નથી. એ ગમે તેટલા મંત્રો કે વિધિઓ શીખી લે, પણ આખરે સૂત છે. કોઈ મંદિરમાં એને પૂજારી તરીકે કામ નહીં મળે."

"સ્વામી, તમે ગુરુને સમજાવો ને!"

"વિદુર, તું જાણે છે કે દ્રોણાચાર્ય કેટલા જિદ્દી છે. ધારો કે હું એમને કર્ણને ભણાવવાનો આદેશ આપું, અને એ ના પાડી દે તો? મારે એમને નોકરીમાંથી બહાર કાઢવા પડે. પછી એ કોઈ શત્રુ-રાજ્યમાં જઈને બેસી ગયા તો? અરે, એ પરશુરામના શિષ્ય છે. દક્ષિણમાં પહોંચી જાય તો આપણને ભારે પડે. કર્ણ જેવા બહાદુર છોકરા તો આપણને બીજા ઘણા મળી રહેશે, પણ દ્રોણાચાર્યને ગુમાવવાનું પાલવે નહીં. કદાચ આમાં કર્ણને અન્યાય થતો લાગે તોયે આપણા હાથમાં કંઈ નથી. કુદરત પણ હંમેશાં ન્યાયપૂર્વક નથી વર્તતી."

વિદુરને આગળ દલીલ કરવાનું નિરર્થક લાગ્યું. ભીષ્મ પણ અંતે અંદરખાને તો રૂઢિચુસ્ત, પરંપરાવાદી જ હતા. બ્રાહ્મણ ગુરુને નારાજ કરવાની હિંમત એમનામાં નહોતી. કદાચ રાજ્યમાં બળવો ફાટી નીકળે એવો ભય પણ એમને હતો. જેણે રાજ્ય ચલાવવું હોય, એમણે કદાચ આવા વ્યવહારુ લાગે તેવા સમાધાનો કરવા પડતા હશે. આ સમજ્યા પછીયે વિદુરને દુઃખ તો થયું. એણે વિષયાંતર કર્યું, "આ શકુનિનું શું કરવું છે?"

"એના પર નજર રાખો. કોઈ વ્યક્તિ શંકાથી પર નથી, હું કે તમે પણ નહીં. માનવીનું મન બદલાતાં વાર નથી લાગતી. કૃપ, કર્ણ અને ચાર્વાકની ગતિવિધિઓ પણ જોતા રહેજો."

વિદુર ખંડમાંથી નીકળતા હતા, ત્યાં ભીષ્મના શબ્દો એના કાને અથડાયા. "અંબા... હા, હવે એનું નામ યાદ આવ્યું. મારી પ્રતિજ્ઞા અને પરશુરામની માન્યતાઓએ બિચારીનો ભોગ લઈ લીધો. છેવટે પાંચાલમાં આશરો લઈને એણે મરતાં સુધી દુઃખ સહેવું પડ્યું. એનો પુત્ર શું કરે છે?"

વિદુરે જવાબ ન આપ્યો અને થોડા સમયથી એના મન પર સવાર થઈ પડેલી ચિંતાનો ઉલ્લેખ પણ એણે તત્પૂરતો ટાળી દીધો. એણે ભીષ્મને કહ્યું નહીં કે, તમે જે છોકરાના ખબર પૂછ્યા, એ કદાચ આપણા માટે ભવિષ્યમાં બહુ ભારે પડવાનો છે!

વિદુરના ગુપ્તચરોએ ઘણાં મહિના પહેલા એમને માહિતી પહોંચાડેલી કે અંબાનો પુત્ર બહુ ઝડપથી મોટો થઈ રહ્યો હતો અને યુદ્ધકલામાં એના કૌશલ્યની ચર્ચા ચારેબાજુ હતી. વર્ષો સુધી હતાશામાં જીવેલી અંબાએ છેવટે એક ઊંચા ભવનના ઝરૂખામાંથી નીચે કૂદીને પ્રાણ આપી દીધેલા. જોકે મરતાં પહેલાં એણે પોતાના પુત્રની રગેરગમાં ભીષ્મ પ્રત્યેના તિરસ્કારનું વિષ ભરી દીધું હતું.

અંબાને નિમિત્ત બનાવીને પરશુરામ અને ભીષ્મ વચ્ચે જે લડાઈ થઈ એમાં હજારો લોકો વધેરાઈ ગયા હતા. પણ છેવટે બે બળિયા વચ્ચે સમાધાન થયું ત્યારે અંબા વિસારે પાડી

દેવાઈ. એણે પાંચાલ જઈને રાજા દ્રુપદને ત્યાં આશ્રય લીધો, ત્યારે એ ગર્ભવતી હતી. અંબાએ જે પુત્રને જન્મ આપ્યો, એના પિતાને તો કોઈ પડી નહોતી, પણ પાંચાલરાજ દ્રુપદે એને ખોળે લીધો અને રાજકુમાર તરીકે એનો ઉછેર કર્યો.

જોકે વાસ્તવિકતામાં એ નહોતો નર, નહોતી નારી, અંબાનો પુત્ર શિખંડી વ્યંઢળ હતો અને એણે ભીષ્મને મારવાની પ્રતિજ્ઞા લીધી હતી. એક વ્યંઢળ, કુરુસેનાના વડાને આવું આહ્વાન આપી જાય, એનાથી મોટું અપમાન શું હોઈ શકે? ભીષ્મને આ કહેવા માટે વિદુરની જીભ નહોતી ઊપડતી.

બોધપાઠ

સુયોધન એના મનમાં ઊછળતી ભય અને રોષની લાગણી દબાવીને દ્રોણાચાર્યને જોઈ રહ્યો. ગુરુના શબ્દો એના કાને પડી રહ્યા હતા, પણ ચિત્ત સુધી નહોતા પહોંચતા. આસન એને ચટકાં ભરતું હતું. સુયોધનને તો વનવગડામાં રખડવું હતું, પંખી અને પતંગિયાં સાથે વાતો કરવી હતી. છેલ્લાં લગભગ ચાર વર્ષથી દ્રોણના ભાષણ અને અપમાનો સાંભળીને એ ગળે આવી ગયેલો. કૃપાચાર્યના સમયમાં તો સવાલો પૂછવાની પણ છૂટ હતી, પરંતુ દ્રોણ આવ્યા અને બધું બદલાઈ ગયું.

કૃપાચાર્યને મળવા પેલા નિત્ય પ્રવાસી જેવા ઋષિ ચાર્વાક આવતા, ત્યારે સુયોધનને મજા પડી જતી. એમની વિદ્વતાપૂર્ણ ચર્ચાઓ સાંભળવામાં સમય ક્યાં વીતી જતો એનું સુયોધનને ભાન નહોતું રહેતું. એમને સાંભળીને સુયોધન જે શીખ્યો હતો, એટલું ચાર વર્ષમાં દ્રોણના હાથ નીચે પણ નહોતું મળ્યું.

સટાક દઈને માથા પર થયેલા પ્રહારે સુયોધનને એના વિચારોમાંથી જગાડી દીધો. વર્ગમાં બીજા બધા વિદ્યાર્થીઓ એના પર હસી રહ્યા હતા. "ચાલ, જલદી ઉત્તર આપ." દ્રોણે કહ્યું.

સુયોધનના કમભાગ્યે એણે તો પ્રશ્ન પણ નહોતો સાંભળ્યો. દ્રોણે હંમેશની જેમ એના અણગમતા શિષ્ય પર ક્રોધ અને અપમાનની ઝડી વરસાવી. આજે જોકે એમનો રોષ હદ વટાવી ગયો હોય એમ દ્રોણે છેલ્લે કહ્યું, "મારે તને સુયોધન નહીં, દુર્યોધન કહેવો જોઈએ. દુર્યોધન... જેને શસ્ત્રકલાનું જ્ઞાન નથી, જેની ચાલ કઢંગી છે, જે મૂઢમતિ છે... તું આ જ નામને લાયક છે. રાજકુમાર, તું હસ્તિનાપુર અને તારા પૂર્વજોનું નામ બોળી રહ્યો છે."

સાંભળીને સુયોધનના ખભા ઝૂકી જવાને બદલે ટટ્ટાર થયા. દ્રોણ સામે નિડરપણે દૃષ્ટિ મેળવીને એ બોલ્યો, "ગુરુદેવ, લજ્જા આવે એવું કોઈ કામ મેં નથી કર્યું. મેં હંમેશાં મારા હૃદયની વાત સાંભળી છે."

"દુર્યોધન, દરેક વ્યક્તિ જો પોતાના મનમાં આવ્યું એ કરવા લાગે તો સામાજિક માળખું ભાંગી પડે, એટલે જ નિયમો બન્યા છે. શાસ્ત્રોમાં જે લખાયું છે, એનું પાલન આપણો ધર્મ છે." દ્રોણે મનમાં હજારોવાર ગોખી નાખેલું ભાષણ મોટે સાદે આપી દીધું.

દુર્યોધનને જોકે નવી ચિંતા સતાવવા લાગી હતી. આમ તો ધૃતરાષ્ટ્રના બધાં સંતોનોના નામ શુભ ગણાતા `સુ'થી શરૂ થતા હતા. પણ પીઠ પાછળ ઘણાં લોકો સુનું દુ કરી નાખતા હોવાનું એણે સાંભળ્યું હતું. સુયોધન `દુર્યોધન' થઈ ગયો, સુશાસન `દુઃશાસન...' અને આજે ગુરુએ મ્હેણું માર્યું, એ પછી તો બધાંને ખુલ્લેઆમ આવું બોલવાની છૂટ મળી જવાની હતી.

"બોલો, બીજા કોઈ જવાબ આપશે?" દ્રોણે છેવટે સુયોધન પરથી દૃષ્ટિ હટાવીને પાંડવો સામે જોયું.

યુધિષ્ઠિરે હાથ ઊંચો કર્યો અને દ્રોણની અનુમતિ મળતાંની સાથે એણે શાસ્ત્રોને ટાંકવાનું શરૂ કરી દીધું. સુયોધનનું મન પાછું બહાર દોડી ગયું.

થોડીવાર પછી દ્રોણ ઊભા થયા અને વિદ્યાર્થીઓને જંગલની દિશા ભણી દોરી ગયા. સુયોધન અને એના ખાસ મિત્ર બની ગયેલા અશ્વત્થામાના ચહેરા વિલાઈ ગયા. હવે દ્રોણ જે શીખવશે કે પૂછશે એમાં સુયોધન જ નહીં, બધાંની તુલના અર્જુન સાથે થવાની હતી. બાણ વડે લક્ષ્ય સાધવામાં અર્જુનની બરોબરી કરી શકે એવું એમનામાં કોઈ નહોતું. આજે ફરીથી દ્રોણ એ જ પુરવાર કરવાના હતા.

થોડે દૂર જઈને ગુરુએ બધાને બેસી જવાનો આદેશ આપ્યો. આમતેમ જોઈ રહેલા

સુયોધનની દૃષ્ટિ જંગલનાં વૃક્ષો પર જઈને અટકી. ત્યાં કોઈ છુપાયું હોય એવું એને લાગ્યું. "અમને મારવા કોઈ નાગ તો નહીં આવ્યો હોય ને?" આવો વિચાર કરી રહેલા સુયોધનને અશ્વત્થામાએ કોણી મારી. દ્રોણ કોઈ સૂચના આપી રહ્યા હતા.

"આજે હું એક બહુ મહત્ત્વની પરીક્ષા લેવાનો છું. એના માટે એક જણની અહીં જરૂર પડશે. બોલો, કોણ આવશે?"

બધાં નીચું જોઈ ગયા. છેવટે દ્રોણે કહ્યું "અશ્વત્થામા, તું ઊભો થા. તારાં ધનુષ્યબાણ લેતો આવજે."

બાકીના સહુએ રાહત અનુભવી. અશ્વત્થામા ફફડતા જીવે, દ્રોણે ધૂળમાં દોરેલા વર્તુળની અંદર જઈને ઊભો રહ્યો.

"બોલ, સામે શું દેખાય છે?" દ્રોણે દૂર દેખાતા વૃક્ષ ભણી આંગળી ચીંધીને પૂછ્યું.

"આમ્રવૃક્ષ" અશ્વત્થામાએ જવાબ આપ્યો.

"અંધના પુત્ર સાથે રહેનારને ઝાડ સિવાય બીજું શું દેખાય?" કહીને દ્રોણે અશ્વત્થામાને પાછો મોકલી દીધો. સુયોધનનું રોમેરોમ સળગી ગયું. ગુરુજી દરેક વાતમાં એના અંધ પિતાને શું કામ ઘસડી લાવતા હતા? એ બિચારા અંધ હતા, એમાં એમનો શું વાંક? ફરીથી એની નજર ઝાડી તરફ ગઈ. નક્કી ત્યાં કોઈ હતું.

અશ્વત્થામા પછી દ્રોણે ભીમને બોલાવ્યો. એને વૃક્ષ પરની કેરીઓ દેખાઈ. ગુરુએ એને પણ હસીને બેસાડી દીધો. એક પછી એક બધાંને ઊભા કરાયા, પણ દ્રોણને સંતોષ થાય એવો જવાબ કોઈ આપી શક્યું નહીં. પછી સુયોધનનો વારો આવ્યો. એટલીવારમાં એને વૃક્ષની સહુથી ઊંચી ડાળી પર બેઠેલા બે પોપટ દેખાઈ ગયેલા. હાથમાં ધનુષબાણ લઈને, ગુરુએ દોરેલા વર્તુળમાં જઈને ઊભો રહ્યો, ત્યારે અચાનક એને ભાન થયું કે ગુરુ શું કરવા માંગતા હતા.

"શું દેખાય છે?" ગુરુએ પ્રશ્ન દોહરાવ્યો.

"પ્રેમ" સુયોધને જવાબ આપ્યો. અને એ ખોટો પણ નહોતો. વસંતઋતુ ચારે તરફ મહોરી હતી. આસપાસ શું ચાલી રહ્યું હતું, એથી અજાણ પેલાં બે પંખી એકમેકમાં જાણે ગૂંથાઈ ગયેલાં.

પણ સુયોધનનો જવાબ સાંભળીને દ્રોણ ચિઢાઈ ગયા. "તને અહીં કવિતા કરવા નથી બોલાવ્યો. ધનુષ પર બાણ ચઢાવ અને બોલ, ત્યાં શું દેખાય છે?"

"ગુરુજી, મને ત્યાં પ્રફુલ્લિત જીવન દેખાય છે. પ્રેમમાં ખોવાઈ ગયેલા બે આત્મા દેખાય છે, એમની ઉપર મંડપની જેમ ઝળૂંબી રહેલું ભૂરું આકાશ દેખાય છે…"

ગુરુએ ઝીંકી દીધેલા તમાચાથી સુયોધનનો ગાલ રાતોચોળ થઈ ગયો. "દુષ્ટ, મૂર્ખ, તું મારી મશ્કરી કરે છે? હું તને યોદ્ધો બનાવવા મથું છું અને તું સ્ત્રીની જેમ વાતો કરે છે? દૂર થઈ જા મારી નજરથી."

સુયોધન નતમસ્તકે પાછો જઈને બેસી ગયો. ગુરુનું અપમાન કરવાનો એનો ઇરાદો નહોતો.

દ્રોણે સહુથી છેલ્લે એમના પ્રિય શિષ્યને સાદ પાડ્યો. ધીરગંભીર ચહેરે ઊભા થયેલા અર્જુને પહેલાં તો જઈને ગુરુના ચરણસ્પર્શ કર્યા. પછી વર્તુળની વચ્ચોવચ જઈને ધનુષ્ય પર બાણ ચઢાવ્યું. આથમતા સૂર્યના અજવાળામાં એના બાણની અણી રક્તવર્ણી થઈને ઝગમગી રહી હતી.

"વત્સ બોલ, તને શું દેખાયું?" ગુરુએ પૂછ્યું.

"મને મારું લક્ષ્ય દેખાય છે. વૃક્ષ પર બેઠેલા પંખીની આંખ!" અર્જુને કહ્યું. "શાબાશ" દ્રોણાચાર્યને જોઈતો જવાબ મળી ગયો.

"ના" સુયોધને ચિત્કાર કર્યો. એના અવાજ કરતાંયે વધુ ગતિ સાથે અર્જુનનું બાણ છૂટ્યું, અને જઈને એણે વૃક્ષ પર બેઠેલા બે પક્ષીમાંથી એકની આંખ વીંધી નાખી. થોડી ક્ષણ પહેલાં પ્રેમાલાપમાં મગ્ન પક્ષી અવાજ સુધ્ધાં કર્યા વિના નીચે પડ્યું, પણ એના સાથીદારે પાડેલી વેદનાની ચીસો, અને પાંખોનો ફફડાટ વાતાવરણની શાંતિને ખળભળાવી ગયો.

જોકે પછી પાંડવોએ કરી મૂકેલા તાળીના ગડગડાટમાં પક્ષીનું આક્રંદ દબાઈ ગયું. અર્જુને આછું વિજયી સ્મિત કર્યું. દ્રોણને લાગ્યું કે ગુરુ તરીકે કરેલી એમની બધીયે મહેનત આજે અર્જુને સાર્થક કરી દીધેલી. શિષ્યના ભરપૂર વખાણ કર્યાં પછી એમણે નાનકડું પ્રવચન આપ્યું. એમાંથી એવો અર્થ નીકળતો હતો કે, મહાન યોદ્ધો એ કહેવાય જેને માત્ર એનું લક્ષ્ય દેખાય, જેનામાં કોઈપણ ભોગે વિજય હાંસલ કરવાની લગન હોય, જેનું નિશાન અચૂક હોય. આવા યોદ્ધાનો ધર્મ એ હતો કે, એનાથી ઉપરની વ્યક્તિ જે આદેશ આપે, એની સામે કોઈ શંકા કે પ્રશ્ન કર્યા વિના ત્વરિત પાલન કરે.

સુયોધનને આમાંથી કંઈ સંભળાયું નહીં. એ તો દૂર પડેલા મૃત પક્ષી અને એની આસપાસ પાંખો ફફડાવી રહેલી એની સાથીદારને જોઈ રહ્યો. દિવસ પૂરો થવા આવેલો, આજનો આ છેલ્લો વર્ગ હતો. ગુરુ અને એમની પાછળ શિષ્યો ત્યાંથી નીકળી ગયા. યોદ્ધાના ધર્મ વિશે એમણે જાણી લીધેલું. માત્ર સુયોધન રહી ગયો.

બધાના ગયા પછી હળવે પગલે એ પેલા પક્ષી પાસે ગયો. તીક્ષ્ણ બાણનો ઘા ખાધા પછીયે પંખીમાં ઊંડેઊંડે જીવ રહ્યો હશે, એવી આશા રાખવા જેટલી મુગ્ધતા કે મૂર્ખતા એનામાં હતી. પણ હજી ત્યાં પહોંચીને હાથ લંબાવવા જાય, ત્યાં સુયોધને એની પાછળ દોડતા આવી રહેલા પગલાંનો અવાજ સાંભળ્યો. હજુ એ જુએ, કંઈ સમજે એ પહેલાં તો ઝાડીઝાંખરાની પાછળથી બે છોકરા ધસી આવ્યા. એમાંથી એક જણે મૃત પક્ષી ઉપાડી લીધું અને જોતજોતામાં એ પાછા અદૃશ્ય થઈ ગયા.

એમનો દેખાવ અને ઘેરી શ્યામવર્ણી ત્વચા પરથી એ નિશાદ હોવાનું તો સુયોધન સમજી ગયો, પરંતુ પછી શું કરવું એ અવઢવ હતી. એના ભાઈઓ અને પિતરાઈઓ મહેલ તરફ જઈ રહ્યા હતા. જંગલ આખું નિશાદ અને નાગ લોકોથી ખદબદતું હતું. પેલા પક્ષીચોરની પાછળ ગયેલો હસ્તિનાપુરનો યુવરાજ એમના હાથમાં આવી જાય તો મોટો અનર્થ સર્જાઈ જાય. ત્યાં જઈને પણ અંતે મળવાનું શું હતું?

પરંતુ સુયોધનની કુતૂહલવૃત્તિએ ફરી એકવાર સુરક્ષાના વિચારોને દૂર હડસેલી દીધા. ખુલ્લી તલવાર સાથે એણે જંગલની વાટ પકડી.

* * *

થોડી જ વારમાં જોકે સુયોધનને લાગ્યું કે એ ભૂલ કરી બેઠેલો. સાંજ ઢળી ગયેલી અને ઘનઘોર જંગલમાં તો વધુ અંધકાર હતો. તમરાંના અવાજ સિવાય બધું સૂમસામ હતું. પગમાં આવતા વેલા, મૂળિયાં અને શરીરે ઘસાતી ઝાડીઝાંખરામાં ઠેબા ખાતો એ ચાલતો રહ્યો. દિશાનું ભાન તો ભુલાઈ જ ગયું હતું. અહીંથી નીકળવાની આશા સાવ ઝાંખી થઈ ગયેલી, ત્યાં અચાનક એણે દૂર પ્રકાશ જોયો. જેમતેમ ત્યાં પહોંચ્યો તો ઝાડીઝાંખરાની વચ્ચે થોડી ખાલી પડેલી જગ્યામાં તાપણું સળગતું દેખાયું. અર્જુને વીંધેલું પંખી એના પર શેકાઈ રહ્યું હતું. અગ્નિની ફરતે એક સ્ત્રી અને છ-સાત છોકરા બેઠાં હતાં.

સુયોધનને એવો રોષ ચઢ્યો કે હમણાં ને હમણાં આ ક્રૂર લોકોને પકડીને હસ્તિનાપુર ઢસડી જાય. પણ કંઈ કરવા જાય એ પહેલા પાછળથી કોઈએ એના ખભાને સ્પર્શ કર્યો. હેબતાઈ ગયેલા સુયોધનના મોઢામાંથી ચીસ નીકળતી રહી ગઈ. સામે ઊભેલા અશ્વત્થામાએ હોઠ પર આંગળી મૂકીને એને ચૂપ રહેવાનો સંકેત આપ્યો, અને ખેંચીને પોતાની સાથે નીચે

બેસાડી દીધો.

આને કારણે જોકે થોડો ખખડાટ થઈ ગયો. અગ્નિ પાસે બેઠેલા કિશોરવયના છોકરાએ અવાજની દિશામાં જોયું, પણ પછી એણે અગ્નિ પર ભૂંજાઈ રહેલા પક્ષી તરફ ધ્યાન આપ્યું. થોડીવારમાં ભોજન તૈયાર થઈ ગયું. એણે હાથેથી પક્ષીના અંગ તોડીને, નાના-નાના ટુકડા કરીને વહેંચવાનું શરૂ કર્યું.

"એકલવ્ય બે દિવસથી ભૂખ્યા હતા. કાલે જરા મોટું પક્ષી કે પ્રાણી મળે તો જોજેને!" ખાવાનું પતાવીને આંગળા ચાટી રહેલી સ્ત્રીએ કહ્યું. પછી એણે ઉમેર્યું, "લાગે છે, હવે તને શિકાર કરતાં આવડી રહ્યું છે."

"પણ આ શિકાર તો..." સહુથી કૃશ, કદરૂપો લાગતો છોકરો કંઈ બોલવા જતો હતો, પણ એકલવ્યએ એને જોરથી લાત મારીને ત્રાડ પાડી. "ચૂપ મર, જરા આજે ખાવાનું મળ્યું છે તો ખાઈ લે."

ઝાડી પાછળથી આ દૃશ્યો જોઈ રહેલો સુયોધન બબડ્યો, "કેવી જંગલી પ્રજા છે."

અશ્વત્થામાએ એનો ખભો દબાવતાં કહ્યું, "રાજકુમાર, પેલી સ્ત્રીએ કહ્યું એ તમે સાંભળ્યું નહીં? બે દિવસથી ભૂખ્યા હતા. ભૂખી વ્યક્તિ કોઈપણ હદે જઈ શકે. અર્જુન માટે એ પક્ષી માત્ર વીંધવાલાયક લક્ષ્ય હતું, તમારા માટે પ્રેમ અને સૌંદર્યનું પ્રતીક, પણ આ લોકો માટે ભોજન હતું."

સુયોધન પછી લાંબા સમય સુધી મૂંગો રહ્યો. છેવટે અગ્નિ સાવ બુઝાઈ ગયો. નિશાદ પરિવાર ઊંઘને શરણ થયો અને અશ્વત્થામા ઊભો થયો. પાછા જવાનો રસ્તો શોધવામાં કઠિનતા તો પડવાની જ હતી, પણ હવે સુયોધનને અશ્વત્થામાનો સાથ મળી ગયેલો. પહેલા જેવો ભય હવે નહોતો રહ્યો.

"આ લોકો આપણા રાજ્યની હદમાં જ રહે છે, પણ તોયે એમની દશા આટલી ખરાબ છે? એ નીચ વર્ણના કે અસ્પૃશ્ય હોય તોયે શું થઈ ગયું? એમણે ભૂખ્યા મરવાનું? પિતામહ કેમ આ લોકો માટે કંઈ નથી કરતા?" થોડું ચાલ્યા પછી સુયોધને એના મનમાં ઘૂંટાઈ રહેલા પ્રશ્નોને બહાર નીકળવા દીધા.

"સુયોધન, દરિદ્રતા ઘરનો દરવાજો ખખડાવે ત્યારે જાતપાત નથી પૂછતી. હસ્તિનાપુર આવ્યા પહેલાં અમે કેટલા ગરીબ હતા, એ તું જાણે છે? દૂધ કોને કહેવાય એ પણ હું નહોતો જાણતો. એકવાર મિત્રોએ દૂધના નામે મને પાણીમાં લોટ નાખીને પીવડાવી દીધું, અને મેં માની લીધું કે દૂધનો સ્વાદ એવો જ હોય. કબૂલ કે હલકી ગણાતી જાતિમાં જન્મેલાંની સ્થિતિ બહુ દયનીય છે. પણ બીજી તરફ દરેક જ્ઞાતિ, દરેક વર્ણમાં દરિદ્રતા છે. મુઠ્ઠીભર લોકોએ સત્તા અને સંપત્તિ કબજે કરી લીધી છે, અને બહુમતી તો હજીયે દુઃખ અને ગરીબીમાં સબડે છે." અશ્વત્થામાએ શાંતિથી કહ્યું.

"મારાથી આ નહીં સહેવાય." સુયોધને કટુતાભેર કહ્યું.

"તો પરિસ્થિતિ બદલી નાખ. મિત્ર, એક દિવસ તું હસ્તિનાપુરનો રાજા થઈશ. ત્યારે જોઈશું કે તારામાં અન્યાય સામેનો ગુસ્સો કેટલો ટકી રહ્યો છે. સત્તા ભલભલાની મતિ ભ્રષ્ટ કરી નાખે છે."

"ના, મારી મતિ નહીં ફરે. હું તો..." બોલતાં બોલતાં સુયોધન અટકી ગયો. ચંદ્રના આછા પ્રકાશમાં એણે એમની તરફ આવી રહેલો એક ઓળો જોયો. એ જ વખતે એક વાદળે આવીને ચંદ્રને ઢાંકી દીધો, અને અંધકારનો લાભ લઈને બંને મિત્ર એક વૃક્ષ પાછળ છુપાઈ ગયા. પેલો ઓળો નજીક આવતાંની સાથે જ ખુલ્લી તલવારે એ કેડીની વચ્ચે કૂદી પડ્યા. પેલાએ પણ વીજળીવેગે કેડે લટકતી તલવાર કાઢી પણ લડાઈ ઊગતા જ ડામી દેવી હોય, એમ ચંદ્રે

વાદળની પાછળથી ડોકિયું કાઢ્યું અને ચહેરા સ્પષ્ટ થયા.

"અરે, તું તો રથચાલકનો પુત્ર છે ને?" સુયોધને આશ્ચર્યથી કહ્યું.

"હા રાજકુમાર, હું અધિરથ અને રાધાનો પુત્ર વસુષેણ કર્ણ છું."

"તું અત્યારે અહીં શું કરે છે?"

"હું... હું દક્ષિણના તીર્થધામોની યાત્રાએ નીકળ્યો છું."

"આટલી નાની ઉંમરે યાત્રા? અને દક્ષિણમાં કઈ જગ્યાએ?"

"રામેશ્વરમ, ગોકર્ણ, મુઝારિસ, મદુરાઈ, શ્રીસૈલમ, કલાહસ્તિ... મારા ગુરુએ મને યાત્રાની સલાહ આપી છે."

કર્ણનો જવાબ સાંભળીને સુયોધનને આશ્ચર્ય તો થયું પણ પછી ઝાઝી પૂછપરછ કરવાને બદલે એણે કહી દીધું, "તારી યાત્રા સુખદ રહે. પાછો આવીને મળજે."

કર્ણ સહેજ માથું નમાવીને ત્યાંથી ચાલતો થયો. એનું લક્ષ્ય હજી બહુ દૂર હતું. ધગધગતા રણ, ઊંચા પહાડ, મોટી નદીઓ પાર કરીને એણે ભારતની દક્ષિણ-પશ્ચિમ દિશાના છેડે આવેલા પરશુરામના દેશમાં પહોંચવાનું હતું. વચ્ચે આવતાં જંગલોમાં એને યક્ષ, કિરાત, નિશાદ, નાગ, ગાંધર્વ, વાનર જેવી હિંસક જાતિઓનો ભેટો થવાનો હતો. તરુણ વયે એકલા નીકળી પડેલા તરુણનો માર્ગ બહુ કઠિન હતો. પણ મક્કમ પગલે જઈ રહેલા કર્ણને જોઈને સુયોધનને લાગ્યું કે દુનિયાની કોઈ શક્તિ આ છોકરાને રોકી નહીં શકે.

"અશ્વત્થામા, મને લાગે છે કે એક દિવસ એ જરૂર પાછો આવશે. પંડિત પૂજારી બનવાના લક્ષણ એનામાં નથી. તેં એની ગર્વિષ્ઠ આત્મવિશ્વાસભરી ચાલ જોઈ? કૃપે કદાચ એની સાથે મજાક કરી છે. પણ મારા શબ્દો યાદ રાખજે, આ કર્ણ પાછો આવશે, એ વખતે કંઈક અણધાર્યું થયા વિના નહીં રહે."

"મિત્ર, હવે તું તુક્કા લડાવવાનું બંધ કર. ચાલ, આપણામાંથી કોણ પહેલું નગરમાં પહોંચે છે!" કહીને અશ્વત્થામાએ દોટ મૂકી. હસતો હસતો સુયોધન પણ દોડ્યો. એમણે મચાવી દીધેલા ઘોંઘાટે જંગલની શાંતિને ખળભળાવી મૂકી.

હળધારી રામ

શિયાળાની ઋતુ આવી, ત્યાં સુધીમાં કર્ણ રણપ્રદેશ વટાવીને પ્રાચીન, પવિત્ર નગર પ્રભાસ પહોંચી ગયો હતો. રસ્તામાં એને વેપારીઓનો એક સંઘ મળી ગયેલો. કૃપાચાર્યએ ભણાવેલા પાઠ અને ગળામાં નાખેલી જનોઈએ કર્ણ માટે બધાંય મંદિરો અને ધર્મશાળાઓના દ્વાર ખોલી નાખેલાં. શ્રીમંતો એની સામે માથું નમાવતા હતા.

કર્ણનું મન આ બનાવટ માટે ડંખતું હતું. બીજી તરફ એનામાં એટલી સમજણ હતી કે સાચું બોલ્યા પછી ન તો કોઈ એને એક ટંકનું ભોજન દેશે, ન તો કઠિન માર્ગ પર સથવારો દેશે. આમ જુઓ તો કૃપાચાર્યએ કહેલું કે જ્ઞાનની શોધમાં જે નીકળે એ બ્રાહ્મણ છે. કર્ણ અત્યારે પરશુરામ, એટલે કે જ્ઞાનના સ્રોતને મળવા જ નીકળ્યો હતો ને! આત્મા ડંખે ત્યારે કર્ણ એના ગુરુના વચન યાદ કરીને આશ્વાસન લઈ લેતો.

થોડા સપ્તાહ પ્રભાસમાં રોકાયેલા કર્ણએ યમુનાની દિશાએથી સ્થળાંતર કરી રહેલા ગોપાલકોનાં ટોળેટોળાં જોયાં. એ બધાં યાદવ હતા અને પેઢીઓથી મથુરામાં વસેલા. પરંતુ મગધના રાજા જરાસંધે વારંવાર આક્રમણ કરીને એમને પોતાનો દેશ છોડવાની ફરજ પાડી હતી.

ઘણાં દિવસોથી પ્રભાસના સોમનાથ મંદિર પાસે પડાવ નાખીને રહેલા યાદવો હવે નીકળવાની તૈયારી કરી રહ્યા હતા. એમણે મંદિરમાં યોજેલા બ્રહ્મભોજનમાં બીજા બ્રાહ્મણોની સાથે કર્ણને પણ પધારવાનું નિમંત્રણ મળેલું. સૂત તરીકેની ઓળખ છતી થઈ જવાનો ભય તો સતત માથે ઝળુંબતો હતો, પણ નિમંત્રણનો અસ્વીકાર કરે તો લોકોને વધુ શંકા પડે. એટલે બીજા બ્રાહ્મણોની સાથે કર્ણ પણ મંદિરની ભોજનશાળામાં પહોંચ્યો.

પરંપરા અનુસાર ભોજનની પહેલાં યાદવોએ બ્રાહ્મણોના પગ પખાળ્યા. જમવાનું શરૂ કરતાં પહેલાં બ્રાહ્મણો મંત્રોચ્ચાર કરી રહ્યા હતા ત્યારે કર્ણની દૃષ્ટિ થોડે દૂર ઊભેલા એક યુવાન પર પડી. કર્ણથી થોડા વર્ષ મોટા એ યુવકમાં એવું કંઈક હતું કે જોનાર એનાથી પ્રભાવિત થઈ જાય. વાંકડિયા વાળ, સોહામણો ચહેરો, કાંતિમય શ્યામ વર્ણ, માથે મોરપીંછ અને કેડે ભરાવેલી વાંસળી, આત્મવિશ્વાસ ભરેલી ચાલ, હોઠ પર રમતું સ્મિત... કર્ણને લાગ્યું કે આ વ્યક્તિથી કંઈ પણ છુપાવવાનું શક્ય નહોતું.

એ યુવાનને પોતાની તરફ આવતો જોઈને કર્ણનું અંગેઅંગ પરસેવાથી રેબઝેબ થઈ ગયું. “મિત્ર, તારી તબિયત તો ઠીક છે ને!” બાજુમાં બેઠેલા વૃદ્ધ બ્રાહ્મણે એટલા ચિંતિત સ્વરે પૂછ્યું કે એને છેતરવા બદલ કર્ણને પસ્તાવો થયો. જોકે અત્યારે બીજી બધી લાગણીઓ પર ભય સવાર થઈ બેઠેલો. મોરપીંછધારી એની તરફ આવી રહ્યો હતો.

એ કર્ણની નજીક પહોંચે, એ પહેલાં ભોજનશાળાના પ્રવેશદ્વાર પાસેથી એક અત્યંત પ્રભાવશાળી અવાજ આવ્યો, “અહીં પધારેલા વિદ્વાન અતિથિઓને મારા નમસ્કાર.”

બધાની નજર દરવાજામાં હાથ જોડીને ઊભેલા શ્વેત વસ્ત્રધારી પડછંદ પુરુષ ભણી ખેંચાઈ. એણે પોતાના વાળ, કપાળની જમણી તરફ ખેંચીને શિખામાં બાંધ્યા હતા. એકેય શબ્દ બોલ્યા વિના સામેની વ્યક્તિ પર પોતાની સત્તા સ્થાપિત કરી શકે એવું એનું વ્યક્તિત્વ હતું. પરંતુ એની આંખોમાં જે પ્રેમ, ઉદારતાની ચમક હતી, એ આજ પહેલા કર્ણએ બીજે ક્યાંય નહોતી જોઈ. એ વ્યક્તિના હોઠ પરનું સ્મિત, એને બીજા બધાથી જુદું પાડી દેતું હતું. હસતા ચહેરે એમણે પેલા શ્યામળા, સોહામણા યુવાનને ટપાર્યો, “કૃષ્ણ, તું શું કરે છે? ચાલ, ભૂદેવોને ભોજન પીરસવામાં મારી સહાય કર.”

કૃષ્ણ તરીકે સંબોધાયેલા યુવાને ખંડના દ્વાર તરફ પગ વાળ્યા, પણ એની આંખો લાંબો સમય સુધી કર્ણના ચહેરા પરથી હટી નહીં. કર્ણની ભૂખ મરી ગઈ. અડધુંપડધું જમીને એ ઊભો થઈ ગયો. હાથ ધોવાની જગ્યાએ પહોંચ્યો તો કૃષ્ણ ત્યાં એની રાહ જોતા ઊભા હતા. "બંધુ, તારું નામ શું છે?" એમણે અત્યંત મધુર સ્વરે પૂછ્યું.

"વસુષેણ કર્ણ."

"તારું વર્ણ?"

કર્ણની જીભ ઝલાઈ ગઈ. મહિનાઓથી કરેલી મહેનત પર જાણે પાણી ફરી ગયું. હતાશા એને ઘેરી વળી. એણે થાકીને સાચું બોલી દેવાનું વિચારી લીધું. પણ મોઢું ખોલવા જતો હતો ત્યાં દૂરથી પેલો પરિચિત અવાજ આવ્યો, "કૃષ્ણ, તું ત્યાં તડાકા મારતો ઊભો છે, અને અહીં તારું બંસીવાદન સાંભળવા માટે મહેમાનો રાહ જુએ છે."

"પણ બલરામભાઈ..." કૃષ્ણના વિરોધની પરવા કર્યા વિના બલરામે ત્યાં આવીને કર્ણનો હાથ પકડ્યો અને મંડપ ભણી દોરી ગયા, જ્યાં ભોજન લીધા બાદ બ્રાહ્મણો બેઠા હતા.

"બલરામ નથી જાણતા કે એ શું કરી રહ્યા છે!" કર્ણનો હાથ પકડીને જઈ રહેલા મોટાભાઈને તાકી રહેલા કૃષ્ણ વિચારમાં પડી ગયા. "હજી ઊગીને ઊભો થયેલો છોકરડો સમાજ અને દેશનો નાશ કરશે. અત્યારે સમાજ સ્થિર અને સ્વસ્થ છે, કારણકે ચતુર્વર્ણમાં દરેક વ્યક્તિ, દરેક વસ્તુ માટે નિયત સ્થાન છે. પણ તર્કને બદલે માત્ર લાગણીમાં તણાઈ જતાં સ્ત્રીપુરુષો હવે બધાં માટે આફત નોતરવા બેઠાં છે."

કૃષ્ણને સમજાતું નહોતું કે સમાજને સ્થિર, શાંત રાખતી વર્ષોજૂની ચાતુર્વર્ણ વ્યવસ્થા સામે કૃપ અને ચાર્વાક જેવા લોકોને શું વાંધો હતો? અહીં દરેક વ્યક્તિ એના કુળ અને ધર્મને જાણતી હતી. રથચાલકનો પુત્ર રથચાલક જ થાય, આ નક્કી હોય તો એ બાળપણથી એની જ તાલીમ લે અને એમાં કુશળતા પ્રાપ્ત કરે. બીજો કોઈ વ્યવસાય શીખવામાં એ જીવનનાં કિંમતી વર્ષો વેડફી ન નાખે. પોતાને કામમાં ન આવવાની હોય એવી વિદ્યા પ્રાપ્ત કરીને શું લાભ? બધાં બધું શીખી જવાની મથામણ કરે તો પછી પશુની જેમ અંદરોઅંદર સ્પર્ધા કરીને લડી મરે. ચાતુર્વર્ણની સ્થાપના ભગવાન વિષ્ણુએ પોતે કરેલી. સમાજમાં સંતુલન જાળવી રાખવાની, એનું પાલન કરવાની જવાબદારી એમના માથે હતી.

કૃષ્ણએ મંડપ ભણી ચાલવાનું શરૂ કર્યું. પગ કરતાં મનમાં ઘૂમી રહેલા વિચારોની ગતિ અનેકગણી વધુ હતી. "કેમ મને વારંવાર એવાં સ્વપ્ન આવે છે કે, સ્વસ્થ સામાજિક માળખું જાળવી રાખવા માટે જ મારો જન્મ થયો છે? કદાચ હું વિષ્ણુનો અવતાર છું. ધર્મના રક્ષણ માટે મેં માનવસ્વરૂપ લઈને પૃથ્વી પર અવતાર લીધો છે. અને રાધા... મારો પ્રથમ પ્રેમ, ક્યાં છે તું?"

હોઠ સુધી આવી ગયેલા આ છેલ્લા શબ્દો કૃષ્ણએ બળપૂર્વક પાછા ધકેલી દીધા. પોતાની જાત પર હસવાનું મન થઈ આવ્યું. "હું પણ લાગણીવેડામાં તણાઈ રહ્યો છું? ના, ના, આદર્શ પુરુષ તો સ્થિતપ્રજ્ઞ રહે. જન્મ, મૃત્યુ, પ્રેમ, યુદ્ધ, શાંતિ... આ બધા સમયે અને સંજોગોમાં એ તો જલકમલવત રહીને પોતાના ધર્મનું જ પાલન કરે. ફળની ચિંતા કર્યા વિના એ પોતાનું કર્તવ્ય કરે. સફળતા કે નિષ્ફળતાની એના પર કોઈ અસર ન થાય. જીવનનો એ જ અર્થ છે ને! કમભાગ્યે ધર્મનું રક્ષણ કરવામાં અમુક લોકોને ભોગ આપવો પડતો હતો. એમાંથી ઘણાં સ્ત્રીપુરુષો આમ જુઓ તો બહુ સારાં હતાં."

કૃષ્ણને હસ્તિનાપુરનો ઉદાર પણ ભોળોભટાક યુવરાજ યાદ આવી ગયો. સુયોધન વર્તમાન સમાજના પાયા હચમચાવી રહ્યો હતો. ઊંધે રવાડે ચઢી રહેલી યુવાનીનું બીજું પ્રતીક હતો, કર્ણ. કૃષ્ણને હસવું આવી ગયું. એ તો પહેલી જ નજરે સૂતપુત્રને પારખી ગયેલા. વિશ્વના શ્રેષ્ઠ

રથચાલક થવાની આવડત કર્ણમાં હતી, પણ એને યોદ્ધા બનવાના કોડ જાગી ગયેલા. ભવિષ્યમાં એ મોટી આફત ઊભી કરવાનો હતો. ભીષ્મ મહાન હતા, પરંતુ એ પણ દિશાભાન ભૂલેલા. સમાજવ્યવસ્થા સામે લડવું હોય તો એમણે વિભિન્ન વર્ણો વચ્ચે સમાનતા લાવવા માટે લડવું જોઈતું હતું. પણ એ તો વિભિન્ન વર્ણો વચ્ચેની ભેદરેખા ભૂંસવા બેઠા હતા. આમાંથી તો ઉત્પાત સર્જાઈ જવાનો. અરે, કૃષ્ણનો પોતાનો ભાઈ પણ પરંપરાથી વિરુદ્ધ જઈ રહ્યો હતો. યાદવોનો કુળધર્મ હતો પશુપાલન કરવાનો. પણ બલરામ એમને ખેતી અને વ્યાપાર ભણી ખેંચી રહ્યા હતા. એનું પરિણામ પણ આખરે ભયંકર આવવાનું હતું. આ બધાં અનર્થ સામે એક જ ઉત્તર હતો, યુદ્ધ.

કૃષ્ણએ ગ્લાનિ અનુભવી. યુદ્ધમાં ઘોર વિનાશ થવાનો હતો, લાખો જીવ હોમાઈ જવાના હતા, પણ બીજો ઉપાય ક્યાં હતો? જીવન અને મૃત્યુ એક સિક્કાની બે બાજુ હતા. મૃત્યુ જેવું કંઈ છે ખરું? આત્મા અમર છે, એનો અંત કે આરંભ નથી. સૃષ્ટિનો દરેક આત્મા અંતે પરમાત્મામાં વિલીન થાય છે. જીવન એમાંથી ઉપજે છે, એમાં સમાઈ જાય છે. સૃષ્ટિનું એક સંગીત છે, એના તાલ પર જીવન-મૃત્યુ-જીવનનું અનંત નૃત્ય ચાલ્યા કરે છે. આત્મા મરતો નથી, રૂપ બદલ્યા કરે છે. તો પછી માણસને યુદ્ધ અને મૃત્યુનો ભય શું કામ લાગવો જોઈએ? સુયોધન જેવા લોકો બ્રહ્માંડના અનંત સંગીતમાં થોડો વિક્ષેપ પાડી રહ્યા હતા. એમને રોકવા જરૂરી હતા. દુર્ભાગ્યે એ માટે યુદ્ધ થશે. થોડાં લોકોએ પોતાના પ્રાણની આહુતિ આપવી પડશે.

કૃષ્ણના હોઠ ફફડ્યા. "આની જવાબદારી મારા શિરે છે. આ મારો ધર્મ છે, મારું કર્તવ્ય, જેનો ભાર મારે જ ઉપાડવાનો છે. પરિણામની ચિંતા કરવાની નથી. કર્ણ, ભાગીભાગીને તું ક્યાં જવાનો? અંતે તારે મારો સામનો કરવો જ પડશે."

"કૃષ્ણ, સભા તારી વાટ જુએ છે." એક વયસ્ક યાદવે આવીને કહ્યું. બીજા બધાંયે વિચારોને ખંખેરી નાખીને કૃષ્ણએ કેડેથી ભરાવેલી વાંસળી કાઢી. પછીની ક્ષણોમાં એમની વાંસળીના સૂરે, ત્યાં બેઠેલા સહુને કોઈ બીજા વિશ્વમાં પહોંચાડી દીધા, જ્યાં માત્ર પ્રેમ હતો, સૌંદર્ય હતું, કોઈ અશાંતિ નહોતી.

* * *

બલરામની સામે ઊભેલા કર્ણનું અંગેઅંગ ધ્રૂજી રહ્યું હતું. માંડમાંડ એ બોલી શક્યો, "સ્વામી, હું બ્રાહ્મણ નથી, શૂદ્રોમાં પણ બહુ નીચી ગણાય એવી સૂત જાતિમાં હું જન્મ્યો છું. મારાથી નીચે માત્ર અસ્પૃશ્યો છે."

"લે કર વાત, આ સૂત એટલે વળી કોણ? હું તો અબુધ ખેડૂત છું. મને ખબર નથી કે સૂત જાતિ બ્રાહ્મણથી નીચી અને અસ્પૃશ્યથી ઊંચી કેમ કહેવાય? ભઈલા, તું જ મને સમજાવને!"

બલરામે કરેલા પ્રશ્નમાં કર્ણને ભારોભાર કટાક્ષ વર્તાયો. એને બલરામ પર, પોતાની જાત પર ગુસ્સો આવ્યો. કૃપાચાર્યને રવાડે ચઢીને આ બ્રાહ્મણ થવાનું નાટક કરવાની શું જરૂર હતી? હસ્તિનાપુરમાં રહીને પિતાનો વ્યવસાય શીખવામાં વધુ ડહાપણ હતું. નીચું જોઈને એ બોલ્યો, "મારા પિતા સૂત રથચાલક છે, પણ અસ્પૃશ્ય એટલે..." અચાનક લજ્જાના માર્યા એના હોઠ સિલાઈ ગયા. એ પોતે પણ જાતિભેદમાં માનતો હતો. પોતાનાથી નીચા ગણાતા લોકો માટે અસ્પૃશ્ય, કે એનાથીયે ખરાબ શબ્દો બોલવામાં એને ખચકાટ નહોતો થતો.

કર્ણની અસ્વસ્થતા જોઈને બલરામને રમૂજ થઈ હોય એવા ભાવ સાથે એમણે કહ્યું, "હજી ગઈકાલ સુધી તને બ્રાહ્મણો પર ક્રોધ ચઢતો હતો, કારણકે એ પોતાનાથી ઊતરતી જ્ઞાતિ માટે અપમાનજનક ગણાય એવા શબ્દો વાપરે છે, અને આજે તેં આવું જ કર્યું ને? અચ્છા, હવે એ કહે કે, પ્રવાસમાં તને તો અનેક બ્રાહ્મણો મળ્યા હશે. વ્યક્તિ તરીકે પણ એ બધા તને ઘૃણાસ્પદ જ લાગેલા?"

કર્ણ ચૂપ રહ્યો. પળેપળે એની લજ્જામાં વધારો થઈ રહ્યો હતો. એને પેલો વૃદ્ધ બ્રાહ્મણ યાદ આવી ગયો, જેણે મહિનાઓના પ્રવાસ દરમ્યાન એક પ્રેમાળ વડીલ તરીકે કર્ણની કાળજી રાખેલી. એ વિદ્વાન હતો, બીજાઓ એને આદર આપતા હતા. કર્ણ એકવાર માંદો પડ્યો તો, એના માટે વૈદ્ય શોધવા માટે એ બ્રાહ્મણ પોતે લાંબે સુધી ચાલીને ગયેલો. "જોકે મારી જાતિ વિશે જાણી ગયો હોત તો મને મરવા માટે છોડી દીધો હોત." કર્ણએ વિચાર કર્યો.

પરંતુ બીજી જ ક્ષણે બલરામે ઉચ્ચારેલા શબ્દોએ એને વધુ લજ્જિ ત કરી મૂક્યો. "કૃપ મારો જૂનો મિત્ર છે. તને હસ્તિનાપુરથી વિદાય કરીને એણે તરત મને સંદેશો પાઠવી દીધેલો. એટલે હું તો તને ઓળખી જ ગયેલો. પણ તને પેલો વૃદ્ધ બ્રાહ્મણ યાદ આવે છે ને? એ પણ તારા વર્ણથી પરિચિત હતો. કૃપાચાર્ય જાણે છે કે બ્રાહ્મણો દ્વારા થતી ઘણી વિધિઓ, કર્મકાંડ હજીયે તને ફાવતાં નથી. એને કારણે તું પકડાઈ ન જાય, એટલા માટે આચાર્યએ આ બ્રાહ્મણને તારો હવાલો સોંપેલો. ડગલે ને પગલે એ તારું ધ્યાન રાખતો હતો. એ તો બ્રાહ્મણ હતો. એમનેય તું ખરાબ કહીશ?"

કર્ણ કંઈ બોલી ન શક્યો. બલરામે આગળ ચલાવ્યું, "કર્ણ, જીવનમાં એક વાત હંમેશાં યાદ રાખજે. કોઈ પણ દૂષણ માટે આખીયે જ્ઞાતિ કે જૂથને જવાબદાર નહીં ઠેરવતો. પાપને ધિક્કારજે, પાપીને નહીં. મન મોટું રાખજે. જેટલું આપીશ એનાથી અનેકગણું વધુ કુદરત તને આપશે. હું જાણું છું કે તારી ઉંમરે, કોઈને મારા જેવા ઘરડાબૂઢાની શિખામણો સાંભળવાનું ન ગમે. એટલે હું તને વધુ ત્રાસ નહીં આપું. પણ હા, એક સહાય કરી શકું. મુઝારિસ જવા માટે તને મારા એક વહાણમાં જગ્યા કરી આપું. નિયત સ્થાને તું જલદી પહોંચીશ અને જળમાર્ગે પ્રવાસ કરવાનો નવો અનુભવ તને મળશે. હું જાણું છું કે, પંડિતોના કહેવાનુસાર દરિયો પાર કરનાર પોતાની જાતિદર્શક ઓળખ ગુમાવી બેસે છે. પણ એ સાચું હોય તો ભલે થતું. પ્રાચીનકાળમાં આપણી સંસ્કૃતિએ અનેક સાહસવીરો, મહાન સાગરખેડુઓ, પ્રવાસીઓને જન્મ આપેલો. મારે એ સુવર્ણકાળ પાછો લાવવો છે. એટલે જ તો મેં મારી સ્વપ્નનગરી દ્વારકા, સાગરકિનારે વસાવવાનું નક્કી કર્યું છે. દક્ષિણમાં અસૂરોએ ભૂતકાળમાં જે ભવ્યતા ખડી કરેલી, એ હું ભારતભરમાં જોવા માંગું છું. પૂર્વથી પશ્ચિમ સુધી હું મોટાં નગરો ઊભાં કરીશ, એમને જોડવા માટે આપણી નદીઓ પર બંદરગાહ બનાવીશ."

બોલતાં બોલતાં બલરામ ઊભા થઈ ગયા. મંત્રમુગ્ધ લઈને કર્ણ એ સ્વપ્નદ્રષ્ટાને સાંભળી રહ્યો. બલરામ માત્ર પોતાના યાદવકુળ નહીં, પણ આખા ભારત માટે નવા જ પ્રકારના વિશ્વનું સ્વપ્ન જોતા હતા. "બધાં માટે બધાં દ્વાર ખુલ્લાં હોવાં જોઈએ. દરેક શાસક પોતાનું પ્રિય હથિયાર સાથે લઈને ફરે છે. કોઈને પણ મારવાની, પંગુ બનાવી દેવાની શક્તિ એની પાસે હોય છે. તેનાથી ભય પામીને લોકો શાસકને માન આપે છે. હું મારી સાથે ગદા રાખતો હતો. પછી એક દિવસ સમજાયું કે સાચું નેતૃત્વ એ કહેવાય જેમાં ભય નહીં પણ કાર્યથી સન્માન મળે. મેં ગદા મૂકીને હાથમાં હળ લીધું. આ હળ માત્ર ખેતીનું સાધન નથી. એ વિકાસનું પ્રતીક છે. ખેતી વધશે તો સાથે વ્યાપારઉદ્યોગ પણ ફૂલશેફાલશે. કૃપ, ભીષ્મ, વિદુર, ચાર્વાક, અમે બધાં આ સ્વપ્ન જોઈએ છીએ. પુત્ર, તારે આશ્ચર્ય પામવાની જરૂર નથી. અમારું સ્વપ્ન સમાન છે, ભલે એ સાચું પાડવા માટેની રીત જુદી જુદી હોય. પશુથીયે ભૂંડી હાલતમાં જીવતા લોકોને ભૂખ્યા ન મરવું પડે, એમને ગરિમાભર્યું જીવન જીવવાની તક મળે, એવું સ્વપ્ન ભલે અમારા જીવનકાળ દરમ્યાન વાસ્તવિકતા ન બને. પણ અમે શું કામ નિરાશ થઈએ, જ્યારે તારા જેવા યુવાનો અમારી વચ્ચે છે?"

કર્ણના ગળે ડૂમો બાઝી ગયો. એક ગરીબ સૂતપુત્રમાં આજ પહેલા કોઈએ આટલો વિશ્વાસ નહોતો મૂક્યો. એનું રોમેરોમ થનગની ઊઠ્યું. મહાન યોદ્ધા બનવાનું એનું સ્વપ્ન, અત્યાર

સુધી માત્ર એક સ્વાર્થી ગણાય એવું લક્ષ્ય હતું. પણ હવે એની પાછળનો મહાન હેતુ એને દેખાઈ રહ્યો હતો.

બલરામે કર્ણ સામે જોઈને કહ્યું, “કર્ણ, પરશુરામના દેશમાં પહોંચ્યા પછી ક્રોધ અને ઘૃણા ઉપજે એવી ઘણી વસ્તુ ત્યાં જોવા મળશે. પણ જાત પર કાબૂ રાખજે. આવેશમાં આવીને કોઈ ઉતાવળિયું પગલું નહીં ભરી બેસતો. તું કયા હેતુસર ત્યાં ગયો છે, એ સતત યાદ કરજે. યુદ્ધકલામાં પરશુરામની તોલે આવે એવો બીજો કોઈ યોદ્ધો ભારતવર્ષમાં નથી. એમની પાસેથી જેટલું શીખવાનું મળે એ શીખી લેજે. એક દિવસ કોઈ મહાન હેતુ સિદ્ધ કરવા માટે એ જ્ઞાન કામમાં આવશે. તું બ્રાહ્મણ છે એવું કહેવામાં જરા સરખોયે ખચકાતો નહીં. તું ખરેખર બ્રાહ્મણ છે, કારણકે તું જ્ઞાનપિપાસુ છે. શસ્ત્રકલામાં નિપુણતા મેળવ્યા બાદ તું ક્ષત્રિય બનીને નિર્બળની રક્ષા કરશે. તારા કાર્યથી સમાજમાં સમૃદ્ધિ આવશે, ત્યારે તું વૈશ્ય ગણાઈશ. પ્રેમ, કરુણા, સેવા દ્વારા તું લોકોને સુખી કરીશ ત્યારે તું શૂદ્ર હોઈશ. બધાં વર્ણ તારામાં છે અને રહેશે. પરંતુ એનાથીયે મોટી વાત એ કે તું એક સારો માનવ હોઈશ. એનાથી વધીને વિશ્વમાં બીજું કંઈ નથી.”

બલરામે વાત પૂરી કરી. થોડો સમય કક્ષમાં મૌન પથરાઈ ગયું. દરિયાની ખારી હવાની સાથે દૂર વહાણોમાં સામાન ભરી રહેલા મજૂરોના આછા અવાજ અહીં સુધી આવી રહ્યા હતા. કર્ણએ જઈને બલરામના ચરણસ્પર્શ કર્યા. એમણે આશીર્વાદની સાથે કર્ણના હાથમાં સુવર્ણમુદ્રા ભરેલી નાની થેલી આપી. “રાખી લે, કામમાં આવશે. મારું પહેલું વહાણ પ્રભાસથી નીકળવાની તૈયારીમાં છે. તું જલદી પહોંચી જા. ફરી કોઈવાર આપણે મળશું, ત્યારે તું મોટો યોદ્ધો થઈ ગયો હોઈશ. તારા સ્વપ્નોને ભાંગવા નહીં દેતો. તારું લક્ષ્ય સિદ્ધ થાય ત્યારે યાદ રાખજે કે, આ ભૂમિએ તને શું આપ્યું છે. જા કર્ણ, ભગવાન સોમનાથ તારી રક્ષા કરે.”

નવા ઉત્સાહ અને દૃઢ નિશ્ચય સાથે કર્ણ બંદરગાહે પહોંચ્યો, ત્યાં ફરી કૃષ્ણનો ભેટો થયો. “કોણ છે તું?” એમણે પૂછ્યું.

“મહાશય, હું કોઈ નથી.” કર્ણએ સસ્મિત જવાબ આપ્યો.

“સાચું કહી દે, તું કોણ છે?”

“હું કંઈ નથી, અને બધુંયે છું.” કર્ણ એનો માર્ગ રોકીને ઊભેલા કૃષ્ણને હળવેથી બાજુએ ખસેડીને આગળ ચાલ્યો. એને રોકી પાડવાની ઇચ્છા કૃષ્ણને થઈ પણ પછી દૂર ઊભા રહીને આ દૃશ્ય નિહાળી રહેલા બલરામ દેખાયા, અને કૃષ્ણએ જાત પર કાબૂ મેળવી લીધો.

“દક્ષિણ દિશામાં ગમન માટે તૈયાર થઈ જાવ.” સુકાનીએ સાદ પાડ્યો, અને વહાણ ધીમી ગતિએ પ્રભાસના બારામાંથી નીકળ્યું. તૂતક પર ઊભેલો કર્ણ, સોમનાથનાં ભવ્ય શિખરોને દૃષ્ટિથી ઓજલ થતા જોઈ રહ્યો. સાગરયાત્રા કરીને એણે પોતાની જાતિ ગુમાવી દીધેલી. કર્ણએ હળવાશ અનુભવી. અજાણ્યા વિઘ્નો, ભયથી ભરેલી દેવભૂમિ તરફ આ યુવાનને લઈને વહાણ નીકળી પડ્યું.

પશુનો જન્મ

ખુલ્લા મેદાનમાં દ્રોણ એમના શિષ્યોને બાણ ચલાવવાની તાલીમ આપી રહ્યા હતા. ઝાડીની પાછળ છુપાઈને એમને જોઈ રહેલા એકલવ્યની આંખો અને કાન અડધી ક્ષણ માટે પણ ગુરુ પરથી નહોતા ખસ્યા. આમ તો એ રોજ પોતાની મેળે, જંગલની અંદર એકલોએકલો બાણ ફેંકવાનો અભ્યાસ કરતો હતો, પણ એનું એકેય બાણ લક્ષ્ય સુધી નહોતું પહોંચતું. આજે એને ખ્યાલ આવ્યો કે પોતે ક્યાં ભૂલ કરતો હતો. કામઠું પકડવાની એની રીતથી માંડીને માથું કઈ રીતે ફેરવવું, એ બધામાં કંઈ ને કંઈ ખોટ હતી.

દ્રોણ જેના પર સહુથી વધુ ધ્યાન આપી રહ્યા હતા, એ તરુણનું એકેય બાણ નિશાનને નહોતું ચૂકતું. "હું એનાથીયે કુશળ ધનુર્ધારી બનીને દેખાડીશ." એકલવ્યએ ત્યાં ને ત્યાં પ્રતિજ્ઞા લઈ લીધી. પરંતુ એ સ્થાને પહોંચવા માટે દ્રોણ જેવા ગુરુ જોઈએ. એમની પાસે જવાની હિંમત એક નિશાદ કઈ રીતે કરી શકે?

દિવસ આખો, એકલવ્યએ ગડમથલમાં કાઢી નાખ્યો, પણ સાંજ પડી ત્યારે એણે મન મક્કમ કરી લીધું. પ્રયત્ન કરી જોવામાં શું જતું હતું, એમ વિચારીને એ ઝાડીઝાંખરાની પાછળથી નીકળ્યો. રાજકુમારોની શરસંધાનની તાલીમ આજ પૂરતી સમાપ્ત થઈ ગયેલી. હવે દ્રોણ કંઈ મંત્રોચ્ચાર કરી રહ્યા હતા, અને થાકેલા વિદ્યાર્થીઓ ખાસ ઉત્સાહ વિના એમનું અનુકરણ કરતા હતા.

એકલવ્ય એમની તરફ આગળ વધ્યો. "બસ, ત્યાં જ ઊભો રહી જા." દ્રોણે પાડેલી ત્રાડ વાતાવરણને ખળભળાવી ગઈ. કૌરવ, પાંડવોની નજર આ તદ્દન નવા આગંતુક ભણી ખેંચાઈ. "કોણ છે તું? શું કામ અહીં આવ્યો છે?" દ્રોણે તીખા અવાજે પૂછ્યું.

"ગુરુજી, મને... મને તમારો શિષ્ય બનાવવાની કૃપા કરો." જેમતેમ હિંમત ભેગી કરીને એકલવ્ય આટલું જ બોલી શક્યો.

* * *

મધરાત થઈ ગયેલી, પણ એકલવ્યની આંખોમાં ઊંઘનું નામોનિશાન નહોતું. દ્રોણે એને શિષ્ય બનાવવાની ના પાડી, અપમાનિત કરીને કાઢી મૂક્યો, અને એક નિશાદે આવું પૂછવાની હિંમત કરી એ માટે હસ્તિનાપુરના અંધ રાજાનો વાંક કાઢ્યો. આ બધાંથી એકલવ્યને ખાસ કોઈ આશ્ચર્ય કે આઘાતની લાગણી નહોતી થઈ. બ્રાહ્મણ ગુરુ પાસે એણે આવા વર્તનની જ અપેક્ષા રાખેલી. તેમ છતાં એણે ભાગ્ય અજમાવી જોયું, અને નિષ્ફળતા મળી તો પાછો જંગલમાં આવી ગયો.

પરંતુ હવે એની નજર થોડે દૂર સૂતેલા જરા ભણી ગઈ, અને મનમાં ક્રોધ સાથે તિરસ્કારનું ઘોડાપૂર ઊમટી આવ્યું. આ ગંદોગોબરો, રોગિષ્ઠ શ્વાન જેવો જરા શું કામ એની પાછળપાછળ આવેલો? એકલવ્યને જોઈને ક્રોધે ભરાયેલા દ્રોણાચાર્ય, જરાને જોઈને તો જાણે આગનો ભડકો થઈ ઊઠેલા. પછી થયેલો સંવાદ એકલવ્યને પાછો યાદ આવી ગયો.

"પેલો કોણ છે?" એકલવ્યની પાછળ ઊભા રહીને શરીર ખંજવાળી રહેલા જરા તરફ આંગળી ચીંધીને દ્રોણે પૂછેલું.

"અનાથ છે, અમારી પાછળ-પાછળ આવે છે."

એકલવ્યનો જવાબ સાંભળીને દ્રોણે માથું હલાવતાં કહ્યું, "મને લાગ્યું જ, કોઈ નિશાદ પણ આવો કાળોભૂત તો ન જ હોય. એની જાતિ શું છે?"

એકલવ્યને ક્યારેય આ પૂછવાનો વિચાર નહોતો આવ્યો. એ ગણગણ્યો, "ખબર નથી."

"તું જાણે છે?" દ્રોણે જરાને પૂછ્યું. જરાને તો જાતિ શું કહેવાય એનીયે જાણ ન હોય, એમ એણે આંખો પટપટાવી.

દ્રોણે એકલવ્ય સામે જોઈને કહ્યું, "રાજ્યએ મને રાજકુમારોના ગુરુનું સ્થાન આપ્યું છે. એક નિશાદને હું ભણાવી નહીં શકું. તું જંગલમાં પાછો જા, તારા લોકોની વચ્ચે રહીને તારા કુળધર્મનું પાલન કર. એ સરખી રીતે કરીશ તો કદાચ બીજા જન્મમાં ઉચ્ચવર્ણમાં જન્મવાની તક તને મળશે. દરેક જન્મમાં તારા વર્ણને સોંપાયેલી જવાબદારી તું નિષ્ઠાપૂર્વક નિભાવતો રહીશ તો છેવટે એકવાર બ્રાહ્મણ તરીકે જન્મ લેવાનું સદ્ભાગ્ય તને પ્રાપ્ત થશે. પણ..." આટલું બોલીને દ્રોણે જરા સામે જોયું.

"પણ આ છોકરા સાથે રહીને તું તારો આવતો ભવ પણ નહીં બગાડતો. જેને પોતાના વર્ણ, જાતિ, કુળ વિશે કંઈ જાણ નથી, એવા લોકોથી દૂર રહેવામાં તારું ભલું છે. એકલવ્ય, આ તારી સાથે રહેશે ત્યાં સુધી દુર્ભાગ્ય તારો પીછો નહીં છોડે." આટલું બોલીને દ્રોણે એમની પીઠ ફેરવી લીધેલી.

"આ છોકરા સાથે રહીને તું તારો આવતો ભવ પણ નહીં બગાડતો." દ્રોણના શબ્દો બીજા દિવસની સવાર સુધી એકલવ્યના કાનમાં ગૂંજતા રહ્યા.

* * *

"તારા પિતાએ પેલા ગરીબ નિશાદ સાથે આટલા કઠોર થવાની જરૂર નહોતી." સુશાસન બોલ્યો.

અશ્વત્થામાએ માથું હલાવીને સહમતી દર્શાવી પણ પછી થોડા નિસહાય અવાજે બોલ્યો, "મને સમજાતું નથી કે પિતાજી આવું શું કામ કરે છે! ઘરની અંદર એમનું વર્તન સાવ જુદું હોય છે. પિતા તરીકે એ બહુ કડક છે, ઘણીવાર મેં એમના હાથનો માર ખાધો છે, પણ એ બધાંની પાછળ એમનો મારા પ્રત્યેનો સ્નેહ છૂપો નથી રહેતો. હું સૂઈ ગયાનો ઢોંગ કરીને પડ્યો હોઉં, ત્યારે પાસે આવીને એ મારા માથે હાથ ફેરવે છે, ગાલ પર ચૂમીઓ ભરે છે. એમનું વાત્સલ્ય મને રોમેરોમ ભીંજવી દે છે. મારી માતા સાથે પણ એ અત્યંત આદર અને પ્રેમથી વર્તે છે. પિતાજી જાણે છે કે કઠોર પરિશ્રમ કરીને એ જે કમાય છે, એમાંથી થોડા પૈસા મારી માતા ચોરીછૂપીથી એના ભાઈ કૃપને આપી દે છે. મારા મામા એ પૈસા કાં જુગારમાં ઉડાવી દે, કે પછી એમના મિત્ર ચાર્વાકને આપી દે છે. ચાર્વાકના હાથમાંથી એ ધન હસ્તિનાપુરના જંગલ, ઝૂંપડામાં વસતા ગરીબોને પહોંચે છે. જાણ્યા પછી પણ પિતાજી ક્યારેય આ વિષયમાં મારી માતાને ટોકતા નથી. એમને સમજવાનું બહુ મુશ્કેલ છે."

"હા, એ તો ખરું." સુયોધન બોલ્યો. અશ્વત્થામાએ દૂર નજર નાખીને કહ્યું, "અમારું ભવિષ્ય સુધારવા માટે એમણે પોતાની જન્મભૂમિ અને સગાંવહાલાં પાછળ છોડી દીધા. એમના ગુરુ પરશુરામે સખત શબ્દોમાં ચેતવણી આપેલી કે ક્ષત્રિયો સાથેનું કોઈપણ જોડાણ એમના માટે ભૂલ સાબિત થશે, કુરુ રાજકુમારોને શસ્ત્રકલા શીખવીને એ પોતાના બ્રાહ્મણત્વને છેહ આપશે. પિતાજીની અંદર રહેલી સારી, સરળ વ્યક્તિ, અને એમના માથે ચઢી બેઠેલી બહારની માન્યતાઓ વચ્ચે લડાઈ ચાલ્યા કરે છે. સુયોધન રામે મારા પિતા ખરાબ માણસ નથી. મને આશા છે કે એક દિવસ એ પરશુરામે શીખવાડેલા નીતિનિયમોના બંધનમાંથી મુક્ત થઈને, એમની અંદર છુપાયેલા ભલા, સરળ દ્રોણને બહાર આવવા દેશે."

* * *

પ્રભાત થાય એ પહેલાના ગાઢ અંધકારમાં વરસાદ પડવાનું શરૂ થયું. જંગલમાં ઘાસ પર સૂતેલો જરા સહેજ સળવળ્યો, પણ ઊઠીને વૃક્ષ નીચે આશ્રય લેવા જેટલી શક્તિ એના શરીરમાં નહોતી. રાતે એણે એકલવ્યની મશ્કરી કરવાની ભૂલ કરી હતી. દ્રોણથી હડધૂત

થયેલા એકલવ્યએ જાણે બધો વાંક જરાનો હોય, એમ એને અડધી રાતે મારીમારીને અધમૂઓ કરી નાખેલો.

વરસાદનું જોર થોડું ઓછું થયું અને આકાશનો રંગ કાળામાંથી ભૂખરો થવા લાગ્યો, ત્યારે જરા માંડમાંડ બેઠો થયો. એનું અંગેઅંગ કળતું હતું. આંખો ચોળીને એણે પોતાના અર્ધનગ્ન શરીર તરફ જોયું. ઠેરઠેર જામી ગયેલા લોહી, ચામઠા જોઈને એના મોઢામાંથી કોઈ ઘાયલ રાની પશુ જેવો ચિત્કાર નીકળી ગયો. દૂર નગરમાંથી કૂતરા ભસવાનો અવાજ આવ્યો.

ધ્રૂજતા પગે જરા ઊભો થયો. ફરી એકવાર એણે ચીસ પાડી. આ વખતે એનો પડઘો જે પ્રાણીએ પાડ્યો એ ખબર નહીં ક્યાં હતું. નગરની શેરીમાં, પર્વતોની કોતરો ને કંદરામાં, જંગલની કોઈ ગીચ ઝાડીઝાંખરામાં... પણ જ્યાં હોય ત્યાંથી, પ્રાણીએ જરાની પીડાનો પડઘો પાડ્યો હતો. આમ કરીને એણે જરામાં સૂતેલા પશુને જગાડી દીધો.

એ ક્ષણે એક નાનો બાળક મરી ગયો અને એક જનાવરનો જન્મ થયો. એને પોતાની ભૂખ તરસ છિપાવવા સિવાય બીજી કોઈ વાતની પરવા નહોતી. સમાજના નિયમો, શાસ્ત્રોના લખાણ, વર્ણભેદ, જાતપાતના વાડાબંધી, આમાંથી કોઈ વસ્તુ જરા અને એની ભૂખની વચ્ચે નહોતી આવવાની. કોઈ ભગવાન એને ભૂખ્યો નહોતો રાખી શકવાનો. ગમે તે ભોગે હવે જરા નામનું એ પ્રાણી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાનું હતું.

જરાએ જંગલની દિશામાં જોયું. ત્યાં ઊંડેઊંડે તક્ષક અને એની નાગસેના, એમનાથી અનેકગણા મોટા અને શક્તિશાળી હસ્તિનાપુર સામે યુદ્ધ છેડવાની તૈયારી કરી રહ્યા હતા. અત્યાચાર સામે લડવા માટે પ્રાણનું બલિદાન આપી દેવું પડે, તોયે એ વીર સ્ત્રીપુરુષોને ભય નહોતો. બીજી તરફ ઝગમગતા ભવ્ય પ્રાસાદો, વિશાળ રાજ્યમાર્ગોની સાથેસાથે તૂટ્યાંફૂટ્યાં ઝૂંપડાં, અંધારી ગંધાતી શેરીઓ ધરાવતું પાટનગર હતું. જરા જેવા લોકો ત્યાં માત્ર પ્રાણ ટકાવી રાખવા માટે ગમે તે કરવા તૈયાર હતા. એની સામે બે રસ્તા હતા. તક્ષક પાસે જઈને વીરતાભર્યું મૃત્યુ વહાલું કરવું, કે પછી નગરની ગંદી શેરીઓમાં ઝૂંપડેઝૂંપડે ફરતાં ઉંદરડાની જેમ બસ પેટ ભરવાની ચિંતા કરતા જીવ્યા કરવું.

સૂર્યનું પહેલું કિરણ ધરતી પર પહોંચ્યું, ત્યારે જરાએ નિર્ણય લઈ લીધેલો. એણે હસ્તિનાપુર શહેરની દિશામાં પગ ઉપાડ્યા.

* * *

સવાર પડી ત્યાં સુધીમાં એકલવ્યનો ક્રોધ ઊતરી ગયેલો. ઊલટું જરાને સખત મારઝૂડ કર્યા બદલ એને થોડો પસ્તાવો પણ થવા લાગ્યો. એણે આમતેમ જોયું, પણ હંમેશાં આગળપાછળ ફરતો જરા આજે ક્યાંય દેખાયો નહીં. છેવટે એકલવ્યએ આગલે દિવસે એ જ્યાં છુપાયેલો ત્યાંની વાટ પકડી.

દ્રોણાચાર્ય પોતાના શિષ્યો સામે તાલીમના મેદાનમાં આવી ગયેલા. એકલવ્યએ ઝાડીની પાછળ સ્થાન લીધું. સૂરજ પશ્ચિમમાં પહોંચ્યો ત્યાં સુધી અભ્યાસ ચાલ્યો. એકલવ્યને લાગ્યું કે એ પણ રાજકુમારોની સાથે દ્રોણાચાર્યનો શિષ્ય બની ગયેલો. ફરક માત્ર એટલો હતો કે એણે દૂર રહીને શિક્ષણ લેવાનું હતું.

આ શરૂઆત હતી. પછી તો રોજિંદો નિયમ બની ગયો. માત્ર નિરીક્ષણ કરીને એકલવ્ય શરસંધાનના પાઠ ભણતો રહ્યો. વર્ગ પૂરો થયા પછી રાજકુમારો મહેલમાં જતા રહેતા, પણ જંગલનો એ બાળક પોતાની મેળે બનાવેલા તીર કામઠાથી બાણ ફેંકવાનો અભ્યાસ કર્યા કરતો. મહિનાઓ વીતી ગયા. એકલવ્યની મહેનત રંગ લાવી. અર્જુનની જેમ જ એના બાણ પણ ધાર્યા લક્ષ્ય સુધી પહોંચવા લાગ્યા. કમાન પર ચઢેલું તીર કોઈ જાતપાત નહોતું પૂછતું. એ તો તીરંદાજના હાથ અને આંખ કહે, ત્યાં જઈને લક્ષ્યને વીંધતું હતું.

સાંજથી મોડી રાત સુધી અભ્યાસ કરવામાં એકલવ્યને એ લાભ હતો કે ઓછા અજવાળામાં પણ નિશાન સાધતાં એને ફાવી ગયેલું. કંટાળો કે થાક એને અડતા નહોતા. રાતે સહેજ અમસ્તી ઊંઘ મળે, એ પણ એના માટે પૂરતી હતી. એકલવ્યના જીવનનું હવે એક જ લક્ષ્ય હતું – અર્જુન જેવા કુશળ ધનુર્ધારી બનવાનું. થોડા દિવસ એને જરાની ગેરહાજરી સાલી, પરંતુ પછી તો એ પણ ભુલાઈ ગયો.

એકલવ્યની કાકી અને બાળકો પણ ખુશ હતાં. શિકાર કરવામાં એક્કો થઈ ગયેલો એકલવ્ય, હવે એના પરિવારને રોજ પેટ ભરીને જમાડી શકતો હતો.

* * *

ચારેબાજુથી આવી રહેલી દુર્ગંધથી બચવા માટે પુરોચને એના નાકે કપડું દબાવ્યું. સાંકડી શેરીઓ, બંને તરફ ખડકાયેલા કચરાના ગંજ, ગંદા પાણીથી ઉભરાતી નીકો, એની વચ્ચે તુચ્છ જીવડાંની જેમ રહેતાં લોકો... આ પણ હસ્તિનાપુરનો જ એક હિસ્સો હતો. પરંતુ શાસન કરતાં લોકો જાણે આ સ્થળનું અસ્તિત્વ જ ન હોય એમ વર્તતા હતા. એમનું હસ્તિનાપુર તો ભવ્ય, સમૃદ્ધ નગર હતું. જ્યાં વૈભવી પ્રાસાદો, ચોખ્ખાચણક પહોળા માર્ગો, સુવર્ણ શિખર સાથે ઝગમગતાં મંદિરો, મૂલ્યવાન વસ્તુઓ વેચતી વિશાળ દુકાનો જેવી જાહોજલાલી હતી.

હસ્તિનાપુર જ નહીં, ભારતના દરેક રાજ્ય, દરેક નગરની આ સ્થિતિ હતી. બહુમતી ગરીબીમાં સબડતી હતી, પણ બહારના લોકોને માત્ર ઉપરછલ્લું ચળકતું આવરણ દેખાતું હતું. પુરોચનના માથે નગરમાં સ્વચ્છતા જાળવવાની જવાબદારી હતી, પરંતુ એણે ક્યારેય આ તરફ ધ્યાન આપવાની તસ્દી નહોતી લીધી. લોકો ગાડાં, ફેરિયા, ગાય, બકરાં, ડુક્કરોની વચ્ચેથી રસ્તો કાઢીને આગળ જઈ રહેલા પુરોચનના પગ પરથી એક મોટો ઉંદર પસાર થઈ ગયો. એના મોઢામાંથી ચીસ નીકળતી રહી ગઈ. દીવાલ ભણી મોઢું રાખીને પેશાબ કરી રહેલા બે જણની બાજુમાં એક ફેરિયો, કોણ જાણે કેટલા દિવસના વાસી તેલમાં ફરસાણ તળી રહ્યો હતો.

ડગલે ને પગલે એનો માર્ગ રૂંધી રહેલા બીજા ફેરિયા અને ભિખારીઓને ધક્કા મારતો ચાલી રહેલો પુરોચન થોડો ગૂંચવાઈ ગયેલો. આજ પહેલાં પણ એ અહીં આવ્યો હતો, પરંતુ અહીંની શેરીઓ એને હંમેશાં મૂંઝવી મારતી. વળી આજે અહીં આવવાનો એનો હેતુ પણ એવો હતો કે કોઈને સહેજ પણ ગંધ આવી જાય તો પુરોચને જીવ ગુમાવવો પડે. એટલે કોઈને દિશા પૂછવાની હિંમત પણ નહોતી થતી. ડાબે જવું કે જમણે?

પણ પછી ડાબી દિશામાંથી આવતા આછા ઘંટનાદ એના કાને પડ્યા અને પુરોચને જમણી તરફ ગતિ કરી. ચાલતાં ચાલતાં એ બજારમાં આવી પહોંચ્યો, જ્યાં સુથાર, કુંભાર, કડિયા, માળી, શિલ્પકારો વહેલી સવારથી મોડી સાંજ સુધી ગ્રાહકની રાહ જોતા હતા. બે ટંક પેટ ભરી શકે એટલી કમાણી કરવા મથતા હતા. એમાંના ઘણાં લોકો નગરની બીજી તરફ કામ કરવા જતા હતા. હસ્તિનાપુરને સ્વચ્છ, સુંદર રાખવામાં એમનો હાથ હતો. પરંતુ અહીં પોતાની વસ્તીમાં એ પશુથીયે બદતર દશામાં જીવતાં હતાં. ક્યારેક કોઈ વિદેશી ભૂલેચૂકેય આ તરફ આવી ચઢે અને ટીકાટિપ્પણ કરી બેસે તો ઉચ્ચ વર્ગના લોકોને ખોટું લાગી જતું. એ ઇચ્છતા હતાં કે દેશની બહાર માત્ર આપણી સંસ્કૃતિની પ્રશંસા થાય. આ દરિદ્રો પથ્થર નીચે દબાઈ રહેતા જીવડાની જેમ ભલે જીવે, કામ કરે પણ કોઈની નજરે ન ચઢવા જોઈએ. જોકે ક્યારેક આ નિરુપદ્રવી જીવડાંની વચ્ચે ઝેરી વીંછી પણ પેદા થઈ જતા હતા.

શકુનિએ આજે પુરોચનને આવા જ એક વીંછીને મળવાની સૂચના આપી હતી. દુર્જય! એક સમયે આ નામ હસ્તિનાપુરના વૈભવી મહાલયોથી માંડીને કંગાળ શેરીઓમાં વસતા લોકોને થથરાવતું હતું. પાટનગરમાં ભલે કોઈનું પણ શાસન હોય, પરંતુ અપરાધની અંધારી દુનિયામાં દુર્જય રાજ કરતો હતો. ચોર, લૂંટારા, ભિખારી, રૂપજીવિનીઓ, આ બધાં પર નભતાં

દલાલો... સહુ દુર્જયની મૂઠીમાં હતા. એની શક્તિ અને ક્રૂરતાની કહાણીઓ ઘેરઘેર ચર્ચાતી હતી.

પછી એક સમય એવો આવ્યો જ્યારે હસ્તિનાપુરમાં અપરાધ સામે લડવા માટે ખાસ રચાયેલા દળે દુર્જયનું શાસન ભોંયભેગું કરી દીધેલું. થોડો વખત એ ક્યાંક ખૂણામાં છુપાઈ રહ્યો. પણ પછી હસ્તિનાપુરનું સૈન્ય દક્ષિણની સેના સામે લડવામાં વ્યસ્ત થઈ ગયું, અને દુર્જયને ફરીવાર માથું ઊંચકવાની તક મળી ગઈ. જોકે એના એ દિવસો વધુ ટકી ન શક્યા. પરશુરામ સાથે સંધિ થયા બાદ રાજ્યમાં થોડી શાંતિ સ્થપાઈ. ભીષ્મએ એમનું ધ્યાન ફરીથી ઘરઆંગણે ઉત્પાત મચાવી રહેલા દુર્જય જેવા લોકો પર કેન્દ્રિત કર્યું. દુર્જયનું સામ્રાજ્ય પાછું છિન્નભિન્ન થઈ ગયું, પણ એ પોતે જાત બચાવીને નાસી છૂટ્યો. ભીષ્મના સૈનિકો એને શોધી નહોતા શક્યા, પણ પુરોચન આજે એને મળવા નીકળ્યો હતો.

છેવટે એક સાંકડી શેરીના છેવાડે ઊભેલા ભાંગ્યાતૂટ્યા મકાનમાં દુર્જય એની સામે આવ્યો. ઘડીભર તો પુરોચન માની ન શક્યો કે, સાવ સામાન્ય, નિસ્તેજ વ્યક્તિત્વ ધરાવતા આ માણસે એક સમયે હસ્તિનાપુરની સેનાના મોઢે ફીણ લાવી દીધેલાં. એને લાગ્યું કે આવા માણસને તો થોડા સિક્કાની લાલચ આપીને ગમે તે કામ કરાવી શકાય. "તમારા લાભની વાત કરવા આવ્યો છું." એણે થોડા તોછડા અવાજે કહ્યું.

દુર્જય એને જોઈ રહ્યો અને પછી ભાવવિહિન અવાજે બોલ્યો, "શું?" અચાનક પુરોચનને ભય ઘેરી વળ્યો. એની જીભ થોથવાઈ ગઈ. નબળા પડી ગયેલા અવાજે એ કંઈ ભળતુંસળતું બોલી ગયો. "હંઅ... તમે લોકો પશ્ચિમમાં જોઈને પ્રાર્થના... એવું બધું કરો છો ને... તો આપણે..." વાક્ય અધૂરું છોડીને એણે મનોમન પોતાની જાતને ધમકાવી કાઢી. આ વાત તો સાવ છેલ્લે અને જરૂર પડે તો જ ઉચ્ચારવાની હતી. પહોળી આંખે એને જોઈ રહેલો દુર્જય હમણાં ધક્કો મારીને કાઢી મૂકશે એવી બીક પુરોચનને લાગી. જેમતેમ હિંમત ભેગી કરીને એણે જે કહેવા આવ્યો હતો એ ઝડપભેર કહી દીધું.

"દુર્જય, તારે તારું સામ્રાજ્ય પાછું ઊભું કરવું છે? ગાંધારથી દાણચોરીના માર્ગે કેફી દ્રવ્યો અને શસ્ત્રો અહીં લાવીને નાગ બળવાખોરોને વેચવાનો છૂપો વેપાર ચાલે છે, એમાં તારે ભાગ જોઈએ છે? તું ઇચ્છે છે કે ફરી એકવાર લોકો તારું નામ લેતાં પણ ડરવા લાગે?"

દુર્જયના હોઠ પર સ્મિત આવી ગયું, "તું ગાંડો છે કે સુરા પીધેલો? પ્રશાસનનો એક મામૂલી નોકર મારી મદદ કરવા નીકળ્યો છે? ચાલ, તારી લાંચ લઈને અહીંથી વહેતો થઈ જા!" બોલતાં એ ઊભો થઈ ગયો પણ પછી પુરોચને ઉચ્ચારેલા શબ્દોએ એને સ્થિર કરી દીધો.

"દુર્જય, ના પાડવામાં તું વધુ પડતી ઉતાવળ કરી બેઠો. તેં શકુનિનું નામ સાંભળ્યું છે ને?"

"શકુનિ, ગાંધારનો રાજકુમાર?" દુર્જયના ચહેરા પર આવી ગયેલા ભાવ જોઈને પુરોચનની હિંમત પાછી ફરી. દુર્જયે એને બેસવાનું કહ્યું ત્યારે તો રહીસહી ભીતિ પણ ઓગળી ગઈ.

દુર્જયે એના સેવકને મદિરા લઈ આવવાનો આદેશ આપ્યો. મોટું સુરાપાત્ર અને પકવાન ભરેલો થાળ લઈને એક છોકરો ખંડમાં દાખલ થયો. પુરોચનની આંખો ઝીણી થઈ. આને ક્યાંક જોયો હતો.

વણપૂછ્યા પ્રશ્નનો ઉત્તર આપી દેતાં દુર્જય બોલ્યો, "તમારું પ્રશાસન જેને ધૂત્કારી કાઢે છે એમને હું કામ આપું છું. ગામના છેવાડે ઉકરડામાં, કે જંગલમાં રહેતાં આ જરા જેવા યુવાનોનાં ટોળેટોળાં શહેરમાં આવે છે. એ બધાંય એક દિવસ બહુ શ્રીમંત થઈ જવાનાં સપનાં જુએ છે અને એ સપનાં હું પંપાળું છું. સુખી ભવિષ્યનો લોભ એમને મારી સાથે બાંધી રાખે છે. છોકરીઓ નગરમાં આવીને કોઈ રાજકુમાર કે ધનાઢ્ય વેપારીના ઘરમાં સ્થાન મેળવવાના શમણાં જુએ છે. એમાંથી કોઈકોઈની ઇચ્છા પૂરી થાય છે, પણ એમાંથી મોટાભાગની અમારા

જેવા લોકોના હાથમાં પડી જાય છે. રૂપ અને યુવાની ટકી રહે ત્યાં સુધી એ દેહવ્યવસાયના કામની રહે છે. પછી ભીખ માંગતી થઈ જાય છે. અંતે આ બધાં ચીંથરેહાલ દશામાં મરી જાય છે. આવા લોકોની મોટી ફોજ મારી પાસે હતી. પણ પેલા શૂદ્ર વિદુરે એના સુરક્ષાદળને મારા પર છોડી મૂક્યું..."

"ચિંતા છોડી દે મિત્ર, તારા એ સોનેરી દિવસો બહુ જલદી પાછા આવશે." પુરોચને કહ્યું.

"તારા મોઢામાં ઘી ગોળ." કહીને દુર્જય સુરાનો પ્યાલો ગટગટાવી ગયો. ખાલી થયેલા પાત્રને ભરવા માટે દોડી આવેલા છોકરાને પુરોચન જોઈ રહ્યો.

નાગ

શિકાર કરવા નીકળેલો એકલવ્ય એક સાંજે ગાઢ જંગલમાં બહુ ઊંડે ઊતરી ગયો. એક ઝરણા પાસે પહોંચી ગયા બાદ પાછો ફરવાનો વિચાર કરતો હતો, ત્યાં જ કોઈએ પ્રાણીને પકડવા માટે ગોઠવેલા છટકામાં એનો પગ ફસાઈ ગયો.

વૃક્ષની ડાળી પરથી ઊંધે માથે લટકી રહેલા એકલવ્યને જોતજોતામાં ક્યાંકથી આવી પહોંચેલા મશાલધારી લોકોએ ઘેરી લીધો. એમાંથી એક આધેડ વયનો માણસ આગળ આવ્યો. ચહેરા પર ચાઠા અને કપાળે કોઈ જૂના ઘાનું મોટું નિશાન ધરાવતા માણસને એક જ આંખ હતી. લંગડાતી ચાલે એકલવ્ય પાસે પહોંચીને એણે સ્મિત આપ્યું, "નાગના વિશ્વમાં તમારું સ્વાગત છે."

લાંબો પાતળો ચહેરો, એક આંખ અને ધારદાર દાંત વચ્ચે પડી ગયેલી જગ્યાને કારણે એ ખરેખર સાપ જેવો લાગતો હતો. એના આદેશથી કોઈએ દોરડા પર તલવારનો ઘા કર્યો. એકલવ્ય ઊંધે માથે જમીન પર પછડાયો. એનો ચહેરો લોહીલુહાણ થઈ ગયો. "ચાલ અમારી સાથે" કોઈ દયા ખાધા વિના પેલા નાગે કહ્યું, અને એકલવ્યની સાથે આખું ટોળું ત્યાંથી ઊપડ્યું. એકલવ્ય જાણતો હતો કે છૂટવાના ફાંફાં મારવાનું વ્યર્થ હતું. ઝરણાના ઠંડાગાર પાણીને વટાવ્યા પછી એણે હિંમત કરીને પૂછ્યું, "કોણ છો તમે?"

"હસ્તિનાપુરનો રાજા... પણ હું એક આંખે આંધળો છું, એટલે અડધો રાજા કહેવાઉં." આ જવાબ સાંભળીને બીજા બધા મોટેથી હસ્યા અને એકલવ્યના હોઠ પર પણ સ્મિત આવી ગયું.

"છોકરા, મારું નામ કાલિય છે. તેં કૃષ્ણના હાથે થયેલા મારા પરાજય વિશે સાંભળ્યું હશે. હું જ એ સહસ્રફેણધારી ગણાતો નાગ છું." પેલાના શબ્દો સાંભળીને એકલવ્ય પાછો મૂંગો થઈ ગયો.

ચાલતા ચાલતા છેવટે એ લોકો એક ખુલ્લી જગ્યામાં પહોંચ્યા. જંગલની વચ્ચોવચ એક નાનું ગામ વસ્યું હોય એવું વાતાવરણ હતું. ઘાસમાટીમાંથી બનાવેલાં ઝૂંપડાં, પોતપોતાના વર્તુળ બનાવીને વાતો કરી રહેલી સ્ત્રીઓ, આમતેમ દોડી રહેલાં બાળકો, નાચીકૂદીને પોતાની ઉંમરની છોકરીઓનું ધ્યાન ખેંચવા મથી રહેલા યુવાનો, ઠેરઠેર સળગી રહેલાં નાનાં મોટાં તાપણાં, ગંભીર ચહેરે બેઠેલા પુરુષો... એકલવ્યએ આ બધું જોયું, પણ છેવટે એની આંખ જેના પર જઈને અટકી એ હતો તક્ષક.

કાલિયે એની સામે જઈને માથું ઝુકાવ્યું. થોડીવાર માટે તો એકલવ્યને શું કરવું એ સમજાયું નહીં, પરંતુ પછી એણે પણ સહેજ ઝૂકીને અભિવાદન કર્યું. તક્ષકના આકર્ષક ચહેરા પર સ્મિત ફરકી ગયું. "હે શિવ, આ ખરેખર એકલવ્ય મારી સામે ઊભો છે?"

તાપણા પાસે બેઠેલા એક વૃદ્ધે એકલવ્ય સામે નજર નાખી, અને પછી બહુ રાજી ન થયો હોય એવા ભાવ સાથે માથું હલાવીને બીજી દિશામાં જોઈ ગયો. પણ તક્ષક તો જઈને એકલવ્યને ભેટી પડ્યો.

"મને અહીં શું કામ લઈ આવ્યા?" એકલવ્યએ ખાસ ઉત્સાહ બતાવ્યા વિના પૂછ્યું.

આ સાંભળીને તક્ષકનું સ્મિત વધુ પહોળું થયું. એ બોલ્યો, "કારણકે તારું સ્થાન અહીં જ છે. એકલવ્ય, આ તારું ઘર છે." પછી કાલિય સામે જોઈને એણે પૂછ્યું, "કેટલા દિવસ લાગી ગયા આને પકડવામાં?"

"મહિનાથી વધુ" કાલિયે લંબાણપૂર્વક જવાબ આપ્યો. "તક્ષક, આ તરુણ જન્મજાત

યોદ્ધો છે. હંમેશાં સચેત રહે છે. એનાથી છુપાવું બહુ કઠિન હતું. ઘણીવાર અમે પકડાતા પકડાતા રહી ગયા. એનું બાણ ભાગ્યે જ લક્ષ્ય ચૂકે છે. હજી થોડી તાલીમ મળે તો એ સારા શિકારીમાંથી મહાન યોદ્ધો બની શકે.”

“કોઈ મને કહેશે, આ બધું શું ચાલી રહ્યું છે?” એકલવ્યએ અકળાઈને પૂછ્યું. પણ સામે દેખાતા ચહેરા હસતા જ રહ્યા. તક્ષકે કહ્યું, “ધીરજ રાખ, સમય આવ્યે બધું સમજાઈ જશે. તું માત્ર કુશળ બાણાવળી નથી, અમારામાંનો એક છે, જે આપણી મુક્તિ અને ક્રાંતિની કૂચને આગળ ધપાવશે.” તાપણા પાસે બેઠેલા વૃદ્ધ તરફ નજર જતાંની સાથે તક્ષકે બોલવાનું અટકાવી દીધું. નજીક ઊભેલા એક યુવાન તરફ સંકેત કરતાં કહ્યું, “આ અશ્વસેન છે. તારું ધ્યાન રાખવાની જવાબદારી આજથી એના પર છે.”

એટલામાં દૂરથી ઘોંઘાટ સંભળાયો. પછી દોરડાથી બાંધેલા થોડા લોકોને ખેંચી લાવતા નાગ લડવૈયા દેખાયા... બંદીઓમાં એકાદ-બેને બાદ કરતા, બીજા બધાંયનો દેખાવ શહેરના નીચલા મધ્યમવર્ગીય લોકો જેવો હતો. એમના ચહેરા પર અત્યારે પારાવાર ભય હતો.

એમને જોતાની સાથે નાગ પુરુષો, સ્ત્રીઓ અને બાળકો પણ પોતપોતાની પ્રવૃત્તિઓ પડતી મૂકીને ત્યાં આવી પહોંચ્યાં. કોઈકે આવીને બંદીઓને ચોંટિયા ભર્યા, તો કોઈએ વાળ ખેંચ્યા. સૂકા પાનની જેમ થથરી રહેલી એક સ્ત્રીના હાથમાંથી એનું બાળક ઝૂંટવી લઈને રમકડાની જેમ આમતેમ ફંગોળાયું – માની ચીસોએ નાગવસ્તીને વધુ ઉશ્કેરી મૂકી.

તક્ષક અને અશ્વસેન ટોળા તરફ દોડ્યા. એકલવ્ય એમની પાછળ જવા જતો હતો, એવામાં તાપણા પાસેથી ઊભા થઈ ગયેલા વૃદ્ધે આવીને એનું કાંડું પકડી લીધું. મોટાભાગના દાંત ગુમાવી બેઠેલા બોખા મોઢે એણે કહ્યું, “ભાગી જા અહીંથી! આ બહુ જોખમી જગ્યા છે. તક્ષક ગાંડો થઈ ગયો છે અને એણે અમારા લોકોનાં માથાં પણ ફેરવી નાખ્યાં છે. તારા માટે આ પહેલી ને છેલ્લી તક છે. તું આજે નહીં જાય તો કાયમ માટે આ લોકો જેવો થઈને, એમની સાથે જ કમોતે મરીશ.”

એકલવ્યએ આશ્ચર્યથી પૂછ્યું, “વડીલ, આપ કોણ છો? તક્ષક સાથે હું જોડાઉં એની સામે તમને શું વાંધો છે?”

“છોકરા, આગ સાથે રમવાનું મૂકી દે. ક્રોધ અને તિરસ્કાર તને અંધ બનાવી દે એ પહેલાં અહીંથી જતો રહે. તક્ષક કહે છે, એટલી ખરાબ આ દુનિયા નથી. એ રાજા બની જશે તો ધરતી પર સ્વર્ગ નથી ઊતરી આવવાનું. તારી ઉંમર હજી બહુ નાની છે. આવી વાતોમાં ફસાઈને જીવન બરબાદ કરી નાખવાની જરૂર નથી. જા, અહીંથી!”

“પણ તમે છો કોણ?” એકલવ્યએ પ્રશ્ન દોહરાવ્યો. જવાબ ન મળ્યો, પણ સામેથી દોડતા આવેલા અશ્વસેને એકલવ્યને ઉત્સાહભર્યા અવાજે કહ્યું, “ચાલ, ચાલ, આપણો દ્રોહ કરનારને શું સજા થાય છે એ જોવા માટે આપણા નેતાએ તને બોલાવ્યો છે.”

વૃદ્ધે હતાશભાવે માથું ફેરવી લીધું. ક્ષણાર્ધ પહેલાં એની સલાહ માની લેવા તૈયાર થઈ ગયેલા એકલવ્ય પર હવે કુતૂહલ સવાર થઈ બેઠું. એ અશ્વસેન સાથે ખેંચાયો. જોકે એનાથી પૂછ્યા વિના ન રહેવાયું, “પેલા વૃદ્ધ કોણ છે?”

અશ્વસેને હાથ હલાવતા કહ્યું, “એની કોઈ વાત પર ધ્યાન આપવાની જરૂર નથી. એનું નામ વાસુકિ છે. એક સમયે એ નાગપ્રજાનો રાજા હતો, પણ એણે આપણું રાજ્ય, આપણો વારસો, બધુંય ગુમાવી દીધું. હવે ગાંડા જેવો થઈ ગયો છે. શાંતિ રાખો, લડો નહીં, એવો બબડાટ કર્યા કરે છે. પણ લડાઈ નહીં કરનારાની દશા કેવી થાય, એ બતાવવા માટે જ તક્ષકે એને જીવતો રાખ્યો છે.”

તક્ષક હવે લાકડામાંથી બનાવેલા એક ઊંચા આસન પર ન્યાયાધીશની જેમ બિરાજમાન

હતો. એણે એકલવ્યને બેસવાનો ઇશારો કર્યો અને પછી અદાલતનું કામ શરૂ થયું.

બંદીઓના જૂથમાંથી એક વૃદ્ધને ખેંચીને તક્ષક સામે રજૂ કરાયો. નાગના ટોળામાંથી આધેડ વયના એક માણસે આરોપીના અપરાધનું વર્ણન કર્યું, "હસ્તિનાપુરના ઉપનગર સૂર્યનગરમાં આ શિવરામચરણ રહે છે. જન્મે બ્રાહ્મણ છે, પણ ખેતી દ્વારા પુષ્કળ કમાણી કરે છે. પેઢીઓ પહેલાં એના પૂર્વજોએ પચાવી પાડેલી આપણી જમીન પર હવે એ આપણા જ લોકો પાસે મજૂરી કરાવે છે. એના ત્રાસમાંથી ભાગી છૂટેલા થોડા લોકો આવીને નહુષજીના નેતૃત્વ હેઠળ આપણી સેનામાં જોડાયા હતા. જોકે છેલ્લાં પંદરેક વર્ષથી આ લુચ્ચો માણસ સમજી ગયો છે કે હવે આપણું રાજ આવવાનું છે, એટલે એણે ઉદારતાનો ઢોંગ શરૂ કરી દીધો છે. પેલા ધૂર્ત યાદવરાજ બલરામ સાથે મળીને એણે ગામમાં શાળાઓ અને જુદા જુદા વ્યવસાય માટે તાલીમકેન્દ્રો શરૂ કર્યાં છે. જોકે ત્યાં તૈયાર થયેલા માણસો છેવટે એના જ કામમાં આવવાના છે. આપણા માણસોને પણ એ લલચાવીને પોતાની તરફ ખેંચી જાય છે અને પ્રશાસન આમાં એની મદદ કરે છે. એ લોકો મળીને આપણી સામે જે કાવતરાં ઘડી રહ્યાં છે, એ માટે એમને સજા થવી જ જોઈએ."

તક્ષક ઊભો થયો. આસપાસ નજર ફેરવીને એણે ગરજતા અવાજે કહ્યું, "આ માણસ આપણો શત્રુ છે. એની ઉદારતામાં એનો સ્વાર્થ છે. એણે ઊભી કરેલી શાળાઓમાં આપણાં બાળકો વર્ણ અને જાતિના પાઠ ભણે છે. એણે બનાવેલાં આરોગ્યકેન્દ્રમાં મફત ઔષધિઓ અપાય છે, કારણકે એને તંદુરસ્ત મજૂરો જોઈએ છે. એની તાલીમશાળામાં અભ્યાસ કરીને આપણા લોકો જે ઉત્પાદન કરે છે, એ પેલા જાડાપાડા વેપારીઓ લઈ જઈને મોટી કિંમતે વેચે છે. બલરામ જેવા લોકો પછી એના પર વધુ નફો ચઢાવીને વિદેશીઓને આપે છે. આપણાં ભાઈબહેનો વધુ ને વધુ ગરીબ થતાં જાય છે. બોલો, આવા માણસો દયાને લાયક છે?"

"ના..." ટોળાએ ગર્જના કરી.

"તો તમે જ કહો, એને શું સજા આપવી જોઈએ?" તક્ષકે પૂછ્યું. સામેથી એને જોઈતો જવાબ મળ્યો, "મારો, મારો, મારી નાખો."

"જનતાએ ચુકાદો આપી દીધો છે." કહીને તક્ષકે કાલિય ભણી સંકેત કર્યો. કાલિયે તલવારના એક ઝાટકે વૃદ્ધનું માથું ધડથી જુદું કરી દીધું.

એના પછી બીજા લોકોને પણ આ જ પ્રકારનાં ચિત્રવિચિત્ર કારણોસર મૃત્યુદંડ આપી દેવાયો. "આ શોષિતો, પીડિતોનો વિજય છે... ક્રાંતિનો આરંભ થઈ ચૂક્યો છે..." આવી બૂમો પડતી રહી. છેવટે થોડી સ્થૂળ કાયા ધરાવતો વેપારી બાકી રહ્યો. "મને જીવતદાન આપો, બદલામાં હું તમને મારી તમામ સંપત્તિ આપી દઈશ." ગળગળા સાદે એણે આજીજી કરી.

વેપારીની ગરદન પર તોળાઈ રહેલી કાલિયની તલવારને તક્ષકે હાથ ઊંચો કરીને અટકાવી દીધી. પછી એણે ટોળા તરફ ફરીને કહ્યું, "સાથીઓ, આપણા દરિદ્ર બાંધવો પાસેથી ખૂંચવી લીધેલી સંપત્તિ એ હવે પછી આપવા તૈયાર થયો છે. એને જીવતો રાખીએ?"

"ના..." ટોળામાંથી જવાબ આવ્યો, પણ પહેલેથી સહેજ ધીમો પડી ગયેલો અને પછી અચાનક એમાંથી કોઈએ કહી દીધું, `હા.'

કોણે હા પાડી એ જોવા માટે બધાંની દૃષ્ટિ ચારે તરફ ફરી વળી. તક્ષકે ગર્જના કરી, "જેણે હા પાડી એ આગળ આવે. મારે એને અભિનંદન આપવા છે."

કોઈ આગળ આવ્યું નહીં અને લોકો તક્ષક સામે આશ્ચર્યથી જોઈ રહ્યા. વેપારીને જીવતદાન આપવાની તરફેણ કરનારને એમનો નેતા અભિનંદન આપવાનો હતો?

તક્ષકે વણપૂછ્યા પ્રશ્નનો જવાબ આપી દીધો, "આપણે જે ક્રાંતિનું રણશીંગું ફૂંક્યું છે, એમાં શસ્ત્રો, માણસો અને બીજી પુષ્કળ સાધનસામગ્રીની જરૂર પડશે. એ ક્યાંથી આવશે? હું

તો કહું છું કે આપણું શોષણ કરનારાને લૂંટી લઈને આપણે એનું ધન એના જ લોકો સામે વાપરવું જોઈએ. વ્યાપારીના પૈસાથી જ આપણે વ્યાપારીઓ સામે લડશું. આ દુષ્ટને કેદમાં રાખીને, એના પરિવારજનો પાસેથી આપણે પૈસા મંગાવતા રહીશું. છેવટે એ પણ આપણા જેવા કંગાલ થઈ જાય પછી અદાલત નક્કી કરશે કે આ માણસનું શું કરવું, આજ પૂરતી અદાલત અહીં જ બરખાસ્ત થાય છે."

રડતા કકળતા વેપારીને કાલિયના માણસો એક ઝૂંપડા તરફ ઢસડી ગયા. એકલવ્ય સામે જોઈને તક્ષકે સ્મિત વેર્યું, પણ એકલવ્ય પ્રતિભાવ ન આપી શક્યો. નજર સામે થયેલા ક્રૂર, અન્યાયી હત્યાકાંડે એને હચમચાવી નાખેલો. તક્ષકમાં એને હવે ગરીબોનો તારણહાર કે મહાન ક્રાંતિવીર નહીં, પણ લોહીતરસ્યો પિશાચ દેખાવા લાગ્યો હતો.

પાછો થોડે દૂરથી વાસુકિએ પાડેલો સાદ એના કાને પડ્યો, "પુત્ર, હવે તો તેં જોઈ લીધું ને... કહું છું આ ડોસાની શિખામણ સાંભળી લે... બચાવી લે તારી જાતને..."

માંડ દસબાર વર્ષના લાગતા છોકરાએ વાસુકિને ધક્કો મારીને પાડી દીધો. ત્યાં દોડી ગયેલો એકલવ્ય એમને બેઠા થવા માટે સહાય કરી રહ્યો હતો. ત્યાં કોઈએ બૂમ પાડી, "એકલવ્ય, શું કરે છે એ ગાંડા સાથે?"

"ગાંડો? આ ઘડીએ તો આખી વસ્તીમાં આ એક જ ડાહ્યો માણસ લાગે છે." એકલવ્યને વિચાર આવી ગયો. અને પછી એને નિર્ણય લેતાં વાર ન લાગી. એણે આસપાસ જોયું, ઊંડો શ્વાસ લીધો અને પછી મુઠ્ઠીઓ વાળીને તક્ષકની છાવણીથી વિરુદ્ધ દિશામાં દોટ મૂકી. "એય, ક્યાં જાય છે?"ની ચીસો પાડતા નાગ યુવાનો એની પાછળ દોડ્યા.

ઝાડીઝાંખરા, કાંટા, કાંકરા, આ બધાંથી લોહી-લુહાણ થતો એકલવ્ય દોડતો રહ્યો. એની પાછળનાં લોકોએ હવે બાણ ફેંકવાનું શરૂ કર્યું. કોઈપણ ઘડીએ મૃત્યુ આંબી જશે, એવું વિચારીને દોડી રહેલા એકલવ્યના પગ એક ઊંચાણવાળી જગ્યાની ધાર પર આવીને અટક્યા. નીચે ગંગાના પાણી પ્રચંડ વેગે વહી રહ્યાં હતાં. મોટી શિલાઓ એની સામે ઝીંક ઝીલતી ઊભી હતી. આવામાં ટકી રહેવાનું ગજું કોઈ કાળા માથાના માનવીનું નહોતું. પરંતુ પાછા ફરવું એટલે તક્ષકના માણસોના હાથમાં પડવું. ઉપર આકાશમાં વાદળ ગર્જ્યા, વીજળી ચમકી. વધુ વિચાર કર્યા વિના એકલવ્યએ નીચે ઝંપલાવી દીધું. કાળમીંઢ પથ્થરોને બદલે એ સીધો પાણીમાં પડ્યો. અરણ્યના સંતાનને ગંગાએ પોતાના ખોળામાં સમાવી લીધો.

* * *

અનરાધાર વરસાદમાં ભીંજાતા નાગ લડવૈયા પોતાની વસ્તીમાં પાછા ફર્યા. ધ્રૂજતા અવાજે એમણે તક્ષકને જાણ કરી કે એકલવ્ય છટકી ગયો.

તક્ષકે ભાવવિહીન ચહેરે સમાચાર સાંભળી લીધા. "જે છોકરાને શોધવા, પકડવા આપણે આટલી મહેનત કરી એ જતો રહ્યો, તો તમને રોષ નથી ચઢતો?" કાલિયે પૂછ્યું.

તક્ષકના હોઠ સહેજ મરક્યા. "એકલવ્ય હજી બહુ નાનો છે. બહારની દુનિયા પર એને વધુ પડતો વિશ્વાસ છે. પણ કાલિય, એક દિવસ એને ત્યાંના લોકોનું સાચું રૂપ પરખાઈ જશે ત્યારે એ પાછો આવશે. એ સમયે એના મનમાં આપણાંથીયે વધુ રોષ ધૂંધવાતો હશે."

તક્ષકની વાત કાલિયને સમજાઈ નહીં, પણ એ માત્ર ખભા ઉછાળીને મૂંગો રહ્યો. વ્યૂહરચના ઘડવાનું કામ તક્ષકનું હતું. કાલિયે તો માત્ર આદેશનું પાલન કરવાનું હતું. જોકે એકલવ્ય એને ગમવા લાગેલો. મનોમન એણે પ્રાર્થના કરી લીધી કે એકલવ્ય નદી પાર કરી ગયો હોય.

અંધારિયા ઓળા

કચવાતા મને શકુનિ રાણીવાસના દરવાજે પહોંચ્યો. ગાંધારીએ માતા બનીને એને નાનપણથી સાચવ્યો હતો. તોયે મોટી બહેન મળવા માટે બોલાવે ત્યારે શકુનિ થોડો અસ્વસ્થ થઈ જતો. એને લાગતું કે ભલે ગાંધારીએ આંખે રેશમના પાટા બાંધી રાખ્યા હોય, પણ તોયે એ શકુનિના મનમાં ચાલતા વિચારો વાંચી શકતી હતી.

બીજા લોકોને છેતરવાનું બહુ કઠિન નહોતું. ગાંધારને ધૂળમાં મેળવીને એની અપ્રતિમ સૌંદર્યવાન રાજકુમારી ગાંધારી, અને માત્ર પાંચ વર્ષના શકુનિને ભીષ્મ હસ્તિનાપુર તો લઈ આવ્યા, પણ એમનું મન સહેજ ડંખતું તો હતું જ. રાજમહેલમાં એમણે શકુનિનો અભ્યાસ અને ઉછેર એક રાજકુમારની જેમ કર્યો હતો. શકુનિ બુદ્ધિમાન અને ચતુર હતો. કોઈપણ નવી વાત બહુ ઝડપથી શીખી જવાની આવડત એનામાં હતી. એની જીભ પરથી તો જાણે મધ ટપકતું હતું. ભીષ્મ સહિત બીજાં મોટેરાંને એણે નમ્રતા અને મીઠાશથી પોતાના કરી લીધેલા. નાના માણસોને એ નાનીમોટી ભેટસોગાદો આપીને રાજી રાખતો. કોઈ નહોતું જાણતું કે એના મનમાં શું હતું. શકુનિને ડર હતો માત્ર ગાંધારીનો.

મહારાણીના કક્ષમાં પગ મૂકતાંની સાથે હવામાં ભળેલી ચંદનની મહેક એને ઘેરી વળી. શકુનિનો શ્વાસ રૂંધાવા લાગ્યો. ખંડની ભવ્યતાએ એના બાળપણની કડવી યાદો તાજી કરી દીધી. અનેકવાર થયેલો પ્રશ્ન પાછો મનને પજવી ગયો – શું કામ મારી બહેને સામે ચાલીને અંધત્વ સ્વીકારી લીધું? પતિ પ્રત્યે આ પ્રેમની નિશાની હતી કે તિરસ્કારની?

એક વાતમાં જોકે કોઈ શંકા નહોતી કે લાચાર ગાંધારીને અંધ ધૃતરાષ્ટ્ર સાથે પરણવાની ફરજ પડાયેલી. "ભીષ્મ, એક દિવસ આનો બદલો હું જરૂર લઈશ." શકુનિએ પોતાની પ્રતિજ્ઞા દોહરાવી લીધી.

જોકે, બીજી તરફ ગાંધારી હવે કોઈ લાચાર અબળા નહોતી. ભારતીય ઉપખંડની એ સહુથી પ્રભાવશાળી સામર્થ્યવાન સ્ત્રી હતી. ધૃતરાષ્ટ્ર ભલે રાજા હોય, પણ એનો દોર ગાંધારીના હાથમાં હતો. એણે લીધેલા નિર્ણય ભીષ્મ પણ ભાગ્યે જ ઉથાપતા. ભીષ્મની આંખમાં આંખ મેળવીને, નમ્ર પણ સ્પષ્ટ અવાજે દલીલ કરવાની હિંમત ગાંધારી સિવાય બીજા કોઈમાં નહોતી. એ કોઈનું અપમાન નહોતી કરતી, પણ શાંતિથી પોતાનું ધાર્યું કરાવી લેતી. કુંતી સાથેનું એનું શીત યુદ્ધ હવે કોઈથી અછતું નહોતું રહ્યું. કુંતી પોતાના પુત્ર યુધિષ્ઠિરને યુવરાજ તરીકે સ્થાપિત કરી દેવા જે દાવપેચ ખેલતી હતી, એને ઊંધા પાડવા માટે ગાંધારી સતત જાગૃત હતી. રાજગાદી પર માત્ર પોતાના પ્રિય સુયોધનનો જ અધિકાર હતો, એ બાબતે ગાંધારીને કોઈ શંકા નહોતી.

"ભાઈ, ગોળગોળ વાત કર્યા વિના સીધેસીધું કહી દઉં. મહેરબાની કરીને મારા પુત્રોથી આઘો રહે." શકુનિએ મોટીબહેન સામે હજી આસન લીધું, ત્યાં તો એને આવું કહી દેવાયું.

શકુનિ જાણતો હતો કે ગાંધારી જ્યારે પણ એને `ભાઈ'નું સંબોધન કરે, ત્યારે ચેતી જવાનો સંકેત હતો. હંમેશાં એના હાથમાં રહેતાં પાસાંને ખખડાવતાં એ શાંતિથી બોલ્યો, "બહેન, હું તો માત્ર મામા તરીકેનું કર્તવ્ય નિભાવું છું."

હાડકામાંથી બનેલા પાસાનો અવાજ, હંમેશની જેમ આજે પણ ગાંધારીને અસ્વસ્થ કરી ગયો. "પિતામહે તને ગાંધારના રાજ્યપાલ બનાવવાની ઇચ્છા દર્શાવી છે. તારી પાસે ત્યાં લગભગ રાજા જેવી સત્તા હશે. કોઈની રોકટોક નહીં હોય. તું શું કામ ગાંધાર પાછો નથી જતો?"

લાંબો સમય ચૂપ રહ્યા પછી શકુનિએ લાકડાની પાટ પર જોરથી પાસાં ફેંક્યાં. આમ તેમ ગબડીને છેવટે સ્થિર થયેલાં બંને પાસાંએ `છ'નો અંક દેખાડ્યો. શકુનિના ચહેરા પર સંતોષનું સ્મિત આવી ગયું.

"શકુનિ, તું આ પાસાં ક્યાંક દૂર ફેંકી દે. એ સર્વનાશ નોતરશે." ગાંધારીના અવાજમાં વ્યગ્રતા આવી ગઈ.

"બહેન, તું મને આ પાસાં ફેંકી દેવાનું કહે છે? ભૂલી ગઈ કે આ કોઈ સામાન્ય સોગઠીઓ નથી? નિર્મમપણે જેમની હત્યા થઈ, એ આપણા પિતાના સાથળના હાડકામાંથી આ પાસાં બન્યાં છે. તું જે દેશને હવે તારો માની બેઠી છે, ત્યાં જંગલી, અસંસ્કૃત લોકો પોતાનાં મૃત પરિવારજનોને બાળીને રાખ કરી દે છે, પણ આપણા ગાંધારમાં એમને માનભેર ધરતીમાં દાટી દેવાય છે. ત્યાં સૂતેલા આપણા મૃત પિતાનો આત્મા આ પાસાંમાં વસે છે. મારી ઇચ્છા હોય એમ પડે છે. ચાર કહું તો ચાર અને આઠ કહું તો આઠ દેખાડે છે. આવા જાદુઈ પાસાંને હું ફેંકી દઉં? નાનપણમાં તેં જ મને કહેલું કે આ લોકોએ ગાંધારની જે દુર્દશા કરી, એવી જ હસ્તિનાપુરની પણ થવી જોઈએ."

"શકુનિ, એ હવે ભૂતકાળ થઈ ગયો. હું કાચી વયની હતી અને હસ્તિનાપુરને ધિક્કારતી હતી. પણ હવે આ દેશ, આ ભૂમિ, અહીં વસતા લોકો, બધુંયે મારું છે. આજે મારો પતિ અહીંનો રાજા છે, આવતી કાલે મારો પુત્ર હસ્તિનાપુરની ગાદી પર બેસીને આખા દેશ પર રાજ કરશે. તું શું કામ એમના મનમાં આડુંઅવળું ભરાવ્યા કરે છે? તું યે આપણા પૂર્વજોની ભૂમિ પર જઈને રાજ કર ને!"

"હું શું કામ મારા ભાણેજોના મનમાં કંઈ ખોટું ભરાવું? બહેન, તું તો જાણે છે કે કુંતી એના પુત્રને રાજગાદીનો વારસદાર બનાવવા માટે કાવતરાં ઘડે છે. એવું થયું તો પછી તું, તારો અંધ પતિ, તારા સંતાનો, બધાં ક્યાં જશો?"

"કુંતી?" ગાંધારીએ તુચ્છભાવે કહ્યું. "એ ગરીબડી વિધવા મારું શું બગાડી લેવાની? સહુ જાણે છે કે પાંડવ તરીકે ઓળખાતા એના પાંચ સંતાનોમાંથી એકેયમાં પાંડુનું લોહી નથી. એ તો બિચારો નપુંસક હતો. કુંતીએ બીજા પુરુષોની મદદથી એના પુત્રો પેદા કર્યા છે. એ અનૌરસ સંતાનો કેવી રીતે હસ્તિનાપુરની ગાદી પર દાવો કરી શકે? શકુનિ, તારી પોકળ વાતોથી મને ડરાવવાના ઉધામા છોડી દે."

શકુનિએ પાટ પરથી પાસાં ઉપાડતાં કહ્યું, "બહેન, તું વધુ પડતી ભોળી છે. ક્યારેય વિચાર્યું છે કે કુંતી બ્રાહ્મણો અને પૂજારીઓને શું કામ આટલો આદર આપે છે? એમનો પક્ષ લઈને વારંવાર ભીષ્મ અને વિદુર પાસે શું કામ દોડી જાય છે? તું સમજી લે કે, એ બહુ મેલી રમત રમી રહી છે. તને ગાફેલ રાખીને તારા પગ નીચેથી જાજમ ખેંચી કાઢશે. કૃપને રાજ્યગુરુના સ્થાનેથી કાઢીને, રૂઢિચુસ્ત દ્રોણાચાર્યને શું કામ ત્યાં બેસાડી દેવાયા? દ્રોણને પાંડવો માટે પક્ષપાત છે, અને પડદા પાછળથી એનો દોરી-સંચાર કરતા પરશુરામ તને નથી દેખાતા? ધૌમ્યનું અહીં શું કામ છે? કૃષ્ણ જેવા ગણતરીબાજ યાદવકુમાર શું કામ પાંડવોની આટલી નિકટ છે? ગાંધારી, મારી બહેન, ભોળપણમાં તું બધું ગુમાવી દઈશ."

ગાંધારીએ શાંતિથી એના ભાઈની વાતો સાંભળી લીધી. પછી એ ઊભી થઈને શકુનિની પાસે ગઈ. "મારી સામે જો. મેં ભલે આંખે પાટા બાંધ્યા હોય, પણ કુંતી સાથે હું મારી રીતે ફોડી લઈશ. તારે વધુ ગૂંચવણ ઊભી કરવાની જરૂર નથી. અને ખબરદાર, જો કોઈ કાવતરા કર્યા છે તો! મારો પુત્ર, અધિકારપૂર્વક ભારતનો રાજા બનશે. એના ઊજળા નામ પર નાનો સરખોયે છાંટો ન ઊડવો જોઈએ. તને જેમાં આપણા પિતાના અસ્થિ અને આત્મા દેખાય છે, એ સોગઠાં તું મારા પુત્રોથી દૂર, તારી પાસે જ રાખજે. ભૂતકાળમાં શું થયું, એની હવે મને

પરવા નથી. વર્તમાનમાં મને માત્ર મારા પતિ અને સંતાનોની ચિંતા છે. આ દેશ અને દેશના લોકોએ મને એમની પુત્રવધૂ તરીકે સ્વીકારી લીધી છે. હું એમને છેહ નહીં આપું. તું આજે ને આજે ગાંધાર જવાની તૈયારી કરી નાખ."

આકાશમાં પશ્ચિમ ભણી ઢળી રહેલો સૂર્ય બારીમાંથી નજરે પડતો હતો. ત્યાં દૃષ્ટિ સ્થિર રાખીને શકુનિ બોલ્યો, "ભીષ્મ સાથે ચર્ચા કરીને, હું તને મારો નિર્ણય જણાવી દઈશ."

"હું જાણું છું કે ભીષ્મ શું કહેશે?" ગાંધારીએ છણકો કર્યો. "એ હજી એમ જ માને છે કે એમણે તને નાનપણમાં બહુ અન્યાય કરેલો એટલે હવે બસ લાડકોડ અને સ્નેહ જ વરસાવવા જોઈએ. એ તો એવું જ કહેશે કે શકુનિ, તારી ઇચ્છા હોય ત્યાં સુધી તું હસ્તિનાપુરમાં રહી શકે છે."

"બહેન, ભીષ્મ પોતે એવું ઇચ્છતા હોય તો પછી મારે અહીં જ રહ્યા વિના કોઈ છૂટકો નથી." કહીને શકુનિએ ખંડમાંથી બહાર જવા પગ ઉપાડ્યો.

"શકુનિ, તને ફરીથી કહું છું કે મારા સંતાનોથી દૂર રહેજે. અને નહીં તો મોટી કિંમત ચૂકવવા તૈયાર રહેજે." ગાંધારીએ ઊંચા સાદે કહ્યું.

"હું જ નહીં, આખું ભારત મારા ગાંધારને થયેલા અન્યાયની કિંમત ચૂકવશે." આવું બોલીને શકુનિ બહાર નીકળી ગયો. સામેથી આવતા વિદુરને જોઈને એ બબડ્યો, "આહા, હવે તો શૂદ્રોને પણ રાણીવાસમાં પ્રવેશવાનો અધિકાર મળી ગયો. ખરેખર આ દેશમાં પ્રગતિ થઈ રહી છે."

શકુનિએ કરેલા અપમાનના જવાબ આપવાને બદલે વિદુર એની સામે ધારદાર નજરે તાકી રહ્યા. છેવટે આંખ ફેરવીને શકુનિ નીકળી ગયો. વિદુરના કાળજે કોઈ ન સમજાય એવી ચિંતાએ ચટકો ભર્યો. ઠેરઠેર સળગી રહેલી મશાલોના અજવાળામાં એમણે શકુનિને સુયોધનના કક્ષ તરફ જતા જોયો. ધીમે પગલે એ પણ ત્યાં ગયા. દરવાજાની બીજી તરફ મામા-ભાણેજ શું વાત કરતા હતા, એ સાંભળવા માટે એમણે કાન સરવા કર્યા. જોકે એ પહેલાં પ્રાર્થના કરી લીધી કે, મહેલના કોઈ સેવક કે સુરક્ષાકર્મીની દૃષ્ટિ એમના પર પડી ન જાય. મહા અમાત્ય ટોકવાની હિંમત કોઈનામાં નહોતી, પણ પીઠ પાછળ જરૂર ઘુસપુસ થાય કે વિદુર જેવો માણસ આવા જ છાનગપતિયાં કરે.

ખંડમાં શકુનિ પ્રવેશ્યો, એની થોડી જ વારમાં હસતે મોઢે બહાર દોડી આવેલી સુશલાએ વિદુરને જોયો. એ ચમકી પણ પછી કંઈ બોલ્યા વિના જતી રહી. વિદુરે પોતાના ભાગ્યને દોષ આપ્યો, પણ ત્યાંથી ખસ્યો નહીં.

* * *

"કેમ બધાના ચહેરા ઊતરી ગયા છે?" શકુનિએ ખંડની અંદર આસન પર ગોઠવાઈને પૂછ્યું.

મામાને જોઈને ઊભા થઈ ગયેલા સુયોધન અને સુશાસને એકબીજા સામે જોયું અને પછી મોટાભાઈએ કહી દીધું, "અમે આ ભીમથી ત્રાસી ગયા છીએ. એક દિવસ એને મારી નાખીશું."

"પાછું શું થયું? એ જાડિયામાં બુદ્ધિ ઓછી છે, પણ કડવી જીભ અને બળવાન હાથ છે. આવા માણસ બીજાને બહુ ભારે પડે." શકુનિ બોલ્યો.

"પણ ગુરુ દ્રોણ તો એની અને અર્જુનની શક્તિ, વીરતાનાં વખાણ કરતાં ધરાતા નથી. યુધિષ્ઠિરના જ્ઞાન અને નકુળ-સહદેવની બુદ્ધિના પણ એ ગુણગાન ગાતા ફરે છે. અમને તો એ માણસમાં ગણતા જ નથી. આજે પાછું એમણે બધાની વચ્ચે સુયોધનનું અપમાન કરી નાખ્યું. એને મહામૂર્ખ કહ્યો." સુશાસને બળાપો કર્યો.

"બસ, એટલામાં તમે અબળા નારીની જેમ કકળાટ કરવા બેસી ગયા?" શકુનિએ મજાક કરી.

એની ધારણા પ્રમાણે સુયોધન ઉકળી ઊઠ્યો. "મામા, તમે પણ અમારા અંધ પિતાની મશ્કરી કરવામાં જોડાયા?"

"હં, મને તો લાગે છે કે આજે ફરી એકવાર ભીમ તમને મ્હાત કરી ગયો." શકુનિએ ઘા પર મીઠું ભભરાવ્યું. "એણે તમને આંધળાના પુત્રો કહ્યા? તમારાં માતા-પિતાની નિસહાયતાની હાંસી ઉડાવી?"

સુયોધને દાંત કચકચાવ્યા. સુશાસને કહ્યું, "આ તો હવે રોજનું થયું. ગુરુ દ્રોણ પણ અમને ટોણાં મારે છે. ઘણા વખતથી એમણે એવુંયે કહેવાનું શરૂ કર્યું છે કે, આ રાષ્ટ્ર માટે આશાનું એકમાત્ર કિરણ યુધિષ્ઠિર છે. એ રાજા થાય તો જ દેશ બચી શકે."

"મારા ભોળિયા ભાણેજો, તમને કોઈએ કહ્યું છે કે તમારી મજાક ઉડાવનારા પાંડવો, ખરા અર્થમાં તમારા પિતરાઈ બાંધવો નથી?"

શકુનિએ કરેલો ધડાકો સુયોધન અને સુશાસનને ચમકાવી ગયો. એમનું આશ્ચર્ય જોઈને શકુનિ ખડખડાટ હસી પડ્યો. "જેમના પિતા વિશે કોઈને જાણ ન હોય એમને શું કહેવાય? બધાં જાણે છે કે તમારા કાકા પાંડુમાં પિતા બનવાની ક્ષમતા નહોતી. એમણે આગ્રહ કરીને પોતાની પત્ની, એટલે કે તમારી કાકીને પરપુરુષો પાસે મોકલી. યુધિષ્ઠિર કોઈ બ્રાહ્મણથી થયેલો દીકરો છે. અર્જુનના પિતા ઇન્દ્રવંશના કોઈ મામૂલી રાજકુમાર છે અને ભીમનો બાપ જંગલમાં રખડતો માણસ હતો. બીજા શબ્દોમાં કહીએ તો તમારા પિતરાઈ બંધુઓ અનૌરસ સંતતિ છે. અને હા, પતિની સાથે સતી થયેલી તમારી કાકી માદ્રિ યાદ છે? પાંડુએ એને પણ પારકા પુરુષ પાસે જઈને પુત્ર થવાની ફરજ પાડેલી. નકુલ અને સહદેવ પણ પાંડુના સંતાન નથી."

આંચકામાંથી બહાર આવેલા સુશાસનના હોઠ મલકી ઊઠ્યા, પણ સુયોધને માથું ધુણાવ્યું, જાણે મામાની વાત એના ગળે ન ઊતરી હોય. શકુનિ આગળ બોલ્યો. "સુયોધન, હજી વધુ સાંભળ. બહાર એવીયે અફવા છે કે, પાંડુ સાથે વિવાહ થયા એ પહેલાં તારી કાકી કુંતી, સૂર્યવંશના કોઈ રાજકુમાર સાથે પ્રેમમાં હતી. એ સંબંધથી એને એક પુત્ર પણ થયેલો. કોઈ પાકે પાયે નથી જાણતું કે પછી એ બાળકનું શું થયું? ક્યાંક જોકે એવું સાંભળેલું કે એ હજી જીવિત છે, અને પાલક માતાપિતાના ઘરમાં ઊછરી રહ્યો છે. હું એની શોધમાં છું. એ ખરેખર જીવિત હોય, તો તમારા બધાથી થોડાં વરસ મોટો હશે."

"સુયોધન, તેં મામાની વાત સાંભળી કે નહીં? યુધિષ્ઠિર કોઈ કાળે હસ્તિનાપુરની ગાદી પર દાવો નહીં કરી શકે!" સુશાસન ગેલમાં આવી ગયો. શકુનિએ અટ્ટહાસ્ય કર્યું, પણ સુયોધન ચૂપ રહ્યો.

બારણે કાન માંડીને આ વાતચીત સાંભળી રહેલા વિદુરે હતાશાભેર માથું હલાવ્યું. એણે પોતે પણ કુંતી વિશે ચાલતી અફવાઓ સાંભળી હતી. પરંતુ પોતાના નીતિમતાના ત્રાજવામાં બીજાને તોલવાની ટેવ વિદુરને નહોતી. એ દૃઢપણે માનતા હતા કે નૈતિકતા, દરેક વ્યક્તિની અંગત બાબત હતી. કુંતી અને પાંડુએ શું કર્યું, એની સાથે બીજાને સંબંધ નહોતો. પણ હા, યુધિષ્ઠિર એક દિવસ રાજસિંહાસન માટે દાવો કરશે, એવો વિચાર વિદુરને આ પહેલાં ક્યારેય નહોતો આવ્યો. યુધિષ્ઠિર હસ્તિનાપુર નરેશના નાનાભાઈ પાંડુનો પુત્ર હતો. વર્તમાન રાજવી ધૃતરાષ્ટ્ર હતા. એમના પછી એમનો જ્યેષ્ઠ પુત્ર ગાદી પર આવશે, એ સર્વસ્વીકૃત વાત હતી. આજે શકુનિએ સુયોધન સાથે કરેલો સંવાદ સાંભળીને વિદુર આભા થઈ ગયા. મહેલમાં રમાઈ રહેલી રાજરમતથી એ આટલી હદે અજાણ રહી ગયેલા? આ તો ભાવિ આફતના એંધાણ હતા.

બ્રાહ્મણો, પંડિત-પૂજારીઓ અને ઉચ્ચ અધિકારીઓ સાથે કુંતી અને યુધિષ્ઠિરની વર્તણૂક વિશે એણે હવે વિચાર્યું. કોઈ અત્યંત ચતુર, બળુકી વ્યક્તિએ રમતમાં પ્યાદા ગોઠવવાની આછી હિલચાલ કરવાનું આરંભી દીધું હતું. ક્યાંક આની પાછળ પરશુરામનો હાથ નહોતો ને? વિચારોમાં સરી પડેલા વિદુરને છેલ્લી ઘડીએ ખ્યાલ આવ્યો કે સુયોધનના કક્ષનું બારણું ખોલીને અશ્વત્થામા અંદર પ્રવેશી ગયેલો. વિદુર પર એની દૃષ્ટિ પડેલી કે નહીં, એ તો એ જાણે.

ગુરુપુત્રને જોઈને એના મિત્રો આનંદમાં આવી ગયા, પણ શકુનિનું મોઢું સહેજ કટાણું થયું. અશ્વત્થામાની હાજરીમાં ખાનગી, મહત્ત્વની વાત કરતાં એને ખચકાટ થયો. જોકે સમય ઓછો હતો. શંકાને બાજુએ હડસેલીને એણે કહી દીધું, “સુયોધન, હવે બીજીવાર ભીમ તને અંધનો પુત્ર કહીને બોલાવે, ત્યારે એને શું કહેવું, એ તને યાદ રહેશે ને?”

સુશાસને હસીને હા પાડી, પણ સુયોધન મૂંગો રહ્યો. અશ્વત્થામા એકીટસે શકુનિને જોઈ રહ્યો.

“થોડાં વર્ષ પહેલા મેં તને કહેલું કે, ગાંધારમાં અમારા શત્રુને અમે કઈ રીતે પરાજિત કરતા હતા. જ્યારે તમારો પ્રતિદ્વંદ્વી બહુ બળવાન, શક્તિશાળી હોય ત્યારે એને હરાવવા માટે બળ નહીં, બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ.”

શકુનિએ આપેલી શિખામણ સામે સુયોધન શું પ્રતિભાવ આપશે એ જાણવા માટે બારણાંની બીજી તરફ ઊભેલા વિદુર આતુર હતા. અંદર સુયોધને અશ્વત્થામા સામે જોયું. ઘડીના છઠ્ઠા ભાગમાં એમની આંખોએ વાતચીત કરી લીધી.

સુયોધને આખરે મૌન તોડ્યું. “મામા, મને આવા દાવપેચ નહીં ફાવે. હું ક્ષત્રિય છું. ભલે શ્રેષ્ઠ નહીં, પરંતુ સામાન્ય તોયે એક યોદ્ધો છું. આજે નહીં તો કાલે, અભ્યાસ અને કઠોર પરિશ્રમ દ્વારા હું શસ્ત્રવિદ્યામાં પ્રવિણતા મેળવી લઈશ. અને પછી હું ભીમ સાથે સ્પર્ધામાં ઊતરીશ. એ દિવસ આવે ત્યાં સુધી હું ભીમ અને એના ભાઈઓનાં મ્હેણાંટોણાં સાંભળી લઈશ. ભગવાન શિવની એ જ ઇચ્છા છે. કૃપા કરીને કોઈને વિષ આપવાની કુમતિ તમે મને નહીં સુઝાડતા.”

વિદુરે રાહતનો શ્વાસ ખેંચ્યો. ગાંધારથી આવેલા મ્લેચ્છાએ ભલે હસ્તિનાપુરના યુવરાજને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કર્યા હોય, પણ સુયોધન પોતાની નીતિમતાને વળગી રહ્યો હતો. જોકે એનું ચારિત્રબળ ક્યાં સુધી ટકી રહેશે એ પણ પ્રશ્ન હતો. યુવરાજ પર ચારેબાજુથી પ્રચંડ દબાણ આવવાનું હતું. રૂઢિચુસ્તોનું જોર વધી રહ્યું હતું. દૂર બેઠા પણ પરશુરામ એમની ભીંસ વધુ ને વધુ મજબૂત બનાવી રહ્યા હતા. ઘર્ષણની સંભાવના દિનબદિન વધી રહી હતી.

દૂર ક્યાંક ઘુવડ બોલ્યું અને વિદુરના પેટમાં ઠંડોગાર શેરડો પડ્યો. અચાનક એને અમંગળ ભાવિના એંધાણ વર્તાયા. એણે આસપાસ નજર ફેરવી. કોઈ દેખાયું નહીં, પરંતુ અંધકારમાં અશુભ તત્ત્વો છુપાઈને બેઠાં હતાં એવો ભાસ એને થયો. “ભીષ્મ સાચું કહેતા હતા, મારા પર ઉંમર અને કામના દબાણની અસર થવા લાગી છે.” એણે જાતને આશ્વાસન આપવાનો પ્રયાસ કર્યો. “જ્યાં ત્યાં મને શું કામ બિહામણા ઓછાયા, પડછાયા દેખાય છે?”

વિદુરને દોડીને ઘેર પહોંચી જવાનું મન થઈ ગયું. પિતાની રાહ જોતા પુત્રોના ચહેરા એની નજર સામે તરવરી ઊઠ્યા, પત્ની યાદ આવી ગઈ. પણ એણે એ બધાંને બળપૂર્વક બાજુએ હડસેલી દીધા. કચેરીમાં હજી ઘણું કામ બાકી પડ્યું હતું. આજની રાત એમાં જ નીકળી જવાની હતી. હળવો નિસાસો નાખીને વિદુરે મહેલની ડાબી તરફ જવા માટે પગ ઉપાડ્યો. એ રાતે વિદુર જમણી દિશામાં વળ્યા હોત તો કદાચ ભારતનો ઇતિહાસ જુદો જ લખાયો હોત.

* * *

અંધારામાં કોઈ છુપાયું હતું, એ વિદુરને થયેલો ભ્રમ નહોતો. એ પોતાના કાર્યસ્થળે ગયા.

થોડીવાર પછી અશ્વત્થામા અને સુશાસન, યુવરાજના કક્ષમાંથી બહાર નીકળ્યા. એ પછી પણ થોડીવાર રાહ જોઈને, છેવટે પુરોચન એક થાંભલાની આડશથી બહાર નીકળ્યો.

મશાલના અજવાળાથી જાતને બચાવતો એ છેવટે શકુનિના કક્ષમાં પહોંચ્યો. ગાંધારનો રાજકુમાર એની વાટ જોતો બેઠો હતો. “આ સંદેશ, વહેલી તકે તક્ષકને પહોંચાડી દે.” એક પાટ પર રાખેલું ભોજપત્ર લઈને શકુનિએ પુરોચનના હાથમાં આપ્યું. લખાણ વાંચીને પુરોચનના બેડોળ હોઠ પર સ્મિત ફરકી ગયું. એ બોલ્યો, “જરૂરી વસ્તુ આજે રાતે પહોંચાડી દેવાશે.”

શકુનિ બોલ્યો, “એને કહેજે કે, પોતાનું ડહાપણ ડોળ્યા વિના મેં આપેલા આદેશનું શબ્દશઃ પાલન કરે.”

“વિદેશી, એ તમારો આદેશ શું કામ માથે ચઢાવે?” પુરોચનના અવાજમાં અણગમો તરી આવ્યો.

“ધન જોઈતું હોય તો મારું કહ્યું સાંભળવું જ પડશે.” શકુનિએ કઠોર સાદે કહ્યું.

પુરોચને વધુ કંઇ બોલ્યા વિના માથું નમાવ્યું અને બીજી જ ક્ષણે અંધારામાં ઓગળી ગયો. એના ગયા પછી શકુનિએ ખંડના એક ખૂણે રાખેલો પટારો ખોલ્યો અને અંદરથી મદિરા ભરેલું પાત્ર કાઢ્યું. સુગંધથી પણ મન તરબતર થઈ જાય, એવી આ સુરા ગાંધારથી આવી હતી. હસ્તિનાપુરના શ્રીમંત-શ્રેષ્ઠીઓ એના માટે મોટી કિંમત ચૂકવવા તૈયાર રહેતા હતા. શકુનિએ લાકડાની એક ડબ્બી પણ પટારામાંથી કાઢીને કમરપટ્ટામાં ભરાવી. ખભે શ્વેત રેશમી શાલ નાખીને એ ખંડમાંથી બહાર નીકળ્યો.

શાલ સુયોધનની હતી. સાંજે એના ખંડમાંથી નીકળતી વખતે શકુનિએ સિફતભેર સરકાવીને પોતાના અંગરખામાં છુપાવી લીધેલી. વસ્ત્રોના શોખીન સુયોધન પાસે આવા તો કેટલાય શાલદુશાલા હતા. એમાંથી એકાદ ન મળે તોયે એને ક્યાં પરવા હોવાની!

શકુનિએ જઈને ભીમના શયનખંડનો દરવાજો ખખડાવ્યો. જવાબ ન મળ્યો તો વધુ જોરથી હાથ પછાડ્યો.

“કોણ છે?” ઊંઘરેટિયા સાદે બૂમ પાડીને ભીમે બારણું ખોલ્યું. શકુનિએ હાથમાં પકડેલા મદિરા પાત્રને જોઈને ભીમની અધખૂલી આંખોમાં ચમક આવી ગઈ. “મામા, આવી જાવ અંદર.” એણે કહ્યું.

“નારે, અહીં કેટલો બફારો છે. ખાસ ગાંધારથી આવેલી આ સુરાનો સ્વાદ તો નદીના ઘાટ પર, ખુલ્લા આકાશ નીચે બેસીને જ માણવો જોઈએ.”

“ઘાટ પર... આટલી મોડી રાતે?” ભીમ ખચકાઈ ગયો.

“કેમ, તને અંધારામાં બીક લાગે છે?” શકુનિના હોઠ વંકાયા.

ભીમના ખભા ટટ્ટાર થઈ ગયા. “હું કંઈ નાનું બાળક નથી કે અંધારામાં ડરી જાઉં. ચાલો.” કહીને એ ખંડમાંથી બહાર નીકળ્યો.

મહેલના કોઈ સંત્રી કે સેવકની નજર ન પડે, એમ લપાતા છુપાતા બંને જણ નદીની દિશામાં ઊપડ્યા.

* * *

બીજે દિવસે સવારે પાઠશાળામાં ભેગા થયેલા વિદ્યાર્થીઓમાં ભીમ નહોતો. પણ કોઈએ એની ગેરહાજરી પ્રત્યે ઝાઝું લક્ષ્ય આપ્યું નહીં. મોડા આવવાની કે કોઈવાર આખો દિવસ મોઢું જ નહીં બતાવવાની ભીમની ટેવથી બધા પરિચિત હતા. છેલ્લા ઘણાં સમયથી તો એ વર્ગમાં બહુ અનિયમિત થઈ ગયેલો. કૌરવોમાંથી કોઈએ આવું કર્યું હોત તો દ્રોણ એની ધૂળ કાઢી નાખત. પણ ભીમની ગેરવર્તણૂક પ્રત્યે એ આંખ આડા કાન કરી લેતા.

દિવસ આખો નીકળી ગયો, પણ સાંજ પડી અને ભીમ ક્યાંય દેખાયો નહીં, ત્યારે પાંડવોની સાથે-સાથે સુયોધનને પણ સહેજ ચિંતા પેઠી. "પડ્યો હશે ક્યાંક ઘેનમાં" સુશાસને કહી દીધું. અશ્વત્થામા કંઈ બોલ્યો નહીં, પણ એના ચહેરા પર ચિંતા દેખાવા લાગી હતી.

અંધારું થવા લાગ્યું. સુરક્ષાકર્મીઓની સાથે સૈનિકો પણ ભીમની શોધમાં જોડાયા. નગરના ખૂણેખૂણે એ ફરી વળ્યા. ભીમ ગયો ક્યાં?

પાંડવો, કૌરવો ચિંતિત દશામાં મહેલમાં પાછા ફર્યા. આવામાં ઊંઘ તો કોને આવે, પણ સહુ પોતપોતાના કક્ષમાં ગયા. બીજો દિવસ પણ આમને આમ વીતી ગયો. ત્રીજે દિવસે વહેલી સવારે સુયોધનની આંખ હજી માંડમાંડ મળી, ત્યાં તો મહેલની સુરક્ષાનો ભાર જેના પર હતો એ અધિકારીએ આવીને બારણું ખખડાવ્યું.

સુયોધન સાથે આંખ મેળવ્યા વિના એણે કહ્યું, "રાજકુમાર, હત્યાના આરોપસર તમને બંદી બનાવીને ન્યાયાલયમાં લઈ જવા માટે આવ્યો છું."

"હત્યા... કોની હત્યા?" સુયોધને મૂંઝાઈને પૂછ્યું. પણ પછી એની દૃષ્ટિ અધિકારીની પાછળ ઊભેલા વિદુર પર પડી અને એ સમજી ગયો કે દલીલ કરવાનો અર્થ નહોતો.

સુરક્ષાકર્મીઓથી ઘેરાઈને ન્યાયાલય તરફ જઈ રહેલા સુયોધનને ચારેબાજુથી સેંકડો આંખો તાકી રહી. "મારો અપરાધ શું છે?" એણે મનોમન વિચાર્યું.

થોડીવારમાં આ પ્રશ્નનો ઉત્તર મળી ગયો. સુયોધન પર ભીમની હત્યા કરવાનું આળ આવ્યું હતું.

ન્યાયમંદિરમાં

અપરાધનો સજ્જ ડ પુરાવો કહેવાય, એ ભીમનો મૃતદેહ હજી ક્યાંય નહોતો મળ્યો, પણ લગભગ બધાંએ માની લીધેલું કે એ હવે જીવિત નહોતો અને હત્યારો સુયોધન હતો.

ભીમ અને સુયોધનને ઊભા નહોતું બનતું, એ તો સહુ જાણતાં હતાં. અધૂરામાં પૂરું, ભીમનો માર ખાધા પછી અનેકવાર સુયોધને જાહેરમાં કહેલું કે, "એક દિવસ હું એનો જીવ લઈ લઈશ." કુંતી, પાંડવો, ધૌમ્ય અને બીજા બ્રાહ્મણોને ખાતરી હતી કે સાચેસાચ એ ગોઝારો દિવસ આવી ગયેલો. સુયોધને ભીમને મારીને એનું શબ ક્યાંક ફેંકી દીધેલું.

આક્ષેપને ટેકો આપવા માટે સભામાં સુયોધનના બીજા કથિત અવગુણોનું પણ વર્ણન થયું. એ શાસ્ત્રો અને બ્રાહ્મણોનો આદર નહોતો કરતો, હલકી વર્ણના લોકો સાથે હળતોભળતો હતો, પંડિતો-પૂજારીઓની હાંસી ઉડાવતો હતો, વિદ્વાનો સાથે નકામી દલીલો કરતો હતો વગેરે.

કંટાળી ગયેલા ભીષ્મએ છેવટે કડક અવાજે કહ્યું, "આમાં કંઈ નવું નથી. પણ એવો એક માણસ તો હાજર કરો, જેણે સુયોધનના હાથે ભીમની હત્યા થતી જોઈ હોય."

યુધિષ્ઠિરે આસન પરથી ઊભા થઈને, સભામાં ઉપસ્થિત લોકોને વંદન કર્યા, અને પછી એટલા ધીમા અવાજે બોલવાનું શરૂ કર્યું કે સહુએ સાંભળવા માટે ખાસ્સો પ્રયત્ન કરવો પડ્યો. કદાચ એનો આ જ હેતુ હતો. ગંભીર અવાજે એણે કહ્યું, "સુયોધનમાં ભલે બીજા લાખ અવગુણ હોય પણ આખરે એ મારો ભાઈ છે. આજે એને આરોપીના રૂપમાં જોઈને મારું હૃદય દ્રવી ઊઠે છે. હું તો માનવા જ તૈયાર નહોતો કે એ ભીમના પ્રાણ હરી શકે, પણ હવે અત્યંત ગ્લાનિ સાથે કહેવું પડે છે કે, એ અપરાધી છે. એણે જે કર્યું એ સગી નજરે જોનાર સાક્ષી અમારી પાસે છે."

સભામાં ગણગણાટ થઈ ગયો. "સાક્ષી હોય તો હાજર કરો." ભીષ્મએ સહેજ અકળાઈને કહ્યું.

"ક્ષમા કરો, પણ એ અસ્પૃશ્ય છે. એને મહેલ અને સભામાં આવવાની અનુમતિ નથી." યુધિષ્ઠિરે લાચારી દર્શાવી.

"તમારી પાસે સુયોધનને દોષી ઠરાવવા માટે કોઈ સાબિતી નથી, અને કથિત સાક્ષીને અહીં હાજર કરવાની ઇચ્છા નથી. એવા સંજોગોમાં નછૂટકે મારે સુયોધનને નિર્દોષ છોડી મૂકવો પડશે." ભીષ્મએ ઠંડાગાર અવાજે કહ્યું.

સભામાં ઘોંઘાટ વ્યાપી ગયો. છેવટે ડૂબતી નાવને બચાવવા માટે ધૌમ્ય ઊભા થયા. "વિદ્વાનો સાથે ચર્ચા કર્યા પછી એવું તારણ નીકળ્યું છે કે, અપવાદરૂપ ઘટનામાં અસ્પૃશ્યને સભામાં હાજર થવાની રજા મળી શકે. પરંતુ પછી એના પ્રાયશ્ચિત્ત રૂપે, રાજાએ એક હજાર બ્રાહ્મણોને ભોજન કરાવીને દક્ષિણા આપવી પડે."

"રાજા એવું કંઈ નહીં કરે." ભીષ્મએ સુણાવી દીધું. પણ બીજી જ ક્ષણે રાજા ધૃતરાષ્ટ્રએ પોતે હાથ ઊંચો કરીને કહ્યું, "પ્રાયશ્ચિત્ત કરવું મને મંજૂર છે. બ્રાહ્મણો જે કહે એ હું કરીશ. બસ, સત્યને પ્રગટ થવા દો. મારા પુત્રએ અપરાધ કર્યો હોય તો એને શિક્ષા મળશે."

ભીષ્મ થોડા હતાશભાવે બેસી ગયા. સુરક્ષાકર્મીઓ થોડીવારમાં સત્તરેક વર્ષના, કાળોમેંશ વર્ણ ધરાવતા દૂબળાપાતળા યુવાનને સભામાં લઈ આવ્યા. એના જેવા બીજા અનેક નિશાદ સ્ત્રીપુરુષોને સભામાં બેઠેલા લોકોએ જોયાં હતાં. પરંતુ આ યુવકને જોતાંની સાથે સહુને ચીતરી ચઢી આવી. ડાબું અંગ અને ચહેરાનો ડાબો ભાગ બળી ગયેલા, ત્યાંની ચામડીનો રંગ અને દેખાવ એવા હતા કે રાતે એને એકલામાં મળનાર છળી મરે. અત્યારે એ પોતે થરથર ધ્રૂજી રહ્યો

હતો.

"કોઈ ભય રાખ્યા વિના મારા પ્રશ્નોના જવાબ આપજે." ભીષ્મએ થોડા સૌમ્ય અવાજે બોલીને શરૂઆત કરી. "તારું નામ શું?"

"જરા" પોતાના અવાજથી અહીંનું વાતાવરણ દૂષિત થઈ જવાની બીકે મોઢા પર હાથ રાખીને યુવાને જવાબ આપ્યો.

"હાથ નીચે રાખીને કહે કે તેં શું જોયેલું?" ભીષ્મએ આદેશ આપ્યો.

"સ્વામી, બે રાત પહેલાં હું નદીકિનારે બેઠો હતો. ત્યાં મંદિરમાં રોજ હજારો બ્રાહ્મણોને ભોજન કરાવાય છે. એ લોકો જમી લે પછી વધ્યુંઘટ્યું, એઠુંજૂઠું કચરાપેટીમાં ફેંકી દેવાય છે. એમાંથી મારું પેટ ભરવા હું ત્યાં જાઉં છું. મારી પહેલાં ત્યાં કૂતરાં, ઉંદરડાં તો પહોંચી જ ગયાં હોય છે, ક્યારેક મારા જેવા ભૂખ્યા લોકો પણ આવે છે. એ રાતે જોકે હું ત્યાં એકલો હતો. અને ત્યારે મેં..." જરાની જીભ થોથવાઈ ગઈ.

"ત્યારે શું?" ભીષ્મએ પૂછ્યું.

"ત્યારે મેં નદીકિનારે ખડક પર એક ઊંચા, કદાવર માણસને બેઠેલો જોયો. એની સાથેની વ્યક્તિએ શરીરે સફેદ શાલ વીંટી રાખેલી. દૂરથીયે મને એટલું તો સમજાઈ ગયું કે બંને જણ મદિરાપાન કરવા બેઠા હતા. થોડીવાર પછી કેફ ચઢી ગયો હોય, એમ પેલા ભારેખમ લાગતા માણસે ગાવાનું શરૂ કર્યું. મને લાગ્યું કે હમણાં એ નદીમાં ઊછલી પડશે. પણ એની પહેલાં પેલા શાલવાળાએ જ એને ધક્કો મારી દીધો. મારા તો મોતિયાં મરી ગયા. પેલો મને જોઈ જશે તો મારે પણ મરવું પડશે, એવું વિચારીને મેં ત્યાંથી સીધી દોટ મૂકી. કમભાગ્યે મંદિરના ચોકીદારો મને જોઈ ગયા અને ચોર માનીને પકડી લીધો. છેલ્લા બે દિવસથી વગર વાંકે હું એમનો માર ખાઉં છું." જરા રડવા જેવો થઈ ગયો.

સભામાં બેઠેલી દરેક વ્યક્તિની દૃષ્ટિ સુયોધન ભણી વળી. રોજની જેમ આજે પણ ખભે શ્વેત, રેશમી શાલ નાખીને આવેલા સુયોધનનો ચહેરો ફિક્કો પડી ગયો.

"એ રાતે સફેદ શાલ ઓઢીને નદીકિનારે બેઠેલી વ્યક્તિ આજે અહીં સભામાં હાજર છે?" ભીષ્મએ પૂછ્યું. જરાએ ચારે તરફ નજર ફેરવી.

શકુનિનું કાળજુ બમણા જોરથી ધબકી રહ્યું હતું. અત્યાર સુધી બધુંયે યોજના મુજબ થયું હતું. તક્ષકને મોકલેલી વસ્તુ હવે કોઈપણ સમયે પાછી આવી જવાની હતી. એ રાતે શકુનિએ જ ભીમને પુષ્કળ મદિરા પીવડાવીને પછી નદીમાં ધક્કો મારી દીધેલો. પરંતુ એની પાછળ, ભીમની હત્યા કરવાનો એનો હેતુ નહોતો. આવું કરવાથી કોઈ મોટો લાભ નહોતો થવાનો. ગાંધારકુમાર તો બહુ દૂરનું વિચારતો હતો. કૌરવ અને પાંડવો વચ્ચે ક્યારેય ન મટે એવી શત્રુતા એણે ઊભી કરવી હતી. પેલા અછૂતે શકુનિને ઓળખી લીધો તો આખીયે બાજી ધૂળધાણી થઈ જવાની. એ સાંજે સુયોધનના કક્ષમાંથી નીકળતી વખતે શકુનિએ કોઈ ન જુએ તેમ શ્વેત શાલ ચોરી લીધેલી. પછી એ જ શાલ વીંટીને એ ભીમ સાથે નદીના ઘાટ પર ગયો હતો. કારણ એટલું જ હતું કે દૂરથી જોનારા માની લે કે, ભીમ એના પિતરાઈ ભાઈ સાથે આંટો મારવા નીકળ્યો હતો. પણ હવે આ જરા ટપકી પડ્યો.

જરાની આંખો ફરતી ફરતી સુયોધન પર જઈને અટકી. ભીષ્મએ વિદુર સામે જોયું. વિદુરે ગંભીરભાવે માથું હલાવ્યું. સભાએ ભીષ્મનો નિર્ણય સાંભળવા માટે કાન સરવા કર્યા. પરંતુ અચાનક પ્રવેશદ્વાર પર કોલાહલ સંભળાયો. બધાનું ધ્યાન ત્યાં ખેંચાયું, અને પછી આંખો ફાટી રહી. ભીમ આવ્યો હતો. કુંતી દોડીને એને વળગી પડી.

ભીમે આસપાસ જોયું અને એના ચહેરા પર પથરાયેલું સ્મિત સુકાવા લાગ્યું. છેલ્લા બે દિવસમાં એને અદ્ભુત અનુભવો થયા હતા. પણ હવે અચાનક ભીમને પોતાની જાત પર શંકા

પડવા લાગી. સ્વર્ગનું સુખ મળી ગયું હોય એ ઘટનાઓ ખરેખર બનેલી, કે પછી સુરા અને કેફી દ્રવ્યોની અસર હેઠળ એણે માત્ર કલ્પનાઓ કરેલી? જે હોય તે, હવે બોલ્યા વિના છૂટકો નહોતો.

ભીમે એની વાર્તા માંડી. બે રાત પહેલાં સપનામાં આવેલા એક ગાંધર્વે એને ગંગા પર ઊડવા માટે બોલાવ્યો હતો. નદીકિનારે મળેલા કોઈ પ્રાણીએ એને જે જાદુઈ દ્રવ્ય આપ્યું, એ પીને ભીમ ખરેખર ઊડવા લાગેલો. ઊડતા ઊડતા છેવટે એ દૂધ અને મધ ભરેલા સાગરમાં પડ્યો. ત્યાં આવી પહોંચેલા નાગ એને ડૂબતો બચાવીને પોતાના વિશ્વમાં લઈ ગયા, જ્યાં બધુંયે સુંદર દૈદીપ્યમાન હતું. ત્યાં એ નાગરાજ તક્ષકને મળ્યો, જેમણે બે દિવસ ભીમની મહેમાનગતિ કરી. નાગલોકની સ્ત્રીઓ અપ્સરા જેવી હતી...

"બસ" ભીષ્મએ ત્રાડ પાડીને ભીમને ચૂપ કરી દીધો. થોડીવાર માટે સભામાં મૌન પથરાઈ ગયું. કુંતી અને પાંડવોનાં માથાં ઝૂકી ગયેલાં. ધૌમ્ય અને બીજા બ્રાહ્મણોના ચહેરા પર મૂંઝવણ હતી. સુશાસન અને અશ્વત્થામા માંડમાંડ હસવું રોકીને બેઠા હતા. પરંતુ પછી ગાંધારી ખડખડાટ હસી પડી. ધૃતરાષ્ટ્રના હોઠ પણ સહેજ મરક્યા. જોતજોતામાં આખીયે સભા હસવાના અવાજથી ભરાઈ ગઈ. ભીષ્મના ચહેરા પરથી ગંભીરતા હટી ગઈ. માત્ર વિદુરને આ ઘટનામાં કોઈ રમૂજ ન દેખાઈ. ધારદાર નજરે શકુનિ સામે જોઈ રહ્યા. વિદુરને લાગતું હતું કે ગાંધારનો રાજકુમાર કોઈ રમત રમી ગયેલો. ભીમ તો બાપડો માત્ર પ્યાદું બની ગયો હતો.

* * *

હત્યાના આક્ષેપમાંથી નિર્દોષ છૂટ્યા બાદ સુયોધન હજી માંડ રાહતનો શ્વાસ લેતો હતો, ત્યાં પાછું એને ભીષ્મ સમક્ષ હાજર થવાનું તેડું આવ્યું. આ વખતે જોકે એણે દરબારમાં નહીં, પણ ભીષ્મના અંગત કક્ષમાં જવાનું કહેવાયું. વળી પાછો પોતે કયા વાંકમાં આવી ગયેલો એની ચિંતા સાથે સુયોધન ત્યાં પહોંચ્યો, પણ પિતામહના કક્ષમાં વાતાવરણ હળવું હતું. ત્યાં બેઠેલા અતિથિએ સુયોધનને જોતાંની સાથે ઊભા થઈને સ્મિત આપ્યું. એની ઉંમર છવ્વીસ-સતાવીસની લાગતી હતી, પણ વ્યક્તિત્વ એટલું ગરિમાપૂર્ણ, પ્રભાવશાળી હતું કે જોતાંની સાથે આદર ઊપજે.

ભીષ્મએ માનભેર એમની ઓળખ આપી, "સુયોધન, આ બલરામ છે, યાદવ મંત્રીમંડળના અધ્યક્ષ... મારા બહુ અંગત મિત્ર છે. આજે મેં એમને ખાસ કારણસર અહીં બોલાવ્યા છે."

બલરામે આપેલા સ્મિતથી ખંડ જાણે ઝગમગી ઊઠ્યો. "સુયોધન, મેં તારા વિશે ઘણું સાંભળ્યું છે. હા, એક વાત પહેલાં જ કહી દઉં કે, હું કોઈ રાજા-મહારાજા નહીં, પણ સામાન્ય ગોવાળિયો છું. યાદવોમાં રાજાનો પુત્ર રાજા બને એવી તમારા જેવી પ્રથા નથી. અમે પ્રજાસત્તાક તંત્ર અપનાવ્યું છે. લોકો એમની મરજી પ્રમાણે કબીલાના મુખિયાને ચૂંટે છે. એ નારાજ થાય તો બીજી જ ઘડીએ મારે મારું સ્થાન છોડી દેવું પડે."

સુયોધન તર્ક નહીં, લાગણીના જોરે વર્તતો માનવ હતો. કોઈ વ્યક્તિ ગમી જાય, તો શું કામ ગમી કે ગમવી જોઈએ, એવા વિચારમાં એ પડતો નહીં. કોઈ ન ગમે તોયે વાત ત્યાં જ પૂરી થઈ જાય. આજે બલરામ એને પહેલી જ નજરે ગમી ગયા.

ભીષ્મ બોલ્યા, "બલરામ આમ તો કાશી જવા નીકળ્યા છે. પણ વિદુરે કહ્યું કે, એ હસ્તિનાપુરથી પસાર થઈ રહ્યા હતા, તો મેં એમને રોકી પાડ્યા. મને લાગે છે કે એ એક જ વ્યક્તિ એવી છે, જે તને સહાય કરી શકે."

સુયોધને પ્રશ્નાર્થભાવે ભીષ્મ સામે જોયું.

"જો સુયોધન, તારામાં આત્મવિશ્વાસની ખામી છે. ગમે તેની સાથે ઝઘડા કરતો ફરે છે. દ્રોણ પણ વારંવાર તારી ફરિયાદ લઈને આવે છે. તારી જગ્યાએ સુશાસન હોત તો કદાચ હું

આંખ આડા કાન કરી લેત, પણ તારે એક દિવસ રાજગાદી સંભાળવાની છે, અને સારા શાસક બનવું હોય તો તારે તારી આ બધી કુટેવો સુધારવી પડશે. એમાં બલરામ તારી મદદ કરી શકે.” ભીષ્મએ એમની ટેવ પ્રમાણે સ્પષ્ટ કહી દીધું.

અજાણ્યાની હાજરીમાં થયેલી પોતાની ટીકા સુયોધનને ગમી નહીં. પણ બલરામે સાવ જુદો જ પ્રતિભાવ આપ્યો, “મહોદય, તમે વધુ પડતા કઠોર છો. સુયોધન વિશે મારો અભિપ્રાય સાવ જુદો છે. થોડા સમય પહેલાં દ્રોણે એમના શિષ્યોની કસોટી કરી, ત્યારે શું થયું એ મેં સાંભળ્યું છે. અર્જુનને વૃક્ષ પર બેઠેલા પક્ષીની આંખમાં માત્ર વીંધવાલાયક લક્ષ્ય દેખાયું, પણ સુયોધનને ત્યાં પ્રેમ દેખાયો. મારા બાંધવ કૃષ્ણ સહિત બધાંય લોકો અર્જુનના વખાણ કરે છે. કહે છે કે ભારતવર્ષને આવા યોદ્ધાની જરૂર છે. કદાચ સાચું હશે, પણ મને લાગે છે કે ભારતને સુયોધન જેવા માનવીની વધુ જરૂર છે.”

સુયોધન થોડો શરમાઈ ગયો. એ દિવસે એણે દ્રોણને આપેલો જવાબ સાંભળીને બધાંએ એની હાંસી ઉડાવેલી. પણ આજે પહેલીવાર એના જેવું વિચારનાર કોઈ મળ્યો હતો.

ભીષ્મના હોઠ પર આછું સ્મિત ફરકી ગયું. પણ પછી તરત એમણે ગંભીર થઈ જતાં કહ્યું, “મને સમજાતું નથી કે આ છોકરાનું શું કરવું. ક્યારેક મને એનામાં મારી યુવાની દેખાય છે. પરંતુ એના જેવડો હતો ત્યારે પણ મેં ક્યારેય માત્ર લાગણીઓને વશ થઈને કોઈ અવિચારી પગલું નહોતું ભર્યું. એને ગરીબોની દયા આવે છે. મને પણ આવે છે, પરંતુ એ સમજતો નથી કે, શોષિત, પીડિત વ્યક્તિ કદાચ અત્યાચાર સહન કરી લે, પણ પોતાનાથી ઉપરની વ્યક્તિ દ્વારા ખુલ્લેઆમ દર્શાવાતી દયા નહીં સહી શકે. ઊલટું એમને ઉપકારના બોજ હેઠળ દાબી દેનારને એ લોકો ધિક્કારવા લાગે છે. દાનપુણ્યથી કંઈ બદલાવાનું નથી, અને જૂની રૂઢિઓ રાતોરાત તૂટી નથી જવાની. એના માટે બહુ ધીરજથી કામ કરવું પડશે. વર્ણપ્રથાને હું ધિક્કારું છું, પણ સત્તા પર હોય એણે સંતુલન જાળવવું પડે. આ છોકરો આવેશમાં તણાઈ જાય છે. સારા હેતુ માટે એ ખોટા માણસો સાથે લડી પડે છે અને પગલેપગલે નવા શત્રુ ઊભા કરે છે. એ દયાળુ છે, ઉદાર છે, પણ મૂર્ખ છે. આ હું કોઈ કાળે વધુ ચાલવા નહીં દઉં. એટલે તમારી સહાય માગું છું. સુયોધનને આજથી તમારા હાથમાં સોંપું છું. ઓછામાં ઓછો એક મહિનો તમે એના ગુરુ બનીને રહો.”

ભીષ્મ આટલું કહીને ઊભા થઈ ગયા અને બલરામના જવાબની રાહ જોયા વિના કક્ષમાંથી બહાર નીકળી ગયા. વિદુર એમની પાછળ ગયા.

“હું મૂર્ખ નથી.” સુયોધનને બોલવાનું મન થયું, પણ પછી અંદરખાને પ્રશ્ન ચટકો ભરી ગયો, પિતામહે સાચું કહ્યું હશે? એ બારીની બહાર જોતો ઊભો રહ્યો. રાજમાર્ગ પર સૈનિકો એક ગાડા સાથે બળદની જગ્યાએ માણસને જોતરીને જઈ રહ્યા હતા. જેટલીવાર સોટીનો માર લાગે, એટલીવાર પેલો કાળો, કૃશકાય માણસ `કૃષ્ણ, કૃષ્ણ’ની બૂમો પાડતો હતો. દૂરથી પણ સુયોધને એને ઓળખી કાઢ્યો. સભામાં યુવરાજની વિરુદ્ધ સાક્ષી આપવા આવેલો જરા!

“એ મારો ભાઈ છે.” બલરામના શબ્દોએ સુયોધનને ચોંકાવી દીધો. પણ તરત એમણે ચોખવટ કરી, “એ ગરીબડો નહીં, પણ એ જેને યાદ કરે છે, પ્રાર્થના કરી રહ્યો છે, એ કૃષ્ણ મારો ભાઈ છે. ભલભલાને મોહિત કરી દેવાની શક્તિ કૃષ્ણમાં છે. ભગવાન તરીકે ઓળખાવું એને ગમે છે. ઘણાં લોકો એવું માને છે કે, પવિત્ર ધર્મગ્રંથોમાં જે અવતારનો ઉલ્લેખ થયો છે એ કૃષ્ણ છે.”

“તમે પણ એવું માનો છો?” સુયોધનથી પુછાઈ ગયું.

“શું… મારો નાનો ભાઈ ભગવાન છે એમ…” બલરામ હસી પડ્યા. “મને તો લાગે છે કે એ મસ્તીમજાક કરે છે. જોકે, બીજી તરફ હું એવુંયે માનું છું કે, દરેક વ્યક્તિની અંદર ઈશ્વર છે.

એટલે કોઈ પોતાનામાં ઈશ્વરીય તત્ત્વ હોવાનું કહે તો એમાં કંઈ ખોટું નથી. અચ્છા, હવે તારી વાત કરીએ. ભીષ્મ તારા વિશે જે બોલી ગયા એમાં તથ્ય કેટલું છે?"

વિરોધનો સૂર કાઢવા જતી સુયોધનની જીભ છેલ્લી ઘડીએ અટકી ગઈ. પણ એનું મન કહેતું હતું કે, સાચું બોલી દે. સામે જે વ્યક્તિ ઊભી હતી, એનાથી કંઈ છુપાવવાની જરૂર નહોતી. છેવટે ખચકાટ છોડીને સુયોધને મન અને જીભ મોકળા મૂકી દીધાં. ગુરુ દ્રોણ જેની અપેક્ષા રાખતા હતા, એ સ્પર્ધા અને નિરર્થક હિંસા એને નહોતી ગમતી. ચડસાચડસીથી એને ત્રાસ થતો હતો. કોઈને દુઃખ પહોંચાડીને ચઢિયાતા સાબિત થવામાં એને રસ નહોતો. અને... અને એના પિતરાઈઓને તો એટલો ધિક્કારતો હતો કે સતત એમના મૃત્યુની ઇચ્છા કરતો હતો... બોલતાં બોલતાં સુયોધન થોભી ગયો. એને હિંસા નહોતી ગમતી તો પછી પિતરાઈઓને મારી નાખવાની ઇચ્છા કેમ થતી હતી?

બલરામે આ વિરોધાભાસ પર ધ્યાન આપ્યા વિના સુયોધનને આગળ બોલવા દીધો. સુયોધનનો બધોય ઊભરો નીકળી ગયો.

લાંબો સમય મૌન રહ્યા પછી છેવટે બલરામ બોલ્યા, "સુયોધન, આ બધું તું નહીં તારો ભય બોલી રહ્યો હતો. તું તારી જાતને હિંસાનો વિરોધી અને દયાળુ ગણે છે, પણ વાસ્તવિકતા એ છે કે, તારા પિતરાઈઓ તારાથી શસ્ત્રકલામાં ચઢિયાતા છે, એટલે તને નિષ્ફળતાનો ભય લાગે છે. તું ઉદાર છે, બુદ્ધિશાળી છે એમાં કોઈ શંકા નથી. પરંતુ જીવનમાં સફળ થવા માટે કે માત્ર ટકી રહેવા માટે પણ આ પૂરતું નથી. પિતરાઈઓ પ્રત્યેની ઘૃણા તને અંદરખાને કોતરી ખાય છે. તું બીજું કંઈ વિચારી જ નથી શકતો, પણ મારી વાત સાંભળી લે. કોઈને આટલો તિરસ્કાર કરવાનો અર્થ નથી. પાપને ધિક્કાર, પણ પાપીને નહીં, જેને પાપ કહેવાય, એવી તો કેટલી બધી વસ્તુઓ આપણી આસપાસ છે. વર્ણભેદ, ધર્માંધતા, ભ્રષ્ટાચાર, ખોટી પ્રશંસા અને ચાપલૂસી, દરિદ્ર અને સ્ત્રીઓ સાથે થતો ભેદભાવ... બોલ તું આ બધાંને ધિક્કારે છે? અને ધિક્કારતો હોય તો આ પાપ, કુપ્રથાઓનો નાશ કરવા માટે તેં આજ સુધી શું કર્યું? ગરીબોની વસ્તીમાં બેચાર આંટા મારવાથી કે થોડા સિક્કા ફેંકી દેવાથી તારી જવાબદારી પૂરી નથી થઈ જતી."

સુયોધનના ચહેરા પર પથરાઈ ગયેલી મૂંઝવણ જોઈને બલરામે માથું હલાવ્યું, "મેં તને કદાચ ગૂંચવી માર્યો. હું બહુ સારો ગુરુ કે વક્તા નથી, પણ હવે સાદી ભાષામાં કહું. મેં મારા જીવનનું લક્ષ્ય નક્કી કરી નાખ્યું છે. ખેતીવાડી અને વ્યાપાર વડે મારે આપણા દેશને પાછો પહેલાં જેવો સમૃદ્ધ કરવો છે. એક જમાનામાં આપણે ત્યાં અસૂરો મહાન સાગરખેડુ હતા, નાગ લોકો ભલભલી કાળમીંઢ જમીન ખેડીને એમાંથી સોના જેવું અન્ન પકવતાં હતા. કાળક્રમે આપણે એ બધી પરંપરા ગુમાવી બેઠા. પણ માત્ર પશુપાલન, શિકાર પર નભતા થઈ ગયેલા મારા લોકોને, મારે પાછા એ ઊજળા યુગમાં લઈ જવા છે. એકલે હાથે હું એ લક્ષ્ય સિદ્ધ નહીં કરી શકું, તોયે મને એ વાતનો આનંદ છે કે મને એક દિશા મળી ગઈ છે, અને રોજ હું થોડાથોડા ડગલાં આગળ ભરું છું. કોઈવાર તું દ્વારકા આવજે. એ મારી સ્વપ્નનગરી હશે. હવે બોલ, તેં આવું કોઈ સપનું જોયું છે?"

સુયોધનને તત્કાળ કોઈ જવાબ સૂઝ્યો નહીં. બલરામે એની મૂંઝવણ જોઈને સ્મિત વેર્યું. "સુયોધન, તું હજી નાનો છે. કદાચ જાણતો પણ નહીં હોય કે આવું કોઈ સપનું તારા અંદર છે."

પછી લાંબો સમય બંને જણ વાત કરતા રહ્યા. એક તબક્કે સુયોધન બોલી ગયો, "તમે શાંતિ અને અહિંસાની વાત કરો છો. હું પણ અહિંસામાં માનું છું પરંતુ જગતમાં ચારે તરફ હિંસા છે. મારે ડગલે ને પગલે એનો સામનો કરવો પડે છે. હું શસ્ત્રોને ધિક્કારું છું, એટલે

શસ્ત્રકલામાં નિપુણતા નથી મેળવી શકતો. પરિણામે ભીમ મને હેરાન કરે છે, તોયે હું મારું રક્ષણ કરવામાં અસમર્થ રહું છું."

બોલ્યા પછી સુયોધનને સહેજ શરમ આવી કે બલરામે જે વાતો કરી હતી, એની તુલનામાં સાવ હલકી કહેવાય એવી વાત એણે કહી નાખી. જોકે બલરામે માત્ર સ્મિત આપીને કહ્યું, "ચાલ, હવે બહાર જઈએ. ભીષ્મએ કહ્યું છે કે મારે તને શસ્ત્રોમાં પણ રસ લેતો કરવાનો છે. સુશાસન અને અશ્વત્થામાને પણ બોલાવી લે. હા, એમને કહે કે આયુધશાળામાંથી વજનદાર ગદા ખાસ લેતા આવે."

* * *

એ દિવસે સુયોધનને એક સાથે ઘણું બધું મળી ગયું. બલરામ જેવા ગુરુ, ગદાયુદ્ધ શીખવાનો ઉત્સાહ અને જીવનનો પહેલો પ્રેમ, સુભદ્રા.

બલરામના હાથે ગદાના ઘા ખાઈને અધમૂઓ થઈ ગયેલો સુયોધન, શરીરે માત્ર લંગોટ પહેરીને, ધૂળમાં ચતોપાટ પડ્યો હતો, ત્યારે એણે પહેલીવાર સુભદ્રાને જોઈ. ઘડીક તો એને લાગ્યું કે, મૂર્છિત અવસ્થામાં એને ભ્રમ થઈ રહ્યો હતો. ધરતી પર આટલી સુંદર કોઈ સ્ત્રી હોઈ જ ન શકે.

પરંતુ એ ભ્રમણા નહીં, સુભદ્રા હતી. બલરામ અને કૃષ્ણની નાની બહેન, જે મોટાભાઈના હાથે યુવરાજની થયેલી અવદશા જોઈને ખડખડાટ હસી રહી હતી.

તાલીમ પૂરી થઈ. "સુભદ્રા, આ યુવરાજ સુયોધન છે, એને હેરાન નહીં કરતી. સુયોધન, આ મારી તોફાની બહેન છે. એનાથી ચેતતો રહેજે." આવી સૂચના આપીને બલરામભૈયા વિદાય થઈ ગયા. સુભદ્રાએ આવીને સુયોધનને હળવેથી સ્પર્શતાં કહ્યું "અરેરે, ભાઈએ તારી આવી દશા કરી?"

સુયોધનની દશા ત્યારે ધરતી માર્ગ આપે તો એમાં સમાઈ જાય એવી હતી. વિશ્વની સહુથી સુંદર નારી એની સામે ઊભી હતી પણ એના પોતાના શરીર પર એક નાની લંગોટ અને ધૂળના આવરણ સિવાય બીજું કંઈ નહોતું.

અધૂરામાં પૂરું, સુશાસન અને અશ્વત્થામા પણ ત્યાં આવી પહોંચ્યા. સ્ત્રીઓને આકર્ષવામાં સુશાસન પાવરધો હતો. એણે મીઠા શબ્દો દ્વારા સુભદ્રાનું ધ્યાન પોતાના ભણી ખેંચવાનો પ્રયાસ કર્યો. અશ્વત્થામા રમૂજના ભાવે જોઈ રહ્યો, પણ સુભદ્રાની આંખો માત્ર સુયોધન પર હતી. એણે સ્મિત વેર્યું અને સુયોધન બીજું બધું વિસારે પાડી બેઠો. આવી લાગણી એણે આ પહેલાં જીવનમાં ક્યારેય નહોતી અનુભવી. સુયોધન પ્રેમમાં પડી ગયેલો.

ધર્મવીર

જે દિશામાં જુઓ ત્યાં આંખ ઠરી જાય એટલું સૌંદર્ય હતું. પૂર્વમાં નીલગગનને આંબી રહેલાં પર્વત, ધુમ્મસથી ઢંકાયેલી ખીણો, બીજી તરફ સૂર્યપ્રકાશમાં ઝગમગી રહેલી રેતીને પલાળતો હરિતવર્ણ સમુદ્ર, હવામાં ડોલી રહેલી નારિયેળીઓ… જમીનની સાંકડી પટ્ટી પર કુદરતે ખુલ્લા હાથે રંગ વેર્યા હતા. પણ આ સૌંદર્યના આવરણ નીચે બીજું સાવ જુદું કંઈ ઢંકાયું હતું?

સમુદ્રકિનારે વસેલા પ્રાચીન નગર મુઝારિસમાં હર્ષોલ્લાસનું વાતાવરણ હતું. વિંધ્ય પર્વતમાળાની દક્ષિણે આવેલા પ્રદેશો પર શાસન કરતા તમામ અસૂર રાજવીઓ આજે અહીં ભેગા થયા હતા. `ધર્મવીર'નું બિરુદ આ વખતે કોને મળશે એ જાણવાની ઉત્કંઠા નાનાથી મોટા સહુના મનમાં હતી.

દર છ વર્ષે પૂર્ણા નદીના કિનારે યોજાતી આ સ્પર્ધામાં, ખુલ્લે હાથે થતી મલ્લકુસ્તીથી માંડીને શરસંધાન સુધીની દરેક યુદ્ધકલામાં શ્રેષ્ઠતા સાબિત કરનારને આ મહામૂલી ઉપાધિ મળતી હતી. દેશના ખૂણેખૂણેથી બ્રાહ્મણ અને ક્ષત્રિય યોદ્ધા આ સ્પર્ધામાં ભાગ લેવા આવતા હતા. પણ દર વખતે પરશુરામનો જ કોઈ શિષ્ય, ધર્મવીર તરીકેનું સન્માન લઈ જતો.

વિંધ્યની દક્ષિણે આવેલા તમામ રાજ્યો પર પરશુરામનું એકહથ્થુ શાસન હતું. એ પોતે રાજા નહોતા, પણ કોને રાજા બનાવવો અને કોને ગાદી પરથી પાડી દેવો, એ નક્કી કરવાની સત્તા પરશુરામના હાથમાં હતી. રાજકીય અને ધાર્મિક બાબતોમાં એમનો બોલ આખરી ગણાતો. એમની સામે સહેજ પણ અવાજ ઊંચો કરનાર ઘડીના છઠ્ઠા ભાગમાં કચડાઈ જતો. અસૂર રાજાઓની પણ આ દશા હોય, ત્યારે સામાન્ય માણસની તો વાત જ શું કરવી.

હજારો વર્ષ પહેલાં પરશુરામ વંશના લોકોએ પ્રચંડ શક્તિશાળી ગણાતા અસૂર સામ્રાજ્યને ભોંયભેગું કરી નાખેલું. મહાબલિ અને રાવણના પડ્યા પછી એક સમયની ગર્વિષ્ઠ અસૂર પ્રજા પરશુરામ સામે નમી ગઈ હતી. વર્તમાનકાળમાં ભાર્ગવ પરશુરામ સામે અસૂર રાજાઓ થરથર કાંપતા હતા. છેલ્લાં થોડાં વર્ષોમાં પરશુરામે ભારતભરમાં, જુદાં જુદાં સ્થળે લગભગ ચોંસઠ જેટલી ચઢાઈઓ કરી હતી. એમની સામે નમવાની ના પાડતા રાજવીઓનાં માથાં એમણે ધડથી જુદાં કરી નાખેલાં. ઘણી જગ્યાએ આખા ને આખા વંશ, જાતિનું નિકંદન નીકળી ગયેલું. દેવકુળના ઇન્દ્રને પણ પરશુરામે આસન પરથી ઊથલાવી નાખેલો. છેલ્લો ઇન્દ્ર, ગંગાના ઉપરવાસ કિનારે નાનકડા પ્રદેશ પર રાજ કરતો હતો. એના પર પરશુરામનો વિજય, દુનિયાભરના ક્ષત્રિયો અને બીજી જાતિઓ પર બ્રાહ્મણના વર્ચસ્વનું પ્રતીક બની ગયો. પરશુરામ માટે જોકે સિંહાસન અને સંપત્તિ નહીં, પણ એ વાત મહત્ત્વની હતી કે એનું નામ ભારતના શ્રેષ્ઠ યોદ્ધા તરીકે લેવાય.

ભાર્ગવ પરશુરામને ગર્વ હતો કે શિથિલ ચારિત્ર ધરાવતા દક્ષિણ ભારતમાં એમના પૂર્વજો ધર્મ, સંસ્કાર, સંસ્કૃતિ લઈ આવેલા. એમણે અહીંના લોકોને ચાતુર્વર્ણ અને સ્મૃતિઓનું જ્ઞાન આપ્યું હતું. જોકે બીજી તરફ ઉત્તર ભારતમાં એમનો પ્રભાવ ઓછો થવા લાગ્યો હતો. ત્યાં સુધારા અને પ્રગતિના નામે જે થઈ રહ્યું હતું, એ પરશુરામ માટે અસહ્ય હતું. હસ્તિનાપુરના ભીષ્મ એક સમયે પરશુરામના સહપાઠી અને મિત્ર હતા. અત્યારના પરશુરામના પિતા એમના ગુરુ હતા. પરંતુ વિદ્યાર્થીકાળમાં શીખેલા સિદ્ધાંતો, નીતિનિયમને ભીષ્મ હવે ચાતરી ગયા હતા. વિદુર જેવા શૂદ્રને એમણે હસ્તિનાપુરનો મહા અમાત્ય બનાવી દીધેલો. પરશુરામ હવે ભીષ્મને ધિક્કારતા હતા.

હસ્તિનાપુરમાં બનતી ઘટનાઓની રજેરજ માહિતી પરશુરામને પહોંચતી હતી. પહેલાં એમણે આ કામ કૃપને સોંપ્યું હતું, પણ એ તો બ્રાહ્મણજાતિનો દ્રોહી નીકળ્યો. હવે દ્રોણાચાર્ય પર આશા બંધાઈ હતી. જોકે પરશુરામને દ્રોણ પર પૂરો વિશ્વાસ નહોતો. એમણે પછી ગુપ્તચર તરીકે મોકલેલા ધૌમ્ય તરફથી હમણાંહમણાં જે સમાચાર મળતા હતા એ ચિંતાપ્રેરક હતા.

ઉત્તરમાં હસ્તિનાપુર પછી બીજું રાજ્ય પણ પરશુરામના હાથમાંથી સરી રહ્યું હતું. યાદવોનો યુવાન નેતા બલરામ, એમના માટે માથાનો દુઃખાવો થઈ પડેલો. બ્રાહ્મણોએ બનાવેલો નિયમ તોડીને એણે સમુદ્રમાર્ગે વ્યાપાર શરૂ કરી દીધેલો. ભારતીય ઉપખંડમાં મહત્ત્વના બંદર તરીકે મુઝારિસનું સ્થાન હવે દ્વારકા લઈ રહ્યું હતું.

તક્ષક માટે તો પરશુરામને માત્ર તુચ્છકારનો ભાવ હતો. તક્ષકનું સૈન્ય માત્ર નીચલી જાતિઓના લોકોનું ટોળું હતું, જેમને બીજું કંઇ કામ નહોતું. વારતહેવારે એ લોકો નાની મોટી મુસીબત ઊભી કરતા હતા, પણ છેવટે ભીષ્મ કે પરશુરામ જેવા સેનાપતિઓ સામે એમનો કોઈ ગજ નહોતો વાગવાનો.

બ્રાહ્મણોએ સ્થાપેલા આદર્શોને પાંડવબંધુઓ સ્વીકારતા હતા, પણ હસ્તિનાપુરની રાજગાદી પરનો એમનો દાવો બહુ નબળો હતો. યુવરાજ સુયોધનમાં બીજા ભીષ્મ દેખાતા હતા. પણ એનામાં જે સ્વચ્છંદતા, અવિચારીપણું હતું એ સુયોધનને વધુ જોખમી બનાવતું હતું. એક દિવસ એ હસ્તિનાપુરનો રાજા બનશે, ભારતવર્ષનો સહુથી મોટો, સશક્ત સમ્રાટ ગણાશે અને સદીઓથી ચાલી આવેલી રૂઢિઓ નષ્ટ કરશે, એ વિચાર પરશુરામને કાળઝાળ કરી જતો હતો. પણ એ શું કરી શકે? એમને પોતાને તો સંતાન નહોતા. પરશુરામવંશને આગળ વધારનાર કોઈ નહોતું. ગમે તે ભોગે હસ્તિનાપુર પર કબજો મેળવવો જરૂરી હતો. પણ આ કામ કરી શકે એવી વ્યક્તિ ક્યાં હતી?

પરશુરામે એની સામે ઊભેલા આકર્ષક, યુવાન પર દૃષ્ટિ કરી. એના ચહેરા પર ઊગતા સૂર્ય જેવું તેજ હતું. ગૌર વર્ણ, પહોળા ટટ્ટાર ખભા, કાનમાં ચમકતા કુંડળ અને શરીરે ધારણ કરેલું કવચ... હસ્તિનાપુરથી આવેલો આ ગરીબ બ્રાહ્મણ તરુણ નખશીખ યોદ્ધો લાગતો હતો.

"કદાચ હું પણ મારી યુવાનીમાં આના જેવો લાગતો હોઈશ." પરશુરામની છાતી ગજગજ ફૂલી ગઈ. માત્ર બ્રાહ્મણોમાં જ આવું વ્યક્તિત્વ પેદા થઈ શકે. એમણે દ્રોણ, કૃપ અને બીજા અનેક લડવૈયાને તાલીમ આપી હતી, પણ એમાંથી કોઈમાં એટલી શક્તિ કે કૌશલ નહોતા, કે જે આ બ્રાહ્મણ યુવાનની સામે ઊભા રહી શકે. આઠ વર્ષની કઠોર તાલીમ આપીને પરશુરામે આ રત્ન તૈયાર કર્યું હતું.

પરશુરામને હજીયે એ દિવસ યાદ હતો, જ્યારે લઘરવઘર વેશમાં બંદર પાસે આમતેમ ભટકી રહેલા છોકરાને સુરક્ષાકર્મીઓ પરશુરામ પાસે લઈ આવેલા. એણે કૃપ દ્વારા અપાયેલો ભલામણપત્ર બતાવ્યો, ત્યારે પરશુરામનું મોઢું સહેજ બગડી ગયું. તેમ છતાં છેક ઉત્તરથી ચાલતા આવેલા બ્રાહ્મણ યુવાનને ધૂતકારી કાઢવાનું એમને યોગ્ય ન લાગ્યું. વેદ, મંત્ર અને સ્મૃતિઓને લગતા જે પ્રશ્નો એમણે પૂછ્યા, એના સંતોષકારક જવાબ મળ્યા. છોકરાને શસ્ત્રકલાનું જ્ઞાન નહોતું. પણ કોઈ બ્રાહ્મણમાં જોવા મળે, એનાથી વધુ હિંમત એનામાં હતી અને નવું શીખવાની ધગશ હતી. અસૂરોની `કલારી' તરીકે ઓળખાતી પ્રાચીન, યુદ્ધકલા સાથે પરશુરામે આ નવા શિષ્યની તાલીમ શરૂ કરી. પહેલા જ દિવસથી એમને લાગ્યું કે, વર્ષોથી જેની શોધ હતી એવો શિષ્ય મળી ગયેલો.

"વસુષેણ, પુત્ર, તું હવે બધી રીતે તૈયાર થઈ ગયો છે." પરશુરામે આજે આઠ વર્ષે સ્નેહાળ અવાજે જે કહ્યું એમાં કોઈ અતિશયોક્તિ નહોતી. કર્ણએ ઝૂકીને એમના ચરણસ્પર્શ કર્યા. દ્રોણે એના માથે હાથ મૂકીને આશિષ આપ્યા. પછી બંને જણે મેદાનની દિશામાં ચાલવાનું શરૂ

કર્યું.

હજારો લોકો ત્યાં ભેગાં થયાં હતાં. જુદાં જુદાં રાજ્યોના ધ્વજ હવામાં ફરફરી રહ્યા હતા. પરંપરાગત ઢોલનગારાના અવાજથી વાતાવરણ ગૂંજતું હતું. જ્યાં જુઓ ત્યાં આવેશ, ઉત્કંઠા અને ઉત્સાહ જોવા મળતાં હતાં. પરશુરામના શિષ્યોનો આજે પદવીદાન સમારોહ હતો. એમના દ્વારા રજૂ થનારા કરતબ જોવા માટે દૂરદૂરથી લોકો આવ્યાં હતાં. મુઝારિસ અને પશ્ચિમ સાગરતટ પર રાજ કરતા ચેરાવંશના રાજાએ આવીને પરશુરામના આશીર્વાદ લીધા. એમની પાછળ મદુરાઈનો પાંડિય, કાંચીપુરમના પલ્લવ અને બીજા રાજવીઓએ આવીને, પરશુરામને વંદન કરીને પોતપોતાનું સ્થાન ગ્રહણ કર્યું. એમાંથી ઘણાના પુત્રો પરશુરામના શિષ્ય હતા. રેશમી વસ્ત્રો, મૂલ્યવાન અલંકારોથી લદાયેલી રાણીઓ મનોમન પોતપોતાના પુત્રોની સફળતા માટે પ્રાર્થના કરતી બેઠી હતી.

પરશુરામે ઊભા થઈને નાનકડું પ્રવચન આપ્યું અને કાર્યક્રમનો સત્તાવાર પ્રારંભ થયો. પહેલો વારો ઘોડેસવારીનો હતો. ગોકર્ણનો યુવરાજ એમાં સહુથી ઝડપી પુરવાર થયો. કર્ણ બીજે ક્રમે રહ્યો. મુઝારિસના રાજકુમાર ઉત્તયાને કર્ણ સામે જોઈને દાંત કચકચાવ્યા. એના પિતા ચેરા રાજવી માંડમાંડ પોતાની લાગણી પર કાબૂ રાખતા બેઠા હતા. એમને જોઈતા ખબર હજી સુધી મળ્યા નહોતા.

ચેરાનરેશ ઇચ્છતા હતા કે ધર્મવીરનું બિરુદ એમના પુત્ર ઉત્તયાનને મળે. કલિંગ, વાતાપિ, ગોકર્ણ વગેરેના યુવાનોને તો એ પહોંચી વળે, પરંતુ એમની આડે હસ્તિનાપુરથી આવેલો કર્ણ નામનો બ્રાહ્મણ યુવાન આવતો હતો. એની હોંશિયારીની ચર્ચા ચારે તરફ હતી. લોકો કહેતા હતા કે ઉત્તયાનને માત્ર કર્ણ હરાવી શકે. કોણ જાણે કેમ, પણ રાજાને ઘણાં વખતથી લાગતું હતું કે કર્ણ કોઈ બ્રાહ્મણ નહીં પણ ક્ષત્રિયબાળ હતો, જેના લોહીમાં જ યુદ્ધકૌશલ હતું. છેવટે શંકાનું સમાધાન કરવા માટે એમણે હસ્તિનાપુરમાં ધૌમ્યને સંદેશો મોકલ્યો. કર્ણ બ્રાહ્મણ નહીં પણ ક્ષત્રિય હતો, આવી જાણ થાય તો પરશુરામ એને સ્પર્ધામાંથી જ નહીં, રાજ્યમાંથી બહાર ફેંકી દે. કદાચ એના પર ભીષ્મના જાસૂસ હોવાનું આળ પણ મૂકી શકાય. પરંતુ સ્પર્ધાનો દિવસ આવી ગયો, ત્યાં સુધી ધૌમ્યનો જવાબ નહોતો આવ્યો. આજે એક પછી એક તમામ સ્પર્ધામાં કર્ણ, બીજાઓથી ચઢિયાતો સાબિત થઈ રહ્યો હતો. સાંજ પડવા આવી, ત્યારે સ્પર્ધાના મેદાનમાં છેલ્લા બે જણ રહ્યા હતા – કર્ણ અને યુવરાજ ઉત્તયાન.

* * *

"રાજાને મારે તત્કાલ મળવું છે. એમના માટે હું અતિ મહત્ત્વનો સંદેશ લાવ્યો છું." હસ્તિનાપુરથી આવેલા બ્રાહ્મણે ફરી એકવાર સૈનિકોને કહ્યું. પણ પેલા લોકો માનવા તૈયાર નહોતા. એમાં જોકે કોઈનો વાંક નહોતો. પોતે સંદેશવાહક હોવાનો દાવો કરતા બ્રાહ્મણનાં કપડાં લઘરવઘર હતાં, પગમાં પગરખાં નહોતાં. આજે આવા મહત્ત્વના દિવસે કોઈ મામૂલી, અજાણ્યા માણસને રાજા પાસે લઈ જવાય તો રાજા નક્કી ક્રોધે ભરાય.

વળી મેદાનમાં સ્પર્ધાના અંતિમ ચરણની તૈયારી થઈ ગયેલી. યુવરાજ ઉત્તયાન અને કર્ણ વચ્ચે ખરાખરીનો જંગ ખેલાવાનો હતો. એમાં વિજેતા નીવડીને કોણ `ધર્મવીર'નું સન્માન લઈ જશે, એ જોવા-જાણવા માટે સૈનિકો પણ આતુર હતા. એમની પાસે આ બ્રાહ્મણ સાથે માથાકૂટ કરવાનો સમય નહોતો. "ભૂદેવ, તમે બહુ થાકી ગયેલા લાગો છો. ભોજન લઈને થોડો વિશ્રામ કરો. પછી અમે તમને લેવા આવશું." આવું કહીને બે સૈનિક પરાણે પેલા બ્રાહ્મણને એક ધર્મશાળામાં મૂકી આવ્યા.

* * *

"કર્ણ... કર્ણ... ધર્મવીર કર્ણ..." સેંકડો કંઠમાંથી નીકળેલું આ નામ જાણે આકાશને

આંબી રહ્યું હતું. પહેલાં તો માત્ર બ્રાહ્મણો જ આ નામ પોકારી રહ્યા હતા. પરંતુ થોડીવાર પહેલાં જે ક્ષત્રિયો અને બીજા વર્ણના લોકો એમના યુવરાજની તરફેણમાં બૂમાબૂમ કરતા હતા, એ પણ હવે કર્ણનો જયજયકાર કરવામાં જોડાઈ ગયેલા.

પરશુરામનો હર્ષ સમાતો નહોતો. વર્ષો પહેલાં કૃપ અને દ્રોણે આ સ્પર્ધા જીતેલી, પરંતુ એ પછી હંમેશાં ક્ષત્રિયોનું વર્ચસ્વ રહ્યું હતું. બહુ લાંબા સમય પછી આજે એક બ્રાહ્મણ યુવાન ધર્મવીર બન્યો હતો. વસુષેણ કર્ણ ભારતનો સહુથી મહાન યોદ્ધો સાબિત થયો હતો. એનાથીયે મોટી વાત એ કે એણે અકલ્પ્ય ઉદારતાભેર એક ક્ષત્રિય રાજકુમારને સ્પર્ધાના મેદાનમાં જીવતદાન આપ્યું હતું. આ જ વાત જોકે રાજા અને તેના પુત્ર ઉત્તયાનનું રોમેરોમ બાળી રહી હતી.

એમાં થયેલું એવું કે, ઘોડેસવારી, રથચાલન, ગજસવારી, તીરંદાજી, ગદાયુદ્ધ, તલવારબાજી, આ બધાં ચરણમાંથી પસાર થયા પછી અંતિમ સ્પર્ધામાં શસ્ત્ર તરીકે ઉરુમી પર પસંદગી ઉતારાઈ હતી. ધાતુમાંથી બનેલી લાંબી, પાતળી પટ્ટીને, શાંતિના સમયે યોદ્ધાઓ કમરપટ્ટાની જેમ પહેરતા હતા. પરંતુ રણમેદાનની અંદર હાથમાં આવે ત્યારે એ તલવારથીયે વધુ ઘાતકી બની જતી. સાપની જેમ વળ ખાઈને, વીજળીની ઝડપે સામેવાળાના ગળે કે હાથે વીંટળાઈ જતી ઉરુમીનો એક ઝાટકો શત્રુનું અંગ કાપી લેવા સમર્થ હતો.

ઉરુમી તરીકે ઓળખાતા આ હથિયારનો ઉપયોગ કરવામાં ઉત્તયાન નિષ્ણાત હતો. કર્ણને પણ એવું લાગતું હતું કે પોતે કદાચ પરાજિત થવું પડશે. પરંતુ યુવરાજના કમભાગ્યે એણે લડતાલડતા એકવાર હવામાં ફેરવીને કર્ણ પર વીંઝેલી ઉરુમી નિશાન ચૂકી ગઈ. કર્ણની ગરદન ફરતે વીંટળાઈ જવાને બદલે એ કર્ણના કવચમાં ભેરવાઈ ગઈ.

કર્ણએ ધાર્યું હોત તો આનો લાભ લઈને ક્ષણભરમાં એ ઉત્તયાનનું માથું ધડથી જુદું કરી શક્યો હોત. પણ એવું કરવાને બદલે એણે પોતાની ઉરુમી કવચમાં ભરાયેલી ઉત્તયાનની ઉરુમીની ફરતે વીંટીને ખેંચી લીધી. ઉત્તયાનના હાથમાંથી હથિયાર અને ધર્મવીરનું બિરુદ, બંને એક ઝાટકે સરી ગયા. સહુથી મોટી લજ્જા એ હતી કે મુઝારિસના યુવરાજ પર બહારથી આવેલા એક ગરીબ બ્રાહ્મણે દયા ખાધી હતી. ગળું કાપવાનું તો બાજુએ રહ્યું જીવનભર પંગુ બનાવી દે એવો ઘા મારવાનું પણ કર્ણએ ટાળ્યું હતું. એના આ દયાપ્રદર્શનને ઉત્તયાન ક્યારેય માફ નહોતો કરવાનો. જોકે કર્ણને પોતાને આ વાતનો જરા સરખોયે અંદેશો નહોતો. એણે તો પોતાને યોગ્ય લાગ્યું એ કર્યું હતું.

* * *

મોડી રાત સુધી ઉજવણી ચાલી. રાજાએ પોતાની હતાશા છુપાવીને કર્ણનું સન્માન કર્યું. ધર્મવીરની પદવી આપીને ભેટ-સોગાદોથી લાદી દીધો. બહારથી આવેલા રાજપરિવારો માટે મહેલમાં ભવ્ય ભોજન સમારંભ યોજાયો. એમાં કર્ણને હાજર રહેવાનું નિમંત્રણ અપાયું.

આ બધી ધામધૂમ પતી ત્યારે પરોઢિયું થવા આવેલું. કર્ણ થાકીને ચૂર થઈ ગયેલો. એને તો બસ, આશ્રમમાં જઈને પોતાની સાદી પથારી પર પડવું હતું અને લાંબો સમય સૂતા રહેવું હતું. પણ પરશુરામને આજે આશ્રમના બગીચાની અંદર, ખુલ્લા આકાશ નીચે સૂવાનું મન થઈ ગયું, અને એ પણ પોતાના વહાલા શિષ્યના ખોળામાં માથું રાખીને.

ગુરુની ઇચ્છા કર્ણ કઈ રીતે ઉથાપી શકે? પરશુરામ એના ખોળામાં માથું મૂકતાંની સાથે ઊંઘમાં સરી પડ્યા. સવાર પડી ત્યાં સુધીમાં તો કર્ણના પગમાં ફરતું લોહી જાણે થંભી ગયેલું. જરા સરખીયે હલનચલન કરી તો ગુરુની નિંદ્રામાં વિક્ષેપ પડશે, એવું માનીને એ મૂર્તિની જેમ સ્થિર બેસી રહ્યો. ઝોકું પણ ન મરાઈ જાય, એનું એણે ધ્યાન રાખ્યું. કર્ણ માટે આ ઘડીએ એના ગુરુની નિંદ્રાથી વિશેષ બીજું કંઈ નહોતું. આછા અજવાળામાં, એ પોતાના ખોળામાં

સૂતેલા ગુરુનો ચહેરો જોઈ રહ્યો.

અહીં આવતાં પહેલાં એણે પરશુરામ વિશે જાતજાતની વાતો સાંભળેલી. પણ છેલ્લાં આઠ વર્ષમાં એણે તો આ બ્રાહ્મણનો વાત્સલ્યભાવ અને ઉદાર ચહેરો જ જોયેલો. પિતાની જેમ એમણે કર્ણ પર સ્નેહ વરસાવેલો. બીજાઓ પ્રત્યેની એમની વર્તણૂક પણ આદર જગાવે એવી હતી.

પરશુરામ પોતે દૃઢપણે વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિપ્રથામાં માનતા હતા, પરંતુ સાથેસાથે દક્ષિણના રાજાઓ ન્યાયપૂર્ણ શાસન કરે, એનું પણ બરાબર ધ્યાન રાખતા હતા. એમણે કોઈ અંગત ધનસંપત્તિ ભેગી નહોતી કરી. સંન્યાસી જેવું એમનું જીવન હતું. વારસામાં પરશુરામને મોટો મહેલ મળેલો, પરંતુ એ મોટેભાગે ગરીબ બ્રાહ્મણોને આશ્રય આપવા માટે વપરાતો. ગુરુ પોતે તો નાની મઢૂલીમાં કાથીના ખાટલા પર જ સૂઈ જતા.

આટલા સમયમાં કર્ણએ જોયેલું કે, પરશુરામને ગુરુ તરીકે સ્વીકારી લેનારા લોકોમાં હસ્તિનાપુરવાસીઓથી અનેકગણી વધુ શિસ્ત હતી. પ્રજા માટે ઊભી કરાયેલી સુવિધાઓ બરાબર કામ કરતી હતી. અહીં રાજ્ય કારભારમાં ભ્રષ્ટાચાર અને લાગવગશાહી નહીંવત હતી. નીચલી ગણાતી જાતિના લોકો પશુની દશામાં જીવતાં હતાં, પરંતુ અહીં કોઈ ભૂખ્યું નહોતું મરતું. સ્ત્રીઓની સ્થિતિ ગુલામ જેવી હતી, પણ અડધી રાતે નગરના રસ્તા પર એ નિર્ભયતાથી હરીફરી શકતી હતી. અહીંના કાયદા અને વ્યવસ્થામાં ભાગ્યે જ ક્યાંય કચાશ હતી. આ બધાંનો યશ પરશુરામને જતો હતો.

તરુણવયે મુઝારિસમાં પગ મૂકનારા કર્ણએ આટલાં વર્ષમાં અહીંના સમાજ અને રાજ્યવ્યવસ્થાના બંને ચહેરા જોઈ લીધેલા. ક્યારેક આદર થતો તો ક્યારેક ઘૃણા ઊપજી આવતી. આ બધાના કેન્દ્રમાં રહેલા પરશુરામ, હજીયે એને મન એક મોટો કોયડો હતો.

એક તરફ પરશુરામ ક્રૂર, ધર્માંધ, રૂઢિચુસ્ત, જિદ્દી, રક્તપિપાસુ હતા, તો બીજી તરફ એટલાં જ પ્રમાણમાં ઉદાર, વિદ્વાન, શૂરવીર, સિદ્ધાંતવાદી, દૃઢનિશ્ચયી અને દયાળુ પણ હતા. સારા-નરસાનું અનોખું મિશ્રણ એમનામાં હતું. અલબત બીજી બધી વાત છોડી દો તો, એ પરંપરાવાદી બ્રાહ્મણ નેતા કર્ણને પુત્ર ગણીને પ્રેમ કરતા હતા, એ વાતમાં કોઈ શંકા નહોતી.

કર્ણએ શાંતપણે સૂતેલા ગુરુ સામે જોયું, અને મનના ખૂણે એક ડંખ લાગ્યો. "મેં એમની સાથે કેટલી મોટી છેતરપિંડી કરી છે!" સાથે સાથે ભયની લાગણી પણ એને ઘેરવા લાગી. ધર્મવીરની ઉપમા મળ્યા પછી ઘેરઘેર કર્ણનું નામ અને ચહેરો જાણીતા થઈ ગયેલા. આવનારા દિવસોમાં, મુઝારિસથી બહાર પણ એની ખ્યાતિ પ્રસરી જવાની હતી. એનું જુઠાણું પકડાઈ જવાની શક્યતા પળેપળે વધી રહી હતી. આવું થાય એ પહેલાં એણે આ પ્રદેશમાંથી નીકળી જવાનું હતું. કર્ણ નહોતો જાણતો કે સત્ય જાણ્યા પછી પરશુરામ શું કરશે. અચાનક એને ઇચ્છા થઈ ગઈ કે, પોતે જ સામે ચાલીને બધું સાચેસાચું કહી દે. પરશુરામ કદાચ ક્રોધે ભરાશે, પણ જેને પુત્ર ગણીને આટલા વર્ષ સાચવ્યો હોય, વિદ્યા આપી હોય, એને કંઈ ગુરુ રાતોરાત થોડો ધિક્કારવા લાગશે?

અવઢવમાં સરી પડેલા કર્ણને ખ્યાલ ન રહ્યો કે ક્યારેક એક ભમરો આવીને એનાં વસ્ત્રોમાં પ્રવેશી ગયો. સાથળ પર થયેલા સળવળાટને એણે પહેલાં તો ગણકાર્યો નહીં, પણ પછી એકાએક કાળઝાળ પીડા એના પગથી શરૂ થઈને અંગેઅંગમાં પ્રસરી ગઈ. ભમરાએ ડંખ મારી દીધેલો.

કર્ણના મોઢામાંથી ઊંહકારો સરી પડ્યો, પણ પછી વધુ અવાજ ન નીકળે એટલે તરત એણે દાંત ભીંસીને મોઢા પર હથેળી દાબી દીધી. શરીરમાં જાણે અગ્નિ ઊપડ્યો હતો, પણ કર્ણ હલ્યો નહીં. ખોળામાં એના ગુરુ હતા. દૂર પર્વતોની પાછળથી ડોકિયું મારી રહેલા સૂર્ય સામે

જોઈને એણે પીડા સહન કરવાની શક્તિ માટે પ્રાર્થના કરી. લાંબો સમય નીકળી ગયો. જોકે, આંખમાંથી નીકળી પડેલાં આંસુને રોકવાની ક્ષમતા કર્ણમાં પણ નહોતી. છેવટે ગાલ પરથી સરીને અશ્રુબિન્દુ ગુરુના ચહેરા પર પડ્યું.

પરશુરામની ઊંઘ ઊડી ગઈ. "શું થયું"ની પૃચ્છા કરતા એ બેઠા થઈ ગયા. "પુત્ર, તારી તબિયત તો સારી છે ને?" હવે ધ્રૂજવા લાગેલા કર્ણના કપાળે હથેળી મૂકીને એમણે પૂછ્યું.

કર્ણએ પોતાના કપડામાં હાથ નાખીને ભમરો પકડી લીધો, પછી ચપટીમાં ચોળીને દૂર ફેંક્યો. એણે ગુરુના મોઢેથી પ્રશંસાના બે બોલ સાંભળવાની આશા રાખેલી, પણ પછી જે થયું એ અણધાર્યું હતું. "કોણ છે તું?" ધારદાર અવાજે પરશુરામે પૂછ્યું.

"હું..." કર્ણની જીભે લોચા વળી ગયા.

"છોકરા, તું બ્રાહ્મણ નથી. પૃથ્વીના પટ પર જન્મેલો કોઈ બ્રાહ્મણ મૂંગે મોઢે આટલી પીડા સહી ન શકે. તું ક્ષત્રિય હોવો જોઈએ. ધૂર્ત... દુષ્ટ... તેં મારી સાથે છળ કર્યું, કપટ દ્વારા વિદ્યા મેળવી? મારા પરિવાર ચોંસઠવાર ક્ષત્રિયો સાથે યુદ્ધ કર્યું, હવે એ શત્રુના ઘરમાં જન્મેલો એક માણસ, મને અંધારામાં રાખીને વિદ્યાની ચોરી કરી ગયો?" પરશુરામે ત્રાડ પાડી.

"ક્ષમા કરો, ગુરુદેવ, મને ક્ષમા કરો, હું ક્ષત્રિય નથી." બોલતો કર્ણ એના ગુરુના પગમાં પડી ગયો.

"હજીયે ખોટું બોલે છે? ભમરાના ડંખથી જે કાળી પીડા થાય, એ ક્ષત્રિય સિવાય બીજું કોણ આટલો સમય સહી શકે. એ પણ ચૂં કે ચા કર્યા વિના? જા, તને શાપ આપું છું."

"ગુરુદેવ, હું તમારા પુત્ર સમાન છું, મને શાપ ન આપો. હું આ જ ઘડીએ તમારી નજરથી દૂર થઈ જઈશ. પણ હું ક્ષત્રિય નથી." કર્ણએ ગળગળા સાદે આજીજી કરી.

"કર્ણ સાચું બોલે છે, એ ક્ષત્રિય નથી." કોઈનો અવાજ આવ્યો. પરશુરામ અને કર્ણએ અવાજની દિશામાં જોયું. ચેરા રાજવી. એમના પુત્ર ઉત્તયાન સાથે ત્યાં ઊભા હતા. એમની સાથે રહેલી વ્યક્તિને જોઈને કર્ણ આંખો મીંચી ગયો. હસ્તિનાપુરથી આવેલા બ્રાહ્મણને એ ઓળખી ગયો. કૃપાચાર્યએ કર્ણને શાસ્ત્રોનું જ્ઞાન આપવાનું શરૂ કર્યું. ત્યારે આ બ્રાહ્મણે મોટો વિરોધ કરેલો. આજે એ સાક્ષાત મૃત્યુનો દૂત બનીને આવ્યો હતો.

"ગુરુદેવ, હું હસ્તિનાપુરથી આવ્યો છું. આ છોકરાને મેં નાનપણથી જોયો છે. અહીં હું એ જ સંદેશ આપવા આવ્યો છું કે, વસુષેણ કર્ણ, હસ્તિનાપુરના રથચાલક અધિરથ અને એની પત્ની રાધાનો પુત્ર છે." બ્રાહ્મણે કહ્યું.

"અને એની જાતિ?" પરશુરામે ધગધગતા અવાજે પૂછ્યું.

"સ્વામી, એ સૂતપુત્ર છે... કર્ણ શૂદ્ર છે."

સાંભળતાની સાથે પરશુરામ પાષાણવત્ થઈ ગયા. એકેય શબ્દ ઉચ્ચાર્યા વિના થોડીવાર એ કર્ણ સામે જોઈ રહ્યા, અને પછી અચાનક ભાન ગુમાવીને નીચે ઢળી પડ્યા. બધા એમની તરફ દોડી ગયા. કર્ણનો પગ ઊપડ્યો, પણ તરત થંભી ગયો. એને ભાન થયું કે, આ ઘડીએ, વસુષેણ કર્ણ, દક્ષિણમાં સહુથી ધિક્કારપાત્ર વ્યક્તિ બની ગયેલા હતા. રૂઢિચુસ્ત દક્ષિણના બધાય રાજાઓ, એમના સૈનિકો સાથે અત્યારે મુઝારિસમાં હાજર હતા. થોડીવાર પછી એ બધાંનો એક જ શત્રુ હશે, કર્ણ.

લડતાં લડતાં અહીં જ વીરગતિ પામવી? કર્ણએ આ વિચાર આવતાંની સાથે ડામી દીધો. એ હજી યુવાન હતો. કૃપાચાર્યએ આપેલી શિખામણ એ ભૂલ્યો નહોતો કે, પ્રતિકૂળ સંજોગોમાં લાગણીવેડાને બદલે વ્યવહારુ બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ. બુદ્ધિ અત્યારે કહેતી હતી કે, બીજા બધાનું ધ્યાન મૂર્છિત થઈ ગયેલા પરશુરામ પર હતું, એનો લાભ લઈને ભાગ અહીંથી!

જીવ લઈને કર્ણએ ત્યાંથી દોટ મૂકી. રાજાને ખ્યાલ આવ્યો, ત્યાં સુધી તો કર્ણ

સાગરકિનારે પહોંચી ગયેલો. બારામાંથી એક મોટું વહાણ નીકળવાની તૈયારીમાં હતું. તૂતક પરના માણસો, છેલ્લું પાટિયું ઉપર ખેંચી લે એ પહેલાં તો કર્ણ દોડીને એના પર ચઢી ગયો. ખલાસીઓની બૂમાબૂમ સાંભળ્યા વિના એ વહાણની અંદર કૂદી પડ્યો.

"એય, કોણ છે તું?" ત્યાં ઊભેલા માણસે મોટે સાદે તમિલ ભાષામાં પૂછ્યું. લાંબું કદ, પ્રેમ જેવો ફિક્કો ને ધોળો ચહેરો, ગંદા પીળા વાળ... જોતાંની સાથે કર્ણ સમજી ગયો કે, આ યવન દેશનો મ્લેચ્છ હતો. સદ્ભાગ્યે કર્ણને ગ્રીક ભાષા આવડતી હતી. એણે નમ્રતાપૂર્વક પૂછ્યું "મહાશય, આ વહાણ ક્યાં જાય છે?"

"લે, તું અમારી બોલી બોલે છે?" પેલાને સહેજ આશ્ચર્ય થયું. એણે કહ્યું, "હું આ વહાણનો મુખ્ય સુકાની છું. અહીંથી મરીમસાલા ભરીને અમે ગ્રીસ જઈ રહ્યા છીએ, પણ તું કોણ?"

જોકે પછી યવને પોતાના સવાલનો જવાબ પોતે જ આપી દીધો, "અરે હા, તું તો કાલે બધાને હરાવીને, ધમ્મ...શું એવું જ કંઈ બનેલો ને!" પછી કિનારે ભેગા થઈ રહેલા સૈનિકોને જોઈને એણે બીજો સવાલ કર્યો. "આ બધા તને પકડવા આવેલા?"

સાગરકિનારે આવી પહોંચેલા સૈનિકો ધર્મસંકટમાં મુકાઈ ગયેલા. કર્ણને પકડવો હતો, પણ એ માટે સાગરમાં ઊતરવું પડે. પરશુરામનો સ્પષ્ટ આદેશ હતો કે સાગર ખેડનાર વ્યક્તિ પોતાની જાતિ ગુમાવી બેસે. યુવરાજ ઉત્તયાન ધૂંઆપૂંઆ હતો. એમની પાસે જે લાંબી, પાતળી હોડીઓ હતી, એનામાં તીરની ઝડપે પાણી ચીરીને દોડવાની ક્ષમતા હતી. એક એક હોડીમાં સો માણસ બેસી શકે એટલી જગ્યા હતી. ધીમી ગતિએ જઈ રહેલા મસમોટા વહાણને તો આ સર્પ નૌકાઓ થોડી જ વારમાં પકડી પાડે. પણ હોડીને હલેસાં કોણ મારે? જાતિ ગુમાવીને અસ્પૃશ્ય થઈ જવાનો ભય સહુને સતાવતો હતો. યુવરાજે ગ્રીક વહાણ પર બાણવર્ષા કરવાનો આદેશ આપ્યો. પણ ત્યાં સુધીમાં બહુ મોડું થઈ ગયેલું.

"પણ આ લોકો કોને મારવા માટે તીર ફેંકી રહ્યા છે... તને?" સુકાનીના આશ્ચર્યનો પાર નહોતો. "ગઈકાલે તો તારા નામનો અહીં જયજયકાર હતો."

"આજે એમને જાણ થઈ ગઈ છે કે હું શૂદ્ર છું. નીચી જાતિમાં જન્મ્યો હોવા છતાં હું અહીં આવીને ગુરુ પાસે શસ્ત્રો ચલાવવાનું શીખ્યો એનો એમને ગુસ્સો છે." કર્ણએ દૃષ્ટિથી દૂર થઈ રહેલા કિનારા તરફ જોતાં કહ્યું.

"શું? તમારા દેશમાં ભણવું એ અપરાધ છે? અહીં આવા જંગલી લોકો વસે છે?" સુકાનીને આઘાત લાગ્યો.

આગલે દિવસે ભેટમાં મળેલો સોનાનો હાર ગળામાંથી ઉતારીને કર્ણએ વિદેશીના હાથમાં મૂક્યો. "મારા પર કૃપા કરો, હું હસ્તિનાપુરનો શૂદ્ર છું. મને પ્રભાસ કે દ્વારકાના બંદરે ઉતારી દો. ત્યાંથી હું મારે ઘેર પહોંચી જઈશ."

ગ્રીક સુકાનીએ કર્ણ સામે જોયું. અને થોડીવાર વિચાર્યા પછી કહ્યું, "રૂ ભરવા માટે અમે દ્વારકા બંદરે જવાના છીએ. પણ તારે ત્યાં ઊતરી જવાની જરૂર નથી. ચાલ મારી સાથે અમારા દેશમાં. તારા જેવા કુશળ ધનુર્ધારી માટે ત્યાં બધાંય દ્વાર ખૂલી જશે. અહીં ભલે તારા જ લોકો તારા લોહીના તરસ્યા થયા છે, પણ મારે ત્યાં તારી આવડતની કદર થશે. અરે, કાલ ઊઠીને તું કોઈ પ્રદેશનો રાજ્યપાલ કે સૂબો બની જઈશ."

કુદરતે જ્યાંની ભૂમિ પર ખોબેખોબે સૌંદર્ય વેર્યું હતું, જ્યાં આઠ વર્ષ સુધી એક મહાન ગુરુએ એને વિદ્યાદાન આપ્યું હતું એ પ્રદેશ, એ સાગરકિનારો હવે દેખાતો બંધ થઈ ગયેલો. ત્યાં શત્રુ થઈ બેઠેલા લોકોથી તો એ બચી ગયેલો. પણ હસ્તિનાપુર પહોંચ્યા પછી એને કયા પ્રકારનો આવકાર મળશે એ કર્ણ નહોતો જાણતો.

અહીં જે બન્યું એના સમાચાર થોડા સમયમાં હસ્તિનાપુર પહોંચી જશે, એમાં કોઈ શંકા નહોતી. ક્ષત્રિય યોદ્ધો બનવા નીકળેલા સૂતપુત્રની ચારેતરફ હાંસી થવાની હતી. હવે તો કદાચ ત્યાં રથ ચલાવવાનું કામ પણ નહીં મળે, આવો વિચાર કરી રહેલા કર્ણને અચાનક ભાવિ અંધકારમય ભાસવા લાગ્યું.

એણે સુકાની સામે જોયું. મારો પોતાનો દેશ મને બહારનો ગણે છે, દક્ષિણના શક્તિશાળી રાજાઓ મારું મૃત્યુ ઇચ્છે છે. પણ ગઈકાલ સુધી હું જેમને અસંસ્કૃત, જંગલી યવનપ્રજા માનતો હતો, એમાંનો એક જણ હવે મારો હાથ ઝાલવા, મને ઊંચા આસને બેસાડવા માંગે છે!

કર્ણની આંખમાં આવી ગયેલાં ઝળઝળિયાં જોઈને વિદેશીએ એના ખભે હાથ મૂક્યો, “યુવાન, શું વિચારમાં પડી ગયો?”

કર્ણએ સહેજ સ્વસ્થ થઈને કહ્યું, “મારા પ્રાણ બચાવવા માટે, મને આટલું સન્માન આપવા બદલ તમારો ખૂબખૂબ આભાર, શ્રીમાન. પણ આ મારો દેશ છે, મારી સંસ્કૃતિ, મારો ધર્મ. મૂઠીભર નઠારા માણસો અહીં છે, પરંતુ એની સામે ઘણાં મહાન, મોટા મનનાં લોકો પણ આ દેશમાં વસે છે. આ પવિત્ર ભૂમિને છોડીને બીજે ક્યાંય જવાનો વિચાર સુધ્ધાં હું ન કરી શકું. ક્યાંક તો એવા રાજા, એવી પ્રજા હશે, જે જાતપાતનો ભેદભાવ કર્યા વિના માત્ર માનવીને, એના સદ્ગુણોને આદર આપે. ન હોય તો હું મારા જેવા લોકોની જેમ જીવી લઈશ, પણ રહીશ તો અહીં જ. આ ધરતી સાથે જ મારું ભાગ્ય જોડાયું છે.”

આંખમાંથી ફરી વહેવા લાગેલા આંસુ બદલ લજ્જા અનુભવતો કર્ણ મોઢું ફેરવી ગયો. ગ્રીક સુકાની એને જોઈ રહ્યો. આટલી સંકુચિત મનોદશા ધરાવતા દેશમાં આવા યુવાનો કઈ રીતે પેદા થતા હશે?

આવા જ સ્વપ્નદ્રષ્ટા એક બીજા યુવાન બલરામે ઊભી કરેલી દ્વારકા તરફ વહાણે ગતિ વધારી. આશા અને સ્વપ્નોથી બનેલી નવી નગરી, દ્વારકા.

ગુરુદક્ષિણા

ગંગાના તોફાની પ્રવાહ અને પથ્થરોનો પુષ્કળ માર ખાધા પછીયે એકલવ્યના ભાગ્યમાં જીવિત રહેવાનું લખાયું હતું. જોકે ઘા રૂઝાતા અને સાજાસારા થતા એને બીજા બે મહિના નીકળી ગયા. નાગવસ્તીમાંથી છૂટકારાની સાથે એને એક પાઠ એ મળ્યો કે જંગલમાં વધુ ઊંડા ઊતરવું નહીં, બીજા પાઠ ભણવાનું ચાલતું રહ્યું. ઝાડની ડાળી પર કે થડની આડશમાં રહીને એ દ્રોણાચાર્યને રોજ જોતો રહ્યો. ગુરુ એમના શિષ્યોને લક્ષ્યવેધના જેટલા પાઠ ભણાવે, એ દૂર બેઠા એકલવ્ય પણ ભણી લેતો.

પછી એક દિવસ એણે સાંભળ્યું કે પાંડવ-કૌરવોનું શિક્ષણ પૂરું થવામાં હતું. ટૂંક સમયમાં એમની અંતિમ પરીક્ષા લેવાવાની હતી. એકલવ્યએ નક્કી કરી નાખ્યું કે એ દિવસે સ્પર્ધામાં ભાગ લઈને, અર્જુનને પરાજિત કરીને એ સહુને ચકિત કરી દેશે. દ્રોણાચાર્ય પણ કબૂલ કરશે કે એમણે એકલવ્યને હડધૂત કરીને મોટી ભૂલ કરેલી.

એકલવ્યને દ્રોણ માટે કોઈ દુર્ભાવ નહોતો. જંગલની અંદર થોડી જગ્યા સાફ કરીને, એણે ત્યાં માટીમાંથી બનાવેલી ગુરુની પ્રતિમા સ્થાપિત કરી હતી. એની સામે રોજ માથું નમાવીને એ ધનુર્વિદ્યાનો અભ્યાસ કરતો. પછી નવા પાઠ શીખવા રાજકુમારોના તાલીમ સ્થળે પહોંચી જતો.

દ્રોણાચાર્ય પ્રત્યેનો એકલવ્યનો ભક્તિભાવ દિવસે દિવસે વધી રહ્યો હતો. સાથેસાથે અર્જુન પ્રત્યેની ઈર્ષા પણ વધુ ઉગ્ર બની હતી. એકલવ્યએ આટલા દિવસોમાં જોઈ લીધેલું કે અર્જુન એના ગુરુનો સહુથી પ્રિય શિષ્ય હતો. બીજા ક્રમે અશ્વત્થામા હતો. જોકે અર્જુનની સામે ગુરુ પોતાના સગા પુત્રને પણ ઉતારી પાડવામાં ખચકાટ નહોતા રાખતા. અશ્વત્થામામાં શસ્ત્રકૌશલ્ય હતું. પરંતુ અર્જુન જેટલો આત્મવિશ્વાસ અને ગૌરવ નહોતા. પિતાનો પ્રેમ અને પ્રશંસા મેળવવાના એના પ્રયાસોનું ખાસ કોઈ ફળ નહોતું મળતું.

અશ્વત્થામાને હવે સુયોધન અને સુશાસનની સાથે નવા ગુરુ મળ્યા હતા. આ ત્રણ શિષ્યને ગદાવિદ્યા શીખવી રહેલા બલરામને પણ એકલવ્યએ જોયા હતા. જોકે એની આંખો બલરામની બહેન સુભદ્રા પર ઠરી ગયેલી. દ્વારકાથી મોટાભાઈ સાથે હસ્તિનાપુર આવેલી સુભદ્રા જ્યારે પણ નજરે પડે, ત્યારે એકલવ્યનું હૃદય બેચાર ધબકારા ચૂકી જતું. અલબત એ જાણતો હતો કે આટલી સુંદર યાદવસ્ત્રીને પામવાનું સ્વપ્ન પણ એક નિશાદ માટે અશક્ય હતું. વળી સુભદ્રાએ એનો રાજકુમાર પસંદ કરી લીધેલો.

ઝરણા પાસે બેસીને સુયોધન સાથે પ્રેમાલાપ કરતી સુભદ્રાએ એકલવ્યને અનેકવાર જોયેલી. આ એક જ બાબતે એને સુયોધનની ઈર્ષા થતી. બલરામ પાસેથી ગદાયુદ્ધના પાઠ શીખેલા સુયોધને ભીમને હરાવી દીધો, એ દિવસે એકલવ્યને નાચવાનું મન થઈ ગયેલું. કદમાં ભીમથી અડધા લાગતા સુયોધનમાં ધીમેધીમે આત્મવિશ્વાસ પાછો ફરી રહ્યો હતો. ભીમ પાસે પ્રચંડ શારીરિક બળ હતું, તો સુયોધન પાસે હતી જબરી ચપળતા અને ઝડપ. ભીમ કોઈ મદઝરતા હાથીની જેમ ધસી આવતો, તો સુયોધન એક વાઘની જેમ એનો પ્રતિકાર કરતો. સુયોધનની વધતી જતી શક્તિ પાંડવો માટે ચિંતાનો વિષય થઈ પડેલી.

સુયોધનને પોતાને જોકે ભીમ સાથે લડવા કરતાં, સુભદ્રા સાથે વાતો કરવામાં વધુ રસ પડતો. ખળખળ વહેતા ઝરણા સાથે એમના હાસ્યનો અવાજ પણ ઘણીવાર એકલવ્યના કાને પડી જતો. આમ ચોરીછૂપીથી કોઈ પ્રેમીઓને જોવાનું, એમની વાતો સાંભળવાનું ખોટું હતું, એ એકલવ્ય જાણતો હતો, પણ પોતાની જાત પર કાબૂ નહોતો રાખી શકતો. એમાંથી જ એને જાણ થઈ કે સુયોધન સુભદ્રાને પોતાની પત્ની બનાવવા ઉત્સુક હતો. સુભદ્રાની પણ આવી જ

ઇચ્છા હતી. પરંતુ એ એના નાનાભાઈ કૃષ્ણથી ડરતી હતી. કોણ જાણે કેમ પણ એને લાગતું હતું કે સુયોધન સાથે સુભદ્રાનો સંબંધ કૃષ્ણને નહીં ગમે. કારણ તો બે પ્રેમીઓ સિવાય કોઈ નહોતું જાણતું.

સુયોધનને સુભદ્રાનો ભય પાયાવિહોણો લાગતો હતો. એણે ક્યાં કૃષ્ણનું કંઈ બગાડ્યું હતું? સુયોધનની તાલીમ પૂરી થયાનું જાહેર કરીને બલરામે કાશી જવાની જાહેરાત કરી એ જ દિવસે એમની બહેનનો હાથ સુયોધને માંગી લીધો.

પોતાની વહાલી બહેન હસ્તિનાપુરના યુવરાજની અર્ધાંગિની બને, એ સામે બલરામને કોઈ વાંધો નહોતો. એમણે તો હર્ષભેર આ સંબંધને આશીર્વાદ પણ આપી દીધા. પરંતુ સાથેસાથે એમણે આ પ્રેમીપંખીડાઓને થોડી વાટ જોવાની સલાહ આપી. "સુયોધન, તારા દીક્ષાંત સમારોહ આડે હવે બહુ ઓછો સમય રહ્યો છે. હું ઇચ્છું છું કે અત્યારે તું તારું બધુંયે ધ્યાન ભણવામાં, ગદાયુદ્ધનો અભ્યાસ કરવામાં કેન્દ્રિત કરે. જોજે, અંતિમ સ્પર્ધાને દિવસે આખા હસ્તિનાપુર સામે તારે લજ્જિ ત ન થવું પડે! સુભદ્રા સાથે હું કાશી જાઉં છું. ચોમાસા પછી અમે દ્વારકા પાછા ફરશું. એ વખતે તું તારા વડીલો સાથે ત્યાં આવજે. બધાંની સામે આપણે ધામધૂમથી તમારા સગપણની જાહેરાત કરશું."

બલરામની વાત વ્યવહારુ હતી. કચવાતે જીવે પણ સુયોધન અને સુભદ્રાએ સ્વીકારવી પડી. ઉજ્જ્વળ ભવિષ્યનાં સ્વપ્ન, અને વચનોની આપલે કરીને છૂટા પડતા પ્રેમીઓને એકલવ્યએ જોયાં. સુયોધનના બધાં સપનાં પૂરાં થાય, એ હંમેશા સુખી રહે એવી શુભેચ્છા એકલવ્યએ મનોમન આપી દીધી. પરંતુ મનના એક ખૂણે નાનકડી શંકા હતી. નાની ઉંમરે એકલવ્યએ જગતના બધાંય રંગરમત જોઈ લીધેલાં. સાચું સુખ પ્રાપ્ત કરવાનું કેટલું કઠિન હતું, એ આ નિશાદબાળ જાણતો હતો. સારો માણસ સુખી થાય એ કદાચ દેવોને પણ નહોતું ગમતું. સજ્જ નો દુઃખી થાય, એમાં જ દેવોને પોતાના અસ્તિત્વની સાર્થકતા લાગતી હશે?

રાજકુમારોના દીક્ષાંત અને સ્પર્ધાનો દિવસ નજીક આવતો ગયો, તેમતેમ એકલવ્યના મનમાંથી સુભદ્રાના વિચારો ખસતા ગયા. દ્રોણ સામે પોતાનું કૌશલ્ય પુરવાર કરવા માટે એ આકરી મહેનત કરી રહ્યો હતો. એકલવ્ય જોકે મૂર્ખ નહોતો. એ જાણતો હતો કે પોતે નિશાદ હતો. સ્પર્ધાના દિવસે પ્રેક્ષકગણમાં બેસવા મળે તોયે એના માટે સદ્ભાગ્ય ગણાય. ભાગ લેવાની તો વાત જ ક્યાં આવી! પરંતુ સ્વપ્નાં જોવામાં શું ખોટું હતું? "અરણ્યના દેવો, મને બસ એક તક આપો" ક્યારેય નહીં જોયેલી અલૌકિક શક્તિઓને એ રોજ પ્રાર્થના કરતો હતો. એકલવ્ય નહોતો જાણતો કે કુદરત એને આવી એક તક આપવાની હતી, અને પછી એ માટે બહુ મોટી કિંમત પણ માંગી લેવાની હતી.

સહુ જેની રાહ જોતાં હતાં, એ દિવસ આવી ગયો. વહેલી સવારે દ્રોણની પ્રતિમા સામે વંદન કરીને, હાથમાં તીરકામઠું લઈને એકલવ્ય નીકળી પડ્યો. સ્પર્ધા શરૂ થવાને હજી વાર હતી, પણ તૈયારી કરવા માટે પાંડવો અને કૌરવો નિયત સ્થાને પહોંચી ગયેલા. દ્રોણાચાર્ય એમની વચ્ચે ફરતાફરતા છેલ્લી સૂચનાઓ આપી રહ્યા હતા. એકલવ્ય રોજની જેમ વૃક્ષની પાછળ ગોઠવાઈને જોઈ રહ્યો.

બપોર પડી. રાજકુમારો પોતાના જુદાજુદા જૂથ બનાવીને જમવા, આરામ કરવા બેઠા. ગુરુજી માટે વામકુક્ષીનો સમય હતો, પરંતુ એકલવ્ય પોતાને સ્થાનેથી હલ્યો નહીં. ઈર્ષા અને અહોભાવની મિશ્ર લાગણી સાથે એ અર્જુનને જોઈ રહ્યો. બાકીના ચાર પાંડવ નિરાંતે બેઠા હતા, પણ અર્જુન તીરંદાજીનો અભ્યાસ કરવામાં વ્યસ્ત હતો. એના બાણ, એક પછી એક ધાર્યા નિશાન પાડી રહ્યા હતા. "અર્જુનને પરાજિત કરવાની તક મને મળશે?" એકલવ્યના મનનો કબજો આ એક જ પ્રશ્ને લઈ લીધેલો. અચાનક એનું ધ્યાન નગરની દિશામાંથી આવી

રહેલા એક કાળા ગલૂડિયા ભણી ખેંચાયું.

કોઈ રોગ કે પછી ભૂખમરાને કારણે એ પ્રાણીના શરીર પરથી અડધાંપડધાં વાળ ખરી ગયેલા. ચામડી નીચે હાડકાં દેખાતાં હતાં. ધીમેધીમે ચાલી રહેલા એ ગલૂડિયાને જોઈને પહેલો સવાલ એ થાય કે, આ હજી સુધી જીવતું કઈ રીતે રહ્યું હશે? જોકે ગમે તેવી સ્થિતિમાં જીવિત રહેવાની એની જીદ સ્પષ્ટ દેખાતી હતી. એટલે જ તો આટલાં બધાં લોકો ભેગાં થયાં હતાં, ત્યાં આવવાની હિંમત એણે કરી હતી. ભોજનની સુગંધ એને અહીં ખેંચી લાવી હતી.

બીજાંઓ જમવામાં, ટોળટપ્પાં મારવામાં મસ્ત હતા, પણ અર્જુનની દૃષ્ટિ દૂરથી આવેલા ગલૂડિયા પર પડી ગઈ. કમાને બાણ ચઢાવીને એણે પ્રાણીની દિશામાં તાક્યું. ખાસ્સું દૂર હતું. એકલવ્યને લગભગ ખાતરી હતી કે અર્જુન લક્ષ્ય ચૂકી જશે. પરંતુ એની ધારણા ખોટી પડી. અર્જુને છોડેલું બાણ જઈને ગલૂડિયાની જમણી આંખમાં પેસી ગયું.

પ્રાણીએ મચાવી દીધેલા કકળાટે વાતાવરણને ખળભળાવી મૂક્યું. બધાંનું ધ્યાન એ ભણી ખેંચાયું. જોકે સહુની આંખોમાં ગલૂડિયા માટે દયા નહીં, પણ અર્જુનની કુશળતા પ્રત્યેનો અહોભાવ છલકી પડ્યો. દ્રોણ પોતાના પ્રિય શિષ્ય સામે પ્રેમ અને ગર્વથી જોઈ રહ્યા. એકલવ્યને લાગ્યું કે, પોતે જે ઘડીની રાહ જોતો હતો એ આવી પહોંચેલી. આ જ સમય હતો, પોતાની પ્રવિણતા પુરવાર કરી દેવાનો. જોકે એ સહેલું નહોતું.

એ જ્યાં છુપાયો હતો, ત્યાંથી તો ગલૂડિયું બહુ દૂર હતું. હવે એ પીડાનું માર્યું જમીન પર આળોટી રહ્યું હતું. ગુરુનું નામ લઈને, એકલવ્યએ વાંસમાંથી બનાવેલું બાણ પોતાના કામઠા પર ચઢાવ્યું અને નિશાન સાધ્યું.

અચાનક બીજી દિશાએથી આવીને પ્રાણીની બીજી આંખમાં પેસી ગયેલા બાણને સહુ આશ્ચર્યભેર જોઈ રહ્યા. ભલભલા કુશળ ધનુર્ધારી ન કરી શકે, એવું આ કામ કોણે કર્યું? વાતાવરણમાં મૌન પથરાઈ ગયું. ગલૂડિયું હવે ભાન ગુમાવીને લોહીથી લથપથ દશામાં પડ્યું હતું. સમય જાણે થંભી ગયેલો. એકલવ્ય હળવે પગે વૃક્ષની આડશેથી બહાર નીકળ્યો. એને ખાતરી હતી કે પલક ઝપકતામાં ભાગ્ય બદલાઈ જશે. રાજકુમારો તાળીઓના ગડગડાટ કરી મૂકશે. અરે, અર્જુન પોતે આવીને એના ખભે હાથ મૂકતાં કહેશે, “આખરે મારી બરોબરી કરી શકે એવો બાણાવળી મળ્યો ખરો.” જાતપાતની વાડાબંધીઓ તૂટી જશે. હસ્તિનાપુરના સૈન્યમાં પહેલવહેલીવાર એક નિશાદ સૈનિકને સ્થાન મળશે. વર્ષો સુધી સહેલાં અપમાન ભૂલીને બધાંને એ ક્ષમા કરી દેશે…

“ગુરુજી, આ નિશાદે મારું અપમાન કર્યું!” અર્જુને પાડેલી બૂમ એકલવ્યના કાને પડી, અને એના પગ જમીન સાથે જડાઈ ગયા. વિચારોમાં ડૂબી ગયેલા દ્રોણ ઘડીક એકલવ્યને તો ઘડીક લોહીલુહાણ ગલૂડિયા પાસે જઈને બેસી ગયેલા સુયોધન અને અશ્વત્થામાને જોઈ રહ્યા. “ગુરુજી…” અર્જુને પાડેલો સાદ એમને વિચારોમાંથી બહાર ખેંચી લાવ્યો. “કોણ છે તારા ગુરુ?” એમણે એકલવ્ય સામે જોઈને પૂછ્યું. જોકે અવાજમાં એ ધારી હતી એવી કઠોરતા લાવી ન શક્યા.

“મારા ગુરુ તમે છો.” એકલવ્યએ માથું નમાવીને નમ્રભાવે કહ્યું.

રાજકુમારોમાં કોલાહલ મચી ગયો. અર્જુનના રોષનો પાર નહોતો. “ગુરુજી, આ શું… ભૂલી ગયા કે તમે મને વિશ્વના શ્રેષ્ઠ ધનુર્ધારી બનાવવાનું વચન આપેલું? તમે એક નિશાદને મારાથી વધુ અભ્યાસ કરાવ્યો…”

પોતાના વહાલા શિષ્યએ ઉચ્ચારેલા શબ્દો દ્રોણાચાર્યને તીરની જેમ વાગ્યા. યુધિષ્ઠિર ઘામાં મીઠું ભભરાવતો હોય એમ ગંભીરતાભેર બોલ્યો, “અર્જુન, ગુરુજી સાથે આવી ભાષાનો પ્રયોગ ન કરાય. એમણે કદાચ કોઈ લાચારીને વશ થઈને એક નિશાદને પોતાનો શિષ્ય બનાવ્યો હશે.

ધનની આવશ્યકતા કોને નથી હોતી?"

દ્રોણના અંગેઅંગે ઝાળ લાગી ગઈ. પોતાની નિષ્ઠા સામે ઊભી કરાયેલી શંકા એમનાથી સહન ન થઈ. એમણે એકલવ્ય સામે જોઈને ત્રાડ પાડી, "દુષ્ટ, મેં તને ક્યારે શિષ્ય બનાવ્યો? ક્યારે ધનુર્વિદ્યાના પાઠ ભણાવ્યા? ખોટું બોલતાં શરમ નથી આવતી?"

"સ્વામી, ક્ષમા કરો. તમે મને શિષ્ય નહોતો બનાવ્યો, પણ મેં તમને ગુરુ માની લીધા છે. તમે રાજકુમારોને રોજ અભ્યાસ કરાવતા હતા, એ દૂરથી જોઈજોઈને હું પણ થોડુંઘણું શીખી ગયો." એકલવ્યની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

દ્રોણની વાચા હણાઈ ગઈ. એ આ અનોખા શિષ્યને તાકી રહ્યા. મનમાં વિરોધાભાસી લાગણીઓનું તુમુલ દ્વંદ્વ જામી પડેલું. મનમાં વસતો યોદ્ધો કહેતો હતો કે જઈને એકલવ્યને ભેટી પડે. એમની સામે એક એવો અજોડ ધનુર્ધારી ઊભો હતો, જેણે બધાંય વિઘ્નો સામે એકલે હાથે લડીને આ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. આવો શિષ્ય મળવો એ ગુરુ માટે સદ્ભાગ્ય કહેવાય, પણ પછી તરત વર્ષોથી મનમાં સંઘરાયેલા પૂર્વગ્રહો બહાર ધસી આવ્યા. પોતાને આવી અનિશ્ચિત દશામાં મૂકી દેનારા નિશાદ પ્રત્યે એમણે ભયાનક ધિક્કાર અનુભવ્યો.

"ગુરુજી, આ ધૂર્ત હડહડતું ખોટું બોલે છે. કોઈ ક્ષત્રિય પણ માત્ર જોઈજોઈને આટલું શીખી ન શકે." અર્જુન બોલ્યો, યુધિષ્ઠિરે અશ્વત્થામા સામે જોઈને કહ્યું, "કોઈ બ્રાહ્મણ પણ નહીં."

દ્રોણે હોઠ કરડ્યા. એમનો પુત્ર કુશળ બાણાવળી હતો, અર્જુન એનાથી ચઢિયાતો હતો. પણ એમને દ્રોણે પોતાના હાથે કડક તાલીમ આપી હતી. હવે આ કાળોમેશ ભૂખડીબારસ છોકરો એ બંનેથી ચઢિયાતો પુરવાર થાય? ઊંડો શ્વાસ લઈને એ બોલ્યા, "વત્સ, તું સાચું બોલતો હોય તો તારી સિદ્ધિ અતુલ્ય કહેવાય. ગુરુ તરીકે મને ગર્વ થાય છે અને મારા આશીર્વાદ તારી સાથે છે."

સાંભળીને રાજકુમારો આભા થઈ ગયા. એકલવ્ય દોડીને દ્રોણના પગે પડી ગયો. જોકે પોતાના સ્પર્શથી ગુરુ અભડાઈ ન જાય, એટલું અંતર રાખીને એણે ધૂળમાં માથું ટેકવી દીધું.

દ્રોણને અચાનક એ દિવસ યાદ આવી ગયો, જ્યારે એમણે `ધર્મવીર'ની ઉપમા મેળવીને ગુરુ પરશુરામના ચરણે માથું મૂક્યું હતું. ધર્મનું રક્ષણ કરવાની જે પ્રતિજ્ઞા લીધેલી, એ આટલી જલદી ભુલાઈ ગઈ? સામે પડેલો નિશાદ માત્ર અર્જુન અને અશ્વત્થામા માટે પડકારરૂપ નહોતો, એણે તો સનાતન ધર્મના પાયા પર કુઠારાઘાત કર્યો હતો. દ્રોણે થોડા સમય માટે અનુભવેલી અનિશ્ચિતતા, મૂંઝવણ અદૃશ્ય થઈ ગઈ. એમણે એકલવ્ય સામે જોઈને ધીરગંભીર અવાજે કહ્યું, "હવે પરંપરા મુજબ તારે મને ગુરુદક્ષિણા આપવી પડશે."

એકલવ્ય કપડા પરથી ધૂળ ખંખેરતો ઊભો થઈ ગયો. એના હર્ષની સીમા નહોતી. હસ્તિનાપુરના સહુથી પ્રતાપી યોદ્ધા, સહુથી મોટા ગુરુએ એક નિશાદને શિષ્ય તરીકે માન્યતા આપી હતી. ગુરુદક્ષિણામાં એ પોતાના પ્રાણ પાથરી દેવા તૈયાર હતો, પરંતુ ગુરુએ બીજું જ માંગ્યું.

"એકલવ્ય, દક્ષિણામાં મને તારા જમણા હાથનો અંગૂઠો આપ."

સાંભળનારા સહુ હેબતાઈ ગયા. અર્જુનને પણ આંચકો લાગ્યો. એકલવ્યને લાગ્યું કે પળભરમાં એનું આખુંયે વિશ્વ કડડભૂસ થઈ ગયું. એ ડાબોડી હતો. જમણા હાથના અંગૂઠા વિના એ ધનુષ્ય પકડી પણ કઈ રીતે શકવાનો? ગુરુએ દક્ષિણામાં એના ધનુર્ધારી શિષ્યનો અંગૂઠો નહીં, પ્રાણ માંગી લીધેલા. પરંતુ એ ગુરુ હતા.

એકલવ્યએ આસપાસ ઊભેલા રાજકુમારો પર નજર ફેરવી. પછી પોતાના કાળા, ખરબચડા હાથ સામે જોયું. જંગલમાંથી કોઈ પ્રાણીનો અવાજ આવ્યો. જાણે એ કહેતું હતું કે,

"આવી જા, તારું ઘર અહીં જ છે." એણે અર્જુન તરફ જોયું. કુંતીપુત્ર, નિશાદની આંખમાં આંખ ન મેળવી શક્યો, આડું જોઈ ગયો.

એકલવ્યએ કેડે ભરાવી રાખેલી છરી બહાર કાઢી. છેલ્લીવાર ગુરુ સામે વંદન કરીને એ જમીન પર ઘૂંટણભેર બેઠો. ધૂળમાં જમણી હથેળી મૂકીને, એણે છરી પકડેલો ડાબો હાથ ઊંચો કર્યો. સૂરજના પ્રકાશમાં ધાતુનો ચમકારો થયો, બીજી જ ક્ષણે દ્રોણના શ્વેત ધોતિયા પર લોહીના લાલ છાંટણા ઊડ્યા. બ્રાહ્મણ ગુરુને એમના નિશાદ શિષ્યએ ગુરુદક્ષિણા આપી દીધેલી. દ્રોણ નીચે જોવાને બદલે પશ્ચિમ તરફ જઈ રહેલા સૂર્ય સામે જોઈ રહ્યા.

સુયોધને રોષિત અવાજે કંઈ કહ્યું. દ્રોણ પર એની કોઈ અસર ન થઈ, પણ ભીમે એના પિતરાઈને ધક્કો મારી દીધો. સુશાસન વચ્ચે પડ્યો. થોડીવારમાં તો ગાંડા થયેલાં પશુઓની જેમ રાજકુમારો અંદરોઅંદર બાખડી પડ્યા. દ્રોણે એમને શાંત પાડવાનો પ્રયાસ કર્યો નહીં. એકલવ્ય હજી એમના પગ પાસે પડ્યો હતો. "મેં કર્યું એ યોગ્ય હતું?" આ પ્રશ્નનો જવાબ મેળવવા દ્રોણે મનોમન અનેક શાસ્ત્રો, પવિત્રગ્રંથોનાં પાનાં ઉથલાવી નાખ્યાં, પણ ક્યાંય મળ્યો નહીં.

પાષાણવત ઊભેલા દ્રોણના કાને છેવટે અશ્વત્થામાનો અવાજ પહોંચ્યો. એ પિતાથી નારાજ હતો. ઊંચાં વૃક્ષોની પાછળ સૂર્ય અદૃશ્ય થઈ ગયો. આવી રહેલા અંધકારનો અંદેશો આપતો કાળો, ધૂળિયો અંગૂઠો દ્રોણના પગ પાસે પડ્યો હતો. એ પણ જાણે દ્રોણના જ્ઞાન, મહાનતાની હાંસી ઉડાવતો હતો.

"અશ્વત્થામા, કેમ તને તારા પિતાનો સ્નેહ નથી દેખાતો? તને કે બીજાઓને લાગતું હશે કે મેં આ અર્જુન માટે કર્યું, પણ પુત્ર, મેં આ તારા માટે, તારા ભવિષ્ય માટે કર્યું છે, એ ક્યારે તને સમજાશે?" દ્રોણના શબ્દો ગળામાં અટવાઈને રહી ગયા. એની જગ્યાએ બધી લાગણીઓ અશ્રુ બનીને એમના ગાલ પરથી વહી ગઈ.

* * *

એકલવ્ય ધીમેધીમે ભાનમાં આવ્યો. દ્રોણની જેમ એ પણ આસપાસ થઈ રહેલી બૂમરાણ, મારામારીથી અલિપ્ત હતો. આ નિશાદ યુવકને હવે કોઈ પ્રશ્ન નહોતા પૂછવા. એનાં બધાંયે સપનાં, આશાઓ નાશ પામેલાં. અરે, એણે ક્યાં કોઈ મોટી વસ્તુની અપેક્ષા રાખી હતી? એક નાની કૂંપળને ફૂટવા માટે બસ થોડી ધરતી જોઈતી હતી. રાત-દિવસ જોયા વિના કરેલી મહેનતના બદલામાં એણે તો ગુરુ પાસેથી માત્ર બે સારા બોલ સાંભળવાની આશા રાખેલી. પરંતુ અંતે શું મળ્યું?

ચોરેલી વિદ્યાનું મૂલ્ય એકલવ્યએ ચૂકવી દીધું હતું. ધૂળ અને રક્તથી ખરડાયેલો, નિશાદબાળ ઊભો થયો. આ ભૂમિ એની નહોતી. સમર્થ, સમૃદ્ધ હસ્તિનાપુર અને એમાં વસતા સંત, મહાત્માઓની વચ્ચે એનું સ્થાન નહોતું. અડાબીડ અરણ્ય એને બોલાવી રહ્યું હતું. એકલવ્યએ દ્રોણ તરફ પીઠ ફેરવીને, જંગલની દિશામાં દોટ મૂકી. પડતો આખડતો એ દોડતો રહ્યો. થાક્યોપાક્યો છેવટે ફસડાઈ પડ્યો, ત્યારે એકલવ્યને લાગ્યું કે એ માતાના ખોળામાં પાછો ફર્યો હતો.

અંગૂઠો કાપીને ગુરુના ચરણમાં ધરી દીધો, સપનાં ધૂળમાં મેળવી દીધાં, ત્યારે પણ એકલવ્યએ આંખો ભીની નહોતી થવા દીધી, પણ હવે એ પોતાના ઘરમાં હતો. છાતીમાં દાબી રાખેલું ડૂસકું બહાર નીકળી ગયું. એકલવ્યના છાતીફાટ આક્રંદથી વાતાવરણ ભરાઈ ગયું. જંગલનાં વૃક્ષો અને આકાશમાં વાદળોની પાછળથી ડોકાઈ રહેલા ચંદ્ર આ રુદનના સાક્ષી હતા, પણ એ કોઈને કહેવાના નહોતા. ઝાડીઝાંખરાની આડશેથી એકલવ્યને નિહાળી રાખેલી ચાર આંખોએ બધું જોયું અને પછી જઈને કોઈ ત્રીજાને કહ્યું.

મોડી રાતે તક્ષકે એના વફાદાર સાથી કાલિયને બોલાવીને કહ્યું કે ક્રાંતિનો દિવસ હવે દૂર નહોતો. નિશાદના કપાયેલા અંગૂઠામાંથી હવે અગ્નિ ભડકી ઊઠવાનો હતો.

* * *

આ બધીયે ઘટનાથી અજાણ જરા રસ્તાની એક તરફ સૂતો હતો. એના કૃશ શરીરની હૂંફમાં સુરક્ષા અનુભવતું હોય એવું એક ગલૂડિયું પડ્યું હતું. કદાચ પ્રકૃતિનો આ એક મોટો ચમત્કાર હતો કે, બે આંખમાં બે બાણ વાગ્યા પછીયે નાનકડા શ્વાનની નબળી કાયામાં જીવ બચ્યો હતો. આંખે અંધાપો આવી ગયેલો, પણ ભોજનની સોડમ પારખી ગયેલું નાક એને ફરીથી નગરની શેરીમાં ખેંચી ગયું હતું. ત્યાં એક તરફ બેઠેલા જરાએ એને થોડું ખાવાનું આપ્યું. મોતના મુખમાંથી પાછા ફરેલા શ્વાને ફરીથી માણસજાત પર ભરોસો મૂક્યો. સભ્ય ગણાતા સમાજે ધૂત્કારેલા બે જીવ એકમેકની હૂંફમાં નિંદ્રાદેવીને શરણ થઈ ગયા.

મોડી રાતે ત્યાંથી ભારે વેગ, ભારે હૃદયે પસાર થયેલા દ્રોણની દૃષ્ટિ જરા કે એના નવા અંધ મિત્ર પર પડી નહીં. ઘરબાર વિનાના, અર્ધભૂખ્યા માણસના ચહેરા પર જે સુખ અને સંતોષની લાગણી હતી, એ દ્રોણે જોઈ નહીં.

ધર્મ

અર્જુન ઊંઘમાંથી ઝબકીને જાગી ગયો. એનું આખું શરીર પસીનાથી લથપથ થઈ ગયેલું. ધૂળમાં પડેલા લોહીલુહાણ કાળા નિર્જીવ અંગૂઠાનું ચિત્ર કેમેય કરીને એની નજર સામેથી ખસતું નહોતું. ગુરુજીએ શું કામ આવું કર્યું હશે?

ફરીથી ઊંઘ આવવી અશક્ય હતી. અર્જુન પથારીમાંથી ઊભો થયો અને ઝરૂખામાં જઈને ઊભો રહ્યો. ગુરુએ જે કર્યું એમાં એની પણ ભાગીદારી હતી?

“બેટા અર્જુન, અહીં કેમ ઊભો છે? તારી તબિયત તો ઠીક છે ને?” કુંતીના અવાજે અર્જુનની વિચારધારામાં વિક્ષેપ કર્યો.

“માતા, મારે કંઈક પૂછવું છે. શું એ જરૂરી છે કે મારે વિશ્વના શ્રેષ્ઠ ધનુર્ધારી તરીકે સાબિત થવું જોઈએ? દરેક સ્પર્ધા જીતવી જ જોઈએ?”

“અર્જુન, તું જાણે છે કે ધૌમ્ય જેવી એકાદ બે વ્યક્તિને બાદ કરતાં, આપણું અહીં કોઈ નથી. હું વિધવા છું અને મારા સંતાનોનું શ્રેય મારા માટે સર્વસ્વ છે. કાલે ઊઠીને કોઈ એવું ન કહી જાય કે કુંતીએ એના બાળકોના ઉછેરમાં કોઈ કચાશ રાખી.”

“પણ માતા, આજે એક નિઘૃણ કૃત્ય માટે હું નિમિત્ત બની ગયો. શું નીચી જાતિમાં જન્મેલાને જ્ઞાન મેળવવાનો અધિકાર નથી? ગુરુજી માટે પણ ક્ષણભર મને ધિક્કાર ઊપજી ગયેલો. મારી જાત માટે હું લજ્જા અનુભવું છું.”

“અર્જુન, હું જાણું છું કે આજે શું થયેલું. ગુરુ દ્રોણે પેલા નિશાદ સાથે જે કર્યું, એ મને પણ નથી ગમ્યું. પરંતુ માત્ર આ એક પ્રસંગના આધારે દ્રોણાચાર્યને મૂલવવાનું યોગ્ય નથી. એ તારું ભલું જ ઇચ્છે છે. કાલે ઊઠીને એ છોકરો તક્ષકની સેનામાં જોડાઈ જાત, તો એનું પરિણામ કેટલું ભયાનક આવત? જે થયું એ સહુના સારા માટે હતું. તું તારા મન પરથી ભાર ઉતારીને એટલું જ યાદ રાખ કે, ક્ષત્રિય તરીકે તારો ધર્મ છે સર્વશ્રેષ્ઠ યોદ્ધા બનવું! ભાઈ તરીકે તારો ધર્મ છે, યુધિષ્ઠિરને રાજગાદી મળે એવો પ્રયાસ કરવો.”

“મા, એ બધું હું જાણું છું. પણ પેલો નિશાદ મારા મનમાંથી ખસતો નથી. એ મારાથીયે સારો બાણાવળી હતો. મને તો હવે ધર્મની વ્યાખ્યા પ્રત્યે પણ શંકા જાગવા લાગી છે.”

“પુત્ર, ધર્મનો માર્ગ કઠિન છે. ધર્મ માટે ભવિષ્યમાં કદાચ તારે તારા પ્રિયજનો સામે પણ શસ્ત્ર ઉગામવા પડે. ધર્મપાલનનો પુરસ્કાર ધર્મ જ છે.”

“એ માટે માનવજીવોનો ભોગ આપવો પડે તોયે? માનવજાત દુઃખી થાય તોયે?”

કુંતીથી નિસાસો નખાઈ ગયો. એને પોતાને પણ જે વાત પૂરેપૂરી નહોતી સમજાતી, એ અર્જુનને કેમ કરીને સમજાવવી? પણ પુત્રના મનમાં ચાલી રહેલી અવઢવને દૂર કરવી જરૂરી હતી. એણે અર્જુનની હડપચી ઊંચી કરીને સ્નેહાળ પણ મક્કમ અવાજે કહ્યું, “અર્જુન, મને વચન આપ કે જીવનમાં જેણે માત્ર દુઃખ જોયું છે, એવી તારી આ માતા માટે, તારા ભાઈઓ માટે તું હંમેશાં લડવા તૈયાર રહેશે. વચન આપ કે એક સાચો, શૂરવીર ક્ષત્રિય બનીને તું ગાંધારીના દુષ્ટ પુત્રને પરાજિત કરીશ.”

લાંબો સમય મૌન રહ્યા પછી અર્જુન છેવટે બોલ્યો, “ધર્મ વિશે હું કંઈ નથી જાણતો. મને તો એ વાતનીયે ખાતરી નથી કે સુયોધન દુષ્ટ છે. પણ મારી માતાની ઇચ્છાનો અનાદર હું ક્યારેય નહીં કરું. મારા સુખદુઃખનો વિચાર બાજુએ મૂકીને કોઈપણ ભોગે હું મારા મોટાભાઈને રાજા બનાવવા મથીશ. બસ, એટલી આશા રાખું છું કે, નિર્ણય લેવાની ઘડી આવે ત્યારે મારા હાથ કંપે નહીં.”

આટલું કહીને અર્જુન ત્યાંથી જતો રહ્યો. પુત્રના શબ્દો સાંભળીને કુંતીએ રાહતનો શ્વાસ લીધો, તેનો અવાજ એના કાને ન પડ્યો. કુંતી હતી ત્યાં ને ત્યાં ઊભી રહી. "કાશ, મારા પતિ પાંડુ ધૃતરાષ્ટ્રથી મોટા હોત તો રાજગાદી માટે આટલી ખેંચતાણ કરવાની જરૂર જ ન પડી હોત. મારો જ્યેષ્ઠ પુત્ર કોઈ રોકટોક વિના હસ્તિનાપુરનો રાજા બની જાત."

જ્યેષ્ઠ પુત્ર, પહેલા ખોળાનો પુત્ર! ફરી એકવાર કુંતીના મનમાં પીડાની લહર દોડી ગઈ. એની કૂખેથી જન્મેલો પહેલો દીકરો અત્યારે ક્યાં હતો? એ આવી જાય તો સુયોધન અને યુધિષ્ઠિર વચ્ચેનું યુદ્ધ સમાપ્ત થઈ જાય. કુંતી તો એ પણ નહોતી જાણતી કે એનું પ્રથમ સંતાન જીવિત હતું કે નહીં!

* * *

"કૃપી, એ આવી ગયો?" રાજમહેલથી દૂર, એક નાના ઘરમાં રહેતા બ્રાહ્મણની ઊંઘ પણ આજે વેરણ થયેલી. તાવથી ધખધખી રહેલા દ્રોણે એમનો પ્રશ્ન દોહરાવ્યો. પત્ની જવાબ આપે એ પહેલા ઘરના દરવાજે ખખડાટ થયો અને અશ્વત્થામા અંદર આવ્યો.

"બેટા, ક્યાં હતો અત્યાર સુધી? જમવા માટે ક્યારની તારી વાટ જોઉં છું." કૃપી બોલી, પણ અશ્વત્થામા કોઈ જવાબ આપ્યા વિના પોતાના ઓરડામાં જતો રહ્યો.

પુત્રએ જોરથી બંધ કરેલાં બારણાંનો અવાજ દ્રોણના કાનને નહીં, કાળજાને વાગ્યો. ધીમેથી એમણે પત્નીને પૂછ્યું, "કૃપી, આપણે પાછાં જતાં રહીએ?"

કૃપી કંઈ બોલી નહીં, પણ દ્રોણની પીડા બહાર ઠલવાઈ ગઈ. "આ પૃથ્વી પર જન્મેલા કોઈ માનવીએ ન કરવું જોઈએ એવું કૃત્ય મેં આજે કર્યું છે."

પછી દ્રોણે કહેલી આખીયે વાત સાંભળીને કૃપી સ્તબ્ધ થઈ ગઈ. પરંતુ અંધકારમાંયે એના ચહેરા પર આવી ગયેલા ભાવ દ્રોણે વાંચી લીધા.

"કૃપી, મેં જેના માટે આ બધું કર્યું, એ હવે મારો ચહેરો જોવાયે તૈયાર નથી. પેલા દુષ્ટ રાજકુંવર સાથે રહીને આપણા પુત્રની મતિ પણ ભ્રષ્ટ થઈ ગઈ છે. એ નથી જાણતો કે સુયોધનનું ભાવિ કેટલું અંધકારમય છે! નિશાદ કે એના જેવા બીજા લોકો સામે મારો કોઈ વિરોધ નથી, પરંતુ આપણા પૂર્વજોએ ઘડેલા નીતિનિયમો પાછળ બહુ સ્પષ્ટ કારણો હતાં. સમાજમાં પોતાનું સ્થાન ક્યાં છે, એની જાણ દરેક વ્યક્તિને હોવી જોઈએ. પેલી બાજુ તારો ભાઈ કૃપ, ભીષ્મ અને સુયોધન જેવા લોકો સમાજવ્યવસ્થાના પાયા નબળા પાડી રહ્યા છે. આમ જ ચાલતું રહ્યું તો બધુંયે એક દિવસ કડડભૂસ થઈ જશે."

"બ્રાહ્મણ તરીકે આપણો શું ધર્મ છે?" કૃપીએ પૂછ્યું.

"સત્યને જાણવું, જ્ઞાન આપવું અને લેવું, ચિંતન કરવું, માર્ગદર્શન આપવું..." બોલતા બોલતા દ્રોણ અટકી ગયા. પત્ની તરફ ફરીને એમણે સહેજ રોષિત સ્વરે પૂછ્યું, "તું એવું કહેવા માંગે છે કે બ્રાહ્મણ તરીકેનો મારો ધર્મ મેં નથી પાળ્યો?"

"તમે જ તમારી જાતને પૂછી જુઓ ને!" કૃપી આટલું કહીને રસોડામાં જતી રહી. ધ્રૂજતા શરીરે ઊભા થઈને દ્રોણ પૂજાખંડમાં ગયા. ત્યાં નૃત્યની મુદ્રામાં ઊભેલી નટરાજની પ્રતિમા પર બારીમાંથી ચંદ્રપ્રકાશ ઢોળાઈ રહ્યો હતો. એની સામે બેસીને દ્રોણે શિવસહસ્રનો જાપ શરૂ કર્યો. ચિત્તને ધમરોળી રહેલો ઉદ્વેગ ધીમેધીમે શાંત પડ્યો. થોડીવાર પછી દ્રોણે આંખો ખેલીને માથું ઊંચું કરીને શિવપ્રતિમા સામે જોયું અને એમની રાડ ફાટી ગઈ.

કૃપી અને અશ્વત્થામા હાંફળાંફાંફળાં થતાં ત્યાં દોડી આવ્યાં. ભયભીત દશામાં દ્રોણ બબડી રહ્યા હતા, "જુઓ, જુઓ... ભગવાનના હાથમાં ચાર જ આંગળી છે... અંગૂઠો ક્યાં ગયો... શિવજીની જગ્યાએ આ નિશાદ ક્યાંથી આવી ગયો..."

મા-દીકરાએ પહેલા મૂર્તિ અને પછી એકમેક સામે જોયું. દક્ષિણથી એમની સાથે આણેલી

નટરાજની કાંસ્યપ્રતિમા પહેલા જેવી જ હતી.

"કૃપી, તને દેખાતું નથી... મેં ઘોર પાપ કરી નાખ્યું... ઈશ્વર મારી પરીક્ષા લેવા આવ્યા અને હું નિષ્ફળ ઠર્યો. એક ગુરુ તરીકે, બ્રાહ્મણ તરીકે, માણસ તરીકે હું સાવ નીચો ઊતરી ગયો... મેં શું કરી નાખ્યું..." દ્રોણના આક્રંદે ઘરની દીવાલો ધ્રુજાવી દીધી.

નિસહાયભાવે માતાપુત્ર એમને જોઈ રહ્યાં. પશ્ચાત્તાપની આગમાં બળી રહેલા દ્રોણ કોણ જાણે શું કરી નાખત, પણ એ પહેલા ક્યાંકથી ત્યાં ધૌમ્ય આવી ચઢ્યા. એમની સાથે બીજા પાંચસાત બ્રાહ્મણ હતા.

ધૌમ્યએ જેમતેમ કરીને દ્રોણને શાંત પાડ્યા. પછી એમને ઊભા કરતાં કહ્યું, "ચાલો મારી સાથે, આપણે થોડી વાત કરવાની છે."

અશ્વત્થામા એમને રોકવા ગયો પણ કૃપીએ કહ્યું, "બેટા, એમને જવા દે." નછૂટકે અશ્વત્થામાએ પિતાને ધૌમ્ય સાથે જવા દેવા પડ્યા. બ્રાહ્મણોનું જૂથ દ્રોણાચાર્યને લઈને ગંગાકિનારે જવા નીકળ્યું.

* * *

એકલવ્યનો માર ખાઈને જંગલમાંથી નગર ભણી ભાગેલો જરા થોડા મહિના તો શેરીના પેલા કૂતરાની જેમ આમતેમ રખડતો રહ્યો. જે શરૂઆતમાં બધાંથી ડરે, પણ પછી બધા એનાથી ડરવા લાગે. પહેલા દિવસે ભૂખની આગ એને શિવમંદિર ભણી ખેંચી ગઈ, જ્યાં એણે વગર વિચાર્યે ભગવાનને ધરેલા ભોગને સ્પર્શવાની ધૃષ્ટતા કરી. પણ સજા તરત મળી. મુખ્ય પૂજારી કોરડો લઈને એના પર તૂટી પડ્યા. એ વખતે કૃપાચાર્ય ત્યાં આવી ન પહોંચ્યા હોત તો કદાચ જરાનો જીવ નીકળી જાત.

જરા ભાગ્યશાળી હતો. કૃપે એને પૂજારીના હાથમાંથી બચાવી લીધો, એટલું જ નહીં, "નાના છોકરાને મારતાં શરમ નથી આવતી?" એવું કહીને પૂજારીના હાથમાંથી કોરડો ઝૂંટવી લીધો, અને એને ચારપાંચ ફટકા મારી દીધા. આવું દૃશ્ય લોકોએ આ પહેલાં ક્યારેય નહોતું જોયું.

અસ્પૃશ્ય છોકરાનો હાથ પકડીને મંદિરમાંથી બહાર નીકળેલા કૃપને છૂત-અછૂતની પરવા નહોતી. જરા ભૂખ્યો હતો, એ સાંભળીને એ તો એને રસ્તા પર ફળ વેચી રહેલા ફેરિયા પાસે લઈ ગયા. ત્યાં પહોંચીને કૃપને ભાન થયું કે એમના બટવામાં ફૂટી કોડીયે નહોતી. બ્રાહ્મણ હોવા છતાં એમણે ક્યારેય કોઈની પાસે ભિક્ષા કે દાનદક્ષિણા નહોતી માંગી, પરંતુ એ દિવસે એક ભૂખ્યા અસ્પૃશ્ય બાળ માટે કૃપે પોતાનો નિયમ તોડ્યો. રસ્તેથી પસાર થઈ રહેલા એક વેપારી સામે હાથ લાંબો કર્યો. પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા જનોઈધારી બ્રાહ્મણની હથેળીમાં પેલાએ રાજી થઈને થોડા સિક્કા મૂકી દીધા, એટલું જ નહીં માથું પણ નમાવ્યું.

એમાંથી થોડા સિક્કાએ જરાની ભૂખ શમાવી. કૃપ તો પછી નદીકિનારે, વૃક્ષની છાયામાં જઈને નિરાંતે સૂઈ ગયા. મોડી રાતે જરા એમના બટવામાંથી વધ્યાઘટ્યા સિક્કા ચોરીને ભાગી ગયો, તોયે કૃપ હલ્યા નહીં.

ચોરેલી મતામાંથી થોડા દિવસ તો જરાએ પેટ ભર્યું, પણ પછી ભીખ માંગવાનો વારો આવ્યો. જંગલના એ બાળકને ત્યારે ભાન થયું કે, દરેકને ભિક્ષા નથી મળતી. સાથે એ પણ અક્કલ આવી કે માંગીને ન મળે, એ ઝૂંટવીને લઈ શકાય. એ માટે સામેવાળાને બસ ડરાવવાની જરૂર હતી. જરા પાસે જનોઈ નહોતી, પણ ક્યાંકથી ચોરી લીધેલી છરી હતી. અંધારું થતાંની સાથે એ શિકાર શોધવા નીકળી પડ્યો.

જરાએ એની છરીથી ચોપગાં પ્રાણી નહીં, પણ બે પગે ચાલતા જતા માણસોનો શિકાર કરવાનો હતો. બહુ જલદી એને એમાં ફાવટ આવી ગઈ. હથિયારના જોરે એણે લોકોને લૂંટવાનું

શરૂ કરી દીધું. નગરમાં પહેલા દિવસે મંદિરની અંદર પૂજારીએ મારેલો માર જરા ભૂલ્યો નહોતો. એના હાથમાં કોઈ બ્રાહ્મણ ઝડપાઈ જાય, ત્યારે તો જરાની ક્રૂરતા હદ વટાવી જતી.

અપરાધની દુનિયામાં જરાની ખ્યાતિ ફરતીફરતી દુર્જયના કાને પહોંચી. એણે જરાને પોતાની પાસે ખેંચી લીધો. દુર્જયના રાજમાં જરા ગોઠવાઈ ગયો. અહીં કોઈ કોઈની જાતપાત નહોતું પૂછતું. બહારના સમાજમાં નહોતી એવી સમાનતા અને પ્રામાણિકતા એને અહીંની અંધારી શેરીઓમાં જોવા મળી. સહુથી મોટી વાત એ કે, હવે ભૂખ્યા પેટે સૂવાનો ભય નહોતો નડવાનો.

આમ ને આમ બીજા પાંચ વર્ષ નીકળી ગયાં. જરા હવે અંધારા રસ્તેથી પસાર થતા એકલદોકલ માણસને લૂંટી લેવા જેવા સામાન્ય કામ નહોતો કરતો. એ હવે પોતાની ટોળી સાથે, રાતના સમયે શ્રીમંતોના ઘરમાં ત્રાટકતો હતો. સામે થનારને મારી નાખતાં પણ જરાના હાથ નહોતા ખચકાતા.

દયા નામનો વીસેક વર્ષનો યુવાન આ લૂંટારુ ટોળીનો મુખિયો હતો. જરાને દયાનું સ્થાન પડાવી લેવાની ચટપટી હતી. એ નહોતો જાણતો કે ભાગ્યમાં કંઈક જુદું જ લખાયું હતું. જોવાનું એ કે જરાની જીવન નૈયાનું સુકાન ફેરવી નાખવામાં દયા જ નિમિત્ત બની ગયો.

કિલ્લાની સાવ નજીક રહેતા એક બ્રાહ્મણના ઘર પર ઘણાં વખતથી જરાની નજર હતી. ઘરનો દેખાવ બહારથી સાવ સામાન્ય હતો, પણ ત્યાં શ્રીમંત શહેરીજનોની અવરજવર થયા કરતી. એ લોકો બ્રાહ્મણને ગાતો સાંભળવા માટે આવતા હતા. કુદરતે એ માણસને એટલો મધુર અવાજ આપ્યો હતો કે સાંભળીને રસ્તે જતા માણસના પગ પણ થંભી જતા. મીઠા અવાજે એ માત્ર ભજન ગાતો હતો. એને સાંભળવા ક્યારેક ભીડ એકઠી થઈ જતી તો ક્યારેક કાળો કાગડોયે નહોતો ફરકતો.

બ્રાહ્મણની પત્ની અને ત્રણ બાળકો ક્યારેય બહુ ઠાઠમાઠવાળાં વસ્ત્રો, અલંકારો પહેરીને બહાર નહોતાં નીકળતાં, પરંતુ જરાને ખાતરી હતી કે એ લુચ્ચાએ પોતાની સંપત્તિ ઘરની અંદર ક્યાંક છુપાવી રાખેલી અને બહારના લોકોની નજરે ચઢી ન જવાય એટલે ગરીબીનો ડોળ કરતો હતો. જેના ભજન સાંભળવા નગરના શ્રીમંત શ્રેષ્ઠીઓ આવતા હોય, એની પાસે ધનની ક્યાં કમી હોય?

તસ્કરટોળીના વડા દયાને જોકે કોઈ બ્રાહ્મણ ગાયકનું ઘર ફોડવામાં રસ નહોતો. એની દૃઢ માન્યતા હતી કે સારી માલમત્તા મેળવવી હોય તો વૈશ્ય વેપારીના ઘરમાં જ ખાતર પાડવું જોઈએ. પરંતુ જરા જીદ પર આવી ગયેલો. પોતે દયાથી વધુ હોંશિયાર હતો, એ પુરવાર કરવાનો નિર્ણય લઈને, એક રાતે જરા એકલો નીકળી પડ્યો.

બ્રાહ્મણના ઘરની છતમાં બાકોરું પાડીને જરા અંદર કૂધો તો ખરો, પણ પછી જે બન્યું એ અકલ્પ્ય હતું. લાંબી વાત ટૂંકી કરીને કહો તો એ રાતે થયેલા અનુભવે જરાના જીવનની દિશા બદલી નાખી.

જેના ઘરમાં ધનના કળશ હોવાનું માનેલું, ત્યાં તો ખાલી હાંલ્લા ખખડતાં હતાં. બસ, એક પાત્રમાં થોડી રાબ હતી, જે ગૃહિણીએ એનાં બાળકોનું પેટ ભરવા માટે રાખેલી. આનાથીયે મોટો આંચકો જરાને ત્યારે લાગ્યો, જ્યારે આટલું ભોજન પણ પેલા બ્રાહ્મણે જરાની સામે ધરી દીધું. એ ભોળો ભક્ત તો માની બેઠેલો કે ચોરના રૂપમાં સાક્ષાત ભગવાન શ્રીકૃષ્ણ એના આંગણે પધાર્યા હતા.

ખાઉધરો જરા લૂંટફાટના વિચાર બાજુએ મૂકીને બધુંયે ખાવાનું સફાચટ કરી ગયો. રહીરહીને એને ખ્યાલ આવ્યો કે ભગવાનને ભોગ ધરાવ્યાના આનંદમાં બ્રાહ્મણ ભલે સાનભાન ભૂલી ગયેલો, પણ એનાં બાળકોના ચહેરા ભૂખથી ઝાંખા પડી ગયેલા.

"વાંધો નહીં, અમે તો આ બધાંથી ટેવાઈ ગયાં છીએ. લોકો ઘણું આપી જાય છે, પણ મારા પતિ બધું આમ ને આમ લૂંટાવી દે છે. તમે નહીં તો કોઈ બીજું આવી જાત." ગૃહિણીએ જરાની સામે પાણી ભરેલો લોટો મૂકતાં કહ્યું.

"મા, મને ક્ષમા કરી દો. હું તો તમારા ઘરમાં ચોરી કરવા આવેલો." જરાથી બે હાથ જોડાઈ ગયા.

ગૃહિણીએ સ્મિત કર્યું. "અહીં કોઈએ ચોરી કરવાની જરૂર નથી પડતી. દરવાજો ખખડાવીને જે માંગ્યું હોત એ મારા પતિ તમને આપી દેત."

સ્ત્રી જેની વાત કરતી હતી, એ બ્રાહ્મણ તો હવે કૃષ્ણભક્તિના ગીત ગાવામાં તલ્લીન થઈ ગયેલો. આ પહેલાં જરાએ સાંભળ્યું હતું કે કૃષ્ણ નામના કોઈ માણસને લોકોએ વિષ્ણુનો અવતાર માનીને પૂજવાનું શરૂ કર્યું હતું. ગરીબીમાં સડતી પ્રજાને સાચાખોટા એક આધારની જરૂર હતી, જે એમના જીવનમાં ચમત્કાર સર્જાવાની આશા આપે. કૃષ્ણ આવી જ એક આશા બનીને આવ્યા હતા. એ જાદુગર હતા. જરાએ એ રાતે પહેલીવાર જોયું કે કૃષ્ણભક્તિનો જાદુ કેવો હોય. પેલા ગરીબ બ્રાહ્મણને તો ચોરમાં પણ ઈશ્વરનાં દર્શન થતાં હતાં.

ભક્તના પરિવારજનો જોકે ભૂખ્યા હતા. જરા હચમચી ગયો. હાથ જોડીને એણે ગૃહિણીને કહ્યું, "મા, આજે રાતે તમને ભૂખ્યા નહીં સૂવા દઉં." આટલું બોલીને એ ઘરની બહાર નીકળી ગયો.

બજારમાંથી ચોખા ભરેલી એક ગુણ લઈને જરા પાછો ફર્યો, ત્યારે બ્રાહ્મણનું ઘર ભડકે બળતું હતું. થોડાં લોકો પાણી ફેંકીને આગ ઠારવાનો પ્રયાસ કરી રહ્યા હતા. બાકીના ઊભા રહીને જોઈ રહ્યા હતા. જરાએ ચીસ પાડી, ખભે ઊંચકેલો કોથળો નીચે ફેંક્યો અને બળતા ઘરમાં દોડી ગયો. પછીની ક્ષણોમાં શું થયું, એનું ભાન જરાને રહ્યું નહીં.

મહામહેનતે છેવટે આગ કાબૂમાં આવી. બળી ગયેલા ઘરમાંથી પાંચ માનવદેહ બહાર કાઢ્યા. એમાંથી માત્ર એકની અંદર જીવ બચેલો, એ હતો જરા.

આ ઘટનાના છ મહિના પછી, જરાએ પહેલીવાર એક તૂટેલા કાચમાં પોતાનો ચહેરો જોયો. ઘડીભર તો એ સામે દેખાયેલા પ્રતિબિમ્બને ઓળખી ન શક્યો. કદરૂપો તો એ પહેલેથી હતો, પણ હવે જે દેખાયું એ તો ભલભલી કુરૂપ વ્યક્તિને પણ હેબતાવી દે એવું હતું. ડાબું અંગ સાજુંસારું હતું, પણ જમણું શરીર અને ચહેરો આગમાં ભૂંજાઈ ગયેલા. એના હોઠ એટલી હદે બળી ગયેલા કે અંદરના દાંત દેખાતા હતા. ચામડીનો રંગ જોઈને ઉબકા આવી જાય એવો ક્યાંક પીળો તો ક્યાંક લાલ હતો.

પરંતુ ભયાનક કુરૂપતાનો આઘાત બીજી જ ક્ષણે ઓસરી ગયો. જરાની આંખમાંથી આંસુનું એક ટીપુંયે ખર્યું નહીં. ખભા ઉછાળીને એણે કાચ ફેંકી દીધો. એને હવે પોતાનું પ્રતિબિમ્બ જોવાની જરૂર નહોતી રહી.

* * *

જરાને બહુ પાછળથી જાણ થઈ કે, એક સમયના એના સાથીદાર દયા એ બીજા તસ્કરો સાથે મળીને બ્રાહ્મણનું ઘર બાળી નાખેલું. દુર્જયે જરાને ફરીથી પોતાની સાથે જોડાઈ જવાનો સંદેશો પાઠવ્યો, પરંતુ જરાએ ના પાડી દીધી. સાડાપાંચ વર્ષ પહેલાં એની અંદર જાગેલું રાની પશુ, પેલી આગમાં મૃત્યુ પામ્યું હતું. કૃષ્ણભક્ત બ્રાહ્મણના બળી ગયેલા ઘરની રાખમાંથી નવા જરાનો જન્મ થયો હતો. એ પેલા બ્રાહ્મણ જેવો જ ગાંડો હતો. એનું રોમેરોમ હવે ભક્તિમાં તરબોળ હતું. ભગવાને એના બીજા ભક્તને બચાવ્યો નહોતો, આ વાત જરાને મન ગૌણ હતી.

સહેજ ચાલવાની શક્તિ આવી, ત્યારે એ કૃપ પાસે ગયો. ભીખ માંગીને ભેગા કરેલા થોડા ઘણાં સિક્કા, કૃપને ચરણે ધરી દઈને જરાએ ભૂતકાળમાં કરેલી ચોરી માટે ક્ષમા માંગી.

જરાના બદલાયેલા રૂપથી રાજી થવાને બદલે કૃપ જોકે ચિંતિત થયા. "એ દિવસે મેં કોઈ મૂર્ખને મારી જનોઈ બતાવીને જે દક્ષિણા મેળવી, એ પણ એક પ્રકારની ચોરી જ હતી. તું મારાથી ચતુર નીકળ્યો. પૈસા લઈને તું ભાગી ગયો, એની જાણ થઈ ત્યારે મેં તને બેચાર ગાળ સંભળાવી હશે. પણ પછી રાહત થઈ કે, આ છોકરો ક્યારેય ભૂખ્યો નહીં મરે. જગતમાં એના જેવા ધૂર્ત લોકો માટે સ્થાન હોય જ છે, પણ હવે તેં સંત બનીને ઉપાધિ વહોરી લીધી. ભાઈ, મને ચિંતા થાય છે કે હવે તારું શું થશે! આ સમાજમાં તારા જેવી વ્યક્તિ કઈ રીતે ટકી શકશે? કે પછી સાધુવેશમાં તેં ભલાભોળા ને લોભિયા લોકોને ઠગવાનો ધંધો શરૂ કર્યો છે?"

જરાને કૃપના શબ્દો સમજાયા નહીં. છેવટે કૃપે એને થોડા વધુ અપશબ્દો સંભળાવીને ત્યાંથી કાઢી મૂક્યો. જરાના ગયા પછી બીજા સાધુસંતો, પૂજનીય પવિત્ર ગણાતા લોકો માટે પણ આકરા શબ્દો ઉચ્ચારીને કૃપ પાછા નિંદ્રામાં સરી ગયા.

એ જ રાતે જરાએ નદીકિનારે શકુનિ અને ભીમને જોયા. બે દિવસ પછી રાજદરબારમાં સાક્ષી તરીકે હાજર થવું પડ્યું, એ પહેલાં અને પછી પણ સુરક્ષાકર્મીઓના હાથે માર ખાવો પડ્યો. જરાને તો આ બધી ઘટનામાં કૃષ્ણની જ લીલા દેખાઈ.

જેની ભક્તિમાં જરા લીન હતો, એ કૃષ્ણને એણે ક્યારેય નહોતા જોયા. જાતજાતના લોકો કૃષ્ણ વિષે ભાતભાતની વાતો કરતા હતા. કોઈ એને માનવરૂપે પૃથ્વી પર આવેલો ઈશ્વરનો અવતાર માનતા હતા, તો કોઈને એનામાં માત્ર કપટી રાજકારણીનાં દર્શન થતાં હતાં. કૃષ્ણ વિશે સહેજ પણ ઘસાતું સાંભળીને જરાને જોકે ગુસ્સો આવી જતો. મૃત્યુ પામેલા બ્રાહ્મણ માટે કૃષ્ણ ભગવાન હતા, અને જરાના મનમાં પણ હવે આ શ્રદ્ધા ઘર કરી ગયેલી.

બળી મરેલા પેલા બ્રાહ્મણના આત્માએ જાણે જરાના ખોળિયામાં પ્રવેશ કર્યો હતો. એક સમયે કઠોર વાણી અને અપશબ્દો ઉચ્ચારતી એની જીભ હવે મીઠા સૂરે કૃષ્ણના ભોજન ગાતી હતી. જીવનથી ત્રાસેલા દાઝેલા ગરીબોને જરાના ભજન સાંભળીને થોડી શાતા મળતી હતી.

રસ્તે જતા લોકો દયા ખાઈને જે આપે, એમાંથી જરાનું પેટ ભરાતું હતું. હા, હવે પેલો અંધ શ્વાન પણ એનો કાયમી સાથી બની ગયેલો. બહુ વિચાર્યા પછી જરાએ એનું નામ પાડ્યું ધર્મ!

મોટા માણસોના મોઢેથી જરાએ અનેકવાર આ શબ્દ સાંભળ્યો હતો, પણ અર્થ નહોતો જાણતો. એને તો બસ બોલવામાં અને સાંભળવામાં ગમ્યો હતો. અર્જુન અને એકલવ્યના બાણથી અંધ થઈ ગયેલો કૂતરો હવે ધર્મ બનીને જરા સાથે રહેતો હતો. બેઉને એકમેકનો સાથ ગમતો હતો. સમય વીતી રહ્યો હતો.

સૂતપુત્રનું પુનરાગમન

એક ધુમ્મસઘેરી સવારે કર્ણને લઈને વહાણ દ્વારકાના બારામાં પ્રવેશ્યું. વીતેલા દિવસોમાં મિત્ર બની ગયેલા ગ્રીક સુકાનીનો હૃદયપૂર્વક આભાર માનીને કર્ણ નીચે ઊતર્યો.

ઘૂંટણિયે પડીને ધરતીને ચૂમી રહેલા કર્ણને યવન જોઈ રહ્યો. વ્યક્તિની પ્રતિભા નહીં, પણ માત્ર એ કયા કુળમાં જન્મી છે, એને મહત્ત્વ આપનારા દેશ પ્રત્યે આ વિદેશીને કોઈ આદર નહોતો. પ્રવાસ દરમ્યાન એણે કર્ણની આખીયે જીવનકથની સાંભળેલી. જાતપાતના આધારે કર્ણ જેવા લોકોને હડધૂત કરનારા દેશનું ભાવિ એને ઉજ્જ્વળ નહોતું લાગતું. એક દિવસ અહીં વિદેશથી ચઢી આવશે અને વર્ણપ્રથાને પાપે વિભાજિત થઈ ગયેલા દેશને બહુ સહેલાઈથી પરાજિત કરી દેશે, એવું આ ગ્રીક સાગરખેડુને લાગતું હતું.

દ્વારકામાં ઊતરેલા કર્ણને પોતાનું ભાવિ સાવ અંધકારમય નહીં, પરંતુ થોડું ડરામણું, પણ અનિશ્ચિત જરૂર લાગી રહ્યું હતું. એના શરીર પર, યવન સુકાનીએ આપેલાં કપડાં હતાં. બટવામાં ગણ્યાગાંઠ્યા સિક્કા હતા. શસ્ત્રોમાં કમરે પટ્ટાની જેમ બાંધેલી ઉરુમી અને ખભે લટકાવેલાં ધનુષબાણ હતાં. બસ, બીજું કંઈ નહોતું.

યાદવોના વડાને મળીને, કંઈ કામ માંગવાનો વિચાર એને આવી ગયો. જોકે કર્ણનું મન હવે હસ્તિનાપુર જવા તલપાપડ હતું. ત્યાં એનાં માતાપિતા અને બાળપણના મિત્રો હતા. મુઝારિસમાં નારિયેળીનાં વૃક્ષોની પાછળ ચંદ્ર સંતાકૂકડી રમતો હોય, ચારે તરફ શાંતિ હોય, ત્યારે ધીમી ગતિએ વહેતી પૂર્ણા નદીમાં ગાળેલી ક્ષણો એ ક્યારેય નહોતો ભૂલવાનો. પરંતુ એ સુંદર સમયમાં પણ કર્ણને હંમેશાં ગંગાનો ધસમસતો પ્રવાહ યાદ આવી જતો. હિમાલયમાંથી નીકળતી ગંગા, એના પાણીમાં દેખાતાં મંદિરો અને મહાલયોના પ્રતિબિમ્બને ફરીથી જોવા માટે એ વ્યાકુળ થઈ જતો. વિશ્વની બીજી કોઈ નદી ગંગાની તોલે ન આવી શકે. ગંગા સાથે એનું બાળપણ વીત્યું હતું. ગંગાકિનારે એનું ઘર હતું. કર્ણને હવે ઘેર જવું હતું.

કર્ણએ એની છાતી પર હાથ મૂક્યો, આંગળીઓને કવચનો સ્પર્શ થયો અને બીજાં સ્મરણોએ એને ઘેરી લીધો. પરશુરામને મળવા આવેલા કલિંગરાજે કર્ણના કૌશલ્યથી પ્રભાવિત થઈ જઈને એને આ કવચ ભેટ આપ્યું હતું. આ કવચ જેવું તેવું નહોતું. લોકો એને સાક્ષાત સૂર્યદેવનું વરદાન કહેતા હતા.

કલિંગના રાજાઓ સૂર્યવંશી હતા. પ્રદેશના શ્રેષ્ઠ લુહારો અને કલાકારોએ પ્રાચીન સૂર્યમંદિરમાં બેસીને સાત વર્ષ મહેનત કરી ત્યારે આ અભેદ્ય કવચ તૈયાર થયું હતું. વજનમાં હળવું હતું, પણ એને ભેદી શકે એવી તલવાર કે તીર જગતમાં ક્યાંય નહોતાં બન્યાં. મંદિરમાં સૂર્યદેવના ચરણે આ કવચ મૂકીને, દિવસો સુધી વિદ્વાન બ્રાહ્મણોએ મંત્રોચ્ચાર કર્યા હતા. વિધિની વક્રતા જુઓ તો આવું અમૂલ્ય અજોડ કવચ બાવીસ વર્ષના કર્ણને ભેદ આપનારા કલિંગરાજ હવે એના શત્રુ હતા. બ્રાહ્મણના વેશમાં કર્ણએ એમને પણ છેતર્યા હતા. “કલિંગરાજની સાથેસાથે મેં સૂર્યદેવનું પણ અપમાન કર્યું હતું?” આ વિચાર ફરીવાર કર્ણને ખિન્ન કરી ગયો.

નિરાશાજનક લાગણીઓને મહાપ્રયત્ને બાજુએ હડસેલીને એણે પગ ઉપાડ્યા. સાંભળ્યું હતું કે આઠ વર્ષ પહેલાં આ વેરાન ભૂમિ હતી. અત્યારે એના પર ઊભેલી દ્વારકા, સૌંદર્ય અને સમૃદ્ધિથી છલોછલ નગરી હતી. આજે ભલે એ ભારતનું સહુથી મોટું શહેર ન હોય, પરંતુ એ દિશામાં એની દોડ શરૂ થઈ ગયેલી. દ્વારકા પાસે કાશી અને કાંચીપુરમ જેવી કલા અને સંસ્કૃતિનો વારસો નહોતો. મથુરા જેવો ઝગમગાટ નહોતો, પરંતુ ધોધમાર યુવાશક્તિ હતી.

અહીંની હવામાં પણ એક જાતની તાજગી અને સ્ફૂર્તિ હતી. લોકોના પગમાં થનગનાટ હતો. ભારતનાં બીજાં શહેરોમાં જોવા મળે એવી ગંદકી અને ગેરવ્યવસ્થા અહીં નહોતી. સાફસુથરા રસ્તાની બંને બાજુ વૃક્ષો હતાં. મકાનો અને દુકાનોનું બાંધકામ આયોજનપૂર્વક થયું હતું. સામાન્ય નાગરિકો પણ કાયદાનું પાલન કરતા હશે એ સ્પષ્ટ હતું. વર્ષો પહેલાં કર્ણની સામે બલરામે એની સ્વપ્નનગરીની કલ્પના વ્યક્ત કરેલી. આજે એ દ્વારકા રૂપે નજર સમક્ષ ઊભી હતી.

આમતેમ જોતો કર્ણ છેવટે રાજમહેલના પ્રવેશદ્વાર પાસે આવીને ઊભો રહ્યો. ચોકીદારોએ વિચિત્ર કપડામાં વિદેશી લાગતા યુવાન સામે શંકાની નજરે જોયું. કર્ણને એમણે તરત અંદર પ્રવેશવા ન દીધો, પરંતુ કર્ણએ એક ભોજપત્ર પર વસુષેણ લખીને બલરામ સુધી પહોંચાડવાની વિનંતી કરી તો એનો અનાદર થયો નહીં. આ કામ કરવા માટે કોઈએ એની પાસે લાંચ પણ ન માંગી.

કર્ણને શંકા હતી કે આટલાં વર્ષ પછી બલરામ એને ઓળખશે કે નહીં, અને યાદવરાજના મહેલમાં એક સૂતયુવાનને કયા પ્રકારનો આવકાર મળશે. પરંતુ એણે સેવેલી બધીયે શંકા-કુશંકા ખોટી નીવડી. થોડી જ વારમાં કર્ણને જોતાની સાથે એને મહેલમાં પ્રવેશ મળી ગયો. બલરામ તો પોતાના સ્થાનેથી ઊભા થઈને એને ભેટી પડ્યા. “અરે, તું તો કેટલો મોટો થઈ ગયો, અને આ કવચ તો તારા પર બહુ શોભે છે...” બોલતાં એ કર્ણનો હાથ પકડીને બેઠકસ્થાને દોરી ગયા. “બોલ, આટલાં વર્ષોમાં તેં શું જોયું? તેં શું કર્યું?” એમણે કર્ણને પોતાની બાજુમાં બેસાડીને વાતચીતનો પ્રારંભ કર્યો.

કર્ણએ દક્ષિણ ભારતમાં થયેલા પોતાના અનુભવો વિશે માંડીને વાત કરી. સમૃદ્ધ અસૂર રાજ્યો, એના ગર્વિષ્ઠ રાજાઓ, હસ્તિનાપુરથીયે અનેકગણી જડ અને અમાનુષી વર્ણવ્યવસ્થા, આદર્શ અને કાયદાના નામે નબળા અને અસ્પૃશ્યો પર અત્યાચાર કરતા જુનવાણી લોકો, અઢળક સાહ્યબીમાં જીવતા શ્રીમંતો... બીજી તરફ ભવ્ય કલાત્મક મંદિરો, અદ્ભુત નૃત્યશૈલી અને સંગીતની પરંપરા, અજોડ સ્થાપત્ય અને શિલ્પકલા, પ્રાકૃતિક સૌંદર્યથી હરીભરી ધરતી... કર્ણ બોલતો રહ્યો, પણ પરશુરામનો ઉલ્લેખ કરતાંની સાથે એની જીભ ઝલાઈ ગઈ. ગળે ડૂમો બાઝી ગયો. વિના વાંકે પિતાથી દંડાયેલા બાળક જેવી એની સ્થિતિ હતી. બલરામ સામે એની આંખો છલકાઈ જશે, એવા ભયે કર્ણ ઊભો થઈને બારી પાસે ગયો. બહાર ઉદ્યાનમાં એક સુંદર યુવતી મધુર અવાજે ગાઈ રહી હતી. કર્ણના બળી રહેલા મન પર થોડી શીતળતાનો છંટકાવ થતો લાગ્યો, પણ પછી બલરામે પૂછેલો પ્રશ્ન એને ફરીથી આગમાં ઘસડી ગયો. “પરશુરામે તને ઓળખી લીધો?”

“હા” કર્ણએ બલરામ સામે ફરીને કહ્યું અને પછી એ દિવસે બનેલી ઘટનાનું વર્ણન કર્યું. “દક્ષિણના બધાય રાજા આજે મારા વેરી થઈ બેઠા છે. પરશુરામ સાથે કપટ કરનારને એ લોકો જીવતો ન મૂકે. હું નથી જાણતો કે મારા ગુરુ અત્યારે કેવી સ્થિતિમાં છે.” કર્ણનો અવાજ તરડાઈ ગયો.

“ગુરુ પરશુરામ હજી મૂર્છાવશ છે. મારા ગુપ્તચરો તરફથી મને જાણ મળી હતી કે ઉત્તરથી આવેલા કોઈ ધૂર્ત યુવાને પરશુરામની આવી દશા કરી, ત્યારે મને લાગેલું કે એ તું જ હોવો જોઈએ. તારા જીવિત હોવાની આશા મેં છોડી જ દીધેલી. પરંતુ પછી ગોકર્ણના રાજાનો આ સંદેશ મને મળ્યો.” કહીને બલરામે કર્ણના હાથમાં એક ભોજપત્ર મૂક્યું. એમાંનું લખાણ વાંચીને કર્ણનો ચહેરો ઘનઘોર થઈ ગયો.

“કર્ણ, મારું ચાલે તો હું તને અહીં જ રોકી પાડું, પણ દ્વારકામાં અત્યારે જે શાંતિ દેખાય છે એ ઉપરછલ્લી છે. અહીં પણ રૂઢિચુસ્તોનું જોર વધી રહ્યું છે. આંતરવિગ્રહ ફાટી ન પડે

એટલે મારે નછૂટકે ઘણી બાંધછોડ કરવી પડે છે. તોયે મને ભય છે કે આજે નહીં તો કાલે યાદવો અંદરોઅંદર લડી મરશે, અને મેં કરેલી મહેનત પર પાણી ફરી જશે. આજની રાત તું અહીં વિશ્રામ કરી લે અને કાલે વહેલી સવારે હસ્તિનાપુર જવા નીકળી જા. આશા રાખીએ કે ત્યાંની પરિસ્થિતિ હજી ભીષ્મના અંકુશ હેઠળ હોય. એકાદ મહિના પછી ગુરુ દ્રોણના શિષ્યોનો દીક્ષાંત સમારોહ છે. ત્યાર પછી યુવરાજ સુયોધનના હાથમાં થોડીઘણી સત્તા આવશે. એ પોતાની ઇચ્છા મુજબ અમુક નિર્ણયો લઈ શકશે. બધું સરખું ચાલ્યું તો કદાચ એની સેનામાં તને નાનામોટા અધિકારી તરીકે હોદ્દો પણ મળી જશે. હું એને સંદેશ મોકલીશ. જોકે તને કોઈ ભલામણ ચિઠ્ઠીની જરૂર નથી." બલરામે આછું સ્મિત વેરતાં કહ્યું.

કર્ણએ બારીની બહાર જોયું. ઉદ્યાન હવે ખાલીખમ થઈ ગયેલું. એનું ભાવિ પાછું ડામાડોળ લાગવા માંડેલું. ગોકર્ણના રાજવીએ બલરામને મોકલેલો સંદેશ બહુ સ્પષ્ટ હતો. દક્ષિણનાં રાજ્યોને હવે કર્ણનું માથું જોઈતું હતું. ઉત્તરમાં જ્યાં પણ કર્ણ દેખાય, ત્યાંથી પકડીને એને દક્ષિણમાં મોકલી દેવાનો આગ્રહ ગોકર્ણરાજે કર્યો હતો. દ્વારકાની શેરીઓમાં પણ સૂત ધર્મવીરના માથે મોત ભમતું હતું.

"નમસ્કાર, બંધુ" ખંડના દરવાજેથી આવેલો પરિચિત અવાજ કર્ણને મૃત્યુઘંટ જેવો ભાસ્યો. એના જૂના શત્રુએ અંદર પ્રવેશ કર્યો.

પીળું રેશમી ધોતિયું, વાંકડિયા વાળમાં ભરાવેલું મોરપીંછ, કેડે ભરાવેલી વાંસળી, પગથી માથા સુધી ઝગમગતા અલંકાર, ગળામાં ઝૂલતી પુષ્પમાળા... દેખાવમાં કૃષ્ણ ખરેખર સ્વર્ગમાંથી ઊતરી આવેલા દેવ લાગતા હતા. માત્ર શ્વેત સુતરાઉ ધોતિયું અને ખભે શાલ નાખીને બેઠેલા બલરામથી એમનો દેખાવ સાવ જુદો હતો. બલરામ યાદવોના નેતા હતા, રાજા જેટલી સત્તા ભોગવતા હતા, પણ એમની વેશભૂષા કોઈ અદના નાગરિક જેવી હતી. જોકે એમના વ્યક્તિત્વમાં આંતરિક શક્તિનું તેજ હતું. કૃષ્ણનો તો દેખાવ જ સામેવાળાને મોહી લે એવો હતો.

"નમસ્તે બંધુ, મેં તમને ક્યાંક જોયા હોય એવું લાગે છે." કૃષ્ણએ કર્ણ સામે જોઈને મીઠું સ્મિત વેર્યું.

"એ હસ્તિનાપુરનો વસુષેણ કર્ણ છે, મારો મિત્ર! એના જેવો બાણાવળી આખા ભારતમાં શોધ્યો નહીં જડે." બલરામે કહ્યું.

"હા, યાદ આવ્યું. આ જ એ સૂત યુવાન છે ને, જે યુદ્ધકલા શીખવા દક્ષિણમાં ગયેલો અને પછી ત્યાંથી જીવ બચાવવા નાઠો?" કૃષ્ણના અવાજમાં આછી નારાજી પ્રવેશી ગઈ. "પણ એ અહીં શું કરે છે? દક્ષિણના રાજાઓને ખબર પડી તો આપણા પર આક્રમણ કરીને દ્વારકાને ખેદાનમેદાન કરી મૂકશે. અને, બલરામભૈયા, કર્ણને ભારતનો શ્રેષ્ઠ ધનુર્ધારી ગણાવતી વખતે, તમે અર્જુનને ભૂલી ગયા કે શું?"

કર્ણ હોઠ ભીડીને અપમાન ગળી ગયો. પરંતુ બલરામે સહેજ કઠોર અવાજે કહ્યું, "કૃષ્ણ, તું શું કામ આ છોકરાને હેરાન કરે છે? દક્ષિણના રાજાઓ સાથે મારા સંબંધ હજી એટલા સારા છે કે, યુદ્ધનો સમય નહીં આવે. ધારી લ્યો કે, કદાચ એ દિવસ આવ્યો તોયે એમની સાથે લડી લેવાનું સામર્થ્ય આપણી પાસે છે. તું હવે જઈને પૂજાની તૈયારી કર. મારે કર્ણ સાથે થોડી વાત કરવી છે."

"જેવી તમારી ઇચ્છા, પણ દક્ષિણના સૈન્ય સામે આપણા લોકો ટકી રહે એ તો તમારે જ જોવાનું છે." કૃષ્ણના હોઠ પર પાછું સ્મિત રમી ગયું. કર્ણ સામે બે હાથ જોડીને એ વિદાય થયા.

બલરામના કપાળે સળ પડ્યા. એમણે કર્ણ સામે જોઈને કહ્યું, "દ્વારકામાં તું સુરક્ષિત નથી.

બને એટલી જલદીથી તું હસ્તિનાપુર જવા નીકળી જા. જરા સરખીયે ગફલતમાં રહેતો નહીં. શત્રુઓ ચારે તરફ છે. પરશુરામ ભલે હજી મૂર્છાવશ હોય, પણ એમની શક્તિને ઓછી આંકવાની ભૂલ કરતો નહીં. સવારનું અજવાળું થાય એ પહેલા તું દ્વારકા છોડી દે."

કર્ણના શરીરમાં લખલખું પસાર થઈ ગયું. એને તો હજી ઘણાં પ્રશ્ન પૂછવા હતા, પરંતુ બલરામે વધુ ચર્ચા કરવાનું ટાળી દીધું. એમણે બોલાવેલો સેવક આવીને કર્ણને અતિથિકક્ષમાં દોરી ગયો. રસ્તામાં એણે એક થાંભલાને અઢેલીને ઊભેલા કૃષ્ણને જોયા. વગર વિચાર્યે કર્ણથી એની કમરે બાંધેલી ઉરુમી પર હાથ મુકાઈ ગયો. આ જોઈને કૃષ્ણ ખડખડાટ હસી પડ્યા. ઉતાવળે પગલે શયનકક્ષમાં પ્રવેશીને કર્ણએ બારણું અંદરથી વાસી દીધું. બહાર કોઈ એને મારવા માટે ઊભું હતું, આવી લાગણીએ એને લાંબા સમય સુધી સૂવા ન દીધો. છેવટે દિવસભરનો થાક એની આંખ પર સવાર થઈ બેઠો. કર્ણ નિંદ્રામાં સરી પડ્યો.

દરવાજે પડેલા ટકોરાએ કર્ણને સફાળો જગાડી દીધો, ત્યારે હજી ચારેબાજુ અંધકાર હતો. એક હાથ તલવારની મૂઠ પર રાખીને સાવચેતીપૂર્વક કર્ણએ બારણું ખોલ્યું. સાંજે ઉદ્યાનમાં જોયેલી સુંદર યુવતી એની સામે ઊભી હતી.

"નમસ્કાર, મારું નામ સુભદ્રા. હું તમારા મિત્રની બહેન છું. રાજકુમાર, મેં સાંભળ્યું કે કાલે તમે હસ્તિનાપુર જવા નીકળવાના છો. ત્યાં તમારી મુલાકાત યુવરાજ સાથે થશે ને?" સુભદ્રાએ ધીમેથી કહ્યું.

"દેવી, હું કોઈ રાજકુમાર નથી. એક સામાન્ય રથચાલકનો પુત્ર છું. હા, કાલે હસ્તિનાપુર જવાનો છું એ વાત સાચી." કર્ણએ કહ્યું. એનો ભય હવે ઊડી ગયેલો.

"મને લાગ્યું કે તમે હસ્તિનાપુરના રાજકુમાર હતા. પણ વાંધો નહીં. મારું એક કામ કરશો?" સુભદ્રાએ કહ્યું.

"શું?" અંધકારમાં પ્રકાશ કરી દે એવું સૌંદર્ય ધરાવતી સુભદ્રાને કર્ણ જોઈ રહ્યો.

"યુવરાજ પાસે જઈને કહેજો કે એમના દીક્ષાંત સમારોહમાં હું હાજર રહીશ, અને... અને કહેજો કે હું એમને બહુ યાદ કરું છું." સુભદ્રાના ગાલ રતૂમડા થઈ ગયા.

સુભદ્રાના રૂપથી ઘડીભર મોહિત થઈ ગયેલો કર્ણ પાછો ભાનમાં આવી ગયો. આવી સ્ત્રી તો રાજપરિવારમાં જન્મેલાના ભાગ્યમાં જ હોય. નમ્ર અવાજે એણે કહ્યું, "હું જરૂર તમારો સંદેશ માનનીય યુવરાજ સુધી પહોંચાડી દઈશ."

"આભાર" કહીને કંગન અને પાયલ રણકાવતી સુભદ્રા ત્યાંથી જતી રહી. કર્ણની ઊંઘ હવે ઊડી ગયેલી. એ બારી પાસે જઈને ઊભો રહ્યો. સવાર થવાને હજી બહુ વાર હતી, પણ એનું મન તો પાંખો ફફડાવતું હસ્તિનાપુરની દિશામાં ઊપડી ગયું. ત્યાં કદાચ એક દિવસ એને પણ રાજકુમારની જેમ કોઈ નમણી નારીનો પ્રેમ પ્રાપ્ત થશે. હા, વર્ષોથી એના પર નિસ્વાર્થ પ્રેમ ઢોળનારાં માતાપિતા કર્ણને જોઈનું શું કહેશે? પુત્રની વિદાય પછી આટલાં વર્ષ ગાળવાનું એમના માટે સહેલું નહીં હોય. રોજ એ કર્ણને યાદ કરતા હશે. કર્ણના માથે હાથ ફેરવીને મા કહેશે...

ખંડની બહાર થયેલા આછા અવાજે કર્ણની વિચારધારામાં ભંગ પાડ્યો. સામાન્ય વ્યક્તિને આ અવાજ સંભળાત નહીં, પણ કર્ણ યોદ્ધો હતો. ભારતના શ્રેષ્ઠ ગુરુ પાસે એણે તાલીમ લીધી હતી. શત્રુની દિશામાંથી આવતો પવન પણ એને સચેત કરી દેવા માટે પૂરતો હતો. કર્ણ સમજી ગયો કે આવા સમયે આમ ચોરીછૂપીથી આવનારી વ્યક્તિના હેતુ શુભ ન હોય.

એકલે હાથે એકસો વ્યક્તિને પહોંચી વળવાનું સામર્થ્ય કર્ણમાં હતું, પરંતુ સાથે એટલી સમજવાની શક્તિ પણ હતી કે આ સમયે લડવામાં નહીં, જીવ બચાવીને નાસી છૂટવામાં વધુ ડહાપણ હતું. કોઈએ બહારથી બારણાંને હળવો ધક્કો માર્યો. કર્ણએ નિર્ણય લઈ લીધો.

હાથમાં તલવાર અને ખભે ધનુષ્યબાણ લટકાવીને એ બારીની બહાર કૂદી પડ્યો.

* * *

"આપણી અશ્વશાળામાંથી ઘોડો ચોરીને આ મહાશય ભાગવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પણ કિલ્લાના દરવાજે અમે એમને પકડી લીધા." મહેલની સુરક્ષાની જવાબદારી જેના માથે હતી એ અધિકારીએ કહ્યું.

કર્ણની લજ્જાનો પાર નહોતો. જે સ્થળે મોંઘેરા અતિથિ તરીકે એને માનપાન મળ્યાં હતાં, ત્યાં હવે એ એક ચોરની જેમ ઊભો હતો.

બલરામે આંખો ચોળીને કર્ણ સામે જોયું. પછી સુરક્ષાઅધિકારી તરફ ફરીને આશ્ચર્યભેર પૂછ્યું, "ચોરી… કેવી ચોરી? આ તો મારા મિત્ર છે. એમણે તત્કાલ હસ્તિનાપુર પહોંચવાનું છે. મેં જ એમને આપણી અશ્વશાળામાંથી, સહુથી તેજીલો શ્વાન લઈ જવાનું કહેલું. તમે એને ચોર સમજીને મારી પાસે લઈ આવ્યા?"

અધિકારીનો ચહેરો ધોળી પૂણી જેવો થઈ ગયો. યાદવરાજના મિત્ર અને રાજ્યના અતિથિ સાથે આવી ગેરવર્તણૂક કરવા બદલ કેવી સજા મળશે, એ વિચાર એને થથરાવી ગયો. જોકે પછી બલરામે એનો ખભો થપથપાવતાં કહ્યું, "ભૂલ તમારી નહીં, મારી છે. મારે તમને આગોતરી જાણ કરી દેવી જોઈતી હતી કે આપણા અતિથિ સવાર પડે, એ પહેલાં નીકળી જવાના હતા. તમે તો તમારી ફરજ બજાવી. તમારા જેવા જાગૃત સૈનિકો છે, ત્યાં સુધી દ્વારકા સુરક્ષિત છે."

સુરક્ષાકર્મીઓએ રાહતનો શ્વાસ લીધો. બલરામ અને કર્ણની ક્ષમા માંગીને એ લોકો ત્યાંથી વિદાય થયા.

"કર્ણ, હું નથી જાણતો કે તને રાત વખતે નીકળી જવાની ઉતાવળ શું કામ આવી ગઈ. પણ એક વાત હવે નક્કી થઈ ગઈ કે, જોખમની છાયા તારા માથે સતત ઝળૂંબતી રહેશે. તેં બહુ કઠિન માર્ગ પર પગ મૂક્યો છે. લોકો તને સુખેથી જીવવા નહીં દે. પરંતુ સંજોગો ગમે તેવા આવે, એક વાત તું હંમેશાં યાદ રાખજે કે પ્રકૃતિએ તને ઘણું આપ્યું છે, અને એમાંથી કંઈ માંગવા માટે કોઈ હાથ લાંબો કરે તો એને પાછો ઠેલતો નહીં. ભાગ્ય તારો સાથ છોડી દેતું લાગે, ત્યારે પણ તું તારી ઉદારતા ટકાવી રાખજે. જા, શિવના આશિષ તારી સાથે છે."

"ભાઈએ સાચું કહ્યું, મિત્ર, હસ્તિનાપુર હજી બહુ દૂર છે અને ત્યાં પહોંચવાનો માર્ગ બહુ કઠિન છે. તું એ પાર કરી શકીશ?" અશ્વ પર સવાર થઈ રહેતા કર્ણના કાને કૃષ્ણનો અવાજ પહોંચ્યો. કંઈ બોલ્યા વિના એણે હાથ જોડીને માથું નમાવ્યું અને પછી પગ વડે અશ્વને ચાલવાનો સંકેત કર્યો. સૂર્યોદય થવામાં હતો. કર્ણના મનમાં આ ઘડીઓ કોઈ દુર્ભાવ કે ઉદ્વેગ નહોતા. હસ્તિનાપુર એની વાટ જોતું હતું. માર્ગમાં ભલે ગમે તેટલાં વિઘ્નો આવે, પણ બધાંને વટાવીને એ ઘેર પહોંચવાનો હતો. તેજીલા અશ્વએ દોડવાનું શરૂ કર્યું. જોતજોતામાં કર્ણ દ્વારકાની સીમા બહાર નીકળી ગયો.

કર્ણ નહોતો જાણતો કે દ્વારકાથી એની પાછળ બીજા ચાર ઘોડેસવાર નીકળ્યા હતા. એમને એક જ આદેશ અપાયેલો, કે કર્ણને પકડી લ્યો અને જરૂર પડે તો મારી નાખો! જોકે કર્ણ જીવ બચાવીને હસ્તિનાપુર પહોંચી જાય તો એનું શું કરવું, એની સૂચના ધૌમ્યને પહોંચાડવા માટે બીજા સંદેશવાહકો પણ મારતે ઘોડે દ્વારકાથી નીકળી ગયેલા.

આ સૂચનાઓ આપનાર વ્યક્તિએ એના આયોજનમાં ક્યાંય કચાશ નહોતી રહેવા દીધી. એણે તો દક્ષિણનાં મોટાં મહત્ત્વનાં નગરો તરફ પણ પોતાના સંદેશવાહક સૈનિકો રવાના કરી દીધેલા. દરેક સંદેશમાંથી સૂર એક જ નીકળતો હતો – માખી હવે જાળમાં ફસાઈ ગઈ છે.

વૉન્ટેડ

ગુરુ દ્રોણના હાથ નીચે તૈયાર થયેલા 105 રાજકુમારોના દીક્ષાંત સમારોહ માટે હસ્તિનાપુરમાં તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી. બાર વર્ષમાં કુમારો કેટલું શીખ્યા, એ વિશ્વને બતાવવાનો સમય આવી ગયેલો. પશ્ચિમમાં ગાંધાર, પૂર્વમાં કામરૂપ, ઉત્તરમાં કાશીમીરા અને દક્ષિણમાં લંકા સુધી રાજામહારાજાઓને નિમંત્રણ પાઠવી દેવાયાં હતાં. ખંડિયા રાજાઓ માટે આમંત્રણના રૂપમાં આદેશ હતો અને બીજાઓએ મિત્રભાવે ભીષ્મનું નોતરું સ્વીકાર્યું હતું.

ભીષ્મને જોકે છેલ્લા થોડા દિવસોથી બીજી ચિંતા સતાવી રહી હતી. એક મોડી રાતે એમણે વિદુરને બોલાવીને કહ્યું, "આપણા શસ્ત્રો અને યોદ્ધાઓનું ખુલ્લેઆમ પ્રદર્શન થતું જોઈને દક્ષિણનાં રાજ્યોને અસુરક્ષિતતાનો ભાવ નહીં જાગી જાય ને? પરશુરામ વિશે જે અફવાઓ ઊડી રહી છે, એમાં કંઈ સત્ય છે?"

"આપણા ગુપ્તચરોના કહેવા પ્રમાણે પરશુરામ હજી ભાનમાં નથી આવ્યા. પણ આ માહિતી ખોટી હોય, તો દક્ષિણને છંછેડવાનું આપણને ભારે પડી જાય." વિદુરે કહ્યું.

"વિદુર, મને યુદ્ધનો ભય નથી. પણ મહામહેનતે છેલ્લા બે દાયકામાં જે શાંતિ સ્થપાઈ છે એનો ભંગ ન થવો જોઈએ. દક્ષિણનાં રાજ્યો આપણાથી બહુ દૂર છે, પણ ખાંડીવ બાજુમાં છે. તક્ષકે છેલ્લા ઇન્દ્રને પણ પોતાના કાબૂમાં કરી લીધો છે. એ ગમે ત્યારે આપણા પર ધસી આવે એવી સંભાવના છે." ભીષ્મએ હાથમાં બીજું ભોજપત્ર લેતાં કહ્યું.

"મને આપણા નગરની અંદર જે પ્રકારની પરિસ્થિતિ ઊભી થઈ છે, એ વધુ ચિંતા કરાવે છે. કાયદો અને વ્યવસ્થા કથળી રહ્યાં છે. તમે કહો તો હું પેલા દુર્જયને શોધી કાઢું. ગાંધાર સાથે વ્યાપાર કરવાને બહાને એ ખોટાં કામ કરી રહ્યો છે. હું તો કહું છું કે આપણે ગાંધારની વ્યાપારવ્યવસ્થા જ તોડી નાંખીએ." વિદુરે એના હોઠ પર આવી ગયેલું શકુનિનું નામ પાછું અંદર ધકેલી દઈને કહ્યું.

"વિદુર, ગાંધારની અર્થવ્યવસ્થા ભાંગવી, એ લઘુમતીના અધિકારો પર આક્રમણ કર્યા સમાન છે. બીજી જાતિ અને ધર્મના લોકો સાથે આપણે સમભાવથી વર્તીએ છીએ, એ છાપ બગડવી ન જોઈએ. દુર્જય જેવા નાના જીવજંતુને તો આપણે ધારીએ ત્યારે કચડી નાખશું. તું અત્યારે નાગ અને દક્ષિણના રાજ્યસંઘ પર નજર કેન્દ્રિત કર."

વિદુરને કહેવાનું મન થઈ ગયું કે, તમને ગાંધારમાં વસતી લઘુમતીની ચિંતા છે, પણ અહીં તમારા રાજ્યમાં મારા જેવા શૂદ્રો અને અસ્પૃશ્યો બહુમતીમાં છે. એમની પાસે તો કોઈ અધિકાર નથી! જોકે એ બોલ્યા નહીં. ધૌમ્ય જેવા લોકોનો રોષ વહોરીને પણ ભીષ્મ પોતાની રીતે રાજ્યમાં ન્યાય અને સંતુલન જાળવવાના પ્રયાસ કરતા હતા. એમાં ક્યાંક એમને સફળતા મળતી હતી, તો ક્યાંક નિષ્ફળતા.

"આ શું?" ભીષ્મએ મોટે સાદે પૂછેલા પ્રશ્નથી વિદુરની વિચારધારામાં ભંગ પડ્યો. ભીષ્મના હાથમાંથી ભોજપત્ર લઈને એણે વાંચવાનું શરૂ કર્યું. શબ્દે-શબ્દે એના ચહેરા પરથી તેજ વિલાતું ગયું. "આ તો બહુ વિસ્ફોટક છે." છેવટે માથું ઊંચું કરતાં એણે કહ્યું.

"હં, ગમે તે ભોગે એને રોકવો પડશે." કહીને ભીષ્મએ સંદેશ ફરીથી વાંચ્યો. દક્ષિણના રાજ્યસંઘમાં જેની ગણના બહુ શક્તિશાળી રાષ્ટ્ર તરીકે થતી હતી, એ વાતાપિના મહારાજાએ આ સંદેશ મોકલ્યો હતો. હસ્તિનાપુરથી આવેલા એક શૂદ્ર છોકરાએ દક્ષિણના રાજ્યસંઘ સાથે ભયાનક છળકપટ કર્યું હતું. એને પકડીને પાછો ત્યાં મોકલી દેવાની માંગણી થઈ હતી. આવું ન થયું તો ઉત્તર અને દક્ષિણ વચ્ચે થયેલી સંધિ ફોક થઈ જવાની હતી. બીજા શબ્દોમાં દક્ષિણે

યુદ્ધનું આવાહન મોકલ્યું હતું.

"ગમે ત્યાંથી એને શોધી કાઢો. હસ્તિનાપુર આવતા તમામ માર્ગ પર પહેરો ગોઠવી દો." ભીષ્મ બોલ્યા.

"બહુ કઠિન છે." વિદુરે પ્રામાણિક ભાવે સ્થિતિ વર્ણવી દીધી. "હસ્તિનાપુરમાં યોજાયેલા ભવ્ય સમારોહને જોવા બહારથી હજારો માણસો અહીં ઠલવાશે. કાર્યક્રમના સ્થળે અને શહેરની શેરીઓમાં ભીડનો પાર નહીં હોય. વીસ વર્ષમાં પહેલીવાર થનારી આ ધામધૂમને જોવા માટે લોકો ઉત્સુક છે. આવામાં એક યુવાનને આપણે કઈ રીતે નગરમાં પ્રવેશતો રોકી શકશું? આપણે તો એ પણ નથી જાણતા કે એ યુવાન ક્યાંથી આવશે, કેવો લાગતો હશે!"

"વિદુર, આમ અકળાઈ જવાની જરૂર નથી. હું ભૂલતો ન હોઉં તો આ એ જ સૂતપુત્ર છે, જેને શિષ્ય તરીકે સ્વીકારવા માટે દ્રોણે સાફ નનૈયો ભણી દીધેલો."

"વસુષેણ કર્ણ... રથચાલક અધિરથનો પુત્ર?" વિદુરને આંચકો લાગ્યો.

"હા. કદાચ એ કર્ણ જ છે. એની દૃઢ નિશ્ચયતા, હિંમત માટે મને આદર છે. પણ કમભાગ્યે આપણે એવા સમાજમાં જીવીએ છીએ, જ્યાં આવા ગુણોનું મૂલ્ય નથી. યુદ્ધ ટાળવું હોય તો આપણે એનો ભોગ આપવો જ પડશે. કર્ણને જીવતો પકડીને દક્ષિણના રાજ્યસંઘને સોંપી દઈએ, એટલે આપણું કામ પૂરું." કહીને ભીષ્મ ઊભા થઈ ગયા.

પોતાના કાર્યાલય તરફ જઈ રહેલા વિદુર મૂંઝવણમાં હતા કે, નાનેથી મોટા થઈ ગયેલા છોકરાને હજારો લોકોની વચ્ચે કઈ રીતે ઓળખવો. પછી એકાએક એમના મગજમાં ચમકારો થયો. કર્ણ આવીને એનાં માબાપને મળવા જરૂર જશે, એટલે ત્યાં ચોકીપહેરો ગોઠવી દેવો જોઈએ. પણ પછી તરત બીજી શંકા જાગી. કર્ણ શું કરશે, એ કહેવાય નહીં. હસ્તિનાપુર આવીને એ પોતાના ઘરને બદલે સીધો કાર્યક્રમના સ્થળે પહોંચી જાય તો? આવું કંઈ થાય એ પહેલાં એને નગરના સીમાડે પકડી લેવામાં જ ડહાપણ હતું. ત્યાંથી સીધેસીધો દક્ષિણ મોકલી દેવાનો. ભૂલેચૂકે પણ કર્ણનો ભેટો તક્ષક સાથે ન થઈ જાય એ જોવાનું હતું. હસ્તિનાપુરથી હડધૂત થયેલો કર્ણ તક્ષકની સેનામાં જોડાઈ જાય, તો તો ભયાનક સમસ્યા ખડી થઈ જાય.

કર્ણને કઈ રીતે ઓળખવો, એનો રસ્તો પણ વિદુરને જડી ગયો. પુત્ર થોડાઘણા અંશે એના પિતા જેવો લાગતો હશે. અત્યારના અધિરથને જોઈને એ યુવાનીમાં કેવો લાગતો હશે, એની કલ્પના ચિત્રકાર કરી શકશે. પછી એના આધારે બનાવેલા ચિત્રને, શહેરની શેરીએ શેરીએ ભીંત પર ચોંટાડી દેવાના. આ માણસને પકડી લાવનારને મોટો પુરસ્કાર મળશે એવી જાહેરાત પણ કરી દેવાની. વિદુરને એના માથેથી ભાર થોડો ઓછો થતો લાગ્યો. કદાચ કર્ણને પકડવાનું અશક્ય નહોતું.

* * *

ભીષ્મ અને વિદુર, બેમાંથી કોઈએ એ રાતે પુરોચનને શકુનિના કક્ષમાં જતો, કે પછી બહાર નીકળતો જોયો નહીં.

પુરોચન રોષમાં હતો. જે માહિતી એને બહુ મૂલ્યવાન લાગેલી, એ સાંભળીને શકુનિએ ખાસ ઉત્સાહ દાખવ્યો નહીં. "દક્ષિણના રાજ્યસંઘનું નાક વાઢીને કોઈ સૂત ત્યાંથી છટકી જાય, એમાં ગાંધારને શું મળવાનું?" એણે પુરોચનના હાથમાં કમને થોડા ચાંદીના સિક્કા મૂકતાં કહ્યું હતું. પુરોચન મોઢું ફુલાવીને જતો રહ્યો.

પુરોચનના જતાની સાથે શકુનિનો ચહેરો ખીલી ઊઠ્યો. માંડમાંડ દાબી રાખેલો હર્ષ બહાર ઊછળી આવ્યો. "બાર!" એણે આરસપહાણની પાટ પર પાસાં ફેંકતાં કહ્યું. કહ્યાગરા સેવકની જેમ પાસાંએ `12'ની સંખ્યા દેખાડી. "પિતાજી, આજે તમે હોત તો આ જોઈને કેટલા રાજી થયા હોત... યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે... મને રક્તની ગંધ આવે છે... આખુંયે ભારત

વિનાશના ખપ્પરમાં હોમાઈ જવાનું છે... ભીષ્મ, હવે તને ખબર પડશે કે ગાંધારનો પુત્ર તારા દેશની શું વલે કરી શકે છે..."

શકુનિએ દુર્જય માટે ઝડપભેર એક સંદેશ લખી નાખ્યો. એ જો કર્ણને પકડી લે તો શકુનિનું કામ થઈ જાય. કર્ણને બંદી તરીકે ગાંધારમાં સંતાડી રાખવાનો. અહીં ભલે હસ્તિનાપુર અને દક્ષિણનો રાજ્યસંઘ અંદરોઅંદર લડી મરે. બને એટલી ઝડપે બસ એક અફવા પ્રસરાવી દેવાની હતી કે, હસ્તિનાપુરે કર્ણને આશરો આપ્યો હતો. સાંભળતાંની સાથે દક્ષિણના રાજાઓ સળગી ઊઠશે, એમાં કોઈ શંકા નહોતી.

* * *

"એ વિદેશીના કહેવા પ્રમાણે મેં હસ્તિનાપુરમાં ઉત્પાત મચાવી દીધો છે. મારા માણસોને પશ્ચિમ તરફ મોઢું રાખીને પ્રાર્થના કરવાનો વિચિત્ર આદેશ પણ આપી રાખ્યો છે. હવે એને શું જોઈએ છે?" દુર્જયે થોડા કંટાળા સાથે પૂછ્યું.

પુરોચને શાંતિથી જવાબ આપ્યો, "ગાંધાર કુમારને તારા કામથી પૂરેપૂરો સંતોષ છે. પણ હવે એ ઇચ્છે છે કે, તું તારો કાર્યવ્યાપ વધાર. ઉત્તરથી દક્ષિણ સુધી બધા તારા નામથી ધ્રૂજવા જોઈએ. ભારતના દરેક નગર, દરેક ગામમાં તારી હાક વાગવી જોઈએ. એ માટે જરૂરી આર્થિક મદદ તને મળી રહેશે."

દુર્જય વિચારમાં પડી ગયો. પુરોચને એક કપડાં પર બનાવેલું ચિત્ર એના તરફ સરકાવતાં કહ્યું, "હા, આને પકડીને ગાંધાર મોકલી શકે, તો શકુનિ તને એટલું આપશે જેની તું કલ્પના પણ ન કરી શકે."

દુર્જયે સામે પડેલા ચિત્ર સામે જોઈને માથું હલાવ્યું અને પુરોચનને પૂછ્યું "આના બદલામાં કેટલી સુવર્ણમુદ્રા મળશે?"

* * *

બીજા દિવસની સાંજ પડી ત્યાં તો વિદુરના જાસૂસો અને દુર્જયના માણસો હસ્તિનાપુરની શેરીએ શેરીએ કર્ણની શોધમાં ફરી વળ્યા. સામે જે મળે એને અધિરથનું ચિત્ર બતાવીને પૂછતા હતા, "આને ક્યાંય જોયો છે?"

નગરના રક્ષાદળના માણસોએ રસ્તાની એક બાજુએ બેઠેલા જરાને પૂછ્યું, ત્યારે એણે ના પાડી. ચિત્રમાં હતો એવો માણસ ક્યારેય જોયાનું એને ખરેખર યાદ નહોતું. પરંતુ મોડી રાતે, દુર્જયના માણસોએ એને લાત મારીને ઉઠાડ્યો, પાછો એ જ પ્રશ્ન કર્યો, ત્યારે જરાના સ્મરણપટ પર થોડા ધૂંધળા ચહેરા ઊપસી આવ્યા. આ તો પેલો રથચાલક લાગે છે, જેની પત્નીએ એકવાર એને જમાડ્યો હતો! તક્ષક હસ્તિનાપુર પર ત્રાટક્યો, એ રાતે બનેલી ઘટના જરાને યાદ આવી ગઈ. એના જીવનમાં બહુ ઓછા લોકોએ એની સાથે આવું દયાભર્યું વર્તન કર્યું હતું.

જરાએ જોકે મોઢેથી તો નકાર જ ભણી દીધો. દુર્જયના માણસો એને બીજી બેચાર લાત મારીને જતા રહ્યા. જરાનું મન કહેતું હતું કે આ બધાંને કદાચ અધિરથની નહીં, એના પુત્રની શોધ હતી, જે કદાચ પિતા જેવો લાગતો હશે. "મારે એને શોધીને ચેતવી દેવો જોઈએ" આવો વિચાર કરી જરા ઊભો થઈ ગયો. ભૂતકાળમાં સૂતપરિવારે એના પર દાખવેલી દયાનો બદલો વાળવાનો સમય આવી ગયેલો.

બહારથી હસ્તિનાપુર આવવા માટેના ઘણાં નાનામોટા રસ્તા હતા, પણ જરાને કોઈ અજ્ઞાત બળ દક્ષિણ દિશામાં ખેંચી ગયું. ત્યાં મદિરાનું પીઠું હતું. પહેલાં તો આંધળા કૂતરા સાથે આવેલા ભિખારીને જોતાંની સાથે પીઠાનો માલિક ખિજાઈ ગયો. "ચાલ, ભાગ અહીંથી" એણે કહ્યું, પણ જરાએ જવાબમાં મીઠા સાદે ભજન ગાવાનું શરૂ કર્યું. રસ્તે પસાર થઈ રહેલા લોકો એને સાંભળવા અટકી ગયા. કોઈએ જરા તરફ એકાદ બે સિક્કા ફેંક્યા. જેમને વધુ

સાંભળવાની ઇચ્છા થઈ, એમણે પીઠામાં બેઠક જમાવી. માલિકને લાગ્યું કે ભિખારી કામનો માણસ હતો. એના કારણે ગ્રાહકો મળતા હોય, તો ભલે બહાર બેઠો બેઠો ભજન ગાતો.

જરાએ પીઠાની બહાર, એક વૃક્ષ નીચે, એના સાથીદાર ધર્મ સાથે બેઠક જમાવી. કૃષ્ણભક્તિનાં ગીતો ગાતાંગાતાં એણે કર્ણની વાટ જોવાનું શરૂ કર્યું.

* * *

હસ્તિનાપુરમાં એના નામે જે ધમાલ ચાલી રહી હતી, એનાથી સાવ અજાણ કર્ણ મારતે ઘોડે હવે સરસ્વતી નદી સુધી પહોંચ્યો હતો. એક સમયે જ્યાં ભરપૂર પાણી રહેતું હતું, એ સરસ્વતી હવે લગભગ સુકાવા આવેલી. હજારો વર્ષ પહેલાં એના કાંઠે પાંગરેલી મહાન સંસ્કૃતિઓ પણ કાં ઝાંખી પડી ગયેલી અને કાં સાવ નાશ પામેલી. એક સમયની ભવ્ય અસૂર સંસ્કૃતિ અને એને ધ્વંસ કરીને ભારતમાં દેવોનું સામ્રાજ્ય સ્થાપનારા પ્રથમ પ્રતાપી ઇન્દ્ર વિશે સાંભળેલી વાતો કર્ણને યાદ આવવા લાગી.

સરસ્વતીના કિનારે વેદોનો ઉદય થયો હતો. મહાન ઋષિમુનિઓએ અહીં બેસીને બ્રહ્માંડના રહસ્યો વિશે ચિંતન કર્યું હતું. આ પવિત્ર ભૂમિ પર રામ, રાવણ, મહાબલિ, ઇન્દ્ર, બાલિ જેવા મહાનાયકોએ રાજ કર્યું હતું. પણ આજે એમના જેવી મહાન વિભૂતિઓ કેમ ક્યાંય નહોતી દેખાતી? કર્ણને આવો પ્રશ્ન થયો, પણ પછી એણે મનને ટપાર્યું. માનવપ્રકૃતિ એવી હતી કે, ભૂતકાળની સામાન્ય વાતને ઝળહળતો ઓપ ચઢાવીને યાદ કરે. આજે જેમને મહામાનવ તરીકે યાદ કરાતા હતા, એ કદાચ વાસ્તવિકતામાં સામાન્ય માણસો હશે, કે પછી અત્યાચારી, અન્યાયી શાસકો હશે. દંતકથાઓ પર કેટલો વિશ્વાસ મૂકી શકાય? આજે જે અમુક વ્યક્તિઓ હતી, એ પણ કદાચ ભવિષ્યમાં મહાત્મા કે ભગવાનના રૂપમાં પૂજાતી થઈ જશે.

કર્ણને કૃષ્ણ યાદ આવી ગયા. એ બહુ સિફતપૂર્વક પોતાની છાપ વિષ્ણુના અવતાર તરીકે ઊભી કરી રહ્યા હતા. એમનું દરેક કામ હવે ચમત્કાર તરીકે પ્રસિદ્ધિ પામવા લાગેલું. પશુપાલકો અને સમાજનો શોષિત, પીડિત વર્ગ કૃષ્ણને ભગવાનના રૂપમાં પૂજતો હતો. એમના માટે કૃષ્ણભક્તિનો માર્ગ સરળ હતો, કારણકે આ ભગવાન એટલું જ કહેતા હતા કે, “મારામાં શ્રદ્ધા રાખો, તમારાં બધાં કામ થઈ જશે.”

બીજી તરફ કૃષ્ણના મોટાભાઈ બલરામને અનુસરવાનું એટલું સહેલું નહોતું. એ ચમત્કાર નહીં, કઠિન પરિશ્રમનો મહિમા કરતા હતા. બલરામ કહેતા હતા કે, મર્યા પછી સ્વર્ગમાં જવાના ફાંફાં છોડી દો, જે છે તે બધું આ પૃથ્વી પર જ છે, પોતાની જાતમાં શ્રદ્ધા રાખો. કર્ણને મન, બલરામ એવા બુદ્ધિશાળી નેતા હતા, જે બુદ્ધિહીન લોકોને સાચે રસ્તે લઈ જવાની મથામણ કરી રહ્યા હતા. “કદાચ મારો દેશ બલરામ જેવા નેતાને લાયક નથી.” કર્ણએ સહેજ નિરાશભાવે વિચાર્યું.

પણ પછી બીજી જ ક્ષણે એના બધાંય વિચારો વિખેરાઈ ગયા. ક્યાંકથી છૂટેલું બાણ એના કવચ સાથે આવીને અથડાયું. કોઈએ એની પીઠ પાછળથી આક્રમણ કર્યું હતું. કર્ણએ પાછળ ફરીને જોયું. એક નહીં ચાર જણ એના પર નિશાન તાકતા દેખાયા.

* * *

રાજકુમારોના દીક્ષાંત સમારોહની આગલી સાંજે કર્ણએ પગપાળા હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો. પ્રવાસ દર્મયાન વિઘ્ન ન નડ્યું હોત તો એ અહીં ચાર દિવસ પહેલાં પહોંચી ગયો હોત.

સરસ્વતી નદીથી થોડે દૂર રણપ્રદેશમાં જે ચાર જણે એને મારવાનો પ્રયાસ કરેલો. એમને કર્ણ નહોતો ઓળખતો, પણ એમના રંગઢંગ કોઈ સૈનિક જેવા હતા. યુદ્ધકલામાં એ માહેર હતા, પણ કર્ણ સામે ટકી રહેવાનું સામર્થ્ય એમનામાં નહોતું. જોતજોતામાં સૂકી ભૂમિ પર ચાર માણસની લાશ ઢળી ગઈ. નીચે પડેલો પાંચમો દેહ કર્ણના અશ્વનો હતો. સૈનિકોએ ફેંકેલા

બાણમાંથી એક આવીને એના ગળામાં પેસી ગયેલું.

કર્ણ એક શૂરવીર યોદ્ધાની જેમ એકલે હાથે ચાર જણ સામે લડ્યો હતો. પરંતુ પછી જે બન્યું એ જોઈને રાજદરબારમાં પ્રશસ્તિગાન ગનારા કહેત, આ યુવાન ક્ષત્રિયધર્મને નહોતો જાણતો.

કર્ણએ જે કર્યું, એ કદાચ ક્ષત્રિય કુળમાં જન્મેલો બીજો કોઈ યોદ્ધો ન કરત. સામાન્ય ક્ષત્રિયે પોતાના ઘાયલ અશ્વને બીજું બાણ મારીને, કે તલવારનો ઘા કરીને કાયમ માટે પીડામુક્ત કરી દીધો હોત. પણ કર્ણએ તો અશ્વના ગળામાં વાગેલું બાણ કાઢીને, બે દિવસ સુધી એને સાજો કરવાના પ્રયાસ કર્યા. એમાં નિષ્ફળતા મળી અને અશ્વના પ્રાણ નીકળી ગયા તો એને દાટવા માટે એક મોટો ખાડો ખોદવાની મહેનત કરી. મૃત્યુ પામેલા એના ચાર શત્રુની લાશોને જંગલી પશુપક્ષીઓ ફોલી ન ખાય, એટલે એ દૂરદૂરથી વૃક્ષોની સૂકી ડાળીઓ, લાકડાં લઈ આવ્યો. એમાંથી ચિતા તૈયાર કરીને મૃતકોને અગ્નિદાહ આપ્યો. પોતાના હાથે કોઈનો જીવ ગયો, એ વાતનો કર્ણને આનંદ નહીં, પશ્ચાત્તાપ હતો. ભલા, આવું કોઈ ક્ષત્રિય યોદ્ધાને શોભે? યોદ્ધાનો ધર્મ હતો, પરિણામની ચિંતા કર્યા વિના શત્રુના પ્રાણ હરી લેવા. સૂતના ઘરમાં ઉછરેલો યુવાન સ્થાપિત ધર્મના મૂળભૂત સિદ્ધાંતો શીખી ન લે ત્યાં સુધી ક્ષત્રિય કહેવડાવવાનો નહોતો, એવું એને જોનારા કહી દેત. પરંતુ ત્યાં કર્ણને કોઈએ જોયો નહીં. ચાર દિવસ પછી એણે હસ્તિનાપુરમાં પગ મૂક્યો, ત્યાં એને જોનારાએ ઓળખ્યો નહીં.

સૈનિકો, સુરક્ષાકર્મીઓ, દુર્જયના માણસો અને ઇનામની લાલચમાં બીજા અનેક લોકો, યુવાન અધિરથના ચિત્ર સાથે કર્ણને શોધવાના ફાંફાં મારી રહ્યા હતા. કોઈ નહોતું જાણતું કે આ પિતાપુત્રનો દેખાવ એકમેકથી સાવ જુદો હતો. અધૂરામાં પૂરું શહેરના માર્ગો પર ભીડનો પાર નહોતો. ઢોલનગારાના તાલે લોકો નાચી રહ્યા હતા, મદિરા પીને પડી આખડી રહ્યા હતા. એમને કાબૂમાં રાખતા સુરક્ષાકર્મીઓને નાકે દમ આવી ગયેલો. કર્ણને કોઈએ રોક્યો નહીં, પણ નગરમાં પગ મૂક્યાના થોડા જ સમયમાં એને જાણ થઈ ગઈ કે, એણે મોતના મુખમાં પ્રવેશ કર્યો હતો. અત્યાર સુધી ભલે એ હેમખેમ રહ્યો હોય, પણ એ ઘડી દૂર નહોતી, જ્યારે એને બાળપણમાં જોનારો કોઈ સામે ભટકાઈ જાય.

“હે શિવ, બસ આ એક રાત પૂરતો મને સુરક્ષિત રાખ. આવતીકાલે રાજકુમારોનો દીક્ષાંત સમારોહ છે. એ સ્થળે પહોંચું ત્યાં સુધી મને જીવતો રહેવા દેજે.” કર્ણએ મનોમન પ્રાર્થના કરી લીધી.

સમારોહ સ્થળે પહોંચી ગયા પછી શું થશે એ કર્ણ નહોતો જાણતો. રાજા-મહારાજાઓ, રાજકુમારો એકઠા થાય, એ સ્થળે સુરક્ષાવ્યવસ્થા પાકી હોવામાં કોઈ સંદેહ નહોતો. એમાંથી પસાર થઈને મેદાનમાં વચ્ચોવચ પહોંચવું, પોતાના કૌશલ્યનું પ્રદર્શન કરવું એ પહેલી નજરે અશક્ય હતું. “હે પ્રભુ, મારી સહાય કર. મારે મારા લોકોને બતાવી દેવું છે કે નાની સરખીયે તક મળે તો એક સૂતપુત્ર પણ કેટલું કરી શકે!”

થોડા સમય પછી જોકે કર્ણના ભય પર ભૂખ સવાર થઈ બેઠી. શહેરની હદ પાસે મદિરા અને ભોજન વેચતી એક જગ્યાએ જઈને એ બેઠો. પરંતુ એને લાગ્યું કે બધા એની તરફ જોઈ રહ્યા હતા. કર્ણની ભૂખ મરી ગઈ. પણ ખાવાનું છોડીને નીકળી જાય તો લોકોનો શક પાકો થાય. છેવટે ભોજન ઘેર લઈ જવું હોય, એવો દેખાવ કરીને એણે પડીકું બાંધ્યું અને બહાર નીકળ્યો. સામે વૃક્ષ નીચે એક ભિખારી બેઠો હતો, એની પાસે જઈને કર્ણએ ખાવાનું આપી દીધું. હવે શું કરવું એનો વિચાર કરતો હતો, ત્યાં ભિક્ષુકે ઉચ્ચારેલા શબ્દો સાંભળીને કર્ણ થીજી ગયો. “સ્વામી, તમે આવી ગયા?”

“કોણ?”

"તમે કદાચ મને ઓળખ્યો નહીં. હું એ જ અસ્પૃશ્ય ગરીબ છું, જે વરસો પહેલા વિદુર સાથે તમારે ઘેર આવ્યો હતો. જોડે મારો મિત્ર એકલવ્ય હતો. એ રાતે તમે કેટલી વીરતાભેર તક્ષક સાથે લડેલા!"

એ જ વખતે કર્ણએ સામેથી આવી રહેલા ત્રણચાર સૈનિકોને જોયા. એ મૂંઝાઈ ગયો. ભાગી છૂટવું કે લડી લેવું? સામે બેઠેલા મંદબુદ્ધિએ તો ઉપાધિ કરી નાખી.

જરાનો અવાજ ધીમો પડી ગયો. "તમારે ગભરાવાની જરૂર નથી, ભગવાન કૃષ્ણ તમારી રક્ષા કરશે, મારું કહ્યું માનો. જલદીથી આ ઝાડ પર ચઢી જાવ. ત્યાં એક બખોલ છે, એમાં સંતાઈ રહેજો."

ભાગવા કે લડવાને બદલે ભિખારીનું સૂચન સ્વીકારી લેવામાં કર્ણને વધુ શાણપણ લાગ્યું. ઝટપટ વૃક્ષ પર ચઢી જઈને એ બખોલમાં સંતાઈ ગયો. નીચે પેલા કદરૂપા ભિક્ષુકે, પોતાના અંધ શ્વાનના માથે હાથ પસારતાં, કૃષ્ણભક્તિના ગીત ગાવાનું શરૂ કર્યું.

સૈનિકોએ આવીને જરાની પૂછપરછ કરી, હંમેશની જેમ પોતાનો થાક અને દાઝ ઉતારવા માટે થોડા ગડદાપાટુ મારી લીધા. જરાએ કોઈ વિરોધ કર્યા વિના માર ખાઈ લીધો.

વૃક્ષની ડાળીઓ વચ્ચે સંતાયેલા કર્ણએ આ જોયું. એને સમજાયું નહીં કે એક ભિખારી એના માટે શું કામ આટલું સહન કરી રહ્યો હતો? એ કંગાળે ધાર્યું હોત તો આંગળીના એક જ ઇશારે મોટું ઇનામ મેળવવાને હકદાર બની ગયો હોત. વર્ષો પહેલાં ખાધેલા મૂઠીભર ભાતનું ઋણ એ ચૂકવી રહ્યો હતો કે કંઈ બીજું! નીચે જરા કૃષ્ણની અસીમ કૃપાના ગીત ગાઈ રહ્યો હતો.

ધીમે ધીમે રાતનો અંધકાર ઘટ્ટ થતો ગયો. લોકોની ચહલપહલ શમી ગઈ. સુરાલયનાં બારણાં બંધ થઈ ગયાં. વાતાવરણમાં માત્ર જરાનો અવાજ ગુંજતો રહ્યો. "હે કૃષ્ણ, તું પરમકૃપાળુ છે. તારા કારણે જ આ જીવન આટલું સુંદર છે."

કર્ણએ ઘણાં વખતે આટલી શાંતિ અનુભવી. એને ખબર પણ ન રહી કે પોતે ક્યારે નિંદ્રામાં સરી ગયો.

દીક્ષાંત સમારોહ

હસ્તિનાપુરના ઇતિહાસમાં અત્યાર સુધી આવો એકેય દિવસ નહોતો આવ્યો, જ્યારે થોડા સમયમાં બનેલી ઘટનાઓએ એકસાથે આટલા બધા લોકોના જીવનની દિશા બદલી નાખી હોય.

રાજકુમારોનો વિદ્યાર્થીકાળ પૂરો થયો હતો. એમણે હજારો લોકોની મેદની સામે દેખાડી દેવાનું હતું કે પોતાનાં શસ્ત્રો દ્વારા દેશની રક્ષા કરી શકે એટલું કૌશલ્ય એમણે પ્રાપ્ત કરી લીધેલું.

દ્રોણાચાર્યને પોતાના શિષ્યો માટે ગર્વ હતો. આમ તો ગુરુ તરીકે એમણે તમામ શિષ્યોને સરખું શિક્ષણ આપેલું, પરંતુ અંદરખાને એમને પાંડવો માટે પક્ષપાત હતો. કુંતીને આપેલું વચન એમણે પૂરું કરેલું. એના પાંચ પુત્રોએ યુદ્ધકલામાં અદ્ભુત નિપુણતા પ્રાપ્ત કરી હતી. અલબત્ત, દરેક જણે શસ્ત્ર પોતપોતાની મરજીથી પસંદ કરેલું. સહુથી મોટો યુધિષ્ઠિર, વજનદાર ભાલો ઉપાડીને દૂરદૂર સુધી ફેંકી શકતો. કદાવર કાયા અને પ્રચંડ શક્તિ ધરાવતો ભીમ ગદા ફેરવવામાં નિષ્ણાત હતો. જોડિયા નકુલ-સહદેવ તલવાર ચલાવવામાં એક્કા હતા. પરંતુ દ્રોણાચાર્યનો સહુથી લાડકો શિષ્ય અર્જુન હતો, જેના બાણ ધાર્યાં નિશાન પાડતાં હતાં. ગુરુને ખાતરી હતી કે આખા દેશમાં અર્જુનની બરોબરી કરી શકે એવો બીજો કોઈ ધનુર્ધારી નહોતો. આજે બહારથી આવેલા રાજાઓ સામે પણ આ પુરવાર થઈ જવાનું હતું.

પણ પછી જે બન્યું એ અણધાર્યું હતું. આ મહત્ત્વના દિવસે હસ્તિનાપુરમાં વર્ણ અને જાતિ આધારિત ભેદભાવ સાવ કોરાણે નહોતા મુકાયા, પરંતુ એમાં સહેજ ઢીલાશ જરૂર મુકાયેલી. રાજકુમારોની શસ્ત્રકલાનું પ્રદર્શન નિહાળવા માટે મોંઘેરા અતિથિઓ આવ્યા હતા. પરંતુ એમનાથી થોડે દૂર નીચી, અસ્પૃશ્ય ગણાતી જાતિના લોકો બેસી શકે એવી વ્યવસ્થા પણ થઈ હતી. જોકે એમાં કોઈને નાની છરી જેટલુંયે હથિયાર સાથે રાખવાની છૂટ નહોતી. સૈનિકો આંખમાં તેલ આંજીને ઊભા હતા.

ભીમ અને સુયોધન વચ્ચે ગદા ચલાવવાની સ્પર્ધા શરૂ થઈ. ત્યારે પ્રેક્ષકગણમાં એટલી ઉત્તેજના વ્યાપી ગઈ કે, સૈનિકો પણ એમાંથી બાદ ન રહી શક્યા. બ્રાહ્મણો, ક્ષત્રિયો અને પોતાને દૂરંદેશી ગણતા લોકો ભીમના પક્ષે બૂમો પાડી રહ્યા હતા. હલકી ગણાતી જાતિવાળા સુયોધનની તરફેણમાં હતા. હસ્તિનાપુરનો યુવરાજ હોવા છતાં ઘણીવાર લોકોએ એને નગરના ગરીબ, ગલિચ વિસ્તારમાં ફરતો જોયો હતો. બ્રાહ્મણોએ ઘડેલા કડક નીતિનિયમોનું ઉલ્લંઘન કરતાં એ નહોતો અચકાતો. સ્વાભાવિક રીતે જ શોષિત વર્ગમાં એની લોકપ્રિયતા વધુ હતી. એમણે સુયોધનના વિજય માટે રાડારાડ કરી મૂકી. બેઠેલા હતા એ ઊભા થઈ ગયા. ક્યાંક વળી બાથંબાથી શરૂ થઈ જશે એવું લાગ્યું. આ ધાંધલધમાલનો લાભ લઈને એક સૂતયુવાન ક્યારે પોતાના ધનુષ્યબાણ સાથે મેદાનમાં પ્રવેશી ગયો, એનું સૈનિકોને ધ્યાન ન રહ્યું.

વાતાવરણમાં શાંતિ સ્થાપવાના બહાને, દ્રોણે ભીમ અને સુયોધન વચ્ચેની ગદા સ્પર્ધા અટકાવી દીધી. જોકે એટલું સ્પષ્ટ હતું કે, શરૂઆતમાં થોડો નબળો પડેલો સુયોધન, પાછળથી ભીમ પર ભારે પડવા લાગેલો. કદાચ એ ભીમને પછાડી દેત. દ્રોણ નહોતા ઇચ્છતા એવું કંઈ થાય. કુંતી એમની સામે શંકા અને ફરિયાદના ભાવે જોઈ રહી હતી. ધૌમ્ય એમના કાનમાં ગુસ્સાભેર ગણગણાટ કરી રહ્યો હતો. છેવટે દ્રોણે સ્પર્ધા અટકાવીને ભીમની આબરૂ બચાવવી પડી.

અંતે અર્જુનને એના કરતબ દેખાડવાનો વારો આવ્યો. દ્રોણને ગળા સુધી ખાતરી હતી કે

એમના આ સહુથી પ્રિય શિષ્યની પ્રતિષ્ઠા બચાવવા માટે એમણે કોઈ કાવાદાવા નહીં કરવા પડે.

રેશમી વસ્ત્રો અને સુવર્ણ અલંકારોમાં સજ્જ અર્જુન એક સોનેરી રથ પર સવાર થઈને મેદાનમાં પ્રવેશ્યો, ત્યારે કોઈ દેવ જેવો શોભતો હતો. અનેક સ્ત્રીઓ ત્યાં ને ત્યાં એના પ્રેમમાં પડી ગઈ. દોડતા રથમાંથી અર્જુને ફેંકેલા બાણ, એક પછી એક માનવંતા અતિથિઓના ચરણે વંદનના રૂપમાં પડવા લાગ્યા. સહુ આભા થઈ ગયા. પછી અર્જુને એક બાણ પર પુષ્પમાળા ચઢાવીને દૂર ફરકી રહેલા હસ્તિનાપુરના ધ્વજ તરફ ફેંક્યું. નિશાન અચૂક હતું. રાજયના ધ્વજે આ પુષ્પાંજલિ સ્વીકારી લીધી. લોકો એમના સ્થાનેથી ઊભા થઈ ગયા. અર્જુનના આ અદ્ભુત કૌશલને એમણે તાળીઓના ગડગડાટથી વધાવી લીધું. ભીમ અને સુયોધન સહિત બીજા બધા પાંડવ, કૌરવ ભુલાઈ ગયા.

પછી અચાનક વિપરિત દિશાએથી એક બાણ આવીને, દ્રોણના પગ પાસે પડ્યું. ગુરુને પ્રણામ કરતું આ બાણ અર્જુને નહોતું માર્યું. એનો રથ હવે સ્થિર થઈ ગયેલો. એની સામે આવીને ઊભા રહી ગયેલા યુવાને ધનુષ્ય પર બીજું બાણ ચઢાવ્યું. સહુ જોઈ રહ્યા. થોડીવાર પહેલા અર્જુને જે કંઈ કરેલું, એ બધાંની અદલોઅદલ, અચૂક નકલ કરવાનું આ યુવાને આરંભી દીધું. એનું એકેય બાણ લક્ષ્યને ચૂકતું નહોતું.

"આ કોણ?" દ્રોણના મોઢામાંથી આટલા શબ્દો સર્યા, ત્યાં તો અર્જુન એના રથમાંથી નીચે કૂદી પડ્યો. એણે કંઈ પૂછ્યા વિના આવાહન સ્વીકારી લીધું, અને જોતજોતામાં સ્પર્ધા જામી પડી. અર્જુને વધુ ને વધુ દૂર કે અત્યંત કઠિન લાગે એવા લક્ષ્ય સાધવાનું શરૂ કર્યું. પરંતુ એમાંથી એવું કંઈ નહોતું, જે પેલો અજાણ્યો યુવાન ન કરી શકે. પછી તો એવું થયું કે અર્જુન હજી કમાન પર તીર ચઢાવે, ત્યાં તો પેલા યુવાને લક્ષ્યને વીંધી નાખ્યું હોય.

દેખાવમાં બંને વચ્ચે આકાશજમીનનો ફરક હતો. ઝગમગતા વસ્ત્ર-અલંકારોમાં અર્જુન સ્વર્ગમાંથી ઊતરી આવેલો દૈદીપ્યમાન દેવ સમો લાગતો હતો. એની સામે લઘરવઘર કપડાં, ખુલ્લું માથું અને ઉઘાડા પગે ઊભેલા યુવાનના રંગઢંગ શેરીમાં રખડતા કંગાળ જેવા હતા. એ કોઈ નીચી જાતિનો સભ્ય હતો, એમાં જોનારાને શંકા નહોતી. પ્રેક્ષકગણમાં બેઠેલા એના જેવા લોકોમાં હર્ષોલ્લાસ વ્યાપી ગયો. બીજી તરફ શ્રીમંત શ્રેષ્ઠીઓ, ઉચ્ચવર્ણના ગણાતા મહાનુભાવોના ચહેરા વીલા પડવા લાગ્યા. કુંતી તો બેભાન થઈ જવાની હદે પહોંચી ગઈ.

વિક્ષુબ્ધ થઈ ગયેલો અર્જુન હવે ભૂલો કરવા લાગ્યો, પણ પેલો શૂદ્ર સ્વસ્થ હતો. દ્રોણે પરિસ્થિતિ માપી લીધી. વાત વધુ વણસે એ પહેલાં એમણે ઊભા થઈને ત્રાડ પાડી, "બંધ કરો." બંને યુવાનોએ નમ્રતાભેર શસ્ત્રો નીચાં કરી દીધાં, અને પાસે આવેલા દ્રોણ સામે માથું નમાવીને ઊભા રહ્યા.

દેખાવે ગરીબ, શૂદ્ર જેવા લાગતા યુવાન સામે જોઈને દ્રોણે ગરજતે અવાજે કહ્યું, "આ કાર્યક્રમ માત્ર રાજકુમારો માટે છે. આપશ્રીના પિતા કયા પ્રદેશનો રાજા છે, એ જણાવવાની કૃપા કરશો?"

યુવાન કંઈ જવાબ આપે એ પહેલાં તો ત્યાં એકઠી થયેલી સામાન્યજનોની ભીડમાંથી એક વૃદ્ધ દોડી આવ્યો, "કર્ણ, મારા દીકરા, તું આવી ગયો?"

વર્ષો પછી આવેલો પુત્ર, પિતાને જોતાંની સાથે એને ભેટી પડશે એવી આશા અધિરથે રાખી હોય તો એ ખોટી પડી. કર્ણએ માથું ઝુકાવી દીધું. એના હાવભાવ પરથી સ્પષ્ટ હતું કે, આ ક્ષણે એ પોતાના પિતા, પોતાના વર્ણ પ્રત્યે લજ્જા અનુભવી રહ્યો હતો.

"સૂતપુત્ર" દ્રોણ ખડખડાટ હસી પડ્યા. બીજાઓ એમાં જોડાયા. અર્જુને સહેજ રાહત અનુભવીને કપાળ પર જામી ગયેલો પ્રસ્વેદ લૂછ્યો. અધિરથ લજ્જા અને નિરાશાના ભાવે

ત્યાંથી નીકળી ગયો. બ્રાહ્મણગણમાં બેઠેલા ધૌમ્ય દોડી આવ્યા. "અચ્છા, તો તું જ એ ધૂર્ત છે, જેણે પરશુરામનું ઘોર અપમાન કરેલું, અને જેને આખું ભારત શોધી રહ્યું છે? હવે તારી ખેર નથી."

બધાંએ માની લીધું કે કર્ણનું હવે આવી બન્યું. પણ ત્યાં સુયોધન આવી પહોંચ્યો. એણે મોટે સાદે કહ્યું, "થોભી જાવ." બધાંની દૃષ્ટિ એના ભણી ખેંચાઈ. સુયોધને એક હાથે કર્ણનું કાંડું પકડ્યું, અને મેદની તરફ ફરીને બીજા હાથે પોતાની તલવાર ઊંચી કરતાં મોટે અવાજે કહ્યું, "યોદ્ધાની જાતિ પૂછતાં આપણને લજ્જા નથી આવતી? નદીનું મૂળ અને શૂરવીરનું કુળ પૂછવાની પરંપરા આપણે ત્યાં છે? કર્ણનો પિતા રથચાલક હોય તો શું થયું?" પછી અર્જુન સામે જોઈને સુયોધને પૂછ્યું, "કે પછી તને પરાજયનો ભાર લાગે છે?"

"સુયોધન, બસ કર." દ્રોણે રોષભેર કહ્યું, પણ એમને અવગણીને સુયોધન તીક્ષ્ણ નજરે અર્જુન સામે તાકી રહ્યો. અર્જુને ધૌમ્ય સામે જોયું, પરંતુ એ પણ મૂંઝાઈ ગયેલા લાગતા હતા. છેવટે અર્જુને દર્શનગણમાં રાજવીઓ સાથે બેઠેલા કૃષ્ણ તરફ જોયું, અને ત્યાંથી હિંમત મળી હોય એમ સુયોધન ભણી ફરીને કહ્યું, "સુયોધન, હું હસ્તિનાપુરનો રાજકુંવર છું. નીચ વર્ણના સૂત સાથે નહીં લડું."

ક્ષણભર પણ અચકાયા વિના સુયોધને કહ્યું, "તું રાજકુમાર છે, તો હવે તું રાજા સાથે લડીશ." પછી પ્રેક્ષકોને સંબોધીને એણે ગર્જના કરી. "મારા દેશવાસીઓ આજ પહેલાં ક્યારેય ન બની હોય એવી ઘટનાના સાક્ષી બનવા તૈયાર રહેજો."

ભીષ્મ અને ધૃતરાષ્ટ્ર ભણી જોઈને સુયોધન બોલ્યો, "તમારી અનુમતિ સાથે હું અહીં એવા કોઈ બ્રાહ્મણને બોલાવવા માંગું છું, જે વેદોના જાણકાર હોય, અને પ્રાચીન પવિત્ર ગ્રંથોમાં શું લખ્યું છે, એ ખરેખર સમજતા હોય. આજે હું જે કરવાનો છું, એ આપણી મહાન વૈદિક પરંપરાને અનુસાર છે."

બ્રાહ્મણોએ ઊભા થઈને રોષભેર બૂમરાણ મચાવી દીધી, પણ એમની વચ્ચેથી કૃપ ખડખડાટ હસતા દોડી આવ્યા અને ઉત્સાહભેર કર્ણને ભેટી પડ્યા. એમની પાછળ આવેલો અશ્વત્થામા અદબ વાળીને સુયોધનની બાજુમાં ઊભો રહી ગયો.

ચારે તરફ કોલાહલ હતો. સુયોધનને રોકવા માટે ધૌમ્યએ ભીષ્મને આજીજી કરી, પણ ભીષ્મ ભાવવિહીન ચહેરે બેસી રહ્યા. વિદુરે બ્રાહ્મણોને શાંત પાડવા માટે કરેલા પ્રયાસ નિષ્ફળ ગયા. શકુનિ રાજીનો રેડ થઈ ગયો. પરિસ્થિતિ વધુ વણસવાની શક્યતા એણે જોઈ લીધી.

સુયોધને રાજસી અતિથિઓ તરફ જોયું. "આજે પહેલીવાર કોઈ વ્યક્તિને, એના જન્મ નહીં પણ કર્મ, પ્રતિભાના બળે ક્ષત્રિય બનવાની તક સાંપડી છે. કૃપા કરીને એને, મને તમારો સાથ આપો."

થોડીવાર માટે રાજવી અતિથિગણમાં શાંતિ પથરાઈ ગઈ. પછી એમાંથી એક જણ ઊભા થઈને, ધીમા પણ મક્કમ ડગલે સુયોધન પાસે આવીને ઊભા રહ્યા, "હું જયદ્રથ છું. સિંધનો રાજા. તમે યોગ્ય કરી રહ્યા છો. હું તમારી સાથે છું. તમારા જેવા મિત્ર મેળવીને હું મારી જાતને ભાગ્યશાળી માનીશ."

જયદ્રથે લંબાવેલો હાથ પકડી લઈને સુયોધને સ્મિત વેર્યું. પછી લોકો તરફ ફરીને બોલવાનું શરૂ કર્યું, "મારા દેશબાંધવો, મેં એવા ભારતની કલ્પના કરી છે, જ્યાં જાતપાતની દીવાલો નહીં હોય, જડ માન્યતાઓ અને અંધશ્રદ્ધા નહીં હોય. વ્યક્તિનું કુળ નહીં, એના ગુણનો મહિમા થશે..."

સુયોધન ભાવાવેશમાં આવીને બોલતો રહ્યો. હસ્તિનાપુર અને બીજા નગરમાંથી આવેલા શોષિત, પીડિત પ્રજાજનોએ ક્યારેય કોઈ રાજવીકુળની વ્યક્તિને સમાનતાની વાત કરતાં

નહોતી સાંભળી. સુયોધન કહી રહ્યો હતો કે, પ્રજામાં અજ્ઞાન, ભૂખમરો, પીડાનો નાશ કરવા એ સદા મથતો રહેશે. જરૂર પડે તો પરશુરામ જેવા શક્તિશાળીઓ સામે પણ લડી લેશે. એ જેને રાજધર્મ માનતો હતો, એને શાસ્ત્રોનું પણ અનુમોદન હતું…

છેવટે સુયોધને હાથ ઊંચા કરીને ઐતિહાસિક જાહેરાત કરી, "મને વારસામાં મળેલો પૂર્વનો સમૃદ્ધ પ્રદેશ હું મારા મિત્ર કર્ણને આપું છું. એનું સૂત હોવું ગૌણ છે. આજ પછી એ અંગરાજ તરીકે ઓળખાશે. રાજ્યતિલક માટે તૈયારી કરો."

* * *

શૂદ્ર, અસ્પૃશ્ય ગણાતા લોકો હર્ષભેર નાચીકૂદી રહ્યા હતા. આજે એમનામાંથી એક જણ જૂની રૂઢિઓની બેડીઓ તોડીને રાજા બન્યો હતો. પણ એમની વચ્ચે એક યુવાન એવો હતો, જેની હતાશા અને પીડા આજના પ્રસંગ પછી વધુ ઘેરી બની ગયેલી. "દ્રોણે મારી સાથે છળ ન કર્યું હોત તો આજે કર્ણની જગ્યાએ હું હોત." અંગૂઠા વિનાના પોતાના હાથ તરફ જોઈને એકલવ્યએ વિચાર્યું. કર્ણને રાજતિલક થતું જોવાની હામ એનામાં નહોતી. ભારે પગલે એ ત્યાંથી નીકળી ગયો.

ચાલતાં ચાલતાં બહુ આગળ નીકળી ગયા પછી એકલવ્યએ એના મનમાં નાની આશાનો સળવળાટ અનુભવ્યો. સદીઓથી ચાલી આવેલી અન્યાયી સમાજવ્યવસ્થાને આજે એક રાજકુમારે પડકાર ફેંક્યો હતો. આવી એકાદી વ્યક્તિને પણ જનમ આપી શકે એવા દેશને સાવ ખરાબ ન કહેવાય. કદાચ એકલવ્ય જેવા લોકોનું ભાવિ સાવ અંધકારમય નહોતું.

"એક અંગૂઠો નથી તો શું થઈ ગયું?" એકલવ્ય બધીયે નિરાશા ખંખેરી નાખીને દોડ્યો. વર્ષો પહેલાં એણે મૂકી દીધેલું ધનુષ્ય હજીયે ધૂળ ખાતું પડ્યું હતું. એને ઉપાડીને એકલવ્યએ જૂના દિવસ યાદ કર્યા. ધનુર્વિદ્યાના પાઠ એ હજી સાવ ભૂલ્યો નહોતો. બસ ફરીથી રોજિંદા અભ્યાસની જરૂર હતી. "કદાચ અંગૂઠા વિનાયે હું એક દિવસ અર્જુનને હરાવી દઈશ." એણે જાતને વચન આપી દીધું.

* * *

બ્રાહ્મણો ધૂંઆપૂંઆ હતા, શૂદ્રો આનંદમાં હતા, અતિથિ તરીકે પધારેલા રાજવીઓ થોડા અસ્વસ્થ હતા. બધાંની લાગણીઓ એમના ચહેરા પર દેખાતી હતી. માત્ર કૃષ્ણ શાંત અને સ્વસ્થ લાગતા હતા. એમના મનમાં ચાલી રહેલા વિચારો કોઈને કળાતા નહોતા. કર્ણને રાજા તરીકે ઘોષિત કરાયો, ત્યારે મૂર્છિત થઈ ગયેલી કુંતીને ઉપાડીને સેવકો ત્યાંથી બહાર લઈ ગયા. પોતે જેને ફૈબા કહેતો હતો, એ સ્ત્રીની મનોદશા કૃષ્ણને ખાસ સમજાઈ નહીં. એમને જોકે પાંડવો પર સહેજ ગુસ્સો આવી રહ્યો હતો. યુધિષ્ઠિરે આજે એક સુવર્ણ તક ખોઈ નાખેલી. અત્યંત પ્રતિભાશાળી અને શૌર્યવાન સૂતને મિત્ર બનાવીને સુયોધને બહુ શાણપણ દાખવ્યું હતું. કૃષ્ણએ કર્ણ સામે જોયું અને એમના હોઠ પર આછું સ્મિત રમી ગયું. ખરી રમત હવે શરૂ થવાની હતી. "મજા આવશે" એમણે વિચાર્યું અને પછી એમની દૃષ્ટિ નાની બહેન સુભદ્રા પર પડી.

સુભદ્રાનો ચહેરો ઊતરી ગયેલો. એની આંખોમાં પાણી હતા. આજે એ સુંદર યુવતીની નજર એના પ્રિય સુયોધન પર નહીં, એક તરફ વીલા મોઢે ઊભેલા અર્જુન ભણી હતી. કૃષ્ણએ આ જોયું. ત્યાં જ એમના મનમાં એક યોજના આકાર લેવા માંડી.

"સુયોધને અર્જુનને આટલી ખરાબ રીતે અપમાનિત કરવાની જરૂર નહોતી. શું કામ એણે આવા અયોગ્ય માણસને રાજા બનાવી દીધો?" સુભદ્રાએ ભારોભાર નારાજી સાથે પૂછ્યું.

"ચાલ, આપણે અહીંથી નીકળવાનો સમય આવી ગયો." કૃષ્ણએ બહેનનો હાથ પકડતાં કહ્યું.

* * *

બીજો એક ભાઈ પણ પોતાની બહેનના ભાવિ વિશે વિચારી રહ્યો હતો. વારેઘડીએ સુશલા તરફ દોડી જતી જયદ્રથની નજર સુયોધને પારખી લીધેલી. સિંધના રાજાને કૌરવોની એકમાત્ર બહેન ગમી ગયેલી, એ વાત દીવા જેવી સ્પષ્ટ હતી.

* * *

શકુનિ પોતાના ખંડમાં જઈને પથારીમાં આડો પડ્યો, પણ એને ઊંઘ નહોતી આવતી. એનું મન જાતજાતના કાવાદાવા ઘડવામાં તલ્લીન હતું. વાતાવરણ એની તરફેણમાં બંધાઈ રહ્યું હોય એવું લાગતું હતું.

* * *

દિવસના અંતે વિદુરે ભીષ્મ પાસે જઈને પૂછ્યું કે, કર્ણને દક્ષિણના રાજ્યસંઘના હાથમાં સોંપી દેવો જોઈએ કે નહીં.

ભીષ્મએ ગંભીરભાવે માથું હલાવીને કહ્યું કે, હવે એ શક્ય નહોતું. વિદુર મૂંઝાઈ ગયો. આવું કરવાથી દક્ષિણના રાજવીઓ રોષે ભરાશે, અને કદાચ યુદ્ધની પરિસ્થિતિ ઊભી થઈ જાય એવો ભય એણે દર્શાવ્યો. પરંતુ ભીષ્મે ટૂંકો ને ટચ ઉત્તર આપી દીધો, "વિદુર, આવી બાબતે યુદ્ધ કરવું પડે તોયે મને વાંધો નથી."

પોતાના કાર્યાલય તરફ જતી વખતે વિદુરના પગમાં ઉત્સાહ હતો. કામના ઢસરડાની વચ્ચે આવી બેચાર ક્ષણ આવી જાય તોયે કેટલો આનંદ થાય?

* * *

"શું કામ આટલું આક્રંદ કરે છે? કર્ણ આપણો પુત્ર છે. આજે નહીં તો કાલે તને મળવા જરૂર આવશે..." અધિરથે પોતાની પત્નીને સાંત્વન આપવાનો પ્રયાસ કર્યો. સાચું પૂછો તો એને પોતાને પોતાના શબ્દો ઠાલા લાગતા હતા. એને લગભગ ખાતરી હતી કે કર્ણ તો હવે કદાચ એમની સામે જોવાનીયે પરવા નહીં કરે. હજારો માણસોની વચ્ચે કર્ણની ઓળખ પોતાના પુત્ર તરીકે આપીને અધિરથે જાણે મોટો અપરાધ કરી નાખ્યો હોય, આવો ભાવ એણે મેદાનની અંદર ઊભેલા કર્ણના ચહેરા પર જોઈ લીધેલો. કર્ણ હવે આ ગરીબ સૂતના ઝૂંપડામાં પાછો નહોતો ફરવાનો.

* * *

મહેલના એક કક્ષમાં પાંચ પાંડવ, ધૌમ્ય સાથે મળીને ભવિષ્ય માટે યોજનાઓ ઘડી રહ્યા હતા. એમના ગુરુ ત્યાં નહોતા. દ્રોણના ઘરમાં વાતાવરણ ધૂંધવાયેલું હતું. પિતા સાથે ફરીવાર જીભાજોડી કરીને અશ્વત્થામા ઘરની બહાર નીકળી ગયેલો.

* * *

જરાનું પેટ ખાલી હતું. ભીખમાં મળેલા સિક્કાથી થોડું ખાવાનું ખરીદીને એ રસ્તાની એક તરફ બેઠો હતો. પણ હજી કેળનું પાંદડું ખોલ્યું, ત્યાં તો બાજુમાંથી પુરપાટ વેગે પસાર થઈ ગયેલા રથે એને કાદવથી ખરડી નાખ્યો. પછી એના ભોજન પર કીડીઓ ચઢી આવી.

જરાને થોડું દુઃખ થયું, આછો રોષ પણ ચઢી આવ્યો, પરંતુ થોડી જ વારમાં એ શાંત થઈ ગયો. એનો ભાત ખાઈ રહેલા કીડામંકોડા પણ બિચારા ભૂખ્યા હતા. જરાએ તો આગલે દિવસે ખાધું જ હતું ને! આજે ભગવાને આ નાના જીવો પર કૃપા કરી હતી. બધીયે કૃષ્ણની લીલા હતી.

જરા નહોતો જાણતો કે આજે એ જે રથને કારણે ભૂખ્યો રહ્યો હતો, એમાં કૃષ્ણ અને સુભદ્રા હતાં. અસ્પૃશ્યને તો કણકણમાં કૃષ્ણ અને કૃષ્ણની કૃપાનાં દર્શન થતાં હતાં. એણે

ભજન ગાવાનું શરૂ કર્યું.

રાત વધુ ને વધુ અંધારી અને શાંત થઈ ગઈ. ભારતનું સહુથી સમૃદ્ધ, સમર્થ નગર ગણાતું હસ્તિનાપુર ધીમેધીમે જંપી ગયું.

બ્રાહ્મણનો પ્રતિશોધ

સ્વસ્થતા જાળવવા માટેના ભીષ્મના તમામ પ્રયાસ નિષ્ફળ ગયા. ચિંતા અને ક્રોધનો બમણો માર ખમવાનું ભીષ્મ માટે પણ સહેલું નહોતું. થોડા દિવસ માટે એ વિદુરની સાથે હસ્તિનાપુરની બહાર ગયા, એટલીવારમાં ઘરઆંગણે ન થવાનું થઈ ગયેલું. એના મૂળમાં હતા ગુરુ દ્રોણ.

શિક્ષણ પૂરું થયા પછી, ગુરુ એમની દક્ષિણાના રૂપમાં જે માંગે એ શિષ્યએ આપવું જોઈએ, આ પ્રાચીન ભારતીય પરંપરા હતી. એકલવ્ય પાસેથી દ્રોણે એનો અંગૂઠો માંગ્યો તો નિશાદ તરુણે કંઈ પણ બોલ્યા વિના પોતાના હાથે જ વાઢીને અંગૂઠો આપી દીધેલો. પાંડવ અને કૌરવો પાસે દ્રોણે એમના અંગૂઠા નહોતા માંગ્યા, પણ જે માંગણી કરેલી એ અત્યંત કઠિન તો હતી જ. "પાંચાલના રાજા દ્રુપદને બાંધીને મારી સમક્ષ હાજર કરો." સત્તર વર્ષથી દ્રોણને બાળી રહેલો વૈરાગ્નિ આખરે આ શબ્દો વાટે બહાર નીકળ્યો.

સાંભળીને રાજકુમારો હેબતાઈ ગયા. માત્ર અશ્વત્થામા જાણતો હતો કે પિતાએ કરેલી માંગણી પાછળ શું કારણ હતું.

પાંચાલનો રાજકુમાર દ્રુપદ અને બ્રાહ્મણ પુત્ર દ્રોણ એમની યુવાવસ્થામાં પરશુરામના શિષ્ય હતા. વર્ષો સુધી સાથે રહેલા એ બે જણ વચ્ચે ગાઢ મિત્રતા બંધાઈ ગયેલી. અભ્યાસ પૂરો થયા પછી છૂટા પડવાનો સમય આવ્યો ત્યારે દ્રુપદે દ્રોણને કહ્યું હતું કે, ભવિષ્યમાં કોઈપણ પ્રકારની સહાયની જરૂર પડે તો દ્રોણે વિનાસંકોચે પાંચાલ આવીને મહેલના દરવાજા ખખડાવવા.

પરંતુ સમયની સાથે ઘણું બદલાઈ જતું હોય છે. દ્રુપદ રાજસિંહાસને બેઠા, અને છેલ્લા શ્વાસ સુધી જે મૈત્રી જાળવી રાખવાનું વચન આપેલું એ વિસારે પાડી બેઠા. વખાના માર્યા દ્રોણ ખરેખર જે દિવસે પાંચાલ આવ્યા, ત્યારે સહાય કરવાને બદલે દ્રુપદે એમનું ઘોર અપમાન કર્યું.

દ્રોણ આમ તો ભારે સ્વમાની હતા. પાંચાલ જતાં પહેલાં એમણે વર્ષો સુધી ગરીબી સહન કરી હતી. પરશુરામના એ તેજસ્વી શિષ્ય હતા. અનેક યોદ્ધા, રાજકુમારોને પરાજિત કરીને એમણે ધર્મવીરની ઉપાધિ મેળવી હતી. પરંતુ પછી એમની પ્રતિભાને શોભે એવું કામ શોધવા નીકળ્યા તો બધેથી જાકારો મળ્યો. લગ્ન થયાં, પુત્રનો જન્મ થયો, પણ દરિદ્રતાએ દ્રોણનો પીછો ન છોડ્યો. કોઈની પાસે હાથ લાંબો કરવાનું એમના સ્વભાવમાં નહોતું. પણ પછી પુત્ર માટેના સ્નેહે આ ટેકીલા બ્રાહ્મણને ભાંગી નાખ્યો. દ્રોણ પોતે તો કદાચ ભૂખ્યા મરી જવાનું સ્વીકારી લેત, પણ એક દિવસ એમણે અશ્વત્થામાને દૂધના નામે લોટ મેળવેલું પાણી પીતો જોયો. પડોસમાં વસતા છોકરાઓએ આ ક્રૂર મશ્કરી કરેલી. સમજણા થયા પછી જેણે ક્યારેય દૂધ નહોતું પીધું, એ બાપડો અશ્વત્થામા સાચા દૂધનો સ્વાદ નહોતો જાણતો. આ જોઈને દ્રોણને લાગ્યું કે હવે પોતાના ગર્વને બાજુએ મૂકવાનો સમય આવી ગયેલો. પત્ની અને પુત્ર સાથે પાંચાલ જવા નીકળેલા દ્રોણને ખાતરી હતી કે બાળપણનો મિત્ર સહાય કરશે, પણ એના આત્મસમ્માનને ઠેસ નહીં પહોંચવા દે.

પરંતુ નવીનવી મળેલી સત્તાએ દ્રુપદને અંધ કરી દીધેલો. એક સમયે એનાથી ચઢિયાતા પુરવાર થયેલા દ્રોણને લાચાર દશામાં જોઈને દ્રુપદે એની હાંસી ઉડાવી. દરબારમાં બેઠેલાં લોકો પણ દ્રોણની મશ્કરી કરવામાં જોડાયા. છેવટે ભીખનો ટુકડો ફેંકતો હોય એમ દ્રુપદે એક નાના ગામની પાઠશાળામાં દ્રોણને સામાન્ય શિક્ષક તરીકે ગોઠવી દેવાનું આશ્વાસન આપ્યું. રોષથી ભભૂકી ઉઠેલા દ્રોણે દ્રુપદને દ્વંદ્વયુદ્ધ માટે પડકાર ફેંક્યો તો એમના જૂના મિત્રે કહી દીધું, રાજા કોઈ ભિક્ષુક સામે લડે નહીં.

અપમાનિત દશામાં દ્રોણે પાંચાલ છોડ્યું, પણ પાંચાલનરેશ પ્રત્યેનો ધિક્કાર એમના મનમાં સંઘરાઈ રહ્યો. સત્તર વર્ષ પહેલાં થયેલાં અપમાનનો બદલો વાળવાનો સમય હવે પાકી ગયો હતો. બદલો લેવા માટે એમણે પોતે જવાની તસ્દી નહોતી લેવાની. ગુરુનો પડ્યો બોલ ઝીલવા માટે એમના એકસોને પાંચ શિષ્ય સામે ઊભા હતા. નાનકડા પાંચાલને હરાવવા માટે આમાંના બધાંએ જવાની જરૂર નહોતી. સુયોધન હસ્તિનાપુરનો યુવરાજ હતો. દ્રુપદને બાંધીને અહીં લઈ આવવાની જવાબદારી એના માથે નખાઈ.

સુયોધન માટે ધર્મસંકટ ઊભું થઈ ગયું. પાંચાલ હસ્તિનાપુરનું ખંડિયું રાજ્ય હતું. અર્થાત નિયમિતપણે ત્યાંના રાજા અહીં મોટી ખંડણી મોકલતા હતા. બદલામાં કોઈપણ સંકટ સમયે એમને સહાય કરવા માટે હસ્તિનાપુર બંધાયેલું હતું. હવે જેનું રક્ષણ કરવાની જવાબદારી લીધી હોય, એમના પર આક્રમણ કરવું એ રાજ્યધર્મની વિરુદ્ધ હતું. બીજી તરફ ગુરુનો બોલ કઈ રીતે ઉથાપી શકાય?

આવા સંજોગોમાં યોગ્ય સલાહ આપી શકે એવા ભીષ્મ અને વિદુર ગેરહાજર હતા. રાજા હોવાને નાતે ધૃતરાષ્ટ્ર પાસે અંતિમ નિર્ણય લેવાની સત્તા હતી, પરંતુ કદાચ દ્રોણ અને શક્તિશાળી બ્રાહ્મણજૂથને નારાજ કરવાની હિંમત અંધ રાજવીમાં નહોતી. પાંચાલ પર આક્રમણ કરવા માટે એમણે સંમતિ આપી દીધી. નાનકડું સૈન્ય લઈને સુયોધન ઊપડ્યો.

સુશાસન, કર્ણ અને અશ્વત્થામા એની સાથે જોડાયા, પણ જયદ્રથે સાથ આપવાની ચોખ્ખી ના પાડી દીધી. એનું સિંધ પણ હસ્તિનાપુરનું ખંડિયું રાજ્ય હતું. કાલે ઊઠીને એની સાથે પણ આવું થઈ શકે, એ વિચારે જયદ્રથને અસ્વસ્થ કરી મૂકેલો.

હસ્તિનાપુર રોકાઈ જવા માટે જયદ્રથ પાસે બીજું પણ કારણ હતું, સુશલા! સુયોધન આ જાણતો હતો, અને જયદ્રથ એનો બનેવી થાય એ સામે યુવરાજને વાંધો પણ નહોતો. જોકે અત્યારે તો એણે હાથ પર લીધેલા કાર્યની ચિંતા કરવાની હતી. દ્રોણાચાર્યએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધેલું કે સુયોધન આ કરવાની ના પાડે કે નિષ્ફળતાને વરે તો ગુરુદક્ષિણા આપવા માટે યુધિષ્ઠિર અને એના ચાર ભાઈઓ તૈયાર જ હતા.

સુયોધન એની સેના સાથે પાંચાલની રાજધાની કાંપિલ્ય પાસે પહોંચ્યો. ત્યાંની સીમાનું રક્ષણ કરી રહેલા સૈનિકોને એણે આસાનીથી પાડી પણ દીધા. પરંતુ પછી પોતાના માણસોના આશ્ચર્ય વચ્ચે એણે કિલ્લાની અંદર વસેલા નગર પર તૂટી પડવાને બદલે રાજાને શાંતિનો સંદેશ મોકલ્યો.

સુયોધનને લાગતું હતું કે જૂના મિત્રો વચ્ચે જે વૈમનસ્ય હતું, એને દૂર કરવા માટે રક્તપાત નહીં, શાંતિ અને સમજાવટની જરૂર હતી. દ્રુપદે સમાધાનની વાત તરત સ્વીકારી લીધી. સુયોધન અને એની સાથે આવેલા મિત્રને આવકારવા માટે એ તૈયાર થઈ ગયા.

શસ્ત્રહીન સુયોધન પાંચાલના દરબારમાં પ્રવેશ્યો. સાથે સુશાસન અને કર્ણ હતા. મુખ્ય પ્રવેશદ્વાર પર ઊભેલા પડછંદકાય શિખંડીએ એમનું સ્વાગત કર્યું. પછી માનવંતા મહેમાનને આવકારતા હોય એમ દ્રુપદ, એમના પુત્ર ધૃષ્ટદ્યુમ્ન સાથે હાથ જોડીને ઊભા રહ્યા. બધાંયનું સ્વાગત કર્યું. યુવાની અને સત્તાના કેફમાં એણે દ્રોણનું અપમાન કરવાની ભયંકર ભૂલ કરેલી. એનું પ્રાયશ્ચિત્ત કરવાની શરત દ્રુપદે સ્વીકારી લીધી. ક્ષમાયાચના માટે પોતે હસ્તિનાપુર આવશે એવું વચન આપ્યું. યુદ્ધ ટળી ગયું.

યોગાનુયોગ એ દિવસે પાંચાલનરેશની પુત્રી અઢાર વર્ષની થઈ હતી. એ નિમિત્તે યોજાયેલી ઉજવણીમાં ભાગ લેવા માટે દ્રુપદે એના અતિથિઓને ખૂબ આગ્રહ કરીને રોકી પાડ્યા. એ રાતે કર્ણએ પહેલવહેલીવાર દ્રૌપદીને જોઈ અને જોતાંની સાથે મુગ્ધ થઈ ગયો. દ્રૌપદી પણ આ સોહામણા યુવાનને જોઈ રહી.

દ્રૌપદી જેટલા જ દેખાવડા, એના ભાઈ ધૃષ્ટદ્યુમ્નએ એમની ઓળખાણ કરાવી. દ્રૌપદીએ સસ્મિત વદને હાથ જોડીને નમસ્કાર કર્યા, પણ કર્ણ તો એને તાકી રહેવા સિવાય બીજું કંઈ કરી જ ન શક્યો. એના હૃદયના ધબકારા વધી ગયેલા. દેશના શ્રેષ્ઠ ધનુર્ધારીને પાંચાલની શ્યામવર્ણી સુંદરીએ માત્ર એક સ્મિતથી પરાજિત કરી દીધો હતો. એક શબ્દ બોલવા જેટલી શક્તિ પણ એનામાં નહોતી રહી. કર્ણનું મૌન નહીં તૂટે એવું લાગ્યું, ત્યારે દ્રૌપદી પાછું સ્મિત આપીને નમસ્કાર કરીને જતી રહી. જોકે પછીયે એની આંખ ફરીફરીને કર્ણ પર જ ઠરતી રહી.

આ બધું જોઈ રહેલા ધૃષ્ટદ્યુમ્નએ થોડીવાર પછી આવીને કર્ણના કાનમાં ફૂંક મારી. “થોડા સમય પછી દ્રૌપદીનો સ્વયંવર થવાનો છે. હું તમને એમાં ભાગ લેવા માટે આમંત્રણ મોકલીશ. કર્ણ, તમે આવજો અને શૌર્યવાન યોદ્ધાની જેમ મારી બહેનને જીતી જજો.”

એક તરફ ચૂપચાપ ઊભેલો શિખંડી બધું જોઈ રહ્યો હતો. પાંચાલના દરબારમાં એણે જ સુયોધન અને એના સાથીદારોને આવકાર્યા હતા. દ્રુપદનો એ દત્તક પુત્ર હતો. પડછંદકાય શિખંડીને જોઈને અશ્વત્થામા તો ઘડીક મૂંઝાઈ ગયેલો કે એ સ્ત્રી હતો કે પુરુષ, પરંતુ પછી કર્ણએ એને જાણ કરેલી કે શિખંડી વ્યંઢળ હતો.

* * *

બીજે દિવસે કાંપિલ્યમાંથી નીકળ્યા પછી કર્ણને જોકે દ્રુપદ, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, એ બધામાંથી કોઈ યાદ નહોતું. એને તો જ્યાં જુએ ત્યાં દ્રૌપદી જ દેખાતી હતી.

પ્રવાસ દરમ્યાન એક અતિ કંગાળ લાગતા ગામમાં કર્ણએ રોકાઈ જવાનો આગ્રહ કર્યો. ત્યાંના લોકોને બે ટંક પૂરતું ખાવાના તો ઠીક, પીવા માટે પાણીનાંયે ફાંફાં હતા. સુયોધને એના સૈનિકોને અહીં એક કૂવો ખોદવાનો આદેશ આપ્યો. આવું કામ કંઈ રાતોરાત ન થઈ જાય. બીજા ચાર દિવસ ત્યાં રોકાઈ જવું પડ્યું. પણ છેવટે કૂવામાં પાણી દેખાયું ત્યારે બધાંને જે આનંદ થયો એની સામે આટલા વિલંબ કે મહેનતની કોઈ વિસાત નહોતી.

કૂવાની દીવાલ પર અશ્વત્થામાએ મજાકમાં લખ્યું, `દ્રૌપદીની વાવ', સુયોધન જાણતો હતો કે આ કર્ણની મશ્કરી કરવા માટે લખાયું હતું. દ્રૌપદી પ્રત્યેની કર્ણની લાગણી કોઈનાથી છૂપી નહોતી રહી. એને જોઈને સુયોધનને હવે સુભદ્રાની યાદ વધુ ને વધુ સતાવવા લાગી હતી.

સેના હસ્તિનાપુરની નજીક પહોંચી. પાંચાલથી પાછા ફરતી વખતે એમની ગતિ સહેજ ધીમી પડેલી, કારણકે દ્રુપદે ભેટ તરીકે આપેલા પચાસ અશ્વ, એકસો ગાય, સુવર્ણમુદ્રા અને રત્નોથી ભરેલા બે બળદગાડા પણ એમની સાથે હતા.

આમ તો યુદ્ધના નિયમ અનુસાર પરાજિત રાજાએ વિજેતાને આટલું આપવું જ પડે, પણ દ્રુપદે આ બધું `ગુરુને ભેટ' તરીકે આપ્યું. સુયોધને એ સ્વીકારીને પાંચાલરાજની આબરૂ સાચવી લીધી. એને ખાતરી હતી કે પોતે દાખવેલી વિવેકબુદ્ધિ અને વ્યવહાર કુશળતાની પ્રશંસા થશે. દ્રુપદે પોતાની ભૂલ સ્વીકારી અને થોડા સમયમાં હસ્તિનાપુર આવીને એ રૂબરૂમાં દ્રોણની ક્ષમા માંગશે, આ સાંભળીને ગુરુ પણ પ્રસન્ન થશે.

કમભાગ્યે સુયોધનની માન્યતા ખોટી પડી. હસ્તિનાપુર પહોંચ્યા ત્યારે સામાન્ય લોકોએ વિજેતા યુવરાજને વધાવ્યો, પણ દ્રોણાચાર્ય રોષથી કાળઝાળ હતા. એમણે તો બસ દ્રુપદને બંદીના રૂપમાં જોવાની અપેક્ષા રાખેલી. “થોડી સુવર્ણમુદ્રાના બદલામાં તેં તારા ગુરુની પ્રતિષ્ઠા અને સમ્માન વેચી નાખ્યા... તું કાયર છે... દ્રુપદ સામે લડવાની હિંમત તારામાં નહોતી... કદાચ એણે તને પરાજિત કર્યો, એટલે પાછા ફરતી વખતે તું નાનાં ગામડાં ગામને લૂંટીને આ બધું લઈ આવ્યો...” ગુરુ ક્રોધભેર વરસી પડ્યા.

દ્રોણના રોષમાં ધૌમ્ય અને બીજા બ્રાહ્મણોએ ઘી હોમ્યું. છેવટે સુયોધન પર છેલ્લો વાર કરતા હોય એમ ગુરુએ અર્જુનને આદેશ આપ્યો, “જા, હવે તું મારી ઇચ્છા પૂરી કર.”

અર્જુન તૈયાર જ હતો. સુયોધન કંઈ કરી શકે, એ પહેલાં તો હજારોનું સૈન્ય લઈને પાંડવો પાંચાલ ભણી ધસી ગયા. આ વખતે સમાધાન કે શાંતિની કોઈ વાત ન થઈ. અર્જુનની આગેવાની હેઠળ હસ્તિનાપુરની સેનાએ કાંપિલ્યને ધમરોળી નાખ્યું. સેંકડો લોકો મરી ગયા. નગર ખેદાનમેદાન થઈ ગયું. પાંચાલના રાજા દ્રુપદ અને એના બે પુત્ર ધૃષ્ટદ્યુમ્ન અને શિખંડીને કોઈ પશુની જેમ ગાડાં સાથે બાંધીને પાંડવો હસ્તિનાપુર લઈ આવ્યા.

દ્રોણ માટે એમના જીવનની આ સહુથી ધન્ય ઘડી હતી. પાંચાલનો રાજા એમના પગમાં પડ્યો હતો. સત્તર વર્ષ પહેલાં થયેલા અપમાનનો હવે બદલો લેવાનો હતો. એમણે દ્રુપદના માથા પર લાત મારી. પણ આ કર્યા પછી એમનો રોષ ઊતરવાને બદલે વધુ ભડકી ઊઠ્યો. ભર્યા દરબારમાં દ્રુપદે એમને સંભળાવેલા કડવા શબ્દ યાદ કરીને એમણે એ ઘમંડીના મોઢા પર બીજી લાત મારી અને પછી…

એ જ વખતે ભીષ્મનું આગમન ન થયું હોત તો કોણ જાણે શું થાત. પરંતુ ખરે ટાંકણે પિતામહ આવી પહોંચ્યા. જે રાજ્ય હસ્તિનાપુરના રક્ષણ હેઠળ હતું, એના રાજા અને રાજકુમારોને આવી દશામાં જોઈને ભીષ્મ સ્તબ્ધ થઈ ગયા. એમણે સાંભળ્યું કે, સત્તર વર્ષ પહેલાં દ્રોણનું જે અપમાન કરાયેલું, એનું વેર લેવા માટે આ થયું હતું, ત્યારે તો એમના રોષનો જ્વાળામુખી ફાટી પડ્યો.

પાંચાલ પર આક્રમણ માટે સંમતિ આપનાર ધૃતરાષ્ટ્ર, પહેલીવાર ત્યાં ચઢાઈ કરનાર સુયોધન, એના પછી ગયેલા પાંડવો, આ બધાં પિતામહના ક્રોધાગ્નિની ઝપટમાં આવી ગયા. વર્ષો પહેલાં એક બ્રાહ્મણનું અપમાન થયેલું, એ મુદ્દે હસ્તિનાપુરે એના રક્ષિત રાજ્ય સાથે વિશ્વાસઘાત કર્યો, યુદ્ધ કર્યું. ત્યાંના મિત્રરાજા સાથે અમાનુષી વર્તણૂક કરી, એ વાતે ભીષ્મને વિક્ષુબ્ધ કરી દીધેલા. દ્રોણ બ્રાહ્મણ હતા, રાજ્યગુરુ હતા, એ વાત બાજુએ મૂકીને ભીષ્મે એમને પણ પુષ્કળ ખરીખોટી સુણાવી.

ભીષ્મને વધુ દુઃખ કહો કે રોષ, એ વાતનો હતો કે આ કૃત્ય બદલ પાંડવોને કોઈ પસ્તાવો નહોતો. ઊલટું એમને લાગતું હતું કે ગુરુની આજ્ઞા માનીને એમણે એમના ધર્મનું પાલન કર્યું હતું. ગુરુ પોતે પણ કંઈ ખોટું થયાનું નહોતા માનતા. હા, ભીષ્મનો ગુસ્સો જોઈને છેવટે એમણે દ્રુપદ સાથેની શત્રુતા ભૂલી જવાનું સ્વીકાર્યું.

દ્રુપદે પણ પછી વાત આગળ વધારવાને બદલે દ્રોણની મિત્રતા અને ભીષ્મની ક્ષમાયાચના સ્વીકારી લીધી. રાત પડી ત્યાં સુધીમાં તો બધાં સાથે મળીને ભોજન લઈ રહ્યા હતા.

દ્રુપદના પુત્રોમાં, એમના પિતા જેવી ઉદારતા કે રાજકારણમાં દાખવવી પડે એટલી વ્યવહારદક્ષતા નહોતી. એક તરફ ઊભેલા અશ્વત્થામા પાસે જઈને ધીમા પણ ધગધગતા અવાજે ધૃષ્ટદ્યુમ્ન બોલ્યો, “દુષ્ટ બ્રાહ્મણ, અમે તમારામાં વિશ્વાસ મૂક્યો, યુદ્ધ ન કરવું પડે એટલે પુષ્કળ ધન આપ્યું. પણ તમે આવું છળકપટ કર્યું. અમને પશુની જેમ ઘસડી લાવ્યા, મારા પિતાની આવી દુર્દશા કરી. કાયર, યાદ રાખજે તારે અને તમારા ગુરુએ આ કૃત્યની ભારે મોટી કિંમત ચૂકવવી પડશે. એ ઘરડા બ્રાહ્મણના ધડ પર હું એક દિવસ માથું નહીં રહેવા દઉં!”

“ખબરદાર, મારા પિતા વિશે એક શબ્દ પણ વધુ ઉચ્ચાર્યો છે તો!” કહીને અશ્વત્થામાએ ધૃષ્ટદ્યુમ્નનું ગળું પકડી લીધું. જોતજોતામાં બંને જણ મારામારી પર આવી ગયા. કર્ણ અને સુયોધન એમને છૂટા પાડવા માટે દોડી ગયા.

“મિત્ર, ક્ષમા કરી દો. ભૂતકાળને ભૂલી જાવ.” સુયોધને વિનંતી કરી. જવાબમાં ધૃષ્ટદ્યુમ્ન જમીન પર જોરથી થૂંક્યો અને ધમધમ કરતો જતો રહ્યો. એની પાછળ દોડવા જતા અશ્વત્થામાને કર્ણએ ઝાલી રાખ્યો.

એમની પાછળ ઊભેલા શિખંડીએ કદરૂપું લાગે એવું સ્મિત વેર્યું. સુયોધન પાસે જઈને કોઈ

સ્ત્રીની જેમ એના ગાલે સ્પર્શીને એ બોલ્યો, “યુવરાજ, મારા ભાઈને દ્રોણનું માથું જોઈએ છે, પણ જાણે છે, મારા મનમાં કોણ વસી ગયું છે? – તમારા પિતામહ. જોજે, એક દિવસ એ મારા હાથમાં હશે.”

આટલું કહીને ત્યાંથી નીકળી ગયેલા શિખંડીએ જતાંજતાં કર્ણના ગાલ પણ પંપાળી લીધા. કર્ણને એ વ્યંઢળના સ્પર્શથી કમકમા આવી ગયા. સુયોધને હતાશભાવે માથું ધુણાવ્યું. એમની ફરતે ધિક્કારનું વર્તુળ વધુ ને વધુ મોટું થઈ રહ્યું હતું.

* * *

આખોયે દુઃખદ પ્રસંગ ભૂલી જવાનું વચન આપીને દ્રુપદ પાછા પાંચાલ જતા રહ્યા. સુયોધન સાથે એમણે જે ધન અને ભેટસોગાદો મોકલ્યા હતા, એ પાછા આપવાનો ભીષ્મનો આગ્રહ દ્રુપદે નમ્રભાવે નકારી કાઢ્યો. એનું કહેવું હતું કે, ગુરુ અને બ્રાહ્મણને આપેલી ભેટ પાછી લેવાય નહીં.

ગુરુ દ્રોણને પોતાને તો ધનલાલસા હતી જ નહીં. દ્રુપદે જે મોકલ્યું, એ બધું એમણે તત્કાળ બ્રાહ્મણોને વહેંચી દીધેલું. બ્રાહ્મણોએ મોટી દક્ષિણા મેળવીને દ્રુપદને આશીર્વાદ આપ્યા. દ્રોણ અને દ્રુપદે એકબીજાને ગળે મળીને મૈત્રી પુનર્જીવિત કરી, કે પછી એવો દેખાવ કર્યો. ઉપરઉપરથી બધું શાંત પડી ગયું હોય એવું લાગતું હતું. પરંતુ ભીષ્મના મનમાં અજંપો હતો. વિદુર પણ અસ્વસ્થ હતા.

બંને જણ સમજતા હતા કે જે થયું એ બહુ ભયાનક હતું. હસ્તિનાપુરે પોતાના ખંડિયા રાજ્ય સાથે કેવો વર્તાવ કર્યો, એ વાત બધે પહોંચવાની હતી. એમના સદ્ભાગ્યે દક્ષિણમાં પરશુરામ હજી મૂર્છાવશ હતા. બાકી આવા સંજોગોમાં તો એ પણ ચઢી આવત. અલબત્ત પરશુરામનો પ્રભાવ તો એમની ગેરહાજરીમાં પણ પ્રસરી રહ્યો હતો.

ઉત્તરભારતનાં રાજ્યોમાં વધુ ને વધુ જડ બની રહેલી વર્ણપ્રથા ભીષ્મને ચિંતિત કરી રહી હતી. હસ્તિનાપુરમાં ધૌમ્યની વગ વધી રહી હતી. રૂઢિચુસ્તો કુંતી અને પાંડવોનો પક્ષ લઈને ત્રાસ આપવા લાગેલા. આ બધું ગમે તે ભોગે રોકવું જરૂરી હતું. છેવટે બહુ વિચારીને ભીષ્મએ નિર્ણય કરી લીધો કે કુંતી અને પાંડવોને હસ્તિનાપુરથી દૂર મોકલી દેવાં.

ભીષ્મનો રોષ સહેજ ઠંડો પડ્યો, ત્યારે વિદુરે સૂચન કર્યું કે હસ્તિનાપુરથી ખાસ્સા અંતરે આવેલા વારણાવત નામના ગામમાં પાંડવોને રહેવા માટે મોકલી શકાય. જોકે એમને મોકલતાં પહેલાં ત્યાં રાજપરિવાર રહી શકે એવી વ્યવસ્થા કરવી પડે.

બને એટલી ઝડપે વાતાવરણમાં રાજમહેલ ઊભો કરી શકે એવો માણસ શોધી કાઢવાની સૂચના ભીષ્મે આપી દીધી. ખર્ચની ચિંતા નહોતી કરવાની. બસ, આ કાર્યમાં વિલંબ ન થવો જોઈએ. આ કાર્ય કરી શકે એવા એક હોંશિયાર માણસને વિદુર ઓળખતા હતા.

* * *

“ફૈબા, તમારી સાથે જે પણ બને એ બધામાં ગાંધારીનો વાંક કાઢવાનું છોડી દો. હા, શકુનિની વાત જુદી છે.” બારી પાસે બેઠેલા કૃષ્ણએ કહ્યું.

“કૃષ્ણ, અમને વારણાવત મોકલવાનું નક્કી થયું, એમાં મને તો મોટા કાવતરાની ગંધ આવે છે. ધૃતરાષ્ટ્ર એટલા દુષ્ટ નથી. પિતામહ પણ ભલા છે, પરંતુ કોઈ એમના કાનમાં ઝેર રેડી રહ્યું છે. ગાંધારી તો કાવાદાવા કરે જ છે, અને કદાચ પેલો વિદુર પણ...” કુંતીએ શંકા વ્યક્ત કરી.

“વિદુર કોઈનો શત્રુ નથી અને મિત્ર પણ નથી. એ એક જ માણસ એવો છે જેને કોઈ અંગત સ્વાર્થ નથી.” કૃષ્ણએ કુંતીનું વાક્ય અડધેથી કાપી નાખતા કહ્યું.

“તો પછી પિતામહ આટલા ગુસ્સે થયા, ત્યારે વિદુરે કેમ એમને સમજાવ્યા નહીં કે અર્જુન તો ગુરુ પ્રત્યેની એની ફરજ જ નિભાવી રહ્યો હતો?” કુંતીએ પૂછ્યું.

કૃષ્ણએ છાશના કટોરામાંથી એક ઘૂંટ ભર્યો અને પછી કુંતી સામે સ્મિત કરતાં કહ્યું, "અર્જુન હંમેશાં એની ફરજ નિભાવે છે. એનો આ ગુણ મને સહુથી વધુ ગમે છે."

"મેં મારા પુત્રોનો યોગ્ય ઉછેર કર્યો છે. હું પેલી ગાંધારી જેવી નથી જેણે સુયોધનને આટલો બગાડી મૂક્યો. નાનપણમાં એ કેવો મીઠડો છોકરો હતો! જોકે વિદેશી નારી પાસેથી બીજી શું અપેક્ષા રાખી શકાય!" કુંતીએ મોઢું મચકોડ્યું.

"સુયોધન છે બહુ હોંશિયાર. જુઓને પેલા સૂતને રાજા બનાવીને, સામાન્ય પ્રજાનો તો એ લાડકો થઈ પડ્યો. કાશ, કર્ણ આપણા હાથમાં આવી ગયો હોત!" બારીની બહાર જોઈ રહેલા કૃષ્ણ બોલ્યા.

ખંડમાં થોડીવાર મૌન પથરાઈ ગયું. કૃષ્ણએ પાછું કુંતી તરફ જોયું અને ચિંતાભેર પૂછી લીધું, "અરે, તમને શું થઈ ગયું? કેમ આટલાં ફિક્કાં પડી ગયાં? તમારી તબિયત તો સારી છે ને?"

"કંઈ નહીં, આજે બહુ ગરમી છે ને." કુંતીએ ઝટ કહી દીધું.

"એ સૂત બહુ મોટી સમસ્યા ઊભી કરવાનો છે." કૃષ્ણએ કુંતી સામે ધારદાર નજરે જોતાં કહ્યું, "પણ ચિંતા નહીં કરતા. હું તમારા પુત્રોનો વાળ પણ વાંકો નહીં થવા દઉં. જગતમાં અર્જુનથી વધુ પ્રિય મને બીજું કોઈ નથી. સમય આવ્યે હું જ એના ધ્રૂજતા હાથને સ્થિર કરીશ. દુર્યોધનનો વર્તાવ જોતાં લાગે છે કે બહુ જલદી યુદ્ધની ઘડી આવી જશે."

"યુદ્ધનો વિચાર સુધ્ધાં મને ધ્રુજાવી દે છે." કુંતી બોલી.

કૃષ્ણએ માથું હલાવ્યું. "રક્તપાત તો મને પણ નથી ગમતો. યુદ્ધના ભયાનક પરિણામથી હું જ્ઞાત છું, પણ હવે બીજો કોઈ રસ્તો નથી. દુર્યોધન એના મિત્રો સાથે મળીને આખુંયે સામાજિક માળખું ધરાશાયી કરી દેશે. જાતિવ્યવસ્થામાં કંઈ સારું કે પવિત્ર નથી એ હું જાણું છું, પરંતુ ચાતુર્વર્ણ્યને કારણે સમાજ ટકી રહ્યો છે. દરેક જણ પોતપોતાના સ્થાન અને કર્તવ્યથી માહિતગાર છે. લોકો જો દુર્યોધનના માર્ગે ચાલ્યા તો અંધાધૂંધી ફેલાઈ જશે, પ્રજાજનો અંદરોઅંદરની અમસ્તી સ્પર્ધામાં ખુવાર થઈ જશે. આવું થાય એ સમાજના હિતમાં નથી. મને લાગે છે કે ખાસ હેતુસર મારો જન્મ થયો છે. આદર્શ સમાજવ્યવસ્થા મારે જાળવી રાખવાની છે."

"કૃષ્ણ, તમારી વાત સમજી શકું એટલી બુદ્ધિ મારામાં નથી. મારી એક જ વિનંતી છે કે, હસ્તિનાપુરની રાજગાદી પર મારા પુત્રને બેસાડવામાં તમે મારી સહાય કરો. જીવતેજીવત હું ગાંધારીના પુત્રોને શાસન કરતા નહીં જોઈ શકું. પણ શત્રુઓ બહુ શક્તિશાળી છે અને અમે એકલા..." કુંતી રડમસ થઈ ગઈ.

કૃષ્ણ ઊભા થયા, "ફૈબા, તમારો સંદેશ મળ્યો એટલે હું કામકાજ છોડીને અહીં દોડી આવ્યો, પણ હવે મારે જલદી દ્વારકા પહોંચવું પડશે. રાજાનું કહેવું માનીને તમે વારણાવત જતા રહો. ત્યાં કોઈ જોખમ હશે તોયે એમાંથી નીકળવાનો માર્ગ આપણે શોધી કાઢશું. અને હા, દુર્યોધન સામે લડવા માટે તમને શક્તિશાળી મિત્રોની આવશ્યકતા છે. કમભાગ્યે, દ્રોણાચાર્યની વાત માનીને અર્જુને દ્રુપદ સાથે શત્રુતા વહોરી લીધી, પણ ચાલો, પરિસ્થિતિ સુધારવાનો પ્રયાસ હું કરી જોઉં. દ્વારકા જતાંજતાં, રસ્તામાં પાંચાલરાજને મળતો જઈશ."

"કૃષ્ણ, અમે શું કરશું?"

"વારણાવત જતા રહો. સામેવાળાની જેમ રમત રમતા શીખી જાવ. જરૂર પડે ત્યાં નિર્દય થવામાં ખચકાવું નહીં. યાદ રાખજો, અસ્તિત્વ ટકાવી રાખવું એ સહુથી મોટો ધર્મ છે. શાસ્ત્રોમાં લખ્યું છે કે, જીવિત રહેવા માટે જે પણ કરવું પડે એમાં કોઈ પાપ નથી. એને આપાત ધર્મ કહે છે."

"કૃષ્ણ, અમારી સાથે રહેજો."

"અવશ્ય. છેવટ સુધી હું તમારી અને તમારા પાંચ પુત્રોની સાથે રહીશ." કૃષ્ણએ કુંતીના ચરણસ્પર્શ કરીને વિદાય લીધી.

કૃષ્ણએ એના પાંચ સંતાનોની રક્ષા કરવાનું વચન આપ્યું હતું, પણ કુંતીના મનમાં જાગી ગયેલું તોફાન કેમેય કરીને શમવાનું નામ નહોતું લેતું.

* * *

"એવા ખબર લાવ્યો છું કે સાંભળીને તમે મારા માથે સોનાનો વરસાદ કરી દેશો." પુરોચને કહ્યું.

"વાતમાં મોણ નાખ્યા વિના સીધે સીધું બોલી નાખ." શકુનિએ કહ્યું.

"તો સાંભળો, વારણાવતમાં પાંડવો માટે રાજમહેલ બનાવવાનું કામ વિદુરે મને સોંપ્યું છે."

"એમાં મને શું?" શકુનિએ કહી દીધું, પણ પછી એના મનમાં એક યોજના ઘડાવા લાગી. લાંબા સમય સુધી એ વિચારતો રહ્યો. પુરોચન મોઢું ચઢાવીને બેસી રહ્યો. છેવટે શકુનિએ મૌન તોડ્યું. પુરોચનને ખરેખર સોનાના વરસાદમાં નાહવું હોય તો શું કરવું પડશે એ કહ્યું.

"શું કહ્યું? તમારે લાખનો મહેલ બનાવવો છે? પણ એ તો બહુ જોખમી કામ છે." પુરોચને શંકા દાખવી.

"સહેલા કામના આટલા પૈસા ન મળે." શકુનિએ રોકડું પરખાવ્યું.

ભાવતાલ નક્કી કરીને પુરોચન છેવટે ગયો. શકુનિનું મન થનગનતું હતું. `છ' એણે પાટ પર પાસા ફેંકતાં કહ્યું. ત્રણ ત્રણની સંખ્યા દેખાડીને પડેલા બે પાસાં, ફરી એકવાર શકુનિને કહી ગયા કે, રમત એના ધાર્યા મુજબ આગળ વધી રહી હતી.

બધું યોજના પ્રમાણે ચાલ્યું તો વારણાવતમાં બનેલો લાક્ષાગૃહ મહેલ એક રાતે ભડભડ સળગી ઊઠશે. જોકે, પાંડવો આમાંથી હેમખેમ બહાર નીકળી જવા જોઈએ. શકુનિ નહોતો ઇચ્છતો કે વારણાવતમાં પાંડવો અને કુંતી જીવતા બળી મરે.

એવું થાય તો વાત ત્યાં જ પતી જાય. યોગ્ય સમયે સુયોધન રાજગાદી પર આવી જાય, અને એના કમભાગી પિતરાઈઓને બધાં ભૂલી જાય. પણ શકુનિને આ મંજૂર નહોતું. એને જોઈતું હતું કે બળતા ઘરમાંથી પાંડવો સુરક્ષિતપણે નીકળી જાય, પરંતુ એમને મારવાનું કાવતરું સુયોધને ઘડેલું, એ વિચાર સાથે લેતાં જાય અને પછી એમાંથી ભયાનક ભડકો થાય.

અહીં વિદુરનો ઉપયોગ કરવાનો હતો. વારણાવતમાં પાંડવોને મારવાની યોજના થઈ છે, એ વાત મૂર્ખ મહા અમાત્યના કાને પહોંચાડવાની હતી. શકુનિને ખાતરી હતી કે, પછી પાંડવોને સુરક્ષિત રાખવાનું કામ વિદુર સંભાળી લેશે.

વિચારોમાં રાત વીતી ગઈ. સવારે પૂર્વમાં સૂર્યોદય થયો. શકુનિએ એના ભણી પીઠ ફેરવીને પશ્ચિમમાં જોયું. અને રોજની જેમ એની માતૃભૂમિના ઉજ્જ્વળ ભાવિ માટે પ્રાર્થના કરી.

લાક્ષાગૃહ

"ચાલો, આજે તમને એ સ્થળે લઈ જાઉં, જ્યાં આપણું નવું ઘર બનવાનું છે." વિદુરે સવારના પહોરમાં આ જાહેરાત કરી, ત્યારે પાર્ષવીને પહેલાં તો પોતાના કાન પર ભરોસો જ ન બેઠો. ખરેખર, વર્ષોની એની ઇચ્છા પૂરી થવાની હતી?

પત્ની અને બે બાળકોની સાથે વિદુર ઘરની બહાર નીકળ્યા, ત્યારે ભીષ્મે એમના માટે મોકલેલો રથ રાહ જોતો ઊભો હતો. આટલાં વર્ષોમાં પહેલીવાર મહા અમાત્યે એક દિવસની રજા માંગી, એનો આનંદ પિતામહને હતો. રાજ્યની કોઈ વસ્તુ પોતાના અંગત વપરાશમાં ન લેવી, એવો આગ્રહ રાખતા વિદુરને આ રથમાં બેસતાં ખચકાટ થયો. પણ જીવનમાં પ્રથમવાર આવા વૈભવી રથમાં બેસવાની તક મળી, એનાથી રાજીના રેડ થઈ ગયેલા પરિવારજનો સામે એણે છેવટે નમતું મૂકવું પડ્યું.

હસ્તિનાપુર નગર દૂર ને દૂર થતું ગયું, તેમ તેમ જોકે પાર્ષવીની મૂંઝવણ વધતી ગઈ. પછી લગભગ જંગલ કહી શકાય એવા સ્થળે જઈને રથ ઊભો રહ્યો, ત્યારે એને ફાળ પડી. સ્વામી અહીં રહેવાની વાત કરતા હતા? વસ્તીથી દૂર આ નિર્જન સ્થળે ગમે તેટલું ભવ્ય ઘર બને, તોયે એને ચલાવવું કઈ રીતે? આસપાસ કોઈ બજાર, દુકાન કે નાની સરખીયે લોકવસ્તી નહોતી.

અને પછી વિદુરે પત્નીને બીજો આંચકો આપ્યો, "આ ઘર હું મારી જાતે, મારા પોતાના હાથે બનાવવાનો છું."

માતાની મનોસ્થિતિથી અજાણ છોકરાઓ તો બાજુમાં ખળખળ વહી રહેલા ઝરણામાં જઈને કૂદી પડ્યા. વાતાવરણ અત્યંત રમણીય હતું. પક્ષીઓ અને બાળકોની કિલકિલારીઓ સિવાય અહીં બીજો કોઈ અવાજ નહોતો. સેંકડો રંગબેરંગી પતંગિયાં અહીંતહીં ઊડી રહ્યાં હતાં. શીતળ પવન ઊંચાં વૃક્ષોને ડોલાવી રહ્યો હતો. વિદુર હવામાં હાથ હલાવીને એના ઘરનો નકશો દોરવામાં પડી ગયો. પાર્ષવીએ ઉપરછલ્લો ઉત્સાહ દાખવ્યો. એનું મન કહેતું હતું કે આ ઘર ક્યારેય નહોતું બનવાનું. પરંતુ પતિ સાથે આવા વાતાવરણમાં થોડો સમય વિતાવવાની તક મળી હતી, એનો આનંદ એ ખોવા નહોતી માંગતી. બધીયે શંકાકુશંકા, ચિંતાઓ એણે પ્રયત્નપૂર્વક બાજુએ ખસેડી દીધી. દિવસ આખો આનંદપ્રમોદમાં વીતી ગયો. હસતાંરમતાં ચારેય જણ મોડી સાંજે ઘેર પાછાં ફર્યાં.

આખો વિદુર પરિવાર નિરાંતે, આનંદભેર સાથે રહ્યો હોય, એવો એ છેલ્લો સુંદર દિવસ હતો. બીજા દિવસથી વિદુર પાછા એના કામકાજમાં લાગી ગયા. હવે એમને બીજી ધૂન વળગેલી. વ્યસ્ત જીવનમાં જ્યારે પણ થોડો ખાલી સમય મળે, ત્યારે એ જંગલમાં દોડી જતા. કોઈની મદદ લીધા વિના પોતાનું ઘર બનાવવાની જીદ વિદુરને જંપવા નહોતી દેતી. શરૂઆતમાં પુત્રો એમની સાથે જતા, પરંતુ પછી એમણે રસ ગુમાવી દીધો. વિદુર વિદ્વાન હતા, હસ્તિનાપુરના મહા અમાત્ય હતા, કોઈ કડિયા કે કારીગર નહીં. મકાન બાંધવાનું એમનું કામ નહોતું, પરંતુ એ સ્વીકારવા તૈયાર નહોતા. સમય વીતતો ગયો. વિદુર જેટલું ઊભું કરે, એને પવનનો સપાટો કે વરસાદનો માર ધરાશયી કરી દેતો. એ બબડતા, થોડો સમય મોઢું ચઢાવીને ફરતા અને પાછા કામે લાગી જતા. હસ્તિનાપુરના લોકોને મજાક કરવાનો એક નવો વિષય મળી ગયો હતો.

* * *

જંગલના બીજા એક ખૂણે રહેતા એકલવ્યને ધૂન વળગી હતી, અર્જુનથી ચઢિયાતા બાણાવળી બનવાની.

વિદુરની જેમ જ એકલવ્યની જીદ પણ એના પરિવારને દુઃખી કરી રહી હતી. ફરક એટલો કે નિશાદના ઘરવાળા ભૂખ્યા મરવાને આરે પહોંચી ગયેલા.

દ્રોણાચાર્યએ એનો અંગૂઠો માંગી લીધો, એ પછી એકલવ્યએ વિશ્વના શ્રેષ્ઠ ધનુર્ધારી બનવાનું સપનું છોડી દીધેલું. કાકી અને એનાં બાળકોનું પેટ ભરવાની જવાબદારી એકલવ્યના શિરે હતી, પણ અંગૂઠો ગુમાવ્યા પછી શિકાર કરીને ભોજન લાવવાનું એકલવ્ય માટે બહુ કઠિન થઈ ગયેલું. છેવટે એણે નગરમાં માથે મેલું ઉપાડવાનું કામ સ્વીકારી લીધું.

શ્રીમંતોના શરીરમાંથી રોજ નીકળતો કચરો ભેગો કરીને, માથે તગારું મૂકીને એ દૂરદૂર ફેંકવા જતો. જેમની ગંદકી સાફ કરતો હતો, એ જ લોકો એને અસ્પૃશ્ય ગણતા હતા. એકલવ્યને પોતાને પોતાનું શરીર સતત ગંદું, ગંધાતું લાગતું હતું. દિવસમાં ચારવાર સ્નાન કર્યા પછીયે જાણે કાયા પર ચઢેલો મેલ સાફ નહોતો થતો. પરંતુ આ જ કામમાંથી જે થોડુંઘણું વળતર મળતું હતું, એનાથી મા જેવી કાકી અને નાના ભાઈઓની ભૂખ શમતી હતી.

પણ પછી એક દિવસ એકલવ્યએ સૂતપુત્ર કર્ણના કપાળે યુવરાજ સુયોધનના હાથે રાજતિલક થતું જોયું. એના સૂતેલાં સપનાં જાગી ઊઠ્યાં. નિશાદ યુવાને ફરીથી હાથમાં તીરકામઠું લીધાં. તીરંદાજીના અભ્યાસમાં એ એવો ડૂબી ગયો કે, બીજા કામમાંથી એનું ધ્યાન હટવા લાગ્યું. ઘરમાં ફરીથી ખાવાનાં સાંસાં પડવા લાગ્યા.

એકલવ્યની કાકી એના ભત્રીજાની મનોસ્થિતિ સમજતી હતી, પરંતુ એ પણ લાચાર હતી. છેવટે એક દિવસ એણે વારણાવત જવાનો નિર્ણય કરી લીધો. સાંભળ્યું હતું કે ભીષ્મએ ત્યાં પાંડવો માટે ભવ્ય મહેલ બનાવેલો, અને આસપાસનો પ્રદેશ પણ ઝડપથી વિકસી રહ્યો હતો. પાંડવોમાં સહુથી મોટા યુધિષ્ઠિરને લોકો હવે ધર્મપુત્રના નામે બોલાવતા હતા. વિશ્વના એ સહુથી મહાન, સત્યવાદી પુરુષ હોવાનું કહેવાતું હતું. વિષ્ણુનો અવતાર ગણાતા કૃષ્ણ પાંડવોના મિત્ર હતા. નિશાદ સ્ત્રીને આશા હતી કે જ્યાં ધર્મપુત્રનું શાસન અને કૃષ્ણના આશીર્વાદ હોય, એ જગ્યા હસ્તિનાપુરથી લાખ દરજ્જે સારી જ હશે. એક દરિદ્ર નિશાદ સ્ત્રી, અને એના પાંચ સંતાનોને વારણાવતમાં જીવવાનો ટેકો મળી રહેશે. એકલવ્યને આશીર્વાદ આપીને એણે પાંચ સંતાન સાથે વારણાવતનો માર્ગ લીધો.

એકલવ્ય એમની સાથે ગયો નહીં, પણ આખાયે જગતમાં પોતાનો કહી શકાય એવો આ એકમાત્ર પરિવાર હતો. એમને જતા જોઈને એ થોડીવાર માટે ભાંગી પડ્યો. સહુથી નાનો પિતરાઈ લગભગ તેર વર્ષનો હતો. થોડા વખતથી એકલવ્યએ એને પણ ધનુર્વિદ્યાના પાઠ ભણાવવાનું શરૂ કરેલું. એ બાળક કદાચ કુશળ તીરંદાજ બની શકત, પણ હવે ભૂખ અને લાચારી એને વારણાવત તરફ ખેંચી રહી હતી. મોટાભાઈ એકલવ્યએ ભેટમાં આપેલી નાની છરી કેડે ભરાવીને એ જતો રહ્યો.

* * *

હસ્તિનાપુરથી વારણાવતનો રસ્તો બહુ લાંબો હતો. દિવસોની દડમજલ પછી ત્યાં પહોંચ્યા, ત્યારે નિશાદનારીએ થોડી નિરાશા અનુભવી. એક સમયનું નાનું ગામડું ધીમે ધીમે નગરનું રૂપ લઈ રહ્યું હતું, પણ હજી ત્યાં કોઈ મોટાં મકાનો કે દુકાનો નહોતાં દેખાતાં. ભવ્ય કહેવાય એવો માત્ર એક રાજમહેલ ત્યાં ઊભો હતો. માત્ર છ જણને રહેવા માટે આવડી મોટી જગ્યા જોઈએ? સ્ત્રીને વિચાર આવી ગયો.

“મા, ચાલને, આપણે નજીકથી એ મહેલ જોવા જઈએ!” નાના દીકરાએ કહ્યું.

“તું ભૂલી ગયો કે આપણે અછૂત છીએ?” માએ છણકો કર્યો.

“અરે, પણ આ નવી જગ્યાએ કોને ખબર પડવાની?” છોકરો બોલ્યો.

“બેટા, ચામડીનો રંગ આપણી ઓળખ છતી કરી દેશે.” માતાનો જવાબ સાંભળીને પુત્રએ

પોતાના કાળામેંશ હાથ સામે જોયું. આ બદલવાનું તો શક્ય જ નહોતું.

નિશાદ પરિવારને બે દિવસ પહેલાં એક મંદિરની બહાર ઉકરડામાંથી થોડું ખાવાનું પ્રાપ્ત થયું હતું. કોઈ શ્રીમંતે બ્રહ્મભોજન કરાવ્યા બાદ બહાર ફેંકી દીધેલું વધ્યુંઘટ્યું વાસી ખાઈને છયે જણે પોતાનું પેટ ભરેલું. પણ પછીના દિવસ કોરા ગયા હતા.

મહેલની પાછળ થોડે અંતરે વહી રહેલી ગંગાને જોઈને બાળકો આનંદમાં આવી ગયાં. નદીના શીતળ જળમાં એમણે ઝંપલાવી દીધું. પેટ ફાટી પડે એટલું પાણી એમણે પીધું. અંદર તરી રહેલી રંગબેરંગી માછલીઓને જોઈને એ તો પોતાની ભૂખનું દુઃખ પણ ભૂલી ગયા. એમનો કલબલાટ અને હાસ્યનો અવાજ સાંભળીને માતાના બળતા જીવને પણ થોડી શાતા વળી. થાક ઉતારવા માટે એ ગંગાકિનારે બેસી પડી.

"માતા" અચાનક પાછળથી આવેલા અવાજે એને ચોંકાવી દીધી. પીઠ ફેરવીને જોયું તો રેશમી વસ્ત્રો અને સુવર્ણ અલંકારોમાં સજ્જ , એક પ્રતિભાશાળી પુરુષ બે હાથ જોડીને ઊભેલો દેખાયો. નિશાદસ્ત્રીને પેટમાં ફાળ પડી. એણે કોઈ ભૂલ કરી નાખેલી?

સામે ઊભેલા પુરુષના અવાજમાં ક્રોધ નહીં, નમ્રતા હતી. "દેવી, હું પાંડુરાજાનો પુત્ર યુધિષ્ઠિર છું. મારી માતા કુંતીએ તમને ઘેર આવવાનું આમંત્રણ આપ્યું છે."

"સ્વામી, કદાચ તમે નથી જાણતા કે અમે નીચ જાતિના છીએ. અમારા પગલાંથી રાજમહેલ દૂષિત થઈ જાય." ગભરાઈ ગયેલી સ્ત્રીએ કહ્યું.

"મા, ઈશ્વર કહે છે કે દરિદ્રની સેવાથી મોટી બીજી કોઈ સેવા નથી. તમે પધારો અને અમારા ઘરને પાવન કરો." ભારોભાર નમ્રતા અને સદ્ભાવ સાથે ઉચ્ચારાયેલા આ શબ્દો સાંભળીને સ્ત્રી હેબતાઈ ગઈ, પણ નદીમાંથી બહાર આવી ગયેલાં એનાં બાળકો ગેલમાં આવી ગયાં. આશાભરી નજરે એ માતા સામે જોઈ રહ્યાં. ગળગળી થઈ ગયેલી સ્ત્રીએ છેવટે એમની સાથે યુધિષ્ઠિરની પાછળ ચાલવાનું શરૂ કર્યું.

દૂરથી આ જોઈ રહેલા ભરવાડે પાસે આવીને ગણગણાટ કર્યો, "ત્યાં જતી નહીં. આ મોટા માણસોનો ભરોસો ન કરાય. તું કોઈ જાળમાં ફસાઈ જઈશ." સ્ત્રીના પગ ક્ષણભર અટક્યા, પણ પછી ખભા ઉછાળીને એ પોતાના પુત્રો સાથે આગળ વધી ગઈ.

મહેલમાં કુંતી અને એના ચાર પુત્રોએ આ મેલાઘેલા નિશાદોનું ભાવભેર સ્વાગત કર્યું. વિશ્વના શ્રેષ્ઠ ધનુર્ધારી ગણાતા અર્જુને સહુથી નાના છોકરાનો હાથ પકડી લીધો. થોડી જ વારમાં પાંચેય બાળકો એમના નવા મિત્ર સાથે આખાયે મહેલમાં ફરી વળ્યાં. કુંતી એમને સ્નેહભાવે જોઈ રહી.

"દેવી, તમારા આગમનથી આ મહેલની ભૂમિ ધન્ય થઈ. આજે હવે તમારે અહીં જ રોકાવાનું છે." કહીને કુંતી એની અસ્પૃશ્ય ગણાતી અતિથિને એક ભવ્ય, આરામદાયક કક્ષ ભણી દોરી ગઈ. મિષ્ટાન્ન અને પકવાન ભરેલા થાળ, ત્યાં ભૂખ્યાજનોની વાટ જોતા હતા. "સો વર્ષ જીવીએ તોયે અમે આટલું બધું ખાઈ નહીં શકીએ!" ક્ષુધાતુર સ્ત્રીને વિચાર આવી ગયો, કુંતી સામે જોઈને એણે આભારવશ સાદે પૂછ્યું, "દેવી, અમારા પર આટલી કૃપાનું શું કારણ?"

કુંતીએ સ્મિત વેરતાં કહ્યું, "તમે અહીં એક મહાન હેતુ સિદ્ધ કરવા આવ્યા છો. તમે અને તમારા પુત્રો ધર્મનું પાલન કરી રહ્યા છો."

"ધર્મ એટલે શું?" અબુધ નારીએ પૂછ્યું.

"એ તમને હમણાં નહીં સમજાય, પણ એની ચિંતા કરવાની જરૂર નથી. હમણાં તો ભોજન લઈને વિશ્રામ કરો." પાંચ મહાન યોદ્ધાની માતાએ જવાબ આપ્યો.

એ જ વખતે ત્યાં દોડી આવેલાં બાળકો ભોજન જોઈને, કઈ આડુંઅવળું જોયા વિના એના

પર તૂટી પડ્યાં. એમની માતાએ સંકોચ અનુભવ્યો, પણ પછી જોયું કે કુંતી અને ત્યાં આવી પહોંચેલા ભીમના ચહેરા પર કોઈ ઘૃણા નહોતી.

"તમે પણ જમીને હવે થાક ઉતારી નાખો. આપણે કાલે મળશું." કહીને કુંતીએ ત્યાંથી વિદાય લીધી. જતાંજતાં ભીમે એક થાળમાંથી મીઠાઈના બે-ત્રણ ટુકડા ઉપાડી લીધા. ગરીબ નિશાદ સ્ત્રી પોતાના સદ્ભાગ્યનો વિચાર કરીને મલકી પડી.

* * *

કક્ષમાંથી બહાર નીકળતાની સાથે કુંતીએ ભીમના હાથમાંથી મીઠાઈ ઝૂંટવીને ફેંકી દીધી. "મૂર્ખ, જાણતો નથી કે આમાં ઘેનની ઔષધિ ભેળવી છે?"

બારણાની બીજી તરફ જનમજનમની ભૂખ ભાંગતા હોય, એમ જમી રહેલા છ ગરીબ જીવો આ નહોતા જાણતાં. એમાંની સ્ત્રી તો કોળિયે કોળિયે કુંતી અને એના પુત્રોને ભગવાન દીર્ઘાયુ આપે એવી પ્રાર્થના કરી રહી હતી. બારણાં પર બહારથી વસાઈ ગયેલા આગળાનો અવાજ પણ એના કાને પડ્યો નહીં.

* * *

"ભાઈ, આપણે બહુ ખોટું કરી રહ્યા છીએ. આ બાપડા સાવ નિર્દોષ છે." અર્જુને મોટાભાઈને કહ્યું.

યુધિષ્ઠિરે કુંતી સામે જોયું. કુંતીએ માથું હલાવ્યું અને ફરી એકવાર અર્જુનને સમજાવવાનો પ્રયાસ કર્યો, "પુત્ર, દુર્યોધને આપણને મારવાનો કારસો ઘડ્યો છે, એની જાણ વિદુરે ન કરી હોત તો શું થાત? ઈશ્વરની ઇચ્છા છે કે આપણે જીવિત રહીએ, અને એણે જ આપણી સહાય માટે આ લોકોને મોકલી આપ્યાં. દુર્યોધનના માણસો કાલે આ લાક્ષાગૃહને આગ ચાંપી દેશે, અને પછી મહેલની સાથે આપણે પણ બળી ગયા એની ખાતરી કરવા આવશે. એ વખતે એમને છ લાશ મળવી જરૂરી છે."

"એટલે આ લોકોને બાળી નાખવાના?" અર્જુને એનો પ્રશ્ન દોહરાવ્યો.

"ગુરુએ કહેલી વાત ભૂલી ગયો? જીવિત રહેવા માટે કરેલું કોઈપણ કામ આપાત ધર્મ જ કહેવાય. નદીના ઘાટ પર નાવની સાથે ધૌમ્ય આપણી રાહ જોતા બેઠા હશે. આ કામ આજે જ કરવું પડશે."

અર્જુને યુધિષ્ઠિર સામે જોયું. "ભાઈ, સુયોધને જ આ કાવતરું ઘડ્યું છે, એની ખાતરી હોય તો આપણે ક્ષત્રિયની જેમ સામી છાતીએ લડી લેવું જોઈએ."

"અર્જુન, સુયોધન સામે લડવા માટે આપણને શક્તિશાળી મિત્રો અને સાથીદારોની જરૂર છે. ભીષ્મ હજી આપણાથી નારાજ છે, એટલે હસ્તિનાપુર જવામાં જોખમ છે. ડહાપણ એમાં જ છે કે, યોગ્ય સમય આવે ત્યાં સુધી આપણે છુપાઈ રહીએ. અહીં બળી ગયેલા મૃતદેહ જોઈને સુયોધન માની લેશે કે આપણે મરી ગયાં. બાકી પાંડવો સહીસલામત છટકી ગયા, એ સાંભળીને તો એના માણસો આપણને શોધવા માટે દેશનો ખૂણેખૂણો ખૂંદી વળે. અર્જુન, આ લોકોનું બલિદાન એળે નહીં જાય. આપણે જીવતા રહીશું અને ધર્મની મશાલ પ્રજ્વલિત રહેશે."

હવે સહદેવ બોલ્યો, "પણ ભાઈ, પેલા લોકોમાં એક તો સાવ નાનો છે. એની લાશ જોઈને કોઈને શંકા નહીં પડે?"

"સાચી વાત છે. આ તો મારા ધ્યાન બહાર રહી ગયું." કહીને કુંતીએ સૂચના આપી. "મહેલની બહાર સાત ચોકીદાર છે. એમને આજે ભોજન માટે અંદર બોલાવી લો. આટલી બધી લાશો જોઈને કોઈને ખબર નહીં પડે કે, આમાં કોણ પાંડવ ને કોણ બીજા!"

"હદ થઈ ગઈ. એ ચોકીદારો તો પિતામહે આપણી રક્ષા માટે મોકલ્યા છે." અર્જુન ઉકળી

ઊઠ્યો.

"સેવકનો ધર્મ છે સ્વામીનું રક્ષણ કરવાનો. બસ, હવે મારે કંઈ સાંભળવું નથી." કહીને કુંતી ઊભી થઈ ગઈ. યુધિષ્ઠિરે પણ ચર્ચા પૂરી થયાનો સંકેત આપ્યો.

અર્જુને નિઃસહાયતા અનુભવી. એ યોદ્ધો હતો. પણ એનો મોટોભાઈ વિદ્વાન હતો, પરમજ્ઞાની હતો. ક્યારેય ખોટું નહોતો બોલતો. જોકે ધર્મની એ જે વ્યાખ્યા કરતો હતો, એ અર્જુનને નહોતી સમજાતી. માતાએ કહેલી વાતનું પાલન કરતાં પણ અર્જુનનો આત્મા ડંખતો હતો. શું સાચું ને શું ખોટું? એમના પર વિશ્વાસ મૂકીને મહેલમાં આવેલી ગરીબ સ્ત્રી અને પાંચ બાળકોનો વિચાર કરતા અર્જુનને વિષાદ ઘેરી વળ્યો.

* * *

અંધારી રાતે લાક્ષાગૃહને આગ ચાંપવાનું કામ શકુનિએ પુરોચનને સોંપ્યું હતું. એ શાસકીય કર્મચારી લુચ્ચો હતો, લાલચુ અને ભ્રષ્ટાચારી હતો, તેમ છતાં લોકોની હત્યા કરવાની એણે સાફ ના પાડી દીધેલી. પરંતુ પછી શકુનિએ એને સમજાવ્યો કે વિદુરના કહેવાથી પાંડવોએ બળતા લાક્ષાગૃહમાંથી નીકળવાની તૈયારી કરી રાખેલી, અને આગમાં તો માત્ર ખાલી મહેલ બળવાનો હતો. વધારામાં આ એક કામ માટે એટલું ધન મળવાનું હતું, કે પુરોચનની સાત પેઢી બેઠીબેઠી ખાઈ શકે. પુરોચનને આ વાત જચી ગઈ.

ચોરપગલે એ રાતે પુરોચન વારણાવત આવ્યો તો ખરો, પરંતુ એણે જે કામ કરવાનું હતું એ તો કોઈ બીજું કરી ગયું. આગ ચાંપવા માટેની બધીયે સામગ્રી લઈને પુરોચન મહેલની નજીક પહોંચ્યો, ત્યાં જ એણે એક સ્ત્રી અને ચાર પુરુષને બહાર નીકળતા જોયા. પુરોચન જલદીથી છુપાઈ ગયો. એણે હાશકારો અનુભવ્યો કે શકુનિએ સાચું કહેલું. પાંડવો છટકી રહ્યા હતા. પરંતુ મહેલનો પહેરો ભરવાવાળા ક્યાં ગયા? પુરોચનને આશ્ચર્ય થયું. ત્યાં જ અંદરથી એક માણસ નીકળ્યો. એના એક હાથમાં થોડાં કપડાં અને બીજા હાથમાં દીવો હતો. એણે પેલા પાંચ લોકો પાસે જઈને કંઈ વાત કરી. એ બધા થોડે દૂર જઈને ઊભા રહ્યા. પાછળ રહેલા માણસે મહેલની ભીંત અને થાંભલાની આસપાસ કપડાં નાખ્યા, એના પર દીવામાંથી તેલ છાંટ્યું, ત્યારબાદ થોડી ક્ષણ પ્રાર્થના કરતો હોય એમ ઊભો રહ્યો, અને પછી તેલથી ભીંજાયેલાં કપડાં પર દીવો નાખીને ત્યાંથી નાઠો. પલક ઝપકતામાં લાખનો બનેલો મહેલ ભડભડ સળગી ઊઠ્યો.

ઉતાવળે પગલે નદી તરફ જઈ રહેલા લોકોના ચહેરા આગના અજવાળામાં સ્પષ્ટ દેખાયા. દૂર ઘાટ પર પાણીમાં ડોલી રહેલી નાવ પણ પુરોચને જોઈ. પાંડવોનો પીછો કરવાનો વિચાર આવતાંની સાથે એણે દાબી દીધો. એનું કામ પતી ગયું હતું. શકુનિને તો એ એવું જ કહેવાનો હતો કે, લાક્ષાગૃહને એણે સળગાવી દીધેલું.

હાથમાં રાખેલી સામગ્રી ફેંકીને પુરોચન પગ ઉપાડવા જતો હતો, ત્યાં એના કાને મહેલની અંદરથી ચીસો સંભળાઈ. કદાચ સેવકો અને ચોકીદારો હતા. "એમના નસીબ" એવું બબડીને પુરોચન બે ડગલાં ચાલ્યો પણ પછી કોઈ બાળકની ચીસ એના કાને પડી. પીઠ ફેરવીને જોયું તો ભભૂકી રહેલા મહેલની સાંકડી બારીમાંથી એક સ્ત્રી નાના બાળકને બહાર ધકેલવાનો પ્રયાસ કરી રહી હતી. કંઈ વિચાર્યા વિના પુરોચન એ તરફ દોડ્યો.

જીવનભર ખોટાં કામ કરનારા પુરોચનના મનમાં એ ક્ષણે કોણ જાણે કયું શુભ તત્ત્વ જાગી ગયેલું. જે કામ માટે કોઈ પુરસ્કાર નહોતો મળવાનો, જેમાં કદાચ જીવનું જોખમ હતું, એ કરવા માટે પુરોચન ધસી ગયો. પરંતુ સારા કામનો બદલો તરત મળે છે. જાણે પુરોચનના દુઃસાહસ પર કોઈ અજ્ઞાત શક્તિ ક્રોધે ભરાઈ હોય, એમ ઉપરથી એક બળતું લાકડું એના પર પડ્યું અને પુરોચન ફસડાઈ પડ્યો. પેલી સ્ત્રી અને બાળક આગની લપેટમાં આવી ગયાં હતાં.

અગનજ્વાળાએ પુરોચનને પણ પોતાના પાશમાં લઈ લીધો. ભાન ગુમાવી રહેલા પુરોચનને યાદ આવ્યું કે જીવનભર કાળાં કામ કરીને એણે જે ધન એકઠું કરેલું, એ કઈ ગુપ્ત જગ્યાએ સંઘરાયું હતું, એ તો એની પત્ની પણ નહોતી જાણતી. "મારું તો જીવન અને મૃત્યુ બંને અંતે અર્થહીન નીવડ્યાં." આ વિચાર સાથે પુરોચને છેલ્લો શ્વાસ લીધો.

* * *

નાવમાં બેઠેલા ધૌમ્ય, એના થોડા સાથીદારો, કુંતી અને પાંચ પાંડવો, દૂર ચાલી રહેલું અગ્નિનું તાંડવ જોઈ રહ્યાં. માત્ર અર્જુનની આંખો પોતાના પગ ભણી હતી.

"ગુરુ ધૌમ્ય, દુઃખ તો બહુ થાય છે, પણ અમારી પાસે બીજો રસ્તો ક્યાં હતો?" કુંતી બોલી.

ધૌમ્યએ એના તરફ જોઈને કહ્યું, "પ્રાણની રક્ષા માટે માણસે કંઈ પણ કરવું પડે. દેવી, તમે કંઈ ખોટું નથી કર્યું. આશા રાખીએ કે, મહેલમાં બળી ગયેલા લોકોના મૃતદેહ ઓળખાય એવી દશામાં નહીં રહ્યા હોય. અમે તમારા મૃત્યુના સમાચાર ચારેતરફ ફેલાવી દઈશું. પણ હવે તમારે બહુ સાવધ રહેવું પડશે. બળવાન સાથીદારો મળે નહીં, ત્યાં સુધી સંતાતાં ફરજો. પાંચાલ જાવ. ત્યાંના રાજાએ પુત્રીનો સ્વયંવર યોજ્યો છે. દ્રુપદે જાહેર કર્યું છે કે શ્રેષ્ઠ ધનુર્ધારી સાબિત થનાર પુરુષના હાથમાં એ પોતાની દીકરીનો હાથ સોંપશે. અર્જુનથી ચઢિયાતો બીજો કોઈ ધનુર્ધારી આ પૃથ્વી પર નથી. નિઃશંકપણે સૌંદર્યવતી દ્રૌપદી એની પત્ની બનશે."

આ સાંભળીને અર્જુને જોકે કોઈ પ્રતિભાવ ન આપ્યો. કુંતી અને યુધિષ્ઠિરે આજીજીભાવે ધૌમ્ય સામે જોયું. ધર્મ અને કર્મના જટિલ નિયમો આ ભોળિયા, સીધાસાદા યુવાનને કોણ સમજાવે?

ધૌમ્ય અર્જુનની બાજુમાં બેસવા ગયા, પણ એ સડાક દઈને ઊભો થઈ જતા બોલ્યો, "આપણે એમને પશુની જેમ જાળમાં ફસાવી દીધા."

"રાજકુમાર, આવા વિચારો મનમાંથી કાઢી નાખો. એવું માનો કે કોઈ મહર્ષિના શાપને કારણે સ્વર્ગના એ જીવોએ પૃથ્વી પર અસ્પૃશ્યનો અવતાર લીધો હતો. પરંતુ એક મહાન હેતુ માટે જીવ આપીને એમણે મુક્તિ મેળવી લીધી."

ધૌમ્યના શબ્દોની કોઈ અસર અર્જુન પર થઈ નહીં. યુધિષ્ઠિરે વિષયાંતર કરતાં પૂછ્યું, "શત્રુની નજરથી બચવા અમારે કેવો વેશ લેવો જોઈએ?"

ધૌમ્યએ તરત જવાબ આપ્યો, "બ્રાહ્મણનો વેશ! એમાં તમને ક્યારેય અન્ન કે સમ્માનની ખોટી નહીં પડે."

સૂર્યોદયને હવે ઝાઝી વાર નહોતી. નાવ પાંચાલ ભણી ચાલી. થોડે આગળ ગયા, ત્યાં સામેની દિશામાંથી આવેલી હોડી એમની બાજુમાંથી પસાર થઈ. અંદર ખીચોખીચ બેઠેલા લોકોમાં એક શ્યામળો યુવાન પણ હતો. પાંડવોએ એને જોયો નહીં, પણ નિશાદ એમને દૂરદૂર સુધી તાકી રહ્યો.

સ્વયંવર

"એકલવ્ય, મેં એમને ચેતવણી આપેલી પણ એ માન્યા નહીં."

ધીમેધીમે ભાનમાં આવી રહેલા એકલવ્યના કાને આ શબ્દો પડ્યા. એણે આંખો ખોલી. સામે પરિચિત ચહેરો દેખાયો. "અશ્વસેન!" બબડીને બેઠો થવા ગયો. વર્ષો પહેલાં તક્ષકની છાવણીમાં એને મળેલા નાગમિત્રએ સ્મિત આપ્યું, અને નિશાદ યુવાને ટેકો દઈને ઊભો કર્યો.

વારણાવતમાં સાંજ પડવા આવેલી. લાક્ષાગૃહમાં લાગેલી આગ બુઝાઈ ગયેલી. અંદરથી નીકળેલા મૃતદેહોની અંતિમ વિધિ થઈ ગઈ હતી. કુંતી અને પાંડવો મહેલમાં બળી મર્યાં, એ સાંભળીને ગામની સ્ત્રીઓએ કરી મૂકેલું આક્રંદ પણ શાંત પડી ગયું હતું. પરંતુ એકલવ્યના મનમાં પડેલા અંગારા હજી ઠર્યા નહોતા.

એ તો આજે સવારે એની કાકી અને નાના પિતરાઈ ભાઈઓને મળવા માટે અહીં આવ્યો હતો. હસ્તિનાપુરથી પગપાળા આવવાને બદલે એણે જળમાર્ગે પ્રવાસ કરવાનું પસંદ કરેલું. અધવચ્ચે નદીમાં સામેથી આવી રહેલી એક નાવમાં, નીચું માથું કરીને બેઠેલા યુવાનને એણે જોયો. એ અર્જુન જ હતો, એમાં એકલવ્યને કોઈ શંકા નહોતી. પરંતુ વારણાવતના ઘાટ પર હોડી નાંગરી, ત્યારે ગામ આખામાં હાહાકાર હતો કે રાજમહેલમાં આગ લાગી ગઈ અને એમાં રહેતાં કુંતી અને પાંડવો મૃત્યુ પામ્યાં.

કુતૂહલને વશ થઈને એકલવ્ય પણ બીજા લોકોની સાથે આ કરુણઘટનાના સ્થળે પહોંચ્યો. બળીને રાખ થઈ ગયેલા મહેલમાંથી ચાંડાલ તરીકે ઓળખાતા માણસો લાશો કાઢી રહ્યા હતા. એમાંથી એકેયની સ્થિતિ ઓળખાય એવી નહોતી, પણ મહેલમાં પાંડવો, એમના સેવકો અને ચોકીદાર સિવાય બીજું કોણ હોય? પરંતુ અચાનક એકલવ્યને એક નાનકડા લાગતા શરીર પર કંઈ ચમકતું દેખાયું. એકલવ્યએ આંખ ખેંચીને જોયું અને પછી ગાંડોતુર થઈને એ તરફ દોડ્યો.

મરનારે છેલ્લા શ્વાસ સુધી હાથમાં ઝાલી રાખેલી છરી હજી એની મૂઠીમાંથી છૂટી નહોતી. હસ્તિનાપુરના જંગલમાં છૂટા પડતી વખતે, સહુથી નાના પિતરાઈને આપેલી છરી એકલવ્ય ઓળખી ગયો. આ તો એના ભાઈની લાશ હતી. એની સાથે કદાચ આખો પરિવાર હતો.

એકલવ્ય એના પ્રિયજન પાસે પહોંચે એ પહેલા જોકે ચાંડાલોએ એને રોકી પાડ્યો. મૃતકના શરીર પર જે પણ હોય એના પર પ્રથાનુસાર ચાંડાલોનો અધિકાર રહેતો હતો. રાજપરિવારના મૃતદેહો પરથી કંઈ ન મળ્યું, એ વાતે ચાંડાલો સહેજ નારાજ હતા. એમાં વળી એમને લાગ્યું કે નાના મૃતદેહ પરથી છરી ઝૂંટવી લેવા માટે કોઈ દોડી આવેલું. ચાંડાલો ગુસ્સે થઈ ગયા. ધક્કો મારીને એમણે નિશાદને પાડી દીધો. તોયે એણે લાશ સુધી પહોંચવાના પ્રયાસ છોડ્યા નહીં. ત્રણચાર જણે મળીને એને લાકડીએ લાકડીએ ઝૂડી નાખ્યો અને પછી એના અર્ધબેભાન શરીરને એક ઝાડ નીચે ફેંકી દીધું. છેવટે બપોર ઢળવા આવી ત્યારે અશ્વસેને આવીને એકલવ્યને ઢંઢોળ્યો. આગલે દિવસે એણે જ નિશાદ સ્ત્રીને એનાં બાળકો સાથે મહેલમાં જવાની ના પાડી હતી.

"તેં તીરંદાજીનો અભ્યાસ પાછો શરૂ કર્યો, ત્યારથી અમારા લોકો તારા પર નજર રાખતા હતા. આમ તો તેં દ્રોણને તારો અંગૂઠો કાપીને આપી દીધો, ત્યારે તક્ષકે તારા નામનું લગભગ નાહી નાખેલું. પણ હવે તારા માટે એના મનમાં પાછો આદર જાગ્યો છે. એકવાર તું એને છોડીને નાસી છૂટેલો એનો રોષ પણ તક્ષકને હવે નથી રહ્યો. નાગયુવાનો સામે એ તારી પ્રશંસા કરતો રહે છે. એકલવ્ય, તારી અને તારા પરિવાર સાથે જે થયું એ આપણા સમાજમાં નવું

નથી. સદીઓથી આપણા જેવા હજારો લોકો આવો અન્યાય સહેતા આવ્યા છે. મિત્ર, મારી સાથે ખાંડવ ચાલ. આપણે સાથે મળીને લડશું."

એકલવ્યએ અંગૂઠા વિનાના પોતાના હાથ સામે જોયું. બળીને કોલસો થઈ ગયેલા શરીર સાથે જડાઈ રહેલી છરી એની નજર સામે રમી ગઈ. "ચાલ" એણે કહી દીધું.

* * *

"ગાંધારી, મારું કાળજું આટલા જોરથી ધબકી રહ્યું છે, એ હર્ષથી કે પછી ભયથી?"

ધૃતરાષ્ટ્રએ સહેજ ધ્રૂજતા હાથે ગાંધારીને સ્પર્શ કરીને પૂછ્યું.

ગાંધારી કંઈ બોલી નહીં. એને બોલવાની ઇચ્છા પણ નહોતી થતી. આઘાતથી એનું તનમન સુન્ન થઈ ગયું હતું. વિદુરે આવીને કુંતી અને પાંડવોના મૃત્યુના સમાચાર આપ્યા, ત્યારે ધૃતરાષ્ટ્રએ ભલે ઉપરછલ્લો આઘાત દર્શાવ્યો, પણ ખરેખર તો એમને રાહત અને સંતોષની લાગણી થયેલી. એ ગાંધારી સમજી ગઈ હતી. બીજી તરફ આ ઘટનામાં સુયોધનનો હાથ હોવાની શંકા વિદુરે આડકતરી રીતે વ્યક્ત કરી, એ પણ ગાંધારી કળી ગઈ.

પોતાનો પુત્ર આવું ભયાનક કૃત્ય કરે, એ માનવા ધૃતરાષ્ટ્ર તૈયાર નહોતા. આમેય એમને સુયોધનની ભૂલ ક્યારેય નહોતી દેખાતી, પરંતુ ગાંધારીનું મન ડામાડોળ હતું. હાથથી દીવાલ ફંફોસતી એ બારી પાસે જઈને ઊભી રહી. શીતળ પવનની લહેરખી સાથે ભૂતકાળનાં અનેક સ્મરણો એને ઘેરી વળ્યાં.

પહેલીવાર ધૃતરાષ્ટ્રને જોયા, ત્યારે ગાંધારીને કમકમા આવી ગયેલા. હસ્તિનાપુરવાસીઓની આંખોમાં એણે વિદેશી યુવતી પ્રત્યે દયાનો ભાવ જોયો હતો. અજાણી ભૂમિ પર હવે એણે આ અંધ, લાચાર માણસ સાથે આખું જીવન વિતાવવાનું હતું, એ વિચાર પણ ગાંધારી માટે અસહ્ય હતો. મનમાં ક્રોધ અને આવેશનું ઘોડાપૂર ધસી આવ્યું, એના પર એ કાબૂ ન રાખી શકી. ત્યાં ને ત્યાં પોતાની શાલનો છેડો ફાડીને એણે આંખે બાંધી દીધો. એ દિવસથી ધૃતરાષ્ટ્રની સાથે ગાંધારીએ અંધાપો સ્વીકારી લીધો.

"પુત્રી, તેં આ શું કર્યું?" ભીષ્મએ ભારોભાર આઘાત સાથે ઉચ્ચારેલા શબ્દો, ગાંધારીના કાનમાં આજે પણ એ દિવસ જેટલી જ સ્પષ્ટતાથી ગૂંજતા હતા. એમના અવાજમાં વર્તાઈ આવેલી પીડા અને અપરાધ ભાવથી, ગાંધારીએ જબરો સંતોષ અનુભવ્યો હતો. આજે પણ એ લાગણી સાવ મરી નહોતી પરવારી.

એક સમયે પોતાના ભાઈની જેમ એણે પણ આ દેશનો સર્વનાશ કરી નાખવાનું સ્વપ્ન જોયું હતું. પરંતુ ક્યારે આ રુખીસુખી ભૂમિ પરની ધૂળ એના રોષને આવરી ગઈ, એની જાણ સુધ્ધાં ગાંધારીને રહી નહીં. મરીમસાલાની સુગંધ, મંદિરના ઘંટારવ, ઉનાળામાં અંગેઅંગને દઝાડી જતી રેતી, આ બધું એના હૃદય પર કબજો લઈ બેઠું. વેર અને વિનાશનાં સપનાં હવે એને નહોતાં આવતાં. જેને જોતાંની સાથે એણે આંખો બંધ કરી દીધેલી, એ પુરુષ હવે તેનો પતિ હતો.

અંધ, લાચાર અને સતત અસુરક્ષાની ભાવનાથી પીડાતી વ્યક્તિ માટે એને પ્રેમ હતો કે માત્ર સહાનુભૂતિ, આ પ્રશ્ન તો ગાંધારી પોતાની જાતને પૂછતાં પણ ડરતી હતી. પરંતુ એની દુર્દશા કરનાર ભીષ્મ પ્રત્યેનો ધિક્કાર હવે ઓગળી ગયો હતો. જે વ્યક્તિએ ગાંધારને ખેદાનમેદાન કરી નાખેલું, એની સામે ગાંધારી હવે આદરની નજરે જોતી થઈ ગયેલી.

"એ લોકોએ એકવાર તો મારી સાથે છળ કરીને, નાના પાંડુને ગાદી પર બેસાડી દીધો." ધૃતરાષ્ટ્ર દાંત ભીંસીને બોલ્યા, "હું અંધ છું, મને માત્ર અંધકાર દેખાય છે. અત્યારે જે મુકુટ મારા શિરે છે, એ પણ જાણે ભીખમાં મળ્યો છે. પાંડુના અવસાન પછી એમણે નછૂટકે મને રાજા બનાવવો પડ્યો, પણ હું માત્ર નામનો રાજા છું. ખરું શાસન તો ભીષ્મ અને વિદુર ચલાવે છે."

ધૃતરાષ્ટ્ર આટલું બોલીને ઊભા થયા અને કક્ષમાં એક તરફ રાખેલી ગદા એમણે હાથમાં લીધી.

ખખડાટ થતાંની સાથે ગાંધારી સમજી ગઈ કે હવે શું થશે. ધૃતરાષ્ટ્ર હસ્તિનાપુરના રાજા હતા. વિશ્વના એક આખાયે ખંડ જેટલા વિશાળ રાજ્ય પર શાસન કરતા હતા. પરંતુ જાણે પોતાના પડછાયાથીયે ડરતા હતા. બહાર એ બધાં સાથે નમ્રભાવે, શબ્દો તોળીતોળીને બોલતા, પણ પોતાના અંગત કક્ષની અંદર એમનું રૂપ સાવ જુદું હતું.

ધાતુ સાથે ધાતુ ભટકાવાનો અવાજ આવ્યો અને ગાંધારીને કાન પર હથેળી દાબી દેવાની ઇચ્છા થઈ ગઈ. લોઢામાંથી બનાવેલી ભીમની પ્રતિમા પર ગદાથી પ્રહાર કરીને ધૃતરાષ્ટ્ર પોતાનો ઉકળાટ ઠાલવી રહ્યા હતા. આમ તો આ પ્રતિમા એમણે સુયોધનને ભેટ આપી હતી, પણ સુયોધને ક્યારેય એનો ઉપયોગ નહોતો કર્યો. મૂર્તિ ધૃતરાષ્ટ્રના શયનખંડમાં જ રહી હતી.

“તમે હવે બસ કરશો?” ગાંધારીના અવાજમાં પીડા હતી.

ધૃતરાષ્ટ્ર સહેજવાર અટક્યા. પણ પછી તરત ગદાના પ્રહાર કરવાનું, બબડવાનું શરૂ કરી દીધું. “આપણા પુત્રને હવે એનો વારસાગત અધિકાર મળશે. ગાંધારી, બીજાને નહીં પણ તને હું કહી શકું કે, પાંડવોના મૃત્યુથી મને મોટી રાહત થઈ છે. વિદુર ભલે કહે પણ, એમને મારવામાં સુયોધનનો હાથ હોય એવું હું નથી માનતો. તને શું લાગે છે?”

ગાંધારી મૌન રહી. સુયોધન આવું ન કરે, પણ શકુનિ? જોકે કુંતી ખરેખર મૃત્યુ પામી હોય, એ વાત હજી ગાંધારીને ગળે નહોતી ઊતરતી. પાંડવોની માતા આટલી નબળી નહોતી. ધીમેધીમે ગાંધારીના મનમાં એક જુદા જ પ્રકારના ભયની લાગણી પ્રસરવા લાગી. કુંતીની આ કોઈ નવી ચાલ તો નહોતી ને?

જેમ જેમ વિચારતી ગઈ, તેમ તેમ ગાંધારીનો શક વધુ ને વધુ ઘેરો થતો ગયો. છેવટે એને ખાતરી થઈ ગઈ કે, વિદુરની ભૂલ થઈ હતી. સુયોધન નિર્દોષ હતો. કુંતી જીવિત હતી અને એક દિવસ પુત્રો સાથે પાછી ફરીને કંઈક ભયાનક કરવાની હતી. પોતાની સાથે સહુને એ કોઈ ઊંડા કળણમાં ખેંચી જશે. ભયાનક ભાવિનો અણસાર ગાંધારીને ધ્રુજાવી ગયો.

એને અચાનક સુયોધનને જોવાનું મન થઈ ગયું. પુત્રના ચહેરા પર હાથ ફેરવવાને બદલે એના પર આંખો ઠારવાની ઝંખના જાગી ગઈ. જે વિશ્વમાં શકુનિ અને કૃષ્ણ જેવા લોકો વસતા હતા, ત્યાં એનો પુત્ર એકલોઅટૂલો હતો. એનો પરાજય નિશ્ચિત હતો. પુત્રને પાલવમાં સંતાડીને, એનું રક્ષણ કરવા માટે ગાંધારીનું મન તરફડી ઊઠ્યું.

* * *

વારણાવતની આગમાં પાંડવો કમોતે મર્યા અને આ કાળું કામ સુયોધને કરાવ્યું હતું, એ સમાચાર જોતજોતામાં આખા હસ્તિનાપુરમાં પ્રસરી ગયા. ધૌમ્ય અને દુર્જય, આ બંને જણે પોતપોતાની રીતે અફવાઓ ફેલાવી અને પરિસ્થિતિનો લાભ લીધો. લોકો રોષે ભરાયા. એમાંથી ઠેરઠેર તોફાન ફાટી નીકળ્યાં. મારામારી, લૂંટફાટ મચી ગઈ. શેરીએ શેરીએ સુયોધનને ગાળો આપતી બૂમો પડી. એક સમયે જે ગરીબો એમના ઉદાર યુવરાજને જોઈને રાજી થતા હતા, એ હવે એને હત્યારો કહેતા હતા. ભીષ્મએ સુયોધનને મહેલની બહાર નીકળવાની સ્પષ્ટ ના પાડી દીધી. દ્રોણે આપેલું નામ, દુર્યોધન હવે એના પર કાયમ માટે ચોંટી ગયું હતું.

આમ ને આમ આખું વરસ નીકળી ગયું. સુયોધનને લાગતું હતું કે એ સાવ એકલો પડી ગયેલો. કર્ણ એના અંગ દેશનો કારભાર સંભાળવામાં વ્યસ્ત હતો. સુશાસને પોતાનું જુદું મિત્રવર્તુળ બનાવી લીધેલું. ભાઈઓ હવે બહુ ઓછો સમય સાથે ગાળતા હતા. જયદ્રથની વાગ્દતા બન્યા પછી સુશલા એની પોતાની દુનિયામાં વિહરતી હતી. એ હવે નાનીનાની વાતે મોટાભાઈ પાસે નહોતી દોડી આવતી. મિત્ર કે સાથીદાર કહેવાય, એવો માત્ર અશ્વત્થામા રહેલો. પરંતુ એ પણ ચોવીસ કલાક થોડો સાથે રહે? સુયોધનને હવે સુભદ્રાનો વિરહ વધુ ને

વધુ સાલવા લાગ્યો હતો.

દીક્ષાંત સમારોહ પછી દ્વારકા જઈને, સુભદ્રાએ જાણે સુયોધન સાથે અબોલા લઈ લીધેલા. સુયોધને મોકલેલા એકેય સંદેશાનો જવાબ એણે નહોતો આપ્યો. છેવટે સુયોધને એના ગુરુ બલરામને પત્ર લઈને સહાય માંગી હતી. ત્યાંથી શું જવાબ આવશે એની સુયોધન આતુરતાપૂર્વક વાટ જોઈ રહ્યો હતો.

સુયોધન માટે દ્વારકા તો નહીં, પણ પાંચાલથી સંદેશ આવી પહોંચ્યો. રાજા દ્રુપદની પુત્રીનો સ્વયંવર યોજાવાનો હતો. એમાં ભાગ લેવા માટે અનેક રાજા અને રાજકુમારોને નિમંત્રણ પાઠવાયા હતા. સુયોધને પહેલાં તો આ સંદેશ પર અછડતી નજર ફેરવીને બાજુએ મૂકી દીધો. એને સુભદ્રા સિવાય બીજી કોઈ સ્ત્રીને પામવામાં રસ નહોતો. આમેય દ્રૌપદીને જીતવા માટે એના પિતાએ જે શરત રાખી હતી, એ સુયોધનને ભારે વિચિત્ર લાગી.

સ્વયંવરના સ્થળે ઊંચે ધાતુની એક માછલી ગોળ ફરી રહી હશે. નીચે પાણી ભરેલા પાત્રમાં એ માછલીનું પ્રતિબિમ્બ જોઈને ઉમેદવારે એની આંખમાં બાણ મારવાનું હતું. સફળતાપૂર્વક મત્સ્યવેધ કરી શકનાર વ્યક્તિના ગળામાં દ્રૌપદી લગ્નમાળા આરોપવાની હતી. “આ પણ ખરું! શું દ્રૌપદી કોઈ નિર્જીવ પુરસ્કારની વસ્તુ હતી, જે સ્પર્ધા જીતનારને મળી જાય? લોકો આવી વિચિત્ર રીતે જમાઈ શોધતા હશે?” આ વિચાર સુયોધનને સહેજ રમૂજ પમાડી ગયો. એને વધુ આશ્ચર્ય તો એ વાતનું થયું કે દ્રૌપદી જેવી તેજસ્વી, બુદ્ધિશાળી અને સુંદર સ્ત્રી કઈ રીતે આવા સ્વયંવર માટે માની ગઈ, એના જીવનમાં પ્રેમને કોઈ સ્થાન નહીં હોય?

આ વિચારની સાથે સુયોધનને એનો મિત્ર કર્ણ યાદ આવી ગયો. “અરે હુંયે કેટલો મૂર્ખ છું.” બબડીને એણે કપાળે હાથ થપથપાવ્યો. પાંચાલમાં ગાળેલી એક રાત દરમ્યાન એણે કર્ણ અને દ્રૌપદીની આંખોમાં એકમેક પ્રત્યેનો સ્નેહ અને ઝંખના જોયાં હતાં. દ્રૌપદી તો કર્ણની જ થવી જોઈએ, આ વિચારની સાથે સુયોધને પોતાની બીજી બધીયે હતાશા, આળસ ખંખેરી નાખી. સુશાસન અને અશ્વત્થામાને તત્કાળ આવીને મળવાનો સંદેશ એણે પાઠવી દીધો.

મિત્ર અને નાનાભાઈએ આવીને સુયોધનની વાત સાંભળી તો લીધી, પણ પછી અશ્વત્થામાએ હળવેથી પૂછ્યું, “પરંતુ કર્ણને સ્વયંવર માટે નિમંત્રણ મળ્યું છે?”

“શું કામ ન મળે? એ અંગ દેશનો રાજા છે. તને એવું લાગે છે કે કર્ણ સૂત જાતિનો છે, એટલે પાંચાલવાસીઓએ એને બોલાવવાનું ટાળ્યું હશે?” દુર્યોધને નારાજભાવે પૂછ્યું.

અશ્વત્થામાને મૂંગો જોઈને એ વધુ ચિઢાયો. “આપણે દ્રૌપદીના સ્વયંવર માટે જરૂર જઈશું અને કર્ણને પણ સાથે લેતા જશું. જયદ્રથને કહેવડાવી દો કે, એ પણ સિંધથી આપણી સાથે જોડાય. પાંચાલમાં ભૂલેચૂકે પણ કોઈએ કર્ણનું અપમાન કર્યું તો એનું આવી જ બન્યું સમજો.”

અશ્વત્થામાની શંકા જોકે ખોટી ઠરી. પાંચાલરાજે કર્ણને દ્રૌપદીના સ્વયંવરમાં ભાગ લેવા માટે આમંત્રણ મોકલ્યું હતું. હસ્તિનાપુરથી વિશાળ રસાલો લઈને નીકળેલા સુયોધન, સુશાસન અને અશ્વત્થામા સાથે અંગપ્રદેશથી કર્ણ જોડાયો. પછી સિંધથી જયદ્રથ આવ્યો. પાંચેય મિત્ર માટે આ મોજમસ્તી, આનંદનો સમય હતો. પાંચાલ સુધીના પ્રવાસમાં એમણે જાતજાતના પ્રદેશો જોયા, ભાતભાતના લોકો સાથે મળીને વાતો કરી, ત્યાં મળતી મદિરા પીને મસ્ત થયા, અશ્વો દોડાવ્યા, જંગલમાં જઈને મૃગયા કરી, ખુલ્લા આકાશ નીચે બેસીને ગીતો ગાયા, નાચ્યા અને કર્ણની મશ્કરી કરવામાં તો બાકીના ચારેય જણે બાકી જ ન રાખ્યું. એકવાર સુભદ્રાનો ઉલ્લેખ થયો, ત્યારે જયદ્રથ કંઈ બોલવા ગયો પણ છેલ્લી ઘડીએ શબ્દો ગળી ગયો. બધાય એટલા આનંદમાં હતા કે, જરાસરખુંયે દુઃખ ઊભું કરવાનું જયદ્રથને યોગ્ય ન લાગ્યું. હસતારમતા એ લોકો પાંચાલની રાજધાની કાંપિલ્યમાં પહોંચ્યા.

રાજકુમારીના સ્વયંવર માટે આખુંયે નગર સજીધજીને તૈયાર થઈ ગયેલું. નવેસરથી રંગરોગાન થયેલાં મકાનો પર ગલગોટાનાં તોરણ ઝૂલતાં હતાં. ઘસીઘસીને સ્વચ્છ કરાયેલા માર્ગો પર નવાનવા, રંગબેરંગી કપડાં પહેરીને લોકો ફરી રહ્યા હતા. ફેરિયા પોતાનો માલસામાન વેચવા માટે બૂમો પાડતા હતા, ક્યાંક વળી મદારીઓ નાગને ડોલાવી રહ્યા હતા. બહારથી રાજવીઓનું આગમન શરૂ થઈ ગયું હતું. કોઈ રથ પર તો કોઈ હાથી પર સવાર હતા. દ્રૌપદીનો સ્વયંવર આખાયે નગર માટે મોટા ઉત્સવનો અવસર હતો.

સુયોધન એના મિત્રો સાથે રાજમહેલની નજીક પહોંચ્યો, ત્યારે એની બાજુમાંથી એક મોટો હાથી પસાર થયો. અંબાડીમાં બેઠેલા વૃદ્ધ પણ પ્રભાવશાળી પુરુષે સુયોધન સામે જોઈને સ્મિત વેર્યું. યુવરાજે નમ્રતાભેર માથું નમાવીને એમનું અભિવાદન કર્યું. હાથીની પાછળ ચાલી રહેલા શ્વેત, ઊંચા અશ્વ પર આધેડ વયનો, ઘેરો શ્યામવર્ણ ધરાવતો માણસ સવાર હતો. ટટ્ટાર ખભા અને ઊંચું મસ્તક રાખીને જઈ રહેલા એ ઘોડેસવારે સુયોધન સામે જોઈને માત્ર માથું હલાવ્યું. એનો ચહેરો ભાવશૂન્ય હતો.

"આ કોણ હતું?" કર્ણએ પૂછ્યું. સુયોધને જવાબ આપ્યો, "હાથી પર મગધના રાજા જરાસંધ હતા. એ જે રીતે શાસન કરે છે, એના વખાણ તો ભીષ્મ પણ કરે છે. પિતામહ કહે છે કે જ્યાં સુધી પશ્ચિમમાં બલરામ અને પૂર્વમાં જરાસંધ છે, ત્યાં સુધી દક્ષિણનાં રાજ્યો અને પરશુરામની આખું ભારત સર કરી લેવાની ઇચ્છા પૂરી નહીં થાય. એમની પાછળ હિરણ્યધનુષ હતો. જન્મે નિશાદ છે, પણ જરાસંધે એને મગધનો સેનાપતિ બનાવ્યો છે. નીચી જાતિમાં જન્મેલા માણસને આટલું ઉચ્ચ સ્થાન આપનાર જરાસંધ પર પરશુરામ ભારે રોષે ભરાયેલા. એમના આદેશથી કલિંગના રાજાએ મગધ પર આક્રમણ કર્યું. પરંતુ હિરણ્યધનુષની આગેવાની હેઠળ મગધની સેનાએ શત્રુઓને કારમો પરાજય આપ્યો. જરાસંધ માને છે કે વ્યક્તિની ઓળખ એની જાતિ નહીં, પણ ગુણથી થવી જોઈએ."

આગળ જઈ રહેલા જરાસંધ અને હિરણ્યધનુષ પ્રત્યે કર્ણએ હવે નવી દૃષ્ટિથી જોયું. જાતપાતના વાડાબંધી તોડનાર સુયોધન પહેલો રાજકુમાર નહોતો. કર્ણથીયે હલકા કુળનો ગણાય એવા નિશાદ હિરણ્યધનુષને જરાસંધે પોતાનો સેનાપતિ બનાવ્યો હતો. સૂતની પહેલા એક નિશાદ, આવા ઉચ્ચસ્થાને પહોંચ્યો હતો, આ સાંભળીને કર્ણને આનંદ થયો. પણ પછી પરશુરામનો ઉલ્લેખ એના કાળજે નાનકડો ડંખ મારી પણ ગયો.

"તમને ખબર છે કે હિરણ્યધનુષને એક પુત્ર પણ છે? પોતાની મહત્ત્વાકાંક્ષા પૂરી કરવા માટે બહાર નીકળી પડેલા હિરણ્યધનુષ દીકરાની જવાબદારી પોતાના નાનાભાઈને સોંપતો ગયેલો." જયદ્રથે વળી નવી માહિતી આપી.

બીજાઓએ નહીં, પણ અશ્વત્થામાએ આવી વાત સાંભળી હતી. એ બોલ્યો, "લોકો કહે છે કે મારા પિતાએ જે છોકરાનો અંગૂઠો માંગી લીધેલો, એ જ આ હિરણ્યધનુષનો પુત્ર છે. એનું નામ એકલવ્ય હતું ને?" સહુ ચૂપ થઈ ગયા. ગુરુએ કરેલા અન્યાયને એ ભૂલ્યા નહોતા. પણ આનંદના પ્રસંગે એમણે એમની વાતની વધુ ચર્ચા કરવાનું ટાળ્યું. પછી થોડીવારમાં એ લોકો સ્વયંવરના સ્થળે પહોંચી ગયા.

બીજા અતિથિઓની સાથે બલરામ પણ ત્યાં હાજર હતા. શિષ્યને જોતાંની સાથે એમણે હસતે મોઢે શુભ સમાચાર આપી દીધા. "સુયોધન, તારો પત્ર વાંચીને મને હાશકારો થયો કે, સુભદ્રા સાથે વિવાહ કરવાનો વિચાર તેં ફેરવી નથી નાખ્યો. ચોમાસા પછી હું પોતે હસ્તિનાપુર આવીને રાજા ધૃતરાષ્ટ્ર અને ભીષ્મ સામે મારી બહેન માટે માંગું નાખીશ."

આ સાંભળીને સુયોધનનો ચહેરો ખીલી ઊઠ્યો. બધાં રાજી હતાં. સહેજ અસ્વસ્થ લાગતા જયદ્રથ ભણી કોઈનું ધ્યાન ગયું નહીં. કર્ણનો ખભો થપથપાવતાં બલરામ બોલ્યા, "આહ,

અંગરાજ કર્ણ! મને તારા પર ગર્વ છે. તેં પુરવાર કરી દીધું કે વીરતાને કોઈ વિઘ્ન નથી નડતાં."

કર્ણ ગદ્ગદ થઈ ગયો. બધાંય વિઘ્ન વટાવીને પોતાનું લક્ષ્ય હાંસલ કરવાની પ્રેરણા આપનાર યાદવરાજ સામે એણે માથું નમાવીને સ્મિત આપ્યું. પછી એની દૃષ્ટિ મંચ પર બેઠેલી દ્રૌપદી પર પડી. રેશમી વસ્ત્રો અને રત્નજડિત અલંકારોમાં શોભતી દ્રૌપદીએ કર્ણ સામે જોઈને મીઠું સ્મિત આપ્યું અને અંગરાજનું હૃદય જાણે બે-ચાર ધબકારા ચૂકી ગયું. સ્વપ્નસુંદરી પરથી માંડમાંડ આંખ ખસેડીને એણે બલરામના શબ્દો પર ધ્યાન આપવાનો પ્રયાસ કર્યો.

"મારી નજરે આ સ્વયંવર નહીં, નારીનું અપમાન છે. આ પ્રકારની સ્પર્ધા યોજીને વિવાહ નક્કી કરવા એ તો જંગાલિયત કહેવાય. મેં કહી દીધું છે કે કોઈ યાદવ આ સ્પર્ધામાં ભાગ નહીં લે."

બલરામ પોતાનો ઉકળાટ ઠાલવી રહ્યા હતા, એટલીવારમાં મંચ પર દ્રૌપદી પાસે પહોંચી ગયેલા કૃષ્ણને કર્ણએ જોયા નહીં. કૃષ્ણની સાથે રાજકુમાર ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી અને પાંચાલના મુખ્ય પુરોહિત હતા. કૃષ્ણએ ધીમા અવાજે કંઈક કહ્યું, એ સાંભળતાંની સાથે દ્રૌપદીનો ચહેરો વીલો પડી ગયો. પછી ધૃષ્ટદ્યુમ્નની વાત સાંભળીને તો એની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. સ્પષ્ટ હતું કે કૃષ્ણ અને ભાઈએ જે કહ્યું, એ દ્રૌપદીના મનને ઠેસ પહોંચાડી ગયેલું. પછી કૃષ્ણએ એક તરફ ઊભેલા બ્રાહ્મણોના જૂથ ભણી ઇશારો કર્યો. એમની વચ્ચે ઊભેલા પાંચ ઊંચા યુવાનો, પંડિત-પૂજારીઓ કરતાં યોદ્ધા વધુ લાગતા હતા. એમાંથી એક જણ દ્રૌપદી સામે ટીકીટીકીને જોઈ રહ્યો હતો, પણ દૃષ્ટિ મળતાંની સાથે જાણે લજ્જા અનુભવી હોય, એમ આડું જોઈ ગયો. દ્રૌપદી કંઈ બોલે એ પહેલાં યજમાન રાજવી દ્રુપદ અને એમની રાણીના આગમનની છડી પોકારાઈ. દ્રૌપદીએ પછી કર્ણ સામે જોયું જ નહીં.

સ્વયંવરમાં પધારેલા અતિથિઓનું સ્વાગત કરીને દ્રુપદે પોતાનું સ્થાન ગ્રહણ કર્યું. પછી એમના મંત્રીએ સ્પર્ધાના નીતિ-નિયમો વિશે માહિતી આપી. ત્યાં આવેલા બધાંને આમ તો આગોતરી જાણ કરાઈ ગયેલી કે શું કરવાનું હતું. યુદ્ધકલા અને નિશાનબાજીમાં પ્રવીણ રાજવીઓને મન આ સાવ સહેલી શરત હતી. આ પહેલાં એમણે આનાથી અનેકગણા કઠિન લક્ષ્યવેધ કરી લીધેલા. જોકે કસોટી શરૂ થઈ અને એક પછી એક ઉમેદવાર નિષ્ફળ નીવડવા લાગ્યા, ત્યારે ત્યાં હાજર રહેલાને ભાન થયું કે આ વાસ્તવમાં આકરી કસોટી હતી, બાળરમત નહોતી.

સમય વીતતો ગયો, નિષ્ફળ ઉમેદવારોની સંખ્યા વધતી ગઈ અને સભાખંડમાં રોષિત ચણભણાટ શરૂ થઈ ગયો. રહીરહીને લોકોને સ્પર્ધાની શરતો, એ માટે અપાયેલા સમયમાં ખામીઓ કે નબળાઈઓ વર્તાવા લાગી. ધાતુની માછલી ઊંચે ચક્કરચક્કર ફરી રહી હતી. નીચે પાણીમાં માત્ર એનું પ્રતિબિમ્બ જોઈને હજી સુધી માછલીની આંખ કોઈ વીંધી નહોતું શક્યું. મગધરાજ જરાસંધનું નિશાન સહેજ માટે ચુકાઈ ગયું.

"મહારાજ, તમે તો દ્રૌપદીના પિતાની ઉંમરના છો." બલરામે એમના મિત્રને ટોણો મારી લીધો.

"હા, પણ સ્વયંવરનું નિમંત્રણ મળ્યું એટલે મારા રાજ્યના પ્રતિનિધિ તરીકે આવવાની મારી ફરજ હતી." જરાસંધે કહ્યું, ત્યાં બેઠેલા યાદવો હાથ મસળી રહ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેવાની મનાઈ કરનાર બલરામ પર એમને ગુસ્સો ચઢી આવેલો. યુવાનોને લાગતું હતું કે ઉંમરની સાથે એમના યાદવનેતાની ડાગળી ચસકવા લાગેલી.

પોતાનો વારો આવવાની રાહ જોઈ રહેલા કર્ણની નજર કૃષ્ણ પર ગઈ. કૃષ્ણએ એને મીઠું સ્મિત આપ્યું. કર્ણએ સહેજ રાહત અનુભવી. ભૂતકાળમાં ભલે યાદવકુમારને એના પ્રત્યે દુર્ભાવ હોય, પણ હવે એ કડવાશ ઓગળી ગઈ હોય એવું લાગતું હતું. પરંતુ દ્રૌપદી હવે કેમ એની

સામે નહોતી જોતી?

છેવટે કર્ણનું નામ બોલાયું. પોતાના સ્થાનેથી ઊભા થયેલા કર્ણએ મનોમન પ્રાર્થના કરી, "હે ઈશ્વર, બસ એકવાર દ્રૌપદી મારી સામે જોઈ લે!"

દ્રૌપદી પાષાણવત માથું નીચું રાખીને બેસી રહી. શંખધ્વનિ થયો. મનમાંથી બીજા બધાય વિચાર હડસેલી દઈને કર્ણએ ઉપર ફરી રહેલી માછલી સામે જોયું. એ પહેલેથી જાણતો હતો કે આ કામ, બીજાઓએ ધારેલું એટલું સરળ નહોતું. પરંતુ કર્ણને પોતાની જાતિમાં વિશ્વાસ હતો. એણે ધનુષ્ય ઉપાડી, બાણ ચઢાવ્યું અને પાણીમાં દેખાતા માછલીના પ્રતિબિમ્બ સામે જોઈને ઉપરની દિશામાં નિશાન તાક્યું.

વાતાવરણમાં હવે કોઈ શ્વાસ લે તોયે સંભળાય એટલી શાંતિ હતી. દ્રૌપદીએ અચાનક ઉચ્ચારેલા શબ્દો સભાખંડને ખૂણેખૂણે પહોંચી ગયા. "હું સૂતપુત્રને નહીં વરું!"

કર્ણના કાને આ શબ્દો પહોંચે, એ પહેલાં તો એના ધનુષ્યમાંથી છૂટેલા બાણે ઉપર ફરતી માછલીની આંખ વીંધી નાખેલી. જોકે માત્ર લક્ષ્ય નહોતું વીંધાયું. દ્રૌપદીના શબ્દો અને પછી કોઈએ પાડેલી બૂમ એના હૃદય પર સો સો તીર વરસાવી ગયેલી. "સૂત, તેં સાંભળ્યું નહીં, રાજકુમારીને તારા જેવા હલકા વર્ણના માણસ સાથે વિવાહ નથી કરવા?"

હજીયે ગરદન નીચે કરીને બેઠેલી દ્રૌપદી સામે કર્ણ જોઈ રહ્યો. લજ્જા અને ક્રોધથી એનું અંગેઅંગ બળી રહ્યું હતું. "અહીં બોલાવીને મારું આવું અપમાન કરવાની હિંમત તેં કેવી રીતે કરી?" આવી ચીસ પાડવા માટે એના હોઠ ખૂલ્યા, પણ એ જ ક્ષણે દ્રૌપદીએ માથું ઊંચું કરીને એની સામે જોયું અને કર્ણની જીભ ઝલાઈ ગઈ. દ્રૌપદીની આંખોમાં એણે જે વિષાદ જોયો, એ તો કર્ણની લાગણીઓથીયે વધુ ઘેરો, વધુ ઊંડો હતો. એની બાજુમાં ઊભેલા કૃષ્ણ મલકી રહ્યા હતા. કર્ણએ પોતાનો પરાજય સ્વીકારી લીધો.

ધૃષ્ટદ્યુમ્નએ કર્ણ પાસે જઈને એને પાછા પોતાના સ્થાને બેસી જવાનું કહ્યું. પણ આ જોઈને ઉકળી પડેલા સુયોધન અને અશ્વત્થામા ખુલ્લી તલવારે ત્યાં ધસી ગયા. એમની પાછળ જયદ્રથ અને સુશાસન દોડ્યા. ધૃષ્ટદ્યુમ્ન અને શિખંડીએ એમને રોકવાનો પ્રયાસ કર્યો.

અણધારી ઘટના જોઈને થોડીવાર માટે હેબતાઈ ગયેલા અતિથિઓ હવે ઊભા થઈ ગયા. એમાંથી જે યુવાન હતા એ પોતપોતાનાં શસ્ત્રો ઉગામીને લડાઈમાં જોડાયા. કોઈ સુયોધનના પક્ષે તો કોઈ ધૃષ્ટદ્યુમ્ન સાથે હતું. જોતજોતામાં સ્વયંવરનું સ્થળ યુદ્ધભૂમિમાં ફેરવાઈ ગયું. મોટી ઉંમરના ઠરેલ બુદ્ધિશાળી લોકોએ શાંતિ માટે બૂમો પાડી, પણ એમને સાંભળે કોણ? ચારેતરફ કોલાહલ અને રક્તપાત છવાઈ ગયો. છેવટે બલરામ, જરાસંધ અને સેનાપતિ હિરણ્યધનુષે પોતાના જીવને જોખમમાં નાખીને, લડવૈયાઓની વચ્ચે જઈને એમને છૂટા પાડ્યા. માંડમાંડ લોકો લડતા અટક્યા. ત્યાં સુધીમાં જોકે થોડી લાશો ઢળી ગઈ હતી અને ઈજાગ્રસ્તો લોહીથી લથપથ ભૂમિ પર તરફડિયાં મારતા હતા. આ બધી ધમાલમાં કોઈએ કર્ણને ત્યાંથી બહાર નીકળી જતો જોયો નહીં.

કર્ણનું તો જાણે આખું વિશ્વ ધરાશયી થઈ ગયું હતું. પોતાના રથમાં બેસીને એણે અશ્વોને ચાબુક ફટકાર્યો અને પવનવેગે હસ્તિનાપુરની દિશામાં ઊપડ્યો. ક્રોધ અને ધિક્કારથી એનું હૃદય છલોછલ હતું. રથચાલકના પુત્રએ ફરી એકવાર એના હલકા કુળને પરિણામે ઘોર અપમાન સહન કરવું પડ્યું હતું.

પુરપાટ દોડી રહેલા રથને દૂરથી જોતાંની સાથે લોકો બાજુએ હટી જતા હતા. પણ પછી અચાનક ક્યાંકથી એક ભિક્ષુક અને શ્વાન એના માર્ગમાં આવતા દેખાયા. કર્ણએ ગુસ્સે થઈને લગામ ખેંચવી પડી. "આંધળો છે?" આવી બૂમ પાડવા જતા કર્ણનો અવાજ મંદ પડી ગયો. એણે પેલા ભિક્ષુકને ઓળખી લીધો. એક દિવસ એ કંગાળે જ એનો જીવ બચાવ્યો હતો.

"સ્વામી, મને ઓળખ્યો, હું જરા છું! જુઓ, મારા કૃષ્ણના આશીર્વાદ તમને કેટલા ફળ્યા. તમે તો હવે રાજા થઈ ગયા…" જરા રાજીપાના ભાવે બોલી રહ્યો હતો.

કર્ણના મોઢામાંથી નિશ્વાસ સરી પડ્યો, ખિન્નભાવે એ બોલ્યો, "જરા, ક્યાં છે તારા ભગવાન? મને એમની પાસે લઈ જા. મારા જીવનમાં તો મને હવે કોઈ અર્થ નથી દેખાતો."

"ચાલો" કહીને જરાએ દોડવાનું શરૂ કર્યું. ધીમી ગતિએ કર્ણનો રથ એની પાછળ ચાલ્યો. થોડીવાર પછી એક સાવ કંગાળ લાગતી વસાહત પાસે જઈને જરા ઊભો રહ્યો. "આ ભૂમિ પર ઊગતા ઘાસના એકએક તણખલાનું ઋણ તારે માથે છે. એ ક્યારેય ભૂલતો નહીં." બલરામે ઉચ્ચારેલા શબ્દો એના કાનમાં પડઘા પાડી ગયા.

જરાને ભિક્ષામાં જે પણ થોડુંઘણું મળ્યું હતું, એ એનાથી વધુ કમભાગી લોકોમાં વહેંચી રહ્યો હતો. કર્ણએ અપરાધભાવ અનુભવ્યો. "હું સૂત છું તોયે મારા મિત્રએ મને રાજા બનાવ્યો. વિશ્વના શ્રેષ્ઠ ગુરુઓએ મને તાલીમ આપી. આજે મારી પાસે બધું છે, તોયે એક સ્ત્રીને ખાતર હું આટલો દુઃખી થઈ રહ્યો છું? એ પણ એવી સ્ત્રી, જે માત્ર જાતિ જુએ છે, જેણે મારી બનવાની ના પાડી દીધી?"

કર્ણનો હાથ એના ગળા ભણી ગયો. કોઈ ખચકાટ વિના એણે સોનાની માળા કાઢીને ત્યાં ઊભેલી એક સ્ત્રીને આપી દીધી. ચારેતરફથી લોકો ત્યાં દોડી આવ્યા. બીજી માળા, બાજુબંધ જેટલુંયે પહેર્યું હતું એ કાઢીને કર્ણએ આપવાનું શરૂ કરી દીધું. અલંકાર અપાઈ ગયા પછી એણે રથ પર લગાડેલી સુવર્ણની પતરીઓ કાઢીને આપી દીધી.

જરાને આમાંથી કંઈ નહોતું જોઈતું. એ તો એક તરફ બેસીને કૃષ્ણપ્રેમના ગીતો ગાઈ રહ્યો હતો. છેવટે કર્ણના શરીર પર માત્ર એણે પહેરેલાં વસ્ત્ર, કવચ અને કુંડળ રહી ગયાં. થોડીવાર પછી એના મિત્રો ત્યાં આવી પહોંચ્યા. અશ્વત્થામાએ કર્ણને પાંચાલ જઈને, કોઈપણ ભોગે દ્રૌપદીને લઈ આવવાનો આગ્રહ કર્યો. પરંતુ સુયોધન કર્ણની મનોસ્થિતિ સમજી ગયો. અશ્વત્થામાને ચૂપ રહેવાનું કહીને એણે પણ શરીર પરથી અલંકારો ઉતારીને લોકોને આપવાનું શરૂ કર્યું.

રાજકુમારો, એમની પાસે હતું એ બધુંયે દાન કરી દઈને, છેવટે હસ્તિનાપુર જવા નીકળ્યા. પરંતુ દ્રૌપદીએ ઉચ્ચારેલા શબ્દો – "હું સૂતપુત્રને નહીં વરું", એ હંમેશ માટે કર્ણના ભાંગેલા હૃદયમાં સંઘરાઈ રહેવાના હતા.

* * *

"મહારાજ, આ બહુ ખોટું થયું. તમે અંગરાજને ઘેર બોલાવીને એનું અપમાન કર્યું. તમને એના કુળ સામે વાંધો હતો, તો નિમંત્રણ શું કામ મોકલ્યું?"

બલરામે દ્રુપદને કહ્યું. થોડીવાર પહેલાં અહીં જામી ગયેલું ઘમાસાણ હવે શાંત થઈ ગયું હતું. મૃતદેહો અને ઈજાગ્રસ્તોને બહાર લઈ જઈને સ્વયંવર સ્થળ પાછું સ્વચ્છ, શાંત કરવાના પ્રયાસ થઈ રહ્યા હતા, પરંતુ બલરામ નારાજ હતા.

એમણે કરેલી ફરિયાદનો પ્રતિભાવ જોકે દ્રુપદને બદલે કૃષ્ણએ આપ્યો. "બંધુ, પાંચાલરાજે કર્ણ કે એની જાતિ સામે એકેય શબ્દ નથી ઉચ્ચાર્યો, પરંતુ રાજકુમારીની ઇચ્છા ન હોય તો કોઈ શું કરી શકે? સ્વયંવરનો પ્રારંભ થયો એ પહેલાં તમે જ રાજાને બધાંની વચ્ચે કહ્યું હતું ને કે, સ્ત્રીને પોતાની ઇચ્છા મુજબનો પતિ પસંદ કરવાનો અધિકાર હોવો જોઈએ!"

બલરામ કોઈ દલીલ ન કરી શક્યા. કોઈપણ પ્રકારની સ્પર્ધામાં વિજેતા નીવડનારને ઇનામ તરીકે સ્ત્રીનો હાથ સોંપી દેવાય. આ સામે એમણે સ્વયંવર સ્થળે ખુલ્લેઆમ વિરોધ વ્યક્ત કર્યો હતો. કહ્યું હતું કે, કાં સ્ત્રી પ્રેમમાં પડીને પતિ મેળવે, અને એવું ન થાય તો માતાપિતા એના માટે એની સંમતિ સાથે યોગ્ય પાત્ર શોધે એ જ યોગ્ય હતું. કૃષ્ણ હવે બલરામને એમના જ શબ્દોમાં

લપેટી રહ્યા હતા.

"બલરામ, જવા દો હવે." આવું કહીને જરાસંઘે એમનો ખભો દબાવ્યો. ખિન્નભાવે માથું ધુણાવીને બલરામ બેસી ગયા. મત્સ્યવેધની કસોટી પાછી શરૂ થઈ.

સાંજ પડી ગઈ, પણ કોઈ ક્ષત્રિયને લક્ષ્ય પાર પાડવામાં સફળતા ન મળી. આ કરી શકનાર એકમાત્ર ઉમેદવારને તો કૃષ્ણની સલાહ સાંભળીને, દ્રૌપદીએ નકારી કાઢેલો. સમયની સાથે સાથે દ્રુપદની ચિંતા વધતી ગઈ. હાજર રહેલામાંથી કોઈ મત્સ્યવેધ નહીં કરી શકે તો? એમણે કૃષ્ણ સામે નિસહાયભાવે જોયું. પણ કૃષ્ણના હોઠ પરથી હજી સ્મિત નહોતું હટ્યું.

પછી એક ઊંચો, સુદૃઢ બાંધો ધરાવતો બ્રાહ્મણ યુવાન ઊભો થયો. કોઈ રાજી થયું, કોઈએ ઉપહાસભર્યું હાસ્ય કર્યું, પણ આશ્ચર્ય સહુને થયું હતું. જે કઠિન કામ ભલભલા ક્ષત્રિયવીરો ન કરી શક્યા, એ કરવા માટે આ સામાન્ય બ્રાહ્મણ આગળ આવ્યો હતો? પરંતુ પછી જે દૃશ્ય ભજવાયાં, એ સહુની કલ્પના બહારનાં હતાં.

બ્રાહ્મણ યુવાને લક્ષ્યવેધ કર્યો, અને ત્યાં બેઠેલા લોકો આશ્ચર્યમાંથી બહાર આવે, એ પહેલાં તો કૃષ્ણએ બીજો વિસ્ફોટ કર્યો. દોડીને વિજેતાને ભેટી પડ્યા પછી એમણે ગર્વભેર જાહેર કર્યું, "આ અર્જુન છે, પાંડવ રાજકુમાર... દ્રૌપદી માટે એનાથી વધુ લાયક પતિ બીજે ક્યાંય નહીં મળે."

સાંભળનારા સ્તબ્ધ થઈ ગયા. એ તો માનતા હતા કે વારણાવતની આગમાં પાંડવો બળીને મરી ગયેલા. બ્રાહ્મણકક્ષમાં એક પછી એક પાંડવયુવાન ઊભા થયા અને અર્જુનની બાજુમાં જઈને ઊભા રહ્યા. કૃષ્ણએ એમની ઓળખ કરાવી.

"સુયોધને એના મળતિયાઓનો સાથ લઈને પાંડવોને મારવાનો પ્રયાસ કર્યો હતો, પણ એની મેલી મુરાદ બર ન આવી. પાંડવોનો વાળ પણ વાંકો થયો નહીં. એનું કારણ એ કે આ કુમારો સામાન્ય માણસો નહીં, દૈવી સંતાનો છે. ધર્મનું સાક્ષાત રૂપ ગણાતા યુધિષ્ઠિર યમના પુત્ર છે. ભીમ વાયુપુત્ર અને અર્જુન ઇન્દ્રનો પુત્ર છે. નકુલ-સહદેવના પિતા અશ્વિની બંધુઓ છે."

આ બોલતી વખતે કૃષ્ણએ બલરામ સામે જોવાનું ટાળ્યું. જોકે એ જાણતા હતા કે બલરામને નાનાભાઈ પ્રત્યે અખૂટ સ્નેહ હતો. કૃષ્ણની કોઈ વાત સાથે એ સહમત ન થાય, કદાચ ગુસ્સે થાય તોયે પાછળથી એમને મનાવી લેવાનું સહેલું હતું. પરંતુ જરાસંધના હોઠ પર દેખાતું કડવું સ્મિત અને હિરણ્યધનુષની વેધક દૃષ્ટિ કૃષ્ણને આછી ચિંતા કરાવી ગયા. સદનસીબે બાકીના લોકો ધ્યાનપૂર્વક કૃષ્ણને સાંભળી રહ્યા હતા.

"કૌરવો કહે છે કે પાંડુ નપુંસક હતા અને કુંતીને બીજાઓથી થયેલા સંતાનો અનૌરસ ગણાય, એટલે હસ્તિનાપુરની ગાદી પર બેસવાનો હક યુધિષ્ઠિરને નથી. પરંતુ સત્ય હું તમને જણાવું છું. પાંડુએ યુવાનીમાં ભૂલભૂલથી એક ઋષિનું અપમાન કરી નાખેલું. એમણે ક્રોધે ભરાઈને શાપ આપ્યો કે, સ્ત્રી સમાગમ કરવા જતાં પાંડુ મૃત્યુને શરણ થશે. પરંતુ વંશને આગળ વધારવો પણ જરૂરી હતો. પાંડુરાજાએ શાસ્ત્રોમાં આપેલી સલાહ અપનાવી. આપણા પ્રાચીન, પવિત્ર ગ્રંથોમાં લખ્યું છે કે, પતિ સહમતી આપે તો પત્ની કોઈ બ્રાહ્મણ કે દેવથી સંતતિ પ્રાપ્ત કરી શકે છે. આ રીતે જન્મેલા સંતાનનો પિતા તો સ્ત્રીનો પતિ જ ગણાય. પેલા દેવો કે બ્રાહ્મણોને માથે આ સંતાનને ઉછેરવાની જવાબદારી નથી હોતી. ભવિષ્યમાં એમના પિતા ગણાવાનો અધિકાર પણ એમને નથી રહેતો. એટલે કુંતી અને માદ્રીને દેવોથી જન્મેલા પુત્રો પાંડુના જ કહેવાય. હસ્તિનાપુરનો યુવરાજ સુયોધન નહીં યુધિષ્ઠિર છે. આ સત્યને અવગણનાર સુયોધન અભિમાનથી અંધ થઈ ગયો છે, ધર્મને ભૂલી ગયો છે."

થોડીવાર પહેલાં થયેલી અથડામણમાં સૂતપુત્રને સાથ આપનારા, કે એના પ્રત્યે સહાનુભૂતિ દાખવનારા લોકો સામે જોઈને કૃષ્ણ બોલ્યા, "રથચાલકનો પુત્ર કર્ણ પ્રભાવશાળી વ્યક્તિત્વ

ધરાવે છે. કુશળ ધનુર્ધારી છે એ વાતમાં કોઈ શંકા નથી. પરંતુ તમને યાદ હશે કે, આ વિદ્યા એણે મહાગુરુ પરશુરામ સાથે વિશ્વાસઘાત કરીને મેળવી છે. કર્ણએ કરેલા છળકપટથી પરશુરામ પર જે કુઠારાઘાત થયેલો, એની અસરમાંથી આજે પણ એ બહાર નથી આવ્યા. એ મહાન વ્યક્તિ આજે જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે, અને એમની આ દશા કરનાર ધૂર્ત સામે દક્ષિણનાં બધાંય રાજ્યો એક થઈને ઊભાં છે."

ત્યાં બેઠેલામાંથી કોઈને કંઈ બોલવાનું સૂઝે એ પહેલાં તો કૃષ્ણ હજીયે માથું ઝુકાવીને બેઠેલી પાંચાલી પાસે ગયા. "રાજકુંવરી, તારા માટે આજે અમને સહુને ગર્વ છે. અમારા આશીર્વાદ છે કે, તું ખૂબ સુખી થા અને સો પુત્રોની માતા બનવાનું સૌભાગ્ય તને પ્રાપ્ત થાય."

"બસ, હવે મારાથી સહન નહીં થાય." બલરામને આટલું કહીને જરાસંધ ઊભા થયા અને સભામાંથી બહાર નીકળી ગયા. હિરણ્યધનુષ એમને અનુસર્યો.

મગધરાજ એમના હાથી પર સવાર થવા જતા હતા, ત્યાં બલરામ એમની પાસે આવીને ઊભા રહ્યા. જરાસંધે માથું ધુણાવીને મનની વાત કહી દીધી, "બલરામ, આ દેશ વિનાશની ગર્તામાં ધકેલાઈ રહ્યો છે. તમારા ચતુર ગણાતા ભાઈની મને તો દયા આવે છે."

દૂરથી હવે બ્રાહ્મણોના મંત્રોચ્ચારનો અવાજ આવી રહ્યો હતો. પરંપરાગત વિધિથી દ્રૌપદી અને અર્જુનના વિવાહ થઈ રહ્યા હતા. બલરામે સહેજ હતાશા અનુભવી, પરંતુ કૃષ્ણ આખરે એમનો ભાઈ હતો. એના માટે જરાસંધ કોઈ ખરાબ અભિપ્રાય બાંધીને જાય, એ યાદવરાજને જચ્યું નહીં. એ બોલ્યા, "કૃષ્ણના વિચારો સહેજ જુનવાણી, રૂઢિવાદી છે. એને લાગે છે કે, લોકો ધર્મના માર્ગથી ચલિત થઈ રહ્યા છે. જુદી રીતે વિચારતી વ્યક્તિઓના મોહમાંથી જગતને બચાવવાની જવાબદારી કૃષ્ણએ એના માથે લીધી છે. એ કહે છે, ધર્મની પુનઃસ્થાપના માટે એણે પૃથ્વી પર અવતાર લીધો છે. બસ, એટલું જ!"

"આશા રાખું કે, તમે સાચું કહેતા હો અને એની ધર્માંધતા બધાં માટે ઘાતક ન નીવડે. પરંતુ મને ભય તો છે જ કે, કૃષ્ણની વિચારધારા સમાજને વિભાજિત કરી નાખશે. સનાતન, અવિનાશી ધર્મ જેવી કોઈ વસ્તુ નથી, એ સત્ય સ્વીકારવા જેવી વિવેકબુદ્ધિ કૃષ્ણમાં નહીં આવે તો વિનાશ નક્કી છે. જે ભીષણ યુદ્ધ થશે એમાં આખુંયે ભારત હોમાઈ જશે. આવા યુદ્ધના અંતે મુઠ્ઠીભર પંડિત-પૂજારીઓ સિવાય કોઈનો વિજય નહીં થાય. માત્ર એ જ લોકો ફળશે ફૂલશે." જરાસંધે કૃષ્ણ માટે વધુ કંઈ બોલીને બલરામને દુઃખી કરવાનું ટાળ્યું.

"મગધરાજ, હું મારી રીતે કૃષ્ણને સમજાવવાનો પ્રયાસ કરીશ, પરંતુ તમે પણ સાચવજો. આપણે બહુ કપરા કાળમાંથી પસાર થઈ રહ્યા છીએ અને ઘણાં લોકોના મનમાં તમારી છાપ એક દુષ્ટ શાસક તરીકેની છે. ગેરમાર્ગે ચઢી ગયેલા નાગયુવાનોથી ચેતતા રહેજો." બલરામે આડી નજરે હિરણ્યધનુષ સામે જોઈને કહ્યું.

"બલરામ, સિત્તેર વર્ષની મારી આયુ મેં કાયર તરીકે નથી વિતાવી. હું જાણું છું કે, માત્ર તક્ષક જેવા લોકો મને મારવાની રાહ જોતા નથી બેઠા. બીજાએ ઘણાં લોકો મારો જીવ લેવાની તાકમાં છે. પરંતુ સેનાપતિ હિરણ્યધનુષ જેવા કર્તવ્યપરાયણ લોકો મારી સાથે છે, ત્યાં સુધી નાગ, અવતાર કે બીજા કોઈનો મને ભય નથી. હવે તમારી વિદાય લઉં છું. સમય મળ્યે ક્યારેક મગધ પધારજો."

બલરામ એમને જતા જોઈ રહ્યા. એક સમયે જરાસંધ એમનો સહુથી મોટો શત્રુ હતો. મથુરાના રાજા કંસને કૃષ્ણ અને બલરામે મળીને માર્યો, એ દિવસથી કંસનો સાળો જરાસંધ એમનો દુશ્મન થઈ બેઠેલો. બનેવીની હત્યાનું વેર વાળવા એણે હિરણ્યધનુષ સાથે મળીને સત્તરવાર મથુરા પર આક્રમણ કર્યું હતું. કૃષ્ણ કોઈપણ ભોગે જરાસંધને મારવા માંગતા હતા. એક દિવસ આવી તક સામેથી આવીને ઊભી રહી. જરાસંધે એમને મગધની રાજધાની

પાટલિપુત્રમાં સંધિની ચર્ચા માટે આમંત્રણ આપ્યું.

કૃષ્ણની જેમ બલરામને પણ ત્યારે જરાસંધ સાથે સમાધાન કરવામાં કોઈ રસ નહોતો. બંને ભાઈઓએ મળીને નક્કી કરી નાખ્યું કે સંધિના બહાને પાટલિપુત્ર જઈને જરાસંધની હત્યા કરી નાખવી. પરંતુ મગધ જઈને બલરામનો વિચાર બદલાઈ ગયો. ત્યાં એમણે જરાસંધને એક આદર્શ શાસકના રૂપમાં જોયા. મગધરાજને મારવાની યોજના એમણે પડતી મૂકી.

કૃષ્ણના રોષનો ત્યારે પાર નહોતો રહ્યો, પરંતુ મોટાભાઈનો બોલ એમણે ઉથાપ્યો નહીં. બલરામે પછી થોડા જ સમયમાં યાદવોને મથુરાથી ભારતના પશ્ચિમ કિનારે લઈ જવાનો નિર્ણય કરી લીધો. ત્યાં સાગરકિનારે સ્વપ્નનગરી જેવી દ્વારકા ઊભી થઈ અને, જરાસંધ સાથે કાયમી મિત્રતા બંધાઈ ગઈ.

* * *

દ્રૌપદી સાથે અર્જુનના વિવાહ સંપન્ન થઈ ગયા. નવપરિણિતોને પાલખીમાં બેસાડીને લોકો વાજતેગાજતે પાંડવનિવાસે જવા નીકળ્યા. બધાં આનંદમાં હતાં, પણ બલરામે દ્રૌપદીની આંખોમાં પથરાયેલો વિષાદ જોઈ લીધોઃ "પુત્રી, તું જાણતી નથી કે માત્ર જાતિના આધારે કર્ણને ધૂતકારીને તેં કેવડી મોટી ભૂલ કરી નાખી. પણ આશા રાખું કે, અર્જુન તને સદા સુખી રાખે." બલરામે મનોમન આશીર્વાદ આપી દીધા. એ નહોતા જાણતા કે વરવધૂની પાલખી એમને ઘેર પહોંચશે, ત્યારે પાંડવોની માતા એક એવો અભૂતપૂર્વ નિર્ણય લેવાની હતી, જે હંમેશ માટે ઇતિહાસની દિશા બદલી નાખશે.

વિવાહ

બ્રાહ્મણો અને સાત્ત્વિક, પવિત્ર ગણાતા લોકો રહેતા હતા. ત્યાં પાંડવોનું નાનું પણ સ્વચ્છ, સુંદર ઘર હતું. ઢોલનગારાના અવાજ સાથે લોકો ત્યાં પહોંચ્યા. મઢૂલીની અંદર ઊભેલી કુંતીને સમજાતું નહોતું કે શું કરવું. માતા બારણું ઉઘાડે એની રાહ જોતા પાંડવો બહાર ઊભા રહ્યા.

પાલખીમાંથી ઉતરેલી દ્રૌપદીનું મન કોઈ અજાણ ભયથી અમળાઈ રહ્યું હતું. અર્જુનના ચારેય ભાઈઓ એની પાછળ ઊભા હતા. એમની આંખોમાંથી નીકળી રહેલી લાલસા અને અર્જુન પ્રત્યેની ઈર્ષા દ્રૌપદીની પીઠને દઝાડી રહ્યા હતા.

"માતા, અર્જુન તારા માટે એક ભેટ લઈ આવ્યો છે." યુધિષ્ઠિરે સાદ પાડ્યો.

બારણાની તિરાડ પર મંડાયેલી બે આંખો દ્રૌપદીને દેખાતી હતી. છેવટે અંદર અંધકારમાંથી એક અવાજ બહાર આવ્યો. "અર્જુન, તું જે પણ લાવ્યો હોય એ તારા ભાઈઓ સાથે સરખે ભાગે વહેંચી લે."

ઉગ્ર સ્વભાવની દ્રૌપદીના કાન આ સાંભળતાની સાથે તમતમી ઊઠ્યા. કુંતીએ ખરેખર એવું કહ્યું કે ભાઈઓ સાથે વહેંચી લેજે? પોતે કંઈ ખોટું તો નહોતું સાંભળ્યું ને? પછીનાં વર્ષોમાં અનેકવાર કુંતીના આ શબ્દો એના કાનમાં ગુંજવાના હતા. અર્જુનના ભાઈઓની દૃષ્ટિ એને કેટલી દઝાડી ગયેલી, એ યાદ આવવાનું હતું. દ્રૌપદી તો એ પણ નહોતી ભૂલવાની કે, નવવધૂના વેશમાં ધ્રૂજતી એ ઘરની બહાર ઊભી હતી, ત્યારે એનો પતિ, મહાન યોદ્ધો, વિશ્વનો શ્રેષ્ઠ બાણાવળી કેટલો નિસહાય હતો.

"માતા, ખરેખર તારી આવી ઇચ્છા છે?" પ્રિય રમકડું ઝૂંટવાઈ ગયા પછી કોઈ બાળક બોલે એવા અવાજે અર્જુને પૂછ્યું.

દ્રૌપદીના ચિત્તમાં હવે રોષનો જ્વાળામુખી ભભૂકી રહ્યો હતો. એની હાજરી જ ન હોય, એ રીતે આ લોકો એના ભાવિ વિશે ચર્ચા કરી રહ્યા હતા. આંખમાં આવી ગયેલાં પાણી એણે પાછાં ધકેલી દીધાં. એ પાંચાલની રાજકુમારી, પાંચાલરાજની પુત્રી હતી.

કુંતીએ બારણું ખોલ્યું. બીજા કોઈની સાથે દૃષ્ટિ મેળવ્યા વિના એણે માત્ર સામે ઊભેલા કૃષ્ણને ઉદ્દેશીને કહ્યું, "કૃષ્ણ, હવે તમે જ અર્જુનને ધર્મ અને કર્મના સિદ્ધાંત સમજાવો. એને શું કામ ક્રોધ આવે છે? એ નથી જાણતો કે દુર્યોધન સામે લડવા માટે બધા ભાઈઓએ એક થઈને ઊભા રહેવું પડશે? હું નથી ઇચ્છતી કે, એક સ્ત્રીને કારણે ભાઈઓ વચ્ચે વૈમનસ્ય ઊભું થાય. દ્રૌપદીને તો ઊલટું એ વાતનો ગર્વ થવો જોઈએ કે એ આવા પાંચ પ્રતાપી પાંડવોની પત્ની બનશે. એક સમયે મેં અને માદ્રીએ પણ એકથી વધુ પુરુષનું પડખું સેવ્યું હતું. એમાંથી જ આવા તેજસ્વી પુત્રોનો જન્મ થયો હતો."

દ્રૌપદી હવે જાત પર સંયમ ન રાખી શકી. "હું કોઈ વેશ્યા છું કે, તમારા પાંચ પુત્રોની શૈયાસંગિની બનું?" આગઝરતી આંખે એણે અર્જુન સામે જોયું. "અર્જુન, તમે કેમ મૌન છો? તમે મને જીતીને લાવ્યા છો. હું તમારી પત્ની છું. તમે એવું ઇચ્છો છો કે તમારા ભાઈઓ મારો ભોગવટો કરે? કંઈક તો બોલો. તમે ક્ષત્રિય નથી?"

કૃષ્ણ હવે વચ્ચે પડ્યા. "ફૈબા, મને વાત કરવા દો." કહીને એમણે દ્રૌપદીનો હાથ પકડ્યો અને દૂર લઈ ગયા. અર્જુન એમની પાછળ ગયો.

યુધિષ્ઠિર મઢૂલીના એક ખૂણે આસન પર બેસીને ધ્યાનમગ્ન થઈ ગયા. ભીમ રસોડામાં જઈને ખાવાનું શોધવામાં પડી ગયો. નકુલ-સહદેવ અસમંજસમાં એક તરફ ઊભા રહ્યા. કુંતીએ એના જ્યેષ્ઠ પુત્રના શાંત ચહેરા સામે જોયું. ખરા અર્થમાં એણે જુગાર ખેલી નાખેલો.

દ્રૌપદીને સમજાવવાનું હવે કૃષ્ણના હાથમાં હતું. ગાંધારીના સો પુત્રની શક્તિ એમની એકતામાં હતી. કુંતીને ચિંતા હતી કે, પાંચાલી જેવી સુંદર યુવતી આ ઘરમાં માત્ર અર્જુનની પત્ની બનીને આવી, તો પાંડવો વચ્ચે ફાટફૂટ પડી જશે. મનોમન સહુ એને પામવાની ઝંખના રાખતા હતા એ કુંતી સમજી ગયેલી.

થોડીવારમાં કૃષ્ણ પાછા આવ્યા. લાગતું હતું કે એમણે સમસ્યા ઉકેલી નાખેલી. દ્રૌપદીની નીચે ઢળેલી આંખોમાં સંકોચ હતો કે રીસ, એ જાણવાનું કઠિન હતું. પરંતુ એની પહેલાની બીજી અનેક ભારતીય પત્નીઓની જેમ એણે સંજોગો સાથે સમાધાન કરી લીધેલું એ સ્પષ્ટ હતું. અર્જુને કોઈની સાથે દૃષ્ટિ મેળવી નહીં.

યુધિષ્ઠિરે આંખો ખોલી. કૃષ્ણએ એના ખભે હાથ મૂક્યો અને પછી કુંતીને ઉદ્દેશીને કહ્યું, "દ્રૌપદીને મેં સમજાવી લીધી છે કે, એ જે કરશે એમાં શાસ્ત્રોની સંમતિ છે. અર્જુન પણ મારું કહ્યું માનવા તૈયાર છે. બધો વિચાર કરીને મેં નિર્ણય લીધો છે કે, દ્રૌપદી એના લગ્નજીવનનું પ્રથમ વર્ષ યુધિષ્ઠિર સાથે ગાળશે. પછી ભીમનો વારો આવશે. ત્રીજા વર્ષે અર્જુન અને ચોથા, પાંચમા વર્ષે જોડિયા ભાઈ નકુળ, સહદેવ એના પતિ બનીને રહેશે. પછીના વર્ષ દરમ્યાન આ જ નિયમ જળવાશે. દરેક વર્ષ પછી એક મહિનાનો ગાળો ખાલી રહેશે. આ રીતે દ્રૌપદી પાંચેય ભાઈઓની પત્ની કહેવાશે."

યુધિષ્ઠિરે પોતાનો હર્ષ બહાર છલકાઈ ન પડે એટલે આંખો ઢાળી દીધી. નાનાભાઈએ જીતેલી નારીના પ્રથમ પતિ બનવાનું સૌભાગ્ય એને પ્રાપ્ત થયું હતું. થોડીવાર પછી એમણે દ્રૌપદી સામે જોઈને કહ્યું, "ધ્યાન અને પ્રાર્થનામાં શસ્ત્રો કરતાં વધુ શક્તિ હોય છે. અર્જુને એનું કર્તવ્ય નિભાવ્યું છે. પાંચાલી, તારે હવે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. બધાં ભાઈઓ સાથે તારા વૈદિક વિધિસર વિવાહ થશે. હવે તું અમારી છે. છેલ્લા શ્વાસ સુધી અમે તારું રક્ષણ કરશું."

દ્રૌપદીએ કુંતી ભણી જોઈને પૂછ્યું, "માતા, તમારે આ પાંચ જ પુત્ર છે ને?"

કુંતીનો ચહેરો ફિક્કો પડી ગયો. ઢીલા અવાજે એણે પૂછ્યું "પુત્રી, આવું શું કામ પૂછે છે?"

"કાલે ઊઠીને ક્યાંક એવું ન થાય કે, કોઈ છઠ્ઠો પુરુષ પણ આવીને મારો પતિ થવાનો અધિકાર માંગે અને શાસ્ત્રાનુસાર મારે એ વખતે એની પત્ની બનવાનો ધર્મ પણ નિભાવવો પડે." દ્રૌપદીએ કટાક્ષમાં કહ્યું.

કુંતી ચૂપ રહી. યુધિષ્ઠિર અને એના ત્રણ ભાઈઓ વિવાહની તૈયારીમાં વ્યસ્ત થઈ ગયા. ઘરનું બારણું બંધ થયું. માત્ર અર્જુન બહાર ઊભો રહ્યો.

* * *

મોડી રાત્રે પથારીમાં નિર્જીવ લાકડાની જેમ પડેલી દ્રૌપદીને લાગતું હતું કે એનું શરીર જ નહીં, મન પણ છિન્નભિન્ન થઈ ગયું હતું. બાજુમાં સૂતેલા યુધિષ્ઠિર કે એને જીતી લાવનાર અર્જુનને બદલે, એ આ ક્ષણે કોઈ ત્રીજાને યાદ કરી રહી હતી. પાંચાલના દરબારમાંથી હડધૂત થઈને, ચૂપચાપ બહાર નીકળી રહેલા યુવાનની છબી દ્રૌપદીની આંખો સામે તરવરી ઊઠી. "હું સૂતપુત્રને નહીં વરું." એના પોતાના શબ્દો હવે દ્રૌપદીના કાનમાં ઘણની જેમ ઝીંકાઈ રહ્યા હતા.

* * *

પાંડવોના લગ્નનિમિત્તે આશ્રમમાં એકસો બ્રાહ્મણને જમાડવા માટે તૈયારીઓ ચાલી રહી હતી. સહુ વ્યસ્ત હતા. માત્ર અર્જુન બધાંથી દૂર એકલો અટૂલો, ખિન્નતામાં ડૂબેલો હતો. કૃષ્ણ એની બાજુમાં આવીને બેઠો. કંઈ બોલ્યા વિના એમણે કેડેથી વાંસળી કાઢીને હોઠ પર મૂકી

અને મીઠો સૂર છેડ્યો. વાતાવરણમાં અજબ પ્રકારની મોહિની છવાઈ ગઈ. અર્જુનના બળી રહેલા તનમન પર જાણે શીતળ જળના છાંટણા થયા. કાળા વાદળની આડેથી બહાર નીકળેલા ચંદ્રએ, ધરતી પર રૂપેરી આભા પાથરી દીધી. ક્યાંક દૂરથી કોયલે પણ બંસીના સૂરમાં પોતાનો સૂર મેળવ્યો. અર્જુન આંખ મીંચીને સંગીતમાં ખોવાઈ ગયો.

થોડીવાર પછી એની તંદ્રાને તોડતો કૃષ્ણનો અવાજ આવ્યો. “અર્જુન, તને પ્રેમ કરનારી બીજી એક વ્યક્તિ તારી રાહ જુએ છે. આજે રાતે જ આપણે દ્વારકા જવા નીકળી જશું.”

અર્જુને આંખ ઉઘાડી. એના ચહેરા પર પ્રશ્નાર્થભાવ આવી ગયો. કૃષ્ણ બોલ્યા, “અર્જુન, હવે દ્રૌપદીને ભૂલી જા. તેં એની સાથે રાજકીય કારણોસર લગ્ન કર્યાં છે. દુર્યોધન સામે લડવા માટે હવે તમને પાંચાલરાજ જેવા શક્તિશાળી સંબંધીનો સાથ મળી ગયો. પરંતુ હવે તારે સાચા પ્રેમને સ્વીકારવાનો છે. મારી બહેન સુભદ્રા તારી વાટ જુએ છે.”

“સુભદ્રા?” અર્જુન ચમકી ગયો. “પરંતુ એના વિવાહ તો મારા પિતરાઈ સુયોધન સાથે નક્કી થયા છે. હું કઈ રીતે એનો વિચાર પણ કરી શકું?”

“હું મારી બહેનને બરાબર ઓળખું છું. એના મનમાં હવે દુર્યોધનનું સ્થાન અર્જુને લીધું છે. કર્ણએ તને નીચું જોવડાવ્યું. કર્ણને ખાતર દુર્યોધને જાહેરમાં તારું અપમાન કર્યું, પરંતુ એની સામે તને સુભદ્રાનો પ્રેમ મળી ગયો. મિત્ર, તને એવું લાગે છે કે, હું કોઈ કાળે મારી બહેનના વિવાહ દુર્યોધન સાથે થવા દઉં?”

“પરંતુ હું કેવી રીતે આવું લજ્જાસ્પદ કૃત્ય કરી શકું? સુભદ્રા તો સુયોધનની...” બોલતાં બોલતાં અર્જુન અટકી ગયો. એણે કૃષ્ણના હોઠ પર રમતું સ્મિત જોયું અને એની રગેરગમાં ક્રોધ ફરી વળ્યો. કેવી લજ્જા, કેવા આદર્શ... એના સગા ભાઈએ ધર્મના નામે એની પત્ની ઝૂંટવી લીધી હતી. તો પછી સુયોધન સાથે આવું કરવામાં અર્જુને શું કામ ખચકાવું જોઈએ? અર્જુને હસીને કૃષ્ણનો હાથ પકડી લીધો.

* * *

રથમાં દ્વારકા જવા નીકળેલા અર્જુન અને કૃષ્ણ રસ્તામાં થોડો વિશ્રામ કરવા રોકાયા. એ સ્થળે મોટું તાપણું કરીને એને ફરતે થોડા લોકો બેઠા હતા. ભિક્ષુક લાગતો એક માણસ, એના અંધ શ્વાનને માથે હાથ ફેરવતો, ઈશ્વરભક્તિનાં ગીત ગાઈ રહ્યો હતો. ભજનમાં કૃષ્ણનું નામ સાંભળીને અર્જુનને આશ્ચર્ય થયું, પણ એનાથીયે મોટો આંચકો ત્યારે લાગ્યો, જ્યારે એણે ભોજનાલયની બહાર ગરીબ, અસ્પૃશ્યોને ખાવાનું પીરસી રહેલા લોકોના ચહેરા જોયા. એ હતા સુયોધન, કર્ણ, સુશાસન, અશ્વત્થામા અને જયદ્રથ.

એના તરફ કોઈનું ધ્યાન જાય, એ પહેલાં અર્જુન જઈને રથમાં બેસી ગયો. આજે લગ્નની રાત્રિએ એને બહાર રખડતો જોઈને કોઈ કંઈ પૂછે તો શું જવાબ આપવો?

થોડે આગળ ગયા પછી એણે કૃષ્ણને પૂછ્યું, “પેલો ભિખારી તમારી કૃપાના ગીત ગાઈ રહ્યો હતો. તમે ખરેખર ભગવાન છો, જે આવા ગરીબના હૃદયમાં આટલી બધી શ્રદ્ધા જગાડી શકે?”

જવાબમાં કૃષ્ણએ માત્ર સ્મિત આપ્યું. અર્જુનનું મન અશાંત હતું. દુષ્ટ ગણાતા લોકો ગરીબોની સાથે રાત ગાળી રહ્યા હતા, એમને થોડો આધાર આપી રહ્યા હતા. બીજી તરફ ધર્મનું સાક્ષાત રૂપ ગણાતો એનો મોટો ભાઈ, નાના ભાઈ પાસેથી ચોરી લીધેલી સ્ત્રી સાથે હતો. આવું શું કામ થઈ રહ્યું હતું, એનો ઉત્તર તો માત્ર ભગવાન આપી શકે.

* * *

સુયોધનને એના કાન પર વિશ્વાસ નહોતો બેસતો. બલરામ કહી રહ્યા હતા કે ત્રણ દિવસ પછી સુયોધનના લગ્ન જેની સાથે થવાના હતા, એ સુભદ્રા અર્જુન સાથે ભાગી ગયેલી.

હસ્તિનાપુરના યુવરાજ સાથે શું કોઈ મજાક થઈ રહી હતી?

દ્રૌપદી પાંચ પાંડવોની પત્ની બની, એ પ્રસંગને લગભગ એક વર્ષ વીતી ગયેલું. શરૂઆતમાં વાત સાંભળીને સહુને આંચકો લાગેલો, પરંતુ પછી એ માત્ર મશ્કરીનો વિષય બનીને વિસારે પડી ગયું. એના છ મહિના પછી બલરામ હસ્તિનાપુર આવીને સુયોધન સાથે સુભદ્રાના લગ્નની વાત પાકી કરી ગયા. એમની સાથે કૃષ્ણ નહોતા.

સુયોધને એવું સાંભળેલું કે, અર્જુન એના લગ્નની રાત્રિએ કૃષ્ણના રથમાં બેસીને દ્વારકા જતો દેખાયો હતો. જોકે કૃષ્ણ એમના ઘેર પહોંચ્યા ત્યારે એકલા હતા. અર્જુન ક્યાં હતો એ કોઈ નહોતું જાણતું. હા, જયદ્રથે ઘણીવાર એવી શંકા વ્યક્ત કરેલી કે, સુભદ્રાને હવે અર્જુન ગમવા લાગેલો. પરંતુ બલરામ આવીને સંબંધ પાક્કો કરી ગયા પછી સુયોધન નિશ્ચિંત થઈ ગયો હતો. એને લાગતું હતું કે જયદ્રથ અમસ્તો જ ચિંતા કરતો હતો. જોકે પુરુષ પોતાના ભાવિ સાળાની કાળજી રાખે એ સ્વાભાવિક હતું. સિંધરાજ જયદ્રથ સાથે કૌરવોની બહેન સુશલાનું સગપણ થઈ ગયું હતું. ભાઈ બહેન એક જ સ્થળે, એક જ સમયે પોતપોતાની પ્રિય વ્યક્તિ સાથે વિવાહના બંધનમાં બંધાવાના હતા.

જયદ્રથને લઈને સિંધવાસીઓની જાન હસ્તિનાપુર આવી ગયેલી. દ્વારકાવાળા સુભદ્રા સાથે આવે એની વાટ જોવાતી હતી. લગ્નને આડે ત્રણ દિવસ બાકી હતા, ત્યારે સુભદ્રાનો મોટો ભાઈ બલરામ હસ્તિનાપુર આવ્યો, પણ એકલો. હવે સભાની અંદર, ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને વિદુરની હાજરીમાં યાદવોના નેતા સુયોધનના ગુરુ માથું ઝુકાવીને કહી રહ્યા હતા, "મને ક્ષમા કરી દો. મેં તમારો અને હસ્તિનાપુરનો ઘોર અપરાધ કર્યો છે. તમે આપો એ સજા સ્વીકારવા હું તૈયાર છું. પરંતુ સાચું કહું છું, કૃષ્ણનો સાથ લઈને સુભદ્રા આવું કરશે એ વાતથી હું સાવ અજાણ હતો."

હેબતાઈ ગયેલો સુયોધન થોડીવાર માટે કંઈ બોલી ન શક્યો. છેવટે ભીષ્મએ મૌન તોડ્યું, "સુયોધન, હસ્તિનાપુરનું ભયાનક અપમાન થયું છે એમાં કોઈ શંકા નથી, અને આ વળી આપણા ખંડિયા ગણાતા રાજ્યએ કર્યું છે. દક્ષિણના આપણા દુશ્મનો પણ ક્યારેય આટલી નીચી પાયરીએ નથી ઊતર્યા. સુયોધન, હવે તારે નિર્ણય લેવાનો છે કે શું કરવું? દ્વારકા પર આક્રમણ કરીને, ખેદાનમેદાન કરી નાખીને યાદવોને પાઠ ભણાવવો, કે પછી અર્જુન સાથે લડીને દ્રૌપદીને પાછી લઈ આવવી!"

જવાબ આપવાને બદલે સુયોધન એના ગુરુ સામે જોઈ રહ્યો. બલરામની આંખોમાં લજ્જા અને લાચારી હતી. છેવટે સુયોધન બોલ્યો, "ગુરુજી, કૃપા કરીને મારા એક પ્રશ્નનો ઉત્તર આપો. અર્જુન અને સુભદ્રા દ્વારકાથી નાસી છૂટ્યાં, ત્યારે રથ સાથે જોડેલા અશ્વોની લગામ કોના હાથમાં હતી, અર્જુનના કે...?"

બલરામ માટે જવાબ આપવાનું ભારે પીડાજનક હતું. માંડમાંડ એ બોલ્યા, "વત્સ, રથ ચલાવનાર અર્જુન નહીં, સુભદ્રા હતી."

સાંભળીને સુયોધને માથું નમાવ્યું અને વધુ એક પણ શબ્દ બોલ્યા વિના ત્યાંથી ચાલવા માંડ્યો.

ભીષ્મ ઊભા થઈ ગયા. "સુયોધન, તું ક્ષત્રિય છે. તારા અધિકાર માટે લડવું હોય તો હસ્તિનાપુરનું સૈન્ય તારી સાથે ઊભું રહેશે."

સુયોધને ઊભા રહીને જવાબ આપ્યો, "પિતામહ, સત્ય આપણી સામે છે. સુભદ્રા એની ઇચ્છાથી અર્જુન સાથે ગઈ છે. હવે માત્ર મારા અહમને ખાતર દ્વારકા સાથે આપણા સંબંધ બગડે કે યુદ્ધ થાય એવું હું નથી ઇચ્છતો. સુભદ્રા ભલે અર્જુન સાથે સુખી થતી."

સભામાંથી નીકળી રહેલા સુયોધનના કાને ભીષ્મના શબ્દો પડ્યા. "સુયોધન! પુત્ર, મને

તારા માટે ગર્વ છે.”

વડીલો સામે ફરી એકવાર માથું નમાવીને સુયોધન ઉતાવળે પગલે ત્યાંથી નીકળી ગયો. જાત પર વધુ સંયમ રાખવાનું કઠિન હતું. થોડે દૂર મહેલના એક ખૂણે જઈને એણે ભીંત સાથે માથું ટેકવી દીધું. આંખોમાં આંસુનું ઘોડાપૂર ઊમટી આવ્યું. કોઈ સંકોચ વિના હસ્તિનાપુરનો યુવરાજ ધ્રુસકે ધ્રુસકે રડ્યો. અર્જુન પ્રત્યેના ધિક્કાર પર કાબૂ રાખવાનો પ્રયત્ન એણે કર્યો, પરંતુ સુભદ્રાનો સોહામણો ચહેરો એની આંખો સામેથી હટતો નહોતો. એ જાણે સુયોધનનો ઉપહાસ કરી રહી હતી. અંધ માતાપિતાનો પુત્ર પણ આખરે અંધ પુરવાર થયો હતો. આટલા સમયમાં એ જોઈ ન શક્યો કે, સુભદ્રા પ્રેમના નામે એની સાથે માત્ર રમત કરતી હતી?

આ વાતની જાણ સુયોધનના ભાઈ અને મિત્રોને થઈ, ત્યારે એમના રોષનો પાર ન રહ્યો. અશ્વત્થામા ગમે ત્યાંથી અર્જુનને શોધીને, એનો જીવ કાઢી લેવા તૈયાર થઈ ગયો. કર્ણ અને જયદ્રથે એને માંડમાંડ વાર્યો. કર્ણ પાસેથી દ્રૌપદી, અને સુયોધન પાસેથી સુભદ્રાને ઝૂંટવી જનારા અર્જુનને જોકે અશ્વત્થામા ક્યારેય માફ નહોતો કરવાનો. પોતાના મિત્રો સાથે આવું કરનાર અર્જુન સામે ભવિષ્યમાં વેર વાળવાની પ્રતિજ્ઞા એણે લઈ લીધી. મદિરાના કેફમાં ડૂબેલો સુશાસન, કોઈના હાથમાં પડ્યા વિના સીધો બલરામ પાસે પહોંચી ગયો. ત્યાં જઈને એણે ગાળોનો જે વરસાદ કર્યો, એ યાદવરાજે તો ચૂપચાપ સહન કરી લીધો, પણ ભીષ્મને આ વાતની જાણ થતાંની સાથે એમણે સુશાસનને મહેલના એના કક્ષમાં કેદ કરવાનો આદેશ આપી દીધો. હસ્તિનાપુર વતી બલરામની ક્ષમાયાચના કરવાની જવાબદારી વિદુરના માથે આવી.

* * *

રાજકુમારી સુશલાના લગ્નદિને જે થયું, એ હસ્તિનાપુરના લોકોએ આ પહેલાં નહોતું જોયું. પંડિતોના કહેવા પ્રમાણે ભારતીય સંસ્કૃતિ અને હસ્તિનાપુર જેવા પ્રાચીન રાજ્ય માટે આ અશુભના સંકેત હતા.

સુયોધનના વિવાહ થવાના હતા. એ સ્થળે બે સૂત, કર્ણ અને વૃષાલીની વિવાહવિધિ થઈ. વૃષાલી એક સામાન્ય પરિવારની કન્યા હતી, જે અંગરાજની આંખમાં વસી ગયેલી. ધૌમ્ય અને એનું કહ્યું માનતા બ્રાહ્મણોએ આ લગ્નવિધિ કરવાની સ્પષ્ટ ના પાડી દીધી. પણ કૃપ અને અશ્વત્થામાએ રાજીખુશીથી કામ પાર પાડી દીધું. પાછળથી જ્યારે ધૌમ્યને ખબર પડી કે એમના ઘણાં શિષ્યો અને સાથી બ્રાહ્મણોએ કર્ણ પાસેથી દાન સ્વીકારીને યુગલને આશીર્વાદ આપી દીધા હતા, ત્યારે એ ઊકળી પડ્યા. એમને મન, ભારતમાં આવી રહેલા કલિયુગના આ એંધાણ હતા. ધૌમ્યએ પ્રાર્થના કરી કે સુયોધન અને એના પાપી મિત્રોથી ભારતની પવિત્ર ભૂમિનો વહેલી તકે છૂટકારો થાય. બીજી તરફ જયદ્રથ અને સુશલાના વિવાહ વિના વિઘ્ને થઈ ગયા.

* * *

હસ્તિનાપુરમાં કર્ણના લગ્નની ધામધૂમ હતી, ત્યારે ત્યાંથી પગપાળા જવાના થોડા દિવસના અંતરે આવેલા ખાંડિવવનમાં જુદા પ્રકારની ચહલપહલ હતી. મગધના સેનાપતિ હિરણ્યધનુષે નાગનેતા તક્ષકને સંદેશ મોકલીને કહેવડાવ્યું હતું કે, એકલવ્ય એમનો પુત્ર હતો અને એને સુરક્ષિતપણે મગધ પહોંચાડવાની કૃપા કરવી.

નિશાદ સેનાપતિએ એકલવ્ય માટે જુદો સંદેશ મોકલ્યો હતો, જેમાં એમણે પુત્રને નાનપણમાં તરછોડી દેવા બદલ ક્ષમા માંગી હતી. હિરણ્યધનુષના કહેવાનુસાર ભૂતકાળમાં એમણે એકલવ્યનો સંપર્ક કરવાના પ્રયાસ કરેલા, પણ એમાં નિષ્ફળતા મળેલી. હવે એ ઇચ્છતા હતા કે એકલવ્ય પાટલિપુત્ર આવીને એમની સાથે રહે…

સંદેશ વાંચીને એકલવ્યને માત્ર રોષ અને ઘૃણાની લાગણી થઈ. નાની વયે જ્યારે એ

જંગલમાં ભૂખ્યો ટળવળતો હતો, લોકોના અપમાન સહેતો હતો, એની કાકી અને પાંચ ભાઈઓના કમોત થયા હતા, ત્યારે એનો આ પિતા, મહાન યોદ્ધો હિરણ્યધનુષ ક્યાં હતો?

વારણાવતથી અશ્વસેન સાથે એકલવ્ય ખાંડિવ પાછો ફર્યો, એ વાતને લગભગ એક વરસ થઈ ગયેલું. નાગછાવણીમાં તક્ષક અને બીજા નાગ લોકોએ એકલવ્યનું પ્રેમથી સ્વાગત કર્યું. તક્ષકે જેને ક્રાંતિસેના જેવું રૂપાળું નામ આપેલું, એ નાગ લડવૈયાના ટોળામાં એકલવ્ય જોડાઈ ગયો. એમનું લક્ષ્ય હતું હસ્તિનાપુર પર ચઢાઈ કરીને આખુંયે રાજ્ય ખેદાનમેદાન કરી દેવું. માત્ર વૃદ્ધ નાગરાજ વાસુકિ કહેતો હતો કે ખાંડિવવન પાછા ફરીને એકલવ્યએ મોટી ભૂલ કરી હતી. પરંતુ એને કોણ સાંભળે?

અંતે જોકે, એકલવ્યને સમજાવીને મગધ મોકલવાનું કામ વાસુકિએ જ કર્યું. નાગસેનામાં જોડાયેલો એકલવ્ય તો પિતાનું મોઢું જોવાયે નહોતો ઇચ્છતો, પણ એના નેતા માટે આ સુવર્ણતક હતી. તક્ષકને લાગતું હતું કે હિરણ્યધનુષ જેવા શક્તિશાળીનો સાથ મળી જાય તો હસ્તિનાપુર સામે લડવાનું સહેલું થાય. એકલવ્યને ભલે પિતાની જરૂર ન હોય, પણ નાગ ક્રાંતિકારીઓને એક કુશળ, અનુભવી યોદ્ધો મળવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થતું હતું.

તક્ષકે પહેલાં તો એકલવ્યને પ્રેમથી સમજાવ્યો, પણ છોકરો માન્યો નહીં તો બળપ્રયોગ કરવાની ધમકી આપી. પરંતુ એકલવ્ય અડગ રહ્યો. છેવટે વાસુકિ વચ્ચે પડ્યા. એમની શિખામણથી એકલવ્ય પીગળ્યો. પિતા પ્રત્યેના ધિક્કારની જગ્યાએ હવે કુતૂહલ અને સહેજ ગર્વ પ્રગટવા લાગ્યા. એકવાર મગધ જઈને એના પ્રતાપી પિતાને મળવા માટે એ તૈયાર થયો. સદીઓથી ચાલી આવેલી રૂઢિઓને તોડીને, એક અસ્પૃશ્યને પોતાના રાજ્યનો સેનાપતિ બનાવનાર મગધરાજ વિશે પણ એકલવ્યને કૌતુક હતું.

“હું તારી સાથે આવું?” મયાસુરે પૂછ્યું, “મારે પાટલિપુત્ર નગર જોવું છે.”

તક્ષકની છાવણીમાં રહેતા બધાં લોકો લડવૈયા નહોતા. સમાજે તરછોડેલા, કંગાળ કે અસ્પૃશ્ય ગણાતા બીજા ઘણાં કારીગરો, કલાકારો અને શ્રમજીવીઓ પણ ખાંડિવવનમાં રહેતા હતા. તક્ષકને એમણે નેતા તરીકે સ્વીકારી લીધેલો, પણ શસ્ત્રો ચલાવવાની આવડત કે હિંમત એમનામાં નહોતી. બાવીસ, ત્રેવીસ વર્ષનો મય નામનો યુવાન અસૂર આમાંનો એક હતો. સ્થાપત્યવિધામાં એ માહેર હતો.

ભૂતકાળમાં એક સમયે ભારતના દક્ષિણ-પૂર્વ કિનારે અસૂર શૈલીની સ્થાપત્યકલા ફૂલીફાલી હતી. બાંધકામનો એ પ્રકાર મય શૈલી તરીકે પણ ઓળખાતો હતો. એના આધારે ભવ્ય નગરો, મંદિરો ઊભાં થયાં હતાં. છેલ્લા અસૂર સમ્રાટ રાવણના ગયા પછી આ અસૂરકલાનો પ્રભાવ ઘટવા લાગ્યો. અસૂર સ્થાપત્યવિદો અસ્પૃશ્યની શ્રેણીમાં ધકેલાઈ ગયા. એમની જગ્યા વિશ્વકર્મા તરીકે ઓળખાતા કારીગરો, વાસ્તુશાસ્ત્રીઓએ લીધી. વિશ્વકર્માની બાંધકામ શૈલી અસૂરોથી જુદી હતી. મયાસુર જેવા લોકોને હવે કોઈ બોલાવતું નહોતું. પણ એમણે પોતાની વિધા સાવ વિસારે નહોતી પાડી દીધી. જંગલમાં બેઠાબેઠા એ ધૂળમાં નકશા દોરતા હતા, માટીમાંથી નાના રમકડા જેવા મહેલો અને મંદિરો બનાવતાં હતાં. ભવિષ્યમાં મોટા ભવ્ય નગરોનું નિર્માણ કરવાના સપનાં જોતાં હતાં.

મય જેવા સેંકડો સ્ત્રીપુરુષો જ્યાં વસતાં હતાં, એ જંગલની જગ્યાએ પણ હજારો વર્ષ પહેલા સમૃદ્ધ નગર હતું. ઇન્દ્રવંશનો પહેલો રાજા ત્યાં બેસીને ભારત પર શાસન કરતો હતો. પરંતુ સત્તાનો દોર બ્રાહ્મણોના હાથમાં ગયો ત્યારથી ઇન્દ્રવંશનો પ્રભાવ ઘટતો ગયો. અત્યારે જે ઇન્દ્ર હતો એ માત્ર નામનો રાજા હતો. ઊંડા જંગલમાં, ખંડેર થઈ ગયેલા જૂના મહેલમાં રહેતો હતો. લોકો કહેતા હતા કે એ અર્જુનનો પિતા હતો. તાંબાના થોડા સિક્કાના બદલામાં એણે કુંતીને પોતાની સેવા આપી હતી.

રંક થઈ ગયેલો આ રાજા હવે જોકે નાગના પક્ષમાં જઈને બેઠો હતો. તક્ષકે ઇન્દ્રને એની ખોવાયેલી જાહોજલાલી પાછી મેળવી આપવાની લાલચ આપી હતી. બદલામાં એણે પોતાની નાગસેના માટે જંગલમાં જગ્યા મેળવી લીધી, જે હજી ઇન્દ્રના તાબામાં હતી. આ સ્થાનેથી એકલવ્ય મગધ જવા નીકળ્યો હતો. સાથે આવવા માટે આજીજી કરી રહેલા મયાસુરને એણે કહ્યું, "કોઈ બીજીવાર તને લઈ જઈશ."

એકલવ્યને જતો જોઈ રહેલા મયાસુરે ઘેરી હતાશા અનુભવી. સ્થાપત્યવિદ્યા અને વાસ્તુશાસ્ત્રનો અભ્યાસ એણે કર્યો હતો, પરંતુ આજ સુધી નરી આંખે કોઈ મોટું, ભવ્ય નગર નહોતું જોયું. પોતાના હાથે મોટાં મહેલો, મંદિરો બનાવવાની ઇચ્છા એને જંપવા નહોતી દેતી. એના પૂર્વજોએ હજારો વર્ષ પહેલાં ભારતમાં અદ્ભુત, સુંદર દેવાલયો ઊભાં કર્યાં હતાં. પરંતુ આજે મયને કોઈ મંદિરની પાસેથી પસાર થવાનીયે અનુમતિ નહોતી.

ઘૂંટણિયે પડી ગયેલો મય પ્રાર્થના કરી બેઠો, "હે મહાદેવ, મારી લાયકાત નથી તોયે એક વરદાન તમારી પાસે માંગું છું. મારા હાથે જગતના સહુથી સુંદર નગરનું નિર્માણ થાય, અનંતકાળ સુધી એની કીર્તિ ઝળહળતી રહે, મારી માતૃભૂમિનું હૃદય બનીને એ સદાયે ધબકતું રહે…"

મયાસુર જેવા અસ્પૃશ્ય માણસની આવી મોટી માંગણીથી ક્રોધે ભરાયા હોય, એમ આકાશમાં વાદળોએ ગડગડાટી કરી. મયની બાજુમાં એક વૃક્ષ પર વીજળી પરડી અને આગનો ભડકો થયો.

મયાસુરે ભયભીત નજરે ઉપર જોયું અને પછી ઊભો થઈને પોતાના ઝૂંપડા ભણી દોડ્યો. દેવો એની ધૃષ્ટતાથી કોપ્યા હતા કે શું? ગળામાં દોરાની સાથે પરોવેલાં શિવલિંગને મુઠ્ઠીમાં ભીંસીને એણે બારણું વાસી દીધું.

સંસ્કૃતિની આગેકૂચ

“વિદુર, આપણી પાસે બીજો કોઈ માર્ગ નથી. પાંડવોને ખાંડિવનું શાસન સોંપી દો.” ભીષ્મ બોલ્યા.

“પરંતુ ત્યાં જંગલ સિવાય ભાગ્યે જ બીજું કંઈ છે. ખાંડિવમાંથી જે નદી વહે છે એ ગાંડીતૂર છે. ઉનાળામાં પણ ત્યાં પૂર આવે છે. વળી, આપણા ગુપ્તચરોનો અહેવાલ કહે છે કે તક્ષકે એની નાગસેના સાથે ખાંડિવવનમાં પડાવ નાખ્યો છે.” વિદુરે કચવાતે જીવે કહ્યું.

“તમારી પાસે આનાથી વધુ સારો કોઈ ઉપાય હોય તો કહો. કુંતી એના પાંચ પુત્ર અને પુત્રવધૂ સાથે હસ્તિનાપુર પાછી ફરી, ત્યારથી અહીં અશાંતિ છે. ગાંધારી સાથે સતત ચાલ્યા કરતું એનું શીતયુદ્ધ મને અકળાવે છે. કુંતીના ટેકેદારો કહે છે કે, રાજા એની સાથે ભેદભાવ રાખે છે. અને હા, તક્ષક જો ખરેખર ખાંડિવમાં હોય તો પાંડવોને પણ પોતાનું શૌર્ય બતાવવાની તક મળશે. આપણે ક્યાં સુધી બાળકોની સહાય કર્યા કરશું? નવી પેઢીને પણ એનું કૌવત બતાવવા દો. ખાંડિવમાં રહીને ભલે પાંડવો અડધું રાજ ચલાવતા. સુયોધનને પણ મારા આ સૂચન સામે વાંધો નથી.”

“મને સુયોધનમાં હજી વિશ્વાસ નથી બેસતો. વારણાવતમાં એણે...”

વિદુરનું વાક્ય અડધેથી કાપી નાખતાં ભીષ્મ બોલ્યા, “એ બધું ભૂલી જાવ. વારણાવતનો મહેલ બનાવવામાં લાખ જેવો જ્વલનશીલ પદાર્થ વપરાયો હતો, એનાથી વધુ આપણે બીજું કંઈ નથી જાણતા. મને ખાતરી છે કે, સુયોધને કોઈ કાવતરું નહોતું ઘડ્યું. આની પહેલાં એકવાર ભીમ બે દિવસ ક્યાંક જતો રહેલો, ત્યારે સુયોધનને એની હત્યા માટે જવાબદાર ઠરાવીને કુંતીએ બધાંને કેટલાં હેરાન કરેલાં!”

વિદુરે વધુ દલીલ કરી નહીં. જતાં પહેલાં જોકે એક બીજી મહત્ત્વની જાણકારી એણે ભીષ્મને આપી. “ભીમ અને અર્જુનને લઈને કૃષ્ણ મગધ ગયા છે, કારણ એમના સિવાય કોઈ નથી જાણતું.”

“હા, કૃષ્ણના મનમાં શું છે એ જાણવું કઠિન છે. આની પહેલાં એ અર્જુન સાથે ગયેલા, ત્યારે સુભદ્રા એમની સાથે થઈ ગઈ હતી. કોણ જાણે, મગધમાં શું થશે? અને, હા મેં સાંભળ્યું કે ભીમે જંગલની કોઈ અસૂર કન્યા સાથે પુત્રને જન્મ આપ્યો છે.”

“હા, એ સ્ત્રીનું નામ હિડુંબી છે. એના ભાઈ સાથે મદિરાના કેફમાં લડી પડેલા ભીમે એ અસૂર યુવાનને મારી નાખ્યો. એ વખતે દ્રૌપદી યુધિષ્ઠિર સાથે હતી, એટલે કુંતીએ ભીમને હિડુંબી સાથે પરણી જવાનું કહ્યું. એમના પુત્રનું નામ ઘટોત્કચ છે.” વિદુરે કહ્યું.

“કુંતી અને એના પુત્રો ધર્મ, નીતિમતાના નામે જે કરે છે, એ જોઈ સાંભળીને ક્યારેક મને પણ શરમ આવે છે. ખબર નથી, કયા શાસ્ત્રો એ વાંચે છે. પણ જવા દો એ વાત. તમે રાજા પાસે જઈને પાંડવોને ખાંડિવનું રાજ્ય આપવા માટેની સત્તાવાર અનુમતિ લઈ લ્યો.” ભીષ્મએ સહેજ થાકેલા અવાજે કહ્યું. રાજ ચલાવવાનો ભાર હવે એમના વૃદ્ધ ખભાને ખરેખર થકવી રહ્યો હતો. ઘણીવાર વિચાર આવતો કે, આ બધું છોડીને શાંતિ અને ભગવાનની શોધમાં હિમાલયના રસ્તે નીકળી પડવું.

* * *

“ખાંડિવ? એ તો પૃથ્વી પરનું નર્ક છે. રાજા આપણી સાથે કપટ કરી રહ્યા છે.” નકુલે ધૂંધવાઈને કહ્યું. સહદેવ પણ આ જ મતનો હતો.

કુંતીએ એમને શાંત પાડતાં કહ્યું, “કૃષ્ણ મગધથી પાછા આવે ત્યાં સુધી ધીરજ રાખો. એ

યોગ્ય માર્ગ બતાવશે.”

સાંભળીને યુધિષ્ઠિર પાછો ધ્યાન ધરવા બેસી ગયો.

ત્રણ ભાઈ, એમની ચિંતાતુર માતા અને સહુથી વિરક્ત લાગતી પુત્રવધૂએ હવે બસ, અર્જુન અને ભીમની સાથે ગયેલા કૃષ્ણ પાછા ફરે એની વાટ જોવાની હતી. એમણે સામ્રાજ્ય ઊભું કરવાનું હતું.

કોઈ નહોતું જાણતું કે, કૃષ્ણએ આ દિશામાં કાર્ય આરંભી દીધું હતું. મગધ જવા પાછળનો એમનો હેતુ સ્પષ્ટ હતો – જરાસંધને મારીને, એના પુત્ર સુદેવને ગાદી પર બેસાડી દેવો.

જરાસંધ સામે એક યા બીજા કારણસર બળવો કરનારા, યુદ્ધે ચઢનારા પંચાણુ જેટલા ખંડિયા રાજાઓને એણે મગધના કારાગારમાં નાખેલા. કેદીઓમાં જરાસંધનો પુત્ર સુદેવ પણ હતો. સામાજિક નીતિનિયમો અને પરંપરાઓને ઠેબે ચઢાવીને જરાસંધે એક અસ્પૃશ્ય નિશાદને મગધનો સેનાપતિ બનાવ્યો, એ સુદેવને નહોતું ગમ્યું. એણે પિતાને ગાદી પરથી ઉથલાવી નાખવાનો પ્રયાસ કર્યો. પણ જરાસંધે કડક હાથે બળવો દાબી દીધો અને સુદેવને કેદમાં નાખ્યો. સ્વાભાવિક રીતે જ રૂઢિચુસ્તો અને પરંપરાવાદીઓ સુદેવના પક્ષે હતા. તુરંગમાં પુરાયેલા બીજા રાજાઓની વિચારસરણી પણ સુદેવ જેવી જ હતી.

સુદેવને રાજા બનાવીને પ્રાચીન પરંપરાઓને પુનઃસ્થાપિત કરવા માટે જરાસંધનું મૃત્યુ જરૂરી હતું. એ માટે કૃષ્ણએ ભીમનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું.

કૃષ્ણને આમ તો કોઈ વસ્તુ કે વ્યક્તિ સાથે વળગણ નહોતું, પાંડવો સાથે પણ નહીં. એક ભીમ કે અર્જુન મરે તો એની જગ્યા લેવા માટે, કૃષ્ણને ખાતર પ્રાણ પાથરી દેવા માટે બીજા સેંકડો જણ તૈયાર હતા. ભીમનો સહુથી મહત્ત્વનો ગુણ એની આજ્ઞાંકિતતા હતો. અર્જુનને કંઈ કહો તો એ જાતજાતના સવાલ અને શંકાઓ ઊભી કરતો, પરંતુ ભીમ કંઈ પૂછ્યાગાછ્યા વિના આદેશનું પાલન કરતો.

અચાનક આવેલા અતિથિઓ માટે જરાસંધે શિવમંદિરના પ્રાંગણમાં ભોજન સમારંભ રાખ્યો હતો. એની સાથે લડી પડવાનું બહાનું કૃષ્ણએ ત્યાં જ શોધી કાઢ્યું. એમણે ઇશારો કર્યો, અને ભીમે એની બાજુમાં બેઠેલા સેનાપતિ હિરણ્યધનુષ સાથે ટંટો ઊભો કરી દીધો. “આ શૂદ્રએ મારા પર ગંદું પાણી ઉડાડ્યું.” બોલતો એ ઊભો થઈ ગયો.

યજમાને લજવાવું ન પડે એટલે હિરણ્યધનુષે પોતાનો વાંક નહોતો તોયે ક્ષમા માંગી. પણ ભીમે વાતનું વતેસર કર્યું. ક્ષત્રિયનું અપમાન થયાના નામે એણે હિરણ્યધનુષને દ્વંદ્વયુદ્ધ માટે લલકાર્યો, તોયે નિશાદ યોદ્ધાએ જાત પર સંયમ રાખ્યો. છેવટે એને ઉશ્કેરવા માટે કૃષ્ણ મેદાનમાં આવ્યા. એમણે હિરણ્યધનુષના નીચ કુળની કાયરતાની મશ્કરી કરી. આવી લાયકાત વિનાની વ્યક્તિને સેનાપતિ બનાવવા બદલ જરાસંધને પણ આડકતરો ટોણો મારી દીધો. પોતાના સૈનિકોની સામે થયેલું અપમાન કયો સેનાપતિ સહી શકે? યુદ્ધનું આહ્વાન સ્વીકારે નહીં તો બધાંની નજરમાંથી ઊતરી જાય. જીવનભર ઉન્નત મસ્તકે જીવેલા નિશાદ સેનાપતિએ ભીમનો પડકાર ઝીલી લીધો. જોકે એ જાણતા હતા કે પોતાનાથી ત્રીસ વરસ નાના ભીમને હરાવવાનું બહુ કઠિન હતું.

ભોજન ભોજનને ઠેકાણે રહ્યું અને મંદિરનું પ્રાંગણ મલ્લયુદ્ધના અખાડામાં ફેરવાઈ ગયું. ભીમ પાસે યુવાનીનું બળ હતું. એને તો કદાચ હિરણ્યધનુષ પહોંચી વળત, પરંતુ યુદ્ધના બધાંય નીતિનિયમોને પડતા મૂકીને લડતા ભીમ સામે ઝઝૂમવાનું એમને ફાવ્યું નહીં. ભારતના પહેલા નિશાદ સરસેનાપતિની ડોક ભીમે આખરે ભાંગી નાખી.

પોતાના મિત્રને કમોતે મરતો જોઈને જરાસંધનું લોહી ઊકળી આવ્યું. રોષભેર ગર્જના કરીને એ મેદાનમાં કૂદી પડ્યો. કૃષ્ણના હોઠ પર સ્મિત આવી ગયું. એમને તો આ જ જોઈતું હતું. જે

સાંભળવા તૈયાર થાય એમને કૃષ્ણ વર્ષોથી કહેતા આવ્યા હતા કે આસક્તિ જ વિશ્વના દરેક દુઃખનું મૂળ હતું. કોઈપણ વ્યક્તિ કે વસ્તુ પ્રત્યેનું વળગણ અંતે દુઃખી કરે છે. સમતાભાવ કેળવી શકનાર વ્યક્તિ મોક્ષ પામી શકે. જરાસંધ મૂર્ખ હતો. ભ્રામક વિશ્વમાં જીવતો હતો. મિત્રના મોહમાં એ ભૂલી ગયેલો કે મૃત્યુ માત્ર ભ્રમ હતો. આત્માનો ક્યારેય નાશ નથી થતો. ભીમે હિરણ્યધનુષના આત્માને નહોતો માર્યો એટલે એ હત્યારો નહોતો. સેનાપતિનો આત્મા માત્ર ખોળિયું ત્યાગીને નવા દેહની શોધમાં નીકળી ગયો હતો. આંખો સામે દેખાતું હતું એ માત્ર માયા હતી.

ભીમને આવા કોઈ વિચાર નહોતા આવતા. એણે પોતાની સામે આવેલા, સિત્તેર વર્ષના જરાસંધને જોઈને અટ્ટહાસ્ય કર્યું. આ ડોસાને મારવો તો એના ડાબા હાથનો ખેલ હતો. પરંતુ એની ધારણાથી વિરુદ્ધ, જરાસંધ ભારે બળિયો અને સ્ફૂર્તિલો નીકળ્યો. ભીમના ગળા ફરતે એણે ડાબા હાથની ભીંસ લીધી, ત્યારે તો ભીમને લાગ્યું કે એનો જીવ નીકળી જશે. એણે આજીજીભરી નજરે કૃષ્ણ સામે જોયું.

કૃષ્ણની આંખોમાંથી ભીમને જે સંકેત મળ્યો, એ યુદ્ધના નીતિનિયમનું ઘોર ઉલ્લંઘન હતું. પણ ભીમને તો હવે જીવ બચાવવો હતો. કોઈ શૂરવીર યોદ્ધો ન કરે એવું એણે કહ્યું. જરાસંધના પેડુ પર એણે જોરથી પ્રહાર કર્યો. જરાસંધની પકડ ઢીલી પડી ગઈ. એના મોઢામાંથી પીડાની ચીસ નીકળી પડી. યુદ્ધ દરમ્યાન કોઈ સામાન્ય સૈનિક પણ સામેવાળાના કમરપટ્ટા હેઠળ ઘા ન કરે. હેબતાઈ ગયેલા જરાસંધને પાડીને ભીમ એમની છાતી પર ચઢી બેઠો. પરંતુ થોડી જ વારમાં રાજા પાછા સ્વસ્થ થઈને વળતા પ્રહાર કરવા સજ્જ થઈ ગયા.

કૃષ્ણ રસપૂર્વક યુદ્ધને જોઈ રહ્યા. ભીમ હારી જાય કે મૃત્યુ પામે, એનાથી કૃષ્ણને કોઈ અંગત ફેર નહોતો પડતો. પરંતુ જરાસંધ જીતી જાય એમાં કૃષ્ણને પોતાના આદર્શોનો, માન્યતાઓનો પરાજય લાગતો હતો. એમણે હાથમાં નાગરવેલનું પાન લીધું અને ભીમની દૃષ્ટિ એમના પર પડતાંની સાથે કૃષ્ણએ પાનના બે ટુકડા કરીને એકમેકથી વિરુદ્ધ દિશામાં ફેંક્યા.

કૃષ્ણનો સંકેત ભીમ સમજી ગયો. લડતાં લડતાં જરાસંધ બીજીવાર નીચે પડ્યા તો એમની છાતી પર બેસીને ગળું ભીંસી નાખવાને બદલે ભીમે પોતાના એક પગનો કદાવર પંજો રાજાના ડાબા પગ પર મૂક્યો અને જમણો પગ બે હાથમાં લઈને ઊંચો કર્યો. પછી પોતાની પ્રચંડ શક્તિથી ભીમે જરાસંધના શરીરને ચીરવાનું શરૂ કર્યું. મગધરાજે કાળઝાળ પીડાના માર્યા, પાડેલી ચીસોથી વાતાવરણ ભરાઈ ગયું. સ્તબ્ધ થઈને લોકો એને ધીમા, કારમા મોતે મરતો જોઈ રહ્યા.

મગધનો પ્રતાપી શાસક, જેણે મથુરા પર સત્તરવાર આક્રમણ કરીને બલરામ અને કૃષ્ણને દ્વારકા ભાગી જવાની ફરજ પાડી હતી, જેણે જાતિવાદી રૂઢિઓ અને પવિત્ર ગણાતી સ્મૃતિઓને અવગણીને માત્ર વ્યક્તિના ગુણ જ્યાં પરખાય એવું રાજ્ય ઊભું કર્યું હતું, જેણે એક અસ્પૃશ્ય નિશાદને સરસેનાપતિનો હોદ્દો આપ્યો હતો, એ મહાન જરાસંધે જાણે આ બધું કરીને કોઈ ઘોર પાપ કર્યું હોય, એમ એને સજારૂપે અત્યંત ધીમું, પીડાદાયક મૃત્યુ મળ્યું.

જરાસંધની કાયાના બે ફાડિયા કરીને ભીમે હવામાં ઉછાળ્યા અને છાતી ઠોકીને વિજયની ગર્જના કરી. પરંતુ કૃષ્ણ સમજી ગયેલા કે હવે શું કરવાનું હતું. સેનાપતિ અને રાજાને આટલી ભૂંડી રીતે મરતા જોઈને મગધના સૈનિકોમાં જે અસ્વસ્થતા અને નારાજગી વ્યાપી ગયેલી, એ કૃષ્ણએ જોઈ લીધી. એ નહોતા ઇચ્છતા કે કોઈ તોફાન ફાટી નીકળે. એમણે કારાવાસની દિશામાં દોટ મૂકી. ભીમ એમની પાછળ ગયો. પાછળ રહી ગયેલા અર્જુને મગધના સૈનિકોને શાંત પાડવાનો પ્રયાસ કર્યો.

મગધમાં રહીને, ઘણાં સમયથી કૃષ્ણ માટે કામ કરી રહેલા લોકો પણ જેલ ભણી ગયા.

કૃષ્ણએ કારાવાસમાં પડેલા રાજાઓને ઝપાટાબંધ મુક્ત કર્યા અને સુદેવને લઈને શિવમંદિર પાછા ફર્યા. મગધના યુવરાજને જોઈને પરિસ્થિતિ થોડી શાંત પડી. કૃષ્ણએ સૈનિકોને નાનકડું પ્રવચન આપ્યું, જેમાંથી એવો સૂર નીકળતો હતો કે રાજા અને સેનાપતિએ સાચા ક્ષત્રિય તરીકે યુદ્ધ કરીને એમનો ધર્મ નિભાવ્યો હતો અને મોક્ષ પામ્યા હતા. કૃષ્ણની વાક્શક્તિ ભલભલાને વશ કરી દે એવી હતી. થોડી જ વારમાં સુદેવને મગધના નવા રાજા તરીકે સ્વીકૃતિ મળી ગઈ. જરાસંધ અને હિરણ્યધનુષની ચિતાના અંગારા ઠરે, એ પહેલાં સુદેવે પિતાની ગાદી સંભાળી લીધી.

જોકે જે થયું એનાથી થોડા લોકો નારાજ પણ થયેલા. કૃષ્ણ એમના મિત્રોની સાથે મગધમાંથી નીકળ્યા, એ જ દિવસે મગધની સેનામાંથી છૂટું પડેલું એક જૂથ ચેદી રાજ્ય ભણી ગયું. જરાસંધ અને હિરણ્યધનુષને વફાદાર રહેલા એ સૈનિકોએ જઈને ચેદીના રાજવી શિશુપાલ પાસે આશ્રય માંગ્યો. જરાસંધનો એ જૂનો મિત્ર હતો. રસ્તામાં એમને હિરણ્યધનુષનો પુત્ર એકલવ્ય મળ્યો. પિતાના અપમૃત્યુ વિશે સાંભળીને એકલવ્યના હૃદય પર વધુ એક ઘા થયો.

હસ્તિનાપુર જઈ રહેલા કૃષ્ણના કાને આ બળવાખોર સેનાનીઓની વાત પહોંચી, પરંતુ એમણે એ તરફ ઝાઝું ધ્યાન ન આપ્યું. વ્યૂહરચનામાં કુશળ કૃષ્ણને એમની આ સરતચૂક ભવિષ્યમાં બહુ મોંઘી પડવાની હતી.

* * *

"આને સમસ્યા નહીં, તક માનીને વધાવી લ્યો." કૃષ્ણએ સસ્મિત વદને યુધિષ્ઠિરને કહ્યું.

"અરે, પણ ખાંડિવ તો ઘોર અંધારું જંગલ છે. જેમાં પાર વિનાના રાની પશુઓ અને જંગલી મનુષ્યો વસે છે, ત્યાં હું કેવી રીતે મારી રાજધાની બનાવીશ?" યુધિષ્ઠિર અકળાઈ ગયા.

"મિત્ર, હું બેઠો છું ત્યાં સુધી શું કામ કોઈ વાતે ચિંતા કરો છો? હું અને અર્જુન એકવાર ખાંડિવ જઈ આવીએ એટલી વાર છે." કૃષ્ણએ કહ્યું. અર્જુનને કંઈ સમજાયું નહીં.

એક સપ્તાહની અંદર કૃષ્ણ અને અર્જુન એમનું સૈન્ય લઈને ખાંડિવવન જવા માટે નીકળી પડ્યા. એ જંગલના રાજા ગણાતા, છેલ્લા ઇન્દ્રની કરુણ કથની પ્રવાસ દરમ્યાન કૃષ્ણએ સંભળાવી. અર્જુન રસપૂર્વક સાંભળતો રહ્યો. પણ ખાંડિવના ડુંગરા નજરે પડવા લાગ્યા, ત્યારે કૃષ્ણએ કહેલી વાતે અર્જુનને એટલો હચમચાવી નાખ્યો, કે એ અશ્વ પરથી પડતોપડતો રહી ગયો.

"કૃષ્ણ, તમે આ શું કહી રહ્યા છો? આજસુધી મને જે શંકા હતી એ વાસ્તવિકતા છે? સુયોધન અમને `અનૌરસ' કહે છે, એ સાચું છે? હું માનતો હતો કે અમે પાંચેય ભાઈ દેવના પુત્રો છીએ, એ વાત માત્ર લોકોને ભરમાવવા માટે થઈ હતી. પણ હવે તમે કહો છો કે મારા પિતા જીવિત છે અને દેવવંશજના રાજા છે, જે પોતાની બધી સત્તા, પ્રતિષ્ઠા ગુમાવી બેઠા છે…" અર્જુન ક્રોધ અને આઘાતથી થરથરતા અવાજે બોલતો રહ્યો.

કૃષ્ણએ એનો ઊભરો પૂરેપૂરો નીકળી જવા દીધો અને પછી એમનું રહસ્યમય સ્મિત આપતાં કહ્યું, "હવે એ વાતનું કોઈ મહત્ત્વ નથી, પરંતુ શંકા હોય તો કુંતીને પૂછી લેજે. ઇન્દ્ર મળી જાય તો એને પણ પૂછજે. તારે તો આ વાતનો ગર્વ લેવો જોઈએ. અત્યારનો ઇન્દ્ર ભલે સાવ નબળો હોય, પણ એના પ્રતાપી પૂર્વજોનું રક્ત તારા શરીરમાં વહે છે."

"પરંતુ આનો અર્થ તો એવો થયો કે હસ્તિનાપુરના મુકુટ પર અમારો કોઈનો અધિકાર નથી. બે ભાઈઓમાં ધૃતરાષ્ટ્ર મોટા હતા અને સુયોધન એમનો જ્યેષ્ઠ પુત્ર છે, એટલે ગાદીનો સાચો વારસદાર એ જ કહેવાય. અમે નાના ભાઈ પાંડુના…" અર્જુનનો અવાજ મંદ પડી ગયો. "કૃષ્ણ, સિંહાસન પર અમારો કોઈ અધિકાર જ નથી, તો પછી શું કામ તમે મારી પાસે આ

બધું કરાવો છો?"

"અર્જુન, મારા પ્રિય સખા, શું કામ આટલો વ્યથિત થાય છે? માત્ર તારો મોટો ભાઈ યુધિષ્ઠિર જ આપણા રાષ્ટ્રને અધર્મમાંથી ઉગારી શકશે. સુયોધન રાજા બનશે તો આપણી આ પવિત્ર ભૂમિ પર વિનાશ સર્જાઈ જશે. એણે કેવા લોકોને મિત્ર બનાવ્યા છે, એ તું જો ને! સૂતપુત્ર કર્ણ, વંઠેલો બ્રાહ્મણ અશ્વત્થામા, ગાંડો કૃપ, નાસ્તિક ચાર્વાક... બીજાં કેટલાં નામ ગણાવું? આપણા પૂર્વજોએ બહુ સમજી વિચારીને જે સામાજિક માળખું ઊભું કર્યું છે, એની આ લોકો કેવી દુર્દશા કરશે! સુયોધન હસ્તિનાપુરના રાજાનો જ્યેષ્ઠ પુત્ર છે, એ વાતને ઝાઝું મહત્ત્વ આપવાની જરૂર નથી. સમય આવ્યે ત્યારે જોયું જશે. હવે તારે તારો ક્ષત્રિયધર્મ નિભાવવાનો છે. ખાંડિવનો વિનાશ એ જ તારું લક્ષ્ય હોવું જોઈએ. એની રાખમાંથી નવા નગરનું નિર્માણ થશે અને ત્યાં બેઠેલાઓ ભારત પર શાસન કરશે."

યુવાન યોદ્ધાની આંખોમાં હજીયે શંકા અને અનિશ્ચિતતા જોઈને કૃષ્ણ બોલ્યા, "યોગ્ય સમયે હું તારી બધી શંકાઓ દૂર કરી દઈશ, ત્યારે તને કર્મ અને ધર્મના સિદ્ધાંત સમજાશે. પરંતુ અત્યારે તો તારે હાથમાં લીધેલા કાર્ય પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. દુર્યોધન સામે બાથ ભીડવા માટે તમારી પાસે તમારું પોતાનું રાજ્ય હોવું જોઈએ. ક્યાં સુધી તારી પત્નીઓને નાના ઝૂંપડામાં રાખીશ? માતા અને ભાઈઓ માટે તારે લડવું પડશે."

કૃષ્ણના શબ્દો અર્જુનના હૃદયને સ્પર્શી ગયા. એના પ્રિયજનોને જીવનમાં કોઈ વસ્તુની ખોટ ન વર્તાય એ જોવાની જવાબદારી એના માથે હતી. કૃષ્ણ એને વિકાસ અને સંસ્કૃતિનો માર્ગ બતાવી રહ્યા હતા. જંગલમાં ઝાડીઝાંખરાં, પશુપક્ષી અને થોડા અસંસ્કૃત જંગલી લોકો સિવાય બીજું શું હતું? કૃષ્ણ સાચું કહેતા હતા. આ જંગલનો સંપૂર્ણપણે નાશ કર્યા પછી જ અહીં એક ભવ્ય નગર ઊભું થશે. અર્જુને આસપાસ નજર ફેરવીને ભવિષ્યની કલ્પના કરી. નાનીમોટી ટેકરીઓની જગ્યાએ ઊંચાં શિખરો દેખાશે. વૃક્ષોની જગ્યાએ વ્યસ્ત, ધમધમતી બજારો હશે. વાઘદીપડાને બદલે અહીં રથ દોડતા હશે. ઝરણાની જગ્યાએ નગરનો કચરો બહાર લઈ જતી નીકો વહેશે. પણ પછી એણે પૂર્વમાં લીલાછમ વૃક્ષોથી ઢંકાયેલા ડુંગર જોયા. જંગલમાં સંતાકૂકડી રમતી હોય, એમ વૃક્ષોની આગળ પાછળથી વહેતી યમુનાના શ્યામવર્ણા પાણી જોયા. કલબલાટ કરતાં પંખીઓનું ટોળું એના માથા પરથી પસાર થઈને જંગલમાં અદૃશ્ય થઈ ગયું. વાતાવરણમાં પુષ્પોની મહેક હતી, રંગબેરંગી પતંગિયાં આસપાસ ઊડી રહ્યાં હતાં. હવાની અંદર આવી રહેલા વરસાદનો સંકેત હતો. દૂરદૂરથી મોરલાની ગહેક સંભળાઈ. જાણે એ પ્રિયપાત્રને સાદ પાડી રહ્યો હતો અને પછી ઝીણો વરસાદ પડવાનું શરૂ થયું. લીલાછમ વૃક્ષોની ઉપર સપ્તરંગી મેઘધનુષ ખેંચાઈ ગયું. અર્જુનના પગ ડગમગવા લાગ્યા. ધનુષ પકડેલા એના હાથ ધ્રૂજ્યા. `કૃષ્ણ' એણે યાચનાભર્યા અવાજે કહ્યું.

કૃષ્ણનો ચહેરો ભાવવિહીન રહ્યો. પોતાને ઈશ્વર કહેતી એ વ્યક્તિએ, વીર યોદ્ધાનો હાથ પકડીને એને સ્થિર કર્યો અને શાંત અવાજે આદેશ આપ્યો, "બાણ ચઢાવ."

અર્જુનના ધનુષની પણછમાંથી છૂટેલું સળગતું બાણ જઈને જંગલની વચ્ચે પડ્યું. સાથે આવેલા સૈનિકોએ જંગલમાં ઠેકઠેકાણે આગ ચાંપવાનું આરંભી દીધું. જોતજોતામાં હરિયાળું વન ભડભડ બળવા માંડ્યું. સૈનિકોને સ્પષ્ટ આદેશ હતો કે, જંગલની અંદર રહેતું એક નાનું સરખું પ્રાણી કે પક્ષી પણ જીવતું છટકવું ન જોઈએ. જંગલની આગમાંથી બચવા માટે પહેલવહેલું એક હરણ બહાર નીકળ્યું. એના તરફ કૃષ્ણએ આંગળી ચીંધી અને અર્જુનના બાણે એને વીંધી નાખ્યું. અર્જુનને લાગ્યું કે મરેલા હરણની આંખો એના પર શાપ વરસાવી રહી હતી. પરંતુ હવે વિચારવાનો સમય નહોતો.

કૃષ્ણ બોલી રહ્યા હતા, "અર્જુન, તું તારા ધર્મનું પાલન કરી રહ્યો છે. તારા બાણથી મૃત્યુ

પામેલાં પશુપક્ષીઓને જીવનમૃત્યુના ચક્રમાંથી કાયમ માટે મુક્તિ મળી ગઈ છે. હું એમને મોક્ષ આપીશ... જૂનાનો લોપ થશે તો જ એમાંથી નવાનું સર્જન થશે..." અર્જુન અને એના સૈનિકોના બાણ ખાંડિવમાં આગ વરસાવતા રહ્યા.

જંગલમાં ઊંડે સ્થાયી થયેલી નાગ વસાહતમાં લગભગ બે હજાર લોકોની વસ્તી હતી. પણ અત્યારે એમાં મોટેભાગે વૃદ્ધો, સ્ત્રીઓ અને બાળકો જ હતાં. યુવાન સૈનિકોને લઈને તક્ષક, દક્ષિણમાં આવેલા દંડકારણ્ય ભણી ગયો હતો. ત્યાં રહેતા નાગલોકો સાથે એને જોડાણ કરવું હતું. ખાંડિવમાં રહેલા એના લોકોની સુરક્ષા કરવાનું કામ એ અશ્વસેનને સોંપી ગયેલો.

અર્જુને ફેંકેલું પહેલું બાણ મયાસુરના ઝૂંપડાની છત પર પડ્યું હતું. આકાશમાંથી થયેલી આ અચાનક અગ્નિવર્ષાએ મયને હેબતાવી દીધો. એ બહાર દોડ્યો, ત્યાં સુધીમાં તો આસપાસ અગ્નિની જ્વાળાઓ દેખાવા લાગી હતી. સ્ત્રીઓ અને બાળકોએ ચીસાચીસ કરી મૂકી. યુવાન અને વૃદ્ધ પુરુષોએ આમતેમ દોડાદોડી કરી મૂકી. થોડીવાર માટે તો મૂંઝાયેલા લોકોને સૂઝ્યું નહીં, કે શું કરવું અને પછી બે પક્ષ પડી ગયા.

વૃદ્ધ વાસુકિ કહેતો હતો કે બને એટલા લોકોને બચાવીને જેમતેમ જંગલની બહાર નીકળવાનો પ્રયાસ કરવો જોઈએ. પરંતુ અશ્વસેનને ઘોડા અને શસ્ત્રોની ચિંતા હતી. એ બધું જો અગ્નિમાં સ્વાહા થઈ જાય તો હસ્તિનાપુર સામે લડવાનું સપનું પણ રાખ થઈ જાય. વળી એને ખ્યાલ આવી ગયેલો કે હસ્તિનાપુરથી આવેલા રાજકુમારોએ વિનાશનું આ તાંડવ આરંભ્યું હતું. એમની સામે લડીને તક્ષક પર પ્રભાવ પાડી દેવાની તક એને મળી હતી. છાવણીમાં રહેલા યુવાનોને આ વીરતાનો વિચાર જચી ગયો. ઘોડા લઈને, શસ્ત્રો ખખડાવતા, આગમાંથી રસ્તો કાઢતા એ નીકળી પડ્યા. વાસુકિ સાથે મળીને મયાસુર, પાછળ રહેલા લોકોના જીવ બચાવવાની જહેમતમાં પડી ગયો.

જોકે આ બચાવકાર્ય સરળ નહોતું. અગ્નિજ્વાળા બહુ ઝડપભેર ચારેતરફ પ્રસરી રહી હતી. જંગલમાં વસતા માણસોની જેમ જ નાનાંમોટાં પ્રાણીઓએ પણ બહાર નીકળવા માટે દોટ મૂકી હતી. વિશાળકાય હાથીઓ, ભેંસ અને ગેંડાના પગ નીચે નાનાં પ્રાણીઓ અને મનુષ્યો કચડાઈ રહ્યાં હતાં. બળતા જંગલમાંથી જે બહાર નીકળી શકે, એને અર્જુનના બાણ વીંધી નાખતા હતા. દસે દિશામાં મોતનું તાંડવ ખેલાઈ રહ્યું હતું.

આગમાંથી જેમતેમ ઊગરી ગયેલાં થોડાં નાગ સ્ત્રીપુરુષો જંગલની બહાર નીકળ્યાં. એમની સાથે વાસુકિ, મયાસુર અને વૃદ્ધ રાજા ઇન્દ્ર પણ હતા. અર્જુને બાણ તાક્યું. મયાસુરને કોણ જાણે શુંયે સૂઝ્યું કે, પીઠ ફેરવીને બીજી દિશામાં દોડવાને બદલે એ હાથ ઊંચા કરીને, `સ્વામી...સ્વામી'ના સાદ પાડતો અર્જુન ભણી દોડી ગયો. કૃષ્ણએ એને વીંધી નાખવાનો આદેશ આપ્યો, પણ અર્જુનનો હાથ ખચકાયો. મયાસુર દોડતો આવીને એના પગમાં પડી ગયો.

"સ્વામી, દયા કરો... જીવનભર તમારા ચાકર થઈને રહેશું... સૈનિકો બધાં મરી ગયા છે, હવે માત્ર નિસહાય સ્ત્રીઓ અને નાનાં બાળકો બચ્યાં છે. અમારી ભૂલ થઈ હોય તો ક્ષમા કરી દો." ડૂસકાં ભરીને બોલી રહેલા મયને અર્જુન તાકી રહ્યો. એની વાત સાવ ખોટી નહોતી. પાંડવો સામે લડવા નીકળેલા અશ્વસેન સહિતના યુવાન નાગ યોદ્ધાઓ મોતનો કોળિયો થઈ ગયા હતા. હવે થોડા ગરીબડા, નબળા લાગતા લોકો જ બચ્યા હતા. પણ એમનું કરવું શું? અર્જુને કૃષ્ણ સામે જોયું.

કૃષ્ણએ માથું હલાવતાં કહ્યું "હં... કદાચ આ લોકો આપણા કામમાં આવે. એને પૂછો કે એ કામ શું કરી શકશે."

મયાસુરના રોમેરોમમાં ઝણઝણાટી ફરી વળી. એ સ્થાપત્યકલાનો જાણકાર હતો, શિલ્પકાર હતો, વિશાળ પ્રાસાદોનું બાંધકામ કરવાની રીત જાણતો હતો. સામે ઊભેલા મોટા

માણસો પૂછી રહ્યા હતા કે, એ શું કરી શકે?

જવાબ આપવા માટે મયાસુરનું મોઢું ખૂલ્યું, પણ એમાંથી શબ્દો ન નીકળી શક્યા. એણે આસપાસ નજર ફેરવી. માણસો અને પશુપક્ષીઓની રક્તથી જમીન ભીની થઈ ગયેલી. મયાસુરે ઘૂંટણભેર બેસીને હાથમાં ચીકણી માટીનો લોંદો લીધો. પછી એ આસપાસનું બધુંયે ભાન ભૂલી ગયો. એનામાં રહેલો સ્થાપત્યવિદ આળસ મરડીને બેઠો થયો. એના ઇશારે મયાસુરના હાથ વીજવેગે કામ કરવા લાગ્યા.

રક્તભીની માટીમાંથી મયાસુરે એક નાનું મંદિર બનાવ્યું. એની બાજુમાં એક મહેલ ઊભો કર્યો. આશ્ચર્યચકિત ભાવે અર્જુન એને જોઈ રહ્યો. થોડીવાર પછી એણે પોતાના સૈનિકોને થોભી જવાનો સંકેત આપ્યો. એ લોકો પણ મયની કારીગરી જોવા આવી પહોંચ્યા. નાગસ્ત્રીઓ અને બાળકો પણ ત્યાંથી નાસી છૂટવાને બદલે ઊભાં રહી ગયાં. આનો લાભ લઈને થોડાં પ્રાણીઓ છટકી ગયાં, પણ કોઈએ પરવા ન કરી. મયાસુર એમની સામે એક અદ્ભુત નગરનું સર્જન કરી રહ્યો હતો. ભવનો, પ્રાસાદો, મંદિરો, રાજમાર્ગો, ફુવારા, શિલ્પો... મય એક નવા વિશ્વનું નિર્માણ કરવામાં તલ્લીન હતો. એની કલાએ એનો અને બીજા થોડા લોકોનો જીવ બચાવી લીધેલો, એવો વિચાર સુધ્ધાં એને નહોતો આવ્યો. બહુ લાંબા સમય પછી એણે ઊંચું જોયું.

અર્જુન આવીને મયને ભેટી પડ્યો. "અમારા માટે તું પથ્થરમાંથી આવું એક સાચેસાચું નગર બનાવી શકે?" મહાન યોદ્ધાએ અસ્પૃશ્યને પૂછ્યું.

મય અર્જુનના ચરણમાં પડી ગયો. આસપાસ ઊભેલા લોકોએ હર્ષનાદ કર્યા. મયાસુરે વર્ષોથી જોયેલું સપનું હવે સાચું પડવાનું હતું.

શાપિત નગરી

જેને ગુમાવીને સુયોધનનું હૃદય ભાંગી ગયેલું, એ સુભદ્રા હવે પોતાના પતિ અર્જુન સાથે હસ્તિનાપુરમાં રહેતી હતી. યુવરાજ એનાથી દૂર રહેવા માટે બને એટલા પ્રયાસ કરતો હતો. કામકાજના બહાને એ દૂરદૂરના નગર, ગામડાંગામમાં જતો. એની દરેક યાત્રામાં અશ્વત્થામા સાથે રહેતો.

પ્રશાસનના કામ માટે એ વિદુર સાથે ઘણીવાર બહારગામ જતો. મહા અમાત્ય પ્રત્યેનો સુયોધનનો આદર દિવસેદિવસે વધી રહ્યો હતો. ક્યારેક મન થાય તો સુયોધન એની બહેન સુશલાને મળવા સિંધ પહોંચી જતો. કર્ણ પણ ત્યાં આવતો. મિત્રો ભેગાં થઈને બલરામને મળવા દ્વારકાની દિશામાં નીકળી પડતા. હા, એ વખતે કૃષ્ણ ત્યાં ન હોય એવી ઇચ્છા જરૂર રાખતા.

કૃષ્ણ જોકે હવે પોતાના કામમાં વ્યસ્ત હતા. એમનો અડધોઅડધ સમય હવે પાંડવો સાથે ખાંડવમાં વીતતો હતો, જ્યાં નવું નગર બની રહ્યું હતું. લગ્ન પછી સુભદ્રા પોતાના ભાઈ કૃષ્ણની વધુ નિકટ આવી હતી.

બલરામે એકવાર એમને ત્યાં આવેલા મિત્રો સામે કાશી જવાની વાત છેડી અને સહુએ વધાવી લીધી. સુયોધન અને અશ્વત્થામાએ કોઈને પૂછવાની જરૂર નહોતી. અંગરાજ કર્ણ એના પરિવાર સાથે આવવા તૈયાર થઈ ગયો. લગ્નનાં બે વર્ષ પછી પણ સંતાનસુખથી વંચિત રહેલા જયદ્રથ અને સુશલાને તો ઘણાં સમયથી કાશી જઈને ભગવાન વિશ્વનાથનાં દર્શન કરવાની કામના હતી. કર્ણ એક પુત્રનો પિતા બની ગયેલો.

આ બધાંને જોકે આશ્ચર્ય ત્યારે થયું, જ્યારે ધૃતરાષ્ટ્ર અને ગાંધારીની સાથે વિદુર પણ સપરિવાર યાત્રામાં જોડાવા તૈયાર થયા. આનંદપ્રમોદ કરતો રસાલો પ્રાચીન નગરી કાશીમાં પહોંચ્યો.

કાશી માટે તો આ બહુ મોટો અવસર હતો. હસ્તિનાપુર, દ્વારકા, અંગ અને સિંધના રાજા, રાજકુમારો, રાણીઓ એકસાથે એમને ત્યાં પધાર્યાં હતાં. કાશીના રાજાએ અતિથિઓને પોતાના મહેલમાં રોકાવાનો આગ્રહ કર્યો.

સંધ્યાટાણે સુયોધન બહાર ફરવા નીકળ્યો. આ સ્થળ વિરોધાભાસી તત્ત્વોથી ભર્યું હતું. દેશની સહુથી પવિત્ર ગણાતી નદી અહીંથી વહેતી હતી. એના તટે વસેલા લોકો નદીને, નગરને અને પોતાને પણ બીજાઓથી ઊંચા ગણતા હતા. ગંગામાં પગ બોળનારને એ પાપી ગણતા હતા, મંદિરમાં શૂદ્રના પ્રવેશ સામે વિરોધ કરતા હતા. પરંતુ આ જ પવિત્ર નદીમાં ગંદકી ઠાલવવામાં એમને કંઈ ખોટું નહોતું લાગતું. મૃત્યુને તો એમણે મોટા વેપારમાં ફેરવી નાખેલું.

દૂરદૂરથી લોકો અહીં પોતાના મૃત પ્રિયજનોના અંતિમસંસ્કાર માટે આવતા હતા. પંડાઓ જાતજાતની વિધિ કરીને ભોળા લોકો પાસેથી પૈસા પડાવતા હતા. નદીના ઘાટ પર ચિતાઓ ખડકાતી હતી. ઘણીવાર તો શબ આખું બળી જાય એની પણ રાહ નહોતી જોવાતી. બળેલા, અર્ધબળેલા મૃતદેહો નદીમાં પધરાવી દેવાતા હતા. શબ્દોના અર્થ સમજ્યા વિના શ્લોકો ઉચ્ચારી રહેલા પંડા-પુરોહિતો, પૌરાણિક કથાઓને નામે જાતજાતનાં જૂઠાણાં અને કરતૂતો ચલાવતાં હતાં. સદીઓથી એનાં સંતાનોનો દુર્વ્યવહાર સહેતી ગંગા, શાંતભાવે હિમાલયથી સાગર ભણી વહેતી જતી હતી. એના પવિત્ર જળે, પ્રાચીન સંસ્કૃતિને સીંચી હતી.

સૂર્યાસ્ત થવા આવ્યો, અને બધીયે કુરૂપતા પર જાણે એક જુદા જ પ્રકારના તેજનું આવરણ પથરાઈ ગયું. સેંકડો સ્ત્રીઓ હાથમાં ઝળહળી રહેલા દીપક લઈને ગંગાતટે આવી

પહોંચી. પ્રાર્થનાના સૂર સાથે એમણે એ દીવા પાણીમાં વહેતા મૂક્યા. જીવનમાં પહેલીવાર ગંગા આરતીને જોનારો સુયોધન મંત્રમુગ્ધ થઈને નીરખી રહ્યો. રાત્રિમાં કાળાભમ્મર લાગતા પાણીની અંદર તેજના નાનાનાના ટાપુ રચાઈ ગયેલા. એ જ સમયે સુયોધનના હૃદયનો અંધકાર દૂર થઈ જાય, એવી તેજરેખા જેવી ભાનુમતીનું આગમન થયું.

પ્રાગજ્યોતિષના રાજવી ભાગદતની પુત્રી ભાનુમતીને પહેલીવાર સુયોધને ગંગાકિનારે જોઈ અને ત્યાં જ એના પ્રેમમાં પડી ગયો. મિત્રોએ મશ્કરી કરી, પણ વિદુરે જઈને કન્યાના પિતા સાથે વાત કરી. ચૌદ દિવસ પછી કાશી વિશ્વનાથના મંદિરમાં કોઈ મોટી ધામધૂમ વિના સુયોધન અને ભાનુમતીના લગ્ન થઈ ગયાં. જોકે કર્ણએ પછી આખા શહેરને જમાડ્યું. નાતજાતના ભેદભાવ વિના પુષ્કળ દાનપુણ્ય કરીને દાનવીર તરીકેની એની ખ્યાતિમાં વધારો કર્યો. સુયોધનને એ વાતનો સંતોષ હતો કે એણે એની પત્નીને કોઈ સ્પર્ધામાં નહોતી જીતી.

કાશીમાં ભલે સાદગીપૂર્ણ વિવાહ થયા હોય, પરંતુ હસ્તિનાપુર માટે તો આ બહુ મોટો અવસર હતો. સુયોધન દેશના સહુથી શક્તિશાળી રાજ્યનો યુવરાજ હતો, અને એના લગ્નની ઉજવણી ભીષ્મએ મોટી ધામધૂમ સાથે કરી. દેશના ખૂણેખૂણેથી રાજામહારાજાઓ હસ્તિનાપુર પધાર્યા. એમાં કૃષ્ણ હતા, કુંતી અને પાંડવો પણ હતાં. કુરુવંશની બે સમર્થ, શક્તિશાળી નારીઓ હાથ જોડીને અતિથિઓને આવકારવા ઊભી રહી. ત્યાં આવેલા દક્ષિણના રાજાઓને લાગ્યું કે કૌરવ-પાંડવો વચ્ચે ફાટફૂટ પડી ગયેલી, એ અફવા સાવ ખોટી હતી. એ બધાએ માની લીધું કે એમના ગુપ્તચરો ભૂલ કરી બેઠેલા. હસ્તિનાપુરમાં અંદરખાને ઊકળી રહેલા ચરુથી બહારના લોકો અજાણ હતા.

ગાંધારી સાથે હસતા વદને ઊભેલી કુંતી ધીમા અવાજે ગણગણી, “તારી બધીયે ગણતરી ઊંધી પડી ગઈને!”

“એટલે?” ચમકી ગયેલી ગાંધારી પૂછી બેઠી.

“સુયોધને અમને વારણાવતમાં મારી નાખવાનું કાવતરું કર્યું, પણ અમે બચી ગયાં. એટલું જ નહીં પાંચાલની રાજકુમારીને પણ જીતી લાવ્યા.”

“સુયોધનનો એમાં કોઈ હાથ નહોતો. તું શું કામ એના પર શંકા કર્યા કરે છે?” ગાંધારી અકળાઈ.

“લાક્ષાગૃહ બનાવવાનું કરતૂત એણે નહીં તો બીજા કોણે કર્યું? તારા પતિએ?”

“કુંતી, શુભ પ્રસંગે શું કામ આવાં માઠાં વેણ ઉચ્ચારે છે?” ગાંધારીએ કહ્યું. પરિવારમાં વધી રહેલી ગેરસમજ અને ધિક્કારની લાગણી એને અસ્વસ્થ કરી રહી હતી. વળી ચર્ચા કે દલીલો માટે આ સમય યોગ્ય નહોતો. “આ બધી વાત આપણે પછી કરશું. આજે યુવરાજના વિવાહનો આનંદ માણવા આપણે મળ્યાં છીએ.”

“યુવરાજનો વિવાહ? પરંતુ યુધિષ્ઠિર તો ઘણાં સમય પહેલાં પરણી ગયો.” કુંતી બોલી.

“તું હજીયે એ જ વાત લઈને બેઠી છે? અત્યારે સિંહાસન પર બેઠેલા રાજાનો જ્યેષ્ઠ પુત્ર સુયોધન છે. બસ, બીજું કંઈ બોલવા-સાંભળવાની જરૂર નથી.”

“ગાંધારી, અમને હડસેલી મૂકવાનું એટલું સહેલું નથી. જોઈશું, હસ્તિનાપુરની ગાદી પર અંતે કોણ બિરાજમાન થાય છે.”

“જરૂર જોઈશું. સુયોધન મારો કાયદેસરનો પુત્ર છે. દેશ પર એ જ રાજ કરશે.”

ગાંધારીના શબ્દો સામે કુંતી કોઈ પ્રતિભાવ આપી શકે, એ પહેલાં પાંડવો અને દ્રૌપદી ત્યાં આવી ગયાં. એમણે નમ્રભાવે ગાંધારી અને ધૃતરાષ્ટ્રના ચરણસ્પર્શ કર્યા. સ્પર્શમાત્રથી તેજસ્વી, ગર્વિષ્ઠ લાગતી દ્રૌપદીને આશીર્વાદ આપતી વખતે ગાંધારીને વિચાર આવી ગયો કે, આવી નારીએ કેવી રીતે પાંચ પુરુષની પત્ની બનવાનું સ્વીકાર્યું! ત્યારે તો એ કંઈ બોલી નહીં. પરંતુ

દિવસના અંતે પોતાના કક્ષમાં એ દ્રૌપદી સાથે એકલી પડી, ત્યારે પૂછ્યા વિના રહેવાયું નહીં.

કોઈ સંકોચ વિના દ્રૌપદી બોલી, "વરિષ્ઠ માતા, કોઈ નહીં ને તમે મને આવો પ્રશ્ન કરી રહ્યા છો? ભીષ્મ તમને અહીં લઈ આવ્યા, ત્યારે તમે છતી આંખે શું કામ અંધાપો સ્વીકારી લીધો? મારા સાસુજીને ભય હતો કે કદાચ મને પામવા માટે, એના પાંચેય પુત્ર અંદરોઅંદર લડી મરશે. એમને ભાઈઓ વચ્ચે એકતા જાળવી રાખવી હતી."

"પુત્રી, મને તો એકસો પુત્ર છે. પણ એમને એક રાખવા માટે, એક જ સ્ત્રી સાથે પરણાવવાનો વિચાર તો અમને ક્યારેય નથી આવ્યો. કુંતીને એના સંતાનો પર વિશ્વાસ નથી?" અચાનક ત્યાં આવી ચઢેલા ધૃતરાષ્ટ્ર બોલી ગયા.

દ્રૌપદી ચૂપ રહી. ગાંધારીને લાગ્યું કે ધૃતરાષ્ટ્રએ આવું નહોતું બોલવું જોઈતું. કુંતી સાંભળી ગઈ તો ઉપાધિ થશે. એનો ભય સાચો ઠર્યો. નજીક આવીને કુંતી જોરથી બોલી, "દ્રૌપદી, તું અહીં શું કરે છે? ત્યાં યુધિષ્ઠિર તને શોધી રહ્યા છે."

ધૃતરાષ્ટ્ર છોભીલા પડી ગયા. એમના સદ્ભાગ્યે એ જ વખતે વિદુરે ત્યાં આવીને કહ્યું કે થોડા ખંડિયા રાજાઓ એમને મળવાની રાહ જોતા હતા. ધૃતરાષ્ટ્ર મોટેમોટેથી અર્થહીન વાતો કરતા ત્યાંથી નીકળી ગયા.

ગાંધારી જાણતી હતી કે ધૃતરાષ્ટ્ર સામે મૌન ધરનારી કુંતી હવે એનો રોષ પ્રગટ કરશે. અને એવું જ થયું. "તમે મારા સંતાનોનું અપમાન કરવાની એકેય તક નહીં છોડો." ગુસ્સામાં ધ્રૂજતી કુંતીએ કહ્યું. ગાંધારીએ પ્રતિભાવ ન આપ્યો. પગ પછાડતી કુંતી ત્યાંથી જતી રહી. પણ પછી લાંબા સમય સુધી ગાંધારીના મનમાંથી દ્રૌપદી ખસી નહીં. કુંતીએ પોતાની રાજરમત રમવા માટે, એ યુવતીને પાંચ પુરુષનું પડખું સેવવાની ફરજ પાડી હતી. "દ્રૌપદીની દશા લગભગ મારા જેવી જ છે." ગાંધારીને વિચાર આવી ગયો. "આ દેશમાં દરેક સ્ત્રી, અંતે તો પુરુષના હાથમાં સ્વાર્થ સાધવાનું હથિયાર બનીને જ રહી જાય છે."

* * *

સુયોધનને જે વાતની બીક હતી, એનો સામનો કરવાની ક્ષણ છેવટે આવી પહોંચી. અર્જુન સાથે લગ્ન કર્યા બાદ સુભદ્રા પહેલીવાર સુયોધન એની સામે આવીને ઊભી રહી, સાથે ભાનુમતી હતી.

એક પુત્રની માતા બની ગયેલી સુભદ્રાએ તો જાણે બહુ આસાનીથી ભૂતકાળ વિસારે પાડી દીધેલો. સુયોધનના હાથમાં દીકરાને મૂકીને, એ ભાનુમતી સાથે વાતે વળગી ગઈ.

સુયોધન જોકે હજી સુભદ્રાને નહોતો ભૂલ્યો. "એને મારા પ્રેમની કોઈ કિંમત નહોતી?" એણે ખડખડાટ હસી રહેલી સુભદ્રાની સામે જોતાં વિચાર્યું. પણ પછી એની નજર ખોળામાં રાખેલા શિશુ ભણી ગઈ. બાળકે સ્મિત આપ્યું અને હસ્તિનાપુરના યુવરાજનું મન પીગળી ગયું. છોકરાએ એના વસ્ત્ર ભીના કર્યા તોયે એને ખરાબ લાગ્યું નહીં. ગળામાંથી મોતીની માળા કાઢીને એણે સુભદ્રાના પુત્રને પહેરાવી દીધી.

અર્જુન ત્યાં આવ્યો, મોટા ભાઈ સુયોધન અને ભાભી ભાનુમતિને પગે લાગ્યો. પછી ચારેય જણ લાંબો સમય અલકમલકની વાતો કરતા રહ્યા. એમાં ક્યાંય દ્વેષને સ્થાન નહોતું.

છેવટે અર્જુન અને સુભદ્રા ત્યાંથી જવા માટે ઊભાં થયાં, ત્યારે સુયોધને પૂછ્યું, "ભાઈ, તારા પુત્રનું નામ શું છે?"

"અભિમન્યુ" સુભદ્રાએ જવાબ આપ્યો. પછી રાતે મોડેથી સુયોધનની બાજુમાં સૂતેલી ભાનુમતી ગણગણી, "સુભદ્રા કેટલી ભાગ્યશાળી છે! કાશ, મને પણ અભિમન્યુ જેવો દીકરો હોય."

સુયોધન કંઈ બોલ્યા વિના એની પત્નીના વાળમાં હાથ ફેરવતો રહ્યો. ભાનુમતીને એ પ્રેમ

કરતો હતો, પરંતુ સુભદ્રાને એણે જેટલી ઉત્કટતાથી ચાહી હતી, એનો અહીં કેમ અભાવ વર્તાતો હતો?

* * *

હસ્તિનાપુરથી દૂર, યમુના નદીના કિનારે જ્યાં એક સમયે અભેદ્ય ગીચ ખાંડિવવન ફેલાયેલું હતું, એ હવે બળીને રાખ થઈ ગયેલું. એમાંથી એક નવા ભવ્ય નગરે આકાર લીધો હતો.

આ કામ રાતોરાત નહોતું થયું. મયાસુરે ત્રણ વર્ષ સુધી રાતદિવસ જોયા વિના કામ કર્યું હતું. એના માટે જીવનનો આ સહુથી સુખી કાળ હતો. એણે નકશાના રૂપમાં પોતાનાં સપનાં ઉતાર્યાં હતાં. ક્યાંય પણ કચાશ રહી જાય એ એને માન્ય નહોતું. એની સાથે જંગલની આગમાંથી બચી ગયેલાં નાગ, આ સપનાંને સાકાર કરવા માટે કાળી મજૂરી કરી રહ્યાં હતાં. કૃશકાય સ્ત્રીઓ, એમનાં માંદલાં બાળકો ટાઢ, તડકો ને વરસાદ સહીને કામ કરતાં હતાં. કોઈ જરા સરખીયે ચૂક કરે તો મયાસુર એની ધૂળ કાઢી નાખે.

હંમેશાં જે લોકો કાચાં ઝૂંપડાંમાં રહ્યાં હતાં. એમણે એકએક પથ્થર મૂકીને એવું શહેર બનાવ્યું, જેની જોડ ભારતભરમાં નહોતી. જોકે આખુંયે ભારત એમાં દેખાતું હતું. મયાસુરે દેશની તમામ બાંધકામ શૈલીનો અહીં કુશળતાભેર ઉપયોગ કર્યો હતો.

દ્વારકાથી મોટા અને હસ્તિનાપુરથી વધુ આયોજનબદ્ધ લાગતા આ નગરમાં મયે અસૂર શૈલીનાં મંદિરો બાંધ્યાં હતાં. સંગીતશાળાઓમાં ગાંધર્વકલા ઝલકતી હતી, તો બજારોમાં હૈહેય દેખાતું હતું. ગાંધારમાં હતા એવા શિલ્પો અહીં હતા, મુઝારિસમાં પ્રવાસીઓ માટે જે ધર્મશાળાઓ અને વિશ્રામસ્થળો હતાં, એવાં જ આ નગરમાં પણ હતાં. સ્થાપત્યવિદ મયાસુરે ભારતના આત્મા જેવું આ અદ્ભુત સર્જન કર્યું હતું. બાંધકામ પૂરું થયું, ત્યાં સુધીમાં તો આ નવા, અતુલ્ય નગરની ખ્યાતિ દૂરદૂર સુધી પ્રસરી ગઈ હતી.

નગરનિર્માણના કામ પર ધ્યાન રાખવા માટે પાંડવોએ યમુનાતટે ધામા નાખ્યા હતા. ધનકોષ ખાલી થતો લાગે ત્યારે એ પ્રજા પર નવા કરવેરા નાખી દેતા. કે પછી આસપાસના નાનાં, નબળાં રાજ્યો પર ચઢાઈ કરીને ત્યાંથી ધન લૂંટી લાવતા. જોકે લોકોને મોઢે આ નગરની થતી પ્રશંસા સાંભળીને એ પોતાની બીજી બધી તકલીફો ભૂલી જતા. એમના પર ઈશ્વરની કૃપા હતી. અને શું કામ ન હોય? એમણે હંમેશાં ભગવાનમાં શ્રદ્ધા રાખેલી, ધર્મનું આચરણ કર્યું હતું, એમાં કોઈ શંકા હતી? એનું જ આ ફળ મળ્યું હતું. પાંડવો ધર્મના માર્ગેથી ચલિત ન થાય, એનું ધ્યાન રાખવા માટે હવે તો ધૌમ્ય અને એમના શિષ્યો પણ ત્યાં આવી ગયા હતા.

લોકો અહીં આવતાં હતાં, એવી જ રીતે અહીંથી જતાં પણ હતાં. મયાસુરે નવા નગરનો શિલાન્યાસ કર્યો, એ જ દિવસે વાસુકિએ થોડા માણસોની સાથે વિરુદ્ધ દિશાની વાટ પકડી.

ખાંડિવના વિનાશનું વેર વાળવા માટે તક્ષકે હસ્તિનાપુર પર નાનામોટા હુમલા કરેલા, પરંતુ ભીષ્મએ એનો ગજ વાગવા નહોતો દીધો. તક્ષક હવે ક્યાં હતો એ કોઈ નહોતું જાણતું. વિદુરે દુર્જયની ગતિવિધિઓ પર રોક લગાવી દીધી, ત્યારથી નગરના ગરીબગુરબાં પર તક્ષકનો પ્રભાવ પણ ઓછો થઈ ગયો હતો. જોકે વાસુકિને ચિંતા હતી કે, અત્યારે દેખાતી શાંતિ ઉપરછલ્લી હતી. દુર્જય જેવા અનિષ્ટ તત્ત્વો સાથે નાગનું ગઠબંધન, કોઈ ખરાબ પરિણામ લાવવાનું હતું. એનાથીયે વધુ મોટી ચિંતા એ હતી કે, આ બે દુષ્ટોનો દોરીસંચાર કદાચ કોઈ ત્રીજો જ શક્તિશાળી માણસ કરી રહ્યો હતો.

રાજા જરાસંધ અને હિરણ્યધનુષના કમોતના સમાચાર વાસુકિના કાને પહોંચ્યા હતા. એને ભય હતો કે આવેશમાં આવીને એકલવ્ય કોઈ ખોટું પગલું ન ભરી બેસે. સમાજના શોષિત, પીડિત લોકો માટે એકલવ્ય આશાનું છેલ્લું કિરણ હતું. વાસુકિને ઉંમરનો થાક વર્તાઈ રહ્યો હતો. એને લાગતું હતું કે, નાગ પ્રજાની આગેવાની તક્ષક જેવા ઘમંડી, અવિચારી માણસને

બદલે પોતાના કે એકલવ્યના હાથમાં આવે તો કદાચ સહુનું ભલું થાય. આ વિચારની સાથે વાસુકિ મયાસુરને છોડીને એકલવ્યને શોધવા નીકળ્યો હતો.

ખાંડિવમાંથી નીકળેલા બીજા એક વૃદ્ધએ મયાસુર સાથે રહેવાનું પસંદ કર્યું. એને જોકે નાગ કે બીજા કોઈ અસ્પૃશ્ય કંગાળો સાથે લાગતું-વળગતું નહોતું. માત્ર લાચારીનો માર્યો એ આ લોકોની વચ્ચે રહેતો હતો. એનું નામ હતું ઇન્દ્ર.

બીજા કોઈ યુગમાં એ કદાચ ભારત આખા પર રાજ કરતો હોત. તક્ષકથી માંડીને ભીષ્મ પણ એના તાબામાં હોત. પ્રાચીન અસૂર સામ્રાજ્યના ધ્વંસ કરીને, દેવોનું શાસન સ્થાપનારા પહેલા ઇન્દ્ર, અને અત્યારના એના લાચાર વંશજ વચ્ચે આકાશજમીનનું અંતર હતું. ઇન્દ્ર કુળનો આ છેલ્લો દીપક તો તક્ષકની દયા પર ટમટમતો હતો. યુવાનીમાં એણે પૂર્વજોની ખોવાયેલી કીર્તિ પાછી મેળવવાનું સ્વપ્ન જોયું હતું, પરંતુ ઉંમરની સાથે હવે તો એ ઇચ્છા અને આશા પણ મૃતપ્રાય થઈ ગયેલા. અત્યારનો ઇન્દ્ર માત્ર એક વૃદ્ધ નબળો માણસ હતો, જેના મનમાં હતાશા અને કટુતા સિવાય બીજું કંઈ નહોતું.

ઇન્દ્રના જીવનમાં સ્મરણીય કહેવાય એવો એક જ પ્રસંગ વર્ષો પહેલાં બનેલો, જ્યારે એને કુંતી સાથે થોડા સપ્તાહ ગાળવાનું નિમંત્રણ મળ્યું હતું. ખાંડિવના એના ખખડધજ મહેલમાંથી નીકળીને પગપાળો એ હસ્તિનાપુર ગયો હતો. નગરની બહાર જંગલમાં પણ બધીયે સુવિધા ધરાવતા કુંતીના રહેઠાણમાં એ પહોંચ્યો, ત્યારે જોકે કોઈએ એને માનપાન સાથે નહોતો આવકાર્યો. રાણીને મળવા માટે એણે કોઈ સામાન્ય પ્રજાજનની જેમ વાટ જોવી પડેલી. છેવટે મળ્યો ત્યારે કુંતીની આંખમાં એને નર્યો તિરસ્કાર દેખાયો હતો. ધોમ્ય ત્યાં હાજર હતા. એમણે જ કુંતી અને તેના નપુંસક પતિને આ પગલું ભરવા સમજાવ્યા હતા. કુંતી ત્યારે બીજા બે પુરુષની સહાયથી બે પુત્રની માતા બની ચૂકેલી. હવે ઇન્દ્રનો વારો હતો.

પરપુરુષની પત્ની સાથે સમાગમ કરતાં પહેલાં ઇન્દ્રએ અનેક ધાર્મિક વિધિઓમાંથી પસાર થવું પડ્યું. ત્યારે એને પોતાની જાત માટે ધિક્કાર ઊપજી આવેલો. એ પુરુષ હતો કે સાંઢ, જેનો ઉપયોગ માત્ર પ્રજોત્પતિ માટે થવાનો હતો? ઇન્દ્રને ત્યાંથી ભાગી છૂટવાની ઇચ્છા થઈ ગઈ, પરંતુ અંતે દરિદ્રતાએ એના પગ બાંધી દીધા.

આવી સ્થિતિમાં કોઈ કેવી રીતે શરીરસુખ આપી કે લઈ શકે? પહેલાં બે દિવસ તો ઇન્દ્રની દશા કોઈ નપુંસક જેવી થઈ ગયેલી. છેવટે સફળતા મળી ત્યારે એણે હર્ષને બદલે માત્ર રાહત અનુભવી. આ કાર્ય માટે ધન અને ભેટસોગાદ સ્વીકારતી વખતે એને પોતે કોઈ વેશ્યા હોય એવી લાગણી થઈ હતી.

એ વાતને હવે વર્ષો વીતી ગયેલાં. ઇન્દ્ર અત્યારે તો કુંતીના પુત્ર માટે મહેલ બનાવી રહેલા મયાસુરના ઝૂંપડા જેવા ઘરમાં રહેતો હતો. સ્રૈણ દેખાવ ધરાવતા મયને જુએ ત્યારે ઇન્દ્રને ચીડ ચઢી આવતી. ખાંડિવ ભડકે બળતું હતું ત્યારે આ અસૂરે એનો જીવ બચાવેલો. આ વિચાર એને હજીયે દઝાડી જતો હતો. પોતાની લજ્જા અને હતાશા ઢાંકવા માટે એ તક મળે ત્યારે મયને ગાળો આપતો, એના પર શાપ વરસાવતો. પરંતુ યુવાન અસૂર પોતાના કામમાં એટલો વ્યસ્ત હતો કે વૃદ્ધ ઇન્દ્રનો કકળાટ માત્ર બહેરા કાને અથડાઈને રહી જતો. ક્યારેક ઇન્દ્ર બહુ બખાળા કાઢે, ત્યારે મયાસુર એની સામે હસી દેતો. આવું થાય ત્યારે ઇન્દ્રનો ક્રોધ વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતો.

આવા જ એક પ્રસંગે ઇન્દ્ર બોલી ગયો કે અર્જુન એનો પુત્ર હતો. સાંભળીને પ્રભાવિત થઈ જવાને બદલે મયાસુર તો હસીહસીને ઊંધો પડી ગયો. રોષથી ભભૂકતો ઇન્દ્ર ઘરમાંથી નીકળ્યો અને ધમધમ કરતો, નદીકિનારે પાંડવો જ્યાં રહેતા હતા એ દિશામાં ગયો. જોકે થોડે દૂર પહોંચીને એના પગ થંભી ગયા. આગળ વધવાની હિંમત ન થઈ. પાછો વળવા જતો હતો, ત્યારે

નદીકિનારે કૃષ્ણ અને પાંડવો સાથે ઊભેલા ધૌમ્યની નજર એના પર પડી ગઈ. લોકોની વચ્ચે શું વાત થઈ એ ઇન્દ્ર નહોતો જાણતો, પણ પછી એણે એ બધાંને પોતાની ભણી આવતા જોયા.

"મહારાજ, પાંડવોના ગરીબવાસમાં આપનું સ્વાગત છે." કૃષ્ણએ આવીને હાથ જોડતાં કહ્યું. એની પાછળ આવેલો યુધિષ્ઠિર તો સીધો ઇન્દ્રના પગે પડી ગયો.

ઇન્દ્ર હબક ખાઈ ગયો. `મહારાજ' જેવું સંબોધન સાંભળ્યાને યુગો વીતી ગયા હતા. કોઈ રાજકુમાર એને આટલો આદર આપે, એ તો એની કલ્પનાની બહાર હતું. આ લોકો એની મશ્કરી તો નહોતા કરતા ને? પરંતુ સામે ઊભેલાના ચહેરા પર માત્ર આદરભર્યું સ્મિત હતું.

"મહારાજ, આ તમારો પુત્ર છે." કહીને કૃષ્ણએ અર્જુનને આગળ કર્યો. એણે ખાસ ઉત્સાહ દાખવ્યા વિના ઇન્દ્રના ચરણસ્પર્શ કર્યા. ઇન્દ્ર તો ગદ્ગદ થઈ ગયો. એના અર્થહીન, વિફળ જીવનમાં અચાનક આશાનો દીપ પ્રજ્વલિત થયો. અર્જુન એનો પુત્ર હતો. ઇન્દ્રનો વંશ હવે આ ઘરડા રાજાના મૃત્યુની સાથે અટકી નહીં જાય. પાંડવની સાથે એ દેવવંશ આગળ વધતો રહેશે. લાગણીવશ થઈને એણે અર્જુનના માથે હાથ મૂક્યો અને પછી નાના બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો.

ઇન્દ્ર થોડો સ્વસ્થ થયો, એ પછી પાંડવો એને નવું નગર જોવા લઈ ગયા. પગલેપગલે ઇન્દ્રનો હર્ષ વધતો ગયો. પછી કૃષ્ણએ એને જે કહ્યું, એ સાંભળીને તો એના આનંદની અવધિ આવી ગઈ. કૃષ્ણએ એને જાણ કરી કે, ખાંડિવવનની આગમાંથી મય ભલે ઇન્દ્રને બહાર લઈ આવ્યો હોય, પણ પછી ગાંડોતૂર થયેલો એક હાથી એમના તરફ ધસી આવ્યો, ત્યારે એને રોકવાનું કામ અર્જુનના બાણે કર્યું હતું. અર્જુન ન હોત તો ઇન્દ્ર એ મહાકાય હાથીના પગ નીચે કચડાઈ મર્યો હોત.

ઇન્દ્રએ એના પુત્ર સામે ગર્વથી જોયું. એક અસૂરે એના પ્રાણ બચાવ્યાનો જે ભાર હતો, એ ઇન્દ્રના મન પરથી હટી ગયો. મોટી રાહત અનુભવીને એ હળવોફૂલ થઈ ગયો. અરે, મયાસુર પ્રત્યેની ઘૃણા અને ક્રોધ પણ અદૃશ્ય થઈ ગયાં. ઉદારભાવે એણે તો હવે મયાસુરની કલાની પ્રશંસા શરૂ કરી દીધી. જોકે પાંડવોએ ખાસ કંઈ પ્રતિભાવ ન આપ્યો. કૃષ્ણએ આછું સ્મિત વેરીને કહ્યું કે અસૂર તો માત્ર એનું કર્તવ્ય કરતો હતો. એમાં કોઈ મોટી વાત નહોતી. અર્જુને એને જીવતદાન આપ્યું, એના બદલામાં આ નગર બનાવીને મયાસુર તો માત્ર પોતાનું ઋણ ઉતારતો હતો.

કૃષ્ણના શબ્દોએ ઇન્દ્રને મૂંગો કરી દીધો. દલીલ કરવાથી કોઈ સમસ્યા ઊભી થશે એવું વિચારીને એણે વિષયાંતર કરી નાખ્યું. "આ નવા નગરનું નામ શું હશે?" એણે પાંડવોને પૂછ્યું.

"એનું નામ તો અમે તમને યાદ કરીને નક્કી કર્યું છે." યુધિષ્ઠિરે મલકતા મુખે બોલીને અર્જુન સામે જોયું. સાંભળવા માટે કાન સરવા કરવા પડે એટલા ધીમા અવાજે અર્જુન બોલ્યો, "ઇન્દ્રપ્રસ્થ – ઇન્દ્રનું નગર."

ઇન્દ્ર સ્તબ્ધ થઈ ગયો. હર્ષના અતિરેકથી એની વાચા હરાઈ ગઈ. આંખોમાં પાછાં ઝળઝળિયાં આવી ગયાં. ઘરડે ઘડપણ એને ભાન થયું કે, ભગવાન એને ભૂલી નહોતા ગયા. ભારતનું સહુથી મહાન નગર એના નામથી ઓળખાશે. ત્યાં બેસીને એનો પુત્ર ઇન્દ્રનો વંશવેલો આગળ વધારશે...

"અમે પહેલા ઇન્દ્ર, પુરેન્દ્રના માનમાં આ નામકરણ કર્યું છે." કૃષ્ણના શબ્દોએ ઇન્દ્રને સ્વર્ગમાંથી ધરતી પર પછાડ્યો. આંખના પલકારામાં કૃષ્ણએ એને યાદ કરાવી દીધું કે, આજના ઇન્દ્ર પાસે એના પ્રતાપી પૂર્વજોના નામ સિવાય બીજું કંઈ નહોતું. એ માત્ર એક નકામો, વૃદ્ધ, બસ નામનો રાજા હતો. ઇન્દ્રની આંખો ઝૂકી ગઈ.

"મહારાજ, અમારો હેતુ તમને અપમાનિત કરવાનો નથી. અમને ગર્વ છે કે પુરેન્દ્રનું લોહી અર્જુનની રગમાં વહે છે. એનો યશ તમને જાય છે." યુધિષ્ઠિરે આશ્વાસનના સૂરે કહ્યું.

જોકે ઇન્દ્ર પર એની અસર ન થઈ. વરાળ થઈને ઊડી ગયેલો એનો આનંદ પાછો ફર્યો નહીં. નવા નગરમાં હવે એને કોઈ સુંદરતા નહોતી દેખાતી. અહીંથી ભાગીને, પોતાના ઝૂંપડામાં સંતાઈ જવાની ઇચ્છા જોર કરવા લાગી. પોતાના પ્રાણ બચાવનાર અર્જુન માટે એણે હવે ગર્વ અને પ્રેમની જગ્યાએ કડવાશ અનુભવી. પુત્રના ઋણનો ભાર એણે અનુભવ્યો. ત્યાં ને ત્યાં એણે મનોમન પ્રતિજ્ઞા લીધી કે, "એક દિવસ હું આ ઉપકારનો બદલો વાળી દઈશ." આ માટે શું કરવું, એની જાણ ઇન્દ્રને હતી.

ઇન્દ્રએ સાંભળ્યું હતું કે કર્ણ નામનો સૂત બાણાવળી અર્જુન માટે પડકારરૂપ થઈ પડ્યો હતો. કર્ણ જે કવચ પહેરતો હતો, એ ભેદવાની શક્તિ કોઈ સામાન્ય બાણમાં નહોતી. પરંતુ ઇન્દ્ર જાણતો હતો કે જગતનું કોઈ કવચ અભેદ્ય ન હોઈ શકે. પૂર્વના તટે વસેલા સૂર્યપૂજકોએ જે કવચ બનાવેલું, એને અને બીજા કોઈપણ આવરણને તોડી શકે એવું એક હથિયાર પ્રથમ ઇન્દ્રે બનાવ્યું હતું. હીરાની અણી ધરાવતા લોહબાણને એણે `વજ્ર' એવું નામ આપ્યું હતું. વજ્ર બનાવવાની ગુપ્ત વિદ્યા ઇન્દ્રના વંશમાં પેઢી દર પેઢી ઊતરી આવી હતી. પરંતુ સમસ્યા એ હતી કે આવું બાણ બનાવી શકે એવા લુહાર હવે નહોતા રહ્યા.

"કદાચ મયાસુર એની રીતે આ કામ કરી શકે." આ વિચારની સાથે ઇન્દ્રની ઉદાસી ઓગળી ગઈ. કર્ણને પાડી શકે એવું વજ્ર હું મારા પુત્રને આપીશ, અને એના ઋણમાંથી મુક્ત થઈ જઈશ! એવું ન થાય ત્યાં સુધી હું એને મારો ચહેરો પણ નહીં બતાવું. આખું વિશ્વ પછી જાણી જશે કે, છેલ્લા ઇન્દ્રનું જીવન સાવ અર્થહીન કે નિષ્ફળ નહોતું ગયું. મનોમન આવું બોલીને ઇન્દ્રએ પાંડવોની રજા લીધી. ભોજન માટે રોકાઈ જવાનો આગ્રહ નકારી કાઢવામાં એને એક પ્રકારનો સંતોષ મળ્યો. પરંતુ યુધિષ્ઠિરે એને પોતાના રથમાં ઘર સુધી મૂકી જવાની તૈયારી દાખવી, ત્યારે ઇન્દ્રએ રાજી થઈને હા પાડી દીધી. પડોસીઓ એને રથમાંથી ઊતરતો જોઈને આભા થઈ જશે, અને મયાસુરની દશા તો કોણ જાણે કેવીય થશે!

* * *

રાજવી રથમાંથી ઇન્દ્રને ઊતરતો જોઈને મયાસુર ખરેખર હક્કોબક્કો થઈ ગયો. યુધિષ્ઠિરે વળી કડક અવાજે એને ચેતવણી આપી કે, "અર્જુનના આ પિતા હતા અને એમની સાથે આદરભરી વર્તણૂક થવી જોઈએ. અમે તો એમને મહેલમાં રહેવાનો ઘણો આગ્રહ કર્યો, પણ એ સાધુપુરુષને ભૌતિક સુખસુવિધાની પડી નથી. એ તો આ ઝૂંપડામાં જ રહેવા માંગે છે. તમે એમનું ધ્યાન રાખજો." આવું કહીને યુધિષ્ઠિરે ત્યાંથી વિદાય લીધી.

થોડે દૂર પહોંચ્યા પછી, અત્યાર સુધી માંડમાંડ જાળવી રાખેલી સ્વસ્થતા સરી પડી. યુધિષ્ઠિરનું મોઢું કટાણું થઈ ગયું. ગોબરાગંધાતા મજૂરવાસમાં જવાનું એને સહેજ પણ નહોતું ગમ્યું. હવે ઘેર જઈને નાહવું પડશે. ભાગ્ય વાંકું ચાલ્યું તો શરીર અને આત્માની શુદ્ધિ માટે પ્રવચન આપવા ધૌમ્ય તૈયાર જ બેઠા હશે. આ વિચારસુધ્ધાં ત્રાસદાયક હતો.

ક્ષણભર યુધિષ્ઠિરે એના પિતરાઈ દુર્યોધન પ્રત્યે ઈર્ષા અનુભવી. ગાંધારીપુત્રમાં ધૌમ્ય જેવા લોકો સામે થવાની હિંમત હતી. અહીં યુધિષ્ઠિરે તો ફૂંકીફૂંકીને ડગલાં ભરવાં પડતાં હતાં, પળેપળે સચેત રહેવું પડતું હતું કે કોઈ પાપ ન થઈ જાય. બ્રાહ્મણોનો રોષ અને દેવોનો કોપ ગમે ત્યારે ઊતરી આવે, એ ફફડાટ યુધિષ્ઠિરને હંમેશાં રહેતો. ધર્મના માર્ગ પર ચાલવાનું ખરેખર બહુ અઘરું હતું.

ચાર દીવાલની વચ્ચે બીજું કોઈ હાજર ન હોય ત્યારે મહાનતાનો ભારેખમ અંચળો ઊતરી જતો. એ વખતે યુધિષ્ઠિરને દર્પણમાં પોતાનું પ્રતિબિમ્બ જોવાની પણ બીક લાગતી. એનું આખું

જીવન, જૂઠાણાના પાયા પર ઊભું હતું. મનમાં એ જાણતો હતો કે, હસ્તિનાપુરની ગાદી માંગવાનો અધિકાર એને નહોતો. સ્મૃતિઓ અને શાસ્ત્રોનું મનઘડંત અર્થઘટન કરીને, કથિત વિદ્વાનો ભલે ગમે તે કહે, પણ સત્ય એ હતું કે હસ્તિનાપુરનો રાજા થવાનો દાવો માત્ર સુયોધન કરી શકે. તેમ છતાં યુધિષ્ઠિર લાચાર હતો. ધૌમ્ય જેવા લોકોની વાત એણે માનવી પડતી હતી. ધૌમ્યને એની અને એને ધૌમ્યની જરૂરત હતી.

ઘેર પાછા ફરીને યુધિષ્ઠિર સીધો સ્નાનાગારમાં જતો રહ્યો. પત્ની અને માતા સાથે આંખ મેળવવાનું એણે ટાળ્યું. બીજું બધું સહન કરી લેવાય, પણ દ્રૌપદીનું તિરસ્કારભર્યું સ્મિત જોવું એના માટે અસહ્ય હતું. રણભૂમિ પર એક દિવસ દુર્યોધન અને કર્ણનો સામનો કરવો પડશે. આનાથી યે મોટો ભય, એને પોતાના અંગત કક્ષમાં દ્રૌપદી સામે ઊભા રહેવાનો હતો. યુધિષ્ઠિરને લાગતું હતું કે, પોતાની જાતને એ જેટલું નહોતો ઓળખતો એટલી દ્રૌપદી ઓળખતી હતી. નૈતિકતા અને મહાનતાના આવરણ હેઠળ, કેટલા અંધારિયા, મેલા વમળ ઘૂઘવતા હતા, એ દ્રૌપદી જોઈ ગયેલી. દ્રૌપદીની સુંદર આંખોમાં પોતાનું પ્રતિબિમ્બ જોવાની હિંમત યુધિષ્ઠિરમાં નહોતી.

* * *

એ દિવસ પછી ઇન્દ્ર અને મયાસુર વચ્ચેના સંબંધ બદલાઈ ગયેલા. ઇન્દ્ર પહેલાં જેવા ઝઘડા, કકળાટ નહોતો કરતો અને મય એની સાથે વધુ માનભેર વર્તતો હતો.

નગરનિર્માણનું કાર્ય હવે છેલ્લા ચરણમાં હતું. હસ્તિનાપુર અને બીજા સ્થળોએથી વધુ ને વધુ લોકો અહીં ઠલવાઈ રહ્યાં હતાં. વચ્ચેવચ્ચે મયે એવી ફરિયાદ સાંભળી કે, ઉચ્ચવર્ણના લોકો હવે નાગ સ્ત્રીપુરુષોનું જીવવું દુષ્કર કરવા લાગેલા. અમુકતમુક સ્થળોએ એમના પ્રવેશ પર પ્રતિબંધ મુકાઈ ગયેલો. મોટું મંદિર બનાવવામાં વ્યસ્ત મયાસુરે આ વાત કાને ધરી નહીં. ભાવિના એંધાણ જોવાનું એ બાપડો ચૂકી ગયો. એને તો જલદીથી પોતાનું કામ પૂરું કરવું હતું.

ત્રણ વર્ષથી મય અને નાગ મજૂરો જેના પર કામ કરતાં હતાં, એ આખરે પૂરું થઈ ગયું. નવું સુંદર શહેર તૈયાર થઈ ગયું. હવે ત્યાં અસ્પૃશ્ય મજૂરો, કારીગરોની જરૂર નહોતી. ઊલટું એમના કંગાળ ઝૂંપડાં નગરની સુંદરતાને ઝાંખપ લગાડતા હતા. શાસકોએ નિર્ણય લઈ લીધો. એક દિવસ રાજાના માણસોએ આવીને કહ્યું કે, અસ્પૃશ્ય અને નીચી જાતિના લોકો માટે પ્રશાસને યમુનાના બીજા કિનારે રહેવાની વ્યવસ્થા કરી હતી. રાતોરાત સહુને નગરમાંથી ઉચાળા ભરવાનો આદેશ અપાઈ ગયો.

આ વાતમાં રહીસહી શંકા હતી એ પણ બીજે દિવસે સવારે દૂર થઈ ગઈ, જ્યારે પાળેલા હાથીઓ પર બેઠેલા મહાવતો અને અધિકારીઓ ત્યાં આવી પહોંચ્યા. કોઈ દયા દાખવ્યા વિના એમણે એમની રીતે સાફસફાઈ આરંભી દીધી. ત્રણ વર્ષથી નાગ પરિવારો જ્યાં રહેતા હતા, એ રહેઠાણો જોતજોતામાં ધરાશયી થઈ ગયા. એની જગ્યાએ માત્ર કાટમાળના ઢગલા રહ્યા. પ્રશાસને આ સ્થળે મોટું ઉદ્યાન બનાવવાનું નક્કી કરેલું.

મયાસુર અને ઇન્દ્ર એક તરફ બેઠાબેઠા આ જોઈ રહ્યા. મોટું નગર ઊભું કરનારા સ્થાપત્યવિદ્ મયાસુરમાં હવે જીભ ઉપાડવાનીયે શક્તિ નહોતી બચી, થોડીવાર પછી ઇન્દ્ર ધીમા અવાજે બબડ્યો, "ઈશ્વરને આ અન્યાય નહીં દેખાતો હોય?"

"ઈશ્વર?" મય અચાનક ઊછળીને ઊભો થઈ ગયો. "હે ભગવાન, હું તો સાવ ભૂલી જ ગયેલો." કહીને એણે નગરના મુખ્ય મંદિરની દિશામાં દોટ મૂકી. છોકરાને આ શું થઈ ગયું, એ ઇન્દ્રને સમજાયું નહીં. હાંફતા શ્વાસે નગરની પાછળ દોડ્યો.

બંને જણ એ પણ મયની રાજમાર્ગ પર પહોંચ્યા. ત્યાં મોટી શોભાયાત્રા પસાર થઈ રહી હતી. રસ્તાની બંને બાજુએ ગલગોટા અને જૂઈનાં તોરણો બંધાયાં હતાં. શંખ અને ઘંટના નાદ

સાથે મંત્રોચ્ચાર થઈ રહ્યા હતા. સોનેરી રથમાં યુધિષ્ઠિર એમની પત્ની સાથે બેઠા હતા. ચાર પાંડવ એની પાછળ ઊભા હતા. પોતે ઊભી કરેલી રાજધાની પર ગર્વભેર નજર ફેરવતા, એ લોકો મંદિર ભણી જઈ રહ્યા હતા. કૃષ્ણ પણ એમની સાથે હતા.

અસૂરને આવતો જોઈને લોકો ઘૃણાભેર ડચકારા બોલાવતા રસ્તાની એક તરફ ખસી ગયા. મય કોઈની પરવા કર્યા વિના, રાડો પાડતો યુધિષ્ઠિરના રથ પાસે આવી પહોંચ્યો.

યુધિષ્ઠિરે રથ રોકવાનો આદેશ આપ્યો. મંત્રોચ્ચાર અને સંગીતના સૂર શાંત થઈ ગયા. પાછળના રથમાં આવી રહેલાં કુંતી અને ધૌમ્ય પણ આ અણધાર્યા વિઘ્નથી થોભી ગયાં. કોઈએ બૂમ પાડી, “અરે, આ અસ્પૃશ્ય તો આપણને અભડાવી નાખશે.”

સાંભળીને મયાસુર થંભી ગયો. એણે પાંડવો સામે જોયું. માત્ર અર્જુનની આંખોમાં થોડી સહાનુભૂતિ હતી. ત્રણ વર્ષ પહેલાં જેણે એને જીવતદાન આપ્યું હતું એ મહાયોદ્ધા અર્જુનને ઉદ્દેશીને મય થોથવાતી જીભે બોલ્યો, “સ્વામી, ક્ષમા કરજો. પણ મંદિરમાં ઈશ્વરની આંખો હજી બંધ છે. એને ખોલવાની અનુમતિ આપો.”

મંદિરની અંદર ઊભેલી શિવપાર્વતીની પ્રતિમા મયે પોતાના હાથે બનાવી હતી. શિલ્પકારે પ્રાણ રેડીને બનાવેલી સર્વાંગ સુંદર મૂર્તિઓમાં માત્ર આંખો બનાવવાની બાકી હતી. અત્યારે તો એવું લાગતું હતું, જાણે પોતાના હાથે બનાવેલા મનુષ્યો કૃત્ય સહન ન થતાં હોય એમ ભગવાને આંખો મીંચી દીધેલી…

અર્જુન કે બીજા કોઈ પાંડવ જવાબ આપે એ પહેલા મય પોતાનું કાર્ય પૂરું કરવા મંદિર તરફ દોડ્યો. પરંતુ ધૌમ્યએ ત્રાડ પાડી, “રોકો એને” સૈનિકોએ મયને પકડી લીધો અને પછી યુધિષ્ઠિર સામે જોયું. એણે માત્ર માથું હલાવ્યું. ચીસો પાડી રહેલા મયને ધોલધપાટ કરતા સૈનિકો ત્યાંથી દૂર ઘસડી ગયા. ઇન્દ્ર આ બધું જોઈ રહ્યો.

“બંધુ, મંદિરમાં નેત્રહીન પ્રતિમા રાખવાથી અપશુકન નહીં થાય?” અર્જુને મોટાભાઈને પૂછ્યું.

યુધિષ્ઠિરે શાંતભાવે જવાબ આપ્યો, “અર્જુન, એક દિવસ તને સમજાશે કે સાચા જ્ઞાનીને મંદિરોની આવશ્યકતા નથી પડતી. એ તો માત્ર ભ્રામિક વિશ્વમાં જીવતા સામાન્યજનો માટે છે. અસૂરની ચિંતા છોડી દે. તેં એના પ્રાણ બચાવેલા, એણે પોતાની કલા દ્વારા તારું ઋણ ઉતાર્યું. તમે બંનેએ પોતપોતાના ધર્મ અનુસાર કર્તવ્યપાલન કર્યું છે.”

અર્જુનની દૃષ્ટિ રથની પાસે ઊભેલા ઇન્દ્ર પર પડી. નીચે ઊતરીને એણે પિતાને પોતાની સાથે રથમાં બેસવાનું આમંત્રણ આપ્યું. પરંતુ ધિક્કારભર્યું હાસ્ય કરીને ઇન્દ્ર ત્યાંથી જતો રહ્યો. અર્જુને એને સૈનિકોની સાથે બાથંબાથી કરી રહેલા મયની પાસે જતો જોયો. અસૂરની ચીસો એના કાળજાને કોરી રહી હતી, ભગવાનની આંખો બંધ હતી. એણે આજીજીભાવે કૃષ્ણ સામે જોયું. એમણે હાથ લંબાવીને અર્જુનને રથમાં પાછો ખેંચી લીધો. શોભાયાત્રા આગળ વધી.

* * *

મયાસુરને નદીકિનારે ફેંકીને સૈનિકો સ્નાન કરવા ગયા. અસૂરના સ્પર્શથી એ અભડાઈ ગયેલા. જોકે જેને દેવ કહેવાય, એ ઇન્દ્ર મયનું માથું પોતાના ખોળામાં રાખીને ત્યાં બેસી રહ્યો.

મયનું શરીર તાપથી ધખતું હતું. ઇન્દ્રએ પોતાનું ઉત્તરીય પાણીથી ભીનું કરીને યુવાનના કપાળે મૂક્યું. દૂરદૂર ભારતના સહુથી ભવ્ય નગરનું નામકરણ ધામધૂમપૂર્વક થઈ રહ્યું હતું. પરંતુ જેનું નામ એની સાથે સંકળાયેલું, એ ઇન્દ્ર, નગરને બનાવનાર અસ્પૃશ્ય અસૂર સાથે બેઠો હતો. એક સમયે એના શક્તિશાળી પૂર્વજોએ આ અસૂરવંશને પરાજિત કરીને અંધારી ગર્તામાં ધકેલી દીધો હતો. આજે લોકોને એનીયે પરવા નહોતી. ઇન્દ્રને હસવું આવી ગયું. યમુનાના ખળખળતા પાણીએ એના હાસ્યમાં સાદ પુરાવ્યો.

ધીમે ધીમે સૂર્યએ પશ્ચિમ ભણી ગતિ કરી. ધરતી પર અંધકારના ઓળા ઊતરી આવ્યા. ઇન્દ્રના ખોળામાં માથું મૂકીને સૂતેલો મયાસુર ઝબકીને જાગી ગયો. એની નિંદ્રામાં વિક્ષેપ ન પડે, એટલે ઇન્દ્ર કલાકોથી હલનચલન કર્યા વિના એમનો એમ બેસી રહ્યો હતો. મયે એની સામે જોયું અને બેઠો થઈ ગયો. અરેરે, કામ પર જવાનું મોડું થઈ ગયું?

પછીની ક્ષણે વાસ્તવિકતા વીજળીની જેમ એના પર ત્રાટકી. એણે હવે બાંધકામના ઓજાર હાથમાં નહોતા લેવાના. લોહીપાણી એક કરીને એણે જે નગર ઊભું કરેલું, એમાં હવે પગ પણ નહોતો મૂકવાનો. પોતાના હાથે પ્રેમથી ઘડેલી શિવપ્રતિમાને સ્પર્શ કરવાનો અધિકાર હવે એને નહોતો રહ્યો. ભગવાન હવે એના નહોતા રહ્યા. ફાંદાળા પંડિત પૂજારીઓએ જેલમાં પૂરી દીધેલા ભગવાન હવે માત્ર શ્રીમંત અને ઉચ્ચવર્ણના હતા. મયના ઈશ્વર અંધ હતા.

મયાસુર આવેશમાં આવીને ઊભો થઈ ગયો. મનમાં ધરબાયેલી જે લાગણીઓથી એ પોતે પણ અજાણ હતો, એ જ્વાળામુખીની જેમ ફાટી પડી. ધગધગતા લાવા જેવા શબ્દો એના મુખમાંથી વહેવા લાગ્યા. પોતાના સર્જનને શાપ આપી રહેલા મયના અવાજમાં એટલો તીવ્ર ધિક્કાર હતો કે, ઇન્દ્ર પણ થથરી ગયો. એને ભય લાગ્યો કે, આ નગર હવે સદાકાળ શાપિત રહેશે.

"અંધ દેવતાઓ, કાન ખોલીને મારા શબ્દો સાંભળી લો. મારી કલામાં ખરેખર જો સત્ત્વ, સચ્ચાઈ હોય તો મેં આજે ઉચ્ચારેલી વાણી સાચી ઠરશે. આજ પછી આ નગરમાં વસતી દરેક નારીને અસુરક્ષિતતાની લાગણી સતત ફફડાવતી રહે... ભ્રષ્ટ અને દુષ્ટ માણસો અહીં શાસન કરે... દરેક પુરુષ નારીદેહ, ધન, પ્રતિષ્ઠા અને સત્તા માટે ભૂખ્યો રહે... ભાઈઓ એમના ભાઈઓને મારે અને બહેનોની લાજ લૂંટે... જગતભરના ચોરલૂંટારા અહીં આવીને રહે અને શ્રીમંતો ભયના માર્યા ઘરની અંદર પુરાઈ રહે... પ્રજા એના રાજાને ધિક્કારે અને રાજા એની પ્રજાથી ડરે... વારંવાર અહીં બહારના લોકો આક્રમણ કરે... શોષક અને શોષિતના સ્થાન બદલાઈ જાય... અહીંની નદીમાં ગંદકી અને હવામાં ઝેર ભળી જાય... સજ્જ નો ગુણીજનોના રક્તથી અહીંની ભૂમિ અપવિત્ર થઈ જાય... આ નગરને લાગેલો શાપ સદાકાળ રહે..."

બોલતાં બોલતાં મય ભાંગી પડ્યો. હૈયાફાટ આક્રંદ કરતો એ જમીન પર ઢગલો થઈ ગયો. એને શાંત પાડવા માટે ઇન્દ્રએ લાંબો સમય મથવું પડ્યું. સ્વસ્થ થયા બાદ મયને જોકે, પોતાના સર્જનને આવા આકરા શાપ આપવા બદલ પસ્તાવો થવા લાગ્યો. ઇન્દ્રએ એને આશ્વાસન આપ્યું કે, શાપ માત્ર ઠાલા શબ્દો હતા, એ સાચા પડશે એવો ભય રાખવાની જરૂર નહોતી. પછી અસૂરનું મન બીજે વાળવા માટે એણે વજ્રની વાત કરી.

મય આખરે કારીગર હતો, સર્જક હતો. ઇન્દ્રની વાત સાંભળતાં સાંભળતાં એ પોતાનું દુઃખ ભૂલી ગયો. આવું હથિયાર બનાવવાનું વચન એણે આપી દીધું.

ધીમેધીમે સ્વસ્થ થયેલો મય અને ઇન્દ્ર હોડીમાં બેસીને નદીના બીજે કિનારે જતા રહ્યા, ત્યાં સુધી રાજ્યના સૈનિકોએ એમના પર નજર રાખી. પછી એમણે યુધિષ્ઠિર પાસે જઈને મયની શાપવાણીનું પુનરુચ્ચારણ કર્યું. યુધિષ્ઠિરના અણુએ અણુમાં ભય વ્યાપી ગયો. મય હવે અર્જુન માટે વજ્ર જેવું અદ્ભુત શસ્ત્ર બનાવવાનો હતો, એ સમાચાર પણ એના કાન સુધી પહોંચ્યા નહીં.

થથરી રહેલા યુધિષ્ઠિરને કૃષ્ણએ ધૈર્ય બંધાવતા કહ્યું, "યુધિષ્ઠિર, શું કામ કોઈ માણસે આપેલા શાપથી આટલા વ્યથિત થાવો છો? હું તમને વચન આપું છું કે, આ પૃથ્વી પરનું બીજું કોઈ નગર, ઇન્દ્રપ્રસ્થની ભવ્યતા, સમૃદ્ધિ અને કીર્તિની બરોબરી નહીં કરી શકે. એના રાજા સુખેથી રાજ કરશે. શાસકો કાયદા બનાવશે, જરૂર પડી ત્યારે એને તોડવાનો અધિકાર પણ એમને જ રહેશે. કોઈ પ્રજાજન જાહેરમાં રાજા સામે ઊંચા સાદે નહીં બોલી શકે. આ નગરના શાસકો પર અનંતકાળ સુધી ઈશ્વરની કૃપા વરસતી રહેશે."

યુધિષ્ઠિરે થોડી રાહત અનુભવી. પરંતુ અટપટા પ્રશ્નો કરવાની ટેવ ધરાવતા અર્જુને પૂછ્યું, “કૃષ્ણ, તને માત્ર રાજાની, શાસકોની સુખાકારી વિશે વાત કરી, પણ સામાન્ય માણસનું શું થશે? મયનો શાપ એમને નડશે?”

જવાબ આપ્યા વિના કૃષ્ણ મહેલની બારીમાંથી બહાર જોઈ રહ્યા. ઇન્દ્રપ્રસ્થમાં પ્રવેશ મેળવવાની રાહ જોતા, બહારથી આવેલાં હજારો લોકો કતારમાં ઊભાં હતાં. ઓળખચિહ્ન તરીકે તામ્રપત્રો આપવાનું કામ અધિકારીઓ કરી રહ્યા હતા. એક તરફ શ્વાનની સાથે બેઠેલા કોઈ ભિક્ષુકનાં ગીતો સાંભળવા માટે લોકો ટોળે વળ્યા હતા. પવનની લહેરખીની સાથે એ ગીતના આછાઆછા શબ્દો કૃષ્ણના કાન સુધી પહોંચ્યા. એમને અચાનક આ શબ્દોને સંગીતનો સાથે આપવાની ઇચ્છા જાગી ગઈ.

થોડી જ વારમાં, વાતાવરણની અંદર કૃષ્ણની વાંસળીના સૂરનો જાદુ છવાઈ ગયો. અર્જુને દાખવેલી શંકા વિસારે પડી ગઈ. આમેય અમુક પ્રશ્નોના ઉત્તર ન મળે એમાં જ સહુની ભલાઈ હતી.

રાજસૂય

મૃત જરાસંધને છેક સુધી વફાદાર રહેલા સૈનિકો મગધ છોડીને ચેદી જવા નીકળ્યા હતા. રસ્તામાં મથુરા પાસે એમનો ભેટો એકલવ્ય સાથે થયો. એકલવ્ય મગધના સેનાપતિ હિરણ્યધનુષનો પુત્ર હતો, એ જાણીને નાનકડી સેનામાં હર્ષની લાગણી ફરી વળી. એમના આગેવાને એકલવ્ય પાસે જઈને કહ્યું, "હિરણ્યધનુષ જેવા મહાન યોદ્ધાના પુત્રને મળીને એમને આનંદ થાય છે. મારું નામ શાલ્વ છે. એક સમયે હું જરાસંધનો ખંડિયો રાજા હતો અને હવે કૃષ્ણનો શત્રુ છું. તમારી જેમ હું પણ એનું મૃત્યુ ઇચ્છું છું. આપણા દેશનો એ વિનાશ કરશે. કૃષ્ણ કોઈ રાજ્યનો રાજા નથી, પરંતુ વ્યૂહરચના અને છળકપટમાં પ્રવીણ છે. ઘણાં લોકોને એણે એવા ભ્રમમાં નાખી દીધા છે કે ભગવાન વિષ્ણુએ ધર્મના રક્ષણ માટે કૃષ્ણનું રૂપ લઈને ધરતી પર અવતાર લીધો છે. જરાસંધના આદર્શ અને સિદ્ધાંતો કૃષ્ણના વિચારોથી સાવ વિરુદ્ધ હતા."

શાલ્વ અહીં સહેજ અટક્યો. પણ પાછું બોલવાનું શરૂ કર્યું, ત્યારે એના અવાજમાં વધુ કડવાશ હતી. ચહેરા પર તિરસ્કારના ભાવ સાથે એણે કહ્યું, "વિષ્ણુનો અવતાર હોવાનો દાવો કરતો બીજો માણસ પરશુરામ છે. નર્મદા નદીની દક્ષિણમાં વસતા સામાન્ય લોકોનું જીવવું એણે દુષ્કર કરી નાખ્યું છે. ત્યાં પરશુરામ અને અહીં કૃષ્ણ, આ બે જણ મળીને આખાયે ભારતને પોતાના તાબામાં લઈ લેશે. આવું થાય એ પહેલાં આપણે એમને રોકવા પડશે. મગધનો નવો રાજા કૃષ્ણની કઠપૂતળી જેવો છે. અમારે એની સાથે નથી રહેવું. સદ્ભાગ્યે એ ધૂર્ત યાદવની સામેના યુદ્ધમાં અમે એકલા નથી. શિશુપાલ અને ધન્તવક્ર જેવા બે શક્તિશાળી રાજાની સહાય આપણને મળી શકે. અમે શિશુપાલને મળવા ચેદી જઈ રહ્યા છીએ. તમે અમારી સાથે આવશો?"

પોતાના પિતાને મારનારા પાંડવ અને એમાં સહાયક બનેલા કૃષ્ણ પ્રત્યેનો વૈરાગ્નિ એકલવ્યને બાળી રહ્યો હતો. અર્જુન સામે તો એને બહુ વર્ષોથી રોષ હતો. શાલ્વ સામે નમ્રતાભેર માથું નમાવીને એણે કહી દીધું, "તમારી સેનામાં જોડાઈને હું ધન્ય થઈશ."

ચેદી સુધીના પ્રવાસમાં એકલવ્યએ જોઈ લીધું કે આ સેનામાં કુળ કે જાતિના આધારે કોઈ ભેદભાવ નહોતો. મગધના સૈન્યમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, નિશાદ, અસૂર, નાગ, ચાંડાલ, મ્લેચ્છ સહુ હતા. દરેકને એની લાયકાત પ્રમાણે યોગ્ય સ્થાન મળતું હતું. શાલ્વએ એને કહ્યું કે, જરાસંધના શાસન દરમ્યાન માત્ર સેનામાં નહીં, શાસન-પ્રશાસન, દરેક સ્થળે કામ કે હોદ્દો આપતી વખતે વ્યક્તિની જાતિ નહીં પણ પાત્રતા જોવાની હતી. એકલવ્યને હવે સમજાયું કે જરાસંધને મથુરા પર સત્તરવાર આક્રમણ કરવામાં કેવી રીતે સફળતા મળી હતી. એના સૈન્યમાં ભારે શિસ્ત હતી.

ચેદી પહોંચવા આવ્યા, ત્યારે રસ્તામાં એમને વાસુકિ મળ્યો. એણે ખાંડિવમાં કૃષ્ણ અને અર્જુને વેરેલા વિનાશની વાત કરી. મગધના સૈનિકો લડવા માટે ઉતાવળા થઈ ગયા, પણ વાસુકિએ એમને સમજાવ્યા કે, યોગ્ય તૈયારી વિના બળિયા શત્રુ સામે થવાનું આત્મઘાતક હતું.

સેના આખરે ચેદી પહોંચી. ત્યાંનો રાજવી શિશુપાલ પોતાના મિત્ર જરાસંધના અપમૃત્યુથી વ્યથિત હતો. પરંતુ હવે શું કરવું જોઈએ એનો નિર્ણય લેતાં પહેલાં એણે રાજા ધન્તવક્રની સલાહ પૂછવાનું વિચાર્યું. ધન્તવક્રને ચેદી પહોંચતા લગભગ બીજો એક મહિનો નીકળી ગયો. છેવટે એણે પણ આવીને વાસુકિના વિચારનો પડઘો પાડતાં કહ્યું કે, માનવબળ એમની પાસે હતું, પરંતુ હવે એમને યોગ્ય તાલીમ આપવાની જરૂર હતી.

કૃષ્ણ અને એના મિત્રો સામે લડવા માટે શિશુપાલ, ધન્તવક્ર, શાલ્વ અને એકલવ્યએ મળીને તૈયારી શરૂ કરી દીધી. વ્યૂહરચનાની બાબતમાં એમની વચ્ચે ઘણીવાર મતભેદ થતા. ઉગ્ર ચર્ચાઓ પણ થતી, પરંતુ બધાનું લક્ષ્ય એક હતું. કૃષ્ણની નીતિઓ સાથે અસહમત હતા, એવા બીજા નાનામોટા રાજાઓએ પણ શિશુપાલને ટેકો જાહેર કર્યો.

બીજી તરફ કૃષ્ણ એ સામાન્ય માનવી નહીં, પરંતુ ભગવાન હતા, અને ભગવાન સામે લડાઈ ન કરાય એવું માનનારા લોકોની ખોટ નહોતી. દેશમાં કૃષ્ણભક્તિના મૂળ વધુ ને વધુ મજબૂત થવા લાગ્યા હતા.

ઇન્દ્રપ્રસ્થમાં યુધિષ્ઠિરે યોજેલા રાજસૂય યજ્ઞમાં હાજર રહેવાનું નિમંત્રણ મળ્યું, ત્યાં સુધી કૃષ્ણના શત્રુઓ હજી કોઈ ચોક્કસ વ્યૂહરચના પર સહમત નહોતા થઈ શક્યા.

રાજસૂયનું આયોજન કરનાર રાજા બધાંને એવો સંદેશ પહોંચાડતા હોય કે, "કાં, મારું વર્ચસ્વ સ્વીકારો અને કાં યુદ્ધ કરો." પણ વાસુકિને લાગતું હતું કે રાજસૂય માટે નિમંત્રણ પાઠવવા પાછળ યુધિષ્ઠિરનો હેતુ સારો નહોતો. એણે જરૂર કોઈ જાળ બિછાવી હશે, એટલે ત્યાં જવામાં જોખમ હતું.

વાસુકિએ એના મિત્રોને આ નિમંત્રણ સ્વીકારવા સામે ચેતવ્યા. પરંતુ આ સાદું નિમંત્રણ નહીં, ખુલ્લો પડકાર હતો. આત્મસમ્માન ધરાવતો કોઈપણ રાજા એ કઈ રીતે નકારી શકે?

લાંબી ચર્ચાને અંતે એવું નક્કી થયું કે મિત્ર રાજાઓમાંથી માત્ર શિશુપાલ ઇન્દ્રપ્રસ્થ જશે. રૂઢિચુસ્તોને ચીઢવવા માટે શિશુપાલે એકલવ્યને પોતાની સાથે લઈ જવાનું જાહેર કર્યું. એને જોવું હતું કે રાજસભામાં એક નિશાદની હાજરી સામે પાંડવો કેવો પ્રતિભાવ આપે છે!

* * *

આ પ્રસંગના એક વર્ષ પહેલાં ભાનુમતીએ એકસાથે બે સંતાનને જન્મ આપ્યો હતો. સ્નેહાળ પિતા સુયોધન માટે આ બાળકો એના જીવનનું કેન્દ્ર બની ગયેલા. સુભદ્રાના પુત્ર અભિમન્યુને પણ સુયોધનકાકા સાથે ફાવી ગયેલું. એ ઘણીવાર યુવરાજના મહેલમાં આવતો. સુયોધને એના પુત્રનું નામ લક્ષ્મણકુમાર અને પુત્રીનું લક્ષ્મણા પાડ્યું હતું. આની પાછળનું કારણ નાનકડા અભિમન્યુએ ઘણીવાર પૂછ્યું હતું, પણ ક્યારેય સ્પષ્ટ જવાબ નહોતો મળ્યો. સુયોધન દર વખતે જુદી, નવી વાર્તા ઘડી કાઢતો. જોડિયાં બાળકો ડગમગ પગલે મોટાભાઈ અભિમન્યુની પાછળ ફર્યા કરતા. એ જોવાનું ભાનુમતીને ગમતું.

સુભદ્રા સુયોધનનો પહેલો પ્રેમ હતો, એ જાણ્યા પછીયે એની સાથે ભાનુમતીએ મિત્રતા કરી લીધેલી. બંને સ્ત્રી કલાકો સુધી સાથે બેસીને વાતો કરતી. ભાનુમતીને પોતાના પતિમાં પૂરેપૂરો વિશ્વાસ હતો. રાજાઓ અને રાજકુંવરોને સંખ્યાબંધ રાણીઓ અને ઉપપત્નીઓ હોય, એ વાતની આમ તો કોઈ નવાઈ નહોતી. કૃષ્ણને તો સોળ હજાર ને આઠ રાણી હોવાનું કહેવાતું હતું, અને તોયે એમના પ્રત્યે લોકોનો પ્રેમ કે આદર ઓછો નહોતો થયો. ઊલટું એક જ પત્નીને વફાદાર રહેવા બદલ યુવરાજ સુયોધનની ક્યારેક મશ્કરી પણ થતી.

સુયોધન એની પત્ની સાથે સુખી હતો. બંને જણ પ્રકૃતિપ્રેમી હતાં, કલા અને સંગીતનાં રસિયાં હતાં. સુયોધનની ઉદારતા, તડ ને ફડ કહી દેવાની આદત, અને ઘણીવાર બહાર આવી જતું એનું અભિમાન પણ ભાનુમતીને ગમતું હતું. જોકે સુયોધનનો જે સહુથી મોટો ગુણ ભાનુમતીને પ્રભાવિત કરી ગયેલો, એ હતો મિત્રો પ્રત્યેનો એનો વિશ્વાસ. સૂત રથચાલકના પુત્ર કર્ણ અને ગરીબ બ્રાહ્મણ અશ્વત્થામાને સુયોધન અખૂટ ચાહતો હતો. ભાનુમતીને ક્યારેક વિચાર આવી જતો કે, સામેવાળા એમના કોઈ સ્વાર્થ માટે તો સુયોધન સાથે મિત્રતા નહોતા રાખતા ને! સુયોધન હસ્તિનાપુરનો યુવરાજ હતો, કાલે ઊઠીને રાજા બનવાનો હતો. એને પેલા લોકો સાથેની મૈત્રીમાં કોઈ મોટો લાભ નહોતો થવાનો. પરંતુ ભાનુમતીને ખાતરી હતી કે, જરૂર

પડી તો એમના માટે સુયોધન મોટો ત્યાગ કરવા તૈયાર થઈ જશે. પણ સામેવાળા એ કરી શકશે?

સુયોધને એક સૂતને અંગનો રાજા બનાવવાની હિંમત અને ઉદારતા દાખવેલી, એ બદલ ભાનુમતીને ગર્વ હતો. સામે કર્ણની વીરતા અને સુયોધન પ્રત્યેની એની નિષ્ઠામાં પણ ભાનુમતીને કોઈ શંકા નહોતી. તેમ છતાં ઘણાં સમયથી એના મનમાં નાનકડી એક શંકાનું બીજ રોપાયું હતું. સુયોધન ભલે એના આ મિત્ર માટે પ્રાણ પાથરી દે, પરંતુ સમય આવ્યે કદાચ કર્ણ પોતાની કીર્તિને વધુ મહત્ત્વ આપશે એવું એને લાગતું હતું. મહાન દાનવીર તરીકે દૂરદૂર સુધી કર્ણની ખ્યાતિ પ્રસરી ગયેલી. ભાનુમતીને ભય હતો કે, અણીના સમયે કર્ણ એની કીર્તિ અને યશને ખાતર મૈત્રીનો ભોગ આપી દેતાં નહીં અચકાય.

સુયોધનને જોકે ક્યારેય આવો વિચાર નહોતો આવ્યો. કર્ણ પર એને એટલો વિશ્વાસ અને પ્રેમ હતા કે, ક્યારેક ભાનુમતીને પણ ઈર્ષા થઈ આવતી. આ ઈર્ષાના મૂળમાં કદાચ ઘણાં સમય પહેલાં બની ગયેલો એક પ્રસંગ હતો.

ભાનુમતી ત્યારે ગર્ભવતી હતી. એક દિવસ અચાનક કર્ણ એના મિત્રને મળવા મહેલમાં આવી ગયો. સુયોધન એ વખતે ભીષ્મ સાથે કોઈ કામની ચર્ચા કરવા ગયેલો. એકલી બેઠીબેઠી કંટાળી ગયેલી ભાનુમતીએ કર્ણને એની સાથે ચોપાટ રમવાનું કહ્યું. કર્ણ પાસે બીજું કંઈ કામ નહોતું. મિત્રપત્ની સાથે એ ચોપાટ પાથરીને બેસી ગયો.

ભાનુમતીએ નહોતું ધાર્યું કે શસ્ત્રો ચલાવવામાં એક્કો કર્ણ ચોપાટ રમવામાં પણ એટલો જ કુશળ હશે. હારી રહેલી ભાનુમતીએ નાના બાળકની જેમ અંચી કરવાનો પ્રયાસ કર્યો, પણ કર્ણએ એને પકડી પાડી. ખોટુંખોટું રિસાઈને ઊભી થવા જતી ભાનુમતીને એ રોકવા ગયો, પણ એના હાથ મિત્રપત્નીના કાંડાને બદલે કમર પર ગયા. ભાનુમતીએ ત્યાં પહેરેલો મોતીનો કંદોરો તૂટી ગયો અને મોતી ચારેબાજુ વેરાઈ ગયાં. આ નિર્દોષ તોફાનમસ્તી ચાલતાં હતાં, ત્યાં સુયોધન આવી પહોંચ્યો. કક્ષના ઉંબર પાસે જ એ ઊભો રહી ગયો. કર્ણની પકડમાંથી છૂટવા મથી રહેલી ભાનુમતીની નજર એના પર પડી અને એ થીજી ગઈ. કર્ણને પછી સુયોધનની હાજરીનો ખ્યાલ આવ્યો. એણે ભાનુમતીને જવા દીધી.

"હવે આ મોતી વીણવાનું કામ મારે કરવાનું છે?" સુયોધન ખંડમાં પ્રવેશતાં બોલ્યો. ભાનુમતીને એ ક્ષણે ભાન થયું કે, પત્ની સાથે મિત્રને આવી સ્થિતિમાં જોઈને સુયોધનને કેવી મોટી ગેરસમજ થવાની શક્યતા હતી. એણે પલંગ પર બેસીને બે હાથમાં મોઢું છુપાવી લીધું.

કર્ણ અને સુયોધનને તો નવી રમત મળી હોય, એમ ઘૂંટણિયે પડીને એમણે મોતી વીણવાનું શરૂ કર્યું. થોડી વારમાં અશ્વત્થામા ત્યાં આવી પહોંચ્યો. "લાગે છે આજે આ બે જણ વધુ પડતી મદિરા પી ગયા છે, એટલે જમીન પર આળોટે છે." એણે હંમેશની જેમ મશ્કરી કરીને મિત્રોને હસાવી દીધા. માત્ર ભાનુમતીની આંખો ભીની રહી.

થોડીવાર પછી પેલા ત્રણેય જણ ઠઠ્ઠામશ્કરી કરતા કક્ષમાંથી નીકળી ગયા. ભાનુમતીએ જેમતેમ પોતાના આંસુ પર કાબૂ રાખ્યો. એને બીક હતી કે સુયોધને ભલે મિત્રો સામે હસવાનો દેખાવ કર્યો, પણ પત્ની સાથે એકલા પડતાની સાથે એ જાતજાતના પ્રશ્નોની ઝડી વરસાવી દેશે. સુયોધનને પાછા ફરવામાં રોજ કરતા મોડું થયું, ત્યારે તો ભાનુમતીની શંકા ખાતરીમાં ફેરવાઈ ગઈ. સુયોધનને નક્કી પત્નીના ચારિત્ર પર શંકા ઊપજી હતી.

મોડેથી સુયોધન આવ્યો. એના ચહેરા પર થાક હતો. ભાનુમતી સાથે માત્ર બેચાર ઔપચારિક વાક્યોની આપલે કરીને એણે પથારીમાં લંબાવી દીધું. પતિનો રોષ સહન કરવા માટે તૈયાર બેઠેલી ભાનુમતી, આ મૌન સહી ન શકી. પતિની પાસે બેસીને એણે રડમસ સાદે કહ્યું, "તમે ધારો છો એવું કંઈ નહોતું."

સુયોધને સહેજ આશ્ચર્યથી પત્ની સામે જોયું, અને પછી એની વાતનો અર્થ સાંભળીને એણે સ્મિત આપ્યું. "મેં કશુંયે આડુંઅવળું ધાર્યું નથી." કહીને એણે ભાનુમતીના ગાલ પર સ્નેહથી સ્પર્શ કર્યો.

ભાનુમતીના હૃદય પરથી જાણે મણમણનો ભાર ઊતરી ગયો. પતિના ગળે વળગીને એણે એના હોઠ ચૂમી લીધા. આનંદથી એનું કાળજું ફાટફાટ થતું હતું. પરંતુ પછી સુયોધને જે શબ્દો ઉચ્ચાર્યા, એ ભાનુમતી મરતાં સુધી નહોતી ભૂલવાની.

"કર્ણમાં મને સંપૂર્ણ વિશ્વાસ છે. એ ક્યારેય ખોટું, અનૈતિક કૃત્ય નહીં કરે."

ભાનુમતીનો બધોયે આનંદઉલ્લાસ ક્ષણભરમાં ઓસરી ગયો. એને પતિના મોઢેથી આ શબ્દો નહોતા સાંભળવા. પતિએ એવું કેમ ન કહ્યું કે એને પત્નીના ચારિત્ર અને પ્રેમમાં શ્રદ્ધા હતી? સુયોધનને પત્ની કરતા મિત્રમાં વધુ વિશ્વાસ હતો. ભાનુમતી દૂર ખસી ગઈ.

પત્નીનું મન કળી ગયેલા સુયોધને પછી તો એને મનાવવાના ઘણાં પ્રયાસ કર્યા. ભાનુમતીને એ કેટલો પ્રેમ કરતો હતો, એનું ફરીફરીને રટણ કર્યું. પણ ભાનુમતીના મન પર જે ઘા પડી ગયેલો, એના પર આ મલમપટ્ટા કામ નહોતા કરવાના. અલબત્ત એણે પછી વાતને વધુ ખેંચી નહીં. થોડીવારમાં સુયોધન નિંદ્રામાં સરી પડ્યો. ભાનુમતી એને જોઈ રહી. મિત્ર પર આટલો ભરોસો મૂકીને સુયોધન ક્યાંક ભૂલ તો નહોતો કરી રહ્યો ને?

બારીમાંથી ચંદ્રનો પ્રકાશ સુયોધનના આકર્ષક ચહેરા પર પડ્યો. ઊંઘમાં જ એના હોઠ પર સ્મિત આવી ગયું. ભાનુમતીની બધીયે નારાજગી ઓગળી ગઈ. પતિનું રક્ષણ કરતી હોય, એમ એણે સુયોધનની ફરતે હાથ વીંટાળી દીધા. કંઈ ખોટું થવાનું હતું એવા ભયને એણે બળપૂર્વક મનમાંથી દૂર હડસેલી દીધો.

ઇન્દ્રપ્રસ્થમાં પાંડવોએ યોજેલા રાજસૂય માટેનું આમંત્રણ આવ્યું, ત્યારે જોકે બમણા જોરથી આ ભય પાછો ફર્યો. ભાનુમતી નહોતી ઇચ્છતી કે સુયોધન ત્યાં જાય. એને કૃષ્ણ અને અર્જુનની ભારે બીક લાગતી હતી. પરંતુ સુયોધને કહ્યું કે હસ્તિનાપુરના યુવરાજ હોવાને નાતે એના માટે આ નિમંત્રણ પાછું ઠેલવાનું શક્ય નહોતું.

કર્ણ અને જયદ્રથ તો ઇન્દ્રપ્રસ્થ જવા માટે થનગની રહ્યા હતા. માત્ર અશ્વત્થામાએ ભાનુમતીની વાતને ટેકો આપતાં કહ્યું કે રાજસૂય યજ્ઞના નામે કોઈ છટકું ગોઠવાયું હતું, અને સુયોધને ત્યાં જવાનું ટાળવું જોઈએ. છેવટે શકુનિએ સુયોધનને ઇન્દ્રપ્રસ્થ જવા માટે મનાવી લીધો. એના કહેવા પ્રમાણે રાજસૂયમાં જવાની ના પાડનાર ક્ષત્રિય કાયર ગણાઈ જશે. ભાનુમતીને ત્યારે શકુનિમામા પર સખત ક્રોધ ચઢી આવ્યો, પણ એ લાચાર થઈ ગઈ. પરાણે હસતો ચહેરો રાખીને એણે સુયોધનને વિદાય આપવી પડી. પ્રવાસ શરૂ કરતાં પહેલાં રાજવી રસાલો નિયમાનુસાર ગંગાકિનારે આવેલા મંદિરે ગયો.

મંદિરમાંથી બધાં બહાર નીકળ્યાં, ત્યારે સામે વડલા નીચે હંમેશની જેમ કૃપ બેઠા હતા. સુયોધને જઈને એમના આશીર્વાદ લીધા. કૃપે આશીર્વચનની સાથે ચેતવણી ઉચ્ચારી, "ગમે તે થાય, પણ તારા ક્રોધ પર કાબૂ રાખજે."

શકુનિએ ખંધું હાસ્ય વેર્યું. સુયોધનના પગ થોડીવાર માટે થંભી ગયા. ભાનુમતીએ કંપારી અનુભવી, પરંતુ પછી ત્યાંથી નીકળવાનો સમય થઈ ગયો.

અશ્વત્થામાએ છેલ્લીવાર પાછળ ફરીને ભાનુમતી સામે જોયું. આંખોથી જ સંદેશો આપ્યો કે, એ હંમેશાં સુયોધનની સાથે રહેશે.

ભાનુમતી ધીમા પગલે પાલખીમાં જઈને બેઠી. એને લાગ્યું કે દૂરદૂર ક્યાંક લોહિયાળ યુદ્ધનાં નગારાં વાગી રહ્યાં હતાં. પોતાનાં બે બાળકોને નજીક ખેંચીને એણે છાતીસરસાં ચાંપી દીધાં.

* * *

યજ્ઞમંડપમાં પ્રવેશેલા શિશુપાલે, કોઈ ખચકાટ વિના સીધા બલિની વેદી પાસે જઈને સ્થાન ગ્રહણ કર્યું. એટલું જ નહીં, એકલવ્યને એણે પોતાની બાજુમાં બેસાડ્યો. પવિત્ર સ્થાને નિશાદને લાવીને ચેદીરાજે ત્યાં હાજર રહેલા બ્રાહ્મણો અને યુધિષ્ઠિરને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. યુધિષ્ઠિર ઊભા થવા ગયા, પણ કૃષ્ણએ એમને સમજાવીને પાછા બેસાડી દીધા. એકલવ્ય અને શિશુપાલના ચહેરા પરથી ટપકતી ઘૃણા કોઈથી અછતી નહોતી રહી.

થોડીવાર પછી યજ્ઞવિધિના એક ભાગરૂપે મુખ્ય અતિથિનું નામ જાહેર કરવાનો સમય આવ્યો, ત્યારે ધૌમ્યએ કૃષ્ણનું નામ લીધું. સાંભળીને ત્યાં બેઠેલા રાજાઓ, રાજકુંવરોમાં નારાજગીનો ગણગણાટ ફરી વળ્યો, પણ મોટેથી કોઈ કશું બોલ્યું નહીં. કોઈની સામે જોયા વિના કૃષ્ણે સ્વસ્થભાવે મુખ્ય અતિથિના સ્થાન ભણી પગ ઉપાડ્યા.

"ત્યાં જ થોભી જાવ" શિશુપાલે અચાનક ઊભા થઈને ત્રાડ પાડી અને પછી ત્યાં બેઠેલા અતિથિઓ તરફ જોઈને બોલવાનું શરૂ કર્યું.

"આદરણીય રાજવીઓ, અહીં આપણું ઘોર અપમાન થઈ રહ્યું છે. યજ્ઞસ્થળે હાજર રહેલા આટલા ક્ષત્રિયોને અવગણીને ઇન્દ્રપ્રસ્થના રાજાએ એક સામાન્ય ગોવાળિયાને મુખ્ય અતિથિ બનાવવાની કુચેષ્ટા કરી છે. આ સન્માનના અધિકારી બનવાની પાત્રતા એનામાં છે? એ તસ્કર છે, ધૂર્ત છે. એના વિશે સાંભળેલી વાતો જાહેરમાં બોલાય એવી નથી. એવો કોઈ અપરાધ નથી, જે એણે ન કર્યો હોય. ગણ્યા ગણાય નહીં એટલા લોકોને એણે છળકપટથી માર્યા છે. ક્યારેય એ સામી છાતીએ નથી લડ્યો. પોતાના મામાને એણે લુચ્ચાઈથી માર્યો, દેશના સહુથી મહાન રાજવીઓમાં જેની ગણતરી થતી હતી, એ જરાસંધની હત્યા એણે ભીમના હાથે કરાવી. અહીં બેઠેલા આ યુવાનના પિતા, મગધના સેનાપતિ હિરણ્યધનુષને એણે મરાવ્યો."

આટલું બોલીને શિશુપાલ સહેજવાર અટક્યો. બ્રાહ્મણો, પંડિતોએ બૂમાબૂમ કરી મૂકી, પણ રાજાઓ અને બીજા અતિથિઓનું ધ્યાન હવે શિશુપાલ પર હતું. એણે ગળું ખોંખારીને આગળ ચલાવ્યું, "રાજા યુધિષ્ઠિર, તમે આ માણસના કયા ગુણ જોઈને એને મુખ્ય અતિથિ બનાવો છો? આ સ્થાન માટે જો ધર્મપાલન કે શૌર્ય જેવા ગુણની જરૂર હોય તો અહીં ભીષ્મ અને દ્રોણ હાજર છે. જ્ઞાનમાં વિદુર અને ઉદારતા-પ્રામાણિકતામાં સુયોધનથી ચઢે એવું કોણ છે? કૃપની બુદ્ધિપ્રતિભા, ચાર્વાકની તર્કશક્તિ અને અશ્વત્થામાની નિષ્ઠા તમને ન દેખાઈ? પ્રતિકુળ સંજોગો સામે લડીને વિજેતા થનારને માન આપવું હોય તો અહીં કર્ણ અને એકલવ્ય છે. જેમની સામે આ બધા ગુણો, બધીયે પાત્રતા ઝાંખા પડી જાય, જેમની સાથે કોઈની તુલના જ ન થઈ શકે એવા મહર્ષિ વેદ વ્યાસ અહીં આવ્યા છે. આ બધામાંથી તમને કોઈ નજરમાં ન આવ્યું કે, સહુને અવગણીને તમે કૃષ્ણને સર્વોચ્ચ સ્થાને બેસાડી દેધા? માનવજાતિનું ભલું ઇચ્છતા હો તો તમે અધર્મના જીવતા જાગતા પ્રતીક કૃષ્ણને મુખ્ય અતિથિ બનાવવાનો વિચાર માંડી વાળો."

કૃષ્ણ આ બધું સાંભળીને જરા સરખાયે વિચલિત ન થયા. શાંતભાવે શિશુપાલ પાસે જઈને, આદરભેર નમીને એમણે પૂછ્યું, "મહારાજ, તમે મને અધર્મી, અનૈતિક કહ્યો, એની પાછળનું કારણ જણાવવાની કૃપા કરશો?" એમના હોઠ પર કટાક્ષસભર સ્મિત હતું.

એકલવ્ય એના આસન પર સળવળ્યો, પણ શિશુપાલ એના શત્રુની આંખોમાં આંખ મેળવીને અડગ ઊભો રહ્યો. થોડો સમય કોઈ કંઈ બોલ્યું નહીં, પણ પછી શિશુપાલે બીજા લોકોની સામે જોયું અને સ્પષ્ટ અવાજે કહ્યું "મહાનુભાવોની હાજરીમાં મારે કૃષ્ણના અવગુણો, અપકર્મોની કથા નહોતી કરવી, પરંતુ એણે હવે મને લાચાર કરી દીધો છે, તો સાંભળો. ઉગ્ર કથન કરવા બદલ મને ક્ષમા કરી દેજો, પણ વાસ્તવિકતા એ છે કે અત્યારે આપણી ભૂમિ પર

કૃષ્ણથી વધીને બીજું કોઈ સંકટ કે ભય નથી. એ આપણને બધાંને યુદ્ધ અને વિનાશના પંથે દોરી રહ્યા છે. ભેદભાવના પાયા પર ઊભેલી આપણી અન્યાયી સમાજવ્યવસ્થા જળવાઈ રહે એવું એ ઇચ્છે છે. સ્વાભાવિક રીતે ધૌમ્ય જેવા લોકો એના પક્ષમાં છે. પંડિતો, પૂજારીઓ કૃષ્ણમાં ઈશ્વર વસતા હોવાનો પ્રચાર કરે છે, અને અબુધ દરિદ્રજનો આ માનવા પણ લાગ્યા છે."

શિશુપાલનો અવાજ સહેજ વધુ ઊંચો થયો. "લોકો જેને દૈવી કાર્યો, ઈશ્વરીય ચમત્કાર કહે છે, એ આખરે શું છે? હત્યાઓની ઘટમાળ તો એમણે આઠ વર્ષની વયે આરંભી દીધેલી. ગામમાં ગરીબ ગોપાલકોને ત્યાં ચોરીઓ કરી; કાલિય જેવા નાગ, અને એની પ્રજાને હાંકી કાઢીને એમની ભૂમિ પર કબજો કરી લીધો; સગા મામાને મારી નાખ્યા; નદીમાં નાહતી સ્ત્રીઓનાં વસ્ત્ર ચોર્યાં; જરાસંધથી ડરીને દ્વારકા ભાગ્યા, ત્યારે એમની પ્રિયતમા રાધા પાછળ રહી ગઈ. આજે એમના રાણીવાસમાં સોળ હજાર ને આઠ સ્ત્રીઓ છે, પણ રાધા ક્યાં છે? તોયે એ પોતાને વિષ્ણુનો અવતાર ગણાવે છે. રાજા રામ સાથે પોતાની તુલના કરતી વખતે એ ભૂલી જાય છે કે, રામને એક જ પત્ની હતી. એને ખાતર એમણે રાવણ જેવા સમર્થ રાક્ષસ સામે લડી લીધું. હવે તમે જ કહો, આનાથી મોટી વિડંબના કોઈ હોઈ શકે?"

શિશુપાલના મોઢામાંથી નીકળેલા આ છેલ્લા શબ્દો હતા. પછીની ક્ષણે એની ડોકમાંથી લોહીનો ફુવારો છૂટ્યો અને એ નીચે ઢળી પડ્યો. ઘડીભર તો કોઈને સમજાયું નહીં કે શું થઈ ગયું. પછી સહેજવાર તરફડિયા મારીને ચેદીરાજ કાયમ માટે શાંત થઈ ગયા. જાણે બહુ સામાન્ય ઘટના બની હોય એમ કૃષ્ણએ શિશુપાલના ગળામાં ખૂંચી ગયેલું ચક્ર બહાર ખેંચીને, એના પર લાગેલું લોહી લૂછી નાખ્યું.

"આ તો ધોળે દિવસે થયેલી હત્યા છે." કોઈએ બૂમ પાડી. થોડા રાજાઓ તલવાર કાઢીને કૃષ્ણ ભણી ધસી ગયા. પાંડવો એમના મિત્રનું રક્ષણ કરવા માટે ઊભા થઈ ગયા. જોતજોતામાં રાજસૂય યજ્ઞનું સ્થળ રણભૂમિમાં ફેરવાઈ ગયું.

શિશુપાલની હત્યાથી ક્રોધે ભરાયેલા એકલવ્યને આ જંગમાં ઝુકાવવાની ઇચ્છા થઈ ગઈ, પણ પછી વિવેકબુદ્ધિએ એને રોકી પાડ્યો. કૃષ્ણ અને પાંડવોના વિરોધીઓ કરતાં સમર્થકોની સંખ્યા ઘણી વધુ હતી. નગરના સીમાડે એની રાહ જોતા શાલ્વ અને ધન્તવક્ર પાસે એ પહોંચી જાય, તો કદાચ પરિસ્થિતિ બદલાઈ શકે. આવું વિચારીને એકલવ્ય ત્યાંથી બહાર દોડ્યો.

શાલ્વ અને ધન્તવક્ર પાસે પહોંચીને એકલવ્યએ બધી વાત કહી, ત્યારે એ લોકો પણ ઉશ્કેરાઈ ગયા. ત્યારે ને ત્યારે ઇન્દ્રપ્રસ્થ પર ધસી જવા માટે બધા આકળા થઈ ગયા. પરંતુ ફરી એકવાર વાસુકિએ કરેલી વ્યવહારુ વાતે સહુને શાંત પાડ્યા.

"પાંડવો સામે લડવા માટે આપણી સેના બહુ નાની પડશે. વળી આ સમયે ઇન્દ્રપ્રસ્થ પર આક્રમણ કરીને આપણે ભીષ્મનો રોષ પણ વહોરી લઈશું. પછી હસ્તિનાપુરની સેના તો આપણને ચપટી વગાડતામાં ધૂળ ચાટતી કરી દેશે. આપણને અત્યારે મોટું સૈન્ય બનાવવા માટે વધુ ધનની જરૂર છે, અને એવી મોટી નગરી કે કિલ્લો જોઈએ, જ્યાં રહીને આપણે યુદ્ધની તૈયારી કરી શકીએ."

"એ કઈ રીતે શક્ય બને?" કોઈએ પૂછ્યું.

વાસુકિએ જવાબ આપ્યો. "કૃષ્ણ અહીં એમની રમત રમવામાં વ્યસ્ત છે, અને દ્વારકા ત્યાં લગભગ રેઢી કહેવાય એવી દશામાં પડી છે. આપણે ત્યાં આક્રમણ કરીએ. બલરામ શાંતિપ્રિય માણસ છે. એ આપણી સામે લડવાને બદલે શરણાગતિ સ્વીકારવાનું પસંદ કરશે. દ્વારકામાં રહીને આપણે એક તરફ હસ્તિનાપુર અને બીજી તરફ દક્ષિણનાં મિત્રરાજ્યોને કાબૂમાં રાખી શકશું. ભૂમિ અને જળમાર્ગે થતા વ્યાપારના રસ્તા રોકીને આપણે એમને નમાવી દેશું."

“પણ દ્વારકા અહીંથી બહુ દૂર છે.”

“હા, પરંતુ એકલવ્ય જાણે છે કે વનવગડા અને રણમાંથી રસ્તા કાઢીને, ત્યાં જલદીમાં જલદી કઈ રીતે પહોંચવું. હું તક્ષકને ગમે ત્યાંથી શોધી કાઢીશ. કૃષ્ણ તમારી પાછળ આવે તો અમે એમને રસ્તામાં જ આંતરી લઈશું.”

એકલવ્ય અને શાલ્વએ એકમેક સામે જોયું. વાસુકિની વ્યૂહરચનામાં જોખમ હતું, પણ સફળ થઈ જાય તો સહુનો બેડો પાર થઈ જવાનો હતો. વાત એમના ગળે ઊતરી ગઈ. સૈનિકોએ ઝપાટાબંધ ત્યાંથી નીકળવાની તૈયારી આદરી દીધી. ધન્તવક્રએ શંખ ફૂંક્યો અને સેના દ્વારકા જવા માટે નીકળી પડી.

એમને જતા જોઈને વાસુકિના ચહેરા પર સંતોષનું સ્મિત આવી ગયું. એકવાર દ્વારકા પડી, તો પછી નાગપ્રજાની આગેવાની પાછી એના હાથમાં આવી જશે એ નક્કી હતું. જોકે ત્યાં સુધી એને તક્ષકની જરૂર હતી. એનો સાથ મળે તો જ કૃષ્ણ સામે લડી શકાય. ગમે ત્યાંથી તક્ષકને શોધી કાઢવાની જરૂર હતી.

* * *

ઇન્દ્રપ્રસ્થના રસ્તે સુયોધને સામેથી પૂરઝડપે આવી રહેલા ઘોડેસવાર જોયા. મોખરે કૃષ્ણ હતા. કુરુ યુવરાજ સાથે વાત કરવા પણ એ રોકાયા નહીં. આશ્ચર્યમાં પડી ગયેલા સુયોધનને પછી કોઈએ જાણ કરી કે, ધન્તવક્ર અને નિશાદની સેના દ્વારકા પર ત્રાટકવાની હતી, એ સાંભળીને કૃષ્ણ ત્યાં દોડ્યા હતા.

કૃષ્ણ હવે ઇન્દ્રપ્રસ્થમાં નહોતા, એ સાંભળીને શકુનિએ હર્ષભેર એના હાથમાં પાસાં ખખડાવ્યા. રમત જામી રહી હતી. ભારતના અંતનો આરંભ થવામાં હતો. એને મોટેથી હસવાનું મન થઈ ગયું. પણ પછી જાત પર કાબૂ રાખીને એણે આગળની ચાલ વિશે વિચારવા માંડ્યું.

પતન

પાંડવોના મહેલમાં પ્રવેશતી વખતે સુયોધનના મનમાં વિરોધાભાસી લાગણીઓનું પૂર ઘૂઘવતું હતું.

ઇન્દ્રપ્રસ્થમાં પગ મૂકતાંની સાથે એની આંખો અંજાઈ ગયેલી. આટલું સુંદર નગર એણે આ પહેલાં ક્યારેય નહોતું જોયું. એને આશ્ચર્યચકિત કરી દેનારી વાત તો એ હતી કે, નગરમાં ક્યાંય દરિદ્રતા કે દરિદ્રો નહોતા દેખાતા. સુંદર પ્રાસાદો, રમણીય ઉદ્યાનો, વિશાળ રાજમાર્ગો, કલાત્મક શિલ્પો... જ્યાં જુઓ ત્યાં સુખ અને સમૃદ્ધિ હતાં. ભારતનાં લગભગ તમામ રાજ્યો અને નગરોને નડતી સમસ્યા અહીં નહોતી. ઇન્દ્રપ્રસ્થમાં કોઈ ગંદા ઝૂંપડાં કે એમાં સબડતાં કંગાળ લોકો નહોતાં. સુયોધને અહોભાવની સાથે ઈર્ષા પણ અનુભવી હતી.

પરંતુ પાંડવો આ ચમત્કાર કઈ રીતે કરી શકેલા, એની જાણ સુયોધનને પછી બહુ જલદી થઈ ગઈ.

રાજમહેલ ભણી રસાલો જઈ રહ્યો હતો, ત્યારે ચોખ્ખા, ચકચકિત રાજમાર્ગની એક તરફ પડેલો માણસ એની નજરે પડ્યો હતો. ચીંથરેહાલ ભિક્ષુકની કાયા લોહીલુહાણ હતી. એના કમભાગ્યે એ પહેલાં એકલવ્ય અને પછી કૃષ્ણના દોડતા અશ્વના રસ્તામાં આવી ગયેલો. પરંતુ અંગેઅંગે થયેલી ઈજા પછીયે ભગવાનમાં એની શ્રદ્ધા ઓછી નહોતી થઈ. એના ભગવાન હતા શ્રીકૃષ્ણ.

"ભગવાન જેને ખરેખર પ્રેમ કરે છે, એની પાસેથી દુન્યવી સુખસંપત્તિ છીનવી લે છે, જેથી મોહમાયામાંથી મુક્ત થયેલો ભક્ત મોક્ષ પામી શકે..." આવો બબડાટ કરી રહેલા ભિક્ષુકે સુયોધનને, હરિભક્તોની વસ્તીમાં આવવાનું આમંત્રણ આપ્યું.

રસાલામાં બીજા લોકોએ આ અર્ધગાંડા જેવા લાગતા ભિખારીનો બબડાટ હસી કાઢ્યો, પણ સુયોધન પર કુતૂહલ સવાર થઈ બેઠું. ભગવાનને જેમના પ્રત્યે આટલો બધો સ્નેહ હતો, એ લોકો કોણ હતાં, ક્યાં રહેતાં હતાં, એ જોવા માટે રાજકુમાર એક ભિખારી અને એના અંધ શ્વાનની પાછળ નીકળી પડ્યો. બીજાઓએ પરાણે એની પાછળ ઘસડાવું પડ્યું.

જરા તરીકે પોતાની ઓળખ આપનાર એ ભિખારી, રાજવી રસાલાને યમુના પાર કરાવીને બીજે કિનારે લઈ ગયો. ત્યાં પહોંચીને સુયોધનને ભાન થયું કે ઇન્દ્રપ્રસ્થમાં શું કામ દરિદ્રતા નહોતી. નગરની ભવ્યતાને જરા સરખીયે ઝાંખી પાડી શકે એવા ગરીબો, અસ્પૃશ્યો, બીજી હલકી ગણાતી જાતિના લોકોને તો અહીં નદીના બીજા કિનારે હાંકી કઢાયા હતા. ઇન્દ્રપ્રસ્થ જો પૃથ્વી પરનું સ્વર્ગ હોય, તો આ સ્થળ નર્ક હતું. પશુથીયે બદતર હાલતમાં લોકો અહીં જીવતા હતા.

જેણે ઇન્દ્રપ્રસ્થનું નિર્માણ કરેલું, એ મયાસુર એમને મળ્યો. એ જોકે હવે ચિત્તભ્રમ દશામાં હતો. કોઈને ન સમજાય એવો અસંબદ્ધ બબડાટ એ કરી રહ્યો હતો. કર્ણને જોતાંની સાથે એણે અંગરાજના કવચને ભેદી શકે એવું કોઈ શક્તિશાળી બાણ બનાવવાની ઊંધીચત્તી વાત શરૂ કરી દીધી. છેવટે જે વૃદ્ધ માણસે આવીને મયને વાર્યો, એ ઇન્દ્ર હતો. સુયોધને પહેલીવાર અર્જુનના પિતાને જોયો. દેવોના રાજા ગણાતા ઇન્દ્રમાં એને તો કોઈ દૈવી લક્ષણ દેખાયું નહીં.

સમાજના એક વર્ગની લાલસા, જડતા અને ક્રૂરતા, બીજા સેંકડો નાના માણસોની કેવી દુર્દશા કરી શકે એ સુયોધને જોયું. એના હૃદયમાં પાંડવો, ઇન્દ્રપ્રસ્થ પ્રત્યે અહોભાવ અને ઈર્ષાના સ્થાને ઘૃણા અને રોષનો પ્રવેશ થયો. બીજાઓ આ બધું જોઈને ખિન્ન હતા. માત્ર શકુનિના મનમાં ખુશીના મોરલા નાચી રહ્યા હતા. મૂર્ખ ભારતવાસીઓ, એમના દેવો અને

ખુદને ભગવાનના સંદેશવાહક ગણાવતા લોકો, દિનપ્રતિદિન શકુનિનું કાર્ય વધુ ને વધુ સહેલું બનાવી રહ્યાં હતાં. અહીં રહેતા શોષિત, પીડિત સ્ત્રીપુરુષોને ભોળવીને તક્ષક પોતાની ક્રાંતિસેનામાં જોડી શકે, એવી તક યુધિષ્ઠિરે સામે ચાલીને આપી દીધેલી.

દુર્જયનું ધ્યાન પણ આ તરફ દોરવું જોઈએ, એવો વિચાર શકુનિને આવી ગયો. જે દેશમાં આટલો અન્યાય અને ભેદભાવ હોય એ કઈ રીતે એક થઈને એના શત્રુઓ સામે લડી શકે? બીજા લોકમાં સુખી થવા માટે આ જીવનમાં દુઃખી થવાની શિખામણ આપતો ધર્મ આ લોકોનું રક્ષણ ક્યાંથી કરી શકવાનો? શકુનિને ખાતરી હતી કે મહાભયાનક યુદ્ધનો દિવસ હવે બહુ દૂર નહોતો. એ યુદ્ધમાં ભારતનાં દરેક રાજ્ય એકબીજાં સાથે લડીને, અંતે સર્વનાશના અગ્નિમાં હોમાઈ જવાનાં હતાં. રુધિર અને બળતા માંસની ગંધ શકુનિને આવી રહી હતી.

અહીં કારમી ગરીબીની ગંધ સુયોધનને અકળાવી રહી હતી. એ પોતાના લોકો સાથે ઇન્દ્રપ્રસ્થ પાછો ફર્યો. જોકે, હવે એને ક્યાંય કોઈ વસ્તુ સુંદર નહોતી લાગતી. એની વાક્ધારા અસ્ખલિત વહેતી રહી. “પહેલાં એમણે વારણાવતમાં નિર્દોષ સ્ત્રી અને એનાં સંતાનોને મારી નાખ્યાં, પછી ખાંડિવ અને ત્યાં રહેતા જીવોનો સંહાર કર્યો. જરાસંધ અને એમના નિશાદ સેનાપતિને ભૂંડા હાલે માર્યા, ધોળે દિવસે બધાંની સામે શિશુપાલની હત્યા કરી... પોતાની મહત્ત્વાકાંક્ષાની વેદી પર પાંડવો હજી કેટલાનો બલિ ચઢાવશે? ધર્મના નામે એ હજી બીજા કેટલાનો ભોગ લેશે?”

સુયોધન રોષે ભરાય, પછી એને શાંત પાડવાનું લગભગ અશક્ય હતું. એના ઉગ્ર સ્વભાવથી સહુ પરિચિત હતા. પાંડવોના મહેલમાં પગ મૂકતાંની સાથે સુયોધનના મિત્રો અને સાથે આવેલા બીજા લોકોનો ભય સાચો ઠર્યો.

યુધિષ્ઠિર સભા ભરીને બેઠો હતો. ભાઈઓ, પત્ની અને એમનું વર્ચસ્વ સ્વીકારી લેનારા રાજાઓ સાથે બેસીને સંધ્યાના સમયે એ સંગીત અને નૃત્યનો આનંદ માણી રહ્યો હતો. પિતરાઈને જોઈને એમને આવકારવા માટે એ ઊભો થઈ ગયો. “પધારો, સુયોધન” એણે કહ્યું. પરંતુ સુયોધને સામે કોઈ ઔપચારિકતા દાખવ્યા વિના પોતાનો ઉકળાટ ઠાલવવાનું શરૂ કરી દીધું.

“તો આ એ જ મહેલ છે, જેના પાયામાં નિર્દોષોનું રક્ત સીંચાયું છે. અને જ્યાં ચેદીરાજ શિશુપાલની હત્યા થઈ! યુધિષ્ઠિર, ઇન્દ્રપ્રસ્થ બનાવનારા લોકો સાથે તેં જે કર્યું, એ માટે તને લજ્જા આવવી જોઈએ...”

યુધિષ્ઠિર અને પાંડવોએ મૌન સાધ્યું, પણ ત્યાં બેઠેલા ધૌમ્ય તાડૂકી ઊઠ્યા. “બસ કર દુર્યોધન, અહીં આવીને ધર્મરાજનું અપમાન કરવાની હિંમત તારામાં ક્યાંથી આવી? લજ્જા તો તને આવવી જોઈએ. આ કર્ણ અને અશ્વત્થામા જેવા મિત્રો ધરાવવા માટે...” ધૌમ્ય હજી તો કેટલુંયે બોલી નાખત, પણ પછી આવેશમાં આવીને એમની તરફ ધસી આવતા સુયોધનને જોઈને એમની જીભ થોથવાઈ ગઈ. સહાયનો પોકાર પાડતા એ યુધિષ્ઠિર ભણી દોડ્યા.

સુયોધનને રોકવાનું તો શક્ય જ નહોતું. એ દિવસે ધૌમ્ય એના હાથમાં આવી ગયા હોત તો કોણ જાણે શુંનું શું થઈ જાત, પણ વિધાતાએ કંઈ જુદું જ ધાર્યું હતું.

સભામાં એકથી બીજે છેડે પાણી વહી શકે એવી રચના થઈ હતી. મયે અહીં એવી કારીગરી કરી હતી કે, સભાની જમીન પણ પાણીના સરોવર જેવી લાગે, અને પાણી હોય ત્યાં જમીનનો આભાસ થાય. અજાણ્યો માણસ ગફલતમાં રહી જાય. ધૌમ્ય તો પાણીને કુદાવી ગયા, પણ રોષથી આંધળા થયેલા સુયોધનને જળ અને જમીન વચ્ચેનો તફાવત દેખાયો નહીં. જઈને એ સીધો પાણીમાં પડ્યો. એણે હાથમાં ઝાલેલી તલવાર ઊડીને યુધિષ્ઠિરના પગ પાસે પડી. પગથી માથા સુધી એ પાણીમાં તરબોળ થઈ ગયો.

આખીયે સભા આ જોઈને સ્તબ્ધ થઈ ગઈ. સુયોધન દેહ પરથી પાણી ખંખેરતો ઊભો થયો. પરંતુ આવું કરવા જતાં, કમરે બાંધેલા ધોતિયાની ગાંઠ ખૂલી ગઈ. શરીરની લાજ ઢાંકતું વસ્ત્ર ઊતરીને નીચે પાણીમાં પડી ગયું. સેંકડો લોકોની નજર સમક્ષ, હસ્તિનાપુરનો યુવરાજ પાણીથી લથપથ, માત્ર લંગોટભેર ઊભો રહ્યો. સભામાં સન્નાટો છવાઈ ગયો.

અને પછી અચાનક શાંતિને ચીરતું હાસ્ય સભામાં ગૂંજી ઊઠ્યું. "અંધ! અંધ પિતાનો અંધ પુત્ર!" દ્રૌપદીનું હાસ્ય અને એના શબ્દો સાંભળીને ક્ષણભર તો સહુએ આંચકો અનુભવ્યો, પણ પછી ક્યાંક શરૂ થયા. ખિખિયાટાથી કોઈએ હાસ્ય રોકવા માટે મોઢે હાથ દબાવ્યો તો કોઈ પોતાની જાતને રોકી ન શક્યું. હાસ્યના અવાજથી ઇન્દ્રપ્રસ્થની સભાનો ખૂણેખૂણો પડઘાઈ ઊઠ્યો. થોડીવાર પહેલાં જેનાથી ભયભીત થઈને નાઠા હતા, એના પર ધૌમ્ય અને બીજા બ્રાહ્મણોએ ફરીથી કટાક્ષ અને શાપ વરસાવવાનું શરૂ કરી દીધું.

આંચકામાંથી બહાર આવેલો કર્ણ એના મિત્ર ભણી દોડ્યો. પાણીમાં પડેલું ધોતિયું એણે દુર્યોધનને આપવાનો પ્રયાસ કર્યો, પણ દુર્યોધને લીધું નહીં. કર્ણની નજર ખડખડાટ હસી રહેતી દ્રૌપદી ભણી ગઈ. જેના પ્રત્યેનું આકર્ષણ અને સ્નેહ હજીયે મનના એક ખૂણે સાબૂત હતા. એ પુરુષની સાથે આંખો મળતાની સાથે દ્રૌપદીને યાદ આવી ગયું કે એને નકારીને પોતે પાંચ પુરુષની શૈયા સંગિની બની હતી. પરપુરુષ માટેની ઝંખના છુપાવવાનો પ્રયાસ કરતી સ્ત્રી જ દાખવી શકે, એવી ક્રૂરતા અને અધમતાના ભાવ સાથે દ્રૌપદી બોલી, "સૂત, તારો મિત્ર એનું અંતઃવસ્ત્ર પણ ગુમાવી બેસે, એ પહેલાં એને તારા રથમાં બેસાડીને અહીંથી લઈ જા."

શકુનિએ એની આસપાસ હસી રહેલા બુદ્ધિહીન લોકો ભણી જોયું અને પોતાના ગ્રહોનો આભાર માન્યો. આ અવિચારી લોકો જાણે છે કે, ભારતના સહુથી શક્તિશાળી સામ્રાજ્યના યુવરાજ અને સર્વશ્રેષ્ઠ બાણાવળીનું આવું અપમાન કરવાથી કેવું ભયાનક પરિણામ આવશે?

સુયોધને પાણીની બહાર નીકળીને તીખી નજરે યુધિષ્ઠિર ભણી જોયું. યુધિષ્ઠિર ઘડીભર શ્વાસ લેવાનું ભૂલી ગયા. બાજુમાં બેઠેલી દ્રૌપદીનું હાસ્ય સુકાઈ ગયું. એ નીચું જોઈ ગઈ. ધીમેધીમે સભામાં બધોયે અવાજ શમી ગયો.

કર્ણએ લંબાવેલું ધોતિયું સુયોધને લીધું નહીં. પોતાની નગ્નતા છુપાવવાનો કોઈ પ્રયાસ કર્યા વિના ટટ્ટાર ખભા અને ઊંચું મસ્તક રાખીને એ સ્વસ્થ પગે સભામાંથી નીકળી ગયો. પાછળ સ્મશાનવત શાંતિ છવાયેલી રહી.

* * *

સુયોધનને એનો ભાઈ અને મિત્રો ઇન્દ્રપ્રસ્થ સામે યુદ્ધ પોકારવાનો આગ્રહ કરી રહ્યા હતા. એમનું કહેવું હતું કે કોઈ પુરુષે પોતાની સાથે થયેલું આવું ઘોર અપમાન ભૂલવું ન જોઈએ. વળી એમને ખાતરી હતી કે હંમેશાં ન્યાયના પક્ષે રહેતા ભીષ્મ પણ એમાં કૌરવોને સાથ આપશે. કૃષ્ણ દ્વારકા પહોંચ્યા હોય તો નિશાદ સામે લડવામાં વ્યસ્ત હશે. પરશુરામની આગેવાની વિના દક્ષિણનાં રાજ્યોમાં અત્યારે ખાસ એકતા નહોતી. પાંડવોને પૂરા કરી નાખવા માટેનો આ યોગ્ય સમય હતો.

ઇન્દ્રપ્રસ્થમાં બનેલી ઘટનાને હજી માત્ર ત્રણ દિવસ થયા હતા. સુયોધન માટે એ અપમાન ભૂલવું કે અપમાન કરનારાઓને ક્ષમા કરવાનું સહેલું નહોતું. એ ક્ષત્રિય હતો, સાધુ નહીં. યુદ્ધની વાત એના ક્રોધિત સ્વભાવને જચે એવી હતી. પરંતુ ફરીફરીને એની આંખો સામે, ઇન્દ્રપ્રસ્થ પાસે જોયેલાં લોકોની છબી તરવરી રહી હતી. એ જાણતો હતો કે યુદ્ધ થાય ત્યારે એની સહુથી મોટી કિંમત ગરીબોએ ચૂકવવી પડે છે. વળી એક વ્યક્તિને થયેલા અપમાનનું વેર લેવા માટે બીજા કેટલાં લોકોએ પ્રાણ ગુમાવવા પડે! યુદ્ધ કર્યા વિના પાંડવોને પાઠ ભણાવવાનો બીજો કોઈ રસ્તો નહોતો? એ અવઢવમાં હતો.

સુયોધનના ચહેરા પર આવતાજતા ભાવને શકુનિ ધ્યાનપૂર્વક નિહાળી રહ્યો હતો. ઇન્દ્રપ્રસ્થમાં બનેલી ઘટનાથી એ તો પહેલા ગેલમાં આવી ગયેલો. એને ખાતરી હતી કે હવે તો પાંડવ-કૌરવ વચ્ચે યુદ્ધ નક્કી હતું. પરંતુ પછીના ત્રણ દિવસ દરમ્યાન એણે થોડા શાંત ચિત્તે આખીયે વાત વિશે પુનર્વિચાર કર્યો. પિતરાઈ ભાઈઓ વચ્ચે લડાઈના સંજોગો આવી જાય તોયે ભીષ્મ એમને સમજાવીને સમાધાન કરાવી લેશે એવી બીક શકુનિને હતી. એવું થાય તો મહાયુદ્ધનું એનું સપનું રોળાઈ જાય. વળી કૃષ્ણ બહુ દૂર હતા અને વ્યસ્ત હતા. યુદ્ધ માટે શકુનિ જેટલું જ કોઈ ઉત્સુક હોય તો એ કૃષ્ણ હતા. વર્તમાન સંજોગોમાં દક્ષિણનો રાજ્યસંઘ કોઈ યુદ્ધમાં ભાગ લે એવી શક્યતા ઓછી હતી. દ્વારકાને એની પોતાની સમસ્યાઓ હતી. અત્યારે પાંડવ-કૌરવ વચ્ચે યુદ્ધ થાય એમાં શકુનિનો હેતુ પૂરો નહોતો થતો. એ ઇચ્છતો હતો કે મહાયુદ્ધના ખપ્પરમાં ભારતની ચારે દિશામાં આવેલા, બધાંય રાજ્યો હોમાઈ જાય. કોઇ બચવું ન જોઈએ. શકુનિને ભારતના સર્વનાશથી ઓછું કંઈ નહોતું ખપતું. બહુ વિચારીને એણે વાત માંડી.

"રાજકુમાર, તું ધારે તો રક્તનું એક ટીપુંયે પાડ્યા વિના વેર વાળી શકે, પાંડવોને પરાજિત કરી શકે."

"કેવી રીતે?" બધાંએ મામા સામે જોયું.

"હું જે કહીશ એને તમારા... એટલે કે આપણાં શાસ્ત્રોએ પણ અનુમતિ આપી છે. એક રાજા બીજા રાજ્યને હરાવવા માટે ચાર રસ્તા અપનાવી શકે – લગ્ન, યુદ્ધ, ખંડણી અને ધુત. આપણે યુધિષ્ઠિરને અહીં ધુત રમવા બોલાવીએ તો કેમ રહેશે?" શકુનિએ કહ્યું.

યુવાનોએ એકમેક સામે જોયું. છેવટે અશ્વત્થામા બોલ્યો, "પણ જુગારમાં કોના પાસા સવળા પડશે, એ કેમ કરીને કહી શકાય? ચોપાટમાં યુધિષ્ઠિર જીતી જાય તો?"

સીધો જવાબ આપવાને બદલે શકુનિએ હાથમાં એના પ્રિય પાસાં લીધા. મૂંગી પ્રાર્થના કરીને બંધ આંખે જ કહ્યું, "બાર" અને જમીન પર ફેંક્યા. સામે બેઠેલા ત્રણેય જણ પાસાંને આમતેમ ગબડતાં, ભટકાતાં જોઈ રહ્યા. પછી બે પાસાં પર દેખાયેલી છ છની સંખ્યા જોઈને એમની આંખો પહોળી થઈ ગઈ.

"આઠ" જોરથી બોલીને શકુનિએ હાથમાં પાસાં લીધા, ખખડાવ્યા અને ફેંક્યા. ફરીથી પાસાંએ આઠની સંખ્યા દેખાડી.

પછી તો સુયોધન, અશ્વત્થામા અને કર્ણએ એક પછી એક આંકડા બોલવાનું શરૂ કરી દીધું, અને દરેક વખતે શકુનિએ ફેંકેલા પાસાંએ એમની ઇચ્છાને માન આપ્યું. ત્રીસ વરસથી શકુનિના હાથમાં રમતા પાસાં એના કહ્યાગરા સેવક જેવા થઈ ગયેલા.

સુયોધનને ગળે વાત ઊતરી ગઈ. "હા, આપણે પાસાં ફેંકીશું. ધર્મપુત્ર જુગટું રમવાનું આમંત્રણ નકારી નહીં શકે. આપણે એને એના જ ધર્મની જાળમાં લપેટી લઈશું. એને ખબર પડી જશે કે આપણને પણ રમત રમતાં આવડે છે."

યુવરાજના મિત્રો નાચી ઊઠ્યા. શકુનિ એમને રમૂજના ભાવે જોઈ રહ્યો. એણે એકસો એકમી વાર પાસાં ફેંકીને `બાર'ની બૂમ પાડી. એક રીતે આ પડકાર ભારતને એની પ્રાચીન સંસ્કૃતિની સીમાથી બહાર રહેલા એક નાનકડા રાજ્યે ફેંક્યો હતો.

ભાષા, જાતિ, ધર્મ, વંશ અને નાનામોટા અહમને લઈને અંદરોઅંદર લડવામાં વ્યસ્ત ભારતીય રાજાઓ કે પ્રજાએ આ પાસાંનો ખખડાટ સાંભળ્યો નહીં. પ્રાચીન, પવિત્ર ભૂમિ પર એક વિદેશીએ ફેંકેલાં પાસાંએ હંમેશની જેમ આ વખતે પણ એનું જ કહ્યું માન્યું.

પાસાં

"મેં સાંભળ્યું કે તમે યુધિષ્ઠિરને ધુત રમવા બોલાવ્યા છે?" ભાનુમતીએ પૂછ્યું.

સુયોધને માત્ર અસ્પષ્ટ ગણગણાટ કર્યો. ભાનુમતીએ ફરીથી પૂછ્યું, તો એ કક્ષમાંથી બહાર નીકળી ગયો. ભાનુમતી જાણતી હતી કે સુયોધનના હૃદય પર કારમો ઘા પડ્યો હતો. એ પ્રાર્થના કરતી હતી કે આ ઘા જલદી રૂઝાઈ જાય, એમાં સડો પેસીને ક્યાંક વધુ વકરી ન જાય.

ચારેતરફ અવિશ્વાસ અને ધિક્કારનું વાતાવરણ હતું. સુયોધન વધુ ને વધુ સમય એના શકુનિમામા સાથે વિતાવતો થઈ ગયેલો. એક સમયના એના પ્રેમાળ, ઉદાર પતિમાં હવે કટુતા અને ક્રોધ છલકાતાં હતાં.

રમતના થોડા દિવસ પહેલાં ભાનુમતીએ ફરી આ વિષય છેડ્યો હતો. "એ ઘટના ભલે નાની ન હોય, પણ હવે એને આટલું મોટું સ્વરૂપ આપવાની જરૂર છે? એ કદાચ અકસ્માત હતો અને…"

"ભાનુ, તું હવે આમાં વચ્ચે પડતી નહીં." સુયોધન ખિજાઈ ગયો. "આ વાત માત્ર મારી અને મારા પિતરાઈઓ વચ્ચેની નથી. આ દેશ અને એમાં વસતાં લોકોના ભાવિ સાથે એને સંબંધ છે. તેં નથી જોયું કે પાંડવોના આદર્શ ગણાતા નગરમાં ગરીબોની દશા કેવી છે…"

"આ ભાષણ તમે તમારા મિત્રોને આપજો. ઇન્દ્રપ્રસ્થમાં એ બધું જોઈને ભલે તમને રોષ ચઢ્યો હોય, પરંતુ આખીયે પરિસ્થિતિના મૂળમાં તમારો અહમ્ છે." ભાનુમતીએ સુણાવી દીધું.

"પાંડવોએ માત્ર મારું અપમાન નથી કર્યું. ભરી સભામાં દ્રૌપદીએ કર્ણને પણ નીચું જોવડાવેલું."

"અચ્છા, તો વાત તમારી નહીં, કર્ણની છે."

"બસ" સુયોધનના અવાજમાં એ પહેલાં ભાનુમતીએ ક્યારેય નહોતી સાંભળી એવી ધાર હતી. "હા, મારો અહમ્ ઘવાયો છે. તું કહે છે કે, ક્ષત્રિય થઈને હું મારું આવું ભયાનક અપમાન સહી લઉં?"

"તો સામી છાતીએ લડી લો. છળકપટનો આશરો શું કામ લ્યો છો?" ભાનુમતીએ કંપતા અવાજે પૂછ્યું.

"લડાઈ કરીને હજારો લોકોના મૃત્યુનું પાપ વહોરી લઉં?"

"તમે નહીં, ગાંધારના રાજકુમાર બોલતા હોય એવું મને લાગે છે."

"તું એવું માને છે કે હું મામાના હાથમાં કઠપૂતળી સમાન છું? મારી પોતાની રીતે વિચારી નથી શકતો?" સુયોધનનો રોષ વધ્યો.

ભાનુમતીએ અચાનક ભય અનુભવ્યો. આંખમાં આવી ગયેલા આંસુ પતિને દેખાય નહીં, એટલે પીઠ ફેરવીને એ પોતાની પુત્રી પાસે ગઈ. શાંતિથી સૂતેલી દીકરીના માથે હાથ ફેરવતાં એણે કહ્યું, "તમે જે માર્ગે જઈ રહ્યા છો એ સર્વનાશ નોતરશે. તમારું હૃદય વિશાળ છે, તમારાથી નાનાં, ઓછી બુદ્ધિ ધરાવતાં લોકોની ભૂલને ક્ષમા આપી દો."

ભાનુમતીએ પાછળ ફરીને જોયું તો ત્યાં કોઈ નહોતું. સુયોધન બહારના અંધકારમાં ઓગળી ગયેલો. એ ક્ષણે ભાનુમતીએ દ્રૌપદી માટે પારાવાર ધિક્કાર અનુભવ્યો.

* * *

થોડા દિવસ પછી દ્રૌપદીએ એની સામે આવીને ઊભી રહી, ત્યારે ભાનુમતીએ ઘમંડી, તોછડી ગણાતી એ નારીનું બીજું જ રૂપ જોયું.

રાણીવાસમાં આવતાંની સાથે એણે ભાનુમતીનો હાથ પકડી લીધો. "હું તમારી, તમારા

પતિની અપરાધી છું. મેં જે કર્યું એ બહુ ખોટું હતું, પણ મોટું મન રાખીને ક્ષમા આપી દો. ધૃષ્ટદ્યુમ્ન અને શિખંડીની જેમ જ સુયોધનને પણ હું મારા ભાઈને સ્થાને માનું છું. કૃપા કરીને આ નાની બહેનથી થયેલી ભૂલને માફ કરી દો.”

ભાનુમતીને આંચકો લાગ્યો. એણે તો દ્રૌપદીને બહુ આકરા વેણ સંભળાવવાની તૈયારી રાખી હતી, પરંતુ આવનારીએ તો માથું નીચું કરીને ભાનુમતીનો બધોયે રોષ ઓગાળી નાખ્યો.

“હું જાણું છું કે સુયોધન બહુ ઉદાર છે. એમને જો અમારા પર ખરેખર એવો ક્રોધ હોત તો અમને આ રમત રમવાનું આમંત્રણ આપ્યું જ ન હોત. એ જાણે છે કે યુધિષ્ઠિરને દ્યુતનો કેટલો શોખ છે.” દ્રૌપદી એકશ્વાસે બોલી ગઈ.

“રહેવા દે દ્રૌપદી, હું જાણું છું કે એ દિવસે સભામાં તું કોને ચીઢવવા માંગતી હતી? સાચું કહે, હજીયે એ તારા મનમાંથી નથી ખસ્યો ને?” ત્યાં આવીને ઊભી રહેલી સુભદ્રાએ રમતિયાળ શૈલીએ પૂછ્યું.

દ્રૌપદીના ગાલ રતૂમડા થઈ ગયા. સુભદ્રા ખડખડાટ હસી પડી. એમને જોઈને ભાનુમતીને આશા જાગી કે, કદાચ પરિસ્થિતિ એણે ધારેલી એટલી ખરાબ નહોતી. દ્રૌપદીએ અહીં આવીને એને જે કહ્યું, એનાથી અડધું પણ સુયોધનને કહી દે તો સહુ સારા વાનાં થઈ જશે. એણે મનોમન પ્રાર્થના કરી કે સુયોધન ઝટ આવી જાય.

દ્રૌપદીને હવે વિશ્રામ કરવો હતો. એ રજસ્વલા હતી. તબિયત થોડી અસ્વસ્થ હતી તોયે યુધિષ્ઠિરના આગ્રહને વશ થઈને એ હસ્તિનાપુર આવેલી. યુધિષ્ઠિર માટે આ બહુ મહત્ત્વનો પ્રસંગ હતો. દ્રૌપદીને આશા હતી કે વગર વિચાર્યે એણે જે ભૂલ કરી નાખેલી, એનો સ્વીકાર કરીને આ નિમિત્તે સુયોધન અને ભાનુમતી સાથેના સંબંધ પણ સુધારી લેવાશે.

* * *

યુધિષ્ઠિરે હસ્તિનાપુરની સભામાં બેઠેલા દરબારીઓ અને વડીલો સામે જોયું. અર્જુને એને અહીં આવવા સામે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી. કુંતીને ભય હતો કે યુધિષ્ઠિરને કોઈ રસ્તામાં જ મારી નાખશે. અંતે એણે ધૌમ્ય પાસે જઈને સલાહ માંગી હતી.

બીજા પંડિતો સાથે ચર્ચાવિચારણા કરીને ધૌમ્યએ અભિપ્રાય આપ્યો કે દ્યુત રમવું એ ક્ષત્રિયનો ધર્મ હતો. આ સાંભળીને યુધિષ્ઠિરને છૂપો આનંદ થયેલો કારણકે જુગાર એની પ્રિય રમત હતી. વળી સુયોધન આ રમતમાં હસ્તિનાપુરના યુવરાજ તરીકેનું એનું સ્થાન દાવમાં મૂકવાનો હતો. એના વતી રમવા માટે શકુનિ બેસવાના હતા, જેમને હરાવવાનું યુધિષ્ઠિરને મન ખાવાનો ખેલ હતું.

ધૌમ્યએ દ્યુતમાં યુધિષ્ઠિરની જીત ભાખી હતી. એના કહેવા પ્રમાણે ધર્મના માર્ગે ચાલનારનો સદા વિજય જ થાય. બીજા જ્યોતિષીઓએ પણ આડાઅવળા દાણા ફેંકીને કહી દીધું, કે સુયોધનને હરાવીને યુધિષ્ઠિર હસ્તિનાપુરના સમ્રાટ થઈ જશે. ગ્રહો એમની તરફેણમાં હતા. શુકન તરીકે એમણે યુધિષ્ઠિરને એક માદળિયું પણ પહેરવા આપ્યું. આ પહેરીને હસ્તિનાપુર આવેલો યુધિષ્ઠિર, લોકોમાં કૌતુક અને ઘુસપુસનો વિષય બની ગયો.

* * *

રમતના આરંભમાં તો બંને પક્ષે માત્ર દાણા ફેંકીને નામ પૂરતી હરીફાઈ કરી, પરંતુ પછી શકુનિ બોલ્યો, “મહારાજ, હવે હારજીત થવા દો.”

“જરૂર, હું મારી મોતીની માળા દાવમાં મૂકું છું.” કહીને યુધિષ્ઠિરે હાથમાં પાસાં લીધાં. સામે સુયોધને પણ ગળામાંથી મોતીનો હાર કાઢીને વચ્ચે મૂક્યો. રમત ખરા અર્થમાં શરૂ થઈ ગઈ.

આસપાસ બનતી ઘટનાઓ વિશે ધૃતરાષ્ટ્રને કહેવાનું, અને પત્રવ્યવહાર કરવાનું કાર્ય સંજય નામનો સહાયક કરતો હતો. આજે દ્યુતસભામાં પણ રાજાની આંખ બનીને એ બેઠો હતો.

ધૃતરાષ્ટ્ર સ્વાભાવિક રીતે એના પુત્રના વિજયની પ્રાર્થના કરતા હતા. એમને રાહત હતી કે ગાંધારી અને કુંતી મંદિરે ગયેલાં. ધૃતરાષ્ટ્રને આમ પણ સભામાં સ્ત્રીઓની હાજરી નહોતી ગમતી. ભીષ્મના આધુનિક વિચારો ઘણીવાર એમને અકળાવી જતા.

"આહા, આ દાવ તો હું જીતી ગયો." શકુનિના શબ્દો એમના કાને પડ્યા. ફરી એકવાર પેલો જૂનો પ્રશ્ન એમના મનમાં આવી ગયો. ગાંધારીને એના ભાઈ શકુનિ પ્રત્યે આટલો અણગમો શું કામ હતો? શકુનિ તો સુયોધનને રાજા બનવામાં સહાય કરી રહ્યો હતો. ધૃતરાષ્ટ્રે મનોમન પ્રાર્થના કરી લીધી કે શકુનિના હાથે ફેંકાતા દરેક પાસાં સવળાં પડે.

* * *

જરાયે વિશ્રામ કર્યા વિના, સતત બે દિવસ અશ્વને દોડાવીને સંદેશવાહક સિંધ પહોંચ્યો, ત્યારે એને જાણ થઈ કે રાજા જયદ્રથ તો જુગાર જોવા માટે હસ્તિનાપુર ગયા હતા.

"તમારે કોઈ સંદેશો આપવો હોય તો અમને કહી દો. રાજા આવશે ત્યારે એમને જાણ કરી દઈશું." રાજમહેલના મુખ્ય પ્રવેશદ્વાર પાસે બેઠેલા પહેરેદારે કહ્યું અને સાથેસાથે આ કામ કરવા માટે ચાંદીના બે સિક્કા પણ માંગી લીધા.

જોકે કંઈ કહ્યા વિના સંદેશવાહક પાછો ફરી ગયો. આ મૂર્ખાઓને કેમ કરીને કહેવું કે દુર્જય એના સેંકડો માણસો સાથે ગાંધાર પહોંચી ગયો છે, અને આપણા નગરોમાં ત્રાસ ફેલાવી દેવા માટે સજ્જ થઈ રહ્યો છે? થાક્યાપાક્યા સંદેશવાહકે એના અશ્વને હસ્તિનાપુરની દિશામાં વાળ્યો. આખાયે દેશ પર સંકટનાં વાદળ ઝળૂંબી રહ્યાં હતાં, ત્યારે એના શાસકો જુગટું રમવા-જોવામાં વ્યસ્ત હતા! આ વિચારથી જાગી ગયેલા રોષ અને હતાશા એણે બાપડા અશ્વ પર ઉતાર્યા, જોરથી ચાબુક મારીને એને દોડાવી મૂક્યો.

* * *

યુધિષ્ઠિરે એના માદળિયાને સ્પર્શી લીધું. શરૂઆતમાં ઘણાં દાવ હારી ગયેલો શકુનિ એને સાવ કાચો ખેલાડી લાગ્યો હતો. પરંતુ વિદેશી હવે ધીમેધીમે જીતી રહ્યો હતો. કદાચ વિધાતાને એ નબળા માણસની દયા આવી હશે એટલે થોડુંઘણું જિતાડી દીધો. આવું આશ્વાસન જાતને આપીને નવી બાજીમાં યુધિષ્ઠિરે એના તમામ સુવર્ણરથ દાવમાં મૂક્યા.

"ક્ષમા કરજો મહારાજ, પરંતુ હસ્તિનાપુર પાસે તમારાથી ઘણાં વધુ રથ છે. પલ્લું સંતુલિત રાખવા માટે કંઈક વધુ મૂકો." શકુનિ બોલ્યો.

"રથની સાથે હું મારા હાથી મૂકું છું." યુધિષ્ઠિરે તરત કહ્યું. મનમાં સળવળવા લાગેલી બીકને એણે ચહેરા પર દેખાવા દીધી નહીં.

"તમારું ભાગ્ય આજે રૂઠ્યું લાગે છે. તમારા રથ અને હાથી હવે અમારા થઈ ગયા." શકુનિએ પાસાં ફેંકીને સ્મિત વેર્યું.

યુધિષ્ઠિર હેબતાઈ ગયો. આ કઈ રીતે શક્ય હતું? જુગારમાં હજી સુધી કોઈ એને હરાવી નહોતું શક્યું. અર્જુને મોટા ભાઈના કાનમાં ગણગણાટ કર્યો કે, એમણે એમનું મોટાભાગનું સૈન્ય ગુમાવી દીધેલું. હવે આ બાજી સંકેલી લેવામાં જ શ્રેય હતું. પણ કૌરવોના ચહેરા પર રમતા સંતોષ અને ગર્વના સ્મિત જોઈને યુધિષ્ઠિરે વિવેકબુદ્ધિ ખોઈ નાખી. પોતાની એક પછી એક સંપત્તિ એ દાવમાં મૂકતો ગયો અને હારતો ગયો. તેજીલા અશ્વો, જરઝવેરાત, ગાયો, રાજ્યના તમામ ગામડાં, શસ્ત્રશાળા, ઇન્દ્રપ્રસ્થના તમામ વેપારીઓની ધન સંપત્તિ... બધુંય શકુનિએ જીતી લીધું.

અગિયારમી વાર મરણિયા થઈને યુધિષ્ઠિરે ઇન્દ્રપ્રસ્થનો પોતાનો મહેલ દાવમાં મૂક્યો. એ પણ ગયો.

અર્જુનના ચહેરા પરથી તેજ વિલાઈ ગયું. એના બીજા ભાઈઓ ક્યારનાય હસવાનું ભૂલી

ગયા હતા. યુધિષ્ઠિરની ગરદન ઝૂકી ગઈ. સભામાં મૌન પથરાઈ ગયું. સુયોધનને અચાનક એના પિતરાઈઓની દયા આવી ગઈ. એનો વૈરાગ્નિ શમી જતો લાગ્યો. પાંડવો પાસે હવે કંઈ નહોતું બચ્યું. એમણે હવે કૌરવોની કૃપા પર જીવવાનું હતું. લોહીનું એક ટીપુંયે પાડ્યા વિના એણે પાંડવોને કોડીના કરી દીધા હતા. રમત બંધ કરી દેવાના હેતુ સાથે સુયોધન પોતાને સ્થાનેથી ઊભો થઈ ગયો.

શકુનિના પેટમાં ફાળ પડી. એનો મૂર્ખ ભાણેજ બધાંય કર્યાકરાવ્યા પર પાણી ફેરવી દેશે! પરંતુ શકુનિના સદ્ભાગ્યે યુધિષ્ઠિરે માથું ઊંચું કર્યું અને સ્વસ્થ અવાજે કહ્યું, "સુયોધન, મારા ભાઈ, રમત અડધી મુકાવીને મારું અપમાન શું કામ કરે છે? અંતે તો હું જ જીતવાનો છું."

યુધિષ્ઠિરની અંદર વસતા જુગારીએ એના ચિત્ત પર કબજો લઈ લીધો હતો. એને હવે બીજું કંઈ નહોતું સૂઝતું.

સુયોધનને આંચકો લાગ્યો. કોઈપણ સંજોગોમાં શાંત અને સ્વસ્થ રહી શકતા યુધિષ્ઠિરના મોઢેથી એણે આવા અવિચારી શબ્દ સાંભળવાની અપેક્ષા નહોતી રાખી. હળવો નિસાસો નાખીને એ પાછો બેસી ગયો. એ જાણતો હતો કે યુધિષ્ઠિર ભલે ગમે તેટલો કુશળ ખેલાડી હોય, પણ આ જુગારમાં કોઈ કાળે નહોતો જીતવાનો.

સુશાસન હળવેથી બોલ્યો. "શું કામ એમને રોકે છે? જીત આપણી જ થઈ રહી છે." એના મોઢામાંથી મદિરાની દુર્ગંધ આવતી હતી. "તું હવે જઈને સૂઈ જા. અહીં કોઈ નવું નાટક ઊભું નહીં કરતો." સુયોધન દાંત ભીસીને બોલ્યો. જવાબમાં સુશાસને માત્ર કેફભર્યું સ્મિત વેર્યું.

"હું મારા ભાઈ નકુલને દાવમાં મૂકું છું." યુધિષ્ઠિરે ઉચ્ચારેલા શબ્દથી, સભામાં થોડી ક્ષણ માટે સન્નાટો છવાઈ ગયો, અને પછી કોલાહલ મચી ગયો. હળવું સ્મિત કરીને શકુનિએ પાસાં ફેંક્યાં, અને નકુલને જીતી લીધો. પછી ગંભીરભાવે પૂછ્યું, "હવે?"

"બસ કરો" અર્જુને મોટાભાઈના ખભે હાથ મૂકીને કહ્યું.

"ના, નકુલને સુયોધનનો ગુલામ બનાવીને આપણે કેવી રીતે જઈ શકીએ? બસ, એને પાછો જીતી લઉં એટલી વાર છે." યુધિષ્ઠિરના અવાજમાં આવેશ આવી ગયો. મરણિયા થયેલા જુગારીને વારવાનું હવે અશક્ય હતું. પછીના દાવમાં એણે સહદેવને મૂક્યો અને ગુમાવ્યો.

કૃપથી હવે ન રહેવાયું. "મૂર્ખ, એક વિદેશી પાસાં ફેંકી રહ્યો છે, અને તમે તમારા દેશને હોડમાં મૂકવા બેઠા છો. બસ કરો હવે."

કૃપને ચૂપ કરી દેવાની તક ધૌમ્યએ ઝડપી લીધી. "દ્યુત રમવામાં કંઈ ખોટું નથી. શાસ્ત્રોએ પણ એની અનુમતિ આપી છે. રાજાનો ધર્મ છે જુગટું રમવાનો." એણે વિદ્વતાના ભાવે કહ્યું.

કૃપે અટ્ટહાસ્ય કર્યું. "તમારા બધાની મતિ ભ્રષ્ટ થઈ ગઈ છે." પરંતુ યુધિષ્ઠિરે પાસાં ફેંકવાનું અટકાવ્યું નહીં. સહદેવને ખોઈ દીધા પછી એણે અર્જુન અને ભીમને દાવમાં મૂક્યા. છેવટે પોતાની જાતને હોડમાં મૂકી દીધી, પણ એની કોઈ કારી ફાવી નહીં. શકુનિ બધું લઈ ગયો. હારવા માટે હવે યુધિષ્ઠિર પાસે કંઈ નહોતું બચ્યું. એ અને એના ભાઈઓ હવે સુયોધનના ગુલામ થઈ ગયા હતા.

શકુનિએ ધૌમ્ય સામે જોઈને કૃત્રિમ નમ્રતાના ભાવ સાથે પૂછ્યું, "હે વિદ્વાન પંડિત, સ્મૃતિઓના આધારે હવે કહો કે, ગુલામોએ કેવાં વસ્ત્રો પહેરવાં, એ નક્કી કરવાનો અધિકાર એમના સ્વામીને છે?"

ધૌમ્યની હાલત કફોડી થઈ ગઈ, પણ જવાબ આપ્યા વિના છૂટકો નહોતો. એ બોલ્યા, "સ્વામીને અધિકાર છે, પરંતુ…"

"આભાર" કહીને શકુનિએ એને આગળ બોલતો અટકાવી દીધો અને સુયોધન સામે જોયું. એની આંખો કહેતી હતી કે અપમાનનું વેર વાળવાની ક્ષણ આવી ગયેલી

સહેજવાર માટે સુયોધન પાંડવો માટે અનુભવેલી દયા કપૂરની જેમ ઊડી ગઈ. થોડા દિવસ પહેલાં ઇન્દ્રપ્રસ્થમાં એ યુધિષ્ઠિરની સભાની અંદર નગ્ન દશામાં ઊભો હતો. લોકો એના પર હસ્યા હતા. હવે એનો વારો હતો. એણે કડક અવાજે આદેશ આપ્યો, "તમારાં વસ્ત્રો ઉતારીને ઊભા રહો."

પાંડવો સહેજ ખચકાયા, પણ આજ્ઞાનું પાલન કરવા સિવાય કોઈ માર્ગ નહોતો. અલંકારો અને વસ્ત્રો ઉતારીને, માત્ર અંતઃવસ્ત્રમાં પોતાની આબરૂ ઢાંકીને નતમસ્તકે એ ઊભા રહ્યા. કર્ણ અને સુશાસને કરેલું અટ્ટહાસ્ય એમના કાનમાં ધગધગતા સીસાની જેમ ઊતરી રહ્યું. બાકીના કૌરવબાંધવો પણ હવે ઠઠ્ઠામશ્કરી કરવામાં જોડાયા.

શકુનિની આંખો સુયોધન પર હતી. એને ડર હતો કે, વેર વાળી લીધાનો સંતોષ લઈને સુયોધન પાછો ઉદાર થઈ બેસશે, એના પિતરાઈઓ પાસેથી જીતેલું બધું પાછું વાળી દેશે. એણે તરત નવો દાવ નાખ્યો, "યુધિષ્ઠિર, હજીયે એક છેલ્લી તક રહી છે. બોલ, ભાગ્ય અજમાવવું છે?"

શકુનિએ તુચ્છભાવે યુધિષ્ઠિરને એના નામથી સંબોધ્યો હતો. એ પાંડવોના ખ્યાલમાં આવી ગયું, પણ શું કરે? એ હવે ગુલામ હતા. અને ગુલામને તો ગમે તેવા નામે, ગમે તે રીતે બોલાવી શકાય. જ્યોતિષીઓની વાણી આટલી હદે ખોટી ઠરી હતી?

"મારી પાસે હવે દાવમાં મૂકવા માટે કંઈ નથી રહ્યું." યુધિષ્ઠિર દયામણા અવાજે બોલ્યો.

"અરે, તમે તમારી સહુથી મૂલ્યવાન સંપત્તિ ભૂલી ગયા!" શકુનિએ આશ્ચર્ય પ્રગટ કર્યું. "એ તો તમારા માટે બહુ ભાગ્યશાળી ઠરી છે. એને દાવમાં મૂકીને તમે નિશ્ચિંત બાજી જીતી જશો. આટલા બધા જ્યોતિષીઓએ કરેલી આગાહી કંઈ સાવ ખોટી ન હોય. કોને ખબર છે કે, હવેના દાવમાં પાસાં કોનું કહ્યું માનશે?"

"મામા, જવા દો ને, બાપડો ડરી ગયો છે." સુશાસન લથડતી જીભે બોલ્યો.

યુધિષ્ઠિરની સહનશક્તિ ખૂટી ગઈ. હળવેથી ખાંસીને એણે હિંમત એકઠી કરી અને પછી કહ્યું, "હું મારી પત્નીને દાવમાં મૂકું છું." ડૂબતા માણસે તણખલું ઝાલ્યું હતું. એની હિંમત જોઈને દેવો પ્રસન્ન થશે, એવી છેલ્લી આશા સાથે યુધિષ્ઠિરે દ્રૌપદીને હોડમાં મૂકી દીધી.

અર્જુન પર જાણે કોઈએ જીવલેણ પ્રહાર કર્યો. યુધિષ્ઠિરની આ હિંમત? દ્રૌપદીને તો અર્જુન પોતાના કૌશલ્ય અને વીરતાથી જીતી લાવેલો. એને જુગારમાં દાવ પર લગાડી દેવાનો અધિકાર યુધિષ્ઠિરને કોણે આપ્યો?

પણ પછી અર્જુનની નજર સાવ ભાંગી પડેલા મોટાભાઈ પર પડી. એ માણસની વેદનામાં વધારો કરવા જેટલી ક્રૂરતા અર્જુન દાખવી શક્યો નહીં. જાત પર જેમતેમ નિયંત્રણ રાખીને એ મૂંગો રહ્યો.

"પત્ની, જે તમારા પાંચેયની છે. બરાબર ને?" શકુનિએ ઘામાં મીઠું ઘસ્યું. કોઈ પાંડવે જવાબ ન આપ્યો.

વિદુરે એ ઘડી સુધી માંડમાંડ જાળવેલો સંયમ છૂટી ગયો. એણે ભીષ્મ સામે જોઈને યાચના કરી, "આનાથી વધુ કંઈ ખરાબ થાય એ પહેલાં આ લોકોને અટકાવો."

ભીષ્મએ માથું ધુણાવ્યું. "બુદ્ધિહીનને તો ભગવાન પણ ન બચાવી શકે. એક જુગારીના હાથમાં કેવી રીતે રાજ્યનું શાસન આપી દેવાય? રમવા માટે એને કોઈએ ફરજ નહોતી પાડી. યુધિષ્ઠિર એના કર્યા ભોગવે છે. કોઈએ વચમાં પડવાની જરૂર નથી."

"ગુરુ, ગુલામ એની પત્નીને હોડમાં મૂકી શકે?" શકુનિએ પૂછ્યું.

ધૌમ્ય બરાબર ભેરવાઈ પડેલા. એમણે જવાબ આપવો પડ્યો, "સંકટમાં આવી પડેલો પુરુષ એનું ઘર, પત્ની, સંતાનો અને છેવટે ગાયને ગીરવે મૂકી શકે કે વેચી પણ શકે. સ્ત્રી એના

પતિની સંપત્તિ છે, પરંતુ…"

"આભાર" કહીને વિદુરે ધૌમ્યને આગળ બોલતા અટકાવ્યા. વાસ્તવિકતામાં, યુધિષ્ઠિર એનો રાજમુકુટ ગુમાવે તોયે ધૌમ્યને એનું ખાસ દુઃખ નહોતું થવાનું. એક રાજા જાય તો બીજો આવે. અંતે તો એ બધાં શાસકો, અમુક બ્રાહ્મણોના હાથમાં કઠપૂતળી થઈને જ રહેવાના હતા. યુધિષ્ઠિરની જગ્યાએ બીજું કોઈ રમકડું શોધવાનો સમય આવી ગયેલો. ધૌમ્યએ મનોમન બસ એટલી પ્રાર્થના કરી લીધી કે એણે હવે કોઈ બીજા મૂંઝવતા પ્રશ્નનો જવાબ આપવાની ફરજ ન પડે.

"અમને તમારી હોડ મંજૂર છે." શકુનિ બોલ્યો.

કૃપે ફરીથી અટ્ટહાસ્ય કર્યું. ખરેખર, મૂર્ખને મૃત્યુના મુખમાં ધસી જતો કોઈ રોકી ન શકે.

"બાર" શકુનિએ કહ્યું.

"આઠ" યુધિષ્ઠિરના અવાજમાં ધ્રુજારી હતી. મનોમન પ્રાર્થના કરીને એણે માદળિયાને સ્પર્શ કર્યો. પરંતુ શકુનિનો ત્રીસ વર્ષનો અભ્યાસ, આ પ્રાર્થના અને માદળિયાની શક્તિ પર ભારે પડ્યો. પાસાંએ આ વખતે પણ એનું જ કહ્યું માન્યું.

"આહા, દ્રૌપદી અમારી થઈ ગઈ." શકુનિ બોલ્યો. સુશાસન આતુરભાવે પણ લથડતા શરીરે ઊભો થઈ ગયો.

"ગુરુ, ગુલામની જાતિ કઈ કહેવાય? સૂતથી એ ઊંચા ગણાય?" શકુનિએ ફરીથી ધૌમ્ય પાસે જ્ઞાનની માંગણી કરી.

ધૌમ્યનો અવાજ હવે સાવ નબળો પડી ગયો. "ગુલામની કોઈ જાતિ નથી હોતી. એ અસ્પૃશ્ય ગણાય."

"ખરેખર?" શકુનિએ હાથ ઉછાળતાં કહ્યું. "તો તો હવે પાંડવોને સ્પર્શ્યા પછી કર્ણએ પણ સ્નાન કરવું પડશે."

હું સૂતપુત્રને નહીં વરું. દ્રૌપદીના શબ્દો ફરીવાર કર્ણના કાનમાં પડઘા પાડી ગયા. ઊભા થઈને ગરજતા અવાજે એ બોલ્યો, "એ સ્ત્રીને અહીં લઈ આવો. પાંચ પુરુષની શૈયાસંગિની કેવી લાગે છે, એ ભલે બધાં જોઈ લે."

સુયોધને આશ્ચર્યભેર કર્ણ સામે જોયું. આટલી ક્રૂરતા કર્ણના સ્વભાવમાં નહોતી. એના હૃદયમાં કેટલી વેદના ધરબાઈ રહી હશે, જે આજે આવા શબ્દોના રૂપમાં બહાર આવી ગઈ? સુયોધને અશ્વત્થામા સામે જોયું. બ્રાહ્મણપુત્રએ માથું ધુણાવ્યું. એને લાગતું હતું કે હવે હદ આવી ગયેલી. પરંતુ શકુનિએ અંગારા ઠરવા ન દીધા. "સુયોધન, તું એ દિવસ ભૂલી ગયો, જ્યારે ઇન્દ્રપ્રસ્થની સભામાં તું નગ્ન ઊભો હતો, અને દ્રૌપદી તારા પર હસી હતી?"

"દ્રૌપદીને સભામાં લઈ આવો." હસ્તિનાપુરના યુવરાજે આદેશ આપ્યો. વિદુરે ફરીથી આવું નહીં કરવાની આજીજી કરી. ભીષ્મ ચૂપચાપ પાષાણવત બેસી રહ્યા.

* * *

"જ્યારે ખરેખર જરૂર હતી, ત્યારે ગાંધારી મંદિરમાં જતી રહી." ધૃતરાષ્ટ્રના મનમાં જાતજાતના વિચારોનું વાવાઝોડું ફરી વળ્યું. સુયોધન શું કામ આ બધું કરી રહ્યો હતો? હું ઊભો થઈને વાતનો અંત લાવી દઉં… પણ એમ કરીશ તો શકુનિએ સુયોધન માટે મેળવેલું બધુંયે પાછું હાથમાંથી સરી જશે… ભીષ્મ કેમ મૌન છે…

* * *

દૂર ધૂળનું વાદળ ઊડતું દેખાયું. "કૃષ્ણ આવી રહ્યા છે, આજે તો એમની ખેર નથી." કહીને તક્ષકે તલવાર ઊંચી કરી. બીજા હજારો ગળામાંથી યુદ્ધ માટેનો પોકાર નીકળ્યો. વાસુકિ આંખ પર હાથની છાજલી કરીને દૂર જોઈ રહ્યો. દ્વારકાને બચાવવા માટે ધસી રહેલા કૃષ્ણને

ખબર નહોતી કે શત્રુઓ એમનો માર્ગ આંતરીને બેઠા હતા.

* * *

પ્રાર્થનાખંડનું બારણું આખરે ખૂલ્યું અને ખભે ગદા મૂકીને બલરામ બહાર નીકળ્યા.

રેવતી હેબતાઈ ગઈ. "તમે તો અહિંસામાં માનો છો. ક્યારેય શસ્ત્ર નહીં ઉપાડો એવું તમે કહ્યું હતું. તો આજે કેમ લડવા તૈયાર થઈ ગયા?" કંપતા સાદે એણે પતિને પૂછ્યું. પુત્રી વલસાલાએ પહેલીવાર પિતાને આ રૂપમાં જોયેલા. જોકે કંઈ સમજી શકે એટલી એની ઉંમર નહોતી.

ખભેથી ગદા ઉતારીને બલરામે પુત્રીને તેડી લીધી અને પત્નીને
જવાબ આપ્યો.

"રેવતી, હું અહિંસામાં માનું છું, યુદ્ધ મને ગમતું નથી, પરંતુ હું કાયર નથી. નિશાદના સૈન્યનો સામનો નહીં કરું તો એ લોકો દ્વારકાને ખેદાનમેદાન કરી નાખશે. શાંતિની વાત એમને પરાજિત કર્યા પછી કરશું. સમર્થના મોઢે અહિંસાની વાત શોભે. દ્વારકા ફરતે શત્રુએ ઘેરો ઘાલ્યો છે. અત્યારે તો મારે મારા લોકોનું રક્ષણ કરવાનું છે."

બલરામે પુત્રીના માથે હાથ ફેરવીને એને નીચે ઉતારી અને ગદા લઈને ખંડના બારણા તરફ વળ્યા.

"પણ તમે કવચ કેમ નથી પહેર્યું?" રેવતીએ રડમસ સાદે પૂછ્યું.

"હું એવી ભ્રામક સુરક્ષામાં માનતો નથી. મેં અત્યાર સુધી ન્યાયપૂર્ણ શાસન કર્યું છે. બહાર ઊભેલા લોકોનું મેં બગાડ્યું નથી. હું હેમખેમ પાછો આવીશ."

રેવતીની આંખમાં આંસુ આવી ગયાં. "કૃષ્ણ, તમે ક્યાં છો? અણીના ટાંકણે તમે તમારા ભાઈને છોડીને ક્યાં જતા રહ્યા?" એનું હૃદય મૂંગી ચીસો પાડી રહ્યું હતું.

"પુત્રી, તારી માતાનું અને તારા બે નટખટ ભાઈઓનું ધ્યાન રાખજે." વલસાલાને આટલું કહીને બલરામ જતા રહ્યા. રેવતીએ પૂજાખંડમાં જઈને બારણું અંદરથી વાસી દીધું. તોયે બહાર વાગી રહેલા યુદ્ધનાં નગારાં એનાં કાને વાગતાં રહ્યાં. એની પુત્રીએ ચાંદીની ઘંટડી રણકાવી.

રેવતી નિસહાયભાવે નીચે બેસી પડી. વૃંદાવનમાં હતા ત્યાં સુધી જીવનમાં કેટલી શાંતિ હતી! કોણ જાણે ક્યાંથી બલરામના મનમાં રાજકારણનું, દેશસેવાનું, એક આદર્શ રાજ્ય ઊભું કરવાનું ભૂત ભરાઈ ગયું! પુરુષોને શું કામ આવાં મોટાંમોટાં, અસાધ્ય કહેવાય એવાં સપનાં આવતાં હશે? પરિવાર સાથે સુખશાંતિથી રહેવાનું એમને નહીં ગમતું હોય?

રેવતીએ પ્રાર્થનાભાવે લાંબા થઈને જમીન પર માથું ટેકવ્યું, પરંતુ એણે સામે ઊભેલા રામસીતાની પ્રતિમા સામે જોવાનું ટાળ્યું. પત્નીને ખાતર રામે એના ભાઈ સાથે મળીને હજારોના પ્રાણ લીધા હતા. આખાં ને આખાં નગરોને એણે નષ્ટ કરી દીધેલાં. રામની મૂર્તિમાં રેવતીને એના દિયર કૃષ્ણની છાયા દેખાતી હતી. એને સમજાતું નહોતું કે નિશાદોએ દ્વારકા પર શું કામ આક્રમણ કરેલું? સમાજના એ તરછોડાયેલાં લોકો પ્રત્યે બલરામે તો હંમેશાં સહાનુભૂતિ દાખવી હતી. એમની ભલાઈનો આ બદલો મળ્યો? કૃષ્ણ ઝટ નહીં આવે તો અહીં વિનાશ સર્જાઈ જવાનો હતો.

કિલ્લાના દ્વાર ખૂલ્યા અને હર હર મહાદેવના ગગનભેદી સાદથી વાતાવરણ ખળભળી ઊઠ્યું. રેવતીએ આંખો બંધ કરી દીધી.

* * *

દક્ષિણના રાજાઓ પરશુરામની પથારીની ચારેબાજુ ટોળે વળ્યા હતા. કર્ણનો જૂનો હરીફ ઉત્તયાન હવે ચેરાનો રાજા હતો. એણે મિત્ર રાજવીઓને સંદેશ મોકલ્યો હતો કે ગુરુ પરશુરામ ધીમેધીમે ભાનમાં આવી રહ્યા હતા.

વર્ષોની મૂર્છામાંથી બહાર આવી રહેલા પરશુરામે છેવટે આંખો ખોલી અને ત્યાં ઊભેલા રાજાઓમાં રાહત અને હર્ષની લાગણી ફરી વળી. પરશુરામે હોઠ ફફડાવ્યા. ઉત્તયાન આગળ વધીને ગુરુ તરફ ઝૂક્યો, અને એ શું બોલતા હતા એ સાંભળવા માટે કાન સરવા કર્યા. આંખો ઉઘાડીને ગુરુએ પહેલું એની સામે જોયું હતું. આ વાતનો યુવાન રાજાને ગર્વ હતો. પરંતુ પછી ગુરુએ કરેલો અસ્પષ્ટ ગણગણાટ એને સંભળાયો, સમજાયો અને ઉત્તયાનનો ચહેરો ઘનઘોર થઈ ગયો.

"કર્ણ... મારો કર્ણ ક્યાં છે?" પરશુરામ ફરીફરીને બબડી રહ્યા હતા.

આ શબ્દો હવે ત્યાં હાજર રાજાઓએ પણ સાંભળ્યા. સહુના ચહેરા કટાણા થઈ ગયા. દક્ષિણના મોટા રાજાઓ અહીં ઊભા હતા, પણ ગુરુ પરશુરામે એ ધૂર્ત સૂતને યાદ કર્યો? વૈદરાજે ગુરુને કઈ ઔષધિ પીવડાવી દીધેલી?

ધૂંધવાયેલા રાજાઓ ખંડની બહાર નીકળ્યા. પરંતુ પછી વાતપિના રાજવીએ જે કહ્યું, એ સાંભળીને વાતાવરણમાં જુદો જ આવેશ છવાઈ ગયો. "ગુરુ કદાચ એવું ઇચ્છે છે કે, કર્ણને પકડીને આપણે એમની સામે હાજર કરીએ. સૂતપુત્રને પાઠ ભણાવવાનું હજી બાકી છે."

ગુરુના શબ્દોનું આ અર્થઘટન સહુને જચી ગયું. ગુરુને વેર વાળવું હતું. કર્ણને ગમે તે ભોગે અહીં લઈ આવવો પડશે, એ વાતે દક્ષિણના રાજાઓ એકમત થઈ ગયા. માત્ર કલિંગરાજે એમને ધૈર્ય જાળવવાની સલાહ આપી. પરંતુ યુવાન લોહી ઊછળી રહ્યું હતું. વૃદ્ધ વડીલની અણગમતી શીખ કોણ કાને ધરે?

"આપણે એ સૂત કે એના મિત્ર દુર્યોધનથી ડરતા નથી. અરે વૃદ્ધ ભીષ્મથી પણ નહીં." ઉત્તયાને ગર્જના કરી. એક સમયે સૂતપુત્રથી છેતરાયેલા રાજાઓનો અહમ્ જાગી ગયો.

"હસ્તિનાપુર બહુ દૂર છે. ત્યાં જઈને લડવાનો ભાર આપણા રાજ્યના ભંડારો ઝીલી શકશે?" કલિંગરાજે પૂછ્યું. એમનું રાજ્ય ઉત્તરની સહુથી નજીક હતું. કંઈ ખોટું બન્યું તો પહેલવહેલો એમનો ભોગ લેવાવાનો હતો.

"મહારાજ, ધર્મના રક્ષણ માટે આપણી પ્રજા વધુ કરવેરા આપવા તૈયાર રહેશે. જેણે આપણને સાચજૂઠના પારખાં કરતાં શીખવ્યું છે, એ ગુરુ માટે આપણે આટલુંયે ન કરી શકીએ?" કલિંગરાજનું મન કળી ગયેલા ઉત્તયાને કહ્યું. વૃદ્ધ રાજાને પજવી રહેલી બીજી વાત પણ એ સમજી ગયો હતો.

વર્ષો પહેલાં કલિંગરાજે દૈવી સંકેતોમાં શ્રદ્ધા રાખીને, બહુ પ્રેમથી સૂર્યના વરદાન સમું કવચ કર્ણને આપ્યું હતું. હવે એ મૂંઝવણમાં હતા કે, સૂર્યદેવ પણ કર્ણને પારખવામાં થાપ ખાઈ ગયેલા? જોકે એ બધું વિચારવાનો સમય હવે નહોતો. બીજા કોઈ રાજા કોઈ નવી શંકાકુશંકા ઊભી કરે, એ પહેલાં ઉત્તયાને સેવકોને આદેશ આપી દીધો. "ભગવાન વામનમૂર્તિના મંદિરમાંથી પવિત્ર જ્યોત લઈ આવો." સેવકોએ દોડીને આજ્ઞાનું પાલન કર્યું.

સભામાં હાજર, દક્ષિણ રાજ્યસંઘની સમિતિના સભ્યોએ વારાફરતી પવિત્ર જ્યોત પર હાથ રાખીને શપથ લીધા કે, એ ધર્મનું રક્ષણ કરશે, કર્ણને બંદી બનાવીને ગુરુ પરશુરામના પગમાં નાખી દેશે.

આ કરવા માટે જોકે ઉત્તરના સર્વશક્તિશાળી રાજ્ય હસ્તિનાપુર સામે લડવાનું હતું. એ દિવસે સભામાં હાજર નહોતા, એ તમામ રાજાઓને મારતે ઘોડે સંદેશ મોકલાઈ ગયો કે દક્ષિણનાં તમામ રાજ્યોની સેનાએ એક થઈને હસ્તિનાપુર પર આક્રમણ કરવાનું હતું. આખાયે ઉત્તરને ખદેડી નાખીને, સુતપુત્ર કર્ણને અહીં લાવીને ગુરુના ચરણમાં નાખી દેવાનો હતો.

"કર્ણ, હવે તું છટકીને ક્યાં જઈશ?" ઉત્તયાન યુદ્ધ માટે થઈ રહેલી તૈયારીઓને જોતાં વિચાર્યું. સારું હતું કે આ જોવા માટે એના પિતા હવે જીવિત નહોતા. બાકી, એ પણ

કલિંગરાજની જેમ શાંતિ અને ધૈર્યની નક્કામી વાતો કરત. શાસનનો દોર હવે ઉત્તયાનના હાથમાં હતો. સૂતપુત્ર સામે લડતાં હવે કોઈ એને રોકી શકવાનું નહોતું.

* * *

રાણીવાસમાં બેસીને દ્રૌપદી અને સુભદ્રા, જે ખુલ્લા મને અંગત વાતો કરી રહ્યાં હતાં, એ જોઈને ભાનુમતીને આશ્ચર્ય થતું હતું. એ બંને અર્જુનની પત્ની હતી, તોયે એમની વચ્ચે કોઈ દ્વેષ નહોતો. ભાનુમતીને આટલાં વર્ષ પછીયે સુયોધન, સુભદ્રા સામે માત્ર જુએ તોયે ફફડાટ થઈ જતો.

જોકે એ સખીઓએ અર્જુન વિશે ચર્ચા કરવાનું ટાળ્યું હતું. બીજા પુરુષોના ગુણ-અવગુણ વિશે વાત કરવામાં એમને કોઈ સંકોચ નહોતો. દ્રૌપદીના કહેવાનુસાર યુધિષ્ઠિર વધુ પડતા ગંભીર, નીરસ હતા, અને ધાર્યું કરાવવું હોય ત્યારે એ ભીમ પાસે જતી. પાંચેય પાંડવમાં સહુથી સોહામણા નકુલ અને સહદેવ હતા. જોકે કર્ણની તોલે કોઈ ન આવે, એ વાતે દ્રૌપદી અને સુભદ્રા એકમત હતાં. એ પુરુષમાં એકમાત્ર ખોટ કહેવાય, તો એ એની જાતિ હતી. રસિક ચર્ચામાં મશગૂલ સ્ત્રીઓને મહેલમાં નીચે રમાઈ રહેલા ધુતમાં શું થઈ રહ્યું હતું, એ જાણવામાં કોઈ રસ નહોતો લાગતો. ત્યાંથી આછાઆછા અવાજ અહીં આવતા હતા, પણ સ્ત્રીઓએ એ તરફ લક્ષ્ય નહોતું આપ્યું.

ક્યારનાય ચાલી રહેલા કોલાહલ પ્રત્યે ભાનુમતીએ પણ ધ્યાન નહોતું આપ્યું, પરંતુ પછી સાવ શાંતિ પથરાઈ ગઈ, અને એને ચીરતું કૃપનું અટ્ટહાસ્ય કાને પડ્યું, ત્યારે ભાનુમતીએ સહેજ અસ્વસ્થતા અનુભવી. શું થયું હશે? થોડીવાર બાદ એણે દૂરથી આવી રહેલાં પગલાંનો અવાજ સાંભળ્યો. કોઈ અજ્ઞાત ભય એના મનમાં સળવળવા લાગ્યો.

બારણે હળવા ટકોરા પડ્યા. વાતોમાં પડેલી દ્રૌપદી અને સુભદ્રાને સંભળાયું નહીં. ભાનુમતીએ સાંભળ્યું, પણ એ ઊભી ન થઈ. કશુંક અઘટિત બનવાનું હતું. ટકોરાનો અવાજ મોટો થયો અને જોતજોતામાં બીજી તરફ ઊભેલાએ બારણું ધમધમાવી નાખ્યું. ભાનુમતીની આંખ ભીની થઈ અને આંસુનું પહેલું ટીપું એના ખોળામાં ખરી પડ્યું.

* * *

જુગારમાં પત્ની સહિત પોતાનું સર્વસ્વ ગુમાવી દેનારા મૂર્ખ સામે શકુનિએ જોયું. પછી બાજુમાં બેઠેલા યુવરાજ પર દૃષ્ટિ નાખી. સુયોધનનો ચહેરો ફિક્કો પડી ગયેલો. આસપાસ બની રહેલી ઘટનાઓથી હવે એ વિમુખ લાગતો હતો. કર્ણ એને થયેલા અપમાનનો બદલો બમણી તીવ્રતાથી વાળી રહ્યો હતો. ભીષ્મનો ચહેરો ભાવશૂન્ય હતો. શકુનિની આંખ છેવટે હસ્તિનાપુરના સિંહાસન પર બેઠેલા ધૃતરાષ્ટ્ર પર જઈને અટકી. શાસન કરવાનો એ માત્ર ઢોંગ કરતો હતો. બસ, નામનો રાજા હતો.

બ્રાહ્મણો હંમેશની જેમ યોગ્ય-અયોગ્યની ચર્ચા કરવામાં વ્યસ્ત હતા. શકુનિએ સભાના દ્વાર સામે જોયું. રડતી કકળતી દ્રૌપદીના કેશ ખેંચીને સુશાસન હમણાં એને ઢસડી લાવશે. મૃત પિતાના અસ્થિમાંથી બનાવેલા પાસાને પંપાળીને શકુનિએ સ્મિત વેર્યું. બધું એની ધારણા મુજબ થઈ રહ્યું હતું.

બહારથી કોઈ શ્વાનના ભસવાનો અવાજ આવ્યો. દૂરદૂર કોઈ ગાઈ રહ્યું હતું. શકુનિને વર્ષો પહેલાં ગાંધારની ભૂમિ પર ક્રૂરતાભેર રહેંસાઈ ગયેલા એના દેશબાંધવોના અવાજ સંભળાઈ રહ્યા હતા. એમાં હવે પીડા નહીં ઉલ્લાસ હતો. શકુનિને પણ એમની સાથે જયનાદ પોકારવાનું મન થઈ ગયું, પરંતુ એણે સંયમ જાળવ્યો. વિજયનો હર્ષ પ્રગટ કરવાનો આ સમય નહોતો. હજી ઘણું કામ કરવાનું બાકી હતું. જે થવાનું જ હતું એની એણે વાટ જોઈ.

પાસાં ફેંકાઈ ગયાં હતાં.

ટૂંકનોંધ

પ્રાચીન ભારતમાં બહુપતિત્વ

એક સ્ત્રીને એકથી વધુ પતિ હોય એ ઘટનાનો પહેલવહેલો ઉલ્લેખ ઋગ્વેદમાં થયો છે. પ્રભાત અને સંધ્યાકાળના દેવ ગણાતા અશ્વિની બંધુઓ સૂર્યાના પ્રેમમાં પડ્યા હતા, અને તેની સાથે પરણ્યા હતા. વેદિક કાવ્યોમાં, ત્રણ બેઠકવાળા રથમાં બેસીને, એમની પત્ની સાથે આકાશમાર્ગે જઈ રહેલા અશ્વિનીકુમારોની વાત થઈ છે. ઉશસના નામે પણ ઓળખાતી સૂર્યાને ત્રીજો પતિ પણ હતો. અને એ હતો સોમ, એટલે કે ચન્દ્ર. અહીં એટલું યાદ રાખવું કે સૂર્યા એટલે સૂર્યદેવ નહીં.

ઋગ્વેદમાં રોદસી એટલે કે વીજળીની વાત પણ થઈ છે. વાદળો અને વંટોળના દેવો ગણાતા બે મારુતદેવો સાથે રોદસીના વિવાહ થયા હતા. બીજું ઉદાહરણ ઋષિ વસિષ્ઠનું છે, જેની માતા ઉર્વશી છે, પરંતુ પિતા તરીકે મિત્ર, અને વરુણ બંનેનું નામ લેવાય છે.

આ ઉદાહરણોને કવિની કલ્પનામાં ખપાવી શકાય. પરંતુ સત્ય એ છે કે કવિની કલ્પનાઓમાં, તત્કાલીન સમાજનું પ્રતિબિમ્બ પડતું હોય છે. વૈદિક કવિઓએ જે લખ્યું, એ બધું એ સમયના લોકો સમજ્યા હશે, એમણે સ્વીકાર્યું હશે. આ ઉદાહરણો પરથી આપણે એવો અર્થ કાઢી શકીએ કે રામાયણ-મહાભારતની પહેલાંના કાળમાં બહુપતિત્વ ભલે બહુવ્યાપી ન હોય, પરંતુ એની સામે લોકોનો વિરોધ પણ નહોતો. આજના આધુનિક ધોરણે જોઈએ તો પણ એ કાળના લોકો બહુ ઉદાર, વિશાળ દૃષ્ટિકોણ ધરાવતા લાગે.

મહાભારતના કાળમાં જોકે બહુપતિત્વ, નિયમ નહીં પણ અપવાદ ગણાતું હશે એવું લાગે છે. દ્રૌપદીએ પાંચ પુરુષ સાથે વિવાહ કર્યા, એ માટે જે કારણો, બચાવ રજૂ થાય છે, એમાં એ સમયના બદલાતા સામાજિક મૂલ્યોની છબી પડે છે. જે દલીલો થાય છે એમાં વૈદિક લખાણો જેવી દૃઢતા કે સ્પષ્ટતા નથી. મહાભારતમાં કહ્યું છે કે પાંચેય ભાઈઓએ દ્રૌપદી સાથે વૈદિક વિધિથી વિવાહ કર્યા હતા. અર્થાત અમુક ટીકાકારો કહે છે, એવો આ માત્ર સાથે રહેવા પૂરતો સંબંધ નહોતો. પાંચ પુરુષ સાથે એક સ્ત્રીના સંબંધને નૈતિક ગણવો કે અનૈતિક, આ દલીલો મહાભારતમાં ચાલ્યા કરે છે. એક ઠેકાણે એવું કહેવાયું છે કે, એક સ્ત્રી એક સમયે વધુમાં વધુ ચાર પુરુષને પરણી શકે. પાંચમો પતિ કરનાર સ્ત્રી વેશ્યા ગણાય. દ્રૌપદીની બાબતમાં આવું કથન સહેજ આશ્ચર્ય ઉપજાવનારું લાગે.

કુંતી પણ આ વાત જાણે છે. પરંતુ એની મૂંઝવણ છે કે, પાંચમાંથી કયા એક ભાઈને દ્રૌપદીનો પતિ બનતો રોકવો. છેવટે યુધિષ્ઠિર, વૃક્ષમાં વસતી મરિસાનું ઉદાહરણ આપીને સહુને શંકા અને ચિંતાનું સમાધાન કરે છે. મરિસાએ દસ ઋષિ સાથે વિવાહ કરેલા. એવી જ રીતે વ્રકાસિએ દસ પ્રાક્ટેશ ભાઈઓ સાથે લગ્ન કર્યાં હતાં.

મહાભારતમાં જોકે પછી દ્રૌપદીના ચીરહરણને વાજબી ઠરાવતી વખતે કર્ણ એ સમયે પ્રવર્તતી દલીલ રજૂ કરે છે. એના કહેવા પ્રમાણે પાંચ પતિ ધરાવતી વેશ્યા સાથે જાહેરમાં આવું કરવામાં કંઈ ખોટું નહોતું. એ વખતે વૈદિક કાળની પ્રથાઓને કોઈ અનુમોદન નથી મળતું.

મહાભારતના સમયમાં કોઈપણ લગ્નસંબંધને વૈદિક વિધિઓ થયા પછી જ માન્યતા અપાતી હતી. અર્જુન ભલે દ્રૌપદીને સ્વયંવરમાં જીતી લાવ્યો હોય, પણ સામાજિક સ્વીકૃતિ મેળવવા માટે પાંચેય ભાઈઓએ દ્રૌપદી સાથે વૈદિક વિધિથી લગ્ન કર્યાં અને મોટેથી નાનાનો ક્રમ પણ જાળવ્યો. દ્રૌપદી સાથેના સહવાસના નિયમો પણ કુંતીએ બનાવ્યા છે. દરેક ભાઈને વારાફરતી એક વર્ષ માટે દ્રૌપદી મળવાની હતી. ગર્ભાવસ્થા દરમ્યાન કેવી વ્યવસ્થા હતી, એનું

સ્પષ્ટીકરણ ગ્રંથમાં નથી થયું. પરંતુ એવું માની શકાય કે ગર્ભ ધારણ કર્યા બાદ બાળકનો જન્મ થાય અને માતા તરીકેની એની પ્રાથમિક જવાબદારીઓ પૂર્ણ થાય, ત્યાં સુધી દ્રૌપદી એના એ બાળકના પિતા સાથે રહેતી હશે. પછી પાછું ચક્ર શરૂ થતું હશે. એક પતિ સાથેનો સહવાસકાળ પૂરો થાય, એ પછી એક મહિનાનો ખાલી સમય રખાતો હશે, જેમાં સ્ત્રી એકવાર રજસ્વલા બને, અને ખાતરી થાય કે એ ગર્ભવતી નથી. બાળકનો પિતા કોણ એવી ગૂંચવણ ઊભી ન થાય, એટલા માટે આ જરૂરી હતું.

કુંતી એના પાંચ પુત્રોને એક સ્ત્રી સાથે પરણાવતી વખતે નિયોગનો વિચાર આગળ કરે છે. `નિયોગ' પ્રથા કે વિધિને જુદા જુદા શાસ્ત્રો, ગ્રંથોમાં જુદી જુદી રીતે સમજાવાઈ છે. આમેય આ કોઈ જડ માન્યતા કે રિવાજ નથી. અનેક રીતે એનાં અર્થઘટન થયાં છે અને સ્વીકારાયાં છે.

રામાયણ-મહાભારતની પહેલાંના યુગમાં મોટા ભાઈની પત્ની પર નાના ભાઈઓનો અધિકાર રહેતો હતો, પણ નાનાની પત્ની પર મોટાનો નહીં. સમયની સાથે સામાજિક નિયમો બદલાયા અને નિયોગની અનુમતિ માત્ર દુર્લભ, અપવાદરૂપ ગણાય એવા સંજોગોમાં જ અપાતી થઈ. મૂળ અર્થ એવો હતો કે, જેનો પતિ નિઃસંતાન મૃત્યુ પામ્યો હોય, કે પછી જીવિત હોવા છતાં નપુંસક હોય, એ સ્ત્રી બીજા પુરુષથી માતૃત્વ પ્રાપ્ત કરી શકે. કંઈક અંશે આજના યુગમાં Sperm Donation (વીર્યદાન) થાય છે, તેના જેવી એ પ્રાચીન પ્રથા હતી.

નાના ભાઈની પત્ની વિધવા થાય, તો એને પુત્રપ્રાપ્તિના હેતુસર મૃતકના મોટા ભાઈ સાથે સમાગમ કરવાની છૂટ પણ સમાજ આપતો હતો. અંબા અને અંબાલિકાના કિસ્સામાં ભીષ્મએ આ જ નિયમ ટાંક્યો હતો. એના પરિણામે વેદવ્યાસ દ્વારા ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર પેદા થયા હતા. એક રીતે જુઓ તો આ પણ બહુપતિત્વ ગણી શકાય. નિયોગનો અર્થ એવો પણ થાય કે પતિની અનુમતિ લઈને સ્ત્રી, કોઈપણ ત્રણ વર્ણમાંથી પુરુષને પસંદ કરીને તેના દ્વારા ગર્ભાધાન કરી શકે. અમુક જગ્યાએ એવું કહેવાયું છે, નિયોગ માટે સપિંડને અર્થાત એક પિંડમાંથી પેદા થયેલા પુરુષને જ બોલાવી શકાય. અર્થાત પતિના ભાઈની જ સહાય માંગી શકાય.

કુંતી અને માદ્રીએ, એમના પતિ પાંડુની અનુમતિ લઈને જુદા જુદા દેવો દ્વારા પુત્રપ્રાપ્તિ કરી હતી. અલબત્ત નિયોગ દ્વારા કુંતીએ પુત્રોને જન્મ આપ્યો, એની પાછળ કોઈ પ્રથા કરતા રાજકીય કારણો વધુ જવાબદાર હતાં. છેક સુધી એ પોતાના અનૌરસ સંતાનની ઓળખ નથી આપતી, અને સંતાનપ્રાપ્તિ માટે પતિના મોટા ભાઈ ધૃતરાષ્ટ્રનો સાથ પણ નથી લેતી.

મનુસ્મૃતિમાં કહ્યું છે કે, પરિવારમાં કોઈ પુત્ર ન હોય અને વંશવેલો અટકી જવાનો ભય હોય તો જ નિયોગ કરી શકાય, પરંતુ કુરુ રાજવંશને આ વાત લાગુ નહોતી પડતી. પાંડુ ભલે નપુંસક હોય, પરંતુ ધૃતરાષ્ટ્રમાં તો પિતા બનવાની ક્ષમતા હતી, અને એ બન્યા પણ હતા. પરંતુ કુંતી, હસ્તિનાપુરની ગાદી પર ગાંધારીના નહીં, પોતાના પુત્રને જોવાની ઝંખના સેવતી હતી. એટલે જ કુંતીના નિયોગમાં એના જેઠ કે કોઈ સામાન્ય વ્યક્તિને બદલે દેવોનો સાથ શોધાયો. એમનાથી ઉત્પન્ન થયેલી સંતતિ દેવપુત્રો તરીકે ઓળખાઈ. મહાભારતમાં જે પારિવારિક ઘર્ષણની વાત થઈ છે, એનું બીજ પણ આમાં જ પડ્યું છે. નિયોગપ્રથા કહે છે કે સ્ત્રીએ ભલે બીજા પુરુષથી ગર્ભધારણ કર્યો હોય, પરંતુ એમાંથી જન્મેલા સંતાનનો પિતા તો સ્ત્રીનો પતિ જ ગણાય. એટલે યુધિષ્ઠિર આખરે પાંડુના પુત્ર જ કહેવાયા, અને હસ્તિનાપુરની ગાદી પર દાવો કરી શક્યા. પરંતુ એક વારસદારના જન્મ પછી કુંતીએ બીજા દેવો સાથે શું કામ ગર્ભાધાન કર્યું, એ આશ્ચર્યનો વિષય છે.

પાંડુ અને એની બે પત્ની, નિયોગ માટે દૂર જંગલમાં ગયેલા. એમની પહેલાંના યુગમાં આવી સતામણી કરવાની જરૂર નહોતી પડતી. સત્યવતીએ પોતાની નિસંતાન વિધવા પુત્રવધૂના નિયોગ માટે ખુલ્લેઆમ વેદવ્યાસને બોલાવ્યા હતા. વ્યાસ એને લગ્નની પહેલાં થયેલો પુત્ર

હતો. માતાની ઇચ્છાને માન આપીને હસ્તિનાપુર આવેલા વ્યાસ રાજમહેલમાં રહ્યા હતા. એ સમયના લોકોએ આમાં કશું ખોટું નહોતું જોયું. પાંડુનો જન્મ એ નિયોગમાંથી જ થયો હતો.

કદાચ કુંતી અને પાંડુને લાગ્યું હશે કે, ચીલાચાલુ નિયોગપ્રથાથી જન્મેલા એમના પુત્રોને પ્રજાનો ટેકો નહીં મળે. કુંતી અને માદ્રીએ કોઈ વનવાસી કે સતત ભ્રમણ કરતા રહેતા સાધુ સાથે નિયોગ કર્યો હોય એવી શક્યતા મોટી છે. યુધિષ્ઠિરમાં કોઈ બ્રાહ્મણનું લોહી હોય એ પણ બનવાજોગ હતું. અહીં એ નોંધવાનું કે, હિન્દુઓમાં મૃતકની પાછળ થતી વિધિમાં જે ત્રણ બ્રાહ્મણ પિંડ સ્વીકારે છે, એમાંથી એક તે સમયે યમ તરીકે ઓળખાય છે. નિયમ તો એવો છે કે વિધિમાં ભાગ લેનારા ત્રણેય બ્રાહ્મણ, વિદ્વાન અને શાસ્ત્રોના જાણકાર હોવા જોઈએ. કદાચ યુધિષ્ઠિરના પિતા આવા કોઈ વિદ્વાન બ્રાહ્મણ હશે, જેથી એ યમ પુત્ર કહેવાયા.

કુંતીએ માત્ર ભીમને જંગલમાં રહેતી હિંડુબી નામની રાક્ષસી સાથે પરણવાની રજા આપી. એનો અર્થ એવો થઈ શકે કે, ભીમના પિતા કોઈ જંગલવાસી હશે. ભીમનો હિંસક સ્વભાવ પણ આ માન્યતાને વધુ દૃઢ બનાવે છે. મહાભારતમાં અમુક સ્થાને એને શત્રુનું રક્ત પીતો દર્શાવ્યો છે. અર્જુન નિઃશંક દેવરાજ ઇન્દ્રનો પુત્ર છે. મહાભારતમાં કહ્યું છે કે ઇન્દ્ર જંગલમાં રહેતો હતો અને તક્ષકનો મિત્ર હતો.

આમાં શું સાચું ને શું ખોટું એ ખાતરીપૂર્વક કહેવું અશક્ય છે. એ યુગમાં લોકો માનતા હતા કે સ્વર્ગમાંથી ઊતરી આવેલા દેવોના આશિષથી પૃથ્વીવાસીઓને સંતાનપ્રાપ્તિ થઇ શકે. એવા સમયે પોતાના પુત્રો દેવોના વરદાનસમા હતા, એવો સફળ પ્રચાર કરનારી કુંતી અત્યંત ચતુર સ્ત્રી હોવી જોઈએ.

મહાભારતમાં લખેલી એક બીજી વાત પણ કૌતુક ઉપજાવે એવી છે. વિદુર પોતે બહુપતિત્વના વિરોધી હતા, પરંતુ એમના બે પુત્રો એક સ્ત્રીને પરણ્યા હતા.

મહાભારત વાંચતી વખતે આપણને ખ્યાલ આવે કે, એ વખતનો સમાજ કેટલા ખુલ્લા મનનો, ઉદાર મતનો હતો. સમાજના બદલાતા મૂલ્યોનું આબેહૂબ ચિત્રણ આ મહાકાવ્યમાં થયું છે.

ધૃતરાષ્ટ્ર-ગાંધારીના સો પુત્ર, એક પુત્રી

કુંતી અને માદ્રીની સાથે પાંડુ વનમાં ગયા. ત્યાં કુંતી કોઈ દેવની સહાયથી ગર્ભવતી બની, એ સાંભળીને ગાંધારી આકુળવ્યાકુળ થઈ ગઈ. એ સો સંતાનની માતા બનવા માંગતી હતી. આ ઇચ્છા પૂરી થશે એવું વરદાન પણ વ્યાસે એને આપ્યું હતું. કુંતી ગર્ભવતી તો થઈ પરંતુ ગર્ભાધાનના બે વર્ષ પછીયે એની પ્રસૂતિ નહોતી થઈ. કુંતી સગર્ભા હતી, એ સાંભળીને વ્યગ્ર થઈ ગયેલી ગાંધારીએ પોતાના પેટ પર એટલા જોરથી પ્રહાર કર્યો કે શરીરમાંથી એક માંસનો લોચો બહાર નીકળી આવ્યો.

એવું કહેવાય છે કે, વ્યાસે આ માંસના પિંડમાંથી ૧૦૧ સમાન ભાગ કરીને, એને માટીના પાત્રોમાં ઢાંકી દીધા. એમાંથી સો પુત્ર અને એક પુત્રીની ઉત્પત્તિ થઈ.

યુધિષ્ઠિરનો જન્મ થયો, એના નવ મહિના પહેલા ગાંધારીના શરીરમાંથી પેલો માંસપિંડ નીકળ્યો હતો. પરંતુ એમાંથી એકસો એક સંતાન, યુધિષ્ઠિરના જન્મ પછી બીજે દિવસે પેદા થયા હતા. એટલે યુધિષ્ઠિર અને સુયોધન, આ બેમાંથી કોણ મોટું એ પ્રશ્ન ગૂંચવી દે એવો છે. બલ્કે કહી શકાય કે આખુંયે મહાભારત એમાંથી ખડું થયું.

મારી પ્રકૃતિ પહેલેથી બળવાખોર રહી છે. ગ્રંથોમાં લખેલી વાતો હું આસાનીથી સ્વીકારી નથી શકતો. કોઈ એક યુગલને ૧૦૧ સંતાન કઇ રીતે હોઈ શકે, એ પ્રશ્નનો તાર્કિક જવાબ શોધવાની મથામણ મેં કરી છે.

કોઈ સ્ત્રીની ગર્ભાવસ્થા, બે વર્ષ સુધી ચાલી ન શકે. કુંતીની જેમ ગાંધારી પણ રાજગાદીનો

વારસદાર પેદા કરવાની ઉતાવળમાં હતી. શક્ય છે કે ગાંધારીને પહેલીવાર અધૂરે મહિને ગર્ભપાત થઈ ગયો હોય. પછી એની કૂખે માંસનો મોટો પિંડ અવતર્યાની, એમાંથી ૧૦૧ સંતાનો થયાની વાતો ઉપજાવી કઢાઈ હોય, જેથી કરીને સુયોધન, યુધિષ્ઠિરથી નાનો હતો એ સત્ય ઢંકાઈ જાય.

કે પછી ગાંધારીને ગર્ભપાત થઈ ગયો, ત્યારબાદ વ્યાસે કોઈ ઔષધિ આપી, એનાથી બીજીવાર ગાંધારીને એકથી વધુ સંતાન થયા? બાકીના બાળકો ધૃતરાષ્ટ્રના ઉપપત્નીઓ કે દાસીઓના હોય એવું પણ બની શકે ને? હકીકતમાં આવું થયાની શક્યતા વધુ છે.

ઘણાં લોકો માને છે કે આપણાં પૂર્વજો ટેસ્ટટ્યુબ બેબી, ક્લોનિંગ જેવી ટૅક્નિક્સ જાણતા હતા. જોકે, તટસ્થ ભાવે વિચારીએ તો એવું લાગે કે, એકસો કૌરવ અને એમની એક બહેનના પિતા ભલે ધૃતરાષ્ટ્ર હોય, પરંતુ માતા કદાચ જુદી જુદી હશે. મહાભારતમાં દરેક કૌરવનો ઉલ્લેખ ધૃતરાષ્ટ્ર તરીકે થયો છે. સુયોધને હંમેશાં યુધિષ્ઠિરને કુંતીપુત્ર કે કૌંતેય તરીકે ઓળખાવ્યો છે, પાંડુના પુત્ર તરીકે નહીં. આમ કરીને આડકતરી રીતે એણે રાજગાદી પરનો યુધિષ્ઠિરનો દાવો નકારી કાઢ્યો છે. એ પણ નોંધવું જોઈએ કે સુયોધન અને સુશાસન સિવાય, બીજા કોઈ કૌરવનો ઉલ્લેખ ગાંધારીપુત્ર તરીકે નથી થયો. એ બધાં કૌરવ કે ધૃતરાષ્ટ્ર તરીકે ઓળખાયા છે. જોકે એ બધાં ભલે ધૃતરાષ્ટ્રની ઉપપત્નીઓ કે દાસીના પુત્રો હોય, એમને રાજાના પુત્રો તરીકે માન્યતા આપવાનું કાર્ય વ્યાસે કરેલું. માંસપિંડને જે માટીના પાત્રોમાં રખાયા હોવાનું કહેવાય છે, એ વાસ્તવિકતામાં પેલી સ્ત્રીઓના ગર્ભ હોવા જોઈએ.

મારા સ્વર્ગીય પિતા એલ. નીલકંઠન સામે જ્યારે મેં આ પ્રશ્નો મૂક્યા, ત્યારે એમણે બહુ સીધુંસાદું, પણ સુંદર સ્પષ્ટીકરણ આપ્યું. એમનું કહેવું હતું કે મહાભારતને માત્ર એક કથા તરીકે લેવું ન જોઈએ. એનાં પાત્રો અને ઘટનાઓ ઘણીવાર માત્ર પ્રતીકાત્મક છે. એકસો કૌરવ, કોઈ માણસો નહીં પરંતુ મનુષ્યની ઇચ્છાઓ અને મૂર્ખતા કે દુર્બળતાનાં પ્રતીક છે. `એકસો' માત્ર સંખ્યા છે. એનો અર્થ `ઘણી પુષ્કળ' એવો થઈ શકે. ધૃતરાષ્ટ્ર મનુષ્યના અહમનું પ્રતીક છે, જે અંધ છે અને જેની ઇચ્છા-આકાંક્ષાઓનો કોઇ પાર નથી. એમાં કોઈ સારી છે, તો કોઈ ખરાબ. કૌરવોના નામની પાછળ ક્યાંક `સુ' તો ક્યાંક `દુ' લગાડાય છે. ગાંધારી, એ ચિત્ત અને પુત્રસ્નેહમાં અંધ થયેલું માતૃત્વ છે. એટલે કે અંધ માતાપિતા સમાં ચિત્ત અને અહમમાંથી ઇચ્છાઓ, લાલસાઓનો જન્મ થાય છે.

બીજી તરફ પાંચ પાંડવ મનુષ્યની પાંચ ઇન્દ્રિય છે. એ પાંચેયના વિવાહ દ્રૌપદી સાથે થયા છે, જેનું બીજું નામ કૃષ્ણા પણ છે. કૃષ્ણા એટલે શ્યામ, અર્થાત કાળો રંગ અને એ ક્રોધનું પ્રતીક છે. ક્રોધને પરણેલી પાંચ ઇન્દ્રિય જ્યારે ઇચ્છાઓ સામે ભટકાય ત્યારે સર્વનાશ નોતરે છે. જેમ કે જ્યારે પાંડવો કુરુસભામાં જુગાર રમવા ગયા. કર્મ નહીં, પણ ભાગ્યમાં વિશ્વાસ રાખીને એમણે ઇચ્છાઓ સાથે રમત માંડી અને બધું ગુમાવી બેઠા. ક્રોધને લજ્જાવશ થવું પડ્યું અને ઇચ્છા, વિધિએ એનું ચીરહરણ કર્યું.

પાંડવો પાંચ ગુણોનું પણ પ્રતિનિધિત્વ કરે છે. કાળ અર્થાત યમુના પુત્ર તરીકે યુધિષ્ઠિર વિદ્વતા અને ડહાપણનું પ્રતીક છે; વાયુ(પ્રાણ)નો પુત્ર ભીમ શક્તિ કે બળનું ચિહ્ન છે; ઇન્દ્રનો પુત્ર અર્જુન એટલે વ્યક્તિનું મનોબળ; પ્રભાત અને સંધ્યાકાળના દેવો, અશ્વિનીકુમારોથી થયેલા બે પુત્ર નકુલ અને સહદેવ, અનુક્રમે સૌંદર્ય અને જ્ઞાનના પ્રતીક છે.

પાંડવો અને ઇચ્છાઓ(કૌરવો)ને કુરુક્ષેત્રમાં લઈ આવવાનું કામ કૃષ્ણ કરે છે. એ પરમાત્મા છે. એનો કાળો રંગ અહીં વિશાળતા, ગહનતાના અર્થમાં લેવાનો છે. આ ન હોય તો બીજા બધાંય ગુણ અર્થહીન નીવડે. કુરુક્ષેત્ર આપણો આત્મા છે. પરમાત્મા અને વૈશ્વિક ચેતનાની સહાયથી ઇચ્છાઓ પર સદ્ગુણોનો વિજય થાય છે.

મારા પિતાએ મહાભારતનું અર્થઘટન આ રીતે કર્યું છે. પરંતુ એના બળવાખોર પુત્રએ મહાભારતને જે રીતે જોયું, જાણ્યું, સમજ્યું છે, એની ફળશ્રુતિ છે – અજય.

નામ-સંદર્ભ

આરતી : દીવા પ્રગટાવીને થતી પૂજા
આચાર્ય : ગુરુ
અચ્યુત : કૃષ્ણનું એક નામ
અઘોરી : પરંપરાગત હિન્દુ ધર્મના નીતિનિયમો કે જાતપાતમાં નહીં માનતા સાધુઓ (બાવા), જે શિવની ભક્તિ કરે છે. પૂજા-સાધના કરવાની એમની રીત ઘણીવાર સામાન્ય લોકોને બહુ કઠોર અને ભયાનક લાગે છે.
અજય : જેને જીતી ન શકાય
અંધ : આંધળો
અંગ : પ્રાચીન ભારતનું એક રાજ્ય, જે અત્યારે પૂર્વબિહાર અને બંગાળનો અમુક હિસ્સો છે.
અંગવસ્ત્ર : ઉચ્ચવર્ણના લોકો ખભે રાખતા હતા, એવું શાલ જેવું કપડું
અશ્વિની જોડિયા : સૂર્યોદય અને સૂર્યાસ્તના દેવો.
અસ્ત્ર : બાણ/દૈવી શક્તિ ધરાવતું હથિયાર
અસૂર : હિન્દુ પુરાણોમાં એમને દેવોથી વિરુદ્ધ ગુણો ધરાવતા દુષ્ટો તરીકે ચીતરાયા છે, પણ અહીં એ માત્ર એક જાતિનું નામ છે.
અથર્વ : જાદુટોણા, વશીકરણ વગેરેનું વર્ણન કરતો ચોથો વેદ
અવર્ણ : ચતુર્વર્ણમાં જે પહેલા ત્રણ વર્ણ(વર્ગ)નો સભ્ય નથી.
આયુર્વેદ : પ્રાચીન ભારતીય ઔષધિજ્ઞાન/ચિકિત્સાશાસ્ત્ર
બ્રહ્મચર્ય : શરીરસુખથી દૂર રહેવાની પ્રતિજ્ઞા. જે સામાન્ય રીતે વિદ્યાર્થીકાળ દરમ્યાન લેવાતી હતી.
બ્રહ્મા : બ્રહ્માંડનું સર્જન કરનાર શક્તિ (ઈશ્વર)
બ્રાહ્મણ : હિન્દુ વર્ણ અને જાતિમાં એનું સર્વોચ્ચ સ્થાન છે. પ્રાચીનકાળમાં એ વિદ્વાનો અને પંડિત-પૂજારીઓ તરીકે આદર પામતા હતા. એ સમયે હિન્દુ સમાજ ચાર વર્ણમાં વિભાજિત થયો હતો અને એમાં પાછી જુદીજુદી જાતિઓ હતી. પ્રદેશ મુજબ એમનું સ્થળ અને ઓળખ બદલાતા હતા. દાખલા તરીકે ઉત્તરના કાશ્મીરી બ્રાહ્મણો અને દક્ષિણના આંધ્રના બ્રાહ્મણો ભલે એક વર્ણના કહેવાય, પણ એમની વચ્ચે લગ્નસંબંધ નહોતા બંધાતા, કારણકે જાતિ જુદી પડતી હતી.
ચૈત્ર : વસંતનું આગમન આ મહિનાથી થાય છે.
ચાંડગ્યો : એક બહુ મહત્ત્વનો ઉપનિષદ
ચાંડાલ : અસ્પૃશ્યોમાં પણ બહુ નીચી ગણાતી એક જાતિ; મૃતદેહને ઉપાડવાનું, સ્મશાન ભૂમિની દેખરેખ રાખવાનું કામ એ કરતા હતા.
ચેન્ડા (ચેન્દા) : દક્ષિણ ભારતનું ઢોલ-નગારા જેવું એક વાદ્ય, જેના પર વાંકી લાકડી પીટીને વગાડાય છે. આજે પણ એને અસૂર-વાદ્ય તરીકે ઓળખવાય છે. કેરળ, દક્ષિણ કર્ણાટક અને તમિલનાડુમાં તહેવારો વખતે એનો ઉપયોગ થાય છે.
ચેરાઃ દક્ષિણ ભારતનું એક પ્રાચીન રાજ્ય એનું પાટનગર મુઝારિસ (મુબારિસ) હતું.
ચેટ્ટિ : દક્ષિણ ભારતની વ્યાપારી જાતિ; શ્રેષ્ઠીનું અપભ્રંશ.
દક્ષિણાગણપાદ **:** વિંધ્યની દક્ષિણે આવેલો પ્રદેશ; દક્ષિણ ભારત
દાસ : સેવક કે ગુલામ

દાસી : સેવિકા કે ગુલામ સ્ત્રી
ધનુર્વેદ : શસ્ત્રોનું જ્ઞાન (કે વિજ્ઞાન) હથિયાર બનાવવાની કલા (કે શાસ્ત્ર)
ધર્મ : સાદી ભાષામાં કહો તો ફરજ, કર્તવ્ય કે સત્યના માર્ગે ચાલવાની વૃત્તિ; જોકે એને બહુ વિશાળ અર્થમાં લેવો પડે – સારું જીવન જીવવાનો એ નિયમ પણ કહી શકાય.
ધર્મવીર : મહાન યોદ્ધો કે ધર્મરત્ન
ધર્મયુદ્ધ : યુદ્ધનો પ્રાચીન નિયમ; નીતિ અનુસાર લડાતું યુદ્ધ
ગાંધાર : અત્યારે અફઘાનિસ્તાનમાં આવેલું કંદહાર
ગાંધર્વ : દેવસભામાં ગાયક; દેવો અને મનુષ્યો વચ્ચે સંદેશવાહકનું પણ કામ કરતા આ જીવો હંમેશાં પ્રેમ માટે તલસતા હોવાનું મનાય છે. આ
કથાનકમાં જોકે એ માત્ર એક આદિવાસી જાતિ છે.
ગંગોત્રી : ગંગાનું ઉગમસ્થાન
ગાયત્રી : ઋગ્વેદમાં આ અતિ પવિત્ર હિન્દુ મંત્ર છે. ભારતમાં વર્ણવ્યવસ્થા ટોચે હતી ત્યારે શૂદ્રોને આ મંત્ર કે એના જેવા બીજાં પવિત્ર લખાણો કે ઉચ્ચારણો વાંચવા-સાંભળવાની સખત મનાઈ હતી. અમુક જગ્યાએ તો એવું લખાયું હતું કે ભૂલથી પણ આવા મંત્ર સાંભળી લેનાર શૂદ્રના કાનમાં ધગધગતું સીસું રેડી દેવું. જોકે આ સૂચન ખરેખર અમલમાં મુકાતું હશે કે
નહીં એમાં શંકા છે.
ઘાટ : નદીમાં ઊતરવા માટેના પહોળા પગથિયા
હરિ : ભગવાન વિષ્ણુનું એક નામ
ઇન્દ્રઃ દેવોનો રાજા અહીં જોકે એનો ઉલ્લેખ એક સામાન્ય જાતિ તરીકે થયો છે. જે દેવજાતિ પર નામ પૂરતું રાજ કરે છે. છેલ્લો ઇન્દ્ર રાજા વનવગડામાં કંગાળ અવસ્થામાં જીવે છે. કુંતીએ એની મદદથી અર્જુનને જન્મ આપેલો
ઇન્દ્રપ્રસ્થ : પાંડવોનું પાટનગર અત્યારનું દિલ્હી
જાંબુદ્વીપ : એશિયા ખંડનું પ્રાચીન નામ
જય : વિજય, જીત
કાળ : સમય; મૃત્યુ અને સમયના દેવને પણ કાળ કે યમ કહેવાય છે. યમમ એટલે સમયનું એક માપ, એવો અર્થ પણ થાય છે.
કલારિપયત્તુ : કેરળની પ્રાચીન યુદ્ધકલા
કલિંગ : અત્યારનું ઓડિશા/ઓરિસ્સા (લગભગ)
કાલિય મર્દન : કાલિય એટલે ઝેરી નાગ; યમુના નદીમાં રહેતા એક મોટા ઝેરી નાગને બાલકૃષ્ણએ વશમાં લીધાની (મર્દન કર્યાની) કથા મહાભારતમાં છે.
કામરૂપ : અત્યારનું આસામ
કર્મ : કર્મ કે કૃત્ય
કાશી : વારાણસી કે બનારસનું એક નામ
કૌરવ : કુરુવંશજો
ખાંડિવ : અત્યારનું દિલ્હી
કિંગર : નોકર; સૈન્યમાં ગુલામ તરીકે કામ કરનારા
કિન્નર : હિન્દુ પૌરાણિક કથાઓમાં એમને દૈવી સંગીતકાર કહેવાય છે. જેમનું શરીર અડધું માણસનું અને અડધું ઘોડાનું છે. આ કથામાં જોકે એ માત્ર એક જનપ્રજાતિ છે.
કિરાત : જંગલી ગણાતી એક જનજાતિ
ક્ષત્રિય : યોદ્ધાઓની જાતિ (કે વર્ણ). એ મોટેભાગે રાજાઓ, શાસકો હતા.

કુરાવન, માલાયન, વન્નાન, વેલન : ભારતના પશ્ચિમ ઘાટ (સહ્ય)માં વસતી જાતિઓ, બ્રાહ્મણોનો પ્રભાવ વધ્યો, એ પહેલાં આ લોકો પૂજારી તરીકે કામ કરતા હતા. હજી આજે પણ કેરળના મલબાર વિસ્તારમાં આ જાતિ પંડિતો દ્વારા ધાર્મિક વિધિઓ થાય છે.
લીલા : દૈવી નાટક
વિશ્વનાથ : બ્રહ્માંડ પર રાજ કરનાર; ભગવાન શંકરનું એક નામ.
માધવ : કૃષ્ણનું એક નામ
મહેશ્વર : શંકર(શિવ)નું એક નામ
મહાવત : હાથીને ચલાવનાર (અંકુશમાં રાખનાર)
માયા : ભ્રમણા
મિલાવુ, તિમિલા, મદ્લમ, મૃદંગમ : એવા વાદ્યો, જે તાલ આપવા માટે વપરાય છે (ઢોલની જેમ)
મ્લેચ્છ : જંગલી, અસંસ્કૃત લોકો; પ્રાચીન ભારતમાં ગ્રીક અને ચીની જેવા વિદેશીઓ માટે આ શબ્દપ્રયોગ થતો હતો.
મોક્ષ : જનમ-મરણના ફેરામાંથી કાયમી મુક્તિ; બૌદ્ધ ધર્મના એના માટે નિર્વાણ શબ્દ છે.
મુઝારિસ (કે મુબારિસ) : ભારતના દક્ષિણ-પશ્ચિમ તટે આવેલું પ્રાચીન બંદર/શહેર. અત્યારે કેરળમાં કોચીનની ઉત્તરે લગભગ 50 કિલોમીટરના અંતરે આ જગ્યા છે.
નાગ : શબ્દશઃ અર્થ સાપ થાય. પ્રાચીન કાળમાં આ એક લડાયક જનજાતિ હતી. જેણે વર્ણભેદ સામે માથું ઊંચકેલું.
નિશાદ : શિકારી જાતિ
ઓણમ : અસૂરરાજ મહાબલિના માનમાં ઉજવાતો ભારતનો એકમાત્ર તહેવાર; કેરળનો રાજ્ય તહેવાર (સ્ટેટ ફેસ્ટિવલ); વિષ્ણુએ વામન અવતાર લઈને, છેતરપિંડી દ્વારા મહાબલિનું રાજ્ય ઝૂંટવી લીધેલું, એવું કહેવાય છે. જોકે લોકો હજીયે માને છે કે મહાબલિ એક આદર્શ શાસક હતો, અને એના રાજમાં ઊંચનીચના
ભેદભાવ નહોતા.
પલ્લવ : પ્રાચીન દક્ષિણ ભારતીય રાજ્ય; કાંચી (કાંચીપુરમ) એનું પાટનગર હતું.
પાંડિય : પ્રાચીન દક્ષિણ ભારતીય રાજ્ય; એનું પાટનગર મદુરાઈ હતું.
પશુપતિ : શબ્દશઃ અર્થ કરો તો પશુઓના રાજા કે દેવ; શિવનું એક નામ
પરશુરામ ક્ષેત્ર : પરશુરામનું સ્થાનક પ્રાચીનકાળમાં ગૌકર્ણથી કન્યાકુમારી, સહ્ય પર્વતમાળા અને સમુદ્ર વચ્ચેના આ પ્રદેશ પર ચેરાવંશનું શાસન હતું. એવું કહેવાય છે કે પરશુરામે એમની શક્તિ દ્વારા સાગર પાસેથી આ ભૂમિ મેળવીને બ્રાહ્મણોને ભેટમાં આપી હતી.
પાતાળ : ધરતીની નીચે, ખૂબ ઊંડે આવેલી દુનિયા, જ્યાં દેશવટો પામેલા અસૂરોએ આશ્રય લઈને પોતાની રાજધાની બનાવી.
પૂર્ણા : કેરળની એક નદી. જે પેરિયાર નામથી પણ ઓળખાય છે.
પ્રભાસ : અત્યારના ગુજરાતમાં આવેલું એક શહેર
પ્રભુ : ભગવાન; પોતાનાથી ઊંચી (સામાન્ય રીતે શ્રીમંત) વ્યક્તિને થતું સંબોધન
પુરેન્દ્ર : દેવરાજ ઇન્દ્ર; નગરોનો વિનાશક
રાજધર્મ : શાસકોએ આ નીતિનિયમોનું પાલન કરવું જોઈએ
રાજસૂય : પ્રાચીનકાળમાં શક્તિશાળી રાજાઓ પોતાને ચક્રવર્તી કે સમ્રાટ તરીકે સ્થાપિત કરવા આ યજ્ઞ કરતા હતા.
સહ્ય (કે સાહ્ય) : ભારતના પશ્ચિમ સાગરતટની લગોલગ ચાલતી પર્વતમાળા

સંહિતા : પવિત્ર મંત્રો/વિજ્ઞાન/માહિતીનું સંકલન
સનાતન : ચિરકાલિન; હિન્દુ ધર્મને કોઈ આરંભ કે અંત નથી, એવો સનાતન ધર્મ કહેવાય છે.
સરસ્વતી : એક સમયે સિંધુ અને ગંગાની વચ્ચે વહેતી આ વિશાળ નદી હવે અદૃશ્ય થઈ ગઈ છે.
શાસ્ત્ર : નીતિનિયમો, પ્રથા, વિજ્ઞાન, વિશેષ પ્રકારનું જ્ઞાન
શિવ : હિન્દુ ત્રિદેવમાના એક; દરેક યુગના અંતે એ સૃષ્ટિનો સંહાર કરે છે અને પછી એમાંથી બ્રહ્મા નવસર્જન કરે છે.
શૂદ્ર : વર્ણવ્યવસ્થામાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય પછીનું આ સહુથી નીચલું ગણાતું વર્ણ છે.
સિંધુ : 'ઈન્ડસ' તરીકે પણ ઓળખાતી નદી અને એની આસપાસનો પ્રદેશ; મહાભારત કાળમાં અહીં દુર્યોધનના બનેવી જયદ્રથનું શાસન હતું.
સ્મૃતિ : `જેનું સ્મરણ રહ્યું છે'; જુદાજુદા ઋષિ-મુનિઓએ લખેલા હિન્દુ ધર્મના નીતિનિયમો પ્રાચીન ભારતમાં સામાજિક નિયમોનું સંકલન
`મનુસ્મૃતિ'માં થયું હતું
સોમ : ચંદ્ર; વેદિક કાળમાં મહત્ત્વની વિધિ, કર્મો વખતે પીવાતું પીણું
સોમનાથ : ભગવાન શિવનું પ્રખ્યાત મંદિર/સ્થાન સોમનાથ એટલે જીવનમાં ઊર્જા/શક્તિનો સંચાર કરનાર દેવ
સૂત : રથચાલક જાતિ; કથાઓ કહેવામાં પણ એ કુશળ હતા. રાજાઓ પોતાની વીરતાનું વર્ણન કરતી યશગાથાઓ કહેવા માટે સૂતોનો ઉપયોગ કરતા.
સ્વામી : પોતાનાથી ઊંચો સામાજિક દરજ્જો ધરાવનાર વ્યક્તિને થતું સંબોધન; માલિક.
સ્વયંવર : પ્રાચીનકાળમાં કન્યા પોતાની મરજીથી પતિની પસંદગી કરી શકે. એ માટે યોજાતો મેળાવડો. ક્યારેક આ પ્રસંગે એક યા બીજા પ્રકારની સ્પર્ધા યોજાતી અને એમાં જીતનારને કન્યા વરમાળા આરોપતી.
તપસ્યા : કઠોર સાધના, તપશ્ચર્યા
તિમીલા : અસૂરોએ પ્રચલિત કરેલું ઢોલ-નગારા જેવું વાદ્ય
ત્રિમૂર્તિ : દેવ ત્રિપુટી; સર્જનહાર બ્રહ્મા. પાલનહાર વિષ્ણુ અને સંહારક શિવ.
તુલસી : હિન્દુઓમાં પવિત્ર ગણાતો છોડ; ખાસ કરીને વિષ્ણુ અને કૃષ્ણની પૂજામાં તુલસીના પાન વપરાય છે.
ઉપનિષદ : પવિત્ર ગ્રંથોનું સંકલન; એમાં થયેલા અર્થઘટન સમજણને બ્રાહ્મણ કહેવાય છે, ભારતીય ફિલસૂફીનો આ પાયો છે.
ઉરુમિ : કલારિપયાતુ તરીકે ઓળખાતી કેરળની પ્રાચીન યુદ્ધકલામાં વપરાતી લાંબી પટ્ટી જેવી તલવાર.
ઉતરિય : ખભે નખાતું શાલ જેવું વસ્ત્ર
વૈકુંઠ : વિષ્ણુધામ જ્યાં એમના ભક્તોને મૃત્યુ પછી સ્થાન મળે છે.
વૈશ્ય : વ્યાપારી જ્ઞાતિ
વન : જંગલ
વાનર : વાંદરા; જુદીજુદી પ્રજાતિઓ વચ્ચેના સંબંધમાંથી જન્મેલી વર્ણસાર જાતિ જે મુખ્યત્વે દક્ષિણ ભારતમાં વસતી હતી.
વાંગ (કે વંગા) : અત્યારનું બંગાળ, જેમાં બાંગ્લાદેશ પણ આવી જાય.
વર્ણ : રંગ કે ચોક્કસ પ્રકારના લોકોના સામાજિક જૂથ; હિન્દુ સમાજમાં મુખ્ય ચાર વર્ણ હતા. સહુથી ઉપર બ્રાહ્મણ (પંડિત પૂજારી અને શિક્ષકો); બીજે ક્રમે ક્ષત્રિય (યોદ્ધા); ત્રીજા ક્રમે

વૈશ્ય (વ્યાપારી) અને એમની નીચે શૂદ્ર આવતા. જેમાં ખેડૂત, કારીગરો, નાના દુકાનદાર, સામાન્ય સૈનિકો, કલાકારો વગેરેનો સમાવેશ થતો; એમનાથીયે નીચે સમાજનો સહુથી ગરીબ, પીડિત વર્ગ હતો, જે અસ્પૃશ્ય કે અછૂત ગણાતો.

વર્ણાશ્રમ : પ્રાચીન કાળમાં આદર્શ હિન્દુજીવન ચાર સમય/કાળમાં વિભાજિત કરવાની સલાહ અપાતી, બ્રહ્મચર્યાશ્રમ એટલે વિદ્યાર્થીકાળ, ગૃહસ્થાશ્રમ એટલે સાંસારિક જીવન; વાનપ્રસ્થાશ્રમ એટલે સંસારમાં રહીને પણ નિવૃત્તિ ગાળવી અને છેવટે સન્યસ્તાશ્રમ એટલે મોહમાયાનો ત્યાગ કરીને વૈરાગી જીવન ગાળવું.

વાતપિ : અત્યારે ઉત્તર-મધ્ય કર્ણાટકમાં આવેલું બદામી

વાયુ : પવનના દેવ

વેદ : હિન્દુ ધર્મના ચાર પવિત્ર ગ્રંથ – ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ; એવું કહેવાય છે કે આ ચાર વેદમાં સૃષ્ટિનું સમગ્ર જ્ઞાન સમાયેલું છે.

વિંધ્ય : ઉત્તર અને દક્ષિણ ભારતને જુદા પાડતી પર્વતમાળા

વિષ્ણુ : સૃષ્ટિના પાલનહાર; ત્રિદેવમાંના એ

યાદવ : ગોપાલકોની જાતિ

યજ્ઞ : વેદિક માત્ર અને જુદાજુદા પ્રકારની આહુતિ આપીને થતો હવન

યક્ષ : નહીં મનુષ્ય, નહીં દેવ, એવી કોઈ અજાણ યોનિના લોકો. હિન્દુ પૌરાણિક કથાઓમાં એમને વન, વૃક્ષોના પાલક દેવો પણ કહ્યા છે, જે ગુપ્ત ખજાનાનું રક્ષણ કરે છે. યક્ષ સ્ત્રી (યક્ષી) માટે એવું કહેવાય છે કે એ વટેમાર્ગુને પોતાની મોહજાળમાં ફસાવીને ઊંડા જંગલમાં ખેંચી જાય છે અને ત્યાં એના લોહીમાંસનું ભોજન કરે છે.

યવન દેશ : ગ્રીસ

યવન : ગ્રીક

ઋણસ્વીકાર

આભાર...

મારાં વાંચકોનો જેમણે મારી પ્રથમ નવલકથા, `અસૂર' વાંચીને સહયોગ, પ્રોત્સાહન અને સારા માઠા પ્રતિભાવ આપ્યા. એમના વિના મેં એક જ વર્ષની અંદર આપણા મહાકાવ્યોના બીજા મોટા `ખલનાયક' વિશે લખવાની મહેનત ન કરી હોત.

સ્વરૂપ નંદાનો.... અસૂર અને અજયના સર્જન વખતે મારા મિત્ર અને માર્ગદર્શક બની રહેવા માટે.

મારા ઍડિટર ચંદ્રલેખા મૈત્રાનો... જેમણે બહુ ધીરજપૂર્વક મારા લખાણને મઠારવાની, વધુ સારું બનાવવાની મહેનત કરી, પણ ક્યાંય સર્જક તરીકેની મારી સ્વતંત્રતાને અવરોધી નહીં.

મારા પ્રકાશક લીડસ્ટાર્ટ પબ્લિશિંગનો... જેમણે મારી બીજી નવલકથા, અજયનું પ્રકાશન કરીને મારામાં મૂકેલો વિશ્વાસ સાબૂત રાખ્યો; પ્રીતિ, ઇફ્તેખાર, રાજેશ, રામુ, સલીમ અને બીજા ટીમ મેમ્બર્સનો... જેમણે મારા પહેલા પુસ્તકને સફળ બનાવવા માટે દિલોજાનથી મહેનત કરી, અને બીજા પુસ્તક વખતે પણ જેમના ઉત્સાહમાં ઓટ નહોતી આવી.

મારા પિતા સ્વ. નીલકંઠ અને માતા ચેલ્લમાલનો... જેમણે પુરાણો સાથે મારો પરિચય કરાવ્યો.

અપર્ણાનો... જે મારા દરેક પ્રયાસમાં મારો આધારસ્થંભ બનીને ઊભી રહી છે. ક્યારેક વિચાર આવી જાય છે કે, એણે આપેલા આટલા પ્રેમને હું ખરેખર લાયક છું?

મારી પુત્રી અનન્યા અને પુત્ર અભિનવનો... જેમણે રોજ રાતે સૂતાં પહેલા નવી નવી વાર્તા સાંભળવાની માંગણી કરીને મારામાં રહેલા વાર્તાકારને જીવતો રાખ્યો. સાથે સાથે દરેક લેખકને જેનો ડર લાગે છે એવા ટીકાકારની ભૂમિકા પણ ભજવતાં રહ્યાં.

મારી બહેન ચંદ્રિકા અને બનેવી પરમેશ્વરન, ભાઈ લોકનાથન અને રાજેન્દ્રન, ભાભી મીના અને રાધિકા, એમનાં બાળકો દિલીપ, રાખી અને રાધિકાનો, અને નજીકનાને દૂરના મારા પરિવારજનોનો... જેમની સાથે જીવનની કેટલીયે સુંદર ઘડીઓ વિતાવી છે.

મારા શ્વાનમિત્ર જેકી, ધ બ્લૅકીનો... જેણે મને મારા લેપટોપ સાથે સ જ્જ ડ બાંધી રાખ્યો. લખતી વખતે હું સહેજ પણ આળસ દાખવું, કે તરત એનું ભસવાનું શરૂ થઈ જાય. પછી મને સજા આપતો હોય એમ બહાર ફરવા લઈ જવાની માંગણી કરે.

સંતોષ પ્રભુ, સુજીત ક્રિશ્નન અને રાજેશ રાજનનો... જેમની સાથે વર્ષો પહેલાની અનેક સાંજ, ઇન્ડિયન ફિલૉસૉફી અને મહાભારતની ચર્ચા કરવામાં ગાળી હતી, અને એમાંથી આ કથાનું બીજ રોપાયું; રાજીવ પ્રકાશ અને શૅવલીન સેબાસ્ટિનનો, જેમણે વારંવાર મેઇલ્સ મોકલીને મારી સર્જકતા માટે ચિનગારીનું કામ કર્યું; પ્રેમજીતનો... એના અજબગજબના વિચારો માટે; જીએમપી નાયકનો... એમની સૂક્ષ્મ સમજ માટે; એસઆરપી(એસ આર પ્રસાંત કુમાર)નો... એમણે આપેલા સહયોગ માટે.

મારા દેશ અને દેશવાસીઓનો... જેમણે હંમેશાં વિભિન્ન વિચારો અને અભિપ્રાયો માટે સહિષ્ણુતા દાખવી છે; આપણા ઇતિહાસ અને પુરાણોમાં રહેલા વૈવિધ્ય અને વૈભવનો.

મારા વતન ત્રિપુનીતુરા શહેરની ભવ્ય પ્રાચીન પરંપરાનો; અને કોચીનના ઇતિહાસનો.

ભારતીય સાહિત્યકારોના સંરક્ષક અને પ્રેરણામૂર્તિ સમા વેદ વ્યાસનો... જેમની તોલે આવી શકે એવો બીજો કોઈ લેખક આ પૃથ્વીના પટ પર હજી પાક્યો નથી.

ભારતની તમામ ભાષાના મહાન લેખકોનો... એમની તો ક્ષમા પણ માંગી લેવાની કે સદીઓ દરમ્યાન એમણે જે કથાને અદ્ભુત રીતે વર્ણવી લીધી છે, એને હવે મેં મારી રીતે કહેવાનો પ્રયાસ કર્યો છે

છેવટે, એ બધાંનો પણ ઋણસ્વીકાર કરું છું, જેમના નામ કદાચ અહીં લખવાનું ચુકાઈ ગયું હોય.



લેખકનાં પુસ્તકો

અસૂર

અજય

કળિયુગકથા

AJAY

Epic of the Kaurava Clan

Gujarati Translation of National Bestseller
AJAYA
Originally written in English by Anand Neelakantan
Translated into Gujarati by Varsha Pathak
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai □ Ahmedabad

ePub Version 3.0.1
eISBN : 978-93-5122-648-2

સંપર્ક સૂત્ર



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પેઢીઓથી ઉત્તમ પુસ્તકો માટે

મુંબઈ ઓફિસ

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ,
અર્થબાગ,
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨) ૨૨૦૧૩૪૪૧
અમદાવાદ ઓફિસ

`દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર,
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩